શાસનપતિ પરમાત્મા મહાવીરદેવના અવધિજ્ઞાની

`શિષ્ય ધર્મદાસગણિ' વિરચિત ગ્રન્થનું વિવેચન...

# ઉપદેશમાળા

## ભાગ - ૫

ભાગ ૧માં – ૦૦૧ થી ૦૮૧ શ્લોકોનું વિવેચન
ભાગ ૨માં – ૦૮૨ થી ૧૪૭ શ્લોકોનું વિવેચન
ભાગ ૩માં – ૧૪૮ થી ૨૦૫ શ્લોકોનું વિવેચન
ભાગ ૪માં – ૨૦૬ થી ૨૭૦ શ્લોકોનું વિવેચન
ભાગ ૫માં – ૨૭૧ થી ૫૪૪ શ્લોકોનું વિવેચન

પં. ચન્દ્રશેખરવિજયજી મ. સા.

૩૨૨

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

ઝવેરીવાડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

**પ્રકાશક :**
**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ,
રીલિફરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
**ફોન : (૦૭૯) ૫૩૫ ૫૮ ૨૩, ૫૩૫ ૬૦ ૩૩**

**લેખક-પરિચય :**
સિદ્ધાન્તમહોદધિ સચ્ચારિત્રચૂડામણિ
સ્વ. પૂજ્યપાદ્ આ. ભગવંત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
**પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબ**

**પ્રથમ સંસ્કરણ :** નકલ ૨૦૦૦
વિ. સં. ૨૦૫૮, તા. ૧૦-૬-૨૦૦૨

**મૂલ્ય :**
**રૂ. ૩૫-૦૦**

**ટાઈપસેટિંગ :**
**ટાઈપોગ્રાફર્સ,**
૧૦૨, સિલ્વર ઑક્સ, મહાલક્ષ્મી ચાર રસ્તા,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૧.
**ફોન નં.** ૬૭૩૪૫૨૪

**મુદ્રક :**
**ભગવતી ઓફસેટ,**
૧૫/સી, બંસીધર એસ્ટેટ,
બારડોલપુરા. અમદાવાદ-૪

# લેખકીય પ્રસ્તાવના

તપોવન (અમીઆપુર)ના ચાતુર્માસોમાં મારા શિષ્યોને તથા સાધ્વીજી મહારાજ સાહેબોને ઉપદેશમાળા ગ્રન્થ ઉપર હું રોજ જે વાચના આપતો હતો તે તરત જાતે લખી દેતો હતો.

એને પાછળથી વિવેચનરૂપે લખી દેતો.

શ્લોક ૧ થી ૮૧નું વિવેચન ભાગ-૧ રૂપે બહાર પડી ગયું હતું.

શ્લોક ૮૨ થી ૧૪૭નું વિવેચન ભાગ-૨ રૂપે બહાર પડી ગયું હતું.

શ્લોક ૧૪૮ થી ૨૦૫નું વિવેચન ભાગ-૩ રૂપે બહાર પડી ગયું હતું.

શ્લોક ૨૦૬ થી ૨૭૦નું વિવેચન ભાગ-૪ રૂપે બહાર પડી ગયું હતું.

શ્લોક ૨૭૧ થી ૫૪૪નું વિવેચન ભાગ-૫ રૂપે બહાર પડી રહ્યું છે.

લિ.
પં. ચન્દ્રશેખરવિજય
તપોવન

# અનુક્રમણિકા


| | | પૃષ્ઠ નં. | | | પૃષ્ઠ નં. |
|---|---|---|---|---|---|
| ૧. | શ્લોક-૨૭૧ | ૧ | ૨૫. | શ્લોક-૨૯૫ | ૩૮ |
| ૨. | શ્લોક-૨૭૨ | ૫ | ૨૬. | શ્લોક-૨૯૬ | ૩૮ |
| ૩. | શ્લોક-૨૭૩ | ૭ | ૨૭. | શ્લોક-૨૯૭ | ૪૪ |
| ૪. | શ્લોક-૨૭૪ | ૯ | ૨૮. | શ્લોક-૨૯૮ | ૫૫ |
| ૫. | શ્લોક-૨૭૫ | ૯ | ૨૯. | શ્લોક-૨૯૯ | ૬૦ |
| ૬. | શ્લોક-૨૭૬ | ૯ | ૩૦. | શ્લોક-૩૦૦ | ૭૦ |
| ૭. | શ્લોક-૨૭૭ | ૧૦ | ૩૧. | શ્લોક-૩૦૧ | ૭૬ |
| ૮. | શ્લોક-૨૭૮ | ૧૪ | ૩૨. | શ્લોક-૩૦૨ | ૭૭ |
| ૯. | શ્લોક-૨૭૯ | ૧૫ | ૩૩. | શ્લોક-૩૦૩ | ૭૭ |
| ૧૦. | શ્લોક-૨૮૦ | ૧૭ | ૩૪. | શ્લોક-૩૦૪ | ૭૯ |
| ૧૧. | શ્લોક-૨૮૧ | ૧૭ | ૩૫. | શ્લોક-૩૦૫ | ૭૯ |
| ૧૨. | શ્લોક-૨૮૨ | ૧૯ | ૩૬. | શ્લોક-૩૦૬ | ૮૧ |
| ૧૩. | શ્લોક-૨૮૩ | ૨૦ | ૩૭. | શ્લોક-૩૦૭ | ૮૧ |
| ૧૪. | શ્લોક-૨૮૪ | ૨૦ | ૩૮. | શ્લોક-૩૦૮ | ૮૩ |
| ૧૫. | શ્લોક-૨૮૫ | ૨૧ | ૩૯. | શ્લોક-૩૦૯ | ૮૩ |
| ૧૬. | શ્લોક-૨૮૬ | ૨૨ | ૪૦. | શ્લોક-૩૧૦ | ૮૩ |
| ૧૭. | શ્લોક-૨૮૭ | ૨૬ | ૪૧. | શ્લોક-૩૧૧ | ૯૧ |
| ૧૮. | શ્લોક-૨૮૮ | ૨૭ | ૪૨. | શ્લોક-૩૧૨ | ૯૧ |
| ૧૯. | શ્લોક-૨૮૯ | ૨૮ | ૪૩. | શ્લોક-૩૧૩ | ૯૧ |
| ૨૦. | શ્લોક-૨૯૦ | ૨૯ | ૪૪. | શ્લોક-૩૧૪ | ૯૨ |
| ૨૧. | શ્લોક-૨૯૧ | ૩૨ | ૪૫. | શ્લોક-૩૧૫ | ૯૩ |
| ૨૨. | શ્લોક-૨૯૨ | ૩૨ | ૪૬. | શ્લોક-૩૧૬ | ૯૪ |
| ૨૩. | શ્લોક-૨૯૩ | ૩૨ | ૪૭. | શ્લોક-૩૧૭ | ૯૫ |
| ૨૪. | શ્લોક-૨૯૪ | ૩૪ | ૪૮. | શ્લોક-૩૧૮ | ૯૫ |

૪૯. શ્લોક-૩૧૯ ૯૫
૫૦. શ્લોક-૩૨૦ ૯૬
૫૧. શ્લોક-૩૨૧ ૯૬
૫૨. શ્લોક-૩૨૨ ૯૬
૫૩. શ્લોક-૩૨૩ ૯૮
૫૪. શ્લોક-૩૨૪ ૯૯
૫૫. શ્લોક-૩૨૫ ૧૦૦
૫૬. શ્લોક-૩૨૬ ૧૦૨
૫૭. શ્લોક-૩૨૭ ૧૦૫
૫૮. શ્લોક-૩૨૮ ૧૦૫
૫૯. શ્લોક-૩૨૯ ૧૦૫
૬૦. શ્લોક-૩૩૦ ૧૧૮
૬૧. શ્લોક-૩૩૧ ૧૧૮
૬૨. શ્લોક-૩૩૨ ૧૧૮
૬૩. શ્લોક-૩૩૩ ૧૨૦
૬૪. શ્લોક-૩૩૪ ૧૨૦
૬૫. શ્લોક-૩૩૫ ૧૨૦
૬૬. શ્લોક-૩૩૬ ૧૨૦
૬૭. શ્લોક-૩૩૭ ૧૨૬
૬૮. શ્લોક-૩૩૮ ૧૩૦
૬૯. શ્લોક-૩૩૯ ૧૩૫
૭૦. શ્લોક-૩૪૦ ૧૩૭
૭૧. શ્લોક-૩૪૧ ૧૩૭
૭૨. શ્લોક-૩૪૨ ૧૪૨
૭૩. શ્લોક-૩૪૩ ૧૪૩
૭૪. શ્લોક-૩૪૪ ૧૪૭
૭૫. શ્લોક-૩૪૫ ૧૪૮
૭૬. શ્લોક-૩૪૬ ૧૫૦
૭૭. શ્લોક-૩૪૭ ૧૫૩
૭૮. શ્લોક-૩૪૮ ૧૫૩
૭૯. શ્લોક-૩૪૯ ૧૬૧
૮૦. શ્લોક-૩૫૦ ૧૬૧
૮૧. શ્લોક-૩૫૧ ૧૬૨
૮૨. શ્લોક-૩૫૨ ૧૬૨
૮૩. શ્લોક-૩૫૩ ૧૬૪
૮૪. શ્લોક-૩૫૪ ૧૬૫
૮૫. શ્લોક-૩૫૫ ૧૬૫
૮૬. શ્લોક-૩૫૬ ૧૬૫
૮૭. શ્લોક-૩૫૭ ૧૬૫
૮૮. શ્લોક-૩૫૮ ૧૬૬
૮૯. શ્લોક-૩૫૯ ૧૬૬
૯૦. શ્લોક-૩૬૦ ૧૬૬
૯૧. શ્લોક-૩૬૧ ૧૬૭
૯૨. શ્લોક-૩૬૨ ૧૬૭
૯૩. શ્લોક-૩૬૩ ૧૬૭
૯૪. શ્લોક-૩૬૪ ૧૬૭
૯૫. શ્લોક-૩૬૫ ૧૬૮
૯૬. શ્લોક-૩૬૬ ૧૬૮
૯૭. શ્લોક-૩૬૭ ૧૬૮
૯૮. શ્લોક-૩૬૮ ૧૬૯
૯૯. શ્લોક-૩૬૯ ૧૬૯
૧૦૦. શ્લોક-૩૭૦ ૧૬૯
૧૦૧. શ્લોક-૩૭૧ ૧૬૯
૧૦૨. શ્લોક-૩૭૨ ૧૭૦
૧૦૩. શ્લોક-૩૭૩ ૧૭૦
૧૦૪. શ્લોક-૩૭૪ ૧૭૦

૧૦૫. શ્લોક-૩૭૫ ૧૭૦
૧૦૬. શ્લોક-૩૭૬ ૧૭૧
૧૦૭. શ્લોક-૩૭૭ ૧૭૧
૧૦૮. શ્લોક-૩૭૮ ૧૭૧
૧૦૯. શ્લોક-૩૭૯ ૧૭૨
૧૧૦. શ્લોક-૩૮૦ ૧૭૨
૧૧૧. શ્લોક-૩૮૧ ૧૭૨
૧૧૨. શ્લોક-૩૮૨ ૧૭૩
૧૧૩. શ્લોક-૩૮૩ ૧૭૩
૧૧૪. શ્લોક-૩૮૪ ૧૭૩
૧૧૫. શ્લોક-૩૮૫ ૧૭૭
૧૧૬. શ્લોક-૩૮૬ ૧૭૭
૧૧૭. શ્લોક-૩૮૭ ૧૭૯
૧૧૮. શ્લોક-૩૮૮ ૧૭૯
૧૧૯. શ્લોક-૩૮૯ ૧૭૯
૧૨૦. શ્લોક-૩૯૦ ૧૭૯
૧૨૧. શ્લોક-૩૯૧ ૧૭૯
૧૨૨. શ્લોક-૩૯૨ ૧૭૯
૧૨૩. શ્લોક-૩૯૩ ૧૮૪
૧૨૪. શ્લોક-૩૯૪ ૧૮૬
૧૨૫. શ્લોક-૩૯૫ ૧૮૮
૧૨૬. શ્લોક-૩૯૬ ૧૮૯
૧૨૭. શ્લોક-૩૯૭ ૧૮૯
૧૨૮. શ્લોક-૩૯૮ ૧૯૧
૧૨૯. શ્લોક-૩૯૯ ૧૯૨
૧૩૦. શ્લોક-૪૦૦ ૧૯૨
૧૩૧. શ્લોક-૪૦૧ ૧૯૩
૧૩૨. શ્લોક-૪૦૨ ૧૯૩
૧૩૩. શ્લોક-૪૦૩ ૧૯૩
૧૩૪. શ્લોક-૪૦૪ ૧૯૩
૧૩૫. શ્લોક-૪૦૫ ૧૯૪
૧૩૬. શ્લોક-૪૦૬ ૧૯૪
૧૩૭. શ્લોક-૪૦૭ ૧૯૪
૧૩૮. શ્લોક-૪૦૮ ૧૯૫
૧૩૯. શ્લોક-૪૦૯ ૧૯૫
૧૪૦. શ્લોક-૪૧૦ ૧૯૫
૧૪૧. શ્લોક-૪૧૧ ૧૯૫
૧૪૨. શ્લોક-૪૧૨ ૧૯૭
૧૪૩. શ્લોક-૪૧૩ ૧૯૭
૧૪૪. શ્લોક-૪૧૪ ૧૯૮
૧૪૫. શ્લોક-૪૧૫ ૧૯૮
૧૪૬. શ્લોક-૪૧૬ ૧૯૮
૧૪૭. શ્લોક-૪૧૭ ૧૯૮
૧૪૮. શ્લોક-૪૧૮ ૧૯૮
૧૪૯. શ્લોક-૪૧૯ ૨૦૯
૧૫૦. શ્લોક-૪૨૦ ૨૦૩
૧૫૧. શ્લોક-૪૨૧ ૨૦૩
૧૫૨. શ્લોક-૪૨૨ ૨૦૩
૧૫૩. શ્લોક-૪૨૩ ૨૦૪
૧૫૪. શ્લોક-૪૨૪ ૨૦૫
૧૫૫. શ્લોક-૪૨૫ ૨૦૬
૧૫૬. શ્લોક-૪૨૬ ૨૦૭
૧૫૭. શ્લોક-૪૨૭ ૨૦૮
૧૫૮. શ્લોક-૪૨૮ ૨૧૦
૧૫૯. શ્લોક-૪૨૯ ૨૧૦
૧૬૦. શ્લોક-૪૩૦ ૨૧૨

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬૧. | શ્લોક-૪૩૧ | ૨૧૩ | ૧૮૯. | શ્લોક-૪૫૯ | ૨૩૫ |
| ૧૬૨. | શ્લોક-૪૩૨ | ૨૧૩ | ૧૯૦. | શ્લોક-૪૬૦ | ૨૩૭ |
| ૧૬૩. | શ્લોક-૪૩૩ | ૨૧૪ | ૧૯૧. | શ્લોક-૪૬૧ | ૨૩૭ |
| ૧૬૪. | શ્લોક-૪૩૪ | ૨૧૬ | ૧૯૨. | શ્લોક-૪૬૨ | ૨૩૮ |
| ૧૬૫. | શ્લોક-૪૩૫ | ૨૧૮ | ૧૯૩. | શ્લોક-૪૬૩ | ૨૩૯ |
| ૧૬૬. | શ્લોક-૪૩૬ | ૨૧૮ | ૧૯૪. | શ્લોક-૪૬૪ | ૨૪૦ |
| ૧૬૭. | શ્લોક-૪૩૭ | ૨૧૮ | ૧૯૫. | શ્લોક-૪૬૫ | ૨૪૦ |
| ૧૬૮. | શ્લોક-૪૩૮ | ૨૧૯ | ૧૯૬. | શ્લોક-૪૬૬ | ૨૪૦ |
| ૧૬૯. | શ્લોક-૪૩૯ | ૨૨૦ | ૧૯૭. | શ્લોક-૪૬૭ | ૨૪૨ |
| ૧૭૦. | શ્લોક-૪૪૦ | ૨૨૦ | ૧૯૮. | શ્લોક-૪૬૮ | ૨૪૪ |
| ૧૭૧. | શ્લોક-૪૪૧ | ૨૨૨ | ૧૯૯. | શ્લોક-૪૬૯ | ૨૪૫ |
| ૧૭૨. | શ્લોક-૪૪૨ | ૨૨૨ | ૨૦૦. | શ્લોક-૪૭૦ | ૨૪૭ |
| ૧૭૩. | શ્લોક-૪૪૩ | ૨૨૩ | ૨૦૧. | શ્લોક-૪૭૧ | ૨૪૮ |
| ૧૭૪. | શ્લોક-૪૪૪ | ૨૨૩ | ૨૦૨. | શ્લોક-૪૭૨ | ૨૪૮ |
| ૧૭૫. | શ્લોક-૪૪૫ | ૨૨૩ | ૨૦૩. | શ્લોક-૪૭૩ | ૨૪૯ |
| ૧૭૬. | શ્લોક-૪૪૬ | ૨૨૫ | ૨૦૪. | શ્લોક-૪૭૪ | ૨૪૯ |
| ૧૭૭. | શ્લોક-૪૪૭ | ૨૨૫ | ૨૦૫. | શ્લોક-૪૭૫ | ૨૫૦ |
| ૧૭૮. | શ્લોક-૪૪૮ | ૨૨૬ | ૨૦૬. | શ્લોક-૪૭૬ | ૨૫૧ |
| ૧૭૯. | શ્લોક-૪૪૯ | ૨૨૬ | ૨૦૭. | શ્લોક-૪૭૭ | ૨૫૧ |
| ૧૮૦. | શ્લોક-૪૫૦ | ૨૨૮ | ૨૦૮. | શ્લોક-૪૭૮ | ૨૫૨ |
| ૧૮૧. | શ્લોક-૪૫૧ | ૨૨૮ | ૨૦૯. | શ્લોક-૪૭૯ | ૨૫૩ |
| ૧૮૨. | શ્લોક-૪૫૨ | ૨૨૯ | ૨૧૦. | શ્લોક-૪૮૦ | ૨૫૪ |
| ૧૮૩. | શ્લોક-૪૫૩ | ૨૨૯ | ૨૧૧. | શ્લોક-૪૮૧ | ૨૫૪ |
| ૧૮૪. | શ્લોક-૪૫૪ | ૨૩૦ | ૨૧૨. | શ્લોક-૪૮૨ | ૨૫૬ |
| ૧૮૫. | શ્લોક-૪૫૫ | ૨૩૧ | ૨૧૩. | શ્લોક-૪૮૩ | ૨૫૬ |
| ૧૮૬. | શ્લોક-૪૫૬ | ૨૩૧ | ૨૧૪. | શ્લોક-૪૮૪ | ૨૫૬ |
| ૧૮૭. | શ્લોક-૪૫૭ | ૨૩૩ | ૨૧૫. | શ્લોક-૪૮૫ | ૨૫૭ |
| ૧૮૮. | શ્લોક-૪૫૮ | ૨૩૪ | ૨૧૬. | શ્લોક-૪૮૬ | ૨૫૮ |

૨૧૭. શ્લોક-૪૮૭ ૨૫૮
૨૧૮. શ્લોક-૪૮૮ ૨૫૮
૨૧૯. શ્લોક-૪૮૯ ૨૫૯
૨૨૦. શ્લોક-૪૯૦ ૨૬૦
૨૨૧. શ્લોક-૪૯૧ ૨૬૧
૨૨૨. શ્લોક-૪૯૨ ૨૬૨
૨૨૩. શ્લોક-૪૯૩ ૨૬૪
૨૨૪. શ્લોક-૪૯૪ ૨૬૪
૨૨૫. શ્લોક-૪૯૫ ૨૬૬
૨૨૬. શ્લોક-૪૯૬ ૨૬૬
૨૨૭. શ્લોક-૪૯૭ ૨૬૬
૨૨૮. શ્લોક-૪૯૮ ૨૬૬
૨૨૯. શ્લોક-૪૯૯ ૨૬૬
૨૩૦. શ્લોક-૫૦૦ ૨૬૬
૨૩૧. શ્લોક-૫૦૧ ૨૬૭
૨૩૨. શ્લોક-૫૦૨ ૨૬૭
૨૩૩. શ્લોક-૫૦૩ ૨૬૭
૨૩૪. શ્લોક-૫૦૪ ૨૬૭
૨૩૫. શ્લોક-૫૦૫ ૨૭૦
૨૩૬. શ્લોક-૫૦૬ ૨૭૦
૨૩૭. શ્લોક-૫૦૭ ૨૭૦
૨૩૮. શ્લોક-૫૦૮ ૨૭૧
૨૩૯. શ્લોક-૫૦૯ ૨૭૨
૨૪૦. શ્લોક-૫૧૦ ૨૭૩
૨૪૧. શ્લોક-૫૧૧ ૨૭૩
૨૪૨. શ્લોક-૫૧૨ ૨૭૪
૨૪૩. શ્લોક-૫૧૩ ૨૭૪
૨૪૪. શ્લોક-૫૧૪ ૨૭૫
૨૪૫. શ્લોક-૫૧૫ ૨૭૫
૨૪૬. શ્લોક-૫૧૬ ૨૭૫
૨૪૭. શ્લોક-૫૧૭ ૨૭૬
૨૪૮. શ્લોક-૫૧૮ ૨૭૬
૨૪૯. શ્લોક-૫૧૯ ૨૭૭
૨૫૦. શ્લોક-૫૨૦ ૨૭૭
૨૫૧. શ્લોક-૫૨૧ ૨૭૭
૨૫૨. શ્લોક-૫૨૨ ૨૭૭
૨૫૩. શ્લોક-૫૨૩ ૨૭૮
૨૫૪. શ્લોક-૫૨૪ ૨૭૮
૨૫૫. શ્લોક-૫૨૫ ૨૭૯
૨૫૬. શ્લોક-૫૨૬ ૨૭૯
૨૫૭. શ્લોક-૫૨૭ ૨૭૯
૨૫૮. શ્લોક-૫૨૮ ૨૮૦
૨૫૯. શ્લોક-૫૨૯ ૨૮૧
૨૬૦. શ્લોક-૫૩૦ ૨૮૧
૨૬૧. શ્લોક-૫૩૧ ૨૮૧
૨૬૨. શ્લોક-૫૩૨ ૨૮૧
૨૬૩. શ્લોક-૫૩૩ ૨૮૧
૨૬૪. શ્લોક-૫૩૪ ૨૮૨
૨૬૫. શ્લોક-૫૩૫ ૨૮૨
૨૬૬. શ્લોક-૫૩૬ ૨૮૨
૨૬૭. શ્લોક-૫૩૭ ૨૮૨
૨૬૮. શ્લોક-૫૩૮ ૨૮૩
૨૬૯. શ્લોક-૫૩૯ ૨૮૩
૨૭૦. શ્લોક-૫૪૦ ૨૮૩
૨૭૧. શ્લોક-૫૪૧ ૨૮૩
૨૭૨. શ્લોક-૫૪૨ ૨૮૩
૨૭૩. શ્લોક-૫૪૩ ૨૮૪
૨૭૪. શ્લોક-૫૪૪ ૨૮૪

# વંદના

ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય, ગુજરાતના મહાન જયોતિર્ધર સરસ્વતીલબ્ધપ્રસાદ, સિદ્ધકવિ, ષટ્દર્શનનિષ્ણાત, ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, અલંકાર, છન્દ, તત્વજ્ઞાન, કથા, આચારોપદેશ, અધ્યાત્મ, યોગ આદિ વિભિન્ન વિષયો ઉપર સંખ્યાબંધ ગ્રન્થો રચનાર, અદ્ભૂત વ્યકિતત્વશાલી

પૂજયપાદ પ્રાત:સ્મરણીય

## ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના

ચરણ કમલમાં વંદના.




| : જન્મ : | : સ્મૃતિ-દિવસ : | : સ્વર્ગવાસ : |
| --- | --- | --- |
| કનોડા (ગુજરાત) | માગસર સુદ-૧૧ | ડભોઇ (ગુજરાત) |

-: સૌજન્ય :-

ઉપા. શ્રી યશોવિજયજી સંસ્કાર સદન - નવસારી
ઉપા. શ્રી યશોવિજયજી જૈન સેવા સદન - ડભોઇ
ઉપા. શ્રી યશોવિજયજી સંસ્કાર સદન - માલેગામ

ઠે: કલા-પ્રકાશ/ ટીલક રોડ,
મુ.માલેગામ (મહારાષ્ટ્ર) પિન : ૪૨૩ ૨૦૩



પુણ્યવંતા મહાવિદેહક્ષેત્રના તપઃસ્વાધ્યાયનિરત, મહાસંયમી મુનિવરોના સાર્થમાંથી ન જાણે ભૂલા પડીને વિખૂટા પડેલા આ ભરતક્ષેત્રમાં આવી ચડેલા આ છે : સિધ્ધાંતમહોદધિ, સુવિશુધ્ધસંયમમૂર્તિ, વાત્સલ્યમહાદધિ કર્મશાસ્ત્ર નિપુણમતિ, સ્વ. આચાર્ય ભગવંત

**શ્રીમદ્ પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબ**

અગણિત ઉપકારોના ઋણભાર નીચે દબાયેલા અમારા આપના ચરણોમાં કોટાનકોટિ વંદન......

લિ. પ્રતાપરાય તથા પ્રવિણકુમાર દલીચંદ તથા અ.સૌ. મધુકાન્તા પ્રતાપરાય તથા હસુમતિ પ્રવિણકુમાર


## કમલ પ્રકાશન ટ્રસ્ટના માનવંતા દાતાઓ

સ્વ. શ્રી કપુરચંદ એન.
સુતરીયા..........મદ્રાસ



લિ. રમેશચંદ્ર-દિલીપકુમાર
તથા ભરતકુમાર

સ્વ.
જીવતલાલ પ્રતાપશીભાઈ



લિ. કુટુંબીજનો વતી
વસંતલાલ જીવતલાલ

સ્વ. શ્રી લાલજીભાઈ પદમશી
ઝવેરી....ચૂડા



હા. સુરેશ લાલજીભાઈ ઝવેરી

સ્વ. શ્રી કાન્તિલાલ પ્રતાપશી
મુંબઈ



હા. પ્રફુલ્લ કાન્તિલાલ દલાલ મુંબઈ

સ્વ. દાનવીર, ધર્માનુરાગી શેઠશ્રી રામજીભાઈ વિરાણીએ સ્થાપેલ 'શ્રી રામજી શામજી વિરાણી અને શ્રીમતી સમરત રામજી વિરાણી ટ્રસ્ટ રાજકોટ' તરફથી સ્વ. શેઠ શ્રી રામજીભાઈની પુણ્યતિથિ પ્રસંગે રૂા. ૧૧૦૦૧ 'કમલ પ્રકાશન ટ્રસ્ટ'ને અર્પણ થયેલ છે.

હા. મેનેજીંગ ટ્રસ્ટી, શ્રી નગીનભાઈ રામજીભાઈ વિરાણી

## ઉમળકાભર્યા હૈયે અમે સ્વીકારીએ છીએ
## આપનું સ્નેહભર્યું સૌજન્ય

પૂજ્યપાદ પં. ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના પુનઃ મુર્દ્રિત થનારા પુસ્તકો અને પ્રકાશિત થનારા નૂતન પુસ્તકોમાંથી આપે આ પુસ્તક પસંદ કર્યું અને અમને આપના ઔદાર્યને વ્યકત કરતી (વગર વ્યાજની લોન) બે વર્ષ માટે - આપી.

ખૂબ ખૂબ ધન્યવાદ.

પૂજ્યશ્રી તરફથી આપના પરિવારને ખૂબ ખૂબ આશીર્વાદ

: સૌજન્ય :

**માતુશ્રી મુળીબેન કાનજી દેવરાજ માલદે**

ના વર્ષીતપની અનુમોદનાર્થે તથા

**સંસારીબેન સાધ્વીજી હિતરત્નાશ્રીજી મ.સા.**

ના દશવર્ષ સંયમ આરાધનાર્થે.....

# નવી પેઢીના શિક્ષણયુક્ત સંસ્કરણનો સફળ પ્રયોગ

## તપોવન સંસ્કારપીઠ

અમીયાપુર, પો. સુઘડ, સાબરમતી પાસે.

**પ્રેરક : પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબ**

**સ્થળ : સાબરમતી પાસે ૩૬ વીઘા,**

**સ્થાપના ઈ.સં. ૧૯૯૪, જૂન, ધો. બાર. ---**

## સુંદર : સુદૃઢ શિક્ષણ વિભાગ

ભારતીય પ્રજા - ખાસ કરીને તેની નવી પેઢી - ઉપર પશ્ચિમની ઝેરી જીવનશૈલીનું વાવાઝોડું કાતીલ વેગથી ધસતું રહ્યું છે.

આમાંથી નવી પેઢીને ઉગારી લેવા માટે **તપોવનનું ધરતી ઉપર અવતરણ થયું છે.**

મેકોલે શિક્ષણ અત્યંત બેઘાઘંટુ હોવા છતાં; સંસ્કરણ ક્ષેત્રે 'શૂન્ય' આંક ધરાવતું હોવા છતાં એનો ગાળીઓ ભારતીય પ્રજાના ગળે એવો ભીંસાવાયો છે કે તેનાથી - ક્રોડો સંતાનોના જીવનનો અમૂલ્ય સમય બરબાદ થવા છતાં તે અનિવાર્ય અનિષ્ટ તરીકે પ્રજાની સાથે બરોબર એકરસ થઈ ગયું છે.

આથી તપોવનને એ શિક્ષણ સ્વીકારવું પડ્યું છે. તેના વિના સંસ્કરણનો વેલો ચડવો લગભગ મુશ્કેલ બન્યો છે. છતાં તપોવનના સંચાલકોની એવી ભાવના ખરી કે તેને દૂર કરાય તો સારું,

બાકી આજે તો શિક્ષણ-વિભાગને પણ વધુ ને વધુ સુંદર અને સુદૃઢ કરવાની ફરજ પડી છે.

**આથી જ અહીં :**

**(૧) ધો. પાંચથી અંગ્રેજી વર્ગો ફરજિયાત છે.**

**(૨) ધો. પાંચથી બાળકો અંગ્રેજીમાં ધારાવાહી રૂપે બોલી શકે તે માટેના ખાસ વર્ગો લીંગ્વીસ્ટીક લેંગ્વેજ લેબોરેટરી તથા સ્પોકન ઈંગ્લીશ રાખવામાં આવ્યા છે.**

**(૩) કૉમ્પ્યુટરનો વિશિષ્ટ કોર્સ કરવા માટે કોમ્પ્યુટર સેન્ટર ખોલવામાં આવેલ છે.**

## આઈ.એ.એસ. કક્ષાની વિશિષ્ટ તાલીમ

સાબરમતી તપોવનમાં ધો. ૧૧, ૧૨ છે તેમાં 'કોમર્સ' સ્ટ્રીમ રાખવામાં આવી છે વળી ત્યાં કોમ્પ્યુટરનો એકદમ વિશિષ્ટ કોર્સ કરાવાય છે.

ધો. બારમાંથી નીકળેલા તેજસ્વી વિદ્યાર્થીઓને આઈ.એ.એસ. કક્ષાના અધિકારીઓ બનાવવાની તાલીમ ચાલુ થઈ છે. સંભવતઃ આ તાલીમ દિલ્હી વિદ્યાલયમાં આપવામાં આવશે. એવો સ્પષ્ટ ખ્યાલ છે કે જો ધર્મરક્ષા અને રાષ્ટ્રરક્ષા કરવી હશે તો આ તાલીમ પામેલા આપણા માણસો વિના ચાલી શકશે નહિં.

**પણ સબૂર :**

આ બધુ શિક્ષણ તેને જ ફળે જે માણસ' હોય. જેને પરંપરાગત મૂલ્યો પ્રત્યે આદર હોય; અને જે પરંપરાગત વ્યવસ્થાઓનો તથા ચાર પુરુષાર્થની અહિંસક સંસ્કૃતિનો કટ્ટર પક્ષપાતી હોય.

આ પાયા વિનાની પેલી ઈમારત તદ્દન નકામી છે. વર્તમાનમાં પ્રજાની જે ખરાબ હાલત થઈ છે તેના મૂળમાં આ ભૂલ છે.

**તપોવનમાં 'માણસ' તૈયાર કરાય છે. એ માટે ધર્મના પવિત્ર ક્રિયાકાંડોનું ચુસ્તપણે પાલન કરાય છે.**

વળી રોજની પ્રભુભક્તિ વડે બાળકોને એવા પુણ્યવાન્ અને શુદ્ધિમાન બનાવાય છે. જેથી તેમને દુઃખો જોવા ન મળે અને દોષોના સેવનથી ભ્રષ્ટ થવું ન પડે. ના, આવી સફળતાઓ હાંસલ કરવાની શક્તિ મેકોલે શિક્ષણમાં ધરાર નથી.

## પર્યુપણપર્વ તાલીમ

તપોવની બાળકોને ચૂંટીને પર્યુષણ પર્વની તાલીમ આપવામાં આવે છે. તેથી કુલ ૪૦ થી ૫૦ બાળકો ૩-૩ નાં જૂથમાં વહેંચાઈ જઈને ૧૫ જેટલા ક્ષેત્રોમાં જ્યાં મુનિ ભગવંતો વગેરે પહોંચી શક્યા નથી ત્યાં પર્વાધિરાજની આરાધના કરાવવા જાય છે. તેમનું ધાર્મિક વક્તવ્ય, કથાઓ ઉપરની પકડ, ક્રિયાઓમાં શુદ્ધિ, વિધિ અંગેનું સંપૂર્ણ જ્ઞાન, તથા વિનય-વિવેક જોઈને ગામેગામનાં સંઘો સ્તબ્ધ બને છે.

એવું લાગે છે કે તૈયાર થઈને, જીવંત બનીને, દોડવા લાગેલું તપોવનનું આ 'મોડેલ' જો ઠેર ઠેર ઊભું થઈ જાય તો ભારતીય પ્રજાનું જીવન-સ્તર બધી રીતે ઉન્નત થાય.

તપોવનની 'ફી' એટલી બધી ઓછી છે કે તપોવનને દર વર્ષે ૧૨ થી ૨૦ લાખ રૂા. નો તોટો આવે છે. 'કોર્પસ' કરવા દ્વારા - વ્યાજમાંથી આ તોટામાંથી ઝટ નીકળી જવાનો પ્રયત્ન ચાલુ છે.

**તપોવનના પ્રેરક પં. ચન્દ્રશેખરવિજયજીનું સ્વપ્ન હતું કે તપોવન દ્વારા વિવિધ ક્ષેત્રોમાં વિભૂતિઓ પેદા કરવી.**

દા.ત. (૧) **રાજકીયક્ષેત્રે સુભાષચન્દ્ર બોઝ કે ચન્દ્રશેખર આઝાદ પેદા થાય.**

(૨) **સંસ્કૃતિરક્ષાના ક્ષેત્રે સ્વામી વિવેકાનંદ પ્રગટ થાય.**

(૩) **ધર્મક્ષેત્રે હેમચન્દ્રાચાર્યજી કે ગૂર્જરેશ્વર કુમારપાળ જન્મ પામે.**

આવી આઠ દસ વિભૂતિઓ પેદા થાય તોય ભયોભયો ! આજના વિષમકાળમાં તો આટલુંય ઘણું બધું !

હા, તેમને ખબર છે કે આંબાની કલમ વાવનારને આંબાની કેરીઓ ખાવાનું કે જોવાનું સૌભાગ્ય સાંપડતું નથી. પણ તેનો કોઈ વાંધો નથી.

બીજ વાવવાનું; પહેલી ઈંટ મૂકવાનું સૌભાગ્ય પણ અતિ દુર્લભ છે.

ચાલો, આપણે સહુ - તેમના ભક્તો - તેમનું સ્વપ્ન ધરતી ઉપર અવતારીએ. તેમણે આંખો મીંચી દીધી હશે તો સ્વર્ગેથી આપણે મેળવેલા રૂડા ફળોને તે જોયા કરશે.

**કોઈ પણ પ્રકારની માહિતી મેળવવાનું સંપર્ક સ્થળ :-**

## તપોવન સંસ્કારપીઠ

**અમીયાપુર, પો. સુઘડ, તા. ચાંદખેડા, જિ. ગાંધીનગર, (ગુજરાત)**

**તપોવન : ફોન : S.T.D. (૦૭૯) ૩૨૭૬૨૭૩, ૩૨૭૬૩૪૧**

## તમારાં વહાલાં બાળકોને છેવટે ત્રણ વર્ષ માટે તો તપોવનમાં મૂકો જ દર જૂન માસથી શરૂ થતું સત્ર

ચારે બાજુ વિકૃતિના વાયરા વીંઝાઈ રહ્યા છે. ખૂબ જ નાની-દસથી ચૌદ વર્ષની વયથી જ બાળકોમાં ખરાબ સંસ્કારો પડવા લાગ્યા છે. ગંદુ કહેવાય તે બધું તેમના જીવમાં પેસવા લાગ્યું છે. સમાજ તરફ સૂક્ષ્મ નજર કરતાં આ અતિ કડવું દર્શન કોઈ પણ સંસ્કૃતિ પ્રેમીને થશે અને તે તીખી ચીસ પાડી દેશે. સંસારરસી જીવોની વહાલામાં વહાલી ચીજ તેમના સંતાનો ગણાય. જો તેમનું જ જીવન ગુલાબ ખીલ્યું ન ખીલ્યું ત્યાં જ કરમાવા લાગે; તેમાં દોષોના કીડા પડવા લાગે અને એકાએક કરમાઈ જાય તો એ માબાપોએ ક્યાં જવું ? ક્યાં રોવું ? શું આપઘાત કરી નાંખવો ?

પોતાના ઘરમાં કે ગમે તેવાં બોર્ડિંગ વગેરેમાં રાખીને બાળકોને શિક્ષણ આપી શકાશે, પરંતુ સંસ્કારો તો નહિ જ આપી શકાય. ઘરમાં માબાપો જ ટી.વી. વગેરેથી સમયની બરબાદી કરતાં ચક્કરોમાં જો ફસાયા હોય અને બોર્ડિંગોના સંચાલકોને જ બાળ-સંસ્કરણ માટેની કોઈ ગંભીરતા ન હોય તો સંસ્કાર ત્યાં શી રીતે મળશે ?

તપોવનમાં ધાર્મિક અને વ્યાવહારિક - બન્ને પ્રકારનું શિક્ષણ છે. એ શિક્ષણ પણ ઉંચી ગુણવત્તાવાળુંછે; પરંતુ તેની સાથોસાથ અહીં બાળકોના જીવનબાગમાં સુસંસ્કારોનાછોડોનું વાવેતર કરવાનું કાર્ય મુખ્યપણે નજરમાં રખાયછે. મોક્ષલક્ષ અને સદાચારપક્ષ અને તપોવનનું મુખ્ય તત્ત્વ છે. પ્રત્યેક બાળકને શારીરિક, શૈક્ષણિક, સામાજિક વગેરે રીતે સુવ્યવસ્થિત કરવાની સાથે તે માનસિક અને આધ્યાત્મિક રીતે અત્યન્ત સુંદર બનાવવાનું સૌથી પ્રધાન લક્ષ છે. તે વડીલોનો અને દેવગુરુનો ભક્ત બને; સહુનો મિત્ર બને, જાતનો પવિત્ર બને... અને એ બધું બનીને એ શૂરવીર બને; જેથી રાષ્ટ્રરક્ષા, સંસ્કૃતિરક્ષા અને ધર્મરક્ષાનો એ સબળ યોદ્ધો બને. એ જ આ તપોવનું એકમાત્ર લક્ષ છે. એનામાં ધાર્મિકતા,

માનવતા અને રાષ્ટ્રીયતા (રાષ્ટ્રદાઝ) જો લાવી ન શકાય તો તપોવનને નીચું જોવાનું થાય એવું તેના તમામ કાર્યકર-ગણનું મંતવ્ય છે.

જો આ બધી વિચારણામાં એ એના આધારે ગોઠવાયેલા તપોવનના માળખામાં મા બાપોને રસ પડતો હોય તો તેમનાં બાળકોને વિકૃતિઓના ઝંઝાવાતમાંથી ઉગારી લેવા માટે તપોવનમાં (ધોરણ પાંચથી બાર) કમસે કમ ત્રણ વર્ષ માટે તો મૂકવાં જ જોઈએ. બાળક તો નાદાન છે. એના ભાવીના ભવ્ય ઘડતરના આ કામમાં એને ક્યાંક અગવડતા પડે; એની ઘરેલું સ્વચ્છંદતાને અહીં પોષણ ન મળે તેથી તપોવનમાં દાખલ થવામાં અરુચિ બતાવે તો કઠણ કાળજાના બનીને પણ માબાપોએ બાળકોને સમગ્ર જીવનના હિતમાં તે ત્રણ વર્ષનું સંસ્કરણ તપોવમાં અપાવવાનો નિર્ણય કરવો જ જોઈએ.

## • યાદ રાખો •

**લાડમાં કે લાગણીમાં માબાપો તણાશે તો બાળકો જીવનને આરંભમાં એવું મોટું નુકસાન થઈ જશે જે**

**જીવનભરમાં ભરપાઈ થશે નહિ; જેનાથી આખું કુટુંબ 'ત્રાહિમામ્' પોકારી જશે.**

**ના... હવે શા માટે ક્રિશ્ચયાનિટીનો જ પ્રચાર કરવાની નેમવાળી કોન્વેન્ટ સ્કૂલમાં આપણાં બાળકો જાય ?**

**ધો. ૪ સુધી કોન્વેન્ટમાં ભણનારા બાળકોને તપોવનમાં જરૂર મૂકી શકાશે.**

**હવે તો માત્ર તપોવન એ જ આપણાં સંતાનોનો તરણોપાય.**

**ઉચ્ચ સંસ્કાર સાથે ઉચ્ચ શિક્ષણના**

**સોપાન સર કરવાના લક્ષને વરેલા**

# તપોવનમાં ભણતા બાળકો

**અતિથિઓને નમોનમઃ કરે છે.**

...રોજ નવકારશી કરે છે.

...રોજ અષ્ટપ્રકારી જિનપૂજા કરે છે.

... રોજ રાત્રિભોજનનો ત્યાગ કરે છે.

...રોજ ગુરુવંદન કરે છે.

...રોજ નવી નવી વાર્તાઓ સાંભળે છે.

...રોજ કુમારપાળ રાજાની આરતિ ઉતારે છે.

...રોજ નવી નવી વંદનાઓ ગાય છે.

...રોજ નવા સ્તવનના રાગ શિખે છે.

...કોમ્પ્યુટર શિખે છે...કરાટે શિખે છે...

...સ્કેટીંગ શિખે છે....યોગાસન શિખે છે...

...સંગીતકળા શિખે છે...નૃત્યકળા શિખે છે...

...લલીતકળા શિખે છે...ચિત્રકળા શિખે છે...

...વકતૃત્વકળા શિખે છે...અભિનયકળા શિખે છે...

...અંગ્રેજીમાં Speech આપતા પણ શિખે છે...

**માતાપિતાના સેવક બને છે.**

**પ્રભુના ભકત બને છે.**

**ગરીબોના બેલી બને છે.**

**પ્રાણીઓના મિત્ર બને છે.**

**શકિતમાન બનવા સાથે ગુણવાન બને છે.**

**દાનવીરો ! બીજા તપોવનમાં આપનું મોટું ઔદાર્ય દાખવો.**

રૂા. એક લાખનું દાન આપીને તપોવનમાં
પ્રવેશદ્વારની સામે ઊભા થનારા
વિરાટ-મારબલ ઉપર **જીવનદાતા**
તરીકે આપનું નામ લખાવો.

આપનું દાન કલમ ૮૦ - જી મુજબ
કરમુક્ત રહેશે. **જીવન જાગૃતિ ટ્રસ્ટ એ**
નામથી આપનો ચેક કે ડ્રાફ્ટ નીચેના
સરનામે મોકલો.

જી. પ્ર. સંસ્કૃતિ ભવન, ૨૭૭૭, નિશા પોળ,
ઝવેરીવાડ રિલીફ રોડ, અમદાવાદ - ૧.
ફોન : ૫૩૫૫૮૨૩, ૫૩૫૬૦૩૩

**कुसमयसुइण महणं सम्मत्तं जस्स सुट्ठियं हियए ।**
**तस्स जगुज्जोयकरं नाणं चरणं च भवमहणं ॥ २७१ ॥**

**અર્થ :** જે પુરુષના હૃદયમાં કુદર્શનોના સિદ્ધાન્તોના કુમતોનો કચ્ચરઘાણ બોલાવનારું એવું સમ્યગ્દર્શન સુસ્થિત રહે છે તે પુરુષને પ્રાપ્ત થયેલા જ્ઞાન અને ચારિત્ર, સર્વપ્રકાશક કેવળજ્ઞાન અને વીતરાગચારિત્રના સ્વરૂપમાં પરિણમી જાય છે.

**વિવેચન :** પૂર્વે એ વાત કહેવાઈ ગઈ છે કે હજી દ્રવ્યચારિત્ર (વેષ) વિના ચાલી શકે : તે સ્થિતિમાં કેવળજ્ઞાન અને વીતરાગદશાની પ્રાપ્તિ થઈ શકે પરંતુ સમ્યગ્દર્શન વિના તેમાંનું કશું પ્રાપ્ત થઈ શકે નહિ.

સમ્યગ્દર્શનથી જે આત્મા ભ્રષ્ટ થયો તે જ ભ્રષ્ટ થયો. બાકી તેને સાબૂત રાખીને દ્રવ્ય-ભાવ ચારિત્રથી ભ્રષ્ટ થયેલા નંદિષેણ વગેરેને નિશ્ચયનય ભ્રષ્ટ માનતો નથી, કેમકે તેમની પાસે સાબૂત રહેલું સમ્યગ્દર્શન ફરીથી ભાવચારિત્રની અને લાગ પડે તો દ્રવ્યચારિત્રની પણ પ્રાપ્તિ કરી આપી દે છે.

એટલે જ 'સમ્યગ્દર્શન'નું મહત્ત્વ ઘણું છે. તેના વિનાના જ્ઞાન અને દર્શન પણ અજ્ઞાનાદિ કહેવાય.

કહ્યું છે : ***સમકિત વિણ નવ પૂરવી અજ્ઞાની કહેવાય,***
***સમકિત વિણ સંસારમાં અરહો પરહો અથડાય.***

જેની પાસે સમ્યક્ત્વ નથી તે આત્મા સાડા નવ પૂર્વથી અધિક જ્ઞાન પામી શકતો જ નથી અને નવગ્રૈવેયક સુધીની જ દેવગતિ પામી શકે છે.

અભવ્ય જીવો મિથ્યાત્વી છે. તેઓ સાડા નવ પૂર્વથી અધિક જ્ઞાન પામી શકતા નથી.

બીજી બાજુ જે માષતુષ મુનિ આદિને માત્ર અષ્ટપ્રવચનમાતાનું કે ગુરુપારતંત્ર્યના મહિમાનું જ્ઞાન છે, શાસ્ત્રનો કોઈ વધુ અભ્યાસ નથી છતાં તેમની પાસે સમ્યગ્દર્શન હોવાના કારણે તે અલ્પ જ્ઞાનથી પણ મહાજ્ઞાની છે.

એટલે જો સમ્યગ્દર્શન છે તો જ જ્ઞાન એ સુજ્ઞાન છે અને ચારિત્ર એ સુચારિત્ર છે એ વાત એકદમ સ્થિર થઈ જાય છે.

સર્વવિરતિનો જ્ઞાપક સાધુવેષ લેનારા આત્માઓ છદ્મસ્થતાને કારણે એ વાત ક્યાંથી નિશ્ચિત કરી શકે કે પોતે સમ્યગ્દર્શન પામ્યા છે કે નહિ ? સામાન્યતઃ તો રામ વગેરેની જેમ પોતાને અભવ્ય કે મિથ્યાત્વી જ માને.

ખેર... જેવા હોય તેવા જીવોએ પોતાને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય તે માટે ખૂબ મથવું જોઈએ. દ્રવ્યથી પણ ઊંચું ચારિત્ર પાળીને તેને પ્રાપ્ત કરી લેવું જોઈએ.

સાચા ચારિત્રનું ગુણસ્થાન છઠ્ઠું-સાતમું છે. સાધુવેષ દ્વારા તે ભલે કદાચ પામી શકાય નહિ પણ જો ચોથું ગુણસ્થાન પણ મળી જતું હોય તો સાધુવેષ સફળ થયો ગણાય.

હા, સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી એક ભવમાં ય અસંખ્ય વાર તે ચાલી જાય : અસંખ્ય વાર મિથ્યાત્વભાવ આવી જાય. આ વખતે નિષ્ઠુર પરિણતિ જાગ્રત થાય. ભયંકર તીવ્રતાથી પાપો પણ થવા લાગે, પણ જેવો જીવ સુ-નિમિત્તાદિ દ્વારા સમ્યગ્દર્શન પામે કે તરત તે દોષોના સેવન બદલ ઘોર પશ્ચાત્તાપ પણ થવા લાગે. એ સમયે તે અનંત અશુભ કર્મોનો ભુકો બોલાવી દે. એવો તો કર્મક્ષય કરી દે કે એવું કહેવાનું મન થાય કે તે આત્માને પાપકર્મ પણ સારા માટે થયું : તેણે તળાવ ભરાય તેટલા આંસુ પાડીને જનમોજનમના પાપો - નવા પાપ સાથે - ધોઈ નાંખ્યા.

આવા જીવનો વર્તમાનભવ કદાચ સત્યકી જેવો પાપપ્રચુર અને પશ્ચાત્તાપભરપૂર હોય તો જ્ઞાનીઓ એવું કહે કે આ જીવ ભલે પોતાને ભારેકર્મી માનતો હોય પણ તેનું સમ્યગ્દર્શન (સ્વદોષદર્શન) એવું જડબેસલાક નિર્મળ છે કે તે બીજા કે ત્રીજા, યા સાતમા ભવે તો નિશ્ચિત કૈવલ્ય પામી જશે.

આત્માનો 'અશુભ' સમય અશુભ કર્મોનો ઉદય થયા વિના સંભવિત નથી. પૂર્વે આ વાત ગ્રન્થકારશ્રીએ જ કહેલી છે કે નંદિષેણાદિ આત્માઓની જ્ઞાનદશા અત્યંત નિર્મળ છતાં - 'ખોટું તે ખોટું જ' એવું અસંદિગ્ધ રીતે મનને લાગવા છતાં–અમલમાં ઊંધું પડે તો તેમાં આત્મા ઉપરની કર્મની કાતીલ સત્તા જ કારણભૂત હોય છે.

હાય, કેવી કર્મોની અપ્રતીમ તાકાત ! અનંત શક્તિસમ્પન્ન આત્માને કેવી જબરી ધોબીપછાડ !

પણ સબૂર, જીવ ઉપર કર્મોનું આધિપત્ય (બળ) જીવના અચરમાવર્ત્તકાળ પૂરતું જ હોય છે. એ વખતે જીવ સત્પુરુષાર્થ કરવા જાય તો નિષ્ફળ જાય. ચરમાવર્ત્તકાળમાં જીવનો પ્રવેશ થયા બાદ આ વાત સાવ ઊલટાઈ જાય છે. હવે આ ચરમાવર્ત્તકાળ દ્વારે આવીને ઊભેલો એવો સિપાઈ છે કે જે બૂમ પાડીને આત્માને કહે છે કે, "ઓ આતમરામ ! હવે હું તારો દુશ્મન મટીને દોસ્ત બનું છું. તારે જે કામો - મોક્ષ પામવા સુધીના કે પરહિતના - કરવા હોય તે બધા થઈ જશે. તું સહેજ સળવળાટ કર અને હું તને સફળતા અપાવી દઈશ."

જેને સંસાર ગમે તેવા જ ખરેખર જેને દેવ-ગુરુ ગમે - ધર્મ ગમે - તે આત્મા નક્કી ચરમાવર્ત્તકાલીન હોય. તેણે જરાય હતાશ થયા વિના ધર્મપુરુષાર્થ જોરદાર કરવા મંડી પડવું જોઈએ.

હવે શી વાર લગાડાય ?

મનને પૂછી લો કે, "ઓ મન ! તને જિનશાસન ખૂબ વહાલું લાગે છે ? દેવ-ગુરુ અતિશય ગમે છે ? જો હા, તો બસ કામે લાગી જા... ભલે નિકાચિત કે તીવ્ર અનિકાચિત કર્મોદયે પછડાટ મળે પણ તો ય અંતે તો તું ઓલા નંદિષેણ, મેઘ કે ચંડકોસીયાની જેમ બેડો પાર પામીને જ રહેવાનો છે."

આ વાતનો બોધ એ છે કે જો અનંત શક્તિસંપન્ન આત્માને ભયંકર રીતે પરેશાન કરવાની તાકાત હોય તો તે કર્મોને ખતમ કરીને સિદ્ધશિલા ભેગા થઈ જવામાં જ સાર છે, પછી કાયમ માટે નિરાંત થઈ જાય.

હાલ તો આપણે એટલું જ લક્ષમાં રાખીએ કે માનવભવને અને મુનિજીવનને સફળ કરવા માટે અત્યંત આવશ્યક સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરવા માટે જિનેશ્વરદેવની ખૂબ ભક્તિ કરીએ. તેને ટકાવી રાખવા માટે જિનશાસનની દુકાનેથી સર્વવિરતિ - ધર્મનો ડાબડો ખરીદી લઈએ.

મજબૂત ડાબડા વિના આવું કોહિનૂર રત્ન સાચવી શકાય તેમ નથી.

જો પરદુઃખદર્શન હાડોહાડ થવા લાગે તો સમ્યગ્દર્શન પામવાની ભૂમિકા થઈ એમ કહેવાય.

પછી જો સ્વદોષદર્શન તીવ્ર બની જાય તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થઈ ગયું કહેવાય. હા, તે આયારામ-ગયારામ તો છે જ; છતાં વાંધો નહિ. એક વાર આવ્યું એ

જ બહુ મોટી જીત.

કેમકે સમ્યગ્દર્શન-ગુણ(ગુણસ્થાન)થી જે જીવ નીચે પડીને મિથ્યાત્વ ગુણસ્થાને જાય અને કદાચ ત્યાં ઢગલાબંધ પાપો કરે તો ય તેથી તેનો સંસાર અર્ધપુદ્ગલપરાવર્ત્ત કાળથી વધુ તો ન ચાલે. આવું પણ તે આત્માને બને જે આત્મા પડ્યા પછી પુષ્કળ વધુ પાપો કરે. બાકી તો ઘણા ખરા આત્માઓનો સંસાર સંખ્યાતા ભવનો હોય અથવા અસંખ્યાતા ભવનો હોય. આ રીતે અનંતા ભવનો કાળ તો ગોશાલક જેવા કોકને જ હોય.

સમ્યગ્દર્શન ગુણવાળો આત્મા સર્વવિરતિ-ધર્મની પ્રાપ્તિ માટે તરફડતો હોય : સાતમી નારકના જીવોના કાયિક દુઃખ કરતાં સર્વવિરતિધર્મના અભાવનું માનસિક દુઃખ ખૂબ વધુ હોય. આથી તો એને સકળ જીવલોકનો સૌથી વધુ દુઃખી જીવ કહ્યો છે. હા, એને સાચા અર્થમાં સર્વવિરતિ પ્રાપ્ત થાય ત્યારે અપૂર્વ આનંદ થાય. એ વખતથી એના મોં ઉપર સ્મિત જોવા મળે. બાકી એ શીખંડ-પૂરી પણ રડમસ ચહેરે ખાતો હોય.

આ જીવના મુખ્યતમ બે લક્ષણ હોય : (૧) એને પાપો તરફ તીવ્ર ધિક્કાર હોય. (૨) એને જિનશાસન પ્રત્યે અપૂર્વ રાગ હોય. આથી જ તેના પાપો તીવ્ર પાપપરિણતિ વિનાના રહે અને તેમાં ય અનુબંધ તો ધર્મનો જ પડે.

અરે, પાપધિક્કાર એ જ મોટો ધર્મ છે. એના વિનાનો કોઈ પણ બીજો- તપ, ત્યાગ, સ્વાધ્યાયાદિ ધર્મ વસ્તુતઃ ધર્મ બની શકતો નથી.

પાપધિક્કાર સાથેના પાપો પાપ ન બની શકે.

પાપધિક્કાર વિનાના ધર્મો ધર્મ ન આપી શકે.

પહેલી વાતમાં દુર્ગતિ ન મળે.

બીજી વાતમાં મુક્તિ ન મળે.

સમ્યગ્દર્શન ગુણનો આટલો બધો પ્રભાવ હોવાથી જ ગ્રન્થકર્તાએ ૨૬૮, ૨૬૯મા શ્લોકમાં કહ્યું કે આ ગુણની પ્રાપ્તિ જે ગુરુ જીવને કરી આપે તે ગુરુને ચૌદ રાજલોકના સર્વ જીવોને અભયદાનનું પુણ્ય મળે. હા, એથી ઊલટી પણ વાત કરું કે આ ગુણનો પ્રાપક જીવ જો ગુણ-પતિત બનીને ખૂબ પાપો કરે તો તેના દાતા-ગુરુ ચૌદ રાજલોકના સર્વ જીવોની હિંસાનું પાપ બાંધે.

**सुपरिच्छिअसम्मत्तो नाणेणालोइअत्थसब्भावो ।**
**निव्वाणचरणाउत्तो इच्छियमत्थं पसाहेइ ॥ २७२ ॥**

**અર્થ :** જેનું સમ્યકૃત્વ એકદમ સ્થિર છે, વળી સમ્યગ્દર્શનની સાથે ઉત્પન્ન થયેલા સમ્યગ્જ્ઞાનના પ્રભાવે જેણે નવતત્ત્વાદિકના જિનોક્ત પદાર્થોને એકદમ સારી રીતે આત્મસાત્ કર્યા છે તે આત્મા તો મોક્ષ સુધીના તમામ પદાર્થોને પ્રાપ્ત કરી શકે છે.

**વિવેચન :** નવતત્ત્વ પ્રકરણમાં કહ્યું છે કે જેને, "જિનેશ્વરદેવે જે કહ્યું છે તે બધું એકદમ યથાર્થ - तमेव सच्चं निःसंकं, जं जिणेहिं पवेइयं - લાગતું હોય તે આત્મા જીવાદિક નવ તત્ત્વોનો જ્ઞાતા ન હોય તો ય સમ્યગ્દષ્ટિ છે. अयाणमाणे वि सम्मत्तं ।

હવે જો કોઈએ જ્ઞાનદશા પ્રાપ્ત કરીને તે પદાર્થોને સારી રીતે અવગાહ્યા હોય તેના સમ્યકૃત્વની ગુણવત્તાની તો શું કલ્પના કરવી ? આવા આત્માઓ તો છઠ્ઠી વગેરે યોગદૃષ્ટિના સમ્યકૃત્વી કહેવાય.

ગ્રન્થકારશ્રી કહે છે કે, "સમ્યગ્દષ્ટિ આત્માને જે જોઈતું હોય તે સમ્યગ્દર્શનના પ્રભાવે નિશ્ચિતપણે મળે."

ધર્માત્માને તો મોક્ષ પામવા સિવાય બીજું શું જોઈએ ? પણ સૂક્ષ્મ રીતે વિચારતાં એમ લાગે છે કે ધર્માત્માને તત્કાળ - તદ્ભવે તો મોક્ષ મળી શકે તેમ નથી. એટલે તેને મોક્ષપ્રાપ્તિમાં જે સહાયક બને તે બધું જોઈએ અને મોક્ષપ્રાપ્તિમાં જે બાધક તત્ત્વો હોય તે દૂર થાય તે બધું તેને જોઈએ.

ટૂંકમાં તેને આ ભવમાં સુખે વિરાગ જોઈએ, દુઃખે સમાધિ જોઈએ અને પરભવમાં જિનધર્મમાં કટ્ટર એવા કુટુંબમાં જન્મસ્વરૂપ સદ્ગતિ (બોધિલાભ) જોઈએ.

મુક્તિ દૂર છે. તેને પામવા માટે વારંવાર સદ્ગતિની જરૂર છે. એક બે ભવમાં જિનધર્મને આચાર, વિચારમાં દઢ કરવાનું કામ ઘણું મુશ્કેલ છે. પૂર્વભવોના કુસંસ્કારો અને તેમને ઉત્તેજિત કરી મૂકતાં કુસંગો અને કુનિમિત્તોનો આગની સાથે પેટ્રોલની જેમ સંગ થતાં એવા મોટા ભડકા થાય કે જિનધર્મનું પાલન ક્યાંય દૂર રહી જાય.

કુસંસ્કારોને ઘસી નાંખવા પડે.

કુનિમિત્તોને નજીકમાં ફરકવા દેવા ન જોઈએ.

પહેલી વાતમાં દેવ (દેવની ભક્તિ) સહાયક બને.

બીજી વાતમાં ગુરુ (ગુરુની કૃપા) સહાયક બને.

આટલું થયા પછી જિનધર્મનું પાલન સડસડાટ વધતું જાય.

મારી દૃષ્ટિએ મુક્તિ કરતાં સદ્ગતિનો પ્રશ્ન વધુ ગંભીર છે, કેમકે તે તદ્દન નજીકની બાબત છે.

મુક્તિ તો ૫-૫૦ ભવ પછી મળશે. સદ્ગતિ આ ભવના મોત પછી તત્ક્ષણ આવીને ઊભી રાખવાની છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળથી ચડિયાતો ભાવ છે.

ભાવથી પણ વધુ અસરકારકતા ભવમાં - ખોળીઆમાં - છે.

જેવો ભવ તેવા ભાવ.

બિલાડીનો ભવ લલાટે ઠોકાઈ જાય તો મુનિભવે માંસાહારનો દબાવેલો ભાવ સટાક કરતો સફાળો ઊભો થઈ જાય.

કીડી પણ ન મરે માટે મુનિભવમાં જે અપ્રમત્તપણે કાળજી કરી તે જીવ હવે કબૂતરો અને ઊંદરડાઓના શિકારને સતત શોધતો રહે.

હાલ તો મુક્તિ ઈચ્છવા કરતાં સદ્ગતિ જ ઈચ્છવા જેવી છે. સદ્ગતિની પ્રાપ્તિ શુભક્ષણે આયુકર્મનો બંધ પડે તો જ શક્ય છે.

જ્યારે આપણે 'તે ક્ષણ ક્યારે આવશે ?' તેવું જાણતા ન હોઈએ ત્યારે પ્રત્યેક ક્ષણ ઉપર ચોકી રાખવી પડે. ક્યાંય પણ મન અશુભ ન બની જાય તેની ચિંતા કરવી પડે.

આ કામ અતિ કપરું છે.

આથી જ તપસ્વી મુનિ સાપ થયા; સુમંગલાચાર્ય મ્લેચ્છ બન્યા. કંડરિકમુનિ અને સંભૂતિમુનિ સાતમી નારકે ગયા. ઓલા મંગુ આચાર્ય ખાળના ભૂત થયા.

જ્ઞાનીઓએ કહ્યું છે કે, "જે પ્રત્યેક ક્ષણ ઉપર ચોકી મૂકે છે તે પંડિત છે.

**खणं जाणाहि पंडिए ॥"**

ટૂંકમાં સદાકાળ જાગ્રત દશા (awareness) રાખવી જોઈએ. આનું જ નામ સમ્યગ્દર્શન છે. જે પાપકર્મો થાય તેમાં એ સભાનતા રહેવી જોઈએ કે મારો દેહ, મારું મન ખોટું કરી રહેલ છે. ભલે... મારે તેમાં ભળવું નથી. હું ભોક્તા નહિ બનું, દૃષ્ટા બનીશ..

આવી પ્રત્યેક ક્ષણમાં વર્તતો જીવ તે વખતે અનંત અનંત અશુભ કર્મોનો ભુકો બોલાવતો રહે છે. બેશક, આ વખતે સમ્યગ્દર્શનની સાથે વિશિષ્ટ રીતનું નિર્મળ સમ્યગ્જ્ઞાન હોવું જરૂરી છે.

સમ્યગ્દર્શન વિનાનું સાડા નવ પૂર્વનું સમુદ્ર જેટલું જ્ઞાન જીવને મોક્ષ અપાવી શકે તેમ નથી. જ્યારે અષ્ટપ્રવચનમાતાનું ખાબોચીઆ જેટલું જ્ઞાન–સમ્યગ્દર્શનયુક્ત –અવશ્ય મોક્ષ અપાવે.

આ સમ્યગ્દર્શનની હાજરીમાં જેમ જ્ઞાન સમ્યગ્ બને તેમ ચારિત્ર પણ નિર્મળ (સમ્યગ્) બને.

એકદમ શુદ્ધ - (દ્રવ્ય) ચારિત્રથી - જો સાથે સમ્યગ્દર્શન જોડાયું ન હોય તો મોક્ષ મળતો નથી અને દોષયુક્ત ચારિત્રથી પણ - જો સમ્યગ્દર્શનનો સહકાર હોય તો - મોક્ષ મળ્યા વિના રહેતો નથી. કેમકે તેવા ચારિત્રધરને સમ્યગ્દર્શનના પ્રભાવે પોતાના દોષોનો તીવ્ર ખટકો સતત રહ્યા કરતો હોય છે. એનાથી દોષો એટલા બધા નબળા પડી જાય છે કે તેમનામાં જીવને દુર્ગતિમાં લઈ જવાની તાકાત ક્ષીણ થઈ જાય છે.

સમ્યક્ત્વનો અસીમ પ્રભાવ હોવાથી જ મહર્ષિઓએ કહ્યું છે કે તે જિનશાસનને અમારા કોટિ કોટિ વંદન છે જેણે જગતને સમ્યગ્દર્શન નામના પદાર્થની ભેટ આપી છે.

* * *

**जह मूलताणए पंडुरंमि दुव्वन्नरागवण्णेहिं ।**
**बिभच्छा पडसोहा इह सम्मत्तं पमाएहिं ॥ २७३ ॥**

**અર્થ :** સફેદ રંગના તાણા-વાણાંથી ભરેલા પટમાં જો લાલ, પીળા વગેરે વર્ણના તાણા-વાણાં વચ્ચે આવી જાય તો એ પટની શોભા ખરાબ બની જાય છે તે રીતે સમ્યકત્વસ્વરૂપ શ્વેત વસ્ત્રમાં જો પ્રમાદ(અને અવિરતિ)ના લાલ, પીળા તાણા-

વાણાં આવી જાય તો તે સમ્યક્ત્વ – વસ્ત્ર – ન ગમે તેવું – ખરાબ બની જાય છે.

**વિવેચન :** સાધનાનું અંતિમ લક્ષ મુક્તિ છે પણ વર્ત્તમાન કલિકાલમાં તે મુક્તિ શક્ય નથી એટલે તેને પ્રાપ્ત કરી આપતી 'અપ્રમાદ' અવસ્થા એ સાધનાનું અંતિમ લક્ષ બને.

જો જીવનમાં પ્રમાદ (વિષય–કષાયની વૃત્તિઓ, નિદ્રા, વિકથા વગેરે પ્રમાદના સ્વરૂપો છે) પેસે તો સમ્યક્ત્વનો નાશ ભલે ન થઈ જાય પણ નાશ થવાની શક્યતા જરૂર ઊભી થાય.

પ્રમાદની જેમ અવિરતિ પણ સમ્યગ્દર્શનનો નાશ કરવાની તાકાત ધરાવે છે. તેની હાજરી સાથેના સમ્યક્ત્વની રક્ષા ખૂબ જોખમી ગણાય.

ધર્મમાતાના ખોળામાં બેઠેલા બાળક જેવું સમ્યગ્દર્શન છે. આની સામે અવિરતિ નામની રૌદ્રસ્વરૂપી ડાકણ બેઠી છે. ગમે તે પળે આ ડાકણ બાળકની ગળચી દબાવી દે તેવી પૂરી શક્યતા છે.

જેણે બાળકને નિર્ભય અને સુરક્ષિત રાખવું હોય તેણે ડાકણને દૂર રાખવી જોઈએ.

અવિરતિની સાથે સમ્યગ્દર્શન શ્રેણિકની જેમ રહી તો શકે પણ આ સમ્યગ્દર્શનનું આયખું ખૂબ તકલાદી કહેવાય.

એટલે જ જેણે સમ્યગ્દર્શન–રત્નની બરોબર રક્ષા કરવી હોય તેણે સર્વવિરતિના ડાબડામાં આ રત્નને મૂકી દેવું જોઈએ.

હવે સમજાશે કે સંસારમાં - અવિરતિમાં - રહીને ધર્મ (જિનપૂજાદિ) કરવામાં કેટલું જોખમ છે ?

જો ધર્મ જ આરાધવો છે તો તે માટે 'સંસારમાં રહેવા'ની વાતનો પક્ષ શા માટે રાખવો જોઈએ ? સંસાર ત્યાગીને ધર્મ આરાધવામાં વાંધો શું ?

ઝેર ખાધા વિના જીવાય છે પછી ઝેર ખાઈને જીવતા રહેવાની વાતનો આગ્રહ શા માટે ?

આગને અડ્યા વિના સહુ કોઈ દાઝ્યા વિનાના રહે છે. આગને અડીને દાઝ્યા વિનાના રહેવાની જીદ શા માટે ? તેમાં બુદ્ધિમત્તા કેટલી ?

સમ્યગ્દર્શન અને સર્વવિરતિ ધર્મ એ જિનદર્શનના સૌથી મહત્ત્વના મોક્ષ–પ્રાપક તત્ત્વો છે. તેમની રક્ષા માટે પ્રમાદ અને અવિરતિને બાર ગાઉ છેટા રાખવા જ પડે. કોઈ પણ મોક્ષલાલસુ જીવ આ બંનેને પોતાનાથી છેટા રાખવા સતત જાગ્રત હોય.

* * *

**नरएसु सुरवरेसु य जो बंधइ सागरोवमं इक्कं ।**
**पलिओवमाण बंधइ कोडिसहस्साणि दिवसेणं ॥ २७४ ॥**

**पलिओवमसंखिज्जं भागं जो बंधइ सुरगणेसु ।**
**दिवसे दिवसे बंधइ स वासकोडी असंखिज्जा ॥ २७५ ॥**

**एस कमो नरएसु वि बुहेण नाउण नाम एयं पि ।**
**धम्मंमि कह पमाओ निमेसमित्तं पि कायव्वो ॥ २७६ ॥**

**અર્થ અને વિવેચન :** જે વ્યક્તિ પોતાના ૧૦૦ વર્ષના આયુષ્યકાળમાં ધર્મારાધના કરવાથી દેવગતિનું એક સાગરોપમ ભોગવી શકાય તેવું આયુષ્ય બાંધે છે તે વ્યક્તિ પોતાના આયુષ્યના દરેક દિવસે ધર્મારાધના વડે હજારો કરોડ (દસ અબજ) પલ્યોપમ સુધી દેવલોકનું સુખ ભોગવી શકાય તેટલું પુણ્ય બાંધે છે.

(અર્થાત્ જે દિવસે તે પ્રમાદ કરવાના કારણે ધર્મારાધના ન કરે તે દિવસે તે આત્મા પ્રમાદના કારણે દસ અબજ પલ્યોપમ સુધી ભોગવી શકાય તેટલું સુખ ગુમાવે છે.)

તે જ રીતે જે વ્યક્તિ પોતાના ૧૦૦ વર્ષના આયુષ્યકાળમાં ધર્મારાધનાના બદલે પાપ–કાર્યો કરે છે તે વ્યક્તિ તેના કારણે નરકગતિનું એક સાગરોપમનું આયુષ્ય બાંધે છે. એટલે કે એક દિવસ પાપકાર્યો કરવામાં આવે તો હજાર કરોડ વર્ષ સુધી નરકમાં જવું પડે તેવું આયુષ્ય બાંધે છે. (તેથી એક પણ દિવસ પાપકાર્યોમાં પસાર ન થાય તેની પળે પળે જાગ્રતિ રાખવી જોઈએ.)

પણ જે આત્મા પોતાના ૧૦૦ વર્ષના આયુષ્યકાળમાં સામાન્ય ધર્મારાધના કરવાના કારણે દેવલોકનું માત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું જ આયુષ્ય બાંધે છે તે આત્માએ પણ જરાય પ્રમાદ કરવા જેવો નથી, કારણ કે તેવું અલ્પ દેવાયુ બાંધનારો આત્મા પણ હિસાબ કરીએ તો દરેક દિવસે પોતાનાથી થતી ધર્મારાધના વડે અસંખ્યાતા કરોડો વર્ષનું દેવાયુ બાંધી રહ્યો છે. (અર્થાત્ તેનો

એક દિનનો પ્રમાદ તેને અસંખ્યાતા કરોડો વર્ષોના દેવલોકના સુખો મેળવતાં અટકાવે છે, માટે ધર્મારાધનામાં એક દિવસ પણ પ્રમાદ ન કરવો.)

આ જ ક્રમ નરકોમાં પણ છે. (એટલે કે જે આત્મા પ્રમાદાચરણના કારણે પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું નરકનું આયુષ્ય બાંધે છે તે આત્મા પણ તે પ્રમાદાચરણ વડે દરેક દિવસે અસંખ્યાતા કરોડો વર્ષનું નરકનું આયુષ્ય બાંધી રહ્યો છે. તેથી જો અસંખ્યાતા કરોડો વર્ષનું નરકનું દુઃખ ન જોઈતું હોય તો એક ક્ષણ પણ પ્રમાદ ન કરવો જોઈએ.)

તેથી નરક અને દેવલોકની આ વાત જાણીને પંડિતો આંખનો પલકારો માત્ર પણ ધર્મમાં પ્રમાદ શી રીતે કરે ? અર્થાત્ જે પંડિત હોય, બુદ્ધિશાળી હોય તેણે ધર્મકાર્યોમાં એક ક્ષણ પણ પ્રમાદ કરવો જોઈએ નહિ.

* * *

**दिव्वालंकारविभूसणाइं रयणुज्जलाणि य घराइं ।**
**रूवं भोगसमुदओ सुरलोगसमो कओ इहयं ॥ २७७ ॥**

**અર્થ :** દેવલોકની અંદર જે ઉત્કૃષ્ટ કોટિના રત્નાદિયુક્ત અલંકારોથી યુક્ત આભૂષણો હોય છે, વળી રત્નજડિત દિવાલોના ઘરો હોય છે. (અરે, પગની મોજડી સુદ્ધાં હોય છે.) શરીરનું ઉત્કૃષ્ટ સૌન્દર્ય હોય છે, કામભોગનું પ્રચુર સુખ હોય છે તે બધું મનુષ્યલોકમાં તો કલ્પી પણ શકાય નહિ; પરંતુ જો ઉત્તમકક્ષાનો ધર્મ કરવામાં આવે તો મનુષ્યલોકમાં પણ તેવા ભોગસુખોની પ્રાપ્તિ થઈ શકે.

તાત્પર્ય એ છે કે ધર્મના પ્રભાવથી માનવલોકમાં પણ દેવલોક ખડો થઈ શકે છે.

**વિવેચન :** આ શ્લોકમાં ધર્મના પ્રભાવથી દિવ્યસુખોની પ્રાપ્તિ થવાની જે વાત જણાવી છે તે ધર્મનો કેટલો બધો મહિમા છે ? તે દર્શાવવા માટે કર્યો છે.

"ધર્મ કરશો તો સ્વર્ગ (સુખ) મળશે." એવી વાત જૈનદર્શનને માન્ય નથી.

એને એ વાત જરૂર માન્ય છે કે, "ધર્મ કરનાર આત્માઓને સ્વર્ગ (સુખ) પ્રાપ્ત થાય છે ખરું."

પહેલાં વાક્યમાં ધર્મના ફળની પ્રાપ્તિ કરવાની સલાહ છે.

બીજા વાક્યમાં ધર્મના મહિમાનું વર્ણન છે. તે ફળોને પ્રાપ્ત કરવાની કોઈ વાત નથી.

મેળવવું અને મળી જવું એ વાતો વચ્ચે ફરક છે.

ધર્મનું ફળ વર્ણવી શકાય : Discribe કરી શકાય. પણ તે પામવાની સલાહ ન જ આપી શકાય : Priscribe ન કરી શકાય.

ખેતરમાં બાજરીના અનાજની પ્રાપ્તિ માટે જ તેનું બિયારણ નંખાય : ઘાસની પ્રાપ્તિ આપોઆપ થઈ જાય. પણ ઘાસ માટે કાંઈ ખેતી કરાય નહિ.

ધર્મથી બંધાતા પુણ્યનો ઉદય થતાં દેવલોક મળે અને ત્યાં દિવ્ય સુખો પણ મળે. કિન્તુ ગ્રન્થકારશ્રી કહે છે કે એ દિવ્ય સુખો જેવા જ ભોગસુખો માનવલોકમાં પણ મળે.

ધન્નાજીની અબજોની સંપત્તિ, શાલિભદ્રનો અસીમ કામભોગ, થાવચ્ચાપુત્રની અમાનસમાન સંપત્તિ (બત્રીસ પત્નીના બત્રીસ રાજમહેલો વચ્ચે પોતાનો રાજમહેલ : દરેક પાસે કલ્પનાતીત વૈભવ), ચક્રવર્તીઓના ભોગસુખો, રાજવીઓ પાસે અઢળક ઝવેરાત વગેરે, મહારાણીઓના અંગ ઉપર ક્રોડો રૂપિયાના નવસેરા હાર વગેરે, મમ્મણ શેઠ, જગત શેઠ વગેરે, શાન્તિનાથ, કુન્થુનાથ અને અરનાથ, ભરત, સનત વગેરે ચક્રવર્તીઓનું આંજી દે તેવું ભોગસામ્રાજ્ય... આ તો ઇતિહાસના ધનાઢ્ય, ભોગાઢ્ય માનવોની વાત કરી.

હવે વર્ત્તમાનકાળના માનવોની વાત કરું.

વિશ્વમાં જે પ્રથમ નંબરના ધનાઢ્ય કહેવાય છે તે બિલગેટ્સ, એન્ડ્રુસ કાર્નેગી, રોકફેલર, કુવૈત, સાઉદી અરેબીઆ, બૈરૂત વગેરેના બાદશાહો, બ્રિટનના શાસકો, તાતાઓ, બિરલાઓ, અંબાણીઓ વગેરે સંપત્તિના ઢગલાઓમાં આળોટી રહ્યા છે. આ બધા અમાનસમાન સંપત્તિના સ્વામીઓ કહેવાય.

સવાલ થાય કે જો ધર્મ સારો છે; તેનાથી બંધાયેલું પુણ્ય પણ સારું છે તો પુણ્યનો ઉદય થતાં મળતી લક્ષ્મી પણ સારી જ હોવી જોઈએ ને ? એટલે કે તેને પામેલો માણસ સારો (ગુણસંપન્ન) જ હોવો ન જોઈએ ?

હાલ તો લગભગ બધે એવું જોવા મળે છે કે લક્ષ્મીવાન લોકોના જીવન અઢળક પાપોથી રગદોળાયેલા હોય છે. સપ્ત વ્યસનોમાં ચકચૂર હોય છે. ખાનપાનમાં સર્વથા ભ્રષ્ટ છે. ઐયાશી જીવન, વ્યભિચાર, માંસાહાર અને ભ્રષ્ટાચારથી ખદબદી ઊઠેલા જીવનના માલિકો છે. અનાચારાદિથી તેમના તન-મન ગંધાઈ ઊઠેલા જોવા મળે છે.

આવું કેમ ?

આ પ્રશ્નનો પહેલો જવાબ એ છે કે ધર્મ સારો છે; તજ્જન્ય પુણ્ય પણ સારું છે, પરંતુ તજ્જન્ય લક્ષ્મી (લક્ષ્મીની આસક્તિ) સારી નથી.

ચંદનનું લાકડું સારું છે પણ તેમાંથી ઉત્પન્ન થતો અગ્નિ તો દાહક અને મારક છે.

કોક વાર ઊંધું પણ જોવા મળે. કાદવ ખરાબ છે પણ તેમાંથી ઉત્પન્ન થતું કમળ સુંદર છે.

સંસારની ભોગક્રિયા ખરાબ છે; પણ તેમાંથી ઉત્પન્ન થતાં મહાપુરુષો બેશક સારા છે.

ધર્મના બે પ્રકારો છે : નિર્મળ ધર્મ અને મલિન ધર્મ.

મોક્ષપ્રાપ્તિ અનન્ય અને અકામ લક્ષ સાથે અથવા પરાર્થકરણના ઉત્કૃષ્ટ અધ્યવસાય સાથે (મેઘકુમારનો હસ્તિભવ) જે કાંઈ ધર્મ આચરાય તે નિર્મળ ધર્મ કહેવાય.

સંસારના લક્ષથી કે શૂન્યમનસ્ક બનીને જે ધર્મ કરાય અથવા અનિચ્છાએ જે તિર્યંચાદિ ગતિઓના દુઃખોને સહાય તે બધો મલિન ધર્મ કહેવાય.

નિર્મળ ધર્મથી પુણ્યાનુબંધી પુણ્યકર્મનો બંધ થાય. તદિતર ધર્મથી પાપાનુબંધી પુણ્યકર્મ બંધાય.

પુણ્યકર્મનો કે પાપકર્મનો બંધ એ જેટલી મહત્ત્વની બાબત નથી તેટલી મહત્ત્વની બાબત કર્મોના અનુબંધો છે.

બંધથી સુખ કે દુઃખ મળે.

અનુબંધથી ગુણો કે દોષો મળે.

વધુ મહત્ત્વ સુખ–દુઃખનું નથી; ગુણ-દોષોની પ્રાપ્તિનું છે.

પુણ્યાનુબંધી એવું પુણ્યકર્મ જો ઉદયમાં આવે તો જીવન ગુણયુક્ત સુખી બને.

પાપાનુબંધી એવું પુણ્યકર્મ જો ઉદયમાં આવે તો દોષોથી ભરેલું સુખી જીવન મળે. શા કામનું એ જીવન !

ક્રોધાન્ધ કરોડપતિ શા કામનો ? આખું ઘર સળગાવે.

શાન્ત ગરીબ સહુને શાન્તિનું, સંતોષનું, સાદગીનું સુખ આપે.

ધર્મ તે જ સારો છે જે પુણ્યાનુબંધી એવા જ પુણ્યકર્મનો બંધ કરાવે છે.

વર્તમાનકાલીન સુખી લોકોના જીવન બહુધા કામ, ક્રોધ, ઈર્ષ્યા, લાલસા, મૂર્ચ્છા, કૃતઘ્નતા, કઠોરતા વગેરે દોષોથી ઊભરાઈ ગયેલા જણાય છે. એમ ચોક્કસ લાગે કે આ જીવોનું સુખ દેતું પુણ્યકર્મ પાપાનુબંધી છે.

ધનવાન કે ધર્મવાન, શક્તિમાન, બુદ્ધિમાન વગેરે બનવા કરતાં ગુણવાન બનવું જોઈએ. એકાદ પણ ગુણ બધા દોષોને કદાચ હણી નાંખે.

ગ્રન્થકારશ્રી જ્યારે ધર્મની વાત કરે ત્યારે પુણ્યાનુબંધી પુણ્યકર્મના જનક ધર્મની જ વાત સમજવી. એવો ધર્મ દેવલોકના સુખ આપે તો દેવીમાં આસક્તિ વગેરે દોષો ન દેતાં યાત્રાઓ, દેશનાઓનું શ્રવણ, વૈરાગ્યભાવ વગેરેમાં પ્રેરણા કરે. એવા દેવો માટે (કે માનવો માટે) સુખ હાનિકર ન બને : ખોટા રસ્તે ચડાવી ન દે.

એ ધર્મ તો ચન્દ્રકાન્ત મણિ જેવો કહેવાય કે જે ભોગસુખરૂપી આગના ભડકામાં ચલાય તો ય દાહ ન લગાડે.

આ સમજણ આવતાં સમજાશે કે દેવલોકમાં પતન થવાનો ભય રાખવા જેવો નથી. અથવા શ્રીમંતાઈની અનિચ્છા કરવા જેવી નથી. જે સ્થિતિ મળે તેમાં જો ધર્મનું સત્ત્વ (બળ) હોય તો બધી સ્થિતિ સારી છે.

દેવલોકના સુખોમાં વૈરાગ્ય બની રહે અને નારકના દુઃખમાં સમાધિ બની રહે પછી કઈ વાતની ચિંતા રહે ? કોની 'નાપસંદગી' કરવાની રહે ?

બાકી ખરેખર તો પુણ્યાનુબંધી પુણ્યકર્મનો બંધ ઈચ્છનીય નથી. જો પાપકર્મનો બંધ લોઢાની બેડી હોઈને અનિચ્છનીય છે તો પુણ્યકર્મનો બંધ સોનાની બેડી હોઈને અનિચ્છનીય જ છે. પણ આ ઊંચી કક્ષાની વાત છે. પ્રાથમિક કક્ષાના ધર્માત્માઓને તો પુણ્યકર્મ ઈચ્છનીય છે. તે પાપકર્મને ભગાડે છે અને છેલ્લે સ્વયં - પોતાની જાતે - ભાગી જાય છે.

પેટનો મળ દિવેલથી નીકળે; પછી દિવેલ એની મેળે ભાગી જાય. દિવેલને કાઢવા માટે બીજા કોઈ પદાર્થની જરૂર ન રહે.

* * *

**देवाण देवलोए जं सुक्खं तं नरो सुभणिओ वि ।**
**न भणइ वाससएण वि जस्स वि जीहासयं हुज्जा ॥ २७८ ॥**

**અર્થ :** દેવલોકે જે કામભોગનું સુખ હોય છે તેનું વર્ણન ખૂબ વિદ્વાન આત્મા સો વર્ષે ય પૂરું ન કરી શકે; ભલે પછી તેની પાસે સો જીભ હોય.

**વિવેચન :** ધર્મ કરવાથી પ્રાપ્ત થતો ચિત્તમાં સમતાનો આનંદ કોના જેવો ?

મોક્ષમાં પ્રાપ્ત થતો આનંદ કોના જેવો ? આ સવાલોના જવાબ શું દેવા ?

રામ-રાવણનું યુદ્ધ કોના જેવું ? સાગર કોના જેવો ? એનો જવાબ અપાયો છે કે રામ-રાવણનું યુદ્ધ, રામ-રાવણ જેવું હતું. સાગર, સાગર જેવો છે.

સંસારમાં એવો કોઈ પદાર્થ નથી કે એવી કોઈ સુખાનુભૂતિ નથી કે જે મોક્ષના આનંદની બરોબરી કરતા હોય.

એટલે જ જ્ઞાનીઓએ આધ્યાત્મિક આનંદની પરાકાષ્ટાને સમજાવવા માટે અતિશય કામુક એવા નર-નારીના યુગલના તીવ્ર ઓષ્ઠ-ચુંબનના આનંદથી અનંતગુણ આનંદ જીવ મોક્ષમાં અનુભવે છે એમ કહ્યું છે.

ધર્મજનિત સમતાનો આનંદ પણ અકથ્ય, અવર્ણનીય જણાવેલ છે.

હજારો જીભ હોય તો ય તે આનંદનું વર્ણન થઈ ન શકે.

સરસ્વતી મા જાતે લખવા બેઠી હોય, મોટીમસ કલમ હાથમાં લીધી હોય, સાગર જેવડો સહીનો ખડિયો ભરેલો હોય, પૃથ્વી જેવડો કાગળ હોય તો ય બ્રહ્માનંદને અક્ષરદેહે અવતરી શકાય તેમ નથી.

ટૂંકમાં કામભોગનું સુખ આધ્યાત્મિક આનંદના વાંભ વાંભ ઊછળતા સાગરની સામે બિન્દુ માત્ર કહેવાય.

વસ્તુતઃ ભોગાનંદને ભોગસુખ તરીકે કહેવું જોઈએ.

બ્રહ્માનંદને 'આનંદ' શબ્દથી ઉલ્લેખવો જોઈએ.

સંસારી લોકો સુખી હોઈ શકે, આનંદિત નહિ. એવા તો સાચા સાધુઓ જ હોય.

ઈષ્ટ તરીકે કહેવાતી સુખની સામગ્રીઓ વચ્ચે સુખાનુભૂતિ થાય.

દુઃખની અંદર જે સમતા રહે તે આનંદ કહેવાય અથવા કોઈ પણ બાહ્ય અપેક્ષા વિના આત્મામાંથી પ્રગટ થતું સુખ તે આનંદ કહેવાય.

સુખ ઔપાધિક હોય.

આનંદ નિરુપાધિ હોય.

* * *

**नरएसु जाइं अइकक्खडाइं दुक्खाइं परमतिक्खाइं ।**
**को वन्नेहि ताइं जीवंतो वासकोडी वि ॥ २७९ ॥**

**અર્થ :** નારકોમાં અતિ કર્કશ અને અત્યંત તીક્ષ્ણ એવા જે દુઃખો છે તેનું પૂરું વર્ણન ક્રોડ વર્ષના આયુવાળો જીવ પણ કરી શકે તેમ નથી.

**વિવેચન :** જેમ ધર્મજનિત દેવસુખ વર્ણવી શકાય નહિ તેટલું ઉત્કટ છે તેમ અધર્મજનિત નારક–દુઃખ વર્ણવી શકાય નહિ તેટલું ઉત્કટ છે.

નારકનો જીવ નારકની કુંભીમાં ઉત્પન્ન થાય, તેમાંથી બહાર નીકળે ત્યારથી જ અતિ ભયાનક વેદનાઓ અનુભવવા લાગે છે. એને ત્યાં અતિ ભયાનક તૃષા સદા લાગેલી રહે છે અને પાણીનું ટીપું પણ ક્યારેય મળતું નથી. તે માંગે તો ય પરમાધામી (પરમાધાર્મિક) દેવો તેને કદી પાણી દેતાં નથી પણ એવી યાચના સામે ધગધગતો સીસાનો રસ દે છે : પીવાની ના પાડે તો પરાણે પાય છે, જેથી તે જીવનું તાળવું ફાટી જાય છે. મોટી ચીસ પાડીને બેભાન થઈ જાય છે. એવી કરુણ સ્થિતિમાં પરમાધામીઓ તેના દેહમાં તીક્ષ્ણ ભાલાની ધાર ઘોંચી દઈને તેને લોહીના ખાબોચિયામાં લથપથ કરી નાંખે છે. એ વખતની ચીસો એટલી ભયાનક હોય છે કે જો માનવ સાંભળે તો તેના કાનના પડદા ફાટી જાય.

જો કે સૂક્ષ્મદૃષ્ટિથી નારક કરતાં ય નિગોદની શ્વાસમાં ૧૭ા વખત જન્મ-મરણ કરવાની વેદના અતિ વધુ છે, પણ સ્થૂલદૃષ્ટિએ નારકની વેદના વધુ ભયાનક છે.

જો કે સર્વવિરતિ પામવામાં વધુ કાળવિલંબ (અનંતકાળ) કરાવતી તિર્યંચગતિ વધુ ખરાબ છે; અસંખ્યાતવર્ષનો કાળવિલંબ કરાવતી નારક ઓછી ખરાબ લાગે છે પણ વેદનાની કાતીલતાની દૃષ્ટિએ તો નારકની ગતિ જ અતિ ભયાનક ગણાય.

જો અરિહંતદેવના વચન ઉપર પૂર્ણ શ્રદ્ધા હોય તો તેમણે પ્રરૂપેલા નારક વગેરે પદાર્થોની સત્યતામાં શંકા ન રહે. તેમ થતાં તે અશુભ ગતિઓના અતિ ભયાનક દુઃખોના અસ્તિત્વમાં પણ શંકા ન રહે. એ દુઃખો પાપો કરવાથી ઊભા થાય છે એવા વચનમાં પણ બિલકુલ શંકા ન રહે.

બસ, આટલું થાય એટલે પાપ કરતી વખતે જીવ ધ્રુજવા માંડે.

પ્રત્યેક જીવને દુઃખ અતિ ખરાબ લાગે છે અને સુખ અતિ વહાલું લાગે છે.

હવે જો તેને દુઃખ ન જોઈતું હોય અને સુખ પુષ્કળ જોઈતું હોય તો તેણે ખોટા કામો બંધ કરીને ધર્મ જ આચરવો જોઈએ. આમ થતાં તેનું નારકાદિમાં ગમન બંધ થઈ જશે.

એવો કોઈ ઈશ્વર નથી જે પોતાની ઈચ્છા પ્રમાણે જીવોને સુખમાં કે દુઃખમાં નાંખતો હોય.

કેવું ભાવી જોઈએ છે ? તેનો બધો આધાર જીવની પોતાની સારી-નરસી કરણી ઉપર છે. તે જો સારા કામ કરે તો ઈશ્વર પાસે એવી કોઈ તાકાત નથી કે તે જીવને દુઃખની આગમાં ઝીંકી દે.

મૃત્યુ પૂર્વનો કાળ - આ ભવનો - માંડ ૭૦-૮૦ વર્ષનો કહી શકાય. મૃત્યુ પછીનો પરલોકનો કાળ અસંખ્ય કે અનંત વર્ષોનો પણ હોઈ શકે. આ વસ્તુસ્થિતિમાં દીર્ઘકાળની સલામતી કરવાનો જ જીવે વિચાર કરવો રહ્યો. એ માટે ટૂંકા કાળના વર્ત્તમાનજીવનમાં થોડાંક ધર્મકરણીજનિત તપાદિના દુઃખોને વેઠી લેવા માટે સહર્ષ તૈયાર રહેવું જ રહ્યું.

જો આ સોયની સજા ત્રાસરૂપ લાગે અને અસ્વીકાર્ય બને તો પેલી - પરભવની - શૂળીની સજા સુનિશ્ચિત છે. બેમાંથી એકની પસંદગી કર્યે જ છૂટકો છે.

મનોમન બોલીએ કે, 'ના,દુઃખ તો નહિ જ. કેમકે મારાથી લેશ પણ દુઃખ ખમી શકાય તેમ નથી : હું દુઃખભીરું છું અને સુખકામી છું. જો ધર્મ કરવામાં થોડુંક દુઃખ વેઠવું પડતું હોય તો તે મને મંજૂર છે. વળી હું તેને સ્વૈચ્છિક રીતે ભોગવીશ જેથી મને તેમાં આનંદ આવશે. પણ પરલોકનું દુર્ગતિનું દુઃખ કે આ લોકનું રોગાદિકનું દુઃખ તો મારાથી જરાય ખમી શકાય તેમ નથી.

સ્વપ્નમાં ય લૂંટાતી તિજોરીને દેખીને જો હું ભયની ચીસ પાડી દઉં છું તો મોટાદૈત દુઃખો તો મારાથી શેં ખમાય ? એટલે દુઃખો તો મારે દૂર જ રાખવા પડે. તે માટે જે પણ અને જેટલો પણ ધર્મ કરવો પડે તે હું અવશ્ય કરીશ. જો તેમ નહિ કરું તો મારા જેવો મૂરખ બીજો કોઈ જીવ નહિ હોય.

વળી સ્વૈચ્છિક રીતે ધર્મજનિત દુઃખ ભોગવવામાં તો આનંદ આવતો હોય છે. જ્યારે નજર સામે એ લોચાદિક દુઃખ સહન કરવા સામે, સુખપ્રાપ્તિના - મોક્ષપ્રાપ્તિના સુખોની વિરાટ ભેટ આવે છે પછી તો આનંદ કેમ ન આવે ?

પૂરબહારમાં ઘરાકી હોય તે વખતે બપોરે એક-બે વાગી જાય તો ય ભૂખ્યો થયેલો વેપારી જમવા માટે ઘરે જવાનું નામ લેતો નથી. એને તો મોટો વેપાર થઈ રહ્યાનો આનંદ જ પુષ્કળ હોય છે. એ આનંદમાં એનું ભૂખદુઃખ ક્યાંય વિલાઈ જતું હોય છે.

આથી જ તપ, વિહાર, લોચ વગેરેના દુઃખને વેઠતાં સાધુઓ 'દુઃખી' કહેવાતા નથી; પણ 'આનંદી' કહેવાય છે.

* * *

**करकडदाहं सामलि असिवणवेयरपहरणसएहिं ।**
**जो जयणाउ पावंति नारया तं अहम्मफलं ॥ २८० ॥**

**અર્થ :** નારકમાં અત્યંત કર્કશ એવો અગ્નિનો દાહ હોય છે. શાલ્મલિ વૃક્ષોના છરા જેવા તીક્ષ્ણ પાંદડા દ્વારા નારકના જીવોના ટુકડા થાય છે. એવા જ તલવાર જેવા પાંદડાથી, વૈતરણી નદીના ધગધગતા સીસા જેવા જલથી, વળી બીજા કુહાડા, ધારીઆ, બરછી વગેરે શસ્ત્રોથી નારકીના જીવો અતિશય દુઃખથી ત્રસ્ત હોય છે. આ બધું તેમણે કરેલા પાપોનું ફળ હોય છે.

બિચારા જીવોને પાપના આવા કટુફળો જરાય ખપતા નથી પણ તો ય પાપો કર્યા વિના તે રહી શકતા નથી. વળી તેમને પુણ્યનું ફળ સુખ પુષ્કળ જોઈએ છે પણ પુણ્ય-કર્મ કરવું જ નથી. હવે શું થાય ?

બાવળના બી આંગણે વાવનારને જતાં-આવતાં તેના ઝાડના કાંટા જ ભોંકાય ને ? હવે બીજી આશા પણ શી રીતે રખાય ?

* * *

**तिरिया कसंकुसारानिवायवहबंधणमारणसयाइं ।**
**न वि इहइं पावंता परत्थ जइ नियमिआ हुंता ॥ २८१ ॥**

**અર્થ :** જો તિર્યંચગતિને પામેલા જીવો પૂર્વભવોમાં સરખા ચાલ્યા હોત તો તેમને તિર્યંચભવ ન મળત; અને તેમાં કોરડાનો માર (કસ), અંકુશ, પરોણાં (આર), ધરતી ઉપર પછડાટ, હત્યા, બંધન, મારણ વગેરે સેંકડો દુઃખો ભોગવવા પડત નહિ.

**વિવેચન :** તિર્યંચોની દુનિયાના એક માત્ર ભૂંડને નજરમાં લાવો. તેની કાતીલ યાતના, વેદના અને ચીસાચીસને જુઓ. મન કહેવા લાગશે કે, 'આવા સીતમગાર

દુઃખો જો પૂર્વભવોમાં પાપો કરવાથી આવતા હોય તો આજથી જ તે બધા પાપોનો ત્યાગ !'

પૂરી ક્રૂરતાથી શિકારીઓ જીવ લઈને ભાગતાં ભૂંડને પકડે છે. પછી ઝાડ ઉપર લટકાવે છે. નીચેથી આગના ભડકા દ્વારા તેને જીવતું શેકે છે. ના, મરવા દેતા નથી કેમકે તે જીવતું રહે તો જ તેનું લોહી તેના માંસમાં ફરી વળતાં માંસ સ્વાદિષ્ટ બને. તે ખાવાની ખૂબ મજા પડે. તે વેચાય તો ભાવ ઊંચા મળે.

તે વખતે તેના ગુદામાં મોટો છરો ઘોંચાય છે; જેના વડે બધા આંતરડાં ચીરાઈ જાય છે. ભૂંડ મિનિટમાં બસો વારની ગતિથી ધ્રુજતું હોય છે. તેના આંખના ડોળાં બહાર નીકળી ગયા હોય છે. પંદર મિનિટ સુધી તેને આ નારકતુલ્ય વેદનામાં જીવતું રાખી મુકાય છે. કતલખાનાઓમાં પશુઓ જે અતિ ભારે ક્રૂરતાથી ચીરાય છે તે દૃશ્ય જોઈ શકાય તેમ નથી. પત્થર-છાતીવાળા માણસો પણ બેભાન થઈ જાય.

ઓ એયાશી જીવન જીવતાં, નિધર્મી, વિલાસી માનવો ! તમે એ બધા પાપોથી પાછા ફરી જાઓ, નહિ તો કર્મો તમને છોડશે નહિ. જે ભૂંડ વગેરે જોવામાં આવે છે તે બધાના જીવો પૂર્વભવોમાં તમારા જેવા શ્રીમંતો હશે કે કોઈ શિથિલાચારી સાધુઓ હશે, જેમણે તમારી જેમ મૂલ્યવાન જીવનને વિષયભોગના કાદવમાં ફેંકી દીધું હશે.

જો દુઃખમય ભાવિની સંભાવનાને નજર સમક્ષ લવાય તો અત્યન્ત પાપી માણસ પણ પાપથી પાછો હટી જાય.

જો ધર્મનું ફળ દિવ્યસુખ વગેરે વર્ણવાય તો તે આત્મા ધર્મમાર્ગે વળી જાય.

બેશક મોક્ષના લક્ષ વિનાની રીતોથી ધર્મ તરફ જીવને વાળવો તે વ્યાજબી ન ગણાય. પરંતુ પ્રાથમિક કક્ષાના જીવોને તો આવી રેચક અને રોચક વાતોથી જ ધર્માભિમુખ બનાવવા રહ્યા.

ભાઈ ! જે પાણીએ મગ ચડતાં હોય તે પાણીએ મગ ચડાવી દેવા.

જ્ઞાનીઓએ ચારિસંજીવની-ચાર ન્યાયથી જીવને ધર્મનો લાભ કરવાનું જે કહ્યું છે તેમાં આ પ્રકારની વિચારણાઓ રહેલી છે.

ઉચ્ચકક્ષાના જીવો સ્વભાવથી જ પાપ ન કરે પણ તેથી નબળા જીવો જિનની આજ્ઞાભંગના ભયથી પાપ ન કરે. તેથી ય નબળી કક્ષાના જીવો દુર્ગતિના ભયથી પાપ ન કરે. અરે, તેથી નીચલી કક્ષાના જીવો આબરૂ કે આરોગ્ય બગડવાના ભયથી પાપ ન કરે.

જીવ પાપ ન કરે એ જ મુખ્ય વાત રાખવી જોઈએ. પછી કક્ષા પ્રમાણે ઊંડાણમાં તેને લઈ જવો જોઈએ.

* * *

**आजीवसंकिलेसो सुक्खं तुच्छं उवद्दवा बहुया ।**
**नीयजणसिट्ठणा वि य अणिट्ठवासो अ माणुस्से ॥ २८२ ॥**

**અર્થ :** જીવનપર્યન્ત સતત ચિત્તનો ઉદ્વેગ, જે સુખ મળે તે ય હલકી જાતનું : અપૂર્ણ, કુટુંબ, દેહ વગેરે તરફથી અનેક પ્રકારની મુશ્કેલીઓ, હલકા માણસો દ્વારા અપમાન કે આક્રોશ, ગમે તેવી ખરાબ કે અનિષ્ટ જગાએ વસવાટ કરવો વગેરે મનુષ્યભવના દુઃખો છે.

**વિવેચન :** સહુ સામાન્યતઃ કહે છે કે ચાર ગતિમાં માનવગતિ શ્રેષ્ઠ છે. પણ સબૂર ! ઊંચી પુણ્યાઈથી જે માનવજીવન મળે તે શ્રેષ્ઠ હોય, બાકી તો શ્રીમંત લોકોના પાળેલા કૂતરાની તિર્યંચગતિને કેટલાક માનવો કરતાં શ્રેષ્ઠ અને ઈચ્છનીય કહેવી પડે તેવું ય બને.

બધા જીવોને બધું શ્રેષ્ઠ મેળવવાના અરમાન હોય છે પણ તે બહુધા ફળતા નથી, કેમકે ભોગસામગ્રીની પ્રાપ્તિ ઊંચી કક્ષાના પુણ્યકર્મનો બંધ થયો હોય તો જ તેનો ઉદય થતાં મળે. આવો ઊંચો કર્મબંધ જીવ સામાન્યતઃ કરતો નથી. કુસંસ્કારો, કુનિમિત્તો અને કુસંગના પ્રભાવે કુકર્મો જ બંધાઈ જતા હોય છે. એવા કર્મોનો ઉદય થાય એટલે તરેહતરેહની પછડાટો જીવને ખાવી પડે. એકાએક પુણ્યોદય પૂરો થાય અને પાપોદય બેઠો થઈ જાય. કોઈ કરોડપતિ રાતોરાત ભિખારી થઈ જાય. કોઈ હટ્ટોકટ્ટો પળવારમાં મૃત્યુ પામી જાય. કોઈ પ્રેમી-યુગલ વચ્ચે એક ક્ષણમાં સંબંધવિચ્છેદ થઈ જાય.

કોઈ નંદિષેણ, સિંહગુફાવાસી મુનિ કે સંભૂતિ મુનિના મુનિજીવન ઉપર એક ક્ષણમાં અંધારપટ છવાઈ જાય.

માનવગતિ અને મુનિજીવન-બધા-કર્માધીન.

પુણ્યકર્મ એટલે સુતરનો કાચો તાંતણો. એની ઉપર લટકીને મજેથી જીવન જીવતો માણસ કઈ ક્ષણે તાંતણો તૂટી પડતાં ધરતી ઉપર લોહી વમતો પટકાશે ? એની એક ક્ષણ પહેલાં ગંધ પણ ન આવે.

બધું હતું, ન હતું થઈ જાય.

નવેસરથી દુનિયા લખાવવા લાગે.

નવેસરથી ઘર સજવાનું આવે.

નવેસરથી બધું વિચારવું પડે.

એટલે ગ્રન્થકાર કહે છે કે ભલે તીર્થંકરાદિ મહાપુરુષો માનવગતિ પામ્યા છે એટલે માનવગતિ મહાન છે પણ આ ગતિને પામેલા તમામ માણસો મહાન છે એવું ન કહી શકાય. માનવો તો સાતમી નારક સુધી જાય તેવા અધમાધમ હોઈ શકે છે.

માનવ મોક્ષ પામી શકે પણ સાતમી નારક પણ પામી શકે.

હા, માનવ સિવાય માછલું સાતમી નારકે જઈ શકે; પણ માનવ સિવાય મોક્ષે તો કોઈ પણ જીવ ન જ જઈ શકે.

ગ્રન્થકારશ્રીનું કહેવું છે કે જો મોક્ષ આપી શકવાનું સામર્થ્ય ધરાવતી માનવગતિ પણ દુઃખોથી ભરપૂર છે માટે નકામી છે તો હવે માત્ર પંચમગતિ મોક્ષ જ ઈચ્છવા જેવી ગતિ કહેવી પડે.

* * *

**चारगनिरोहवहबंध-रोगधणहरणमरणवसणाइं ।**
**मणसंतावो अजसो विग्गोवणया य माणुस्से ॥ २८३ ॥**

**અર્થ :** વળી જેલમાં પુરાવું, 'વહ' = શસ્ત્રાદિના પ્રહારો પડવા, દોરડાં વગેરેના બંધનો, (અનેક પ્રકારના) રોગો, ધન-માલ લૂંટાવા, મરણાન્તિક સંકટો, ચિત્તના સંતાપ, અપયશ અને (અનેક પ્રકારની) વગોવણી-વિટંબણાઓ એ મનુષ્યભવમાં દુઃખો હોય છે.

* * *

**चिंतासंतावेहि य दारिद्दरुआहिं दुप्पउत्ताहिं ।**
**लद्धूण वि माणुस्सं मरंति केवि सुनिव्विण्णा ॥ २८४ ॥**

**અર્થ :** મનુષ્યભવ પામીને કેટલાક લોકો ઉપર ચિંતા, કૌટુંબિક સંતાપોથી, દરિદ્રતાથી કે રોગોથી - જે વિચિત્ર રીતે કર્મોદયે ત્રાટકયા હોય છે તેનાથી - ત્રાસી જઈને આપઘાત કરવા તૈયાર થઈ જતા હોય છે, જે બરોબર નથી.

**વિવેચન :** અશુભ કર્મોના ઉદય વિકરાળ હોય છે. જ્યારે તે ત્રાટકે ત્યારે ગમે

તેવો પહેલવાન ત્રાડ નાંખી દે. ગ્રન્થકારશ્રી કહે છે કે આવી ગમે તેવી વિષમ સ્થિતિમાં પણ માણસે હિંમત હાર્યા વિના ધર્મ જ કરવો જોઈએ. જો તે ધર્મ કરશે તો તેના અશુભકર્મો ક્ષીણ થશે. તેનું ભાવી અનુકૂળ થવાની શકયતાઓ ઊભી થશે. જો તે ધર્મ ઉપરની અશ્રદ્ધાથી પ્રેરાઈને ધર્મ નહિ કરે તો તેના કર્મોના હુમલા વધુ ખતરનાક બનશે.

એક જ મનુષ્યજીવન એવું છે જ્યાં દુઃખોને અને દોષોને જન્મ દેતાં કર્મોને જડમૂળથી ખતમ કરવાની તક મળે છે.

જીવને રક્ષણ મળશે તો ધર્મથી જ મળશે : બીજા કશાથી તે શક્ય નથી. ધર્મ કરવા છતાં દુઃખાદિક ચાલુ રહે તો ધીરજ રાખવી જોઈએ. દુઃખોના સમયમાં ચિત્તને ઉદ્વિગ્ન ન થવા દેવું જોઈએ. દુઃખને મન ઉપર લેવાથી તે વધુ તીક્ષ્ણ બની જાય છે.

વળી આપઘાત એ કોઈ દુઃખનાશનો ઉપાય નથી. આપઘાતની છેલ્લી પળોમાં જ્યારે જીવ દેહમાંથી નીકળે છે ત્યારે વેદના અસહ્ય બને છે. એવા સમયે સમાધિની શક્યતા નહિવત્ રહે છે. અસમાધિના મોતથી નિશ્ચિતપણે દુર્ગતિ મળે છે. દુઃખમાંથી છૂટકારો મેળવવા કરાતો આપઘાત વધુ કાતીલ દુઃખોમાં જીવને પટકે છે. એટલે આપઘાત એ દુઃખનાશનો ઉપાય કહી શકાય નહિ. વળી એ રીતે માનવદેહ ત્યાગ્યા બાદ જે હલકા દેવની કે તિર્યંચાદિની ગતિઓ મળે છે તે ધરાર સુખદાયક હોતી નથી. તિર્યંચ અને નારકગતિ તો 'ખરાબ' તરીકે સુપ્રસિદ્ધ છે કિન્તુ દેવગતિ પણ 'સારી' નથી. આ વાત હવે ગ્રન્થકારશ્રી પોતે કહે છે.

* * *

**देवा वि देवलोए दिव्वाभरणाणुरंजियसरीरा ।**
**जं परिवडंति तत्तो तं दुक्खं दारुणं तेसिं ॥ २८५ ॥**

**અર્થ અને વિવેચન :** દિવ્ય અલંકાર અને આભૂષણોથી યુક્ત દેહવાળા દેવોને પણ એક વાર દેવદેહ છોડવો પડે છે : દેવલોક ત્યાગવો પડે છે. તેઓને પણ જે ત્યાંથી ખસવું પડે છે તેનું તેમને અસહ્ય દુઃખ થાય છે. આખું જીવન દેવભોગોના સંયોગમાં એટલી બધી મસ્તીથી પૂરું કર્યું કે તે વખતે પોતાને મરી જવાનું છે : સુખ છોડી દેવાનું છે તેનું લેશ પણ ભાન ક્યારેય ન થયું.

જેટલો જીવ સુખના યોગમાં ગળાબૂડ તેટલો તે સુખના વિયોગમાં અતિશય

ત્રસ્ત. માટે જ જ્ઞાનીઓ કહે છે કે સંસારના કામભોગના સુખોમાં જરાય આસક્ત થવું નહિ. અન્યથા વિયોગ થતાં ભારે દુઃખી થવાનો અવસર આવશે.

આસક્તિ સાથે સુખનો યોગ કરનાર જીવ પાપી બને છે અને વિયોગ થતાં પાગલ બને છે. બિચારાનો બે ય બાજુથી મરો થાય છે.

વસ્તુતઃ સુખનો યોગ ભલે થાય પણ તેમાં ચોંટવું : આસક્ત થવું ન જોઈએ.

ઈન્દ્રિયપરાજય શતકમાં કહ્યું છે કે, જે ભીનો માટીનો ગોળો છે તે જ ભીંત ઉપર પછડાતાં ચોંટે છે; સૂકો ગોળો કદાપિ નહિ. જીવ સૂકા ગોળા જેવો હોય જે સંસારના પદાર્થોમાં ક્યાંય ચોંટે નહિ.

જીભ જેવો જીવ હોય. એને દુઃખની કડવાશ કે ઘીની ચીકાશ - કશું ય - અડતું નથી.

જીવ સાગર જેવો હોય, જેમાં સેંકડો નદીઓના નીર પડે કે સાત વર્ષ સતત દુકાળ ચાલે... તે નથી ઊભરાતો કે નથી સુકાતો.

પણ અફસોસ ! અનાદિના કુસંસ્કારોનું જોર વધે અને કુનિમિત્તોનો સંગ થાય એટલે આગ-પેટ્રોલનો યોગ થાય. જીવના અસંખ્ય આત્મપ્રદેશોમાં તે આગ પ્રજ્વળી ઊઠે.

દેવલોકની પુણ્યવંતી ગતિ પામેલા જીવને બે બાજુથી આફત ઊભી થાય.

(૧) પોતાનું દેવસુખ છીનવાઈ જાય. (૨) ભવિષ્યમાં - મોત બાદના - પાપોદય - જનિત ભયાનક દુઃખથી ઘેરાઈ જવાય.

ટૂંકમાં, સુખનો વિયોગ થાય : દુઃખનો સંયોગ થાય. ઉત્તરોત્તર આ બે બાબતો વધુ ખરાબ છે.

સુખવિયોગ હજી ચાલે પણ દુઃખસંયોગ તો બિલકુલ ન ચાલે.

દેવદેહને છોડતાંની સાથે જીવને ગર્ભાવાસાદિના દારૂણ દુઃખમાં તરત જ પટકાઈ જવાનું દુઃખ ત્રાટકે છે. આ કલ્પનાથી જ તે ભયાનક રૂદન વગેરે કરવા લાગે છે. આ વાત હવે ગ્રન્થકારશ્રી આપણને જણાવે છે.

* * *

**तं सुरविमाणविभवं चिंतिय चवणं च देवलोगाओ ।**
**अइबलियं चिय जं न वि फुट्टइ सयसक्करं हिययं ॥ २८६ ॥**

**અર્થ :** દેવવિમાનના વૈભવના થઈ રહેલા ત્યાગને અને દેવલોકમાંથી થતાં

ચ્યવનના દુઃખને એક સાથે દેવ જુએ છે છતાં તે ચિંતનના કાતીલ આઘાતથી તેનું હૃદય સેંકડો ટુકડામાં ફાટી જતું નથી એ વાત સાબિત કરે છે કે તે દેવનું હૃદય વજ્રનું બનેલું હોય છે.

**વિવેચન :** જબરદસ્ત પુણ્યોદયના દેવલોકના કાળમાં દેવો જો સાવધાન રહે : ભોગસુખોના ભોક્તા ન બનીને દૃષ્ટા બનીને રહે તો આખી વાત સુંદર હતી. પણ જો દેવ તે ભોગસુખોમાં ગળાબૂડ લીન બની જાય તો તેનું ધર્મજનિત બધું પુણ્ય સાફ થઈ જાય. માસક્ષમણ, વિહાર, ઘોર તપ, ઉપસર્ગો સહવા વગેરે દ્વારા પ્રાપ્ત કરેલું ધરખમ પુણ્ય ભોગસુખો ભોગવવા દ્વારા ખતમ. હવે આ દેવાળીઆ જીવનું ભાવિ કેવું ?

અતિ દુઃખોથી ભરેલું.

આ વાતનું એને ત્યારે ભાન આવે જ્યારે તેનું દેવાયુ માત્ર છ માસનું બાકી રહ્યાથી ગળાની સદાબહાર માળા કરમાવવા લાગે.

આના દ્વારા તેની અલ્પાયુષ્કતાનો સંકેત મળે. આમ થતાં જ એકાએક સાવધાન બની જઈને પોતાનો ભાવિ ભવ જુએ.

એ તદ્દન સહજ છે કે પુણ્યનો હારી ગયેલો અને પાપોનો ભરેલો જીવ કાંઈ સારો ભવ તો ન જ પામે. એને ભૂંડ, કૂતરાદિકના ભવ મળે કે મનુષ્યગતિમાં ભીલ, વાઘરી, ભંગી વગેરેના ભવ મળે.

આ જોઈને જ તે દેવ અતિશય કરુણ સ્વરે મોટેથી - ખૂબ મોટેથી - રડવા લાગે. એની વહાલી દેવીને ભેટી પડે. એને પૂછે કે "શું તું અહીં રહીને દેવલોકની મોજ માણીશ ? મારા વિના તને ગમશે ? તું રહી શકીશ ?"

બિચારી, એની પ્રિયતમા દેવી ! શું જવાબ દે. તે ય વિરહની બિહામણી કલ્પનાથી ધ્રૂજતી હોય.

દેવલોકના બધા ય સુખો તેના વિયોગની કલ્પનામાત્રથી જો હચમચી ઊઠે તો તેનો વિયોગ તો જીવની હાલત કેટલી બધી ખરાબ કરી દે !

એવા વખતે સેંકડો દેવ-દેવીઓ ઓલા દેવ-દેવીના કરુણ કલ્પાન્તને જોતાં ટોળે વળીને ત્યાં ઊભા રહે. વજ્ર જેવી છાતી હોય તો જ તે દૃશ્ય જોઈ શકાય, નહિ તો જોનારાની પણ છાતી ફાટી જાય.

સુખવિયોગ અને દુઃખસંયોગ વારંવાર થવાથી જીવ ખૂબ થાકી જતો હોય

છે. હિંમત હારી જતો હોય છે.

યમરાજની એક ફૂંકે જો ૬૦-૭૦ વર્ષમાં કાળાં કામો કરીને ઊભો કરેલો સંસાર ખતમ થઈ જતો હોય તો તેનું સર્જન કરવામાં કેટલી બધી મૂર્ખતા કહેવાય !

બાબલાએ ઊભો કરેલો બાવન પત્તાનો મહેલ જો મમ્મીના પગની એક જ લાતે કડડભૂસ થતો હોય તો તેને ઊભો કરનારો બાબલો તદ્દન નાદાન જ ન કહેવાય ?

આ બહુ સાદું ગણિત છે. કાશ ! મોટા શિક્ષિતો પણ આ ગણિતને સમજી શકતા નથી !

પુણ્યોદય એ નશો છે. એના નશામાં રહેનારને એના કટુ પરિણામોનું ભાન રહેતું નથી. એટલે એ બેફામ રીતે જીવે છે. હાય ! નશો ઊતર્યા પછી ભાન આવે તે શા કામનું ? પછી તો નશો કર્યાની મારપીટ થવા સિવાય કશું જોવા ન મળે.

એક ઘરમાં પત્ની હેડમ્બા જેવી હતી. વાતે વાતે વિફરી જાય. ધણી કંટાળી ગયો હતો. બે-ચાર મિત્રોને ઘરે ચા-પાણી માટે ય બોલાવી ન શકે, કેમકે તેમાં તેના ઘરની દશા ઉઘાડી પડી જાય.

એક વાર દોસ્તોએ સામે ચડીને મહેમાનગીરી માંગી. જીદે ચડ્યા. ભાઈએ ભોજનનું આમન્ત્રણ આપ્યું.

ઘરે આવીને પત્નીને વાત કરી. રસોઈ બનાવવા સમજાવી. માંડ સમજી પણ એક શરત કરી કે "પચાસ આજ્ઞાઓ - મૂંગી રહીને - માનીશ. એકાવનમી આજ્ઞાએ પૂરી વિફરી જઈશ."

પતિને થયું કે, 'પચાસ આજ્ઞા તો મારે ક્યાં કરવાની આવે ? એટલામાં તો ભોજન કરીને મિત્રો વિદાય થઈ જશે; અને આબરૂ બચી જશે.'

ભોજનનો દિવસ આવ્યો. ઓલી બૈરી તો પાટલા ય ન માંડે, થાળી ન ગોઠવે, વાટકા ન મૂકે, પાણી ન મૂકે... આથી પ્રત્યેક વાતની ધણીએ આજ્ઞા કરવાનું શરૂ કર્યું.

ભોજન શરૂ થતાં ચાલીસ આજ્ઞાઓ તો થઈ ગઈ. હવે જેવી બીજી દસ આજ્ઞા પૂરી થઈ... "શીખંડ લાવ, કઢી લાવ વગેરે" ત્યાં પત્ની જોરથી તાડૂકી ઊઠી. તેણે રાડો પાડતાં કહ્યું, "શું આ તે કાંઈ હોટેલ છે કે બધાને જમાડવા બેસાડ્યા છે ? અલ્યા મહેમાનો ! તમારે ઘરે તમારું બૈરું તમને ખવડાવતું નથી ? કે અહીં

હાલ્યા આવ્યા છો ? ઊઠો, બેશરમ લોકો... ચાલી જાઓ, મારા ઘરમાંથી.''

આમ બોલીને લાકડી ઉઠાવીને મારવા દોડી. મહેમાનો અવાક્ થઈને બધું અધૂરું પડતું મૂકીને ભાગી ગયા !

પતિ લમણે હાથ ઘસતો, સૂનમૂન બેસી રહ્યો. એના યશના બારે વહાણ ડૂબી ગયા હતા !

વઢકણી વહુ જેવું પુણ્ય. એકાએક ક્યારે અસ્ત પામી જાય : વિફરી જાય તે કહી શકાય નહિ.

પુણ્યના નશામાં એ ભાન રહેતું નથી કે ક્યારે દુઃખનો સમય આવી પડશે !

એકાએક દુઃખ ત્રાટકતાં જીવ બેબાકળો બની જાય છે.

ગ્રન્થકારશ્રી કહે છે કે સામાન્ય રીતે સહુ માનતા હોય છે કે સ્વર્ગ એટલે સુખ, સુખ અને બસ સુખ... પણ ના, ત્યાં જીવતાં જે બે દુઃખ છે અને મરતાં જે એક દુઃખ છે એ તો માનવોને પણ દુર્લભ છે.

સ્વર્ગમાં દેવોને ભોગવાસના સદા અતૃપ્ત રહે છે. આ અતૃપ્તિનો ત્રાસ એને પુષ્કળ હોય છે. જેને પોતાનાથી વધુ મળ્યું છે - સંપત્તિ, સ્ત્રી વગેરે - તેની કાતીલ ઈર્ષ્યામાં દેવો બળી બળીને રાખ થઈ જતાં હોય છે.

મનુષ્યલોકમાં તો એ સુખ છે કે જ્યાં ઈર્ષ્યા થતી હોય તે સ્થળ (મકાન, દુકાન વગેરે) છોડીને અન્યત્ર જતા રહેવાય; જેથી પ્રતિસ્પર્ધીને જોવાનું ટળે : ઈર્ષ્યા ન થાય. અરે, ૧૦-૨૦ ગ્રામ ઝેર ખાઈને મરી પણ શકાય. દેવને તો આમાંનું એકે ય નથી. ન તો એ ભવનને છોડી શકે, ઝેર ખાઈ લે તો ય ન તો એ આયુષ્ય પૂર્ણ થયા વિના મરી શકે.

મરણ વખતનું દેવ-દુઃખ હમણાં જ જણાવ્યું; સુખનો થઈ રહેલો વિયોગ. (અને આવી રહેલો દુઃખનો સંયોગ). એમાં ય જો એને પોતાની ભાવી ગતિ ભૂંડની કે ભીલ તરીકેની જિંદગી દેખાય એટલે તો શું બાકી રહે ! તળાવ ભરાઈ જાય તેટલા આંસુ સારે તો ય કશું વળે નહિ.

આ વાત હવે ગ્રન્થકારશ્રી ખુદ જણાવે છે.

* * *

**इसाविसायमयकोहमाणमायालोभेहिं एवमाइहिं ।**
**देवा वि समभिभूया तेसिं कत्तो सुहं नाम ॥ २८७॥**

**અર્થ :** ઈર્ષ્યા, ઉદ્વેગ, ક્રોધાદિ ચાર વગેરે દોષોના ફટકાથી ધોબી–પછડાટ પામતાં દેવોને સુખ તો ક્યાંથી હોય !

**વિવેચન :** પુણ્યનો ઉદય થાય એટલે સુખ મળે પણ ગુણો ન મળે. ગુણો તો પુણ્યનો અનુબંધ પડે તો મળે. પુણ્યના અનુબંધને બદલે જો પાપાનુબંધ જાગ્રત થયો હોય તો જીવમાં અનેક દોષો – ક્રોધાદિ – ઉત્પન્ન થાય.

પુણ્યના ઉદયથી સુખ.

પાપના અનુબંધથી દોષ.

સુખ + દોષ = જીવનમાં હાહાકાર.

સુખ બિચારું, ક્રોધાદિ દોષોને લીધે, વાસનાની પ્રચંડ તીવ્રતાને લીધે સાફ થઈ જાય.

કરોડપતિ ક્રોધી હોય, બ્રહ્મદત્તની જેમ.

કરોડપતિ કંજૂસ હોય, મમ્મણની જેમ.

હવે સુખ ક્યાંથી હોય !

એટલે જ સુખ દેતાં પુણ્યકર્મનો બંધ કરતી વખતે ગુણો દેતાં પુણ્યના અનુબંધને પણ સાધી લેવો જોઈએ.

સુખ + ગુણો = શાલિભદ્ર.

સુખ + સર્વવિરતિ = જંબૂસ્વામી.

આ સ્થિતિમાં દેખીતાં દુઃખોની વચ્ચે પણ અપૂર્વ આનંદની અનુભૂતિ હોય, આત્મરમણતા હોય.

ભડભડતી આગમાં જ તપીને શુદ્ધ થતાં સુવર્ણ જેવો એમનો આત્મા હોય, જેમને દુઃખદ ક્ષણોમાં કર્મક્ષયનો અત્યન્ત આનંદ થતો હોય.

કૅન્સર વગેરેનું જેમ દુઃખ હોય છે તેમ તેનાથી ઘણું તીક્ષ્ણ દુઃખ દોષોનું - ક્રોધ, કામ, સ્વાર્થ, અહંકાર, ઈર્ષ્યાદિનું - હોય છે. આથી જ આત્માએ દુઃખની ઝાઝી ચિંતા નહિ કરતાં જાગી પડતાં દોષોની ચિંતા કરવા જેવી છે.

આંખે મરચાંનો કણ પડવાથી દુઃખ પેદા થાય છે પણ વિકારનો કણ પડવા રૂપે દોષ ઉત્પન્ન થાય છે. જીવને મરચાના કણ કરતાં વિકારનો કણ અસહ્ય લાગવો જોઈએ. બેચેન કરી દેનારો થવો જોઈએ.

ગરીબોના ભૂખમરાદિકના દુઃખ કરતાં શ્રીમંતોના કામ–ક્રોધાદિના દોષોના દુઃખ અત્યન્ત કાતીલ હોય છે.

દેખાવમાં સુખી તે લોકો દોષોના જાગરણથી ભીતરમાં અત્યન્ત દુઃખી હોય છે. જો પુણ્યના પાસા પોબાર પડે તો બાહ્ય સુખની સામગ્રી તેમને મળે અને ટકે, પણ જો તેમાં પંક્ચર પડે તો બાહ્ય સુખ પણ પેટ્રોલની ટાંકીની જેમ ધડાકાબંધ સળગી ઊઠે.

પછી તો તે :

દેવું થવાથી દુઃખી.

કામાદિ દોષોના જાગરણથી દુઃખી.

ઈષ્ટ વસ્તુઓ નહિ મળવાથી દુઃખી.

પ્રતિસ્પર્ધીના સુખે પણ દુઃખી.

આથી જ છાતી ઠોકીને કહેવું જોઈએ કે સુખ નથી સ્વર્ગમાં કે મનુષ્યલોકમાં. તે છે માત્ર મોક્ષમાં... મોક્ષ થવા સિવાય : સિદ્ધશિલાની ઉપર પહોંચી ગયા સિવાય ચૌદ રાજલોકમાં ક્યાંય સુખનો લવલેશ પણ નથી.

* * *

**धम्मं पि नाम नाउणं कीस पुरिसा सहंति पुरिसाणं ।**
**सामित्ते साहीणे को नाम करिज्ज दासत्तं ? ॥ २८८ ॥**

**અર્થ :** જો જગતમાં ધર્મ જેવી કોઈ વસ્તુ વિદ્યમાન છે એવી ખબર હોય તો શા માટે તે પુરુષોએ પોતાને આધીન સ્વામિત્વ છોડીને કોકની ગુલામી કરવી જોઈએ ?

**વિવેચન :** ધર્મનું શરણ લેવાથી એવું વિશિષ્ટ પુણ્ય બંધાય છે કે તે આત્મા અનેક રીતે ઊંચી સ્થિતિને પામે છે. એ અનેક નોકરોનો શેઠ બને છે. આ સ્થિતિ જગતમાં વિદ્યમાન હોવા છતાં ધર્મનું શરણ ન લેવું, પુણ્ય ન બાંધવું અને પછી પાપોદયે કોકના દાસ બનવું એ કેટલું બધું હાસ્યાસ્પદ ગણાય ?

ગ્રન્થકારશ્રી કહે છે કે જે શેઠ બને છે તેના દેહની જે સ્થિતિ છે તેવી ને તેવી દેહસ્થિતિ જે નોકર બને છે તેની પણ છે. આમ બન્ને સમાન છે છતાં એક શેઠ અને બીજો નોકર એવો ભેદ શા માટે પડવો જોઈએ ?

ધર્મ કરીને જે શેઠ બનશે તે કહેવાતા - દેખાતા - પોતાના નોકરની સાથે એકદમ સભ્ય વ્યવહાર કરશે. અસમાનતાનો હલકો વ્યવહાર કદાપિ નહિ કરે.

જો એ શેઠ કેરી ખાશે તો નોકરને ય કેરી ખવડાવશે, જો તે ફરવા જશે તો નોકરને ય સહકુટુંબ ફરવા મોકલશે. પોતાની સાથે નોકરના ય કપડાં નવા બનાવડાવશે.

પ્રસંગતઃ એક વાત કરું કે ધર્મ કરનાર આત્મા દુનિયાનો હલકો દાસ તો બનતો જ નથી પરંતુ તે પરમાત્માનો દાસ બને છે. આ દાસપણાની એને જે મસ્તી હોય છે તે મસ્તી દુનિયાના ભોગપદાર્થોના સ્વામીમાં ય હોતી નથી.

જેલમાં સો હંટરોનો રોજ માર ખાતાં શ્રેણિકે કોણિકને આ જ વાત કરી હતી કે, "હંટરથી મને મારતાં મારતાં વારંવાર તારા બાવડાં દુઃખી આવે છે અને મારા બરડે ફટકા પડતાં લોહીની ધાર વહી જાય છે છતાં હું હસું છું : પ્રસન્ન છું, કેમકે મારી તાકાત અનોખી છે.

ગમે તેમ તો ય તું મગધની નાનકડી ધરતીનો માલિક. તારી કેટલી તાકાત ? અને હું...

હું ત્રણ લોકના નાથ, દેવાધિદેવ, પરમાત્મા મહાવીરદેવનો દાસ. મારી શક્તિ અસીમ હોય તેમાં શી નવાઈ !"

પ્રભુના ભક્તને ધનના સ્વામિત્વ કરતાં પ્રભુનું દાસત્વ ખૂબ ગમે. એ ખાતર તે બધા સ્વામિત્વોને ઠુકરાવી દે.

રાજા કુમારપાળ કરતાં મન્ત્રી વાગ્ભટ્ટના મુખ ઉપર સદાબહાર મસ્તી રહેતી. તે કહેતા કે, "ગૂર્જરેશ્વર કુમારપાળ એટલે શું ? નાનકડાં પાંચ ગામોની ઠકુરાઈ કરતાં ત્રિભુવનપાળના દીકરા ! અને હું અઢાર દેશના માલિક ગૂર્જરેશ્વર કુમારપાળનો દીકરો (સેવક !). મારા મોં ઉપર આની મસ્તી હોય તેમાં નવાઈ શી છે ?

ધનપાળ કવિ કહેતા કે મને સિદ્ધશિલામાં જઈને સિદ્ધ ભગવાન થવામાં એટલા માટે રસ નથી પડતો કે ત્યાં પ્રભુના દાસત્વનો આનંદ છીનવાઈ જાય છે ! પ્રભુનો દાસ ચામર લઈને પ્રભુ પાસે નાચે, કાલીઘેલી ભાષામાં પ્રભુ સાથે વાતો કરે, પ્રભુ ઉપર પુષ્કળ રાગ કરે... આ બધું સિદ્ધ ભગવાન થયા પછી સફાચટ થઈ જાય.

આ રહ્યો, ઋષભપંચાશિકાનો ધનપાળનો શ્લોક :

**होही मोहुच्छेओ तुह सेवाए धुवत्ति नंदामि ।**
**जं पुण तत्थ न वंदिअव्वो तेण झिज्झामि ॥**

સાર એ છે કે જેના-તેના દાસ બનવા કરતાં ધર્મનું સેવન કરીને અનેકોના સ્વામી બનવું એ જ સારી વાત છે.

* * *

**संसारचारए चारए व्व आवीलियस्स बंधेहिं ।**
**उव्विग्गो जस्स मणो सो किर आसन्नसिद्धिपहो ॥ २८९ ॥**

**आसन्नकालभवसिद्धिअस्स जीवस्स लक्खणं इणमो ।**
**विसयसुहेसु न रज्जइ सव्वत्थामेसु उज्जमइ ॥ २९० ॥**

**અર્થ :** કારાગૃહ જેવા સંસારના ચાર ગતિના ભ્રમણમાં કર્મના બંધનોથી પરેશાન થયેલા જે જીવનું મન ખિન્ન રહેતું હોય તે જીવ નજીકના ભવમાં મોક્ષ પામશે તેમ જાણવું.

એવા જીવનું લક્ષણ એ છે કે તેને વિષયસુખના ભોગવટામાં રસ ન હોય અને તે પૂરી તાકાતથી ધર્મ કરવામાં તત્પર હોય.

**વિવેચન :** અહીં ભરત ચક્રવર્તી યાદ આવી જાય છે. તેમને ચક્રવર્તીના ઉત્કૃષ્ટ ભોગસુખોમાં બિલકુલ રસ ન હતો. ઊલટું, તે ખિન્ન રહેતા હતા. પોતાને જાગ્રત રાખે તે માટે તેમણે ચોર્યાસી હજાર માણસોને નીમ્યા હતા, જે રોજ રાજસિંહાસન ઉપર આરૂઢ થવા માટે જઈ રહેલા ચક્રવર્તીને એક સાથે બોલીને જણાવતા હતા : ચેતવતા હતા કે, "હે ચક્રવર્તી મહારાજાધિરાજ ! તમે ભલે છ ખંડના સામ્રાજ્યને જીત્યા હોય પણ તમારી ચોટી મોહરાજના હાથમાં કસોકસ પકડાયેલી છે તે વાત ક્ષણ માટે ય ભૂલી જશો નહિ."

આ શબ્દો સાંભળતાં ભરત ઢીલાઘેંસ થઈ જતા. રત્નોથી જડિત સિંહાસન ઉપર બેસવામાં તેમને લેશ પણ રસ ન રહેતો. લમણે હાથ દઈને, ઉદાસ ચહેરે બેસતા : મનમાં વિચારતાં કે "મારું શું થશે ? હું કેવી કેવી દુર્ગતિઓમાં ટીચાઈશ !"

કોટિશિલા ઉપર પોતાનું નામ - ચક્રવર્તી રાજા ભરત - લખવા માટે ભરત ગયા. ત્યાં ક્યાંય નામ લખવા જેટલી જગા ન જડી. પૂર્વે થયેલા રાજાઓના નામથી સમસ્ત શિલા ખીચોખીચ ભરાયેલી હતી. એ પરિસ્થિતિ જોઈને ભરતની આંખેથી આંસુના બે બુંદ ટપકી પડ્યા. મનોમન બોલ્યા, "સાઠ હજાર વર્ષ સુધી યુદ્ધો ખેલીને, ધરાને રક્તરંજિત કરીને આખા વિશ્વના સ્વામી બનેલાને પોતાનું નામ લખવા જેટલી પણ જગા નથી ! હાય..."

કાકિણી રત્નથી કોક ભૂતપૂર્વ ચક્રવર્તીનું નામ ભરતે ભૂંસ્યું અને ત્યાં પોતાનું નામ લખ્યું. ફરી આંસુના બે બુંદ પડી ગયા. મન બોલી ગયું, "ઓ ભરત ! એક દિ' કોઈ રાજા તારું નામ પણ ભૂંસી નાંખશે !"

ભરતનું મન સંસારથી સદા વિરક્ત રહેતું. કવિઓએ ગાયું છે,

***મન હી મેં વિરાગી, ભરતજી મન હી મેં વિરાગી.***

વિરાગનો પારો જ્યાં ટોચને આંબી ગયો હોય ત્યાં તે જ ભવે - વગર દીક્ષાએ : વગર સાધુવેષે : વગર ગૃહત્યાગે – ઘરમાં ક્ષપકશ્રેણિની ધ્યાનની ધારા લાગી જાય, ઘાતીકર્મો ક્ષીણ થઈ જાય, વીતરાગ બની જવાય, સર્વજ્ઞ ભગવાન થઈ જવાય તેમાં શી નવાઈ !

નજીકના ભવોમાં વિરાગીને મોક્ષપ્રાપ્તિની ગ્રન્થકારશ્રીની વાત એમના મુખમાં જ રહી ગઈ. અહીં તો આ જ ભવમાં વીતરાગદશા પ્રગટ થઈ ગઈ.

વિરાગની ટોચને આંબી ગયેલા ગુણસાગર, પૃથ્વીચન્દ્ર, મરુદેવા વગેરે અંતરાત્માઓ આ જ રીતે પરમાત્મપદ પામી ગયા હતા ને !

આપણે તે પદ પામવું હોય તો તેમને અત્યન્ત ભાવભરી વંદનાઓ સતત અર્પતા રહેવી જોઈએ.

નિકટ મોક્ષગામી જીવના સૌથી મુખ્ય લક્ષણો બે છે : વૈરાગ્ય અને કરુણા.

જડમાત્ર પ્રત્યે તે વિરક્ત હોય.

જીવમાત્ર પ્રત્યે તે કરુણાર્ત્ત હોય.

આ બે ગુણો એકબીજાથી આગળ વધવાની સ્પર્ધાવાળા જોવા મળે તો સમજવું કે તે જીવ નિકટના કાળનો મોક્ષગામી છે.

થોડાંક દેખાડું, નિકટમુક્તિગામી જીવો.

કેટલાક વૈરાગ્યના દૃષ્ટાંતો આપું.

કબીરના મોં ઉપર સદા વૈરાગ્ય જોવા મળતો.

કાળઝાળ ગરીબીમાં સપડાયેલા તુકારામને સહાયક બનવા માટે શિવાજીએ રત્નો ભરેલો દાબડો મોકલ્યો હતો. તેને જોઈને ચીસ પાડી ઊઠેલો તુકારામ ગામની બહાર ભાગી ગયો હતો.

જંગલની વાટે ચાલતાં પતિ-પત્ની.

પત્ની આગળ હતી. તેણે સોનાની વીંટી પડેલી જોઈ. પતિ મોહાઈ ન પડે તે માટે બેસી જઈને તેની ઉપર ધૂળ ઢાંકી દીધી. પતિને કુતૂહલ થયું કે તેણીએ શું કર્યું ! એટલે ધૂળ દૂર કરીને સોનાની વીંટી દેખી. બૂમ પાડીને પત્નીને કહ્યું, "અલી, તેં ધૂળ ઉપર ધૂળ નાંખી !"

રૂપવંતી દેવીના કામણગારા કટાક્ષોની સામે વિમળે પ્રતિસાદ આપ્યો, "તારામાં મને મારી સગી બેન સિવાય બીજું કશું જણાતું નથી."

મિત્રે ભેટ મોકલેલી સુવર્ણસિદ્ધિના રસની બાટલીને આનંદઘનજીએ ધરતી ઉપર ઢોળી નાંખી.

રામકૃષ્ણે મરણ સમયે સ્વામી વિવેકાનંદને અષ્ટ મહાસિદ્ધિ લઈ લેવા જણાવ્યું. તેના ચમત્કારો જોઈને લાખો લોકો ભક્ત બની જશે.

વિવેકાનંદે કહ્યું, "જો તેનાથી મોક્ષ મળે તેમ ન હોય તો મારે મન આઠ કાંકરાથી તેમની કોઈ વધુ કિંમત નથી."

નિકટ મુક્તિગામી જીવોના થોડાક કરુણાના પ્રસંગો જણાવું.

પરમાત્મા મહાવીરદેવે કરુણાથી છલકાઈ જઈને અંગ ઉપરનું એકમેવ વસ્ત્ર યાચક બ્રાહ્મણને દઈ દીધું. સંગમદેવને આવી પડનારા દુઃખોની કલ્પનાથી ધ્રુજી ઊઠ્યા. આંખોમાં ઝળઝળીઆં આવી ગયા.

પોતાના માથે શ્રીફળ ફોડવાની માનતા કરેલી બાઈને માનતા પૂરી થતાં ધ્રાંગધ્રા–નરેશે તેની વાત જાણીને માથે શ્રીફળ વધેરાવ્યું.

લિંકને કાદવમાં ખૂંપી ગયેલા, તરફડતા ડુક્કરને બહાર કાઢવા માટે કાદવમાં ઊતરવાનું પસંદ કર્યું. એ જ ગંદા કપડે પાર્લામેન્ટમાં ગયા.

ઘોડાને પુષ્કળ મારતાં માલિકને જોઈને જર્મનીના મહાન તત્વચિંતક નિત્સે વચ્ચે કૂદી પડ્યા. પણ માલિકે માર ચાલુ રાખતાં નિત્સેના મગજ ઉપર એવો ફટકો લાગ્યો કે સદા માટે સર્વ સ્મૃતિ ગુમાવી : સાવ અવાચક બની ગયા !

પોતાના પ્રિયતમ રાગ કેદારાને ગીરવે મૂકીને નરસિંહ મહેતાએ મધરાતે આંગણે ધસી આવેલા બ્રાહ્મણને શાહુકાર પાસેથી બસો રૂપિયા અપાવ્યા.

માઘ કવિએ અબજો રૂપિયાની સંપત્તિ ગરીબોના દાનમાં ઉડાવી. જ્યારે એક ગરીબને કશું ન દઈ શક્યા ત્યારે તેના આઘાતથી પ્રાણ નીકળી ગયા.

પોતાનું સત્યાનાશ કાઢવા નીકળેલા ધર્માન્ધ હિન્દુઓને રાજા પાસેથી

છોડાવી મૂક્યા.

દયાનંદ સરસ્વતીએ ઝેર આપનાર રસોઈયાને ભક્તો મારી ન નાંખે તે માટે રૂપિયા આપીને ભગાડી મૂક્યો !

વૈરાગ્ય અને કરુણાના બે લક્ષણોમાં જે એક લક્ષણ ઉમેરવાને મન લલચાય છે, તે છે; દેવગુરુની ભક્તિ.

ગ્રન્થકારશ્રી કહે છે કે નિકટનો મોક્ષગામી જીવ પોતાનું બધું વીર્ય (ઉત્સાહ) ધર્મમાં ફોરવે.

આ વાત એકદમ યુક્તિસંગત છે. મોહનીયકર્મ અને વીર્યાન્તરાય કર્મનો હ્રાસ કર્યા વિના નિકટના કાળમાં મોક્ષપ્રાપ્તિ અસંભવિત છે. આ હ્રાસ કરવામાં વૈરાગ્ય, કરુણા અને ભક્તિ અત્યન્ત સહાયક છે.

ટૂંકમાં જેનો મોક્ષ નજીકમાં હોય તે કાં ઉત્તમ કક્ષાનો સદ્ગૃહસ્થ હોય અથવા સુસાધુ હોય.

ટૂંકમાં માનવજીવન પામીને આત્માએ ધર્મ (સર્વવિરતિ કે દેશવિરતિ) જ કરવો જોઈએ એવું ગ્રન્થકારશ્રીનું કથન છે. જે ધર્મ કરશે તે નિકટના કાળમાં મોક્ષગામી બનશે, બાકીના જીવો દુઃખમય સંસારમાં સતત ભ્રમણ કરતા રહેશે.

* * *

**हुज्ज व न देहबलं धिइमइसत्तेण जइ न उज्जमसि ।**
**अत्थिहिसि चिरं कालं बलं च कालं च ओसंतो ॥ २९१ ॥**

**लद्धिल्लियं च बोहिं अकरिंतोऽनागयं च पत्थिंतो ।**
**अन्नं दाइं बोहिं लब्भसि कयरेण मुल्लेण ॥ २९२ ॥**

**संघयणकालबलदुसमाइ रुयालंबणाइं घित्तुणं ।**
**सव्वं चिय नियम-धुरं निरुज्जमाओ पमुच्चंति ॥ २९३ ॥**

**અર્થ :** હે શિષ્ય ! તારી પાસે દેહનું બળ ન હોય, તેથી ધૃતિ, બુદ્ધિ અને સત્વશાલિતાથી તું ધર્મમાં ઉદ્યમ નહિ કરે, અને તારા દેહની નિર્બળતાને તથા કાળની વિષમતાને આગળ કર્યા કરીશ તો દીર્ઘકાળ સુધી તું શોકમગ્ન રહીશ કે હું ધર્મ હારી ગયો.

હે મૂર્ખ ! આ ભવે પ્રાપ્ત કરેલા જિનધર્મ(બોધિ)ને તું આચરે નહિ અને

ભાવીમાં તને જિનધર્મ પ્રાપ્ત થાય એવું ઈચ્છતો તું આગામી ભવમાં જિનધર્મ (બોધિ)ને પામીશ તો ય તેનું શું મૂલ્યાંકન કરી શકીશ !

પ્રમાદી માણસો એવું બોલતા હોય છે કે, "આ કાળમાં શી રીતે ધર્મ થાય ? કેમકે ધર્મને અનુકૂળ સંઘયણ-બળ ક્યાં છે ? કાળ પણ કેવો દુઃષમાકાળ છે ? શરીર પણ ક્યાં નિરોગી રહે છે ?"

પ્રમાદી માણસો આવા આલંબનો પકડીને બધી ધર્મ-નિયમોની ધુરાને છોડી દે છે.

**વિવેચન :** ગુજરાતીમાં કહેવત છે કે, "ભાઈને દોડવું હતું અને ઢાળ મળી ગયો."

જે જીવો ધર્મમાં ઉદ્યમ ઈચ્છતા નથી (તેની કઠોરતાને કારણે) તે જીવો દેશ-કાળાદિની વિષમતાઓને આગળ કરે.

જેને નિત્ય નવકારશી કરવી છે તે સાધુ નવકારશી કરનારા અન્ય સાધુઓને નજરમાં લે અને સહુને તેમની નબળાઈની વાત કરે. પોતાની નબળાઈને પ્રમાણભૂત ગણાવે. જો આ જીવ દીર્ઘકાળ સુધી આયંબિલનો તપ કરતાં સાધુઓને નજરમાં લે તો પોતે પણ તેવા સામર્થ્યને પામવા માટે પ્રયત્ન કરી શકત ખરો. પણ કઠોર ધર્મ આરાધવો જ ન હોય ત્યાં બીજી શી વાત થાય ?

બાકી વર્ત્તમાનકાળમાં પણ નબળા કાળ, સંઘયણાદિ હોવા છતાં ઘણા આત્માઓ ઘોર તપ આદિ ક્યાં નથી કરતા ? અપ્રમત્તપણે સાધુપણું ક્યાં નથી પાળતા ?

મુખ્ય વાત પોતાના અંતરના નબળા-સબળા અભિપ્રાયની છે. બહાના તો બધી વાતના મળી રહે.

વર્ત્તમાનકાળનું મુનિજીવન ભૂતકાળના સાધનામય મુનિજીવનની અપેક્ષાએ ખૂબ નબળું ગણાય. જો એને નજરમાં લવાય તો દીક્ષા નહિ લેવાનું ઓઠું પકડીને કોઈ ગૃહસ્થ દીક્ષા ન પણ લે.

આ બરોબર ન ગણાય. માણસે પ્રબળ આલંબનો નજરમાં લઈને ઉત્કૃષ્ટ ધર્મને આરાધવા માટે સદા સજ્જ રહેવું જોઈએ.

તે તે કાળનો જે સરેરાશ સારો ધર્મ હોય તેટલો પણ જો આરાધાય તો તે જરાય ખોટું ન કહેવાય. બાકી વર્ત્તમાનકાળમાં ધન્નાજી, સ્થૂલભદ્રજી કે ખંધક મુનિ વગેરેના સમકક્ષ સાધુ મળી શકવાના નથી. મયણા કે શ્રીપાળ જેવા ધર્મી ગૃહસ્થો પણ મળી શકવાના નથી.

* * *

**कालस्स य परिहाणी संजमजोगाइं नत्थि खेत्ताइं ।**
**जयणाए वट्टियव्वं न हु जयणा भंजए अंगं ॥ २९४ ॥**

**અર્થ :** કાળ ઉત્તરોત્તર ક્ષીણ થતો જાય છે અને સંયમના યોગોને સુપેરે આરાધી શકાય તેવા ક્ષેત્રો મળતા નથી. હવે આ સ્થિતિમાં શી રીતે સંયમાદિ ધર્મોને આરાધી શકાય ?

ગ્રન્થકારશ્રી જવાબ આપે છે કે, "આ બચાવ બરોબર નથી. યતનાથી વર્તવું જોઈએ. જો તેમ થાય તો સંયમધર્મનો અંગભંગ ન થાય."

**વિવેચન :** કાળચક્રના બે ભાગ : ઉત્સર્પિણી અને અવસર્પિણી.

તેમાં અવસર્પિણી કાળ નબળો ગણાય.

તેમાં વર્તમાન અવસર્પિણી કાળને તો હૂંડા (એટલે ભૂંડા) અવસર્પિણી કાળ કહ્યો છે. અનંતી અવસર્પિણી થાય પછી આવી ધર્મ સાધવા માટે એકદમ ખરાબ અવસર્પિણી આવે. આવી અવસર્પિણીમાં વળી ખરાબ એવો આ પાંચમો આરો ચાલે છે. એમાં વળી આ અવસર્પિણી કાળમાં પરમાત્મા મહાવીરદેવના નિર્વાણથી ૨,૫૦૦ વર્ષ ભસ્મગ્રહનો કાળ ચાલ્યો, જેમાં ધર્મ ભસ્મતુલ્ય બની જાય.

જો કે ભસ્મગ્રહના ૨,૫૦૦ (૨,૦૦૦ + વક્રીના ૧/૪ = ૫૦૦ વર્ષ) વર્ષ તો ૨૫ વર્ષ પૂર્વે પૂરા થયા છે. એવું લાગે કે આવનારા પ્રકાશ પૂર્વેનો આ અંધકાર હોય. અથવા ધર્મનાશના લીધે ધર્મપ્રેમી લોકોના હૈયે ચાલુ થયેલો વિષાદયોગ એ અભ્યુદયકાળનું પ્રથમ ચરણ ગણાતું હોય અને તે ચાલુ થઈ ગયું હોય.

ના, કાંઈ નક્કી કહી શકાય તેમ નથી. અભ્યુદયકાળ આવે, યુગપ્રધાનો પેદા થાય તો ય અંતે તો પતનકાળ આવશે જ. એ રીતે Up અને Down થતાં થતાં ૨૧ હજાર વર્ષ ધર્મ માટે ખૂબ ખરાબ સ્થિતિમાં જ પૂરા થશે.

ઊંડાણથી વિચારાય તો આ કાળ અતિ અતિ વિષમ છે. પ્રશ્ન ઊભો કરનારની વાત તદ્દન સાચી છે કે આવા કાળમાં ધર્મ શી રીતે આરાધવો ?

અત્યારે તો દેશ, વેષ, ભાષા, ચિંતનશૈલી, આદર્શો, લક્ષ્યો, વ્યવહારો - બધુંય - વટલાઈને પરિવર્તન પામી ગયું છે.

મૂલ્યો તૂટ્યાં છે.

મર્યાદાઓ તૂટી છે.

માળખું તૂટ્યું છે.

વ્યવસ્થા (સિસ્ટમ) તૂટી પડી છે.

આથી બે ય પ્રકારના ધર્મો - શ્રાવકધર્મ અને સાધુધર્મ - અસ્તિત્વનો જંગ ખેલતા હોય : ઑક્સિજન ઉપર જીવતાં હોય : છેલ્લાં ડચકાં લેતાં હોય તેમ લાગે છે.

હિતૈષીઓ હતાશ છે.

ચિંતકો લમણે હાથ દઈને બેઠા છે.

પ્રયત્નો નિષ્ફળ ગયા છે.

મલિન દેવ-દેવતાઓના પ્રચંડ આક્રમણના સપાટામાં આ બધી સ્થિતિ પેદા થઈ લાગે છે.

જો તેમ ન હોત તો ભલભલા આચાર્યોએ યાદવીની હોળી પ્રગટાવી ન હોત.

સાધુઓ (ભલે પાંચ ટકા) દુરાચારનો શિકાર બન્યા ન હોત. તેમનામાં ગંભીર શિથિલતાઓની આગ પ્રજ્વલિત થઈ ન હોત.

રાજકારણમાં ભ્રષ્ટાચાર ન હોત.

પ્રજામાં વ્યભિચાર અને માંસાહાર ન હોત.

જોરદાર વેગવાળો નાસ્તિકતાનો સપાટો બોલાયો ન હોત.

અધર્મનો જયજયકાર દેખાય છે.

ધર્મનો ઘોર પરાજય દેખાય છે.

હા... કેમકે કાળ અને ક્ષેત્ર ખૂબ બગડેલા છે. બિચારા માટીપગા માણસના કેટલા ટકા !

આટલી બધી અઘોર હતાશામાં પણ ગ્રન્થકાર આશાનું તેજકિરણ ચમકાવે છે. તે કહે છે કે, આવી વાતો કરીને નિરાશ કે નિષ્ક્રિય ન થાઓ. શિથિલ ન બની જાઓ. આટલી બધી વિષમતાના અંધકારમાં પણ જુઓ પેલો જોરદાર તેજલીસોટો દેખાય, જેનું નામ છે; યતના : પ્રયત્ન કરવો.

ગ્રન્થકારશ્રીએ અહીં જયણાથી ધર્મ કરવાનું કહ્યું. જયણા એટલે યતના. યતના એટલે યત્ન કરવો તે.

દરેક વાતે યત્ન કરવો એમ ગ્રન્થકારશ્રી કહે છે. જો ધર્મમાં યત્ન કરાય તો ય આ અતિ વિષમ દેશ-કાળમાં ઘણું.

એ સહુ જાણે છે કે ચંડોળ પંખી આકાશને કદી આંબી શકવાનું નથી પણ ખામોશ ! સૂર્યોદય થતાંની સાથે એ ઊંચા કૂદકા તો મારે છે ને ! એ પ્રયત્ન તો કરે છે ને ! બસ... આ જ મોટી વાત કહેવાય.

બંગલાદેશની ક્રિકેટ ટીમ ઓસ્ટ્રેલિયાની વિશ્વવિજેતા ટીમ સામે રમવા અને જીતવા માટે જો-યત્ન (યતના) કરે તો તે જ કેટલી મોટી તેણે બાથ ભીડી કહેવાય !

વિશ્વની મહાનદી મીસીસીપી-મસુરી સાગરને પોતાના નીરમાં સમાવી દેવાના દૃઢ નિર્ધાર સાથે સાગર સામે કેવી ત્રાટકે છે ! સહુ જાણે છે કે અંતે એ બાથંબાથીમાં સાગર આરામથી જીત મેળવવાનો છે પણ તેથી કાંઈ મહાનદીનો હુરીઓ ન બોલાવાય. બલ્કે, તેણે જે બાથ ભીડી તેનો યશ જ અપાય.

અત્યારના અત્યન્ત વિષમકાળમાં ધર્મ કરવો લગભગ અશક્ય બાબત ગણાય. આવા સમયે કોઈ આત્મા નાનકડો પણ ધર્મ કરવાનો યત્ન કરે તો તે બહુ મોટી ઘટના કહેવાય.

આ વાત પૂજ્ય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે વીતરાગ સ્તોત્રમાં સ્વીકારીને કહ્યું છે કે, "આ કારણોસર જ સુષમા–કાળમાં કરેલો ધર્મ જો દુષમાકાળમાં કરાય તો તેનું ફળ વધુ મળે."

દીવાના તેજની કિંમત પ્રકાશ કરતાં અંધકારમાં વધુ જણાય ને ?

ફળદ્રુપ ભૂમિના કલ્પતરુ કરતાં મારવાડની વેરાન ભૂમિમાં ઊગતા કલ્પતરુની કિંમત વિશેષ જ હોય ને ?

ધર્મમાં કેવી રીતે યત્ન કરવો ? તેના થોડાક દૃષ્ટાન્ત આપું.

પાંચ તિથિ આયંબિલ ન થાય તો રોજ છૂટી નવકારશી કરવામાં બેસી ન જવાય. એકાસણું કરવાનો તો યત્ન કરવો જ જોઈએ.

તાવ આવતાં ઊભા પ્રતિક્રમણ ન થાય તો ય અમુક વિશિષ્ટ સ્થાનો - પાપપ્રતિક્રમણ, ગુરુવંદન વગેરે- વખતે તો ઊભા થવાનો યત્ન કરવો જ જોઈએ.

તપ ન થાય તેણે ત્યાગ કરવાનો, ઘણી ગાથા ન ગોખાય તેણે ગાથા ગોખવામાં ઉદ્યમ કરવાનો, વડીલોની ભક્તિ ન થાય તો માનસિક રીતે બહુમાન રાખવાનો યત્ન તો કરવો જ જોઈએ.

ડોળીમાં તીર્થયાત્રા થાય પણ તેમાં વચ્ચે વચ્ચે થોડુંક ચાલવાનો યત્ન તો કરવો જ જોઈએ.

આ રીતને ધર્મ પ્રત્યેનો સાપેક્ષભાવ કહેવાય.

જ્યારે મનની એવી દૃઢ માન્યતા હોય કે, 'ધર્મ પૂરેપૂરો - યથાર્થ રીતે જ કરવો જોઈએ પણ મારાથી તેમ થઈ શકતું નથી' ત્યારે આ સાપેક્ષભાવ જાગ્રત થાય અને યથાશક્તિ યત્ન કરાય.

વર્તમાન વિષમ કાળમાં પણ આવો યતના–ધર્મ (પ્રયત્ન–ધર્મ) તો અવશ્ય થઈ શકે છે. ગીતાર્થ જ્ઞાની પુરુષોને આ વાતની ખબર હોય છે એટલે તેમની પાસે ગંભીર ભૂલોનું આલોચન કરતાં સાધુ તરફ તેમને તિરસ્કાર થતો નથી. તેનો શુદ્ધ આલોચનાનો યથાર્થ યત્ન જ તેમની નજરમાં રહે છે. એથી જ મોટી ભૂલ કરવા છતાં આલોચનામાં શુદ્ધ યત્ન બદલ તે સાધુની તેઓ પીઠ થાબડે છે. ધન્યવાદ આપે છે. એટલું જ નહિ પણ જરૂર લાગે તો તેને 'મહાત્મા' કહીને નવાજે પણ છે.

ધર્મ પ્રત્યે સાપેક્ષભાવ હોય એ પણ બહુ સારી વાત કહેવાય તેમ ગ્રન્થકારશ્રીએ જણાવ્યું. અન્યત્ર તો જણાવ્યું છે કે ધર્મ ન કરવા છતાં જો પોતાનાથી સેવાતા અધર્મનો પુષ્કળ ડંખ રહેતો હોય તો અધર્મનો અનુબંધ તો ન જ પડે પણ ધર્મનો અનુબંધ પડે. 'ડંખ' એ બહુ મોટો ધર્મ છે. પાપકરણ અને ડંખ બે ભેગા થાય ત્યારે ધર્મનો અનુબંધ પડે, અથવા એમ કહી શકાય કે અધર્મ સેવવા છતાં અધર્મનો અનુબંધ ન જ પડે.

પાપના ડંખ (ખટકો) જેવો કોઈ ધર્મ નથી.

ગ્રન્થકારશ્રી કહે છે કે વિષમ દેશ-કાળનું ઓઠું લઈને ધર્મનું અકરણ બરોબર નથી. શક્તિ ફોરવીને ધર્મ કરવા માટે યતના (યત્ન) તો કરવો જ જોઈએ. આની સાથે આ વાત પણ જોડી શકાય કે વિષમ દેશ–કાળને લીધે મોટા પણ અધર્મો સેવાઈ જાય ત્યારે ય તેના ડંખ નામનો ધર્મ તો હોવો જ જોઈએ.

અધર્મની પ્રવૃત્તિ કરતાં અધર્મની પરિણતિ ભયંકર છે. જો ધર્મ–પરિણતિ (ડંખ) આવી જાય તો અધર્મની પ્રવૃત્તિમાં દુર્ગતિગમન કરાવવાની તાકાત તૂટી જાય.

વળી દેશ-કાળ ગમે તેટલા વિષમ હોય તો ય ભલે કદાચ ધર્મ કરી ન શકાય પણ ધર્મ કરાવી તો શકાય ને ? કદાચ ધર્મ કરાવી પણ ન શકાય તો ય સર્વ ધર્મોની અનુમોદના તો કરી શકાય ને ?

ક્યારેક તો ધર્મકારક કરતાં ધર્મ-અનુમોદક વધુ શુદ્ધિ અને પુણ્ય હાંસલ

કરી લે, જો તેના અનુમોદનાના અધ્યવસાયો વધુ જોરદાર હોય તો.

શું વિષમ બની ગયેલા દેશકાળમાં મહાવિદેહાદિના ધર્મોની અનુમોદના પણ શકય નથી ? અરે, અનુમોદના તો ઢગલાબંધ થઈ શકે છે. એ રીતે દેશ-કાળની પ્રતિકૂળતાને લીધે અધર્મો ભલે સેવાઈ જતાં હોય પણ તેમના પ્રત્યે ધિક્કારનો ધર્મ તો થોકબંધ સેવી શકાય છે. આ કોઈ ઓછો ધર્મ ન કહેવાય.

* * *

**१ २ ३ ४ ५ ६ ७**
**समिइ-कसाय-गारव-इंदिय-मय-बंभवेर-गुत्तीसु ।**
**८ ९ १० ११**
**सज्झाय-विणय-तव-सत्तिओ अ जयणा सुविहियाणं ॥ २९५ ॥**

**અર્થ :** (૧) પાંચ સમિતિ (૨) ચાર કષાયો (૩) ત્રણ ગારવો (૪) પાંચ ઈન્દ્રિયો (૫) આઠ મદ (૬) નવ બ્રહ્મચર્યની વાડો (૭) ત્રણ ગુપ્તિઓ (૮) વાચનાદિક પાંચ પ્રકારનો સ્વાધ્યાય (૯) દસ પ્રકારનો વિનય, (૧૦) બાર પ્રકારનો તપ (૧૧) શક્તિનું અગોપન.

**વિવેચન :** આ દ્વારગાથા છે. અગિયાર બાબતોને અનુલક્ષીને ધર્મ-યતના કરવાની છે. તે અગિયાર બાબતોનો માત્ર નામનિર્દેશ આ ગાથામાં કરવામાં આવ્યો છે.

ટૂંકમાં ગ્રન્થકારશ્રી એ જણાવવા માંગે છે કે અગિયાર ધર્મોમાં યત્ન કરવો જોઈએ. તેમાં દેશ-કાળની વિષમતાને આગળ કરીને પ્રમાદ કરવો જોઈએ નહિ.

હવે આપણે અગિયાર ધર્મોમાંના પ્રત્યેક પેટાધર્મનું વિવરણ કરવા દ્વારા આગળ વધીએ.

* * *

### પહેલું દ્વાર : સમિતિ : ઈરિયાસમિતિ

**जुगमित्तंतरदिट्ठी पयं पयं चक्खुणा विसोहिंतो ।**
**अव्वक्खित्ताउत्तो इरियासमिओ मुणी होइ ॥ २९६ ॥**

**અર્થ :** યુગ (ગાડાનું પૈડું : લગભગ ચાર હાથ પ્રમાણ હોય) પ્રમાણ ક્ષેત્રમાં સાધુ દૃષ્ટિ રાખીને ચાલે. પગલે પગલે ચક્ષુ વડે ધરતીનું સારી રીતે નિરીક્ષણ કરતો, શબ્દાદિક વિષયોમાં ચિત્તને નહિ જવા દેતો : જીવનિરીક્ષણમાં જ ઓતપ્રોત એવો ઈર્યા (ગમનાગમન) સમિતિમાં સાધુ લીન હોય.

**વિવેચન :** અગિયાર ધર્મોમાં 'ઉપયોગ'ની સ્થિતિમાં રહેવાનું ગ્રન્થકાર જણાવશે. આ ઉપરથી એ વાત સમજી રાખવાની જરૂર છે કે સાધુ તે કહેવાય જે સંપૂર્ણપણે સ્વલક્ષી અન્તર્મુખ જીવન જીવતો હોય. એવું જીવન જીવવારૂપે જે પ્રભાવક હોય : પ્રભાવ મૂક રીતે સર્વત્ર ફેંકનારો હોય, અર્થાત્ તે 'પ્રચારક' ન હોય. હા, પ્રભાવક બન્યા પછી : પ્રભાવક બનવામાં તેણે શુદ્ધિની સાથે પુણ્યાઈને પેદા કરી હોય : તેમાં ય આદેયનામકર્મ એકદમ તૈયાર થઈને બેઠું (ઉદીયમાન) બની ગયું હોય તો જરૂર તે સાધુ તે પુણ્યાઈ દ્વારા જગતના જીવોને જિનશાસનયુક્ત બનાવી શકે. આમ કરવા જતાં તેનું અહિત થવાની કોઈ શકયતા રહેશે નહિ, કેમકે તેનું પરકલ્યાણકારી જે પુણ્ય છે તે શુદ્ધિથી યુક્ત છે.

શુદ્ધિથી તગડો પુણ્યાનુબંધ તૈયાર થાય.

પુણ્યાનુબંધયુક્ત પુણ્યકર્મના ઉદયમાં સ્વનું અહિત થવાની શક્યતા રહે નહિ. આ આત્મા તો સ્વનું એકાન્તે હિત કરે અને સાથે સાથે સર્વનું પણ હિત કરે.

હા... અગડંબગડં રીતે જે આત્મા પુણ્યવાન બની બેઠો હોય તે, તે પુણ્યના ઉદયથી પરનું આભાસિક હિત કરે પણ જાતનું તો દોષોદ્ભાવન થવા દ્વારા નિકંદન કાઢી નાંખે.

એટલે જ એકલો પુણ્યબંધ સ્વપરહિતકર નથી. એ માટે તો પુણ્યાનુબંધી એવો જ પુણ્યબંધ જરૂરી છે.

આથી જ પુણ્યાનુબંધ પણ તૈયાર કરવો જોઈએ. એ માટે માત્ર સ્વહિતલક્ષી સાધના કરીને પોતાની જાતને 'સેઈફ' બનાવવી જોઈએ.

જ્ઞાનસારમાં કહ્યું છે કે, "જે સ્વયં સુવ્યવસ્થિત બનેલો છે તે સાધુ જ સર્વને વ્યવસ્થિત કરી શકે છે.

જીવનમાં ક્યા ગુણો જોઈએ ? ક્યા ક્રમથી જીવવું ? પહેલાં શું અને પછી શું ? એવા તમામ પ્રશ્નોનો ઉત્તર અરિહંત પરમાત્મા મહાવીરદેવના જીવનમાંથી મળી જાય.

જડવૈરાગ્ય અને જીવકરુણા નામના બે ગુણો અત્યન્ત આવશ્યક છે.

સ્વહિત સાધ્યા પછી - મુખ્યપણે સાધતા રહીને પરહિતનો ક્રમ લેવો. પહેલું સ્વહિત; પછી પરહિત. સ્વહિત એ પોતે જ એવું સ્વરૂપ ધરાવે છે કે તેના અવિભાજ્ય અંગમાં પરહિતકરણ સમાઈ જાય છે. વાસ્તવિક રીતે સ્વહિત કરનારા આત્માને જીવરક્ષાદિક પરહિતકરણ થઈને રહે છે. તેના આત્મામાંથી છૂટતી ઊર્જા જેને સ્પર્શે તેના જીવનમાં પરિવર્તન થવાનું સામર્થ્ય ઉત્પન્ન થઈને રહે.

આમ સ્વહિતકારી આત્મા મૌનપણે પરહિત કર્યા કરે.

પ્રસ્તુત શ્લોકમાં અષ્ટ પ્રવચનમાતાદિનું પાલન કરવાનું જણાવ્યું છે. પણ ઉત્સવ, મહોત્સવ, ઉપધાન, ઉજમણાદિક પરહિતની પ્રવૃત્તિઓ છે તેનો કોઈ નિર્દેશ કર્યો નથી.

આ વાત સૂચવે છે કે પહેલું સ્વહિતકરણ પછી પરહિતકરણ. બેશક, ગીતાર્થ મહાત્માને જે તે વ્યક્તિ માટે જે ક્રમ યોગ્ય લાગે તે બરોબર. પણ સામાન્યતઃ મુખ્યતા સ્વહિતકરણની જ હોઈ શકે.

જે સાધુ પ્રસ્તુત શ્લોકમાં જણાવેલા અષ્ટપ્રવચનમાતા વગેરેનું પાલન ન કરે, ધરાર ઉપેક્ષા કરે તે સાધુ જો બાહ્ય-પરહિતની પ્રવૃત્તિઓ : ઉપધાન, ઊજમણું આદિ કરે તો તે યોગ્ય ન ગણાય.

જેના પગ ધરતી ઉપર (સ્વહિતમાં) જડાયા નથી તે પરહિત(આકાશ)માં ઉડે તે શી રીતે યોગ્ય કહેવાય ?

વર્તમાનમાં મુનિસંસ્થાના મુખ ઉપર તેજ જોવા મળતું નથી તેનું કારણ આ ક્રમભંગ લાગે છે.

વળી સ્વહિતકરણ ખૂબ અઘરું તો ખરું જ, એટલે તેમાં પલાંઠી મારીને બેસવું મુશ્કેલ જણાય. પરહિતકરણમાં એટલી બધી સરળતા છે કે ભલભલાને તે દુકાન ખોલી નાખવાનું મન થાય.

તેથી ...

સમય મોજમાં પસાર થાય.

લોકોમાં વાહવાહ થાય.

પોતે મહાન તરીકે પંકાય.

ભલા ! પરલોકમાં સુખ પામવાની ખાતરી ન હોય ત્યારે એ જીવો આ લોકનું સુખ મેળવી લેવા - અકબંધ કરી દેવા - લલચાય તે એકદમ શકય લાગે છે.

બાકી સાચું સાધુપણું તો અષ્ટપ્રવચનમાતાદિના કટ્ટર પાલનથી જ શરૂ થાય.

માષતુષાદિ મુનિઓ આટલા માત્રથી કૈવલ્ય પામી શકયા છે.

અફસોસ ! નીચે ઊતરી ગયેલા શ્રમણોનો આ બાબતમાં જીર્ણોદ્ધાર કરવાનું

કામ લગભગ અશક્ય થઈ પડ્યું હોય તેમ લાગે છે.

જલસાવાળું સાધુજીવન શાતાવેદનીય કર્મના ઉદયથી મળે.

સાચું સાધુપણું ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમથી મળે.

જેનાથી શારીરિકાદિ કોઈ દુઃખ સહન ન થાય તે નકલી સાધુ કહેવાય.

જેનાથી દોષોની ઉત્તેજના જરાય ન ખમાય તે સાચો સાધુ ગણાય.

પહેલાંનું લક્ષ સુખપ્રાપ્તિ હોય. બીજાનું લક્ષ ગુણપ્રાપ્તિ હોય.

પહેલો પુણ્યબંધ માટે યત્નશીલ હોય. બીજો પુણ્યાનુબંધ માટે પ્રયત્નશીલ હોય.

માનવતાના કામ કરનારા એક લાખ માણસો કરતાં જિનભક્તિનું કાર્ય કરતો એક માણસ પુણ્યમાં અને શુદ્ધિમાં ચડિયાતો છે. તેવા એક લાખ જિનભક્તો કરતાં કોઈ શ્રાવકના એક જ સામાયિકથી શુદ્ધિ અને પુણ્ય ચડી જાય છે. તેવા એક લાખ સામાયિકો કરતાં શ્રાવકોથી એક જ સર્વવિરતિધર સામાન્ય આરાધક પણ સાધુ શુદ્ધિ અને પુણ્યમાં ચડિયાતો છે.

આનો અર્થ એ થયો કે તારક તીર્થંકરદેવને છોડીને વિશ્વમાં સર્વોત્કૃષ્ટ શુદ્ધિનો અને પુણ્યાઈનો સ્વામી સાધુ છે.

તો... લોકોને માનવતાદિ કાર્યોમાં જોડવા કરતાં શા માટે સારા સાધુ જ ન બનાવવા ? તેમની શુદ્ધિના બળથી તેઓ જાતે તરે, તેમની પ્રચંડ પુણ્યાઈથી (પુણ્યજનિત ઊર્જાના સ્પર્શથી) લાખો જીવ તરે.

જે કાળમાં આઠ મહાપ્રભાવકોમાંથી એકાદ પણ વિદ્યમાન ન હોય તે કાળમાં જે - શ્રાવક, શ્રાવિકા સુદ્ધાં - સાધુ–સાધ્વીઓ જિનાજ્ઞાપ્રતિબદ્ધ કટ્ટરપણે વિરતિનું જીવન જીવે તે શાસનપ્રભાવક કહેવાયા છે.

વર્તમાનકાળના કહેવાતા શાસનપ્રભાવકોએ આ વાત ઉપર બારીકાઈથી ધ્યાન આપવું પડશે.

૭-૮ હજાર માણસોની સભા કરીને રામાયણ વાંચવા માત્રથી લોકરંજન જરૂર થાય પણ શાસનપ્રભાવના ન થાય; જો અષ્ટપ્રવચનમાતા વગેરે જિનાજ્ઞાઓનું પાલન જીવનમાં ધરાર ઉપેક્ષિત હોય.

બે હજાર કિલોમીટર લાંબો બે હજાર માણસોનો શત્રુંજયતીર્થનો સંઘ કાઢવાથી કોઈ સ્વહિત થાય નહિ; જો તેનો પ્રેરક સાધુ મુહપત્તિનો ઉપયોગ જરાય

રાખ્યા વિના - ખુલ્લા મોંએ - પ્રવચનો દેતો હોય કે ભક્તો સાથે કલાકો સુધી વાતો કરતો હોય.

અઠ્ઠાઈના પારણે અઠ્ઠાઈ કરનાર સાધુ જો વિશિષ્ટ રીતે વિગઈત્યાગી ન હોય, સ્ત્રીસંગવર્જી ન હોય, ઊલટો બેફામ હોય તો તેની અઠ્ઠાઈઓથી તેને શાસનપ્રભાવક કહી શકાય નહિ.

જિનાજ્ઞાના અતિશુદ્ધ પાલકો હોવાથી તે 'અભણ' માષતુષ અને 'સદાભોજી' કૂરગડુ મુનિઓ જબરદસ્ત શાસનપ્રભાવક હતા. તેઓ વીતરાગદશા પામીને જબરું આત્મહિત સાધી ગયા.

જો નૂતન દીક્ષિતોને ગુરુઓ સારા અને સાચા સાધુ કરવા માંગતા હોય તો તેમને દરેક વાતે જિનાજ્ઞા બતાડવી પડશે. જિનાજ્ઞા પ્રત્યે સજ્જડ બહુમાન પેદા કરવું પડશે. ભગવાન કરતાં ય ભગવાનની આજ્ઞાઓને ચડિયાતી સમજાવવી પડશે.

અત્યારના કાળમાં જૈનસંઘની આધ્યાત્મિક સ્થિતિ અત્યન્ત નબળી પડી છે. પ્રભાવક પ્રવચનોના ઓઠાં નીચે જો આજ્ઞાભંગની મોટી ગોલમાલ ચાલતી દેખાશે તો જૈનસંઘને - ખાસ કરીને તેની નવી પેઢીને – ધર્માભિમુખ થવું અત્યન્ત અઘરું થઈ પડશે.

આ સ્થિતિને દૂર કરવા માટે શ્રમણ-શ્રમણીઓએ પોતાનું જીવન અત્યન્ત ઉન્નત (જિનાજ્ઞાપ્રતિબદ્ધ) બનાવવું પડશે.

અંધારામાં વિહાર, નિત્ય નવકારશીનું પચ્ચક્ખાણ, વિગઈઓનું ભરપૂર સેવન, સ્ત્રીસંગ, છાપાંઓ-ચોપાનિયાઓનું વાંચન, પુષ્કળ વિકથાઓ, ઉપયોગશૂન્ય અનુષ્ઠાનો, અનુષ્ઠાનોની વિધિમાં મોટી ગોલમાલ, સ્વચ્છંદતા, બહિર્મુખતા, ઉચ્છૃંખલતા વગેરે દોષોનું બેફામ સેવન, સંઘર્ષવૃત્તિ, સમન્વયરહિતતા, સંકિલષ્ટ ચિત્તાવસ્થા, ધનસંગ્રહ વગેરે બાબતો સ્વનું તો હિત ખતમ કરે જ પણ આ બધું જોનાર આત્માઓનું પરહિત પણ પૂરું જોખમાઈ જાય.

ખરેખર તો સારા સાધુઓના સમુદાયે પોતાના ૪-૪ સાધુની એકેકી ટુકડી બનાવવી જોઈએ, જેમાં એક પાઠક વક્તા વ્યાખ્યાતા હોય. બાકીના ત્રણ માત્ર આરાધક હોય. તેઓ મધ્યમકક્ષાની જૈન વસતિવાળા ગામડાઓમાં જ ફરે. મુનિઓને પાઠક વાચના આપે; ઋણમુક્ત્યર્થે સંઘને વ્યાખ્યાન આપે. આ સિવાય તે પણ બીજી કોઈ પણ બાહ્ય પ્રવૃત્તિમાં ન પડે.

રાત અને દિવસ આ ટુકડી વધુમાં વધુ જિનાજ્ઞાપ્રતિબદ્ધ જીવન જીવે. આ ટુકડીની આરાધનાઓ કે સંયમના તમામ અંગો અંગેની જાગૃતિઓ જોવા માત્રથી અન્ય જીવો ધર્મ પામી જાય.

એમની શુદ્ધિમાંથી છૂટતી 'ઓરા' જેને સ્પર્શે તે આત્માઓ ધર્માભિમુખ બનવા લાગે. એમનું ચારિત્ર-જીવન જ એમનો જગત્‌ને સંદેશ બની રહે.

આવા શ્રમણોનું સંયમ કાબીલેદાદ હોય. પછી તો તેમનું પુણ્ય પ્રકૃષ્ટ બની જાય એટલે જોઈ લો તે એકેકો સાધુ, એકે હજારો બની જાય. તેની શુદ્ધિ એને ઊંચે લઈ જાય, એની પુણ્યાઈ જગતના રોગાદિ નાબૂદ કરવા દ્વારા જગત્‌ને ઊંચે લઈ જાય અને એની ઊર્જા (શુકલ લેશ્યાદિ) નજીક આવનારા જીવોને વિશિષ્ટ લાભો આપવા લાગી જાય.

અંગ્રેજીમાં સાચું કહ્યું છે : **One man's Purification can save the World.**

બસ, હવે 'સ્વકલ્યાણ દ્વારા જ સર્વકલ્યાણ' અને 'જિનાજ્ઞાપ્રતિબદ્ધ જીવન જીવવાથી જ સ્વકલ્યાણ.' આ બે બાબતો મગજમાં જડબેસલાક સ્થિર થઈ ગઈ હોય તો ગ્રન્થકારશ્રીએ અગિયાર દ્વારોમાં સૂચવેલી અષ્ટ પ્રવચનમાતાઓ, બ્રહ્મચર્યની નવ વાડો વગેરેને મહાવ્રતો સ્વરૂપ સમજીને આરાધવામાં મન લગાડી દેવું જોઈએ. પારકી બાબતોને સદંતર ઉપેક્ષવી જોઈએ.

પ્રસ્તુત ગાથામાં 'સમિતિ' નામનું અગિયાર દ્વારમાંથી પહેલું દ્વાર ઈરિયા-સમિતિ જણાવ્યું.

સાધુએ નીચે જોઈને ચાલવું જોઈએ. આથી પગ નીચે જીવ દબાઈ ન જાય તે જીવદયાનું તો પાલન થાય જ, પરંતુ તેની સાથે કાંટા વગેરે ન વાગે તે લાભ પણ થાય. એ સિવાય ઊંચે જોઈને ચાલવાના ગેરલાભો દૂર થાય.

લક્ષ્મણા સાધ્વીએ જો ઈરિયાસમિતિ બરોબર પાળી હોત તો ચકલા-ચકલીનું મિથુન જોવાના કારણે એકયાસી ચોવીસીનો જે સંસાર તેના લમણે ઝીંકાયો તે ન ઝીંકાત.

વર્તમાનમાં ઘણા બધા અશ્લિલ-પોસ્ટરો રસ્તાની બન્ને બાજુએ લાગેલા હોય છે. વિજાતીયનો ઉદ્‌ભટ વેષ અત્યન્ત મારક હોય છે. જો નીચે જોઈને ચાલવાનો નિયમ પળાય તો વિજાતીયદર્શનજનિત વિકારો પેદા થવાની શકયતા રહેતી નથી.

આંખેથી જો વિકાર મનમાં જ ન જાય તો મનમાં કામરાજનું તોફાન સંભવિત ન રહે. વાસનાનું જાગરણ નહિ થવા દેવાનો આ સરળતમ ઉપાય છે કે વિકારી દૃશ્યોને આંખમાંથી મનમાં (અંદર) ઉતરવા દેવા નહિ. આ ઉપાય જો ગૃહસ્થ કૉલેજિયન યુવાનો અપનાવે તો તે પણ વિકારોની પીડાથી બહુધા ઉગરી જાય.

આ રીતે બચવાના તો ઘણા બધા ઉપાયો જ્ઞાનીઓએ જણાવ્યા છે; પણ તેને અજમાવવા કોણ તૈયાર છે ? પછી બરોબર માર પડી જાય તો એની દયા કોણ ખાય ?

ગ્રન્થકારશ્રી કહે છે કે પ્રત્યેક ડગલે ધરતી ઉપર નજર રાખવાથી - નજર બીજે ક્યાંય ફંટાઈ ન જાય તેની કાળજી કરવાથી - ઉપયોગદશા એકદમ જીવંત બને છે.

આ ઉપયોગ એ જ એકમેવ ધર્મ છે. દરેક વાતે–દરેક ક્ષણે આત્માનો શુભ ઉપયોગ બની રહે તો દરેક સમયે અનંત કર્મનો ક્ષય થાય.

મન, વચન અને કાયાનો યોગ કહેવાય.

આત્માનો ઉપયોગ કહેવાય.

શુભ યોગદશા પુણ્યબંધ કરે.

ઉપયોગ-અવસ્થા કર્મક્ષય કરે.

બંધ કરતાં ક્ષયનું મહત્ત્વ ધરાર વધુ છે.

મુનિપણાના એકદમ પાયાના ગુણોમાંનો સૌથી પ્રથમ ગુણ જીવરક્ષા અને ઉપયોગદશાને હાંસલ કરતી ઈર્યાસમિતિ આપણે વિચારી.

* * *

## ભાષાસમિતિ

**कज्जे भासइ भासं अणवज्जमकारणे न भासइ अ ।**
**विग्गहविसुत्तियपरिवज्जिओ अ जइ भासणासमिओ ॥ २९७ ॥**

**અર્થ :** (૧) જ્યારે આવશ્યક કાર્ય આવી પડ્યું હોય ત્યારે નિરવદ્ય બોલવું. (૨) નિરર્થક નહિ બોલવું.... એ ભાષાસમિતિ છે. ભાષાસમિતિયુક્ત આત્મા ઝગડાઓથી અને આર્ત્તધ્યાનથી મુક્ત રહી શકે છે.

**વિવેચન :** સારું બોલવું, નઠારું ન બોલવું. જરૂર લાગે તો સારું ય ન બોલવું. નઠારું તો ન જ બોલવું. ભાષાની કડવાશ અને મનનો ક્રોધ - આ બે દોષોથી મોટા ભાગનો જીવન-વ્યવહાર કલુષિત થતો હોય છે. જે કડવું બોલતો નથી અને ક્રોધ કરતો નથી તે આત્મા પ્રાયઃ સર્વપ્રિય હોય છે. શાન્તિથી જીવી શકતો હોય છે.

ભાષાસમિતિના આ બે પાસાં અત્યન્ત વિચારણીય છે.

જ્યાં બોલવું જોઈએ ત્યાં જો ન બોલાય તો કેવું નુકસાન થાય ? તે માટે ગાંધીજીનો દાખલો આપું.

તે દર સોમવારે મૌન પાળતા. એક વાર 'મૌન'નો લાભ ઉઠાવી લેવાનું પાકું ગણિત કરીને લોર્ડ માઉન્ટ બેટન તેમની પાસે આવ્યા. તેમણે ગાંધીજીને કહ્યું કે, "ભારતનું વિભાજન કરવું કે નહિ ? તે અંગે અંતિમ નિર્ણય મારે આજે જ કરવાનો છે. આપનો સ્પષ્ટ અભિપ્રાય આપો. જો આપ વિભાજનની ના પાડશો તો તે વાત નેહરુ-સરદારને આપે કબૂલાવવી પડશે; કેમકે તેઓ વિભાજનની તરફેણમાં છે."

ખંધા ગોરા મુત્સદ્દીએ દાવ બરોબર અજમાવ્યો હતો. મૌન હોવાના કારણે -ચિઠ્ઠીઓ લખીને-ગાંધીજી કશો નિર્ણય સ્પષ્ટ દઈ શકયા નહિ. ચાલાકીથી અધવચમાં ઊઠી જઈને વિભાજન માટે ગાંધીજી સંમત છે એવો પ્રચાર કરી દઈને ધાર્યું તીર પાર પાડી દીધું. ભારતરાષ્ટ્રના બે ટુકડા થઈ ગયા.

જે વખતે બોલવું જ જોઈએ તે વખતે ન બોલાય તો ભાષાસમિતિ ન કહેવાય. (ગાંધીજીની વાતને આંશિકરૂપે લેવી.)

આથી વિરુદ્ધ વાત કરું; જેમાં એ વાત જોવા મળશે કે જે તે વાતો બોલવી નહિ.

કોઈ રાજાને સંતાન ન હતું. તેણે મોટા તપસ્વી ઋષિનો સંપર્ક કર્યો. સંતાન-પ્રાપ્તિ માટે ખૂબ કરગર્યો. ઋષિનું હૃદય પીગળી ગયું. તેનાથી બોલાઈ ગયું; **"तेरे कु संतानप्राप्ति हो जायेगी."**

આ વચનને સિદ્ધ કરવા માટે ઋષિએ પોતે પ્રાણ-ત્યાગ કરીને તે રાજાને ત્યાં જન્મ લીધો. જન્મ પછી તરત તેને પૂર્વભવમાં થયેલી ભૂલનો ખ્યાલ આવી જતાં તેણે સંપૂર્ણ મૌન ધારણ કરી લીધું.

સંતાન તો થયું પણ તે 'મૂંગું છે' એ વાતથી રાજા ખૂબ બેચેન રહેવા લાગ્યો. કુંવર માટે એક નોકર રાખી લીધો. તેને રમાડવા, ખવડાવવાદિનું બધું કામ તે નોકર કરે.

એક વાર તે બે જંગલના વૃક્ષ નીચે બેઠા હતા. ત્યાં કોઈ પારધિ શિકારને શોધી રહ્યો હતો. કશું ક્યાંય દેખાતું ન હતું. પણ એકાએક ઝાડીમાં રહેલા મોરે કેકારવ કર્યો. પારધિએ તરત શબ્દવેધી બાણ છોડ્યું. મોર ઘાયલ થઈ ગયો. તે વખતે તે કુંવર મોટેથી બોલી ઊઠ્યો, "બોલ્યો કેમ ?" આ શબ્દો સાંભળતાં જ નોકર રાજા પાસે ગયો. તેણે વધાઈ આપતાં કહ્યું, "રાજા સાહેબ ! આજે કુંવરસાહેબ બોલ્યા."

રાજા રાજીનો રેડ થઈ ગયો. કુંવરને ખોળામાં બેસાડીને ખૂબ વહાલ કરવાપૂર્વક ફરી બોલવા કહ્યું પણ તે તો ન જ બોલ્યો.

હવે રાજા નોકર ઉપર ક્રોધે ભરાયો. તે જૂઠું બોલ્યાની શંકાથીસ્તો.

રાજાએ કહ્યું, "કુંવર પાસે બોલાવડાવ, નહિ તો તને ફાંસીના માંચડે ચડાવી દઈશ."

નોકર કુંવરને લઈને જંગલમાં ગયો. ખૂબ રડવાપૂર્વક તેણે કુંવરને એક વાર બોલવા કહ્યું.

કુંવર બોલી ઊઠ્યો, "બોલ્યો કેમ ?" (રાજાને કેમ કહી દીધું કે હું બોલ્યો છું ?)

નોકરને ફાંસીથી ઉગારવા માટે કુંવરે બોલવાનું શરૂ કર્યું.

આવી જ વાત જૈન સાધુના જીવનમાં બની છે.

કોઈ અજૈન બાઈને ઘેર તે વહોરવા ગયા. છ માસથી બાઈનો પતિ બહારગામ હતો. બાઈ વિરહથી પીડાતી હતી. તેણીએ સાધુને પતિના આગમનનો સમય પૂછ્યો. સ્વરોદયના જાણકાર સાધુએ કહ્યું, "આજે સાંજે જ તારો પતિ ઘરે આવી જશે."

બાઈ અત્યન્ત ખુશ થઈ. પતિને વધાવવા માટે સોળ શણગાર સજ્યા. પતિ આવ્યો. બાઈએ ખૂબ વહાલથી વધાવ્યા. પણ પતિના મનમાં એવી શંકા થઈ કે, મેં મારા આગમનના કોઈ સમાચાર પત્નીને મોકલ્યા નથી તો પછી તે નક્કી કોઈ પરપુરુષને વધાવવા માટે શણગાર સજીને તૈયાર થઈ હશે !

બાઈને ખૂબ ધમકાવી. બાઈએ તદ્દન સાચી વાત કરી. સત્યનું પારખું કરવા માટે પતિ વળતે દિ' સવારે તે સાધુના ઉપાશ્રયે ગયો. ત્યાં તેણે જાણ્યું કે તે સાધુએ આગાહી કરી હતી. પણ પતિ આટલેથી અટક્યો નહિ. તેણે સાધુને કહ્યું, "જો તમારું આટલું બધું જ્ઞાન હોય તો મારી ઘોડી સગર્ભા છે. તેના પેટમાં કોણ છે ?"

જ્ઞાનબળથી સાધુએ કહ્યું, "ઘોડી બેજીવી છે." પેલાએ પારખું કરવાની ઉતાવળમાં ઘોડીનું પેટ ચીરી નાંખ્યું. વાત સાચી નીકળી.

આ વાતની સાધુને ખબર પડતાં ખૂબ આઘાત લાગતાં ગળે ફાંસો ખાધો. આ જ સ્થિતિ ઘરની સ્ત્રીની થઈ.

કુલ પાંચ હત્યા થઈ ગઈ.

જોયું ને ? ભાષાસમિતિનું અપાલન ! કેટલું જીવલેણ નીવડ્યું !

જ્ઞાનીઓ કહે છે, "મૌન રહીને મુનિ થાઓ. સહન કરીને સાધુ બનો."

આવું તો સંસારમાં પણ આચરી શકાય.

જ્ઞાનસારમાં કહ્યું છે કે મૌન એ માત્ર વાણીનું (જીભનું) મૌન ન જોઈએ. પાંચેય ઇન્દ્રિયોનું મૌન (વિષયોમાં અ-પ્રસાર) હોવું જોઈએ. માત્ર વાણીનું મૌન તો એકેન્દ્રિયમાં હોય. એવા મૌનનો કોઈ અર્થ ન ગણાય.

"બને ત્યાં સુધી મૌન રહો, મૃષા ન બોલો" તેવું જ્ઞાનીઓએ જણાવ્યું છે. તેમાં એક દૃષ્ટાંત આપ્યું છે.

કોઈ કસાઈ ૧૦-૨૦ હરણોની પાછળ પડતાં હરણો જીવ લઈને નાસવા લાગ્યા. કસાઈને દોડતો ક્યાંય પાછળ મૂકી દીધો.

આગળ ધસતાં હરણોને બે માર્ગ મળ્યા. તેમાં તેઓ જમણા માર્ગે ધસી ગયા.

એ જ જગ્યાએ કોઈ મુનિ ધ્યાનસ્થ હતા. કસાઈ ત્યાં પહોંચ્યો. મુનિને દાટી મારીને પૂછ્યું, "હરણો કઈ તરફ ગયા ?"

મુનિ સાચું બોલે તો હરણોનું મોત થાય. વળી, જૂઠું બોલવાની ઈચ્છા ન હતી. એટલે મૂંગા રહીને ડાબા રસ્તા તરફ હાથ કર્યો. કસાઈ તે રસ્તે દોડતાં હરણો ઉગરી ગયા.

આ પ્રસંગ સૂચવે છે કે જો બને તો જૂઠું ન જ બોલવું. મૌન રહીને જૂઠો સંકેત જરૂર કરવો.

વળી, જે સત્ય બોલવું તે પણ માયાવી સત્ય ન હોવું જોઈએ. અર્થાત્ અર્ધસત્ય ન હોવું જોઈએ. 'અશ્વત્થામા હતઃ' વાળી વાતમાં યુધિષ્ઠિર અર્ધસત્ય બોલ્યા તો સત્યવાદિતાના પ્રભાવે ધરતીથી ઊંચો ચાલતો રથ ધરતી ઉપર આવી ગયો !

ટૂંકી વાત એટલી છે કે માણસે બને ત્યાં સુધી બક બક કર્યા કરવું ન જોઈએ.

'ન બોલ્યામાં નવ ગુણ' એ કહેવત એકદમ યથાર્થ છે.

જે સ્ત્રીઓ ચંચળ સ્વભાવને લીધે ખૂબ બોલ બોલ કરે છે તેમની બોલવામાં ઘણી ભૂલો થાય છે. તેથી તેમને ખૂબ સહવાનું આવે છે. દસમાંથી નવ પ્રસંગો એવા હોય છે જેમાં મૌન રહેવાય તો જરાય વાંધો ન આવે. વળી બોલીને બગાડ્યાથી માંડીને આખું ઘર ખળભળાવી દેવાનું ન રહે.

જો મોટીમસ વાતો Let God કરાય અને નાની વાતો Let go કરાય તો ઘણા બધા સંકલેશો અને સંઘર્ષોમાંથી મુક્તિ મળી જાય.

બોલવામાં શારીરિક શક્તિનો નાશ ઘણો થાય.

સંસ્કૃતમાં કહ્યું છે, **"वीर्यपातात् वाक्पातो बलीयान् ॥"**

વિષયોના ભોગવટામાં જેટલી શક્તિ હણાય તેના કરતાં વધુ શક્તિનાશ બોલવાથી થાય.

મીરાએ સાચું કહ્યું છે, **"બોલ મા, બોલ મા, બોલ મા રે; રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા."**

જીભના જે બે પાપો છે : રસના અને વાણીનો પ્રલાપ એ એટલા મોટા બે દોષો છે કે વાત ન પૂછો.

એક વસ્તુ મોં દ્વારા અંદર જાય છે અને એક વસ્તુ મોંમાંથી બહાર નીકળે છે.

પહેલું છે; ભોજન.

બીજી છે; વાણી.

આ બે વસ્તુ ઉપરના સંયમન વિના સંયમધર્મનું પાલન સફળ થઈ શકતું નથી.

જો કોઈ એવી ઘટના બને જેમાં નિર્ણય લેવાની મુશ્કેલી પડે કે, "આ સમયે બોલવું કે ન બોલવું ?" તો હું કહું છું કે પ્રાયઃ નહિ બોલવું. એમ કરવામાં જ વધુ લાભ રહેલો હશે.

એટલે જ કહ્યું છે : **मौनं सर्वार्थसाधकम् ।**

પતિ અને પત્ની પરગામ-પત્નીને પિયર-જતા હતા. રસ્તામાં હેડંબા જેવી પત્નીએ કૂવામાં પાણી જોતાં પતિને પાછળથી ધક્કો મારીને ગબડાવી દીધો.

ગમે તેમ કરીને પતિ બહાર નીકળ્યો. બે દિ' મોડો પણ સાસરે પહોંચ્યો. ત્યાં એક વાર તે બેને બોલાચાલી થતાં પતિએ કૂવામાં ફેંકવાની વાત બોલી નાંખી. પત્નીને આઘાત લાગ્યો. તેણે તે જ રાતે આપઘાત કરી દીધો.

બને ત્યાં સુધી ન જ બોલવું, જો બોલવું પડે તો બહુ ઓછું બોલવું, તે પણ પ્રિય બોલવું. અપ્રિય તો ન જ બોલવું.

એક રાજાને રાણી ઉપર અતિશય પ્રેમ હતો. કોઈ જ્યોતિષી આવતાં તેને રાણીનું ભાવિ પૂછ્યું. જ્યોતિષીએ કહ્યું, "માત્ર છ માસનું આયુષ્ય બાકી છે."

રાજા અતિશય ઉશ્કેરાઈ ગયો. તલવાર ખેંચી કાઢીને તેને પૂછ્યું, "હવે કહે, મારું આયુષ્ય કેટલું બાકી છે ?"

જ્યોતિષી પવન પારખી ગયો. અતિ વહાલી રાણી માટેની અપ્રિય વાત તેનાથી સહી શકાઈ ન હતી.

હવે પોતાનો જાન બચાવવાનો સવાલ ઊભો થઈ ગયો.

ચતુર જોષીએ ધડ કરતાં કહી દીધું કે, તમારું આયુષ્ય મારા કરતાં છ માસ વધુ છે. (એનો અર્થ એ થયો કે જોષીને હમણાં જ મારી નંખાય તો છ માસ પછી રાજાનું મોત થાય.) રાજાએ તલવાર મ્યાન કરી દીધી.

બીજો પ્રસંગ જણાવું.

એક રાજા હતો. તે કાંણો હતો. તેના જેટલા ફોટા તૈયાર થયા તે બધામાં તે પોતાને કાંણો દેખે એટલે ચિત્રકારો ઉપર ખૂબ ગુસ્સે ભરાય. ચિત્રકારો બિચારા શું કરે. જેવો રાજા હોય તેવું જ ચિત્ર દોરે ને ?

પણ એક ચિત્રકાર જમાનાનો ખાધેલ હતો. તેણે રાજા ખુશ થઈ જાય તેવું તેનું ચિત્ર દોરવાનું બીડું ઝડપ્યું.

રાજા ઘોડા ઉપર બેઠો છે. શિકારીની મુદ્રામાં છે. આગળ હરણ દોડે છે. રાજા તેને તીર તાંકીને વીંધવાની તૈયારીમાં હોય તેવું ચિત્રમાં દર્શાવાય છે.

સહજ વાત છે કે તીર ખેંચવાની મુદ્રામાં એક આંખ તીરછી થઈ ગઈ હોય. આ મુદ્રામાં રાજાની કાંણી આંખ બંધ હતી : હોય જ. તે રૂપ દેખાયું નહિ. બલ્કે, આ મુદ્રામાં રાજાની મર્દાનગીનો શુભ ભાવ દેખાતાં રાજા સુંદર દેખાતો હતો.

ચિત્રકારને મોટું ઈનામ મળી ગયું.

કોઈ પણ વસ્તુની રજૂઆત મીઠાશભરી હોય. માણસની ભાષા ઉપરથી તેની ખાનદાનીની ખબર પડી જાય.

પેલી બાળવાર્તામાં આવે છે કે અંધ-ભિખારી પાસેથી પસાર થતાં માણસો - રાજા, બ્રાહ્મણ, વાઘરીએ ઉત્તરોત્તર કેવા હલકા શબ્દો ઉચ્ચાર્યા હતા ! તે ઉપરથી અંધ આદમીએ તેમને ઓળખી કાઢ્યા હતા.

કોઈ કહે છે કે સત્ય બોલવામાં કશો વાંધો નહિ. એટલું જ નહિ પણ સત્ય તો બોલવું જ જોઈએ. ન બોલે, ન આચરે તો દોષ લાગે.

આ વાતો બરોબર નથી. સાધુનું જે બીજું મહાવ્રત છે તેનો તાત્પર્યાર્થ એ છે કે સાધુએ અસત્ય બોલવું નહિ. સાધુએ સત્ય બોલવું : સત્ય બોલવું જ એવો તાત્પર્યાર્થ નથી.

જો સત્ય બધું બોલી દેવાની પ્રતિજ્ઞા હોય તો જેની તેની જાણેલી ગૂઢ વાતો પણ બીજાઓને કહી દેવી પડે. જે ગીતાર્થ ગુરુ અન્યોને પ્રાયશ્ચિત્ત દેતા હોય તેમણે તે બધી વાત બીજા પૂછે ત્યારે કહી જ દેવી પડે. જો ન કહે તો વ્રતભંગ થાય. વસ્તુતઃ વ્રતભંગ થતો નથી કેમકે સત્ય બોલવાનું મહાવ્રત નથી, અસત્ય નહિ બોલવાનું મહાવ્રત છે.

વિગતથી વાત કરું.

દરેક પદાર્થના વિવિધ સ્વરૂપો છે : અંગો છે. જુદી જુદી અપેક્ષાથી એક જ પદાર્થ જુદા જુદા સ્વરૂપે દેખાય. જે દેખાય તે બધા તે તે અપેક્ષાથી સત્યસ્વરૂપ હોય.

હાથીનો પગ પકડીને રહેલો આંધળો કહે કે, હાથી થાંભલા જેવો છે; કાન પકડીને રહેલો કહે કે હાથી સૂપડા જેવો છે તો તે બન્ને પોતાની અપેક્ષાથી સત્ય બોલે છે. અરે, સાતે ય અંધો પોતાની અપેક્ષાથી સત્ય બોલનારા છે.

હવે જો સત્ય બોલવાનું જ હોય તો ક્યું સત્ય બોલવું ? ક્યું ન બોલવું ?

કાકા કહે છે કે "રમેશ મારો ભત્રીજો છે."

મામા કહે છે કે, "રમેશ મારો ભાણીઓ છે."

બાપા કહે છે કે, "રમેશ મારો દીકરો છે."

આ ત્રણે ય વાતો સત્ય છે. હવે ક્યા સત્યને પકડી રાખવું ?

જવાબ એ છે કે જે નિરપેક્ષ વચનો હોય તે અસત્ય હોઈ શકે.

દા. ત. આ ભત્રીજો છે.

આ વાતને મામા પોતાની અપેક્ષાથી અસત્ય વાક્ય કહી શકે. પણ કાકા કહે કે, "આ મારો ભત્રીજો છે." તો આ સાપેક્ષ વાક્ય સત્ય હોઈ શકે.

આવા કેટલા બધા સત્ય વાક્યો એક જ મુદ્દા ઉપર હોઈ શકે. આમાંથી ક્યું સત્ય સ્વીકારવું ? કોની ઉપેક્ષા કરવી ? (ના, લડાઈ તો ન જ કરવી.)

જ્ઞાનીઓ કહે છે કે જે સત્ય સ્વીકારવાથી મનમાં સંકલેશ કે સંઘર્ષ ઉત્પન્ન ન થાય તે સત્ય સ્વીકારવું. આને અનુબંધ સત્ય કહેવાય. સંકલેશાદિ ઉત્પન્ન કરનાર સત્યને સ્વરૂપ સત્ય કહેવાય. તે ન જ સ્વીકારાય.

જૈન સંઘમાં તિથિનો જે વાદ ચાલે છે તેણે જો સમગ્ર સંઘમાં અને અનેક વ્યક્તિઓમાં ક્રમશઃ સંઘર્ષ અને સંકલેશ ઉત્પન્ન કરી દીધો હોય તો તે તિથિ-સત્ય સ્વરૂપ સત્ય કહેવાય.

ગીતાર્થોએ ભેગા થઈને સંઘર્ષનિવારણ કરવું જ પડે. સંઘમાં સમાધિ સ્થાપિત કરવી પડે. શાસનહીલનાનું નિવારણ કરવું જ પડે. હવે તો આ પ્રશ્નને પૂરો એક સૈકો થઈ ગયો. શાસ્ત્રનીતિથી કોઈ અપેક્ષા શોધીને (તેવી અપેક્ષા મળે જ) આ સંઘર્ષ અને હીલનાનું નિવારણ કરવું જ રહ્યું.

આમ કરી શકાયું નથી તો શ્રીસંઘને પારાવાર નુકસાન થયું છે.

સંભવ છે કે દાદા ભગવાન અને રાકેશકુમાર વિશ્વના છેડા સુધી હડી કાઢે અને દેવાધિદેવ પરમાત્મા મહાવીરદેવને તેમના ઝનૂની ભક્તો મંદિરના ઉંબરા સુધી ય પહોંચવા ન દે.

આથી વધુ આઘાતજનક વાત બીજી કઈ હોઈ શકે ?

અત્યારની પળમાં સૌથી વધુ તાકીદ આ પ્રશ્નનો ઉકેલ લાવવામાં જ શ્રમણસંઘે કરવી જોઈએ. તેના ગચ્છાધિપતિઓએ કરવી જોઈએ.

નિષ્ક્રિય અને નિષ્પુણ્યક આત્માઓ ગચ્છાધિપતિ પદ પામી શકે નહિ. તે તો સદાના સક્રિય અને અત્યન્ત પુણ્યવાન જ હોય. તેમની ઉપેક્ષા તેમનું જ પારાવાર અહિત કરીને રહેશે.

ભાષાસમિતિના વિચારના પ્રસ્તુતમાં એક નવી દિશામાં જઈએ.

જ્ઞાનીઓ કહે છે કે, "જો મુહપત્તિનો ઉપયોગ રાખીને બોલવામાં ન આવે તો ભાષાસમિતિનો ભંગ થયો ગણાય. એટલું જ નહિ પણ એ રીતે શાસ્ત્રવાંચન (વ્યાખ્યાન) કરનારો સાધુ ષડ્જીવનિકાયના સંહારનું પાપ બાંધે.

આ વિધાન ઉપરથી સમજાશે કે મુહપત્તિનો ઉપયોગ રાખવાની વાતનું શાસ્ત્રમાં કેટલું બધું મહત્ત્વ છે.

(અફસોસ ! છતાં ઘણા બધા મુનિઓ સાવ ખુલ્લા મોંએ - બેફામ બનીને- પ્રવચનો આપે છે. શાયરીઓ અને ગઝલો લલકારે છે !)

અહીં બોલતી વખતે મોંએ મુહપત્તિ રાખવાની જ વાતને ભાષાસમિતિ કહી નથી પણ બોલતી વખતે, 'મારે મોંએ મુહપત્તિ રાખવાની છે' એ વાતનો 'ઉપયોગ' ધારણ કરવાની વાત કરી છે. મુહપત્તિ કરતાં 'ઉપયોગ'નું વધુ મહત્ત્વ છે. 'ઉપયોગ' અવસ્થા એ જ અપ્રમત્તભાવનો ધર્મ છે. મુહપત્તિ તો તેનું માત્ર સાધન છે, એ પોતે કાંઈ સાધન નથી.

સ્થાનક સંપ્રદાયે મોંએ મુહપત્તિ રાખવા સુધીની જ વાત પકડીને મોંએ મુહપત્તિ બાંધી દીધી !

અરે ભલા ! આમ કરવા જતાં દરેક બોલતી વખતે જે 'ઉપયોગ' કેળવવાનો હતો અને હાથને મુહપત્તિની સાથે મોં સુધી લઈ જવાનો હતો તે બધું રદ થઈ ગયું ! ટૂંકમાં 'ઉપયોગ'નો ઉપયોગ સાવ બંધ પડી ગયો ! આ બરોબર ન થયું.

બીજી બાજુ શ્વેતામ્બર-સાધુઓએ મુહપત્તિને હાથમાં જ પકડી રાખી. પલાંઠી ઉપર મૂકી દીધી. પણ ઉપયોગ લાવીને મોં સુધી લઈ ન ગયા. આ ય બરોબર ન થયું.

આમ બે શાખાઓ બે છેડે જઈને ઊભી.

બે ય વાતો બરોબર નથી.

બોલવા વગેરેના અવસરે મોં ઉપર મુહપત્તિ લાવીને, મોંએ ગોઠવીને, ઉપયોગપૂર્વક બોલવું તે જ ભાષાસમિતિ કહેવાય.

હવે બીજી વાત કરું.

કોઈ કહે છે કે મોં ઉપર મુહપત્તિ રાખવાથી કોઈ જીવહિંસા થાય નહિ. ખુલ્લા મોંએ બોલવાથી જીવહિંસા થાય. આ વાત બરોબર નથી.

જો કે વાયુ અષ્ટસ્પર્શી છે અને મોંમાંથી નીકળતો શબ્દ (ભાષાવર્ગણાનો પુદ્ગલ) એ ચતુઃસ્પર્શી છે. એ બહાર નીકળે : વાયુ સાથે અથડાય તો વાયુના જીવની હિંસા ન થાય. કેમકે ચતુઃસ્પર્શી પુદ્ગલની અષ્ટસ્પર્શી પુદ્ગલની હિંસા કરવાની ક્ષમતા નથી. પણ મોંમાંથી જે વાયુ નીકળે છે, જે વાયુ શબ્દનું વાહન છે અર્થાત્ શબ્દને લઈને જે વાયુ બહાર નીકળે છે તે વાયુ બહારના વાયુના જીવનો નાશ કરી શકે છે. આમ બોલવાથી જીવહિંસા થાય છે. જો મોં ઉપર મુહપત્તિ રખાય તો ય આ હિંસા તો રહે જ છે. તો પ્રશ્ન થાય કે મુહપત્તિ મોંએ રાખવાથી લાભ શો થાય ?

એનો ઉત્તર એ છે કે મુખના વાયુના સીધા-તીવ્ર-વેગમાં મુહપત્તિ અવરોધ કરીને તે તીવ્રતાને ઘટાડે, તેથી તેટલી વાયુ-હિંસા ઓછી થાય.

વળી બોલતી વખતે મોં ખુલ્લું હોય તો : મુહપત્તિ મોં ઉપર રાખી ન હોય તો મોંમાં માખી વગેરે અચાનક પડી જાય : મરી જાય, તેનો પણ બચાવ થાય.

બાકી વસ્તુતઃ મુહપત્તિ મોંએ વારંવાર કેમ રાખવાની ? તેનો જવાબ એ છે કે તેમ કરવાથી વારંવાર મુહપત્તિનો મોં ઉપર 'ઉપયોગ' રાખવાનો ધર્મ સેવવા મળે. અને આવી જિનાજ્ઞાનું પાલન કરવા મળે.

ઉપયોગ એ જ મુખ્ય ધર્મ છે.

જિનાજ્ઞાપાલન એ જ મુખ્ય ધર્મ છે.

ખેર... આજે તો આ 'ઉપયોગ' નષ્ટપ્રાયઃ થયો છે. શ્વેતામ્બર-સ્થાનકમાર્ગી : બન્ને ઘટકોમાંથી નષ્ટ થયેલ છે. આ અત્યન્ત આઘાતજનક બાબત ગણાય.

ઉપદેશ-રહસ્યાદિ ગ્રન્થોમાં ઈર્યાસમિતિ, ભાષાસમિતિ વગેરે સ્વરૂપ પ્રવચનમાતાઓના યથાર્થ પાલન વિના સાચા સાધુત્વનો આરંભ જ થતો નથી એમ જણાવ્યું છે.

જો આ માપદંડ સ્વીકારાશે તો સાચા સાધુ કેટલા રહેશે ?

આઠ-દસ હજાર માણસોની સભામાં પ્રવચન કરનાર સાધુ જો માઈક વાપરીને પ્રવચન કરે તો તે સાચો સાધુ ન કહેવાય; તો મુહપત્તિનો ઉપયોગ રાખ્યા વિના પ્રવચન કરે તો પણ તે સાચો સાધુ ન કહેવાય.

માઈકના ઉપયોગથી કદાચ એક લાખ માણસો સુધી અવાજ પહોંચાડી શકાશે. મુહપત્તિનો ઉપયોગ રાખીને નીકળેલો અવાજ દસ લાખ લોકો સુધી પહોંચી શકે છે. કેમકે વક્તા કરતાં ચારિત્રના પાલકની સૂક્ષ્મની તાકાત ઘણી વધુ હોય છે.

લાખ માણસોને શાન્ત રાખવા માટે માઈકમાં બૂમબરાડા પડાય તો ય લોકોનો ઘોંઘાટ ન શમે.

વિશિષ્ટ કોટિના યોગી મહાત્મા માત્ર મંચ ઉપર આવીને ઊભા રહે, હાથ ઊંચો કરે તેટલા માત્રથી નિરવ શાન્તિ પ્રસરી જાય.

જિનાજ્ઞાપાલનથી જે શક્તિ અને જે પુણ્યાઈ આત્મામાં પ્રગટ થાય છે તે ધરતીના કંપને, સાગરની મસ્તીને, સૂરજ-ચંદ્રના બિંબોના ખંડખંડ ખંડનને, અતિવૃષ્ટિ આદિને પળમાં અટકાવી શકે છે.

યન્ત્રની વિનાશિતા સામે મન્ત્ર જ ટક્કર લઈ શકે તેમ છે. માટે જ સર્વહિત માટે અન્તર્મુખ બનીને કટ્ટર જિનાજ્ઞાપાલક બનવું જોઈએ.

ના, નવકાર મન્ત્રાદિકના કરોડો જપ નહિ, પણ અણિશુદ્ધ જિનાજ્ઞાપાલન...

જ્યારે આ વાતમાં જૈન સંઘનો પૂર્ણ વિશ્વાસ બેસશે અને તેના અમલ માટે ગંભીર બનશે ત્યારે જિનધર્મનો અભ્યુદયકાળનો બુંગીઓ વાગશે.

જો કે જ્ઞાનીઓએ પાંચ વખતે મુહપત્તિનો ઉપયોગ રાખવા કહ્યું છે પણ હાલ તે પરંપરા ચાલતી નથી. (૧) મૃતકના ખુલ્લા મોં ઉપર (૨) કાજો લેતાં (૩) શૌચ વખતે (૪) ભગવાનનું પ્રતિલેખન કરતાં (૫) વ્યાખ્યાન આદિ કરતાં. (વ્યાખ્યાનાદિ વખતે બે હાથમાં તાડપત્રની પટ્ટી પકડવાની હતી. એટલે મોંએ મુહપત્તિ બાંધવી જ પડે. શૌચ કે કાજો લેતાં નાકમાં કચરાદિક પડે તો રોગ થાય. ભગવાન ઉપર કુશ્વાસ પ્રસરે.)

**એષણાસમિતિ**

**बायालमेसणाओ भोयणदोसे य पंच सोहेइ ।**
**सो एसणाइसमिओ आजीवी अन्नहा होइ ॥ २९८ ॥**

**અર્થ :** ગોચરી જવામાં બેંતાલીસ દોષો લાગે અને ગોચરી વાપરતાં પાંચ દોષો લાગે. આ સુડતાલીસ દોષોથી રહિત જેનું જીવન હોય તે સાધુ કહેવાય. અન્યથા તે પેટ માટે ચરી ખાનારો નકલી સાધુ કહેવાય.

**વિવેચન :** પહેલી અને બીજી સમિતિ - ઈરિયાસમિતિ અને ભાષાસમિતિ વિષે વિચારણા થઈ. હવે ત્રીજી એષણાસમિતિ ઉપર વિચારણા કરીએ.

જેમ ગૃહસ્થમાં અનીતિનું ધન હોય છે તેમ સાધુમાં ૪૭ દોષોવાળી ભિક્ષાને અનીતિની ભિક્ષા કહેવાય છે. સાધુએ આ અનીતિને જ ધ્યાનમાં લઈને નિવારવાની હોય. ગૃહસ્થની અનીતિ અંગે તેને ઝાઝું વિચારવાનું ન હોય.

પેટ ભરવા માટે સાધુજીવન નથી. પેલા સંપ્રતિરાજાના પૂર્વભવીય સાધુએ પેટ ભરવા માટે, ચાણક્યના વૈરી વરરુચિ મન્ત્રી અને મેતાર્યના ઘાતક સોનીએ જાન બચાવવા માટે જે દીક્ષા લીધી તે દ્રવ્ય દીક્ષા કહેવાય. હા, જો ગુર્વાજ્ઞા-પારતન્ત્ર્યના વિશુદ્ધ ભાવ સાથે દ્રવ્ય-દીક્ષા લેવાય તો ય તે પરમપદની પ્રાપક બનવામાં સહાયક બની શકે છે.

દીક્ષાને સફળ કે નિષ્ફળ કરવામાં સૌથી મોટો હિસ્સો ભિક્ષાનો છે.

જે દેહને પુષ્કળ પીડા આપીને વિપુલ કર્મક્ષય સાધવાનું જ્ઞાનીઓએ કહ્યું છે એ જ જ્ઞાનીઓ દેહને જરૂરી ટેકો (પોષણ) રાખવાનું એટલા માટે જણાવે છે કે જો દેહ ટકી રહે તો જ રત્નત્રયીની આરાધનાઓ બરોબર થઈ શકે.

આ વાત 'अहो जिणेहिं असावज्जा' ગાથા - કે જે ભિક્ષા વાપરતાં પૂર્વેના કાયોત્સર્ગમાં બોલાય છે તે-માં કહેલી છે કે મોક્ષનું સાધન રત્નત્રયીની આરાધના છે. અને તે આરાધનાનું સાધન સાધુદેહ છે. એટલે સાધુદેહને ટકાવવો જરૂરી છે. આ માટે તેને પોષણ બનવારૂપ ભોજન-દ્રવ્યો આપવા જોઈએ.

હા, જેમ ખાડો ધૂળથી ભરાય; રત્નોથી નહિ તેમ પેટ અન્તપ્રાન્ત કે આવશ્યક ખોરાકથી જ ભરી લેવું જોઈએ, માલ-મલીદાથી નહિ જ. તે પણ ન છૂટકે : દુભાતા દિલે.

જ્ઞાનીઓએ શેઠના દીકરાનું ખૂન કરનાર ચોરની વાત કરી છે. બન્ને

વ્યક્તિઓ વિવિધ ગુનાસર જેલમાં ગયા. એક જ પેંગડાના બે છેડે બન્નેના પગને જકડવામાં આવ્યા.

પહેલે દિ' શેઠની જમવાની રસોઈ શેઠાણી લઈ આવ્યા. ખૂની ચોરને કશું દીધા વિના શેઠે પેટ ભરીને જમી લીધું.

જ્યારે સંડાસ જવાનો સમય થયો ત્યારે એક જ પેંગડામાં બેયનો એકેકો પગ હોવાથી ચોર વિના શેઠનું કામ પતે તેમ ન હતું. ચોરે તક સાધી લીધી. શેઠને સહકાર આપવાની સાફ ના પાડી દીધી. શેઠને એ રીતે સમાધાન કરવું પડ્યું કે બીજા દિવસથી તેને પણ શેઠાણી ભોજન આપશે. તે પ્રમાણે અમલ થયો.

જ્ઞાનીઓ કહે છે કે શેઠ-શેઠાણી પોતાના દીકરાના ખૂનીને જે ભોજન આપે તે શું પ્રેમથી આપે ? અરે, એકદમ તિરસ્કારથી - નફરતથી આપે. બસ, એ જ રીતે આત્માએ દેહને ભોજન આપવું. દેહની આસક્તિને કારણે આત્માની પુષ્કળ દુર્ગતિઓ થઈ છે; એટલે દેહ એ આત્માનો કટ્ટર યુગો-જૂનો શત્રુ છે. પોતાની પાંચ ઇન્દ્રિયો દ્વારા દેહે આત્માને પુષ્કળ અશુભ કર્મબંધ કરાવીને દુર્ગતિઓમાં દુઃખી દુઃખી કરી દીધો છે.

આ તો પેલા જેવું થયું.

જમવામાં જગલો (દેહ). કુટાવામાં ભગલો (આત્મા).

દેહ ગધેડા જેવો છે. એની ઉપર વધુ ને વધુ ભાર (ત્રાસ) નાંખવો જોઈએ. હા, તેમાં એવો અતિરેક ન થવો જોઈએ જેથી દેહની પાંચ ઇન્દ્રિયોને જફા પહોંચે. તેમ થાય તો તે જ ઇન્દ્રિયોથી થઈ શકતો ધર્મ અટકી પડે.

ટૂંકમાં શક્તિથી ખૂબ ઉપરવટ થઈને દેહને સાવ દુર્બળ બનાવી દેવાય નહિ. અન્યથા તેની દુરસ્તી કરવામાં ચિક્કાર દોષોનું સેવન કરવાનો સમય આવી જાય. અકાળે મોત થઈ જાય.

દેહથી જ જીવે બધા પાપો કર્યા છે તો દેહથી જ (તપ કરીને) જીવે પાપોનો ક્ષય કરવાનો છે.

હવે ભિક્ષાના દોષોની વાત કરીએ.

તેમના બે ગ્રુપ છે. એક છે; ભિક્ષાના ઘરોમાં ગોચરી વહોરતાં લાગનારા બેંતાલીસ દોષોનું ગ્રુપ. બીજું ગ્રુપ છે; ભિક્ષા વાપરતી વખતે લાગતાં પાંચ દોષોનું ગ્રુપ.

જો સાધુ ઉત્તમોત્તમ સાધુત્વનું પાલન કરીને વધુમાં વધુ આઠ ભવે મોક્ષ પામવા ઈચ્છતો હોય તો તેણે સુડતાલીસ દોષોથી સદા માટે બાર ગાઉ છેટા રહેવું જોઈએ.

૪૨ દોષોમાં સામાન્યતઃ આધાકર્મ દોષ સૌથી ભયંકર ગણાય. (આમ તો મૂલકર્મ સૌથી વધુ ભયંકર દોષ છે.) **આધા** એટલે આધાય = મનમાં ધારીને... સાધુને મનમાં રાખીને કરાયેલું જે (રસોઈ વગેરે) **કર્મ** તે આધાકર્મ કહેવાય.

આમાં જીવહિંસા ખૂબ છે. આથી જ આ દોષ બને તો ન જ સેવવો જોઈએ. બેશક, ગીતાર્થ ગુરુ આ દોષ સેવવા માટે - અમુક આગાઢ સંયોગમાં આજ્ઞા કરે તો - સકારણ - સેવી શકાય પણ જો નિષ્કારણ સેવાય તો ગાયના લોહી-માંસ ખાવા જેટલું પાપ લાગે.

આધાકર્મ ભોજન ય તે ચડતી વખતે જો સાધુસંકલ્પવાળું હોય અને ઊતરતાં તે સંકલ્પ-ગમે તે કારણે-દૂર થયો હોય તો તે કર્મ આધાકર્મ કહેવાય નહિ. આ દોષ દ્રવ્યના ઊતરતી વખતના સાધુ-સંકલ્પ સાથે જ ગણાય છે.

સાધુએ ભૂલમાં ય એવી વાત પરસ્પર નહિ કરવી જોઈએ જેથી ભક્ત ગૃહસ્થોને તે વાતની ખબર પડી જાય કે સાધુને અમુક વસ્તુની જરૂર છે. ભક્ત તરત તે વસ્તુ તૈયાર કરી દે અને પોતાના માટે તે બનાવેલ છે એમ ભક્તિના અતિરેકમાં જૂઠું કહીને વહોરાવી દે.

એકદા શ્રાવકે સાધુને પૂછ્યું, "તમે અમારા પ્રદેશમાં કેમ વિચરતા નથી ? જવાબ મળ્યો કે તમારે ત્યાં ભાત ખાવાનો રિવાજ નથી. અમને તે જ વધુ ઈષ્ટ છે." બીજા વર્ષે તે ક્ષેત્રો ભાતના ખેતરોથી લચી ઊઠયા ! જરાક બોલ્યા કે દંડાયા !

જો કે જે ભક્ત આધાકર્મ કરે છે તે જો દોષોનો જાણકાર ન હોય તો (મુગ્ધ હોય તો) તેને વહોરાવવા છતાં પાપકર્મનો બંધ થતો નથી. ઊલટો વિપુલ પુણ્યબંધ થાય છે, કેમકે તેણે તો ભક્તિ જ કરી છે. પણ જો તેને દોષોનું જ્ઞાન હોય છતાં તે દોષયુક્ત કર્મ કરીને સાધુને ભક્તિથી પ્રેરાઈને વહોરાવે તો તેને પણ પાપકર્મ ન બંધાય કિન્તુ સાથેસાથે પુણ્યકર્મ પણ ખૂબ ઓછું બંધાય. કેમકે જાણકાર શ્રાવકે સાધુ દોષમાં પડે તે રીતે લાભ લેવો ન જોઈએ. બાકી ગૃહસ્થ તો શ્રેષ્ઠ રીતે સાધુ-ભક્તિ કરે.

અમુક વસ્તુ દોષિત છે કે નહિ ? તે વસ્તુ વહોરવી કે નહિ ? એ બધું સાધુએ

પોતાની સૂક્ષ્મ પ્રજ્ઞાથી જાણવું પડે. જો તેમાં તે ઊણો ઊતરે તો તેને દોષ જરૂર લાગે : અશુભકર્મબંધ અવશ્ય થાય.

ગ્લાન સાધુના ગ્લાનત્વના કારણે વૈદ્ય અને ગુરુને જો કોઈ દોષિત વસ્તુ આપવી પડે તો તેને આધાકર્મ પણ આપી શકાય.

ખરેખરું કારણ હોય છતાં જો આધાકર્મ ન લેવાય તો તે આત્મા અપરિણત કહેવાય. તેમાં તેને દોષ લાગે,

બિલકુલ કારણ ન હોય છતાં દોષિત વસ્તુ - મનમાન્યા કારણો ઊભા કરીને લેવાય તો તે આત્મા અતિપરિણત કહેવાય. તેને જરૂર દોષ લાગે.

સાધુ પરિણત હોવો જોઈએ. કારણ, અકારણનો બરોબર જાણકાર (ગીતાર્થ) હોવો જોઈએ.

કારણવશાત્ મગની દાળનો શીરો પણ ગુર્વાજ્ઞાથી લેવાય : કોઈ દોષ ન લાગે.

નિષ્કારણ આંબિલનું મગનું પાણી પણ ન લેવાય : ખૂબ દોષ લાગે.

પરમાત્મા મહાવીરદેવ વીતરાગ અવસ્થામાં હતા; આધાકર્મ દોષયુક્ત દ્રવ્ય તે વાપરે તો ય કર્મબંધની શક્યતા ન હતી છતાં પરંપરા ખોટી ન પડે તે માટે લોહીના ઝાડા દૂર કરવા માટે નિર્દોષ પાક લીધો પણ સદોષ પાક તો ન જ લીધો.

જો દેવાધિદેવ પણ આધાકર્મ દોષને ન સેવે તો આપણે સાધુઓએ તો તેને કેટલો છેટો રાખવો પડે !

કોઈ અપરિણત : તાજા શિષ્યને સકારણ આધાકર્મ આપવું પડે તો ય ગુરુ તે દોષની તેને જાણકારી થવા દીધા વિના તે દ્રવ્ય વપરાવે. અન્યથા તે દ્રવ્ય વારંવાર વાપરવા જતાં દોષસેવનના પરિણામો નિષ્ઠુર થઈ જાય. આવા વખતે ગુરુએ ખૂબ ગીતાર્થતા કામે લગાડવી પડે.

પ્રવૃત્તિ ઢીલી પડે ત્યારે ય પરિણતિને તો બચાવવી જ રહી.

ફળો (લીલા શાકભાજી અને કેળાં-કેરી-મોસંબી વગેરે ફળો) વાપરવાનો સાધુને નિષેધ છે.

હવે ધારો કે કોઈ એવા ગામમાં સાધુ ગયા જ્યાં નકરી ફળોની વાડીઓ

છે. લોકો માત્ર ફળાદિ ઉપર રહે છે. આ ગામમાં કોઈ સાધુનું પગનું હાડકું ભાંગી ગયું. તે જરાક પણ હાલી-ચાલી શકે તેમ ન રહ્યો. હાડવૈદે પાટો બાંધ્યો. દિવસો પસાર થવા લાગ્યા. ફળો તો લેવાય જ નહિ એટલે બધા પરિચારકો ચોવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ કરવા લાગ્યા. આમ છ માસ થયા. હજી પણ સાધુનું સ્વાસ્થ્ય ઊંચકીને લઈ જવા જેટલું ય સ્વસ્થ થતું નથી તો શું કરવું ? સાધુઓ પણ વધુ તપ ખેંચી શકે તેમ નથી.

તો... ઉપવાસના ૧૮૧મા દિવસે ફળોથી કે તેના રસથી પારણું કરવું. રસ પીવો.

પણ સબૂર ! તે રસ, રસથી (testથી) તો ન જ પીવો.

અપવાદ માર્ગે રસ પીવાની જ રજા.

અપવાદ માર્ગે પણ રસથી રસ પીવાની રજા તો એકાન્તે નહિ.

આ વાત બતાડે છે કે હજી કારણે આધાકર્માદિ દોષોનું કે ફળાદિનું સેવન થઈ શકે પણ રસથી તો ન જ થઈ શકે.

૪૨ દોષો જીવદયાના પાયા ઉપર તો ઊભા જ છે પણ ખૂબ વૈજ્ઞાનિક અને વ્યવહારુ છે.

ગોચરી લાવીને તરત વાપરવા ન બેસતાં, સ્વાધ્યાય કરવાનું જે વિધાન છે તે ખૂબ તર્કસંગત છે.

કોઈ સાધુ પસીનાથી રેબઝેબ થયા હતા. વધુ ભારવાળી ઝોળી લઈને ઉપાશ્રયે જતા હતા. દવાખાને બેઠેલા વૈદ્યે તેમને જોયા. તેને લાગ્યું કે જો ઉપાશ્રયે જઈને સાધુ તરત જ ભિક્ષા વાપરશે તો મૃત્યુ પામી જશે. એટલે કેટલીક વાર બાદ વૈદ્ય ઉપાશ્રયે ગયા. ત્યાં તે સાધુ સ્વાધ્યાય કરતા હતા. વૈદ્યે પૂછ્યું, "તમે કેમ તરત ગોચરી વાપરવા બેસી ન ગયા ? જવાબ મળ્યો, તેવી શાસ્ત્રાજ્ઞા છે."

અજૈન વૈદ્યને જૈનદર્શનની આ વ્યવસ્થા માટે અત્યન્ત માન ઉત્પન્ન થયું.

બીજી વાત કરું. કોઈ ઘરે વહોરવા ગયેલા સાધુને શીકામાં પડેલી વસ્તુ વહોરાવવા માટે બેન ઘોડો લઈને તેની ઉપર ચડવા ગયા કે તરત સાધુએ તેમ કરવાની ના પાડી. તે વસ્તુ વહોરી નહિ.

તે સાધુ અન્યત્ર ગયા. પછી કોઈ સંન્યાસી ભિક્ષા માટે આવ્યા. બાઈ ફરી ઘોડા ઉપર ચડી. શીકામાંથી કશુંક લેવા ગઈ. શીકામાં વીંછી હતો. તેણે જોરથી

ડંખ દીધો. ચીસ પાડીને બાઈ ધરતી ઉપર પડી ગઈ.

પતિને બધી વાતની ખબર પડતાં તે જૈનસાધુ ઉપર એટલા માટે ગરમ થયો કે તેણે જાણવા છતાં શા માટે વાત ન કરી ?

પતિ તે સાધુ પાસે ખુલાસો કરવા ગયો. સાધુએ કહ્યું "મને કશી વાતની ખબર ન હતી. પણ શાસ્ત્રમાં ભિક્ષાના બેંતાલીસ દોષમાંનો એક દોષ એ બતાડ્યો છે કે, "જે વસ્તુ ઊંચે ચડીને લેવાય તે વહોરવી નહિ."

મેં આ નિયમનું પાલન કર્યું. હવે ખ્યાલ આવ્યો કે ન દેખાય તેવી ઊંચે રહેલી ચીજ લેવાની કેમ ના પાડવામાં આવી છે ?"

જેમ ગૃહસ્થના ગોચરી-સંબંધિત ૪૨ દોષો છે તેમ સાધુના ગોચરી વાપરવા સંબંધિત પાંચ દોષો છે. એમાં રાગ (અને દ્વેષ) સૌથી મોટો દોષ છે.

બેંતાલીસ દોષ વિનાની ગોચરી જો આસક્તિ(રાગ)થી વપરાઈ જાય તો બેંતાલીસ દોષ વિનાની ગોચરી લાવ્યાની બધી મહેનત : તેના બધા પ્લસ આ આસક્તિના માઈનસમાં ધોવાઈ જાય.

બેંતાલીસ દોષ એટલે હાઈકોર્ટ.

પાંચ દોષ એટલે સુપ્રીમ કોર્ટ.

હાઈકોર્ટમાં જીતેલો માણસ જો સુપ્રીમમાં હારે તો તે હાર્યો જ કહેવાય.

બેંતાલીસમાં આધાકર્મ છે.

પાંચમાં આસક્તિ છે.

આધાકર્મ કરતાં આસક્તિ મોટું પાપ.

એક બાજુ આધાકર્માદિ દોષો વિનાના દૂધપાક–પૂરી હોય જેમાં આસક્તિ ખૂબ થાય. બીજી બાજુ આધાકર્માદિ દોષવાળી આંબિલની રસોઈ હોય પણ તેમાં આસક્તિ ન હોય તો આંબિલની આધાકર્મી ગોચરી વાપરવામાં દોષ ઓછો લાગે.

બીજી રીતે આ વાત એમ કહી શકાય કે કોઈ સાધુને આંબિલ કરવામાં ખૂબ પ્રેમ હોય પણ તેને મગની દાળ જ અનુકૂળ હોય, અને તે ઉપલબ્ધ ન હોય તો આધાકર્મ મગની દાળ કરીને, નિર્દોષ વિગઈઓની આસક્તિમાંથી ઉગારી લેવામાં બહુ અલ્પ દોષ ગણાય.

આંબિલનું આયોજન અદ્ભુત વસ્તુ છે. તારક તીર્થંકરદેવોએ આ ભોજનચર્યા બતાડીને કમાલ કરી છે.

ઉપવાસ કાયમ ન થાય.

વિગઈ કાયમ સેવાય પણ ગુણોને મારી નાંખે.

આંબિલ કાયમ કરી શકાય. દોષોને મારી નાંખે.

ઉપવાસ એ મિત્રનું ઘર છે. તેમાં કાયમ ન રહેવાય.

વિગઈ એ દુશ્મનનું ઘર છે. ત્યાં પળભર પણ ન રહેવાય.

આંબિલ એ ઘરનું ઘર છે. ત્યાં બિન્ધાસ્ત કાયમ રહેવાય.

આંબિલ આજીવન થઈ શકે. હા, તેનાથી દેહ નબળો પડે પણ તેની સાથે દોષો ય દૂબળા થઈ જાય એ કેટલો મોટો લાભ ! આંબિલ કરનાર મોહરાજ સામેના સંગ્રામમાં સિત્તેર ટકા જીતી ગયો ગણાય.

દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે ત્યાગીઓએ વિગઈઓના રસનું - બને તો- બિલકુલ સેવન કરવું ન જોઈએ. કેમકે તેઓ વીર્ય વગેરે ધાતુને ઉત્તેજિત કરે છે અને બ્રહ્મચર્યનો ભંગ કરે છે. મુનિના જીવનમાં દીપક સમાન જે બ્રહ્મચર્ય વ્રત છે તેને ભાંગો લાગે પછી જીવનમાં જીવવા જેવું શું રહે ?

રસોમાં સૌથી વધુ ઉત્તેજના ભોગરસની અને ભોજનરસની છે. અંગ્રેજીમાં એમ કહેવાય કે સેક્સ અને સ્ટમકની છે. જીભ અને લિંગમાં એક નાનકડી હાડકી પણ નથી. આથી તેનો ખળભળાટ અને સળવળાટ વિશેષ રહેતો હોય છે. જીભ ભોજનરસને અને લિંગ ભોગરસને ફટકાવે છે.

આ બે રસોને શાન્ત પાડવા માટે અશુચિભાવના અત્યન્ત સમર્થ છે.

વિજાતીય(નર કે નારી)નો દેહ મળ, મૂત્ર, શ્લેષ્મ, દુર્ગન્ધ, ચરબી, ઊલટી વગેરે અત્યન્ત ગંદી વસ્તુઓથી ભરેલો છે. એની ઉપર મોહક રંગની ચામડીનું આવરણ છે એટલા માત્રથી તે તરફ ખેંચાઈ જવું ન જોઈએ. કેમકે તેમ કરતાં દેહની અગાધ શક્તિ(વીર્ય અને લોહી)નો પ્રચંડ હ્રાસ થાય છે. આથી તે માણસ સંસાર ભોગવવા માટે તો નકામો થઈ જ જાય છે પણ ધર્મસાધના કરવા માટે ય નકામો થઈ જાય છે.

જે વીર્ય નામની સાતમી ધાતુને ઓજ અને તેજમાં પરિણમાવીને તેનું અધોગમન (સ્ખલન) સદંતર અટકાવવાનું છે તે વીર્યનું વાસના દ્વારા અધોગમન કરવું એ તો ખુલ્લી આત્મહત્યા કહેવાય.

એક વીર્યબિન્દુનો પાત થાય તો મોત થયું સમજવું. (બુંદ ગયે ઝૂરે જોગી) એક વીર્યબિન્દુની રક્ષા થાય તો જીવન મળ્યાનું સમજવું એમ સંસ્કૃતિમાં કહ્યું છે.

**मरणं बिन्दुपातेन, जीवितं बिन्दुरक्षणात् ॥**

સ્ટમક અને સેક્સ(જીભ અને લિંગ)નો વ્યવહાર જીવને આસક્ત બનાવે છે. પછી તેના તન અને મન અસ્વસ્થ બને છે, દૂબળા બની જાય છે.

જેનું મન ભ્રષ્ટ એનું તન ભ્રષ્ટ.

જેનું તન ભ્રષ્ટ તેનું જીવન ભ્રષ્ટ.

અશુચિભાવના આ રીતે ભાવવી જોઈએ.

ઓ કેરી, ગુલાબજાંબુ, ભજીયા ! તમે બધા ગળામાંથી પેટમાં પહોંચતાની સાથે - અડધી મિનિટમાં જ - ઊલટી જેવા વિકૃત સ્વરૂપને પામી જાઓ છો. ચારેક કલાકમાં તો એવી વિષ્ઠા બનો છો કે જેને અડતાં પણ ત્રાસ થાય. તો મારે શા માટે દેખીતા સુંદર કે સ્વાદમાં સુંદર તમારામાં આસક્તિ કરવી જોઈએ ?

એક ચિન્તકે સાચું કહ્યું કે, "ભાઈ ! રોજ સવારે તમે મંદિરે પ્રભુદર્શન કરો છો તો સાથે સાથે સંડાસમાં મળ-દર્શન પણ કરતા જાઓ. ગઈ કાલે સાંજે ખાધેલી જલેબીના શા હાલ થયા છે ? તે સંડાસમાં ધારી ધારીને જુઓ. પછી તમને એ પરપદાર્થોમાં આસક્તિ નહિ થાય.

ઓ નારી (નર) ! કેરી વગેરેનો વિપાક ગંદો છે પણ તારો દેહ તો સ્વરૂપથી, સાક્ષાત્ ગંદો છે. તારા દેહમાં મળ, મૂત્રાદિ કેટલા ગંદા છે ? તારામાંથી વહેતો પસીનો, પ્રભાતના સમયે બગાસાની નીકળતી હવા વગેરે પણ કેટલા બધા ગંદા છે ? હું તારામાં શી રીતે આસક્ત થાઉં ?

પુરુષના દેહમાં સામાન્યતઃ માત્ર લિંગ જ વિકારજનક છે જ્યારે નારીના તમામ અંગો વિકારના જનક છે. એટલે પુરુષે નારી માટે વિશેષરૂપે અશુચિભાવના ભાવવી જોઈએ.

ભોજન સંબંધમાં જ્ઞાનીઓએ કહ્યું છે કે શીરો પણ અશક્તિના કારણે અપવાદરૂપે સાધુ ખાઈ શકે પરંતુ આસક્તિથી તો મગનું પાણી પણ ન પીવાય.

સાધુએ ખાતી વખતે ભોજ્ય પદાર્થોને જરા પણ આસક્તિ વિના - અરે, નફરતપૂર્વક-ઝટપટ-કેવા ખાઈ લેવા જોઈએ ? તે અંગે દૃષ્ટાન્ત આપ્યું છે.

કોઈ સાવકી માએ દીકરાને દુષ્ટ ભાવથી મન્ત્રેલા અડદના દાણા ખવડાવી દીધા. પેટમાં ચોંટી ગયા. મગજ ભ્રમિત થઈ ગયું. છોકરો પાગલ જેવો થઈ ગયો. એક દિ' ઘરમાંથી નીકળી ગયો. જંગલ તરફ ધસમસતો ચાલવા લાગ્યો.

ચાર દિવસ સુધી લગાતાર ચાલચાલ કરવાથી ભાઈ અત્યન્ત ભૂખ્યો થયો. તરસ્યો પણ થયો. તરસના કારણે ગમે ત્યારે દેહમાંથી જીવ નીકળી જાય તેવી સ્થિતિ પેદા થઈ.

તેવામાં તળાવ આવ્યું. તેમાં કાદવમાં પગ ખૂંપી જતાં ચાર ભેંસો ફસાઈને મરી ગઈ હતી. તે મડદાંઓની ભયાનક વાસથી આખું વાતાવરણ ત્રાસમય - દુર્ગંધમય થઈ ગયું હતું. વળી તે તળાવ લીલ વગેરેથી ભરચક હતું. પેલો ભાઈ લીલ ખાઈને ભૂખ દૂર કરવા માટે અને પાણી પીને તરસ છીપાવવા માટે તે તળાવ તરફ દોડ્યો. જો કે ભયાનક દુર્ગંધથી માથું ફાટી જતું હતું પણ હવે બીજો કોઈ ઉપાય ન હતો.

એ અસહ્ય સ્થિતિમાં તેણે પાણીમાં સીધું મોં ઘાલી દઈને લીલ ખાવાનું અને પાણી પીવાનું શરૂ કર્યું. થોડુંક ખાધું, પીધું ત્યાં દુર્ગન્ધ નહિ ખમાતા જોરથી ઊલટી થઈ. બધું બહાર નીકળી ગયું. પણ સદ્નસીબે પેલા અડદના દાણા પણ બહાર નીકળી ગયા. તે ભ્રમિત અવસ્થામાંથી સ્વસ્થ થઈ ગયો.

જ્ઞાનીઓ કહે છે કે આ ભાઈએ ભયાનક દુર્ગન્ધના વાતાવરણ વચ્ચે જે લીલ ખાધી કે પાણી પીધું તે તેના પ્રત્યેની કેવી ભયંકર નફરત સાથે કર્યું હશે ?

આવી જ નફરત (અનાસક્તિ) પૂર્વક સાધુએ અન્ન-પાણી લેવા જોઈએ.

આજે પણ કેટલાક મહાત્માઓ (સાધુઓ અને ગૃહસ્થો) બધું ભોજન એકરસ કરીને, તેમાં કરીઆતું નાંખીને, રોટલી ઉપર દેશી દિવેલ ચોપડીને વાપરે છે. ખરેખર તેમના સ્વાદ-વિજયનું ખૂબ ખૂબ અનુમોદન થાય છે.

રસવિજય વિના સાચું સાધુપણું શક્ય નથી.

કોઈ પણ આત્મા કાં અજ્ઞાનતાને લીધે પાપ કરે, કેટલાક જ્ઞાન થયા પછી પણ -આ પાપ કરવા જેવું નથી તેવું જાણ્યા પછી પણ - આસક્તિના કારણે પાપ કરે.

ઉત્તરપ્રદેશ રાજ્યના જંગલોમાં બહુ મોટા ચીમ્પાન્ઝી જેવા વાનરો થાય છે. તેમનો શિકાર બહુ વિચિત્ર રીતે કરાય છે, કેમકે તેઓ સહેલાઈથી ઝપાટામાં આવી શકતા નથી.

તેઓ ઝાડ ઉપર હોય છે ત્યારે તેમના દેખતાં શિકારીઓ અતિવજનવાળા લોખંડના ઘડા મૂકે છે, જે નીચેથી મોટા પેટવાળા હોય છે પણ ઉપરથી એટલા સાંકડા નાળચાંવાળા હોય છે કે માંડ હાથ અંદર-બહાર થઈ શકે.

વાનરોના દેખતાં શિકારીઓ તેમાં કેળાં, સક્કરજન, જામફળ વગેરે નાંખે છે. પછી દૂર જતા રહે છે. વાંદરાઓ - તે ફળો ખાવા માટે - ધસી આવે છે. અત્યારે તેમને એ વાતનું અજ્ઞાન છે કે તેમને ફસાવવા માટેનું આ છાટકું ગોઠવાયું છે. પણ હાથ અંદર નાંખીને ફળ લીધા પછી હાથ-ફળસહિત-બહાર આવતો નથી અને સાંકળોના ગાળીઆ સાથે શિકારીઓ નજીક આવે છે ત્યારે સાચી વાતનું જ્ઞાન થાય છે. જો મૂઠીમાંથી ફળ છોડી દે તો એકલો હાથ બહાર નીકળી શકે તેમ છે, પણ તેઓ ફળની આસક્તિને લીધે તેમ કરવા તૈયાર થતા નથી. છેવટે શિકારીઓ તેમને પકડી લે છે.

જીવ પણ પ્રથમ અજ્ઞાનતાથી અને પછી આસક્તિથી માર ખાતો હોય છે.

સાધનાના માર્ગમાં ઘણા જ્ઞાની(!)ઓ આસક્તિથી માર ખાઈ જતાં હોય છે.

કંડરિક મુનિ, મંગુ આચાર્ય, અષાઢાભૂતિ, શેલક મુનિ વગેરે અજ્ઞાની ન હતા છતાં આસક્ત થવાથી સાધનાપંથે જબરો માર ખાઈ ગયા.

અરે પેલો ખાખી બાવો ! 'કઢી' પીવાની આસક્તિમાં એવો તો જબરો લપેટાયો કે લોકો તેને કઢીવાળો બાવો કહેવા લાગ્યા !

બાળ વજ્રમુનિ, ધનશર્મા મુનિ, સ્થૂલભદ્રજી વગેરે મહાત્માઓ અનાસક્ત હતા એટલે જ તેઓ કર્મરાજાએ બિછાવેલી જાળમાં ફસાયા ન હતા.

કોઈ પાપ તે વસ્તુતઃ પાપ નથી જો રાગ-દ્વેષ વિનાનું હોય. તેવા આત્માની દુર્ગતિ થતી નથી. તેને પાપી કહેવાતો નથી.

પાપ ખરેખર તો એક જ છે : રાગ, દ્વેષ.

ફળાદિનો રાગ, વિજાતીયનો રાગ, દેહનો રાગ ઉત્તરોત્તર વ્યાપક છે અને ભયાનક છે.

ભૂતકાળમાં રસવિજય ઉપર શિષ્યને દીક્ષાદાન કે જ્ઞાનદાનની કસોટી થતી. સંન્યાસી-ગુરુ મુમુક્ષુની કસોટી કરતાં. આ રીતે :

"મોં ખોલ. તારી જીભ ઉપર પીઠી સાકર મૂકવી છે." શિષ્ય તેમ કરવા દેતો. પછી, "મોં બંધ કરી દે." શિષ્ય મોં બંધ કરતો. પછી એક મિનિટમાં કહે, "મોં ખોલ અને મારી સાકર મને પાછી આપ."

એ અત્યન્ત સંભવિત છે કે જીભ ઉપર પડેલી સાકર, રસગ્રન્થિના રસો છૂટીને તરત ઓગાળી દે. પણ જો તેમ ન થાય, શિષ્ય એવું વિચારે કે "ગુરુએ મોં ખોલાવીને બંધ કરાવ્યું. પણ સાકર ગળામાં ઉતારી દેવાનું તો કહ્યું નથી. માટે મારે તે જીભ ઉપર જ રાખી મૂકવી જોઈએ." આમ વિચારીને જો મુમુક્ષુ રસગ્રન્થિને છૂટવા ન દે અને એવો ને એવો રાખેલો સાકરનો ભુકો જીભ બહાર કાઢીને ગુરુને લઈ લેવા કહે તો તે મુમુક્ષુ રસવિજેતા બને. તેને સંન્યાસ અપાય.

તપોવનો કે આશ્રમોમાં વિદ્યાર્થીઓ પાસે શાસ્ત્રપાઠ દેવા પૂર્વે આવી રસવિજયની પરીક્ષા લેતા.

કોઈ આશ્રમમાં ધૌમ્યર્ષિ નામના કુલપતિ હતા. તેમણે કેટલાક વિદ્યાર્થીઓને ગીતાનો પાઠ શરૂ કરવા માટે ચૂંટ્યા. તેમાં આરુણિ નામના દસ વર્ષના બાળકને ન લીધો. ગુરુપત્નીને આરુણિ અંત્યન્ત વહાલો હતો. તેમણે વાંધો ઉઠાવ્યો અને આરુણિની રસ-પરીક્ષા કરવાનો પડકાર ફેંક્યો. કુલપતિએ પરીક્ષા શરૂ કરી.

રાતે આરુણિને કહ્યું કે, "તારે કાલે સવારે પાંચ વાગે રસોડે દૂધ પીધા વિના સો ગાયોનું ધણ લઈને જંગલમાં ચરાવવા લઈ જવી."

આરુણિએ તેમજ કર્યું. પણ બપોરે બાર વાગતાં તો એવી સખત ભૂખ લાગી કે ચક્કર આવવા લાગ્યા. તેણે કોઈ ગાયના આંચળમાં મોં મારીને ખાસ્સું દૂધ પી લીધું.

સાંજે આશ્રમમાં આવતાં જ કુલપતિએ પૂછ્યું કે, "દૂધ પીધા વિના આખો દિવસ કેવો પસાર થયો ?"

આરુણિએ સાચી વાત કરી દીધી. હવે ફરી કુલપતિએ ગાયોને હાંકી જવા કહ્યું અને રસોડાનું તો નહિ જ; પણ આંચળેથી પણ દૂધ પીવા ઉપર પ્રતિબંધ મૂક્યો. આરુણિએ 'જી ગુરુદેવ !' કહીને તે આદેશનો સ્વીકાર કર્યો.

પણ આરુણિને બપોરે ચાર વાગતાં તો સખત ચક્કર આવવા લાગ્યા. તેણે વાંછડીઓ દ્વારા ગાયના આંચળેથી દૂધ પીતી વખતે ચારે બાજુ ઊડતાં દૂધના

ફીણના ગોટા - કે જે ધરતી ઉપર પડેલા હતા તે - મોં લગાવીને ખાઈ લીધા. કાંઈક ભૂખ શમી.

પણ કાશ ! કુલપતિએ તેનો ય નિષેધ કર્યો. લથડતે પગલે ગાયોને ઘરભણી કરતા આરુણિને જ્યારે ચાલવું ય મુશ્કેલ થઈ ગયું ત્યારે તેણે થોરીઆને તોડીને તેનું દૂધ ઠીક ઠીક પી લીધું. થોરનું દૂધ ઝેરી હોય. તેની આંખોનું તેજ ચાલી ગયું.

રસ્તામાં નહિ ગળાએલા કૂવામાં તે ગબડી પડ્યો. સદ્ભાગ્યે વૃક્ષની ડાળ હાથમાં આવી ગઈ.

ગાયોનું ધણ આપમેળે આશ્રમ ભણી ચાલી ગયું.

આશ્રમમાં ગાયો આવી પણ આરુણિ ન આવ્યો એટલે ગુરુપત્નીએ.પોક મૂકી. ભારે કડક શબ્દોમાં—આકરી પરીક્ષા લેવા બદલ - કુલપતિને ઠપકો આપ્યો.

બે જણા આરુણિને શોધવા લાગ્યા.

"આરુણિ ! ઓ, બેટા આરુણિ !" એકધારી થતી માતાજીની બૂમોનો આરુણિએ કૂવામાંથી પ્રતિસાદ આપ્યો. કુલગુરુએ તેને બહાર કાઢ્યો.

જ્યારે આરુણિએ કહ્યું કે, "માતાજી ! મને દેખાતું નથી. મારો હાથ ઝાલો." ત્યારે જ ભંડો ફૂટ્યો કે તેણે થોરનું ઝેરી દૂધ પી લીધું હતું.

માતાજીએ આર્તસ્વરે રૂદન કર્યું. કુલગુરુને ખૂબ ખૂબ ઠપકો આપ્યો.

ગુરુજીએ કહ્યું, "આરુણિ કસોટીમાંથી બરોબર પાર ઊતરી ગયો છે. તેણે મારી બધી આજ્ઞા બરોબર પાળીને રસવિજય દર્શાવ્યો છે. કાલથી તેને ગીતાજી ભણાવવાનું શરૂ કરી દઉં છું."

આવી હતી; ભારતીય સંસ્કૃતિની પ્રાચીન પરંપરામાં રસવિજયની પરીક્ષા.

સાધુજીવનના સર્વોત્તમ ગુણો છે : સમતા, કરુણા અને વૈરાગ્ય.

તેના અધમાધમ દોષો છે : કૃતઘ્નતા, રસલંપટતા અને ક્રોધ.

સાધુએ પોતે સમજી લઈને જીવનને ગુણોથી મઘમઘતું બનાવી દેવું જોઈએ.

* * *

**આદાન-નિક્ષેપણા સમિતિ**

**पुव्विं चक्खुं परिक्खिय पमज्जिउं जो ठवेइ गिण्हइ वा ।**
**आयाणभंडनिक्खेवणाइ समिओ मुणी होइ ॥ २९९ ॥**

**અર્થ :** પહેલાં ચક્ષુથી બરોબર સ્થાનને જોઈ લઈને પછી તે સ્થાનને રજોહરણથી પૂંજી લેવું અને પછી તે સ્થાને કાંઈક પણ મૂકવું કે ત્યાંથી કાંઈક લેવું.

આ રીતે ગ્રહણ (આદાન) અને વસ્તુનું મૂકવું (નિક્ષેપણ) વગેરે જે મુનિ કરે તે આ સમિતિથી સમિત મુનિ કહેવાય.

**વિવેચન :** બે પ્રકારના પ્રતિલેખન કરવાના છે. એક : ચક્ષુથી જોવારૂપ. બે : રજોહરણાદિથી પૂંજવારૂપ.

ગમે તેવા વિદ્વાન, વ્યાખ્યાનકાર, પ્રભાવક સાધુએ આ નિક્ષેપણાસમિતિની ઉપેક્ષા કદી કરવી ન જોઈએ.

વિશિષ્ટ કોટિના આરાધક મુનિઓ આવી વાતોને નાની ન ગણતા આને જ વધુમાં વધુ મહત્ત્વ આપતા. રાતે ઊંઘમાં પણ જો પડખું ફેરવવાનું થાય તો સહજ રીતે રજોહરણ હાથમાં લે. પીઠ-પગ અને સંથારો બે ય ને પૂંજે.

એક વાર ચોરો મુનિનો વધ કરવા માટે આવ્યા. છુપાઈને ઊભા રહ્યા. તે વખતે મુનિએ ઉપર્યુક્ત રીતે પૂંજ્યું - પ્રમાર્જ્યું. (મારા સ્વર્ગીય ગુરુદેવ પણ આવું જ કરતા.)

ચોરોએ વિચાર્યું કે, "જે સાધુ ઝીણામાં ઝીણા જીવની દયા કરે છે તેમની હત્યા આપણાથી કેમ થાય !" તેઓ નમન કરીને વિદાય થઈ ગયા !

કોઈ મુનિને જીવદયાનો પરિણામ આત્મસાત્ થયો હતો. સ્વર્ગમાં ઈન્દ્ર મહારાજાએ દેવ-સભા સમક્ષ અનુમોદના કરી. કોઈ દેવને પરીક્ષા કરવાનું મન થયું. તેણે હાથીનું રૂપ વિકુર્વ્યું.

કાયોત્સર્ગસ્થ મુનિને સૂંઢથી ઊંચકીને આકાશમાં ઉછાળ્યા. તે વખતે ધરતી ઉપર નજરવાળા મુનિ વિચારવા લાગ્યા, "અરે ! મારે ક્યાં પછડાવવું પડશે, જ્યાં મેં પૂંજ્યું નથી. અરેરે... ત્યાં રહેલા કીડી વગેરે જીવોનો મારા દેહની પછડાટમાં કેવો કચ્ચરઘાણ બોલાઈ જશે ! અરેરે ! હું કેવો જીવહત્યારો !"

તેમની આવી ચિત્તપરિણતિને જ્ઞાનબળથી જોઈને દેવે તેમની રક્ષા કરી. તેમના ઉત્તમ સંયમજીવનની ભારોભાર અનુમોદના કરી.

હજી એક વાત કરું. એ મુનિ ઉત્કૃષ્ટ સંયમ પાળતા. કોઈક વાર ભિક્ષાએ જતાં શ્રાવકે પૂછ્યું કે, "શું તમે તમારા જીવનમાં કોઈ દોષ સેવ્યો નથી ? જો તમે સાવ નિર્દોષ જીવનના સ્વામી હો તો તમને ભિક્ષા વહોરાવવાનો મને ખૂબ ભાવ ઉત્પન્ન થાય."

સાધુએ કહ્યું "મન-વચન-કાયાથી-પ્રત્યેકથી એકેકો દોષ સેવ્યો છે. તે આ રીતે :

કોઈ સ્ત્રીની ચંપાની માળા જોઈને, એવી જ માળા પહેરતી મારી સંસારી પત્ની મનથી યાદ આવી ગઈ.

"આ કેળાં ક્યાંથી લાવ્યા ?" એવું ભિક્ષાચર્યામાં કોઈ શેઠે મને પૂછ્યું. મારાથી તે શેઠનું નામ દેવાઈ ગયું. તે તેનો કટ્ટર દુશ્મન હોવાથી ક્રોધથી આંધળો થઈ ગયો. મારાથી નામ દેવાઈ જવાનો દોષ સેવાઈ ગયો.

એકદા જે જગાએ મેં રાતે સૂતી વખતે પૂંજ્યું ન હતું તે જગાએ જ મારે પડખું ફેરવીને ખસવું પડ્યું, કેમકે જ્યાં હું સૂતો હતો ત્યાં માથાની પાસે જ કોઈ સાર્થના માણસે પાણી ઉકાળવાની વ્યવસ્થા કરી. આગ પ્રગટાવી. તેની ઝાળ ખમાઈ નહિ એટલે વગર પૂંજેલી જગ્યાએ માથું ગોઠવવું પડ્યું." આ સાંભળીને શ્રાવક અતિપ્રસન્ન થયો. બોલી ઊઠ્યો, "વાહ મુનિવર વાહ !"

આ વાતમાં અણપૂંજી જગ્યાએ - આગળ ઝાળના કારણસર - માથું મૂકવાની ફરજ પડી તેમાં ય મુનિને કેટલું બધું દુઃખ છે ? તે જોવા મળે છે.

સુખસાગરજી નામના મહારાજ એક સૈકા પૂર્વે થયા. બાર મહિનામાં એકાદ વાર પોસ્ટકાર્ડ લખે. જ્યારે તે ડબ્બામાં નાખવા આપે ત્યારે તેમનો જીવ વ્યથાથી સળગી જાય. તે વિચારે કે, "તે ડબ્બામાં મારું પોસ્ટકાર્ડ જ્યાં પડશે ત્યાં તો મેં પૂંજ્યું ન જ હોય. હાય ! કેવી જિનાજ્ઞાની વિરાધના થઈ જશે."

કોક શિષ્યે પૂજ્યપાદ સ્વર્ગીય ગુરુદેવને સવાલ કર્યો કે દેવો કેમ આવતા નથી ! ગુરુદેવે જવાબ અનામત રાખ્યો. પણ જ્યારે તે જ શિષ્યે કાપ કાઢીને ભીની પરાત દિવાલને ટેકવી ત્યારે તેણે દિવાલ ઉપર પૂંજ્યું નહિ. તે જોઈને તેને કહ્યું, "જો આપણે આવું જિનાજ્ઞા-વિરુદ્ધ જીવન જીવીએ પછી શી રીતે દેવો સહાય કરવા આવે ?" બાપડો શિષ્ય ચૂપ થઈ ગયો !

બાદશાહ અકબરે આચાર્ય ભગવંત હીરસૂરિજીને આગ્રામાં પ્રવેશ કરાવ્યો. પછી રાજમહેલમાં પ્રવેશ કર્યો. બાદ રાજમહેલની રાજસભામાં પ્રવેશ થયો. તે વખતે પ્રવેશ ન કરતાં ગુરુદેવ થોભી ગયા. બાદશાહે આગળ ડગ માંડવા વિનંતી કરી. પૂજ્યશ્રીએ કહ્યું, "અહીં જીવો હોવાની સંભાવના છે."

અકબરે કહ્યું, "જયાં રોજ સાફસફાઈ થાય ત્યાં જીવો ક્યાંથી હોઈ શકે ?"

ગુરુદેવે ત્યાં બીછાવાયેલી જાજમ ઉઠાવડાવી. તેની નીચે ઢગલાબંધ કુંથુઆ ખદબદ થતા દેખાયા.

બાદશાહ સ્તબ્ધ થઈ ગયો. સંબંધની તે પહેલી જ પળે બાદશાહે ગુરૂદેવમાં અલ્લાહના દર્શન કર્યા. તે અંતરના પૂરા માનથી ઝૂકી ગયો.

ગુરુદેવની પૂંજવા-પ્રમાર્જવાની કેટલી સૂક્ષ્મ કાળજી !

આવું જ મારા જીવનમાં બન્યું. પણ હું તે વખતે જિનાજ્ઞાપાલનમાં નાપાસ થઈ ગયો.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અંતુલેને તેના મકાનમાં મળવા જવાનું થયું. ઠેઠ નીચેના દાદરથી સર્વત્ર જાજમો પાથરી હતી. મારે અંતુલેને મારી પાસે નીચે બોલાવવા જોઈતા હતા પણ હું લાચાર બન્યો. જાજમ ઉપર બિન્ધાસ્ત ચાલી ગયો !

કેવું આ નિર્બળતમ સંયમ ! કયાં હીરસૂરિજી મહારાજનું પ્રચંડ સંયમબળ !

આ સંયમબળના કારણે જ તેઓ અતિ ક્રૂર, ક્રોધી, વ્યભિચારી બાદશાહને 'અમારિ'ના પિંજરામાં પૂરી શકયા. તેમની પાસે વ્યાખ્યાનશક્તિની પ્રભાવકતા ન હતી. પણ સંયમધર્મના ઉત્કૃષ્ટ પાલનનું પ્રચંડ પ્રભાવકબળ હતું.

આટલા બધા મોટા મહાત્મા પણ ગાલીચાની જમીનને પૂંજવી જોઈએ, તે વિના ત્યાં ડગ ન મંડાય એ કેટલી બધી આશ્ચર્યજનક અને આનંદજનક વાત કહેવાય !

પેલા બાળસંન્યાસી વલ્કલચીરીને પૂંજણીથી વસ્તુઓનું પ્રમાર્જન કરતાં કરતાં કેવું કેવળજ્ઞાન થઈ ગયું હતું.

અરે, આશ્ચર્યજનક ઘટના કહું.

એક મહાત્માએ સાંજના સમયે માત્રુ, સ્થન્ડિલ વિસર્જન કરવા માટે જે જગ્યા જોઈ રાખવાની હતી તે ભુલાઈ ગઈ. રાત્રે માત્રુ કરવાની અસહ્ય શંકા જાગી.

'હે અરિહંત, હે અરિહંત !' જોરથી-વેદનાથી કણસતા–બોલવા લાગ્યા. "મરી જઈશ પણ અણદીઠી અને અણપૂંજી જગ્યાએ માત્રુ તો નહીં જ કરું." એવો તેમનો દૃઢ સંકલ્પ હતો.

આટલી બધી ઊંચી કક્ષાના ધર્મના પ્રભાવે ત્યાંથી આકાશમાં પસાર થતા દેવને આંચકો આવ્યો. તે તરત ધરતી ઉપર આવી ગયો. તેણે સમસ્ત પરિસ્થિતિને ધ્યાનમાં લીધી.

તે વારંવાર વીજળીના જોરદાર ઝબૂકા કરવા લાગ્યો. ઝબૂકાના એ પ્રકાશમાં મુનિએ ધરતીને ચક્ષુથી પૂંજી લીધી અને તરત માત્રુ કરી લીધું. મુનિ પ્રાણાન્ત કષ્ટમાંથી ઉગરી ગયા.

અહા, કેવું જબરદસ્ત નેત્રદીપક સમિતિનું પાલન.

જ્યારે ઘણા બધા મુનિઓ આ રીતે સમિતિનું પાલન કરશે ત્યારે સેંકડો દેવો ધરતી ઉપર ધસી આવશે અને આનંદથી રાસડા લેશે : ગીતો ગાશે : નૃત્યો કરશે.

ગૂર્જરેશ્વર કુમારપાળ જ્યારે યુદ્ધમાં જતા ત્યારે ઘોડા ઉપર બેસતી વખતે પલાણને-ત્યાં તૈયાર બાંધી રખાતી - પૂંજણી વડે પૂંજતા. રખે કોઈ સૂક્ષ્મ જીવજંતુની વિરાધના ન થઈ જાય !

તેમના અગિયાર લાખ ઘોડા હતા. તમામને પલાણની સાથે પૂંજણી બંધાતી. તમામને ગાળેલું પાણી પીવાનું ફરજિયાત હતું.

જેને દાયકાઓ સુધી ભોજનમાં સૌથી વધુ પ્રિય માંસ હતું તે કુમારપાળ પલાણના સૂક્ષ્મ જીવોની ચિન્તા કરવા લાગ્યા. કેવા હશે એમના ગુરુદેવ આ. હેમચન્દ્રસૂરિજી !

ધન્ય ગુરુદેવ ! ધન્ય જનેતા !

* * *

**પારિષ્ઠાપનિકા સમિતિ**

**उच्चार-पासवण-खेल-जल्ल सिंघाणए य पाणविही ।**
**सुविवेइअपवेसे निसिरंतो होइ तस्समिओ ॥ ३०० ॥**

**અર્થ :** સ્થંડિલ, માત્રુ, કફ, શરીરનો મેલ, નાકનો મેલ (ગુંગા), 'ચ' શબ્દથી ભોજન વગેરે વિસર્જન કરવા લાયક વસ્તુઓને અત્યન્ત જંતુરહિત, વનસ્પતિરહિત જગામાં વિસર્જન કરતો સાધુ પારિષ્ઠાપનિકા સમિતિથી સમિત કહેવાય છે.

**વિવેચન :** આ સમિતિની વિધિ જે તે પદાર્થોનું વિસર્જન કરવા માટે છે. સાધુના શરીરના જે કોઈ અશુચિ પદાર્થો હોય તે તમામમાં બે ઘડી પછી (શરીરથી છૂટા પડે ત્યારથી) અસંખ્ય સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય જીવોની ઉત્પત્તિ થઈ જાય છે; જે પશુઓના મળ-મૂત્રાદિકમાં બે ઘડીમાં થતી નથી. આ સમિતિ દ્વારા પર્યાવરણ-(કુદરત)ને દૂષિત થતી અટકાવાઈ છે.

જિનેશ્વરદેવો ખરેખર સર્વજ્ઞ હતા તે વાતની ખાતરી આ સૂક્ષ્મ કાળજીમાંથી મળે છે.

ઝાડો, પેશાબ વગેરે જો બે ઘડીમાં સુકાઈ જાય : લગભગ સુકાઈ જાય (અશક્ય પરિહાર એ જુદી વાત છે) તો ધરતી ઉપર ગંદકી થતી અટકી જાય અને હમણાં જણાવ્યું તેમ મોટા પ્રમાણની જીવહિંસા બંધ થઈ જાય.

થૂંકના એક ટપકામાં શરીરથી છૂટું પડ્યા બાદ - જો તે સુકાયું ન હોય તો- બે ઘડીમાં અસંખ્ય સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન થઈ જાય. જો તે સમયમર્યાદાની અંદર સુકાઈ જાય તો આ જીવહિંસામાંથી ઊગરી જવાય. વળી, ગંદકી થતી અટકી જાય.

આથી થૂંક વગેરે રેતીમાં પડે પછી પગેથી ઘસી નાંખવું જોઈએ.

પેશાબની એક જ ભાગ ઉપર સીધી ધાર થવા દેવી ન જોઈએ. પ્યાલામાં પેશાબ કરીને છૂટોછવાયો વિસર્જિત કરવો જોઈએ.

મળને એક જ ઠેકાણે ઢગલો થવા દેવો ન જોઈએ, પણ જરાક બાજુ બાજુએ ખસીને છૂટો પડવા દેવો જોઈએ. વળી, શૌચ પછીનું જે પાણી વપરાય તે મળ ઉપર નહિ પડવું જોઈએ.

આ બધામાં બે ઘડીની અંદર વસ્તુનું સૂકવી નાંખવાનું સિદ્ધ થાય છે.

પવન, સૂર્યતાપ વગેરે મળાદિકને સૂકવવામાં સહાયક બને છે.

આજે સંડાસ, બાથરૂમ કે વાડાનો જે ઉપયોગ થાય છે તેમાં આ સમિતિનું... સરવાળે સાધુત્વનો સરીઆમ સંહાર થાય છે. આ બધું રોજ ચાલે તો નિષ્ઠુર પરિણામ થવાથી સમ્યક્ત્વનો પણ કચ્ચરઘાણ નીકળે છે.

જો મુમુક્ષુએ 'સાચા સાધુ' બનવા માટે જ મહાવીરની પછેડી પહેરી હોય : ઓઘો લીધો હોય તો તેણે પાંચ સમિતિનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ. તેનાથી તે નગરોમાં રહેવાય જ નહિ જયાં આ સમિતિઓનો ભુકો બોલાતો હોય.

શૌચ માટે ભલે બે કિલોમીટર દૂર જવું પડે; તેમાં સ્વાધ્યાયહાનિને નજરમાં લાવીને તે કાર્ય અટકાવવું નહિ. સમિતિનું પાલન એ સ્વાધ્યાયનું ફળ છે. તે પાલન સરસ રીતે થાય તે માટે તો શાસ્ત્રો ભણવાના છે. હવે દૂર જવામાં સ્વાધ્યાયહાનિનો સવાલ જ ક્યાં ઊભો થાય છે ?

નગરોમાં જવું જ પડે તો શાસનપ્રભાવકોએ જવું. શાસનના અતિ મહત્ત્વના કાર્ય માટે જવું. બાકી ગુરુએ જ બીજા સાધુઓનું સમિતિ આદિ સાધુધર્મોનું પાલન સુંદર થાય તે માટે નાના ગામ-નગરોમાં જ વિહાર કરવાની વ્યવસ્થા કરવી જોઈએ.

આજે તો પરહિતની ભ્રમણામાં (ધૂનમાં) સ્વહિત સાવ ખોવાયું છે.

સાધુ તો મુહપત્તિના ઉપયોગથી શોભે, નીચે જોઈને ચાલવાથી શોભે, મૌનથી કે નિરવદ્ય મીઠી ભાષા બોલવાથી શોભે, નીચી નજર સાથે નિર્દોષ ગોચરી વહોરવાથી શોભે, નારી સાથે નજર નહિ મિલાવવાથી શોભે.

જ્યાં ત્યાં, જેમ તેમ, બેફામપણે વર્ત્તનારો સાધુ કાંઈ સાધુ કહેવાતો હશે ?

જો વિસર્જિત કરેલા મળમાં કૃમિ હોવાની શક્યતા જણાતી હોય તો ઉપાશ્રયેથી નીકળતાં જીર્ણ વસ્ત્રનો ટુકડો લેવો જોઈએ, જે મળની ઉપર ઢાંકી દેવાય. પાકીને સુકાઈ ગયેલું મોટું પાંદડું પણ આ ઉપયોગમાં આવી શકે. અરે, કાંઈ ન મળે તો સાધુએ બે ઘડી સુધી ત્યાં એવી રીતે ઊભા રહેવું જોઈએ કે તેના દેહના પડછાયામાં તે જીવને શાતા મળે.

કોઈ ગામડીઆને પૂછવામાં આવે કે, "કળશો લઈને તું ક્યાં જાય છે ?" તે કહેશે કે, "જંગલ જાઉં છું." તે એમ નહિ કહે કે, "ખેતર જાઉં છું." આ વાત સૂચવે છે કે મળ-વિસર્જન જંગલમાં થાય, ખેતરમાં નહિ. કેમકે તેથી ખેડૂતને દુગંછા થાય. તે મારવા પણ આવે.

એ વાતનો સહુએ ખ્યાલ રાખવો કે ભક્ષ્ય વસ્તુનું પારિઠાવણી થાય. માવો વગેરે અભક્ષ્ય વસ્તુઓ તેના માલિકને પાછી દેવી એ સારો માર્ગ છે. જે ચીજ અભક્ષ્ય હોય તેને ભૂલથી પણ ધર્મલાભ અપાયો હોય તો તે ગણાય નહિ. અભક્ષ્યની સ્વીકૃતિ (ધર્મલાભ-સંકેત) ન હોય. પણ જો માલિક, - સાધુને વહોરાવેલું હું પાછું કેમ લઉં ? એવા વિચારે વસ્તુ પરત ન સ્વીકારે તો તે વસ્તુને છાંયડામાં

ક્યાંક મૂકવી પડે. જો પ્રવાહી સ્વરૂપ હોય તો ફૂટી ગયેલા ઘડાના અડધીઆમાં તેને નાંખીને કોઈ અવાવર ઘરની દિવાલની આડશમાં મૂકી દેવી પડે. જો કે એ વસ્તુ બિલાડી વગેરે વાપરી જાય તે સુસંભવિત છે પણ એક વસ્તુ વોસીરાવી દીધા પછીના પર્યાયોને સાધુએ લક્ષમાં લેવાના નથી; કેમકે તે બધી પાછળની કાળજી સાધુ માટે અશક્ય છે.

સાધુ પાસે જે વસ્ત્રાદિક હોય તે ફાટ્યા, તૂટ્યા હોય કે જીર્ણ થયા હોય તેનું તરત વિસર્જન (પારિઠાવણી) કરાતું નથી, પણ યથાશક્ય રીતે તેનો વધુમાં વધુ કસ કાઢવાનો હોય છે. છેલ્લે લૂણાં બનાવે. પછી છેલ્લે તેના ઝીણાં ટુકડા કરીને તેનું દૂરસ્થ રેતીના ઢગલામાં વિસર્જન કરે.

જો ભિક્ષામાં વસ્તુ-શાક, ભાત વગેરે વધી પડે તો તે શક્ય હોય ત્યાં સુધી રેતી વગેરેમાં પરઠવી શકાતા નથી. તે સહુએ ભાગે પડતા લઈને વાપરવાના હોય છે. અરે ! છેવટે તિવિહાર ઉપવાસીને પણ તે વપરાવી દેવાય છે. જો તેમ ન કરતાં પરઠવવામાં આવે તો (૧) વહોરાવનારના આશયને (સાધુની ભક્તિ કરવાના) ધક્કો લાગે, તેને અપ્રીતિ થાય. જો કૂતરા વગેરેને ખવડાવી દેવાય તો વહોરાવનારા ગૃહસ્થોને સાધુને વહોરાવવામાં ભક્તિ ઊછળે નહિ : કદાચ કેટલાક ન પણ વહોરાવે. (૨) ફાવે તેમ-ગણતરી રાખ્યા વિના વહોરવાની શક્યતા વધી જાય. જે વધે તે આરામથી ફેંકી દેવાનું એટલે કોઈ ચિંતા નહીં. આમાં તીવ્ર આસક્તિ પોષાય. (૩) વધુ પરઠવતાં વધુ વિરાધના થાય. (૪) બરોબર-વિધિસર -ન પરઠવાય તો સંમૂચ્છિમ જીવોની ઉત્પત્તિ થાય.

આથી તિવિહાર ઉપવાસી કે છઠ્ઠીઆતાને પારિઠાવણી વાપરવા દેવું પડે. આ વિધિના જાણકાર સાધુઓ બેફામપણે વસ્તુ ન લાવવાની વાતની વિશેષ કાળજી રાખે.

જે પારિઠાવણી વાપરે તેનો ઉપવાસ વગેરે યથાવત્ રહે. તે પ્રાયશ્ચિત્તમાં ઉપવાસ તરીકે જ વાળી શકાય. તે ખાવા છતાં ઉપવાસી કહેવાય.

ધર્મરુચિ અણગારે કડવી તુંબડીનું ઝેરી શાક રેતીભેગું ચોળ્યું ન ચોળ્યું ત્યાં એક કીડી આવી ગઈ. શાકનું ઘી ચાખવાની સાથે બેભાન થઈ ગઈ. અણગારને ખૂબ આઘાત લાગ્યો. ઘણી બધી જીવવિરાધનાની શકયતા જોઈને કકળી ઊઠ્યા. જાતે જ બધું વાપરી જઈને મોતને મીઠું કરી લીધું !

પોતે વહોરેલા લાડુ પોતાની લબ્ધિથી પ્રાપ્ત થયા નથી એવું નેમિનાથ ભગવંત પાસેથી જાણતાંની સાથે 'લબ્ધિથી મળેલું દ્રવ્ય જ વાપરવું' એવી પ્રતિજ્ઞાવાળા તે ઢંઢણમુનિએ તે લાડુનું વિસર્જન કર્યું. પણ તે વખતે પોતાના જીવની પૂર્વભવોની પાપમયતાને ધિક્કારતાં ક્ષપકશ્રેણિ લાગી ગઈ. કૈવલ્ય પામી ગયા.

તારક પરમાત્માએ આ પાંચમી પારિષ્ઠાપનિકા સમિતિ બતાડીને - જેમાંથી દુર્ગંધ નીકળે કે રોગોત્પાદકતા ઉત્પન્ન થાય તે બધી વસ્તુઓનું વિસર્જન બતાડ્યું.

મળ, મૂત્રાદિક સર્વ અનિષ્ટ વસ્તુઓને આ સમિતિના પાલનથી નામશેષ કરી દેવાની જણાવી.

જે મકાન, દુકાન, ધન વગેરેનું વિસર્જન ન થઈ જાય તેનો ત્યાગ કરી દેવાનું જણાવ્યું. સર્વવિરતિનો માર્ગ બતાડ્યો.

જીવ-જગતના આરોગ્યાદિકની સુખાકારીનો કેવો અદ્ભુત વિચાર પ્રસ્તુત કરાયો છે !

આજે તો મળાદિનું વિસર્જન થવાને બદલે સુએઝ નહેર દ્વારા વસઈ વગેરે સ્થળોમાં લાખો લીટર ગંદું પાણી, ચિક્કાર મળ, પુષ્કળ કચરો એકઠો કરાય છે; જેના અનિષ્ટોથી માનવજાત પોતાનો વિનાશ વહોરી રહી છે.

આમાં ય ખૂબ ગંભીર બાબત બની છે; પ્લાસ્ટિકનો નિકાલ.

પ્લાસ્ટિક એવી વસ્તુ છે જેનો નાશ કોઈ પણ રીતે થઈ શકતો નથી. આ વસ્તુ બળીને રાખ પણ થઈ શકતી નથી. અમેરિકામાં તો એક ઠેકાણે લાખો ટન પ્લાસ્ટિકનો ખડકલો થયો છે જેનો નિકાલ કરવાનો કોઈ રસ્તો જડતો નથી.

ધરતી ઉપર જો આ પ્લાસ્ટિક હોય અને ગાય વગેરે પશુઓ - ભૂખના માર્યા– ખાઈ જાય તો તે પચતું નથી. આંતરડામાં ચોંટી જાય છે. મર્યા પછી પેટ ચીરાતાં તે પશુના પેટમાંથી વીસ કીલો જેટલું પ્લાસ્ટિક બહાર નીકળે છે. આવા કારણે લાખો ઢોર મૃત્યુ પામવા લાગ્યા છે. ભૂખમરાના કારણે રખડતા-રઝળતા ઢોરો પ્લાસ્ટિક ખાઈને પેટ ભરવાનો નિષ્ફળ યત્ન કરે છે.

જે ચીજનું વિસર્જન (પારિઠાવણી-તે ય ઝટપટ) ન થાય તે પ્લાસ્ટિક સાધુએ નહિ વાપરવું જોઈએ. સંડાસ-બાથરૂમનો સાધુએ ઉપયોગ નહિ કરવો જોઈએ.

લગભગ વીસ-પચ્ચીસ વર્ષ પૂર્વે કોઈ બાઈએ એવું જાહેર કરેલ કે, "ત્રીજું વિશ્વયુદ્ધ સંડાસના કારણે થશે."

આ વાતને કોઈ સમજી ન શક્યું. તેનો કોયડો ઉકેલી ન શક્યું. પણ હવે જ્યારે સમસ્ત વિશ્વમાં પાણીની તંગી પડવા લાગી છે; પાણીના દુકાળ પડી રહ્યા છે ત્યારે ઓલી બાઈની વાત સાચી પડતી જણાઈ છે.

એક માણસ સંડાસ જાય ત્યારે બધું મળીને સરેરાશ ૨૫ થી ૩૦ લીટર પાણી વાપરી નાંખે છે.

આ પ્રમાણે ગણીએ તો કરોડો માણસો દ્વારા કેટલા અબજ લીટર પાણીનો સંડાસના ઉપયોગ દ્વારા દુરુપયોગ થતો હશે !

જો આ પ્રમાણે ચાલુ રહે તો મહાન રાષ્ટ્રોને પણ એકબીજાનું પાણી કબજે લેવા માટે મહાયુદ્ધો કરવા પડે.

જૈન સાધુઓ કદી સંડાસ જતા નથી. જો તેમના પ્રમાણે બધા જંગલમાં જતા થઈ જાય તો સંડાસ દ્વારા થતાં કરોડો લીટર પાણીનો બચાવ થઈ જાય.

અગણિત વંદન તે પરમાત્મા મહાવીરદેવને, તેમની સર્વજ્ઞતાને કે જેમણે માનવીય જીવન જીવવા માટેની અદ્‌ભુત વ્યવસ્થા અઢી હજાર વર્ષ પૂર્વે જગતને આપી. જીવન જીવવાની સ્વહિતકર નીતિ પરમાત્માએ બતાડીને જગત ઉપર બહુ જબરો ઉપકાર કરી દીધો છે.

એ વાત આપણે પૂર્વે જાણી છે કે મનુષ્યના દેહથી છૂટી પડતી કોઈ પણ ચીજ–મળ, મૂત્રાદિ-માં બે ઘડી પછી અસંખ્ય સંમૂર્છિમ જીવો ઉત્પન્ન થઈ જાય છે. મરી પણ જાય છે. એવી પરંપરા - તે સુકાય નહિ ત્યાં સુધી - ચાલુ રહે છે.

જો કોઈ માણસનું મૃત્યુ થાય તો તેનો જીવ દેહમાંથી નીકળી ગયા બાદ દેહમાં પણ અસંખ્ય જીવોની ઉત્પત્તિ-પરંપરા શરૂ થઈ જાય.

આ વિરાધનામાંથી બચવા માટે સાધુના મૃતકને સમુદાયના મુનિઓ ખાંધ ઉપર ઊંચકીને જંગલમાં અચિત્તભૂમિ ઉપર મૂકી દેતા, વોસરાવી દેતા. આને મહાપારિઠાવણી ક્રિયા કહેવાતી. વોસીરાવી દેવું એટલે તે પદાર્થ સાથેનો બધો સંબંધ તોડી નાંખવો. આમ થવાથી તે પદાર્થમાં અનિવાર્યપણે ચાલતી જીવોત્પત્તિ, જીવહિંસા વગેરેના દોષ લાગે નહિ.

મહાપારિઠાવણી પામેલા મૃતકનું પછીથી શું થાય ? ગીધડાં ફોલી ખાય, શિયાળીઆ ચાવી ખાય. એ બધી પાછળની બાબતો જોવાની રહેતી નહિ.

પણ દસ પૂર્વધર ભગવંતના સમયમાં આ ક્રિયાને - તે વખતનું એવું કોઈ દેશ-કાળનું પરિવર્તન જોઈને - સ્થગિત કરવામાં આવી છે. હવે મૃતક સંઘને સોંપાઈ જાય છે. સાધુ તેની અગ્નિસંસ્કારાદિ વિધિના દોષમાંથી વોસિરાવવાની વિધિ દ્વારા મોકળા થઈ જાય છે.

ઉત્તમ કોટિના એક શ્રાવકે વીલમાં લખ્યું હતું કે, "મારા મૃતકને બે ઘડી પૂર્વે અગ્નિસંસ્કાર કરી દેજો જેથી જીવવિરાધનાનો સંભવ ન રહે."

તેમણે તેવું પણ લખ્યું હતું કે, "મને બાળવા માટેના પ્રત્યેક લાકડાંને પૂંજણી વડે બરોબર પૂંજી લેજો."

ધન્ય શ્રાવક !

* * *

**કષાય દ્વાર**

**कोहो माणो माया लोहो रइ य अरइ य ।**
**सोगो भयं दुगंछा पच्चक्खकली इमे सव्वे ॥ ३०१ ॥**

**અર્થ :** ક્રોધ, માન, માયા, લોભ, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા - આ બધા પ્રત્યક્ષ સ્વરૂપમાં કલિ (રાક્ષસો) છે.

**વિવેચન :** પૂર્વે જણાવાયું છે કે રોગાદિ દુઃખો કરતાં ક્રોધાદિ દોષો ખૂબ ભયાનક છે. દોષોના ત્રાસની સામે દુઃખોનો ત્રાસ કોઈ વિસાતમાં નથી.

ગરીબને દુઃખ છે; ભૂખમરાનું.

શ્રીમંતનો દોષ છે; ક્રોધનો.

ભૂખ્યાના દુઃખમાં કેટલો તરફડાટ !

અને ક્રોધના દોષનો આખા ઘરમાં કેવો કાળો કેર વર્તી જાય !

દુઃખે દુઃખી થવાય.

દોષે દુષ્ટ થવાય.

દુઃખ કરતાં દુષ્ટતા તો ઘણી અધમ ચીજ છે.

દુઃખી માણસનું દુઃખ એક છે.

દોષી શ્રીમંત માણસના દુઃખ એકવીસ છે.

*મૈં સારી દુનિયા ઢૂંઢ ફીરા, સુખીઆ મીલા ન કોઈ*
*જિસ કે આગે મૈં ગયા, વહ પહેલે સે પડે રોઈ.*
*મૈંને કહાં મેરા એક દુઃખ, ઉસને કહા એકબીસ.*
*મૈં મેરા એક સહ ન સકા, તો કહાં રાખું દૂજા બીસ.*

ગ્રન્થકારશ્રીએ ક્રોધાદિ તમામ દોષોને કલિ કહ્યા, રાક્ષસ જેવા ભયંકર કહ્યા, અથવા અત્યન્ત તોફાની કહ્યા.

શ્રીમંતોની મહેલાતોમાં ડોકિયું કરાય તો જોવા મળે કે કામ, ક્રોધાદિ દોષોએ તેમની શ્રીમંતાઈને, વિવિધ પ્રકારના અનેક સુખોને કેવી આગ લગાડી દીધી છે !

ગ્રન્થકારશ્રી પોતે જ હવે ક્રોધાદિ ૪ દોષો અને હાસ્યાદિ ૬ દોષો (નોકષાયો)ને પ્રત્યેકને વર્ણવે છે.

* * *

**ક્રોધ**

**कोहो कलहो खारो अवरुप्परमच्छरो अणुसओ अ ।**
**चंडत्तणमणुवसमो तामसभावो अ संतावो ॥ ३०२ ॥**

**निच्छोडण निब्भंजण निराणुवत्तित्तणं असंवासो ।**
**कयनासो अ असम्मं बंधइ घणचिक्कणं कम्मं ॥ ३०३ ॥**

**અર્થ :** ક્રોધ, કજીઆ, ખાર, પરસ્પર ઈર્ષ્યા, ક્રોધ કર્યા પછીનો પશ્ચાત્તાપ (ક્રોધ પછીના પશ્ચાત્તાપને ક્રોધ કહ્યો છે.), ચંડત્વ (મોં ક્રોધાયમાન બતાડવું), શાન્તતાનો અભાવ, તામસભાવ અને સન્તાપ એ ક્રોધના પર્યાયવાચી નામો છે.

નિચ્છોટન એટલે ક્રોધથી આત્માનું મલિન થવું, નિર્ભર્ત્સન એટલે ક્રોધથી બીજાનો તિરસ્કાર કરવો, નિરનુવર્ત્તિત્વ એટલે ક્રોધને લીધે બીજાની મરજીને અનુકૂળ ન થવું, અસંવાસ એટલે સ્વજનો સાથે ન રહેવું (ક્રોધના આવેશમાં), કૃતનાશ એટલે કરેલા ઉપકારનો નાશ કરવો, અશામ્ય એટલે શમ(સમતા)નો અભાવ - આ બધા ક્રોધના ફળ હોવાથી તેમને ક્રોધ કહેવાય.

ક્રોધમાં વર્ત્તતો જીવ અત્યન્ત ચીકણાં કર્મો બાંધે છે.

**વિવેચન :** કહ્યું છે :

*ક્રોધે ક્રોડ પૂરવતણું, સંયમફળ જાય,*
*ક્રોધ સહિત તપ જે કરે, તે લેખે ન થાય.*
*આગ ઊઠે જે ઘરથકી, તે પહેલું બાળે,*
*જળનો જોગ જો નવિ મળે, પાસેનું પ્રજાળે.*

ક્રોધની વાત કરીએ એટલે ગુણસેનનો દુશ્મન અગ્નિશર્મા તાપસ યાદ આવે. અતિ ભયાનક ક્રોધમાં તેણે નવ ભવના કાતીલ વૈરનો અનુબંધ પાડી દીધો.

બ્રહ્મદત્ત ચક્રીએ આંખો ગુમાવી તેમાં આંખો ફોડનાર ગોફણબાજ ઉપર અતિ ભયાનક ક્રોધ આવી ગયો. તેણે લાગટ સોળ વર્ષ સુધી ગુંદાના ઠળીઆને આંખો સમજીને ચોળ્યા કરી. કૃષ્ણલેશ્યાની તીવ્રતાએ ક્રોધ પહોંચાડ્યો. પરિણામે સાતમી નારકભેગો થયો.

એક ભવનો સંભૂતિ નામનો ઘોર તપસ્વી સાધુ. તેને ભાવથી વંદન કરતાં ચક્રવર્તીની પત્નીના અંબોડાની લટ અડીને તરત જ સરકી ગઈ. પણ આટલા સ્પર્શે તો તેનો આખો આત્મા કામવાસનાથી સળગી ગયો. તેણે એવી સ્ત્રી પ્રાપ્ત કરવાનું નિયાણું કર્યું.

એ કેતુમતી સાથે કામનો સંસ્કાર ભભૂકી ઊઠ્યો. એ કામની લ્હાયમાં જ ક્રોધ ભભૂકી ઊઠ્યો.

ગીતામાં કહ્યું છે : કામમાંથી ક્રોધ જન્મે છે. કામનું અજીર્ણ ક્રોધ છે.

હરિભદ્રસૂરિજી જેવાને ય કેવો ક્રોધ આવી ગયો ! સાતમા આસમાને પહોંચી ગયો. એ તો ગુરુના વચનામૃતો મળ્યા અને નારકે જતાં અટકી ગયા.

સ્કંદકસૂરિને અને તેમના ૫૦૦ શિષ્યોને પીલી નાંખતો પાલક, દ્વારકાનું દહન કરનારો સંન્યાસી વૈશમ્પાયન, પ્રભુ વીરના કાને ખીલા ઠોકતાં ગોવાળ વગેરેનો ક્રોધ કૃષ્ણલેશ્યાનો ક્રોધ કહેવાય. તે નિશ્ચિત સાતમી નારકના દ્વાર દેખાડી દે.

જો કોઈ માણસ જીવનને શાન્ત અને સ્વસ્થ બનાવવા માંગતો હોય તો તેણે બને ત્યાં સુધી મૌન રહેવું જોઈએ અને જ્યારે બોલવાનો પ્રસંગ આવે તો કડવાશભર્યું કદી નહીં બોલવું જોઈએ. આ માટે તેણે પ્રતિકૂળ સંયોગોમાં સહન–શક્તિ વધારી દેવી જોઈએ.

* * *

માન

**माणो मय हंकारो परपरिवाओ अ अत्तउक्करिसो ।**
**परपरिभवोऽवि य तहा परस्स निंदा असूआ य ॥ ३०४ ॥**
**हीला निरोवयारित्तणं निरवणामया अविणओ य ।**
**परगुणपच्छायणया जीवं पाडंति संसारे ॥ ३०५ ॥**

**અર્થ :** અભિમાન, મદ એટલે જાતિ વગેરે આઠનો ઉત્કર્ષ, અહંકાર એટલે અહંતા, અવર્ણવાદ એટલે અભિમાનમાં બીજાની નિંદા કરવી, આત્મોત્કર્ષ એટલે પોતાની બડાઈ હાંકવી, પરપરિભવ એટલે બીજાને ઉતારી પાડવો, પરનિન્દા, અસૂયા એટલે બીજાના ગુણો સહન ન થતાં ઈર્ષ્યા કરવી, હીલા એટલે બીજાની જાતિ વગેરેની હલકાઈની ટીકા કરવી, નિરુપકારિત્વ એટલે કોઈની ઉપર ઉપકાર કરવાની ભાવના ન થવી, નિરવમાનતા એટલે અક્કડપણું, અવિનય એટલે ગુર્વાદિકને જોઈને ઉઠવું નહિ વગેરે, પરગુણપ્રચ્છાદના એટલે બીજાના જ્ઞાનાદિક ગુણોને ઢાંકવા : પ્રગટ ન કરવા.

આ માનકષાયના પર્યાયવાચી શબ્દો છે. માન દુર્ગતિનું સીધું કારણ છે. અપેક્ષાએ કામ, ક્રોધ, સ્વાર્થ અને અહંકારમાં આ સૌથી મોટો દોષ છે. આ દોષને લીધે સ્વદોષદર્શન અને પરગુણદર્શન અશક્ય બની જાય છે. આ બે ગુણો સર્વ ગુણોના અધિપતિ છે. એ જો દબાય તો જીવન પરદોષદર્શન અને સ્વગુણદર્શન નામના બે દોષોથી ખદબદી ઊઠે.

જો સ્વદોષદર્શન થાય તો જ સ્વદોષનિંદા થઈ શકે.

જો પરગુણદર્શન થાય તો જ પરગુણપ્રશંસા (સુકૃતાનુમોદના) થઈ શકે.

દુષ્કૃતગર્હા પાપાનુબંધોને તોડે છે.

સુકૃતાનુમોદના પુણ્યાનુબંધોને તગડા કરે છે.

પાપાનુબંધો તૂટે એટલે જીવમાં પાપશુદ્ધિ ઉત્પન્ન થાય.

પુણ્યાનુબંધો જોડાય એટલે જીવમાં પુણ્યપુષ્ટિ થાય.

શુદ્ધિ-પુષ્ટિનો અનુબંધ પરાકાષ્ટાએ પહોંચે એટલે આત્મા મોક્ષ પામે.

આ ઉપરથી સમજાશે કે અહંકાર જીવનો મોક્ષ પામવા માટે સૌથી કાતીલ દુશ્મન છે. એ જીવને સંસારના પરિભ્રમણમાં પટકી નાંખે છે.

કોઈ પણ દોષનો નાશ તેના પ્રતિસ્પર્ધી ગુણથી થાય.

ગુણોના સંગ્રહથી જીવ મોક્ષ પામે. પણ દોષનો નાશ કરનાર ગુણનો નાશ અહંકાર (ગુણ, શક્તિ આદિનું અજીર્ણ) કરી નાંખે છે.

આ રીતે વિચારતાં પણ માન-કષાયને ખતમ કરવાની સાધનામાં અગ્રિમતા આપવી જોઈએ.

માનકષાયથી જ રામાયણ અને મહાભારતના બે મહાસંહારક યુદ્ધો થયા.

રામાયણમાં રાવણના માનકષાયે દાટ વાળી નાંખ્યાનું જોવા મળે છે.

મહાભારતમાં દુર્યોધનના માનકષાયે લાખો ઢીમ ઢાળી દીધાનું જાણવા મળે છે.

જો આપણે અહંનો નાશ કરવો હોય તો તેમાં વચ્ચે ર્ મૂકવો જોઈએ. ર્ એ અગ્નિબીજ છે. તેની આગ 'અહં'ને બાળી નાંખે.

જો સંસારનું ભ્રમણ ખતમ જ કરવું છે તો તેના મૂળસ્વરૂપ અહંને ર્‌ના અગ્નિબીજ દ્વારા બાળી નાંખવો જોઈએ.

આનું જ નામ નમસ્કારભાવ છે.

કોઈ પણ શક્તિનું, લબ્ધિનું, ગુણનું કે પ્રાપ્તિનું અજીર્ણ એટલે તે વસ્તુનો અહંકાર.

જેનો અહંકાર તે શક્તિ વગેરેનું પતન.

આઠ મદની સજઝાયની પ્રત્યેક કડીનું મનન કરવાની ખાસ ભલામણ કરું છું.

* * *

**માયા**

**माया कुडंगि पच्छन्नपावया कुड-कयड-वंचणया ।**
**सव्वत्थअसब्भावो परनिक्खेवावहारो अ ॥ ३०६ ॥**

**छल-लोभ संवइयरो गूढायारत्तणं मइ कुटिला ।**
**वीसंभघायणं पिय भवकोडिसएसु वि नडंति ॥ ३०७ ॥**

**અર્થ :** માયા એટલે સામાન્ય માયા (મનમાં જુદું, બહાર જુદું), કુડંગી એટલે મહામાયા, પચ્છન્નપાવા એટલે છાની રીતે પાપ કરવું, કૂડ એટલે કપટ, વંચનતા એટલા માયા કરવા વડે બીજાને છેતરવો, સવ્વત્થઅસબ્ભાવ એટલે કોઈ પણ વાતની વિરુદ્ધ વાત કરવી અર્થાત્ હોય કાંઈક અને કહેવું કાંઈક, પરન્યાસાપહાર એટલે બીજાએ મૂકેલી થાપણનો અપલાપ (થાપણ ઓળવવી.), લોભદશાથી પ્રેરિત થઈને કપટ કરવું તે છલ-લોભ, પોતાનું કાર્ય સાધવા માટે માયા કરવારૂપે ગાંડા તરીકે દેખાવ કરવો, ગૂઢાચારત્વ એટલે બીજા ન પકડી શકે તેવું આચરણ કરવું, મતિ કુટિલ રાખવી, વિસંભઘાયણં એટલે વિશ્વાસઘાત કરવો.

આ બધા માયાના પર્યાયો છે. ક્રોડો ભવો સુધી માયાનું પાપ જીવને પરેશાન કર્યા કરે છે.

**વિવેચન :** માણસનું દિલ સરળ હોવું જોઈએ. કુટિલતાને રાજકારણ કહેવાય છે પણ ખરેખર તો સરળતામાં જ રાજકારણ છે. આમાં જ મોટી જીત છે. ભલે કદાચ થોડુંક સહવાનું આવે પણ સરળતા બહુધા જીવનમાં ઉપયોગી વસ્તુ છે.

સાપ ગમે તેવો વાંકોચૂંકો ચાલવાની આદતવાળો હોય પણ જ્યારે તે સાંકડા બીલમાં પ્રવેશે છે ત્યારે એકદમ સીધો થઈને પ્રવેશે છે. તેમ માણસનું ચિત્ત એકદમ સીધું : સાફ : સરળ હોવું જોઈએ.

અસાધારણ સંજોગોમાં માયા કરવી પડે પણ આ સત્તા ગીતાર્થ જ્ઞાનીઓના હાથમાં હોય. ગમે તે અબૂઝ માણસ તેમ ન કરી શકે.

જિનશાસનની ઘોર અવહેલનાને ઉત્પન્ન ન થવા દેવા માટે સાધુએ બાવાનો સ્વાંગ ક્યાં નથી સજર્યો ?

પાદલિપ્તસૂરિજીએ એ જ કારણસર પોતાની સ્મશાનયાત્રા ક્યાં નથી કઢાવી ?

મા-બાપની તીવ્ર મોહદશાને લીધે દીક્ષા ન મળતી હોય તો માયા કરવાનું ક્યાં નથી કહ્યું ? વસ્તુતઃ તેને માયા જ કહેવાઈ નથી. (ધમ્મે માયા નો માયા)

સામાન્યતઃ કોઈ પણ વાતનું નિરુપણ એકાન્તિક કે આત્યન્તિક ન હોય. બધે સ્યાદ્વાદ લગાડવો પડે અને દરેક વાતને 'પ્રાયિક' કહેવી પડે.

લક્ષ્મણા સાધ્વીએ, રૂકિમ સાધ્વીએ માયા કરી તો ક્રમશઃ ૮૧ ચોવીસી સુધીનો અને એક લાખ ભવ સુધીનો સંસાર વધી ગયો.

લક્ષ્મણાને પહેલાં કામ જાગ્યો, તે શાન્ત થયો તો મદ જાગ્યો અને છેલ્લે માયા ધસી આવી !

એટલે જ અધ્યાત્મસારમાં કહ્યું છે : જિનેન્દ્ર ભગવંતોએ કોઈ પણ વાતનો એકાન્તે નિષેધ કર્યો નથી કે એકાન્તે પ્રતિપાદન કર્યું નથી. પણ સબૂર ! એક વાતનું એકાન્તે પ્રતિપાદન કર્યું છે કે જીવનમાં માયાવીપણું કદી ન રાખવું : સદાના હૃદયથી સરળ જ રહેવું.

**जिनैर्नानुमतं किञ्चित् निषिद्धं वा न सर्वथा ।**
**कार्ये भाव्यमदम्भेन इत्याज्ञा पारमेश्वरी ॥**

ભગવાન મલ્લિનાથજીને, બ્રાહ્મી અને સુંદરીને પૂર્વભવોમાં જોરદાર માયા સેવાઈ તેનું પરિણામ સ્ત્રીવેદના બંધમાં આવ્યું.

જે આત્મા તીર્થંકર નામકર્મ બાંધે તે તેની સાથે સર્વોત્કૃષ્ટ - તમામ - પુણ્યપ્રકૃતિઓ (મનુષ્યવેદ) જ બાંધે પણ માયાએ આ નિયમને થપ્પડ લગાડી દીધી !

કર્મોની કેવી પ્રચંડ તાકાત !

માયા જ શા માટે ? કોઈ પણ ક્રોધાદિ કષાય કે હાસ્યાદિ નોકષાય - તીવ્રતાએ પહોંચી જાય એટલે એ 'કાતીલ' જ કહેવાય. નાનકડા પણ દોષની ચિનગારી આગનો ભડકો બની ગયા વિના રહેતી નથી. એટલે દોષોનો બિલકુલ વિશ્વાસ નહિ કરવાનું જ્ઞાનીઓ કહે છે. એને ઉગતો જ ડામી દેવાનું જણાવે છે.

* * *

લોભ

**लोहो अइसंचयसीलया य किलिट्ठत्तणं अइममत्तं ।**
**कप्पन्नमपरिभोगो नट्ठविनट्ठे य आगल्लं ॥ ३०८ ॥**

**मुच्छा अइबहुधणलोभया य तब्भावभावणया य सया ।**
**बोलंति महाघोरे जरामरणमहसमुद्दम्मि ॥ ३०९ ॥**

**અર્થ :** મૂર્ચ્છા એટલે લોભ, અતિસંચયશીલતા એટલે લોભથી પ્રેરાઈને ઘણું બધું – કચરા જેવું ય – ભેગું કરવાનો સ્વભાવ, ક્લિષ્ટત્વ એટલે લોભદોષને લીધે મનની સંકલેશવૃત્તિ, અતિમમત્વ (સરળ છે), કલ્પ્યાન્નનો અપરિભોગ એટલે પોતે ભોગવી શકે છે છતાં તે દ્રવ્યો સાચવી રાખવા. (ખરાબ થઈ ગયું તો ય ફેંકી ન દેવું). અમુક વસ્તુઓને ઘરમાં રાખી મૂકતાં આગલ્લ એટલે રોગો ઉત્પન્ન થવા તે વિનષ્ટાકલ્પ્ય નામનો લોભ કહેવાય, મૂર્ચ્છા (આસક્તિ), અતિબહુધનલોભતા (સરળ છે), સતત ચિત્તની લોભદશા રહેતાં તેનું જ સતત ચિંતન કરવું. આ બધા લોભના સ્વરૂપો છે. આનું સેવન જીવને જરા-મરણરૂપ સમુદ્રમાં ડૂબાડ્યા કરે છે.

**વિવેચન :** ક્રોધાદિક ચાર દોષોમાં અપેક્ષાએ લોભ સૌથી ભયંકર છે. (હા, અપેક્ષાએ માન પણ ભયાનક છે.)

કહ્યું છે કે, "ક્રોધ પ્રીતિનો નાશ કરે, માન વિનયનો નાશ કરે, માયા મિત્રોનો નાશ કરે, લોભ તો સર્વનો નાશ કરે."

**कोहो पीइं पणासेइ माणो विणयनासणो ।**
**माया मित्ताणि नासेइ लोहो सव्वविणासणो ॥**

મમ્મણશેઠની અઘોર કંજૂસાઈ, અષાઢાભૂતિ મુનિની સિંહકેસરીઆ મોદકમાં આસક્તિ, મંગુની રસગૃદ્ધિતા, કંડરિકની તીવ્ર લાલસા, સુમંગલઆચાર્યનો મૂર્ચ્છાભરપૂર યોગપટ્ટ ઉપરનો રાગ–લોભ દોષ કેટલો ભયાનક છે ? તે આંખેઆંખ દેખાડે છે.

* * *

**एएसु जो न वट्टिज्जा तेण अप्पा जहट्ठिओ नाओ ।**
**मणुआण माणणिज्जो देवाण वि देवयं हुज्जा ॥ ३१० ॥**

**અર્થ :** જે પુરુષ આ ચાર કષાયોને સ્પર્શતો નથી તેણે પોતાના આત્માને બરોબર જાણેલો છે એમ સમજવું. આ પુરુષ માનવોમાં સન્માનનીય બને છે અને દેવલોકમાં

પણ સન્માનનીય દૈવત જેવો પૂજાય છે.

**વિવેચન :** ચાર કષાયોની ચોકડીને જે ચંડાળ ચોકડી તરીકે ઓળખી કાઢે, એમનાથી જ સંસારવૃક્ષ તગડું રહે છે અને વધતું રહે છે એવું જે પુરુષ માને, એટલું જ નહિ પણ એ કષાયોથી સદા આઘા રહેવાની વાતનો જે અમલ કરે તે પુરુષ માનવોમાં માનનીય અને દેવોમાં પૂજનીય બને છે.

માણસ ધનાદિથી પૂજાતો નથી, ગુણોથી પૂજાય છે. જેની પાસે ક્રોધને બદલે ક્ષમા છે, માનને બદલે વિનય છે, માયાને બદલે સરળતા છે અને લોભને બદલે સંતોષ છે એ આત્મા ભલે ભગવાન ન કહેવાય પણ મહાન તો કહેવાય જ.

એના આ ગુણોથી તે અત્યન્ત લોકપ્રિય બને. એનું પુણ્ય પણ ખૂબ વધતાં તેનું વચન આદરણીય બને, તેને કોઈ ઉત્થાપે નહિ. આમ તે સર્વમાન્ય પુરુષ બને. અરે, દેવો પણ તેની કીર્તિને સ્વર્ગમાં ગાય, તેના ગુણોના રાસડા દેવીઓ લે.

લાખો લોકોનું કલ્યાણ લાખો લોકોના સૌજન્યથી છે, તેમની ગુણવત્તાથી છે પણ તેમનામાં આ બધું પ્રતિષ્ઠિત કરવા માટે એકાદ તો મહાપુણ્યવાન માણસ હોવો જ જોઈએ. જેનું પુણ્ય માનવજાતને-પ્રાણીમાત્રને કુદરતી આફતોથી દૂર રાખે, યુદ્ધાદિકથી આઘા રાખે, સહુમાં સદ્‌બુદ્ધિ ઉત્પન્ન કરે. એના આદેયનામકર્મથી જ પ્રત્યેક શબ્દને બધા ઝીલે. એની શ્વેત-ઊર્જાથી જ કામીઓના કામ, ક્રોધીઓના ક્રોધ, લોભીઓના લોભ શાન્ત થઈ જાય. એના ગુણવૈભવથી એ અજાતશત્રુ બની જાય.

હાય, ધનવાનો, બુદ્ધિમાનો, શ્રીમાનો, ધર્મવાનો ઘણા જડે છે પણ ક્રોધાદિ ચારે ય દોષોથી મુક્ત ગુણવાન કોઈ જડતો નથી.

વર્તમાનકાળમાં સૈનિકોનો તોટો નથી પણ ગુણવાન, પુણ્યવાન સેનાપતિ કોઈ જડતો નથી. જો એકાદ પણ એવો વીરલો-હીરલો પેદા થઈ જાય તો આખા વિશ્વની કાયાપલટ થઈ જાય.

સેનાપતિ વિનાનું સૈન્ય ખમીરવંતુ હોય તો ય શા કામનું ?

હવે વિશ્વના માનવોને આ જ વાત શીખવાડવા જેવી છે કે તમે સહુ ગુણવાન્ બનો. પુણ્યવાન્ બનો. સેનાપતિઓ બનો.

લાખોનું સૈન્ય ખડેપગે તમારી આણ સ્વીકારવા તૈયાર છે.

દશવૈકાલિક સૂત્રમાં જો ક્રોધાદિ ચાર દોષો કાબૂમાં ન લેવાય તો તે આત્માના જીવલેણ શત્રુઓ બની શકે છે તેમ જણાવ્યું છે.

આ ચાર કષાયોને પુનર્જન્મ નામના વૃક્ષના મૂળમાં પાણીસ્વરૂપ કહ્યા છે. આમના કારણે જ આ વૃક્ષ તગડું થાય છે. તેના માથે 'પુનર્જન્મ' નામના ફળો બેસે છે.

આથી જીવ નવા નવા જન્મ, જરા અને મરણ પામતો રહે છે. સામાન્યતઃ તેના તે **જન્મો** તેની જ્યાં ઈચ્છા નથી ત્યાં થાય છે, તેને **જીવન** પાપભર્યા જીવવા પડે છે, તેનું **મરણ** પ્રાયઃ રિબાઈને - અસમાધિથી થાય છે. આવો અનંતકાળ ગયો અને જો હજી પણ કષાયોરૂપ પાણી પાવાનું ચાલુ રખાય તો ભાવી અનંતકાળ પણ આવો જવાનો.

જીવે જો પુનર્જન્મ મટાડી દેવો હોય : કે જે સર્વ દુ:ખો અને દોષોનું મૂળ છે તો તેણે તેના મૂળમાં સર્વવિરતિધર્મના કુહાડાનો મરણતોલ ઘા મારી દેવો જોઈએ; જેથી આ ઝાડ જમીન ઉપર પટકાઈ જાય : મૂળમાંથી ઊખડી જાય.

પણ સબૂર ! આ માટે પ્રચંડ સત્વ હોવું જોઈએ. જો તેમાં ઉણપ રહી તો એ કુહાડો એનો જ ઘાતક બની જાય.

જો પૂરતું સત્વ ન હોય તો આત્માએ એ મહારાક્ષસ જેવા વૃક્ષને પાણી પાવાનું સદંતર બંધ કરી દેવું જોઈએ.

આ વાત સમજીને જો જીવ ક્રોધાદિ કષાયો ઉપર બ્રેક મારી દે : ઝાડને પાણી પાવાનું બંધ કરી દે તો ચિત્તપ્રસન્નતા એટલી બધી ઉભરાવવા લાગે કે તેને કૌટુમ્બિક સંપ, શારીરિક આરોગ્ય, જીવન સંબંધિત શાન્તિ અને ચિત્તમાં પ્રસન્નતા ફાટફાટ થવા લાગે. આથી ધરતી ઉપર સ્વર્ગ કે મોક્ષ ઊતરી પડ્યાનો તેને અહેસાસ થાય.

જ્ઞાનીઓએ પ્રમાદને જ 'મોત' કહ્યું છે. જે સ્મશાનયાત્રા પૂર્વનું મોત કહેવાય છે તે 'મોત' નથી પણ દેહથી આત્માનું છૂટા પડવું માત્ર છે. આત્માનું મોત એટલે તો તેના ભાવપ્રાણોને પડતા ફટકા. આવા ફટકા ચાર કષાયો વગેરે રૂપ પ્રમાદને કારણે થાય છે. તે વખતે જ તેનું મોત કહેવાય છે.

કહ્યું છે : **प्रमादो हि मृत्युः ।**

મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા - આ પાંચને પ્રમાદ કહેવામાં આવ્યા છે.

જીવ રોજ ક્રોધ, માન, માયા, લોભ કરે છે : વારંવાર કરે છે. આ તેના રોજના વારંવારના મોત છે. ભલે અહીં સ્મશાનયાત્રા, અગ્નિસંસ્કાર વગેરે દેખાતા નથી એટલે લોકો તેને મોત ન કહે. પણ વસ્તુતઃ આ જ બધા મોત છે.

જીવે જે પળે ક્રોધ કર્યો, અભિમાન કર્યું, માયા કરી કે આસક્તિ કરી તે જ પળે તે મરી ગયો. આવા તેના રોજ ૨૫-૫૦ મોત થાય છે.

અંગ્રેજીમાં એક વાક્ય છે જે યમરાજ દ્વારા બોલાયું છે : Live I am comming. ઓ જીવ ! ઊભો રહે : જીવતો રહે, હું તને મારવા આવું છું, કેમકે તને મારવાનું કામ મારું છે. એ કામ તું શા માટે કરે છે ?

જીવ ક્રોધ વગેરે કરીને મરે છે : આપઘાત કરે છે. યમરાજ તેમ કરવાની ના કહીને પોતાનું તે કામ પોતાને કરવા દેવાનું કહે છે.

અહીં માર્મિક રીતે એ વાત કહેવાઈ છે કે માણસે મરતાં સુધી તો જીવતાં રહેવું જ જોઈએ. તે મરતાં પહેલાં રોજ ૨૫-૫૦ વાર મરે તે યોગ્ય નથી.

જૈનધર્મના સાચા સંતો જીવનમાં એક જ વાર - છેલ્લે - યમરાજથી મરતા હોય છે. તેઓ પોતાની અને ક્રોધાદિના ખંજરોથી આત્મહત્યા એકાદ વાર પણ કરતાં નથી.

જે સંતોની સામે જ્ઞાનીઓના ઉપદેશોના હજારો ગ્રન્થો સાક્ષાત્ પડેલા હોય તેમને આ ગ્રન્થોમાંથી અક્રોધ, અમાન, અમાયા અને અલોભની એટલી બધી જીવંત પ્રેરણા મળે; ક્રોધાદિકના દારૂણ વિપાકો જાણવા મળે પછી તેઓના રૂંવાડેય ક્રોધ આદિના સંવેદનો જાગવાની કોઈ શક્યતા રહે નહિ તે સહજ છે.

આ દોષો એવી વસ્તુ છે કે જો તેનો માલિક (આશ્રયી - જીવ) મરી જાય અને તે જીવતા રહી જાય તો માલિકનો જન્મ એવા સ્થળોમાં - દેશ, કાળમાં - થયા કરે જ્યાં તે દોષ વધુ ને વધુ તગડો થતો જાય. બસ, પછી દરેક ભવે જીવ મરતો જાય, દોષ જીવતો રહી જાય. અન્ય ભવોમાં તે દોષને તગડો કરે તેવા દેશ-કાળ તેને મળતાં જાય.

દોષ જીવતો રહીને જે મોત થાય એ કૂતરાના મોત કરતાં ય વધુ ભૂંડું મોત કહેવાય.

સમાધિમરણ તે કહેવાય જે થતાં પૂર્વે દોષ મરી પરવાર્યો હોય, અથવા નબળો પડી ગયો હોય કે છેલ્લે માંદગીની પથારીએ તો જરૂર પડ્યો હોય.

આ વાતને સમજાવવા માટે ચંડકૌશિક સર્પના જીવનું દૃષ્ટાન્ત એકદમ સચોટ છે.

સંક્ષેપમાં બતાડું.

આ જીવ ક્રોધ નામના દોષનો શિકાર બન્યો હતો. તેણે તપસ્વી મુનિના ભવમાં ભયાનક ક્રોધ કર્યો, તેમાં જ તેનું મોત થયું.

આ વખતે તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો ચાર્ટ આ રીતે હતો.

**દ્રવ્ય :** *બાળ સાધુ.*

**ક્ષેત્ર :** *નાનકડો ઉપાશ્રય.*

**કાળ :** *મરણનો છેલ્લો દિવસ.*

**ભાવ :** *બાળસાધુને સજા કરવાનો ભાવ.*

આ જીવ બીજા ભવે તાપસ બન્યો. ફળાદિકની મોટી વાડી તેને વારસામાં મળી. તેની પળોજણમાં જ તેના શ્વાસપ્રાણ પરોવાએલા રહેતા. કોઈ પણ માણસ તેનું ભેલાણ ન કરે : ફળાદિકની ચોરી ન કરે તેની પળપળની કાળજી હતી. એક વાર રાજકુમારો પાછલા ભાગેથી વાડીમાં ફળો ખાવા માટે બિલ્લીપગે પેઠા. ઝૂંપડે ખાટલો નાંખીને સૂતેલા તાપસે તે જોયું. એકદમ ક્રોધે ભરાયો. હાથમાં ધારિયું લઈને મારવા દોડ્યો. વચમાં દિવાલના ચણતર વિનાનો ગાળેલો કૂવો આવ્યો. તેને ક્રોધમાં ભાન ન રહ્યું. તેમાં પડ્યો. ધારિયું માથામાં એવું ઘોંચાઈ ગયું કે ખોપરીના બે ટુકડા થઈ ગયા.

તેના દ્રવ્યાદિનો ચાર્ટ વિષમ બન્યો.

**દ્રવ્ય :** *ઘણા બધા રાજુકમારો.*

**ક્ષેત્ર :** *ઉપવન.*

**કાળ :** *કુલપતિ પદની પ્રાપ્તિથી મરણ સુધીનો.*

**ભાવ :** *બધા રાજકુમારોને મારી નાંખવાનો.*

વળી આ જીવ મર્યો પણ ક્રોધ જીવતો જ ન રહ્યો : બમણા જોરથી સબળ થઈ ગયો.

હવે એ થયો ચંડકૌશિક નાગ.

ના... આ કાંઈ ફઈબાએ પાડેલું નામ ન હતું. પણ પૂર્વભવના નાગ તરીકેના જીવનમાં તાપસે તેનું કૌશિક નામ પાડ્યું હતું. આ કૌશિક ખૂબ ક્રોધી - એટલે કે ચંડ - હતો તેથી તેને જ્ઞાનીઓએ ચંડકૌશિક કહ્યો. પ્રભુ વીરે પણ તેના આ પૂર્વભવીય નામથી બોલાવીને જાતિસ્મરણ કરાવ્યું. તેનો બેડો પાર કરાવ્યો. પણ આ પહેલાં તો તેણે અગણિત જીવોનો મહાસંહાર કરી નાંખ્યો હતો.

તેની આંખોની રચના એવી હતી કે તેમાં સૂર્યકિરણો પ્રવેશે કે આગના ભડકા બની જાય.

તેના ગળામાં હળાહળ ઝેરની કોથળી હતી. તેની આંખની આગ પણ એક અપેક્ષાએ ઝેર કહેવાય એટલે તેને દૃષ્ટિવિષ કહેવામાં આવ્યો અને વિષધર પણ કહેવામાં આવ્યો. આંખની આગ આખો દિવસ - સૂર્યતાપમાં - ચાલુ રહેવાથી તે આખું ય વન - તેની સૂક્ષ્મ પણ વનસ્પતિ, જીવ, જંતુ બળીને સાફ થઈ ગયા હતા.

ત્યાં લીલાછમ વૃક્ષો ન હતા.

ત્યાં બળીને કાળા-ભઠ્ઠ થયેલા વૃક્ષોના થડ ઊભા હતા.

તેની નજરમાં જે આવે તેને તે સળગાવી દેતો. તેને માનવના દેહની ગંધ આવતી. દૂરથી પણ ગંધ પકડીને તે માનવ તરફ ધસી આવતો. ઝેરની એક જ પિચકારીમાં - એક ક્ષણના હજારમાં ભાગે ખતમ કરી દેતો. તે શિકાર ધરતી ઉપર ઢળી પડતો. પોતાની ઉપર તે દેહ ઢળી પડીને કચરી ન નાંખે તે માટે વિષની પિચકારી દેતાં જ તે દૂર હટી જતો. (સન્ધ્યાદિકના સમયે સૂર્યકિરણોનો આંખમાં પ્રવેશ ન થાય તો આગ ન પ્રગટે.)

સાધનાના કાળમાં પસાર થતાં પ્રભુ વીર તે ઉપવને પધાર્યા.

ગંધમાત્રથી ઉશ્કેરાઈ ગયેલો સાપ તેમની ઉપર ધસી આવ્યો. એક નહિ, અનેક ડંખે પણ તે મહાત્મા મર્યા નહિ અને ધરતી ઉપર પડ્યા પણ નહિ. દૂધ જેવી સફેદ લોહીની ધાર નીકળી. આ બધું જોઈને આશ્ચર્યચકિત થઈને તે મહાત્માને ટીકી ટીકીને જોવા લાગ્યો. 'લોઢું' બરોબર તપ્યું છે એ જાણીને પ્રભુએ તેને

બોધવચનો કહ્યા, "બુજ્ઝ બુજ્ઝ ચંડકોશિયા !" અને... થઈ ગયું ધરમૂળથી પરિવર્તન.

અંતે ખતમ થયો પહેલાં ક્રોધ, પ્રભુવીરના સત્સંગથી.

પછી ખતમ થયું આયુષ્ય. હાશ ! કેવું સારું થયું !

આ જુઓ તેનો ચાર્ટ.

**દ્રવ્ય :** *સાક્ષાત્ પરમાત્મા મહાવીરદેવ.*

**ક્ષેત્ર :** *આખું વન.*

**કાળ :** *જન્મથી મોત સુધીનો.*

**ભાવ :** *તમામને - પરમાત્માને પણ - મારી નાંખવાનો.*

ઉપર્યુક્ત ત્રણ ચાર્ટમાં એ જોવા મળશે કે દોષ જીવતો રહ્યા બાદ પછી પછીના ભવમાં કેટલો ભયાનક બનતો જાય છે ! વળી એ ભયાનક બને તેવા જ દેશ-કાળ એને કેવા ભટકાય છે !

એટલે જ પ્રસ્તુત શ્લોકમાં ગ્રન્થકારશ્રીએ કહ્યું કે "ઓ જીવો ! જો તમે આ દોષોનો સંગ કરશો નહિ તો તમે માનવોમાં મહામાનવ બનશો અને દેવોમાં પૂજનીય બનશો."

આ શ્લોકમાં કહ્યું છે કે કષાયોને કાબૂમાં લેનાર આત્માને પોતાના આત્માની વાસ્તવિક સ્થિતિ જોવા મળે છે. અર્થાત્ આત્મસાક્ષાત્કાર થાય છે.

આ આત્મસાક્ષાત્કાર એ શું પદાર્થ છે ?

યોગશાસ્ત્ર ગ્રન્થમાં કહ્યું છે કે માનવજીવનનું આ મુખ્ય કર્તવ્ય છે કે આત્મસાક્ષાત્કાર કરવો.

જૈનદર્શન મુજબ આ શી રીતે બને ? કેમકે સર્વજ્ઞ સિવાય આ શક્ય નથી. આપણી ચામડાની આંખે તો આ સાક્ષાત્કાર (પ્રત્યક્ષ) થઈ શકે તેમ નથી.

આત્માને રૂપ, રસ, ગંધ, સ્પર્શ નથી માટે તે અરૂપી કહેવાય છે. જે અરૂપી છે તેનો આપણને શી રીતે સાક્ષાત્કાર થશે ?

વિચાર કરતાં જે લાગ્યું છે તેમાં રમણ મહર્ષિ પણ સંવાદ ધરાવે છે.

આત્માનો સાક્ષાત્કાર એટલે આત્મા દેહથી ભિન્ન છે એ રૂપે આત્માનો સાક્ષાત્કાર.

આત્માની એવી માનસ–પ્રતીતિ (પ્રત્યક્ષ) થાય કે આત્મા એ દેહથી ભિન્ન છે. દેહ-આત્માનું આ ભેદજ્ઞાન ક્રોડો ભવે પણ દુર્લભ છે એમ જ્ઞાનસારમાં કહ્યું છે.

દેહ અલગ વસ્તુ છે. પુદ્ગલ (કેરી વગેરે) અલગ વસ્તુ છે. એ બે ભેગા થઈને જે રમત (ખાવાની રમત) કરે છે તેને તે બેથી જુદો પાડીને (બુદ્ધિથી જુદો પાડીને) આત્મા જોયા કરે ત્યારે કહેવાય કે આત્માએ દેહથી પોતાને અલગ તારવીને - દૃષ્ટા બનીને બે પુદ્ગલોના ભોજ્ય-ભોજક સંબંધને જોયો. આત્મા ભોક્તા ન બન્યો પણ દૃષ્ટા બન્યો.

પેલો મુસ્લિમ મન્સૂર. તેને દેહથી આત્મા અલગ છે એવી પ્રતીતિ સિદ્ધ થઈ હતી. તેને આત્મા સત્, ચિત્, આનંદ સ્વરૂપ જણાતો હતો. આ વાતને તે ઉર્દૂ ભાષામાં કહેતો, "અનલ હક્ક."

આ સાંભળીને મુસ્લિમો ઉશ્કેરાઈ જતાં, કેમકે તેઓ અલ્લાહને જ આત્મા માનતા.

આવેશના અંધાપામાં આવીને એક વાર તે લોકોએ મન્સૂરની આંખો ફોડી નાંખી. તે વખતે તે જોશથી ચિત્કારી ઊઠ્યો, 'અનલ હક્ક.'

હવે વધુ ઉશ્કેરાઈ ગયેલા ધર્મઝનૂની મુસ્લિમોએ ક્રમશઃ મન્સૂરના બે પગ, બે કાન, નાક વગેરે કાપી નાંખ્યા. દરેક વખતે વધુ ને વધુ જોરથી મન્સૂર બોલતો રહ્યો, "હવે તો નક્કી અનલ હક્ક... આ બધું તમે દેહને કરો છો. મને આત્માને તેની કોઈ પ્રતીતિ (દુઃખ) થતી નથી."

છેલ્લે મન્સૂરે પ્રાણ છોડ્યા.

ગ્રન્થકારશ્રીએ આત્માને તેના અસલ સ્વરૂપમાં જોવાની જે વાત કરી તે આ વાત કે જો ક્રોધાદિ કષાયોને કાબૂમાં લેવાય તો દેહથી આત્મા જુદો છે એવો માનસ–સાક્ષાત્કાર થાય.

ક્રોધ અને ક્રોધના સંસ્કાર, માન અને માનના સંસ્કાર વગેરે અલગ અલગ વસ્તુ છે. નિમિત્ત ન મળે ત્યાં સુધી ક્રોધ આવે નહિ પણ નિમિત્ત મળતાં જે અવશ્ય જાગી પડે તે ક્રોધ કહેવાય. પણ નિમિત્ત મળતાં ય જે ન જાગે તે ક્રોધના શાન્ત સંસ્કાર કહેવાય.

ક્રોધ કરતાં ક્રોધના જાગ્રત સંસ્કારો ખૂબ ભયાનક હોય છે. આ રીતે માન વગેરેમાં પણ સમજી લેવું.

જે સાપ નામનું પ્રાણી અત્યન્ત ક્રોધી ગણાય છે તે પણ નિમિત્ત ન મળે

તો સાવ શાન્ત અવસ્થામાં જોવા મળે છે. હા, નિમિત્તની કાંકરી અડી કે તરત તેનો ક્રોધ ઊછળી પડે છે એટલે જ તેને શાન્ત છતાં ક્રોધી કહેવામાં આવે છે.

આવું માન વગેરેમાં સમજી લેવું.

જેને ક્યારેય ક્રોધ આવતો નથી, અભિમાન થતું નથી, માયા કરવી જ નથી, આસક્તિ કોઈ વાતની નથી એ માણસને ગ્રન્થકારશ્રીએ માનવોમાં માનનીય અને દેવોમાં પૂજનીય કહ્યો છે એ તદ્દન સાચું છે. આવો માણસ સ્વભાવે 'રૉયલ' હોય છે. પિત્તળ સ્વભાવના માનવોના તોફાનો જોવાથી જ રૉયલ માણસોના સ્વભાવની મહાનતા અને પૂજ્યતા ખ્યાલમાં આવે. એવા માણસને જોઈને, જોનારાને 'રૉયલ' બનવાનું મન થાય.

* * *

**जो भासुरं भुअंगं पयंडदाढाविसं विघट्टेइ ।**
**तत्तो चिय तस्संतो रोसभुअंगोवमाणमिणं ॥ ३११ ॥**

**અર્થ :** જે માણસ ભયંકર અને જેની દાઢમાં હલાહલ ઝેર ભર્યું છે એવા સર્પને લાકડી વડે સ્પર્શ કરતાંની સાથે જ તેનું મરણ થાય છે. તેવી જ રીતે ક્રોધરૂપી સાપને જે આત્મા છંછેડે છે તેના સંયમરૂપી જીવિતનો નાશ થાય છે. માટે જીવનમાં ક્રોધરૂપી સર્પથી દૂર રહેવું જોઈએ.

* * *

**जो आगलेइ मत्तं कयंतकालोवमं वणगइंदं ।**
**सो तेणं चियं चुज्जइ माणगइंदेण इत्थुवमा ॥ ३१२ ॥**

**અર્થ :** જે અજ્ઞાની જીવ મદોન્મત્ત અને સાક્ષાત્ યમરાજ જેવા હાથીને ગ્રહણ કરવા જાય છે તે મૂર્ખ નિશ્ચે ગજેન્દ્ર વડે ચકનાચૂર થઈ જાય છે. તેવી જ રીતે જે માનરૂપી હાથીને ગ્રહણ કરવા જતાં જ તેના જ જીવનમાં નહિ ધારેલા અનેક અનર્થો ઉત્પન્ન થાય છે. માટે માનરૂપી હાથીનો ત્યાગ કરવો જોઈએ.

* * *

**विसवल्लीमहागहणं जो पविसई साणुवायफरिसविसं ।**
**सो अचिरेण विणस्सई माया विसवल्लिगहणसमा ॥ ३१३ ॥**

**અર્થ :** જે વાયુના સ્પર્શમાત્રથી ઝેર ચઢી જાય તેવા વિષવલ્લીના મોટા વનમાં જે પુરુષ પવનની શીતળતામાં આસક્ત થઈને મોટા વિનાશને પામે છે તેવી જ રીતે માયા પણ પ્રારંભમાં આનંદની અનુભૂતિ કરાવી અંતે ઝેરી પવનની જેમ સમક્તિ, ચારિત્રાદિ ગુણોનો વિનાશ નોતરે છે.

* * *

**घोरे भयागरे सागरंमि तिमिमगरगाहपूरंमि ।**
**जो पविसइ सो पविसइ लोभमहासागरे भीमे ॥ ३१४ ॥**

**અર્થ :** લોભને મહાસાગરની ઉપમા આપવામાં આવી છે. જે મનુષ્ય ભયંકર, ભયના સ્થાનરૂપ અને જીવલેણ જળજંતુઓથી પૂર્ણ એવા મહાસાગરમાં પ્રવેશ કરે છે તે ક્ષણવારમાં જ મરણ પામે છે. લોભરૂપી મહાસાગરમાં ડૂબકી લગાવનારની પણ આ જ હાલત થાય છે. માટે લોભની ભયંકરતા સમજી તેનાથી દૂર રહેવું જોઈએ.

**ચાર શ્લોકોનું સંયુક્ત વિવેચન :** ગ્રન્થકારશ્રીએ ક્રોધાદિ ચારને ચાર ઉપમા આપી. ક્રોધ સર્પ જેવો છે. માન હાથી જેવો છે, માયા ઝેરી વેલડી જેવી છે. લોભ મહાસાગર જેવો છે.

જેમ સાપ અતિ ક્રોધી છે. તે ક્રોધમાં આવીને ઘણું નુકસાન કરે છે તેમ ક્રોધ પણ માણસનું ઘણું નુકસાન કરી નાંખે છે.

જેમ હાથી નુકસાન કરે છે તેમ માન પણ માણસનું ઘણું નુકસાન કરે છે.

જેમ ઝેરી વેલડી માણસને નુકસાન કરે છે તેમ માયા પણ નુકસાન કરે છે.

જેમ મહાસાગર ભયંકર છે તેમ લોભ પણ ભયંકર છે.

ગ્રન્થકારશ્રીએ ખૂબ સરસ રીતે આ ઉપમાઓ આપીને જીવોને ક્રોધાદિ દોષોથી ભયભીત કરી મૂક્યા છે. તેમનાથી સદા દૂર રહેવાની પ્રેરણા કરી છે.

* * *

**गुणदोसबहुविसेसं पयं पयं जाणिऊण नीसेसं ।**
**दोसेसु जणो न विरज्जइत्ति कम्माण अहिगारो ॥ ३१५ ॥**

**અર્થ :** મોક્ષપ્રાપક ગુણોમાં અને સંસારવર્ધક દોષોમાં જે મોટો ફરક છે તે બરોબર કોઈ આત્મા જાણી લે અને તે પછી પણ તે આત્મા દોષોથી વિરક્ત ન થાય તો એ વાત નક્કી સમજી લેવી કે આ કર્મોનું તોફાન છે. કર્મો એમની ઉપર ત્રાટકે છે.

**વિવેચન :** કોઈ ચિન્તકે એક સંસ્કૃત શ્લોકમાં કહ્યું છે કે, ધર્મી (સમ્યક્ત્વી) જીવ જાણે છે કે આ સંસાર સુખમય હોય તો પણ તે નગુણો છે : નકામો છે. કેવા છે તેમાં જન્મ, જરા અને મરણો ! તેના વિપાકો ! કેટલો ત્રાસ ! અરે, આ બધું જાણવા છતાં તે જીવ સંસારનો ત્યાગ કરી શકતો નથી એમાં મિથ્યાત્વની ક્રૂર ગાંઠ જ કારણભૂત છે.

આવી જ વાત દુષ્ટ ગણાયેલા દુર્યોધને કરી કે, "ધર્મને ધર્મરૂપે જાણવા છતાં હું તેમાં જોડાઈ શકતો નથી; અધર્મને અધર્મ તરીકે જાણવા છતાં હું તેને છોડી શકતો નથી."

આના કારણ તરીકે મહોપાધ્યાયજી મહારાજે કહ્યું છે, ધર્મસેવન કરવાના અને અધર્મત્યાગ કરવાના ચોક્કસ કારણો (વૈરાગ્ય) ઉપસ્થિત છતાં જે અવરોધ ઊભો થાય છે તેમાં મુખ્ય અવરોધક ચારિત્રમોહનીયકર્મ છે.

ઘડો બનાવવાના બધા કારણો ઉપસ્થિત હોય પણ એકાદ - દંડ વગેરે - ઉપસ્થિત ન હોય તો જેમ ઘડો ન થાય તેમ ચારિત્રમોહનીય કર્મનો હ્રાસ ન થાય તો બાકીના વૈરાગ્યભાવ વગેરે ઉપસ્થિત હોય તો ય ધર્મપ્રાપ્તિ થઈ ન શકે.

આ વાત **कम्माण अहिगारो** શબ્દથી આ શ્લોકમાં ગ્રન્થકારશ્રીએ કરી છે તે કમાલ કરી છે.

ચારિત્રમોહનીય કર્મનું કેવું વશીકરણ !

જીવ ના ના કહે અને આ વશીકરણવાળો જીવને કોઈ ઊંડી ગલીમાં તાણી જાય અને તેને લૂંટી લે !

ચેતો ભાઈ ! ચેતો.

### છે; કર્મોના ખેલ નિરાલા

*કોઈ સુખી તો કોઈ દુઃખી, કોઈને મહેલ તો કોઈને જેલ.*
*આ સંસારની રંગભૂમિ પર છે કર્મોના ખેલ*
*છે કર્મોના ખેલ નિરાલા...*

*જ્ઞાની-અજ્ઞાનીને નાચ નચાવે, નચવે રંક ભૂપાળા,*
*માનુનીઓનું માન મૂકાવે, શાણાઓનું શિર ઝૂકાવે,*
*ઉજ્જવલ કીર્તિવાળાઓના, મોઢા કરી દીધા કાળા...*
*ડગી ગયા કંઈ મેરુ જેવા, હારી ગયા કાંઈ શૂરવીર એવા,*
*હાથી ઉપર બેસનારા કાંઈ, ચાલી રહ્યા પગપાળા...*

*સ્થૂલિભદ્ર કોશ્યાની સંગે, નંદીષેણ ગણિકા રંગે,*
*મુનિ અષાઢાભૂતિ ચૂક્યા, નેણ જોઈ નખરાળા...*

*આર્દ્રકુમારને અરણિક મુનિવર, નાચે ઈલાચી દોરી ઉપર,*
*ક્ષણમાં છે અંધારા કિન્તુ, ક્ષણમાં છે અજવાળા...*

*અદ્‌ભુત છે આ કર્મની લીલા, વીર પ્રભુના કાનમાં ખીલા,*
*રાજકુમારીને રઝળાવી, કર્મે ચંદનબાળા...*

*છે કર્મોના ખેલ નિરાલા.*

* * *

**હાસ્યાદિ છ નોકષાયો**

**अट्टहासकेलिकिलत्तणं हासखिड्डजमगरुई ।**
**कंदप्पं उवहसणं परस्स न करंति अणगारा ॥ ३१६ ॥**

**અર્થ :** અણગાર એવા સાધુ ભગવંતો ક્યારેય પણ બીજાની સાથે ખડખડ હસવાપૂર્વક અટ્ટહાસ્ય કરતા નથી, બીજાના કાર્યમાં અસંબદ્ધ વચનનું ઉચ્ચારણ કરતા નથી, હસવાપૂર્વક વારંવાર બીજાના અંગોનો સ્પર્શ કરતા નથી અને હાથતાળી, કૌતુક, ઉપહાસ આદિ કાર્યો હસવાપૂર્વક કરતા નથી. જે સંસારનો ત્યાગ કરી સાધુ થયો છે તેને હાસ્યના આ પ્રકારોનો ત્યાગ કરવો જોઈએ.

* * *

**साहूणं अप्परूई ससरीरपलोअणा तवे अरई ।**
**सुत्थिअवन्नो अइपहरिसो य नत्थी सुसाहूणं ॥ ३१७ ॥**

**અર્થ :** હવે ઉત્તમ સાધુઓએ ક્યાં ક્યાં રતિ ન કરવી જોઈએ ? તેની વાત ગ્રન્થકારશ્રી કરે છે. ઠંડી-ગરમી ન લાગે તેવી શરીર પર મમતાવાળી આત્મરુચિ રાખવી, પોતાના શરીરના રૂપને જોવા માટે દર્પણાદિમાં દેખવું, 'મારું શરીર દુર્બલ થઈ જશે' તેવા ભયથી તપસ્યાદિમાં ઢીલા રહેવું, 'હું સુંદર છું. મારું રૂપ સારું છે' એ પ્રમાણે પોતાની પ્રશંસા કરવી અને ઈચ્છિત વસ્તુ મળતાંની સાથે અત્યંત હર્ષિત થવું. આ બધા રતિના પ્રકાર છે. આ બધી રતિમાંથી ઉત્તમ સાધુએ બાર ગાઉ છેટા રહેવું જોઈએ. કોઈ પણ વિષયમાં રતિ ઉત્પન્ન ન કરવી જોઈએ.

* * *

**उव्वेयओ अ अरणामओ अ अरमंतिया य अरई य ।**
**कलिमलओ अ अणेगग्गया य कत्तो ? सुविहियाणं ॥ ३१८ ॥**

**અર્થ :** મનની અંદર ઉદ્વેગ ઉત્પન્ન થાય, ધર્મના વિષયમાં મન ઉત્સાહિત ન થાય, વિષયોમાં મન વ્યાકુળ થઈ જાય, મનની અંદર સંબંધ વિનાના વિચારો થાય, ખાવા-પીવા અંગેના મનમાં સંકલ્પ-વિકલ્પ થયા કરે અને મનમાં વ્યગ્રતા વ્યાપી જાય. આ બધા અરતિના હેતુ હોવાથી સુવિહિત સાધુઓએ આ બધા અરતિના સ્થાનોનો ત્યાગ કરવો જોઈએ.

* * *

**सोगं संतावं अधिइं च मन्नुं च वेमणस्सं च ।**
**कारुण्ण-रुन्नभावं न साहुधम्मम्मि इच्छंति ॥ ३१९ ॥**

**અર્થ :** સ્વજનાદિના મરણથી મોટેથી રડવાપૂર્વક શોક કરવો, પોતાની ધીરતા ન હોવાના કારણે ડગલે-પગલે પ્રત્યેક પ્રસંગમાં મનમાં સંતાપ કરવો, અતિશોકના કારણે પોતાની જાત ઉપર ગુસ્સો આવે અને આપઘાતાદિના વિચારો કરવા, દીન બનીને મોટેથી કે ધીમેથી રડવું. આ બધા શોકના પ્રકાર છે. સાધુધર્મમાં રહેલા જીવો શોક કરે તેનો શ્રી તીર્થંકરાદિ ભગવંતો નિષેધ કરે છે માટે કોઈપણ પ્રસંગે શોક કરવો નહિ.

* * *

**भयसंखोहविसाओ मग्गविभेओ विभीसियाओ य ।**
**परमग्गदंसणाणि य दढधम्माणं कओ हुंति ॥ ३२० ॥**

**અર્થ :** નિઃસત્વપણાના કારણે આકસ્મિક ભય લાગે, ચોરાદિકને જોઈને નાસી જવું, માર્ગમાં સિંહાદિના ભયથી આઘા-પાછા થવું, ભૂત-પ્રેતાદિના કારણે થરથર ધ્રૂજવું, ભયના કારણે મિથ્યાત્વના માર્ગની પ્રરુપણા કરવી અથવા ભયથી તે માર્ગે લોકોને ચડાવવા. આ બધા ભયના પ્રકારો છે. આ સર્વે ભયના પ્રકારો દઢ મનવાળા સાધુઓને ન હોવા જોઈએ.

* * *

**कुच्छा चिलीणमलसंकडेसु उव्वेयओ अणिट्ठेसु ।**
**चक्खुनियत्तणमसुभेसु नत्थि दव्वेसु दंताणं ॥ ३२१ ॥**

**અર્થ :** અપવિત્ર મેલ આદિથી ભરેલા કલેવરો જોઈને જુગુપ્સા ઉત્પન્ન થાય, મલિન શરીર અને ગંદા-મેલા કપડાંદિ જોઈને તેની તરફ ઉદ્વેગ ઉત્પન્ન થાય, કીડા વગેરેથી સડતાં-જીવના કૂતરાં વગેરે દ્રવ્યો દેખી મોઢું બગાડી નજર ફેરવી દે અને મનમાં અશુચિ પ્રત્યે ઘૃણા ઉત્પન્ન કરે. આ બધા જુગુપ્સાના હેતુઓ છે. જેને પોતાની ઇન્દ્રિયોનું દમન કર્યું છે તેવા દાન્ત સાધુને આ જુગુપ્સાના કારણો હોતા નથી.

* * *

**एयं पि नाम नाउण मुज्झियव्वं ति नूणं जीवस्स ।**
**फेडेउण न तीरइ अइबलिओ कम्मसंघाओ ॥ ३२२ ॥**

**અર્થ :** કષાયોનું નામ જાણીને પણ જીવે શા માટે તેમાં મુંઝાઈ જવું જોઈએ ? કાશ ! આમ છતાં આત્મા તેમને દૂર કરી શકતો નથી; કેમકે આત્મા ઉપર કર્મોની પક્કડ બહુ જબરી રહેતી હોય છે.

**વિવેચન :** ગ્રન્થકારશ્રીએ ક્રોધાદિ ચાર કષાયો અને હાસ્યાદિ છ નોકષાયો એમ કુલ દસ કષાયોનું વર્ણન કર્યું.

જે સાધુ છે તે બધા આ કષાયોની ભયાનકતા જાણતા હોય છે. તેમાં જો સંજ્વલન કષાયના ઘરના કષાયો જાગ્રત થતાં હોય તો તે ક્ષન્તવ્ય બાબત છે;

કેમકે સંજ્વલન કષાય તો સર્વ છદ્મસ્થ જીવોમાં હોય જ. એ વીતરાગ અવસ્થામાં જ ન હોય. આજે ભરતક્ષેત્રમાં કોઈ સાધુ વીતરાગ નથી.

એટલે સંજ્વલન કષાયના ઘરના રાગ-દ્વેષ ખાવા-પીવાદિક પ્રવૃત્તિઓમાં થતાં હોય તો તે ઘણી ગંભીર બાબત ન કહેવાય. (જો કે જીવને સંજ્વલનનો ઉદય છે કે અસંજ્વલન ૧૨માંથી કોક કષાયનો ? તે પકડવું જોઈએ. સંજ્વલનના ઘરના જે કષાયો હોય તેમાં જીવને તેના સેવન બદલ પારાવાર દુઃખ હોય : તીવ્ર પશ્ચાત્તાપ હોય. જો અનંતાનુબંધી આદિ કષાય હોય તો ત્યાં આ પશ્ચાત્તાપ ન હોય.) કેમકે અ-વીતરાગ અવસ્થામાં તેટલો કષાય તો જીવમાત્રને રહેવાનો જ છે. છતાં એક વાત જણાવું કે પોતાના આત્માની તેવી સ્થિતિમાં ય સાચા સાધુને તેનું અતિ વધુ દુઃખ તો હોય જ. એને તો એવું જ લાગે કે, "મારા કષાયો અનંતાનુબંધી કષાયસ્વરૂપ હશે. મારું શું થશે ? હું કેવી કેવી દુર્ગતિઓ પામીશ ?"

રામચન્દ્રજી તદ્ભવ મોક્ષગામી ભવી જીવ હતા છતાં તેમને ભાઈ લક્ષ્મણ ઉપર અતિરાગ હોવાના કારણસર તે પોતાને અભવી માનતા હતા.

આ ઉપરથી એ વાત ફલિત થાય છે કે ખરેખરા ધર્મી જીવો પોતાને ખરેખરા અધર્મી માનતા હોય છે. ઉચ્ચતમ સ્થિતિમાં રહેલા આત્માઓ પોતાને સાવ તુચ્છ અને અધમ માનતા હોય છે. ઉચ્ચ પદોને તદ્દન લાયક આત્માઓ પોતાને તે માટે તદ્દન નાલાયક માનતા હોય છે. ખરેખર તો આ નાલાયકીની કલ્પનામાં જ તેમની સાચી લાયકી આપમેળે સાબિત થઈ જતી હોય છે.

દસ કષાયો કેવા હલકા છે ? આ દોષો કેટલી હલકી જાત છે ? તે જાણ્યા પછી આત્મા તેનો સંગ તો ન જ કરે પણ પડછાયો ય ન લે. છતાં કેટલીક વાર આત્મા તેમને ભેટી પડે છે; તેમને પ્રેમ કરે છે; તેમની સાથે જીગરી દોસ્તી કરે છે તે બધો કર્મોનો પ્રભાવ છે.

ખરેખર તો કોઈના દોષ જોવા જ ન જોઈએ પણ તે ક્રોધાદિ ક્યાંક જોવાઈ જાય તો તેની કાતીલતા જોઈને નિર્ણય લેવો જોઈએ કે, "આ દોષ મારા જીવનમાં તો નહિ જ પ્રવેશવા દઉં."

જ્યાં સુધી જીવ અચરમાવર્ત્તકાળમાં હોય છે ત્યાં સુધી તો કર્મોનો પ્રભાવ પ્રચંડ રહે છે. તેને જીવ ગમે તેટલા પુરુષાર્થથી પણ મીટાવી શકતો નથી. એવી સુંદર સ્થિતિ જીવના ચરમાવર્ત્તકાળમાં જ આવે છે.

જો આપણને દેવાદિ ત્રિક અને રત્નત્રયી ત્રિક ખરેખર ખૂબ ગમતા હોય તો પરમાત્મા સીમંધરદેવને પૂછ્યા વિના જાણી લેવું કે આપણો જીવ ચરમાવર્ત્તકાળમાં પ્રવેશી ગયો છે. એટલે હવે જો તે જરાક વધુ ધર્મપુરુષાર્થ કરે તો કર્મો ઉપર જીત મળવામાં કોઈ મુશ્કેલી નડે તેમ નથી.

કહ્યું છે : **कत्थइ जीवो बलिओ, कत्थइ कम्माइं हुंति बलियाइं ॥**

* * *

**जह जह बहुस्सुओ सम्मओ अ सीसगणसंपरिवुडो अ ।**
**अविणिच्छियओ अ समए तह तह सिद्धंतपडिणीओ ॥ ३२३ ॥**

**અર્થ :** જીવ જેમ જેમ બહુશ્રુત (વિદ્વાન) થયો તથા ઘણા (અજ્ઞાની) જીવોને માન્ય થઈ ગયો, વળી જેને ઘણા શિષ્યો થઈ ગયા છતાં જો તે સિદ્ધાન્તના રહસ્યોથી અજ્ઞાત હોય તો તે સિદ્ધાંતોનો શત્રુ થઈ જાય.

**વિવેચન :** વિદ્વાન હોવું અને જ્ઞાની હોવું એ બે જુદી વસ્તુઓ છે. ખૂબ ભણી લેવું તે વિદ્વત્તા છે પણ ભણેલાને પચાવીને તેના મૂળમાં જવું : તેનો તાગ મેળવવો : તે જ્ઞાનને જીવનમાં પરિણમાવવું તે જ્ઞાન છે.

વિદ્વાન અને જ્ઞાનીમાં આભ-ગાભનું અંતર હોય. વિદ્વાન છીછરો હોય, પોથી–પંડિત હોય. તેનું જ્ઞાન આત્મામાં પરિણામ પામેલું ન હોવાથી તેને વાસનાઓ સતાવતી હોય, કષાયો પજવતા હોય. એને પોતાની વિદ્વત્તાનું અજીર્ણ (અહંકાર) હોય; પાચન (નમ્રતા) જરાય ન હોય. એ અધૂરા ઘડા જેવો હોય. આમાં જો એની પાસે પાપાનુબંધી પુણ્યાઈ ઉદય પામેલી હોય તો વિદ્વત્તાના નશામાં તે પાગલ બનેલો હોય તો ય તેને ઘણા ભક્તો, ઘણા શિષ્યો, ઘણા માનસન્માન મળતાં રહેતાં હોય. આથી તે ફાટતો હોય. ખાવાપીવાદિનો લાલસુ હોય. વિષયલમ્પટ પણ હોય.

તેને શાસ્ત્રો પ્રત્યે આદર ન હોય. તેમનો ઉપયોગ, તેની વાતો, તેના વ્યાખ્યાનો, તેની કટ્ટરતા માત્ર લોકોને ઠગીને પોતાના ભગત બનાવવા પૂરતી હોય. એની મોક્ષમાર્ગની દેશના પણ માનપાન-ખાનપાન મેળવવામાં જ સીમિત હોય. એને મોક્ષ પામવા સાથે જરાય નિસ્બત ન હોય.

* * *

ત્રણ ગારવો : ઋદ્ધિગારવ

**पवराइं वच्छपायासणोवगरणाइं एस विभवो मे ।**
**अवि य महाजणनेयो अहं इड्ढिगारविओ ॥ ३२४ ॥**

**અર્થ :** આ ઉત્તમ વસ્ત્ર, પાત્ર, આસન, ખાનપાન, માનપાન વગેરે મારો વૈભવ છે; હું મહાજનો(જૈનસંઘ)નો નેતા છું; આવા વિચાર કરનારો સાધુ ઋદ્ધિગારવ નામના દોષનો ભોગ બન્યો છે એમ કહેવાય.

**વિવેચન :** આવો સાધુ કદાચ રસલંપટ ન હોઈને રસગારવનો ભોગ ન પણ બન્યો હોય, વિહારાદિમાં સુખશીલ ન હોઈને કદાચ શાતાગારવનો ભોગ પણ ન બન્યો હોય. આને તો માનપાન અને ખાનપાનમાં જ મસ્તી છે; એના સ્વર્ગ-મોક્ષ છે. સમાજ સાથે એનો જે ઘરોબો બંધાય છે તેમાં તેના પોતાના જ શાસનની વાહવાહ કરે. મહાવીરના શાસનના નામે ચરી ખાય : પોતાનું જ સામ્રાજ્ય વિસ્તારે.

આ એવો ગોર છે જે કન્યાને વર સાથે પરણાવવાની વાતો કરતાં જાતે જ કન્યાને પરણી જાય છે.

ઋદ્ધિગારવનો જીવતો–જાગતો શિકાર જો તમારે જોવો હોય તો બતાડું.

એનું નામ છે મંગુ આચાર્ય. બેશક એને સારું સારું ખાવાનો ખૂબ ચસકો હતો પણ એથી ય વધુ તેને લોકોના માનપાન ખૂબ ભાવતા. એથી જ એમ કહેવાયું છે કે એ ઘણા બધા શિષ્યો સાથે મહાનગરોમાં જ ચાતુર્માસ કરતા.

નગરોમાં મોટા મહોત્સવ સતત થતા રહે, કંકોત્રીઓ (ખાટલા જેવડી) છપાતી રહે, 'ભાઈ'ના મસમોટા નામો ચીતરાય અને કટઆઉટો પણ મુકાય. નવા વિજ્ઞાન–યુગમાં તો વૈજ્ઞાનિક વસ્તુઓનો કોઈ સુમાર રહ્યો નથી. આમાં 'ભાઈ'ને ખૂબ સડાકો પડી જાય.

ટૂંકમાં હજારોના તારણહાર તરીકે પૂજાવવાની તેની ભાવના જેમ જેમ ફલિત થતી જાય તેમ તેમ તે ફુલીને ફાળકો થયા કરે.

ચટાકેદાર ચીજો ચૂસી ચૂસીને ખાતાં ખાતાં એ, મળવા માટે પધારેલા સંઘો અને ઉત્સવોનું આયોજન કરવા માટે આવેલા ડેપ્યુટેશનોને મળવાની ઉતાવળમાં રહેતો હોય. આવા હતા; આચાર્ય મંગુ.

એના કમભાગ્યે (પાપાનુબંધી પુણ્યોદય એ કમભાગ્ય છે) એને આટલા બધા શિષ્યો મળ્યા હતા. એની વ્યાખ્યાનશક્તિ અને પર્સનાલિટી બેશક તેજસ્વી હશે, નહિ તો આટલા બધા શિષ્યો એ રસલંપટ આચાર્યને ન થાય. અને એની સામે હરફ પણ ન ઉચ્ચારે. એના શિથિલ જીવનનો વાંધો ય ન ઉઠાવે.

એની ખાવાની લાલસા અને માનની તીવ્ર સંજ્ઞા એના પાપાનુબંધના ઉદયમાં આબાદ દટાઈ ગયા હતા. એટલે એ મર્યા ત્યાં સુધી તેમના આ ભંડા કોઈની કલ્પનામાં ય આવ્યા ન હતા. અરે, મરણોત્તર દિવસોમાં એ 'ભાઈ'ની મહાન સાધુતાના ગીતો આકાશે દેવીઓ ગાતી, અને ધરતી ઉપર તેમના સુશિષ્યો ગાતા.

ઋદ્ધિગારવનો શિકાર બનેલા આત્માઓમાં સૌથી જીવંત દ્રષ્ટાંત આચાર્ય મંગુનું કહી શકાય. સંવેગરંગશાળામાં તેને 'યુગપ્રધાન' વિશેષણ આપ્યું છે.

નારીનો અને કેરીનો રસ છોડી શકાય પણ નિંદાનો રસ ન જ છૂટે. અરે, તે ય છૂટી જાય પણ ઋદ્ધિ-સમૃદ્ધિના અહંકારનો રસ તો ન જ છૂટે.

આજે તો ઘણા 'ભાઈઓ' ઉત્સવ-મહોત્સવ, સંઘ, અંજનશલાકાદિના ઓઠાં નીચે એ અખૂટ ઋદ્ધિનો ભોગ કરે છે. મદમસ્ત હાથીની મલપતી ચાલે વરઘોડાઓમાં ફરે છે. એમના મોં ઉપર નમ્રતાના મહોરા નીચે અહંકારનો અસલી વિકૃત ચહેરો ઢંકાઈ રહેલો હોય છે.

* * *

**રસગારવ**

**अरसं विरसं लूहं जहोववन्नं च निच्छिए भुत्तुं ।**
**निद्धाणि पेसलाणि य मग्गइ रसगारवे गिद्धो ॥ ३२५ ॥**

**અર્થ :** રસનામાં ગૃદ્ધ થયેલો સાધુ ભિક્ષા માટે નીકળે ત્યારે તેને અરસ, નિરસ, વિરસ, લૂખ્ખું કશું લેવું ગમતું નથી. વળી વાલ વગેરે કાંઈ ખાવું તેને ગમતું નથી. તેને તો સ્નિગ્ધ, માદક અને પોષક જ ખાવા જોઈએ; તે પણ અત્યંત સ્વાદિષ્ટ હોવું જોઈએ.

**વિવેચન :** હવે રસગારવનો શિકાર બનેલા સાધુનું વર્ણન ગ્રન્થકારશ્રી કરે છે કે તે અત્યંત રસલાલચુ એની પાસે જો ખાવા માટેની ૧૦-૧૫ સ્વાદિષ્ટ ચીજો

હોય તો તે બધી ચીજ થોડી થોડી વાપરે. (આને દ્રવ્યત્યાગ, વિગઈત્યાગ, ઊણોદરી હોય નહિ.) એ થોડું થોડું વાપરવામાં જ તેનું પેટ ભરાઈ જાય. કોઈ વસ્તુ પૂરી તો ખાઈ શકે જ નહિ.

જર્મનીનો રાજા વ્હીટેલીઅસ અત્યંત રસલંપટ હતો. તેની થાળીમાં પચાસ ઉપર વાનગીઓ પીરસાતી. ૫-૧૦ વાનગી ખાતાં પેટ ભરાઈ જતું. ખૂબ સરસ વાનગીઓ તો હજી ખાવાની બાકી હતી એટલે તે રહી ગયા બદલ તેને ખૂબ અફસોસ રહેતો. આ બધું ખાઈ શકાય તે માટે પેટ ભરીને દરેક વાર ઊલટી કરી દઈને પેટ ખાલી કરવાની કડવી ગોળી વૈદ્ય આપે, આથી તે વારંવાર (૩-૪ વાર) ખાધાની ઊલટી કરતો અને હર્ષથી ઘેલો બનીને દાબી દાબીને ખાતો.

બિચારો, આંતરડાના ભયાનક ચાંદાના દર્દમાં ખૂબ રિબાઈને મર્યો !

રસગારવનો શિકાર જોવો હોય તો કંડરિક મુનિને જોવા પડે.

એક હજાર વર્ષનો અતિઘોર તપ. એટલો બધો ઘોર તપ કે શરીર એવું સુકાઈ ગયું કે સગો ભાઈ રાજા પુંડરિક તેને ઓળખી ન શક્યો. એથી જ તેને પોતાને ત્યાં સેવા કરવા રાખવાનો ગુરુ પાસે આગ્રહ રાખ્યો. નિયતિને જ દોષ દેવો ને કે તેણે જ ગુરુનું ભાન ભુલાવ્યું. ગુરુએ કંડરિકના સ્વાસ્થ્યને તગડું કરી દેવા માટે પુંડરિકને રજા આપી.

ગુરુ વિહાર કરી ગયા. કંડરિક ઉદ્યાનમાં રહ્યા. રોજ રાજાના રસોડાનો માદક આહાર લેવાનો શરૂ થયો. જોતજોતામાં શરીર હૃષ્ટપુષ્ટ થઈ ગયું પણ તેની સાથે આત્મા પણ વિકારોથી પુષ્ટ બની ગયો.

રસનેન્દ્રિયનું તોફાન ભયાનક બની ગયું. 'ખાઉં ખાઉં' થઈ ગયું. રસલાલસા આસમાને અડી. આમાંથી કામસંજ્ઞા જાગી ઊઠી. અંતે... રજોહરણ છોડી દઈને રાજવેષ ધારણ કરી લીધો.

પછી તો દરેક મિનિટે રસ ઉપર તે આત્મા તૂટી પડ્યો. તેની તેવી વર્તણૂંકથી જે ગિન્નાયા તે રસોઈયાઓને, તે ભાભીઓને ધમકાવી નાંખ્યા. 'સાજો થયા પછી તમને બધાને જોઈ લઈશ' એવી ઉગ્રતા સાથે ધમકી આપી. બિચારો કંડરિક ! એ રૌદ્રધ્યાનમાં બે દિવસ રહ્યો. સાતમી નારકે પહોંચી ગયો.

રસનાના કેવા તોફાન !

મને યાદ આવે છે, રસલોલુપો : અષાઢાભૂતિ મુનિ, સુવ્રત મુનિ, મમ્મણ શેઠના પૂર્વભવીય શેઠ વગેરે... કેવા પાયમાલ થઈ ગયા !

* * *

**શાતાગારવ**

**सुस्सूसइ सरीरं सयणासणवाहणापसंगपरो ।**
**सायागारवगुरुओ दुःक्खं न देइ अप्पाणं ॥ ३२६ ॥**

**અર્થ :** શાતાગારવનો ભોગ બનેલો આત્મા રાત-દી શાતામાં જ રહે: સ્નાન કર્યા કરે, કોમળ શય્યામાં પડ્યો રહે, ઊંઘ્યા કરે, નિષ્કારણ પાલખી વગેરે વાહનોનો ઉપયોગ કરે. ટૂંકમાં પોતાની જાતને જરાય દુઃખ ન પડવા દે.

**વિવેચન :** શાતાગારવનો ભોગ બનેલા આત્માનું દૃષ્ટાંત હું પોતે જ છું. મારામાં ઉપર્યુક્ત બધી બાબતો પડેલી છે. અશાતા જરાય ખમાતી નથી. વધુ પડતાં ટાઢ કે ગરમી, ભૂખ કે તરસ, પ્રતિકૂળ ઉપસર્ગરૂપ કશું ય ખમાતું નથી. વહેલું થઈ જાય, મોડું થઈ જાય, ઠંડું થઈ જાય, ગરમ ન રહે તે બધી વાતે ગુસ્સો આવી જાય છે. શિષ્યોને ગભરાટ સાથે ખડે પગે ઊભા રહેવાની ફરજ પડે છે. તેઓમાંથી કોક મારું પરલોકગમન કે અન્યત્ર ગમન ઈચ્છતા હોય તો જરાય નવાઈ નહિ.

શાતાની લંપટતાને કારણે પ્રતિકૂળ પરિસ્થિતિ થતાં જ ભયંકર ક્રોધ આવે છે. કેવી ભયાનક મારી શાતા-લંપટતા !

આ જીવોને ભગવાનની આજ્ઞા સાથે નિસ્બત હોતી નથી. તેમને પાડાની જેમ પડ્યા રહેવાનું જ ગમે છે. જરાક પણ શારીરિક કષ્ટ ખમાતું નથી. કબજિયાત કે ઝાડા થાય તો ઊંચા-નીચા થાય, પેટ ઉપર હાથ ફેરવ્યા કરે, હરડે વગેરેના મોટા ફાકડા માર્યા કરે; જ્યારે ઈષ્ટસિદ્ધિ થાય ત્યારે મન મોરલાની જેમ નાચવા લાગે.

ખાવાની બાબતમાં આધાકર્મીની લેશ પણ સૂગ હોતી નથી. ફળાદિક વાપરવામાં જરાય સંકોચ હોતો નથી. શાતા અને રસનામાં એવી સ્પર્ધા ચાલે કે એવું કહી ન શકાય કે તે બેમાંથી તેને કોણ વધુ ડેરાતંબૂ નાંખીને પડ્યું છે !

શાતા-લંપટતાનો શિકાર બનેલ આત્મા શોધવો હોય તો તરત શેલકમુનિ આંખે ઊડીને વળગે. તે પાંચસો શિષ્યોના શાસનપ્રભાવક ગુરુ હતા. ખૂબ જ્ઞાની હતા. ખૂબ ઉત્કૃષ્ટ સંયમના આરાધક હતા.

મૂળમાં તે રાજા હતા. તેમના શિષ્ય બનેલા પંથકમુનિ તે રાજાના મહામંત્રી હતા. થાવચ્ચાકુમાર મુનિ પાસે દેશના સાંભળીને રાજા સેલક બારવ્રતધારી શ્રાવક બન્યા. અસલમાં તે મિથ્યાત્વી શુક પરિવ્રાજકના ભક્ત હતા. તેને સ્વમતમાં પાછો લાવવા માટે શુકે ઘણા ધમપછાડા કર્યા પણ સેલક શ્રાવક અડગ રહ્યા. છેવટે એ શુકે થાવચ્ચામુનિ પાસે દીક્ષા લીધી અને શુક મુનિ પાસે સેલક રાજાએ દીક્ષા લીધી.

સેલકમુનિ દ્વાદશાંગીના ધારક બન્યા. ઘોર તપ પણ કરવા લાગ્યા. પારણાઓમાં અન્ત-પ્રાન્ત આહાર લેવાથી એક સાથે ઘણા વ્યાધિઓ થયા.

વ્યાધિઓ અસહ્ય છતાં ઔષધોપચાર કર્યા વિના સમાધિથી સહીને પુષ્કળ કર્મક્ષય કરતાં રહ્યા.

એક વાર મંડુક નામનો રાજા વંદનાર્થે આવ્યો. તેમની ખખડી ગયેલી કાયા જોઈને તે કરુણાર્ત્ત બની ગયો. તેની શુશ્રુષા કરવાની આગ્રહભરી વિનંતિને સ્વીકારીને રાજાની યાનશાળામાં સેલક મુનિ રહ્યા. ઔષધોપચાર અને પથ્યપાલનથી તે માત્ર નિરોગી ન બન્યા પણ શરીરે હૃષ્ટ-પુષ્ટ થયા. વધુ પડતાં લોહી-માંસના ભરાવાએ તેમનામાં પ્રમાદ ઉત્પન્ન કરી દીધો. તે સાવ સુખશીલ બની ગયા. રસલુબ્ધ થયા. શાતા-ગારવમાં ગળાબૂડ થયા.

પ્રથમ શિષ્ય અને ગીતાર્થ પંથક મુનિને લાગ્યું કે, તેમના સંગદોષથી સહવર્તી ઘણા સાધુઓ શિથિલ થઈ જશે, એટલે તેમણે તમામને યોગ્ય ક્ષેત્રોમાં વિહાર કરાવ્યો. પોતે એકલા ગુરુસેવામાં રહ્યા.

એવી એમને આશા હતી કે ગુરુની અપૂર્વ સેવા કરીશ તો તેમને માર્ગસ્થ બનાવવાનો લાભ જરૂર મળી જશે.

પોતાની જાત માટે અત્યંત સાવધાન રહીને તેમણે ગુરુસેવા શરૂ કરી. તેમાં એકતાન બન્યા. ક્યારેક ખાવાપીવામાં કે સેવામાં પ્રતિકૂળ થતું તો ગુરુનું મગજ ક્રોધથી ફાટી જતું પણ તો ય પંથક મુનિ પૂર્ણ સમાધિથી સહી લેતા. પોતાની

ભૂલ ગણાવીને ક્ષમા માંગતા.

સાંભળવા મુજબ ગુરુ સોમરસ (ઉત્તેજક : નશો કરનાર પદાર્થ) પણ ખૂબ પીવા લાગ્યા તો ય શિષ્ય તેની માંગણીને અનુકૂળ બની રહ્યા.

આખો દિવસ સૂઈ રહેવાનું : ઊંઘ્યા કરવાનું. કોઈ પણ - પ્રતિક્રમણાદિ - ક્રિયાઓ કરવાની નહિ, દાબીને ખૂબ ખાવાનું, ખૂબ ઘોરવાનું, બબડ્યા કરવાનું, ઉશ્કેરાઈ જવાનું, થપ્પડો મારવાની કે લાતો પણ શિષ્યને મારી દેવાની.

આ બધું પૂર્ણ સમાધિથી, ગુરુના અનંત ઉપકારને લક્ષમાં રાખીને પંથક મુનિ સહતા રહ્યા.

એક દિવસની વાત છે. એ ચોમાસી ચૌદસનો દિવસ હતો. સાંજના પ્રતિક્રમણ વખતે ખમાવવા માટે ઘોરતા ગુરુના અંગૂઠે હાથ અડાડ્યો.

અને... ગુરુ એકદમ ક્રોધમાં તાડૂકી ઊઠ્યા. બોલ્યા... "તને કાંઈ ભાન-બાન છે ? શાન્તિથી મને ઊંઘવા દેતો નથી ! કેમ ખલેલ પાડી ?"

શિષ્યે શાન્તિથી કારણ જણાવ્યું. અને... ગુરુનો માંહ્યલો જાગી ગયો. વિચાર્યું: અરે, આજે ચોમાસી ચૌદસ ! અને હું પ્રતિક્રમણ પણ કરતો નથી ! હાય... મારું અધઃપતન !

બસ... પછી તો પતનની કેડીથી છૂટીને એ આત્માએ ઉત્થાનનો રાહ પકડી લીધો.

ગુરુને પતનથી ઉગારવા દ્વારા ગુરુના ઉપકારનો દુર્લભ બદલો શિષ્યે મેળવી લીધો.

ફરી સેલક સૂરિ મહાન, પવિત્ર, આજ્ઞાપાલક, પ્રભાવક આચાર્ય બની ગયા !

સર્વ શિષ્યોને પંથક મુનિએ પાછા બોલાવી લીધા !

તમામ સિદ્ધાચલ ગિરિ ઉપર અનશન કરીને મોક્ષ પામ્યા. (આ ઘટના નેમિનાથ પરમાત્માના શાસનકાળમાં બની છે.)

મને પેલા રાજા વિક્રમના રાજગુરુ સિદ્ધસેન દિવાકરસૂરિ યાદ આવે છે. રાજ-ઋદ્ધિ(સોનાની પાલખી વગેરે)માં કેવા ગળાબૂડ ડૂબી ગયા હતા !

સારા સાધુઓ ગારવોનો શિકાર બને નહિ. ખાઈ-પીને પડ્યા રહેવાનું તેમને ધ્રુજાવી મૂકે. તેઓ પુણ્યાનુબંધી એવા પુણ્યના ઉદયવાળા હોય એટલે તેમનું પરકલ્યાણ સહજ રીતે થયા કરે. પણ સ્વકલ્યાણમાં તો માહિર હોય : પ્રચંડ પુરુષાર્થી હોય. એ માનવદેહમાં ભગવાન હોય. તેઓ ગારવાદિના દોષોનું સેવન કરે નહિ. તેવું કાંઈ થઈ જાય તો પશ્ચાત્તાપથી તડપ્યા વિના રહે નહિ.

જેમને પાપાનુબંધ ચાલે છે તેવા પાછા પુણ્યના ઉદયવાળા જીવો જ ગારવોનો શિકાર બને. અનુબંધ પાપનો હોય એટલે આખું જીવન–તનનું અને મનનું–આજ્ઞાભંગથી ખદબદી ઊઠ્યું હોય. વળી પુણ્યનો ઉદય હોય એટલે એમની બધી બદચાલોને કોઈ પડકારે તો નહિ પણ ભક્તો અને શિષ્યો અનુકૂળ થાય. એમને ગમતું-ભાવતું બધું લાવી આપે, એમાં ગુરુભક્તિ સમજે.

આમ એ આત્માઓ ગારવોમાં પટકાઈ જાય.

એમની દયનીય દશા જોઈને તો એમ કહેવાનું મન થાય કે આવો પાપાનુબંધી પુણ્યોદય ભવોભવ ન મળજો. આના કરતાં તો પુણ્યાનુબંધી પાપોદય સારો. ભલે ગરીબીથી માંડીને નારક મળે પણ ત્યાં સમાધિ વગેરે ધર્મો તો પ્રાપ્ત થાય. અબજો રૂપિયાની સંપત્તિ કે ચક્રવર્તીનું પદ પણ સમાધિના કોહિનૂર પાસે તુચ્છ છે.

હવે આપણે આગળ વધીએ.

* * *

**ઇન્દ્રિયો**

**तवकुलच्छायाभंसो पंडिच्चफंद्रणा अणिट्ठपहो ।**
**वसणाणि रणमुहाणि अ इंदियवसगा अणुहवंति ॥ ३२७ ॥**

**सद्देसु न रंजिज्जा रूवं दट्ठुं पुणो न इक्खिज्जा ।**
**गंधे रसे अ फासे अमुच्छिओ उज्जमिज्ज मुणी ॥ ३२८ ॥**

**निहयाणि हयाणि य इंदियाणि घाएह णं पयत्तेणं ।**
**अहियत्थे निहयाइं हियकज्जे पूयणिज्जाइं ॥ ३२९ ॥**

**અર્થ :** ઇન્દ્રિયોને વશ થયેલા જીવો ઉપર આ આઠ આફતો ઊતરી પડે છે : (૧) બાર પ્રકારના તપ કરવાની શક્તિનો નાશ થાય છે. (૨) માતૃપક્ષ, પિતૃપક્ષની આબરૂનો નાશ થાય છે. (૩) શારીરિક બળ ખતમ થાય છે. (૪) બુદ્ધિ (પાંડિત્ય)નો નાશ થાય છે. (૫) સંસાર-વૃદ્ધિ થાય છે. (૬) બીજી અનેક આફતો આવે છે.

(૭) મરણ વગેરે સંકટો (કષ્ટો) આવી પડે છે. (૮) વાદ, સંગ્રામાદિમાં પરાજય થાય છે.

જે મુનિઓ સુગંધ, રસના, સુકોમળ સ્પર્શને વિષે આસક્ત થયા નથી તેમણે વીણા વગેરેના સંગીતમાં રંજિત ન થવું, વિજાતીયના રૂપનું સૌન્દર્ય જોવું નહિ. મુનિઓએ આ રીતે જ ઉદ્યમી બનવું.

સાધુઓએ પોતાની ઇન્દ્રિયોને હણવી જોઈએ, ન પણ હણવી જોઈએ.

અહિત-અર્થોમાં તેનું ગમન ન થાય તે માટે પ્રયત્નપૂર્વક હણવી જોઈએ.

અને સિદ્ધાંતવાંચન વગેરે હિતકર પદાર્થોમાં તેને પૂજનીય બનાવવા દ્વારા નહિ હણવી જોઈએ.

**વિવેચન** : જે ઇન્દ્રિયોનો રસ જીવને પાગલ કરી દે છે તેના આઠ અત્યન્ત કટુ પરિણામો દર્શાવવામાં આવ્યા છે. એવું લાગે છે કે આ પરિણામો જાણ્યા પછી ઇન્દ્રિય(વિષય)લંપટ બનવા માટે જીવ સ્વપ્નમાં ય સાહસ ન કરે.

આપણે ક્રમશઃ તે આઠ કટુ પરિણામોને જોઈએ :

**(૧) ઇન્દ્રિયલંપટ જીવ તપ ન કરી શકે :** કોઈ પણ સાધુનું લક્ષ એકમાત્ર મોક્ષ હોય. આથી જ તેને મુમુક્ષુ કહેવામાં આવે છે. આ મોક્ષ કર્મક્ષય વિના શક્ય નથી. કર્મક્ષય તપ વિના શકય નથી. હા, તેમાં બાહ્યતપ કરતાં અભ્યંતર તપ વધુ સહાયક બને છે. પરંતુ અભ્યંતર તપ માટે જરૂરી નાકાબંધીઓ માટે તો બાહ્યતપ જ અત્યંત યોગ્ય છે. આમ અપેક્ષાએ બારે ય તપની કર્મક્ષય માટે આવશ્યકતા રહે.

દેવાધિદેવ પરમાત્મા મહાવીરદેવે બાહ્ય તપ પણ કેટલો જોરદાર - ૨૫મા અને ૨૭મા ભવે - કર્યો હતો ! પરમાત્મા આદિનાથજીએ પણ કેવો સંવત્સર-તપ કર્યો હતો !

આવા મોક્ષપ્રાપક તપ ઉપર ઇન્દ્રિયલંપટતાની કુહાડી ઝીંકાઈ જાય એ કેટલું ભયંકર !

**(૨) ઇન્દ્રિયલમ્પટ સાધુ માબાપની આબરૂનું ધોવાણ કરે :** નાસ્તિકમાં નાસ્તિક માણસને પણ આરોગ્ય અને આબરૂ તો અત્યંત વહાલા હોય. બહુ મોટા ગજાના માણસો 'આબરૂ'ના પ્રશ્ન ઉપર જાન આપી દે. દીર્ઘાયુ બનવા કાળજી કરે.

જ્યારે રામે સીતાને કહ્યું કે "અયોધ્યાની પ્રજાએ તારી ઉપર રાવણ સાથેના કુસંબંધનો આરોપ મૂકીને તારી આબરૂ ઉપર હાથ ઉગામ્યો છે તો તે આરોપ દૂર કરવા માટે પણ તું અગ્નિસ્નાન કરીને શુદ્ધ બનીને બહાર આવ."

આ શબ્દો ઉપર સીતા આ સાહસ માટે તૈયાર થઈ ગઈ.

આબરૂ કોને વહાલી ન હોય ! પચાસ લાખ રૂ.નું દેવું વ્યાજ સાથે ચૂકવીને પણ માણસ પોતાની આબરૂની રક્ષા કરતો હોય છે. અરે, એમાં નિષ્ફળતા મળે તો દુનિયાને મોં બતાડી શકતો નથી. આપઘાત કરી નાંખે છે. કેટલાય સારાભાઈ શેઠોએ કૂવામાં ઝંપલાવ્યું છે.

ઇન્દ્રિયલંપટ દુર્યોધન હતો. તે પોતાને રાજા થવાને લાયક ગણાવતો હતો. માવડી ગાંધારી તેને વારંવાર કહેતી, "બેટા ! તું રાજ કરવાને બિલકુલ લાયક નથી. કેમકે તું ઇન્દ્રિયલંપટ છે, તું માબાપની સામે બોલે છે, સાવ ઉચ્છૃંખલ છે વગેરે."

આજે તો જેઓ શિક્ષિત, શ્રીમંત અને શહેરી છે તેમની નવી પેઢીના સંતાનોમાંથી એંસી ટકા જેટલા બાળકો અને બાલિકાઓ ઈન્દ્રિયલંપટ છે. નવી ભાષામાં કહું તો તેઓ સ્ટમક અને સેક્સમાં પતી ગયેલા છે.

દાબી દાબી વારંવાર બહારનું ખાવું.

બેફામપણે વિષયભોગ ભોગવવા.

ધર્મ જ આની ઉપર નિયંત્રણ મૂકી શકતો, મોક્ષનું લક્ષ નિયંત્રણ મૂકી શકતું, પણ બે ય ગયા. હવે રહ્યો માત્ર ભોગલંપટતાનો નારો... જય, ભોગલંપટતા ! જય ઇન્દ્રિયલંપટતા !

**(૩) ઇન્દ્રિયલંપટ સાધુ તન-મનથી ખલાસ થાય :** આત્માની મોક્ષમાર્ગની સાધનામાં મુખ્ય મન ઉપકારી છે; પણ મનની જીતમાં મોટો ફાળો તનનો છે. આથીસ્તો 'તન'ને યોગ્ય રસ્તે સાચવી રાખવાનું કહ્યું છે. કોઈ પણ પથ્ય ઔષધ, ભોજન આદિનો અતિયોગ, હીનયોગ કે મિથ્યાયોગ ન થવો જોઈએ. કુપથ્યનું કદી સેવન ન કરવું, ઉણોદરી અવશ્ય કરવી, આરોગ્યને પ્રતિકૂળ લેવું નહિ વગેરે નિયમો જણાવીને જ્ઞાનીઓએ તનની કાળજી કરવા જણાવ્યું છે.

તન નિરોગી તો હોવું જોઈએ. હૃષ્ટપુષ્ટ હોવાનો જરાય આગ્રહ નથી.

મન નિર્મળ તો હોવું જ જોઈએ.

આવા તન-મન ન હોય તો સાધુજીવન નિષ્ફળ ગયા વિના રહે નહિ.

આરોગ્યના નિયમોનું ભાન ન હોવાથી એંસી ટકાથી વધુ સાધુ-સાધ્વીઓને પુષ્કળ દવાઓ ખાવી પડે છે. તેમાં એલોપથી દવાઓ લેનારાઓએ અને કુપથ્ય કરનારાઓએ તો શરીરને સાવ ખલાસ કર્યું છે.

યોગ, ધ્યાનની ક્રિયાઓના અભાવમાં ઘણા બધાના મન ઉચાટવાળા રહે છે. પ્રસન્ન રહેતા નથી.

તન, મન નબળા પડવામાં તનનું મુખ્ય કારણ ધાતુ (વીર્ય)-ક્ષય ગણાય. મનના નબળા પડવાથી ઉત્સાહનો ક્ષય થાય, જેને ભાવવીર્ય કહેવાય છે.

ઇન્દ્રિયલંપટતાનું ભોગસુખ બે-પાંચ ક્ષણોનું છે. પણ તેથી ઉત્પન્ન થનારા રોગોનું દુઃખ મણનું છે. પણ તેથી જે પુણ્યક્ષય થઈને સર્વત્ર જાકારો મળે તેનું દુઃખ ટનબંધ થવા જાય છે.

આથી જ ઇન્દ્રિયલંપટતાનો સાધુએ ત્યાગ કરવો જોઈએ.

**(૪) ઇન્દ્રિયલમ્પટ સાધુની સદ્બુદ્ધિ ક્ષીણ થાય છે :** આ જગત્‌ની સૌથી શ્રેષ્ઠ - પરમાત્મા પાસે માંગવા જેવી કોઈ વસ્તુ હોય તો તે સદ્બુદ્ધિ છે.

ગીતાજીના સ્થિતપ્રજ્ઞના ૧૮ શ્લોકોમાં ध्यायतो विषयान् જે શ્લોક છે તેમાં ઇન્દ્રિયોના વિષયોનું લંપટતા સાથે ધ્યાન કરનાર આત્માની એક પછી એક જે ખરાબ હાલતો થાય છે તેના આબેહૂબ સોપાનો બતાડ્યા છે. ત્યાં છેલ્લે કહ્યું છે કે, "ઇન્દ્રિયલંપટ આત્માની છેલ્લામાં છેલ્લે સદ્બુદ્ધિ નષ્ટ થાય છે. જેની સદ્બુદ્ધિ નષ્ટ થઈ ગઈ તે માણસ કે મુનિ જણાતો જાગતો હોય તો ય મરેલો છે."

આરોગ્ય અને સદ્બુદ્ધિનું ઉદ્ભવસ્થાન ઊર્જા છે. સફેદ રંગનો આત્મામાંથી વહેતો પ્રવાહ...

ઊર્જા જો ક્ષીણ થવા લાગે તો આરોગ્ય અને બુદ્ધિ ક્ષીણ થવા લાગે. વીર્યરક્ષા કરવા દ્વારા ઊર્જાની રક્ષા થાય. વીર્યનાશનું બીજું નામ ઊર્જાનાશ છે.

ઇન્દ્રિયલમ્પટ આત્માની ઊર્જા પુષ્કળ પ્રમાણમાં ક્ષીણ થાય. બુદ્ધિ સાવ ક્ષીણ થાય.

જેની બુદ્ધિ ભ્રષ્ટ તેનું જીવન ભ્રષ્ટ.

જેની બુદ્ધિ ભ્રષ્ટ તેનું શું નહિ ભ્રષ્ટ ?

આત્માનું (મનનું) ઇન્દ્રિયો દ્વારા બહાર નીકળવું અને નારી, કેરી વગેરે પરપદાર્થોમાં બેસવું (આસક્ત થવું) એનું નામ ઇન્દ્રિયલમ્પટતા છે.

આત્માએ સ્વઘરમાં બેસવું એ જ એની ઊર્ધ્વમુખિતા છે. એ પરઘરમાં જઈને બેસે તે એની અધોગતિ છે.

રમણ, રામકૃષ્ણ, અરવિંદ વગેરેને અર્વાચીન કાળના ઊર્ધ્વમુખી આત્માઓ કહી શકાય.

જ્યારે દેહથી કોઈ ખરાબ કામ થવાનું હોય ત્યારે પ્રથમ બુદ્ધિ ખરાબ થાય છે.

સાધુએ બુદ્ધિને સદાની સ્વચ્છ-સદાબહાર રાખવા માટે, ઓજસ્વી, તેજસ્વી થવા સાથે ઊર્જસ્વી બનવા માટે બુદ્ધિને સારી રાખવી જ રહી.

**(૫) ઇન્દ્રિયલમ્પટ સાધુનું સંસાર-ભ્રમણ ખૂબ વધે છે :** આ તો બહુ સીધી, સાદી, સમજાય તેવી વાત છે કેમકે ઇન્દ્રિયલમ્પટતાથી પુષ્કળ રાગદ્વેષની પરિણતિ થાય. તેના દ્વારા પુષ્કળ કર્મબંધ થાય. તેનાથી દીર્ઘ એવું સંસારભ્રમણ થાય.

સમજદાર સાધુને તો હવે પછી એક ભવનું ભ્રમણ પણ ઈષ્ટ ન હોય તો દીર્ઘભ્રમણ શી રીતે ઈષ્ટ હોય ?

તો જેના કારણે દીર્ઘભ્રમણ સર્જાય તે ઇન્દ્રિયલમ્પટતાને તેણે છોડી દેવી જોઈએ. આ બે દુ ચાર જેવી સીધી સાદી વાત છે.

રૂકિમરાણીએ માત્ર એક જ વાર યુવા-રાજકુમાર તરફ કામુક નજરે જોયું; તેનો બચાવ કર્યો તો એક લાખ ભવનું ભ્રમણ વધી ગયું.

લક્ષ્મણા સાધ્વી પણ ઇન્દ્રિયલમ્પટ બની. પળવારમાં એવા બીજ નાંખી દીધા કે ૮૧ ચોવીસી જેટલો અસંખ્યકાલીન સંસાર વધારી મૂક્યો !

ઇન્દ્રિયલમ્પટતાને લીધે બે દિવસમાં કંડરિક મુનિએ સાતમી નારકની વાટ

પકડી લીધી. બ્રહ્મદત્ત ચક્રીના પણ એ જ હાલહવાલ થયા.

**(૬) ઇન્દ્રિયલમ્પટ સાધુને અનેક આફતોના વાવાઝોડા ચાલે :** ઇન્દ્રિયોમાં લમ્પટ આત્માનો પુણ્યસંગ્રહ બહુ ઝડપથી ખૂટવા લાગે. આમ થતાં સામેથી આવતી આફતોનો મુકાબલો કરનાર કોઈ ન રહે, એટલે આફતો વિરાટ વાવાઝોડું બનીને વારંવાર ત્રાટક્યા કરે.

એક વાર એમ કહી શકાય કે સાક્ષાત્ ધર્મબળ ન પણ હોય; અને પુણ્યબળ હોય તો આફતને પાર કરી શકાય. પુણ્યનો ઉદય ચાલે પછી તેનાથી જ દુ:ખ દૂર થાય. એ વખતે ધર્મકરણી ન હોય તો ય ચાલી શકે.

કેટલાય કસાઈ જેવા હિંસક લોકો કરોડપતિ હોય છે અને ધર્મી માણસ રોડપતિ જોવા મળે છે. આ ફરકમાં પુણ્ય જ મુખ્ય તત્ત્વ છે.

જો પુણ્યસંગ્રહ કરવો હોય તો ખાનપાનાદિમાં પડીને પુણ્ય વેડફી નાંખવું ન જોઈએ.

ગુજરાતીમાં કહેવત છે :

***અબ્રહ્મચારી(ઇન્દ્રિયલમ્પટ)નું ચિંતવ્યું કદી ય સફળ ન થાય.***

આ વાત એકદમ સાચી જણાય છે. કેમકે લંપટ જીવો કામભોગના સુખોમાં પુણ્ય વેડફી નાંખતા હોય છે. પુણ્ય ભોગવતાં એકાએક-અધવચમાં-પુણ્ય જો પૂરું થઈ જાય તો પાપોદયજનિત દુ:ખનો ભયાનક ધડાકો થાય છે.

પેલી વઢકણી વહુ ! પતિએ બોલાવેલા ચાર મિત્રોના ભોજનસમારંભમાં પતિની પચાસ આજ્ઞા માનવાની તેણે હા પાડેલી. પતિથી પચાસ આજ્ઞા તો ધડાધડ થઈ ગઈ. એને ખબર પણ ન રહી. હવે જેવી એકાવનમી આજ્ઞા કરી કે પત્ની વાઘણની જેમ વિફરી. ભોજન, થાળી, વાટકી - બધું - ચારે બાજુ ફેંકી દીધું. ગાળો બોલવા લાગી. પતિ સ્તબ્ધ થઈ ગયો.

વઢકણી વહુ જેવું પુણ્ય. ક્યારે વિફરે તેની પળ પહેલાં ય ગંધ ન આવે.

કાચા સૂતરના તાંતણા જેવું પુણ્ય. એને પકડીને લટકેલો ૩ાા મણની કાયાનો માણસ ! તાંતણો તૂટી જતાં શી વાર લાગે ? માણસ કેવો જોરથી ધરતી ઉપર પટકાઈ જાય !

જ્યારે ધર્મ કરીને પુણ્ય ખૂબ ભેગું કરવા માટે માનવજીવન છે ત્યારે જીવ બિચારો તેને બરબાદ કરે છે.

ઇન્દ્રિયપરાજય શતકમાં આ વાત કરતાં કહ્યું છે કે, ''ઇન્દ્રિયલમ્પટ માણસ રાખની જરૂર પડતાં ગોશીર્ષ ચંદનનું લાકડું બાળે છે, બકરાની જરૂર પડતાં ઐરાવણ જેવો હાથી વેચે છે, દિવેલીઆના વાવેતરની જરૂર પડતાં બગીચાનું કલ્પવૃક્ષ ઉખેડી નાંખે છે.

કેવી માનસિક કંગાલિઅત !

**(૭) ઇન્દ્રિયલંપટ સાધુ દરેક મોરચે પરેશાન થાય :** જેણે વિષયભોગમાં પોતાનું શરીર, પુણ્ય અને બુદ્ધિ ઘસીને ખલાસ કર્યા તે આત્મામાં ન રહી પુણ્યાઈ, ન રહી ઊર્જા, ન રહ્યા યશ-કીર્તિ... હવે શું બાકી રહે ? તે જે ક્ષેત્રમાં જાય ત્યાં તેને નિષ્ફળતા મળે. એટલું જ નહિ તેના પાપોદયે બીજા સહુ નિષ્ફળ જાય. એના કર્મોનો ઉપક્રમ બીજાઓને લાગે. એ જે નાવમાં બેઠો હોય તે નાવ ડૂબે. પોતે ડૂબે, બધાને ડુબાડે.

આવા આત્માઓએ કોઈ પણ મોટું કામ માથે લેવું ન જોઈએ; કોઈ પણ સંસ્થામાં સભ્યપદ વગેરે લેવું ન જોઈએ; કોઈ પણ ધંધાકીય સાહસ કરવું ન જોઈએ.

કોકના પુણ્યે બધાનું ભાગ્ય ફળે તેમ કોકના પાપે બધા (કુટુંબ વગેરે) ડૂબે.

ઇન્દ્રિયોના ભોગસુખો પુષ્કળ પુણ્ય ખર્ચાવી નાંખતા હોય છે. આથી પુણ્યના કામીએ ઇન્દ્રિયભોગોથી દૂર રહેવું હિતાવહ છે. એમાં એની સાથે બીજાઓનું પણ હિત રક્ષાય છે.

ઇન્દ્રિયભોગો પુણ્યને ખલાસ કરે. આની અસરથી બુદ્ધિ ખલાસ થાય અથવા ભ્રષ્ટ થાય. ભ્રષ્ટ બુદ્ધિ જ્યાં ત્યાં ઝંપલાવવાનું દુઃસાહસ કરાવે. તેમાં તે માર ખાય.

ઇન્દ્રિયલંપટતા કેટલી હલકી ચીજ છે ? તે આટલા નિરુપણથી સમજાઈ જશે.

**(૮) ઇન્દ્રિયલમ્પટ સાધુને મોત વગેરે ઝટ આવે :** ઇન્દ્રિયલમ્પટ સાધુ પુષ્કળ પ્રમાણમાં વીર્યનાશ કરે. વીર્ય એ ઊર્જાનું ઉદ્ગમસ્થાન છે. ઊર્જા (કે વીર્ય) એ

રોગાદિપ્રતિકારક શક્તિ છે.

જેની આ શક્તિ ઝપાટાબંધ ક્ષીણ થાય તેની ઉપર રોગો ચડી બેસે, તેને ઘડપણ અકાળે આવી જાય, તેને એકાએક શ્વાસ બંધ થતાં, કીડની ફેઈલ થતાં, એટેક આવતાં મોત આવી જાય.

પોતે આ બધું અનુભવવા છતાં જો વિષયાન્ધતાને ન છોડી શકે તો તેના જેવો દયાપાત્ર જીવ આખા જગતમાં કોઈ નહિ મળે.

પકડી રાખેલું છૂટે નહિ... પકડવાને કારણે ભયંકર ત્રાસ અનુભવવા પડે... મોત ધસી આવે તો ય પકડી રાખેલું છૂટે નહિ એ તો દયનીયતાની હદ કહેવાય.

જે મુનિજીવનમાં મોક્ષમાર્ગ(રત્નત્રયી)ની ઉત્કૃષ્ટ સાધના કરવાની છે તેમાં તે સાધના માટે અતિ આવશ્યક ઊર્જા(બ્રહ્મચર્યજનિત) જો વિષયાન્ધતાનો ભોગ બનવાથી ખતમ થાય તો જન્માન્તરોમાં ય મુનિજીવન શી રીતે મળશે ?

ઇન્દ્રિયોથી વિષયલમ્પટ બનવાના પારાવાર નુકસાનોને નજરમાં લાવીને ગ્રન્થકારશ્રી સાધુને વણમાગી સલાહ આપે છે કે અશુભમાં લઈ જતી ઇન્દ્રિયોને સાવ નિષ્ક્રિય કરી દે અને શુભમાં લઈ જતી ઇન્દ્રિયોને એકદમ સક્રિય કરી દે.

એક નિયમ છે કે જો કોઈ વસ્તુ નવરી પડે તો તે આપમેળે નખ્ખોદ વાળે.

મન ખાલી પડે તો તેમાં ખોટા વિચારો ઘૂસી જાય.

ખેતરમાં બિયારણ ન નંખાય તો ખડ-ઘાસ આપમેળે ઊગી જાય.

ઇન્દ્રિયો નવરી પડે તો તેમાં વાસનાની ખાજ ઉત્પન્ન થઈ જાય.

વહુ નવરી પડે તો ખોટા વિચારો કરે.

ભૂત નવરું પડે તો માલિકને જ ખાઈ જાય.

એટલે ગ્રન્થકારશ્રી કહે છે કે ઇન્દ્રિયોના નવરાપણાને (ઇન્દ્રિયોને નહિ) હણી નાંખો; અને તેના સક્રિયપણાને જાગ્રત રાખો.

ઈશરદાન કવિ હતા. ચારણ હતા. વાલ્મિકીના સંસ્કૃત ભાષામાં રચાયેલા રામાયણને ચારણી ભાષામાં પરિવર્તિત કરવું હતું એટલે કાશીના પંડિતને ઘેર ૬ વર્ષ રહ્યા. પંડિતજીના ઘરે જ રહેવા, ખાવાનું બધું રહેતું. પંડિતજીના પત્નીને

તે બા કહેતા. સંસ્કૃત વ્યાકરણ ભણી લીધું. રામાયણને ચારણી ભાષામાં ઢાળવાનું પણ ચાલુ કર્યું. હવે તો તે પૂર્ણ થવાને છ માસ જ બાકી હતા.

તે વખતે એક ઘટના બની. એક દિવસ ભોજનમાં દાળમાં બા મીઠું નાંખવાનું ભૂલી ગયા. ચારણ રસોઈ જમ્યા, દાળ પણ ખાધી, પણ તે મોળી લાગી નહિ. તેથી તેવી ફરિયાદ પણ કરી નહિ કે, "બા, દાળમાં મીઠું નથી. સાવ મોળી લાગે છે."

બાને પણ મીઠા વિનાની દાળ હોવાનો જમતાં જમતાં ખ્યાલ આવ્યો. પણ દીકરો માનેલો ઈશરદાન કેમ ન બોલ્યો ? તે સવાલ થયો. પછી તો જાણી જોઈને મીઠું નાંખવાનું મોકૂફ રહેવા લાગ્યું. બાને જાણવું હતું કે ક્યાં સુધી ચારણ મીઠા વિનાની દાળ - ફરિયાદ કર્યા વિના - વાપરે છે !

તેમાં પૂરા છ માસ થયા. આ બાજુ રામાયણની ચારણી ભાષામાં રચના પૂરી થઈ.

આજે આરામથી જમવાનું હતું. રોજ તો ચારણ જમતાં જમતાં ય નૂતન શ્લોક-રચના કરવામાં જ લીન રહેતા. આથી જ મીઠા વિનાની દાળનો ખ્યાલ આવ્યો ન હતો.

આજે તો મોંમાં દાળ જતાં જ ચારણે બૂમ પાડી, "બા ! દાળમાં મીઠું નથી. સાવ મોળી છે."

ખડખડાટ હસી પડીને બાએ કહ્યું, "દીકરા ! દાળ તો છ મહિનાથી મોળી જ દઉં છું. આજે જ કેમ મોળી હોવાની ફરિયાદ કરી ? આજ સુધી તેમ કહેતાં શરમ આવતી હતી ?"

ચારણે આ વાત ઉપર વિચાર કરીને કહ્યું, "બા, આજ સુધી હરિરસમાં લીન હતો. આજે તે ખૂટ્યો એટલે આ સબરસ(મીઠું)માં મન ઊતરી પડ્યું."

કેવી સરસ વાત ! બે રસ સાથે ન રહે; હરિરસ અને સબરસ.

તુલસીદાસજીએ કહ્યું છે :

*જહાં કામ તહાં રામ નહિ, જહાં રામ તહાં નહિ કામ.*
*તુલસી ! દોનું ના રહે, રામ, કામ ઈક ઠામ.*

જો મન ખાલી રહે તો તેમાં શેતાનનો પ્રવેશ થાય. તે ત્રણ પાળી કામ કરીને ગંદા અને ભયાનક વિચારોનું ધૂમ ઉત્પાદન કરે. માટે મનને ખાલી પડવા દેવાય નહિ. તેમાં કુવિચારોનો પ્રવેશ જ ન થઈ શકે.

**Empty mind is devil's workshop.**

વસ્તુતઃ ઇન્દ્રિયોનો વ્યાપાર જ શુભમાં કે અશુભમાં બંધ કરી દેવો એ જ અંતિમ સત્ય છે. પણ અંતિમને કાંઈ ભૂસકો મારીને આંબી ન શકાય. એમ કરતાં તો હાડકાં ભાંગી જાય. એટલે પહેલાં તો ઇન્દ્રિયોને અપ્રશસ્ત-વ્યાપારમાંથી બહાર કાઢવા માટે પ્રશસ્ત-વ્યાપારોમાં જોડવી પડે.

જો 'પ્રશસ્ત'ની પ્રાપ્તિ થાય તો 'અપ્રશસ્ત'થી હટી જવું બહુ સહેલું છે.

જો પીપરમીંટ માટે રડતાં બાળકને સારા બિસ્કીટ આપી દેવાય તો તેને નુકસાનકારી પીપરમીંટથી દૂર કરી દેવાનું કામ જરાય અઘરું નથી.

આ રીતે જ અપ્રશસ્તને પ્રેમ કરતી ઇન્દ્રિયોને પ્રશસ્તના પ્રેમમાં નાંખી દઈને-આવી છેતરપિંડી કરીને (વંચનં કરણાનાં) તેની લંપટતાને દૂર કરવી જોઈએ.

સૌથી સરળ રસ્તો ઈશ્વરમાં આસક્ત બનીને નશ્વરની આસક્તિમાંથી ઇન્દ્રિયોને દૂર કરવી તે છે.

ગીતામાં કહ્યું છે, "ભાઈ ! ઉપવાસ કરીને તમે ખાવાના પદાર્થોનો ત્યાગ કરી શકો પણ ખાવાની આસક્તિને શી રીતે દૂર કરી શકો ? ઊલટું, ક્યારેક તો પારણાની પૂર્વરાતે ખાવાની આસક્તિ ખૂબ વધી જાય છે.

એટલે આસક્તિ દૂર કરવા માટે તો આસક્તિશૂન્ય એવા પરમાત્મામાં આસક્તિ કરવી જોઈએ. આમ ખાવાની વસ્તુઓ અને તેની આસક્તિ બે ય દૂર થાય. નહિ તો એકલું ખાવાનું દૂર કરવાથી ભૂખમરો કરવા સિવાય કશું હાથમાં નહિ આવે."

આ રહ્યો ગીતાનો તે શ્લોક :

**विषया विनिवर्त्तन्ते, निराहारस्य देहिनः ।**
**रसवर्जं रसोऽप्यस्य, परं दृष्ट्वा निवर्त्तते ॥**

ઇન્દ્રિયલમ્પટતા દૂર કરવાની શાસ્ત્રોક્ત ઉત્કૃષ્ટ તરકીબ બતાડું. પણ આ તરકીબ તેની જ સફળ થશે જે ખરેખર પોતાની ઇન્દ્રિયલમ્પટતા દૂર કરવા બદલ

અતિશય તડપતો હશે.

જ્ઞાનીઓ કહે છે, જેને એવી લંપટતા સતાવતી હોય કે જે દૂર કરવા માટેના તપ, સ્વાધ્યાય વગેરે ઉપાયો ધરાર નિષ્ફળ ગયા હોય તેણે ઉત્તમ શ્રમણોની વૈયાવચ્ચ કરવી. સેવા કરવાથી લંપટતા દૂર થાય.

આની પાછળ જે રહસ્ય છે તે જણાવું.

આપણે જેને શરણે જઈએ તેની પાસે જે હોય તે આપણને મળે : આપણામાં ઊતરે.

જ્ઞાનીનું શરણ લેવાથી જ્ઞાન મળે.

સંયમીની સેવા કરવાથી સંયમ-ધર્મ જીવનમાં ઊતરે.

ધનીની સેવા કરવાથી ધન મળે.

તેમ જેઓ ઇન્દ્રિયલંપટ નથી તેમની સેવા કરવાથી આપણને ઇન્દ્રિયલંપટતાનો અભાવ મળે.

બાળ, વૃદ્ધ, ગ્લાન અને તપસ્વી શ્રમણોમાં ધરાર આ લંપટતા હોતી નથી. જો તેમની સેવા કરાય તો તે લંપટતા-શૂન્યત્વ આપણામાં ઊતરી જાય.

અતિચાર સૂત્રમાં "બાળ, વૃદ્ધ, ગ્લાન, તપસ્વીનું વૈયાવચ્ચ ન કીધું." એ શબ્દોનો આ તાત્પર્યાર્થ છે.

જે ઇન્દ્રિયલમ્પટ હોય તેને વિશિષ્ટ જ્ઞાન દેવાય નહિ, દીક્ષા દેવાય નહિ, કોઈનો ગુરુ બનાવાય નહિ અને પદસ્થ બનાવાય નહિ.

દોષગ્રસ્ત આત્મા આધ્યાત્મિક જગતના કોઈ પણ ક્ષેત્ર માટે નાલાયક કહેવાય.

રાજકુમાર અંકમાલ સત્તા અને સંપત્તિથી તો ભરપૂર હતો કિન્તુ તેણે સાધના કરીને એકવીસ વિદ્યાઓ પણ સિદ્ધ કરી હતી. કમનસીબે તેને અહંકાર આવી ગયો હતો. એ અહંકારને કારણે તેનામાં કામ, ક્રોધ પણ જાગી પડ્યા હતા. એ કેમેય ટળતા ન હતા. અરે ! તેમને ટાળવાની તેની ઈચ્છા પણ ન હતી.

તેણે ગૌતમ બુદ્ધ પાસે દીક્ષાદાનની માંગણી કરી. તેને અપાત્ર જાણીને બુદ્ધે ના પાડી. આથી તેનો અહંકાર ઘાયલ થયો. તેને ખૂબ ક્રોધ આવી ગયો. તેણે બુદ્ધના શિષ્યો પાસે ક્રોધ ઠાલવતાં કહ્યું કે, "તમારા ભગવંતને કહેજો કે મને

દીક્ષા માટે 'નાલાયક' કહીને તમે તમારી મહાનતાનું લીલામ કર્યું છે. મારા જેવી દીક્ષાને પાત્ર વ્યક્તિ બીજી કોઈ નહિ હોય; કેમકે હું રાજકુમાર છું, એકવીસ વિદ્યાનો જાણકાર છું, યુવાન છું, મહાન છું. આથી વિશેષ કઈ લાયકાત હોઈ શકે ?''

ધમપછાડા કરતો અંકમાલ વિદાય થયા બાદ ભિક્ખુઓએ બુદ્ધને બધી વાત કરી. તે એક દિવસ પરમ ભકતા બનેલી નર્તકી આમ્રપાલીને લઈને અંકમાલના રાજમહેલે ગયા. ભિક્ખુઓને સાથે લીધા હતા. તે બધા બેઠા. તેમની સામે અંકમાલ બેઠો.

ગૌતમબુદ્ધ બોધવચનો કહેવા લાગ્યા. તે વખતે અંકમાલની નજર કામુક બનીને આમ્રપાલીને તાકી રહી હતી. બુદ્ધે મનમાં તેની નોંધ લીધી.

પછી તેને કહ્યું, ''અંકમાલ ! તું કઈ લાયકાતથી દીક્ષા લેવાની વાત કરે છે ?''

અંકમાલે ખભા ઊંચકીને કહ્યું, ''કેમ નહિ ! હું એકવીસ વિદ્યાનો સાધક છું.''

બુદ્ધે કહ્યું કે ''આમ કહેવું એ તો વિદ્યાનું અભિમાન (અજીર્ણ) કહેવાય !''

આ સાંભળતાં જ અત્યંત ક્રોધમાં આવીને અંકમાલ બોલ્યો, ''તો હું ઊઠીને ચાલી જાઉં છું. જો તમને મારામાં અભિમાન જણાતું હોય તો ! અંકમાલ ક્રોધથી રાતોપીળો થઈ ગયો.

પૂરી ઠંડકથી અને પૂરા સ્નેહભાવથી બુદ્ધે અંકમાલને કહ્યું, ''વત્સ ! તું કામી છે, માની છે અને ક્રોધી છે. તને કોઈ હાલતમાં દીક્ષા ન અપાય. તારા ક્રોધ, માન અને ઇન્દ્રિયલમ્પટતા તારા જીવનને બરબાદ કરી રહ્યા છે.''

ગૌતમબુદ્ધના પરમભક્ત રાજા પ્રસેનજિત હતા. એક વાર દેશના સાંભળતાં ખૂબ બગાસા અને ઝોકાં ખાતા હતા. બુદ્ધને આ બિલકુલ ન ગમ્યું. તેમણે કડક ભાષામાં કહ્યું, ''રાજન્ ! આ ધર્મ સાંભળવાની રીત ન કહેવાય. એકદમ અપ્રમત્ત બનીને ધર્મ સાંભળવો જોઈએ.''

બાજુમાં ઊભેલા રાજાના અંગરક્ષકે બુદ્ધને કહ્યું, ''ભગવંત ! તેમને સારું સારું ખાવાનું ખૂબ ગમે છે. એથી જ ચરબી, ઊંઘ વગેરે ખૂબ વધી ગયા છે. શરીર ફુલી ગયું છે.''

બુદ્ધે કહ્યું, "તો તું અંગરક્ષક શી રીતે કહેવાય ? અંગની રક્ષા કરે તે અંગરક્ષક. તું તો આ વિષયમાં જરાય કાળજી કરતો નથી."

મહાભારતમાં વિદુરે કહ્યું છે કે રાજા બહુગુણસંપન્ન હોવો જોઈએ. તેમાં ય ખાસ કરીને તે ઇન્દ્રિય-નિગ્રહવાળો હોય.

શું કહું ? આખા વિશ્વના કલ્યાણનું બીજ એક જ વ્યક્તિના કલ્યાણમાં પડેલું છે. જો એક આત્મા બધી રીતે બરોબર થઈને અત્યંત શુદ્ધિમાન (જિનાજ્ઞાપાલન દ્વારા) બને તો તે શુદ્ધિની સાથે પ્રચંડ પુણ્યનું ઉત્પાદન (by product તરીકે) કરે જ. એ પુણ્ય જો 'ઉગ્ર' બને તો તે જ ભવમાં ઉદયમાં આવે. તેનાથી કુદરત વગેરે બધું વ્યવસ્થિત થાય. વિશ્વની પ્રજામાં ભરપૂર ગુણો ખીલી ઊઠે. રોગાદિ ઉપદ્રવો દૂર થાય. સર્વત્ર સુખ, શાન્તિ, શુદ્ધિ વગેરે ફેલાઈ જાય.

એક માણસની શુદ્ધિ આખા જગતને યુદ્ધાદિક આફતોમાંથી ઉગારી શકે.

**One man's puority can save the world.**

આથી જ દરેક સાધુએ બધી પારકી પંચાતમાં પડ્યા વિના સ્વકલ્યાણ તરફ પોતાનું મોં (લક્ષ) વાળી દેવું જોઈએ. પવિત્રતાને જ વધારતા રહેવી જોઈએ.

**Raise the hight of puority.**

કદાચ તદ્‌ભવે ફળ નહિ મળે તો પછીના જ ભવે તે આત્મા દેવ થશે. વિશ્વનો સહાયક બની જશે; પળ-બે પળમાં...

જેણે ઇન્દ્રિયોના રસ જીત્યા તેણે બધું જીતી લીધું. જીત્યો કોણ ? જેણે રસ જીત્યો.

**जितं केन ? रसो हि येन ।**

દસ લાખ માણસોના સૈન્ય ઉપર વિજય મેળવતા સેનાપતિ કરતાં ઇન્દ્રિયવિજેતાને મહાન કહેવામાં આવ્યો છે.

માષતુષ મુનિ કશું ખાસ ભણ્યા ન હતા. તપ તો બિલકુલ થતો ન હતો. છતાં ઇન્દ્રિયવિજય(સાવ રૂક્ષભોજન વાપરતાં)ને લીધે તે ત્રિલોકવિજેતા બની ગયા.

કોટિ વંદન તે ઇન્દ્રિયવિજેતાઓને !

* * *

મદ :

जाइकुलरूवबलसुअ तवलाभस्सरिय अट्ठमयमत्तो ।
एयाइं चिय बंधाइं असुहाइं बहुं च संसारे ॥ ३३० ॥

जाइए उत्तमाए कुले पहाणम्मि रूवमिस्सरियं ।
बलविज्जा य तवेण य लाभमएणं च जो खिंसे ॥ ३३१ ॥

संसारमणवयग्गं नीयट्ठाणाइं पावमाणो य ।
भमइ अणंतं कालं तम्हा उ मए विवज्जिज्जा ॥ ३३२ ॥

**અર્થ :** જે સાધુ બ્રાહ્મણાદિક **(જાતિ)**, પોતાનો વંશ **(કુળ)**,શરીરનું સૌભાગ્ય **(રૂપ)**, શરીરનું સામર્થ્ય **(બળ)**, શાસ્ત્રોનું જ્ઞાન **(શ્રુત)**, છઠ્ઠ, અઠ્ઠમ વગેરે તપશ્ચર્યા **(તપ)**, ધનાદિકની પ્રાપ્તિ **(લાભ)**, પ્રભુતા **(ઐશ્વર્ય)**-આ આઠ પ્રકારના મદથી મત્ત થયેલો હોય તે તે જ હલકી જાતિ, કૂળ વગેરેને દીર્ઘકાળના સંસારપરિભ્રમણમાં પામ્યા કરે છે.

જે સાધુ પોતાની ઉત્તમ જાતિ વગેરે હોવાથી બીજાની હલકી જાતિ વગેરેની નિંદા સતત કરતો રહે છે તે અનંતકાળ સુધી તે નીચ જાતિ વગેરે સંસારમાં પામ્યા કરે છે. આમ તેનો સંસાર 'અનંત' બની જાય છે. માટે શાણા સાધુઓએ આ બધાના મદનો ત્યાગ કરવો જોઈએ.

જે સાધુ ધર્મના વિષયોમાં અત્યંત યત્ન (યતના) કરવા છતાં જાતિ આદિકનું અભિમાન કરે છે તે મેતાર્ય કે હરિબલ સાધુની જેમ ભવાંતરમાં હીન જાતિવાળો થાય છે.

**વિવેચન :** પૂર્વે જણાવ્યું છે કે કોઈ પણ પ્રકારનો અહંકાર સારો નથી. હા, પ્રશસ્ત અહંકાર સારો છે પણ તેમાં 'અપ્રશસ્ત'નું મિશ્રણ થવું ન જોઈએ.

મરીચિના ભવમાં, તેને પોતે ભવાંતરે તીર્થંકર થવાનો છે તેનો જે અહંકાર આવ્યો તેનાથી નીચગોત્ર બંધાયું નથી (ભવિષ્યમાં સાધુ થવાની કલ્પનાથી જેને તે વાતનું અભિમાન રહે તે મુમુક્ષુને કાંઈ નીચગોત્ર કર્મ ન બંધાય.) પણ તે પ્રશસ્ત અહંકારની સાથોસાથ પોતે ચક્રવર્તી અને વાસુદેવ થવાનો છે તેનો પણ અહંકાર મિશ્રિત થયો (દૂધપાકમાં ઝેરના બે ટીપાં પડ્યા) તેણે નીચગોત્રકર્મનો બંધ કરી દીધો. આ બે ય પદવીઓમાં દુર્ગતિમાં લઈ જવાનું સામર્થ્ય તો છે જ. આવી પદવીઓની પ્રાપ્તિનો અહંકાર ન જ હોવો જોઈએ.

કોઈ આત્માને ખબર પડી કે પોતે તીર્થંકર થવાનો છે તો તેનું એક રીતે અભિમાન લઈ શકાય અને ન પણ લઈ શકાય.

જો એવો વિચાર ગર્ભિત રીતે રહેલો હોય કે "હું તીર્થંકર થાઉં તો વટ પડી જાય. મારે તીર્થંકર થઈને આખા વિશ્વનું કલ્યાણ કરવું છે." આ વિચાર ખૂબ સારો.

પણ તીર્થંકર થવાથી ક્રોડો દેવતાઓ મારી સેવા કરશે વગેરે ભૌતિક ભોગોની પ્રાપ્તિ ગર્ભિત રીતે અભિપ્રેત હોય તો તેનું અભિમાન અપ્રશસ્ત કહેવાય.

"હું જૈન છું. મને જૈનધર્મ પ્રાપ્ત થયો છે. હું સાધુ છું. મને તેનું ખૂબ ગૌરવ છે." ઇત્યાદિ વિચારો પ્રશસ્ત મદસ્વરૂપ હોવાથી વર્જ્ય નથી.

અહંકાર કેટલો ખરાબ છે ? તે કેવી રીતે ગુણોને હણી નાંખે છે ? વગેરે વાતો પૂર્વે આવી ગઈ છે એટલે તેનું પુનરાવર્તન કરવું નથી.

ગ્રન્થકારશ્રીએ મેતાર્ય અને હરિકેશી નામના ચંડાળકુળે ઉત્પન્ન થઈને દીક્ષિત થયેલા આત્માઓના દૃષ્ટાંતો લીધા છે.

૪૪મી ગાથામાં હરિકેશી મુનિની મહાનતાની વાત છે. ૯૧મી ગાથામાં મેતાર્ય મુનિની મહાનતાની વાત છે.

પૂર્વના ભવમાં તેમણે જાતિમદ કર્યો. તેના પરિણામે તેઓ ચંડાળકુળમાં જન્મ્યા. છતાં તેમણે જે કાંઈ સત્કર્મ કર્યું હતું તેના પ્રભાવે તેમના ચરિત્રનો અંત ખૂબ સારો આવી ગયો.

ટૂંકમાં ગ્રન્થકાર કહે છે કે પોતાની જાતિ વગેરે આઠ વસ્તુઓનું અભિમાન કદી કરવું નહિ.

કન્દર્પમાં બીજાની ઉપર રાગ થાય છે જ્યારે આ દર્પમાં પોતાની ઉપર : પોતાના વિચારો ઉપર રાગ થઈ જાય છે.

પહેલો રાવણ હતો તો બીજો દુર્યોધન હતો. રાવણ પરકીય સીતામાં પાગલ હતો. દુર્યોધન સ્વીય હઠમાં પાગલ હતો. એ પોતાના વિચારોને કદાગ્રહપૂર્વક વળગી રહ્યો હતો. અપેક્ષાએ રાવણ કરતાં દુર્યોધનને વધુ ખતરનાક અને વિનાશક કહેવાય.

રાવણ જેવા માણસોમાં સમ્યગ્દર્શન હોઈ શકે પણ દુર્યોધન જેવા કદાગ્રહી લોકોમાં નિશ્ચિતપણે મિથ્યાત્વ હોય.

જે વાતનું અભિમાન થાય તે વાતથી તે આત્માનું અધઃપતન થાય.

રૂપ, શ્રીમંતાઈ, વિદ્વત્તાનું અભિમાન (અજીર્ણ) કરનાર માણસો ક્રમશઃ રૂપના કારણે, શ્રીમંતાઈના કારણે, વિદ્વત્તાના કારણે પતન પામી જાય છે.

* * *

**सुट्ठं पि जइ जयंतो जाइमयादिसु मज्जइ जो उ ।**
**सो मेअज्जरिसी जहा हरिएसबलुव्व परिहाइ ॥ ३३३ ॥**

**અર્થ :** જે સાધુ સુંદર તપ, સ્વાધ્યાયાદિ અનુષ્ઠાનોમાં લાગ્યો રહેવા છતાં જાતિમદ વગેરેથી ઉન્મત્ત રહે છે તે મેતાર્યમુનિ અને હરિકેશબળની જેમ હલકા જાતિ, કૂલાદિની હીનતાને પામે છે.

* * *

**બ્રહ્મચર્યની નવ વાડો તથા ત્રણ ગુપ્તિ**

**इत्थिपसुसंकिलिट्ठं वसहिं इत्थिकहं च वज्जंतो ।**
**इत्थिजणसंनिसिज्जं निरुवणं अंगुवंगाणं ॥ ३३४ ॥**

**पुव्वरयाणुस्सरणं इत्थिजणविरहरूवविलवं च ।**
**अइबहुयं अइबहुसो विवज्जंतो अ आहारं ॥ ३३५ ॥**

**वज्जंतो अ विभूसं जइज्जे इह बंभचेरगुत्तीसु ।**
**साहु तिगुत्तिगुत्तो निहुओ दंतो पसंतो अ ॥ ३३६ ॥**

**અર્થ :** (૧) સ્ત્રી અને વિજાતીય પશુના અવસ્થાનવાળી વસતિનો સાધુએ ત્યાગ કરવો. (૨) સ્ત્રીકથા કરવી નહિ. (૩) જ્યાં સ્ત્રી બેઠી હોય ત્યાં સાધુએ બે ઘડી સુધી બેસવું નહિ. (૪) સ્ત્રીઓના અંગોપાંગોનું નિરીક્ષણ ન કરવું. (૫) પૂર્વે કરેલી કામક્રીડાઓને યાદ ન કરવી. (૬) સ્ત્રીના કરુણ વિલાપનું શ્રવણ ન કરવું. (૭) અતિ ભોજન કરવું નહિ તથા ઘણી વાર ભોજન કરવું નહિ. (૮) વિગઈઓનો સ્નિગ્ધ આહાર લેવો નહિ. (૯) વિભૂષા કરવી નહિ.

આ નવ વાડોનું પાલન સાધુ કરે તો તે ત્રિગુપ્તિથી ગુપ્ત બને. શાન્ત, દાન્ત અને ગંભીર બને.

**વિવેચન :** જો કે નિશ્ચયનયથી પ્રથમ મહાવ્રત સૌથી મોટું છે; પણ વ્યવહારનયથી આ ચોથા મહાવ્રતને સૌથી મોટું કહેવામાં આવ્યું છે. આથી જ "એ વ્રત જગમાં

દીવો, મેરે પ્યારે..." કવિઓએ ગાયું છે.

પાંચ મહાવ્રતોમાં જે અપવાદો જણાવ્યા છે તેમાં ચોથા મહાવ્રતના અપવાદોને સપ્રાયશ્ચિત્તી કહ્યા છે.

બીજાના અપવાદોને વસ્તુતઃ પ્રાયશ્ચિત્ત હોતું નથી કેમકે યોગ્ય રીતે અપવાદનું સેવન કરવું તે ઉત્સર્ગના સેવન કરવા જેવો માર્ગ છે. માર્ગસેવનનું પ્રાયશ્ચિત્ત ન હોય, પણ આવું ચોથા મહાવ્રતમાં નથી. ત્યાં અપ્રાયશ્ચિત્તી એવું અપવાદસેવન સદંતર નિષિદ્ધ છે. કેમકે એ સેવનમાં રાગાદિની સૂક્ષ્મ પરિણતિ જાગ્રત થયા વિના રહે નહિ એટલે તેનું પ્રાયશ્ચિત્ત હોય જ. અન્ય મહાવ્રતોના આપવાદિક સેવનમાં રાગાદિની પરિણતિનો અભાવ સાધી શકાય તેવો હોય છે. તેમ થાય તો જ પ્રાયશ્ચિત્ત નથી. તેમ થાય તો જ એ અપવાદસેવન માર્ગ ગણાય, અન્યથા ઉન્માર્ગ બની જાય.

ટાઈફોઇડના તાવમાં ગીતાર્થ ગુરુએ વૈદ્યના આગ્રહથી મોસંબીનો રસ શિષ્યને પીવા જણાવ્યું પણ તે રસ શિષ્ય રસથી તો ન જ પી શકે. તેમ કરે તો તે અપવાદ-સેવન માર્ગ ન રહે : ઉન્માર્ગ બની જાય. તેમ થતાં તેનું પ્રાયશ્ચિત્ત જરૂર આવે.

એટલે જ એમ કહી શકાય કે અપવાદમાર્ગનું સેવન કરવા કરતાં ઉત્સર્ગમાર્ગનું સેવન સરળ છે.

કેરીનો રસ પીવો અને તે રસથી ન પીવો એ બહુ કઠિન કામ કહેવાય.

કેરીનો રસ પીવો જ નહિ એ બહુ સરળ ઉત્સર્ગ-સેવન બની શકે.

અબ્રહ્મસેવનની અંદર વિજાતીય-સેવન સૌથી ભયંકર છે કેમકે તેમાં નવલાખ ગર્ભજ પંચેન્દ્રિયાદિ જીવોની ઘોર હિંસા છે અને શાસનહીલનાની મોટી શક્યતા છે. સજાતીયમાં આ શક્યતા નથી અથવા ઓછી છે માટે તે દોષને અતિચાર સ્વરૂપ કહ્યો છે; જે વ્રતમાં ભાંગો લગાડે છે. વિજાતીયના દોષને અનાચાર સ્વરૂપે ભયંકર દોષ કહ્યો છે; તે વ્રતનું ખંડન કરી નાંખે છે.

જ્યારે ભલભલા તપસ્વી આત્માઓ - સિંહગુફાવાસી મુનિ, સંભૂતિ મુનિ, નંદિષેણ મુનિ, રહનેમિ મુનિ વગેરે—મેરુ જેવું અડગ બ્રહ્મવ્રત પાળતા હતા છતાં અબ્રહ્મની વાસનાના વાવાઝોડા સામે ચલિત થઈ ગયા તો પાકેલા પીંપળપાન જેવા વર્તમાનકાળના સાધુના બ્રહ્મચર્યને ચલિત થવામાં શી મોટી વાત !

અરે ! જૈનધર્મના તો પ-૧૫ પડ્યા, અજૈન ધર્મોની પુરાણોની વાત સાંભળીએ

તો માથું કામ ન કરે. અનહદ આશ્ચર્ય થાય અચ્છા અચ્છાની કામાંધતાઓ જાણીને.

પેલા શ્લોકમાં ખૂબ સાચી વાત કરી છે કે જે સાધુ–સંતો માલમલીદા આરોગે તેમને જો ઇન્દ્રિયો ઉપર કાબૂ આવી શકતો હોય તો વિંધ્યાચળ પર્વત સાગર કેમ ન તરી જાય ? **तेषामिन्द्रियनिग्रहो यदि भवेत्, विन्ध्यस्तरेत् सागरम् ॥**

અન્યત્ર કહ્યું છે :

***પાલો પત્તી ખાત હૈ, ઉન્હે સતાવે કામ.***
***જો હલવા-પુરી નિગલતે ઉનકી જાને રામ.***

વિશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરવાની જો ભાવના હોય તો આટલું તો અવશ્ય કરવું જોઈએ :

(૧) સ્નિગ્ધરસ અને દાબીને ભોજનત્યાગ.

(૨) ઉત્કૃષ્ટ દેવ-ગુરુભક્તિ.

(૩) વારંવાર તીવ્ર પશ્ચાત્તાપ સાથે શુદ્ધતમ પ્રાયશ્ચિત્ત.

(૪) એક કલાકના યોગાસનો.

(૫) ઊંચી નજરનો સદંતર ત્યાગ.

(વિશેષ જાણકારી માટે મારા ત્રણ પુસ્તકો અવશ્ય મનનપૂર્વક વાંચવા : (૧) જોજે, અમૃતકુંભ ઢોળાય ના (૨) બ્રહ્મચર્ય (૩) અય, યુવાન ! ઉઠ, ઊભો થા.)

એવું સખ્તાઈથી - સચોટપણે - લાગે છે કે બ્રહ્મ-વ્રતનું પાલન અતિ દુષ્કર છે. ના... ગુરુએ સ્થૂલભદ્રજીને જણાવ્યા પ્રમાણે દુષ્કર, દુષ્કર છે. ગુરુકૃપા, ઈશભક્તિ, શુદ્ધ પ્રાયશ્ચિત્ત વિના તો દુષ્કર, દુષ્કર, દુષ્કર છે.

આ કાળ અબ્રહ્મને જાગ્રત કરનારા કુનિમિત્તોથી ભરપૂર છે. મલિન દેવ-દેવતાઓની ઝાપટોથી ભરપૂર છે. કુસંગોથી ભરપૂર છે. માટે સંસારત્યાગીને ય ઉગરવું અતિ મુશ્કેલ છે.

આ સ્થિતિમાં ઉપરની ત્રણ વાત બહુ જોરમાં ચલાવવી. ભલે આ ભવે સફળતા ન મળે પણ આગામી ભવના પ્રવેશદ્વારે (આઠ વર્ષની ઉંમર થતાં) સંયમલક્ષ્મી વધાવવા માટે તૈયાર ઊભી હશે. આવતો ભવ સુવિશુદ્ધ બ્રહ્મચર્યથી અને તમામ

જિનાજ્ઞાઓથી પ્રતિબદ્ધ જીવનથી સુશોભિત હશે. આપણો જીવ તદ્ભવ મોક્ષગામી હશે.

ભલે આજે અશુદ્ધ જીવનને લીધે સદા આપણે શરમથી નતમસ્તક હોઈશું પણ આવતા ભવે આપણે નિશ્ચિતપણે ઉન્નત–મસ્તક થઈશું.

આ પરિવર્તનમાં દેશ, વેષ, માબાપ, નામ-ઠામ, દેહ વગેરે બધા પ્રતિકૂળ છે. તે ટળશે અને આ હંસલો નવા વાઘા સજશે કે ઝટ સંયમલક્ષ્મી મુક્તિની વરમાળા પહેરાવી દેશે.

જો તમારી પાસે જીવનની અધમાધમતા હોય તો ય તેની સાથે જો દેવગુરુની પરા ભક્તિ હોય, શુદ્ધતમ પ્રાયશ્ચિત્ત હોય અને તીવ્ર પશ્ચાત્તાપ સતત ચાલતો હોય તો તમારી અધમાધમતાને આવતા જ ભવે ઉત્તમોત્તમતામાં પરિણમી જવામાં લેશ પણ શંકા કરશો નહિ.

તમારી અધમાધમતાની આંસુઝરતી કલ્પનામાં જ તમારી ભાવી ઉત્તમોત્તમતાનું બીજ પડેલું છે.

રામચન્દ્રજીની અભવ્યતાની કલ્પનામાં જ તદ્ભવમુક્તિદાતા ભવ્યત્વ ધરબાયેલું ન હતું ?

અપેક્ષાએ દૂધ, ઘી કે વિજાતીયદર્શન કરતાં ય પૂર્વક્રીડિતસ્મરણ અને ગુરુદ્રોહમાં કામુકતાનું તીવ્રતાથી જાગરણ શક્ય છે.

નંદિષેણ પૂર્વક્રીડિતસ્મરણમાં જ પરેશાન થયો. અંતે પતન પામ્યો.

કૂલવાલક ગુરુદ્રોહે જ મર્યો. ઘોર તપ, સ્ત્રીરહિતવનવાસ પણ તેને બચાવી શકયા નહિ.

પૂર્વની ક્રીડાઓનું વિસ્મરણ થવા દો અને નિમિત્તોની પાસે જાઓ નહિ કે તેમને તમારી પાસે ફરકવા દો નહિ પછી આ લેખક જામીન થાય છે; તમારા બ્રહ્મવ્રતની સિદ્ધિના વિષયમાં.

અથવા એક જ વાત કરું.

ગુરુની પરમગુરુની જેમ અકામ અને અનન્યભાવે અહર્નિશ સેવા કરો.

મહોપાધ્યાયજીએ કહ્યું છે કે, "બેશક, કામ એ ચંડાલ છે; અતિ નિર્દય પણ છે. પણ તેનું બધું તોફાન ગુરુકૃપાના કવચને પામેલા મહાત્માને તો તે અડી પણ

શકતું નથી.

જ્ઞાનીઓએ બ્રહ્મચર્ય એટલે ગુરુકુલવાસ કહ્યું છે. આ વાત ઉપર ખૂબ મંથન કરવું.

શિષ્યના જીવનની પૂર્ણ સફળતા ગુરુકૃપાની પ્રાપ્તિમાં જણાવી છે.

**गुरुकृपा हि केवलं, शिष्यं परं मंगलम् ।**

અબ્રહ્મની વાસના એ સ્પર્શનેન્દ્રિયને લગતી વાસના છે. બાકીની ચાર ઇન્દ્રિયોના અનુભવ-કાળ કરતાં તેનો કાળ અનંતગુણ વધુ છે. કેમકે જીવ જે અનંતકાળ નિગોદમાં હતો તે માત્ર સ્પર્શનેન્દ્રિયના અનુભવનો કાળ હતો. આથી જીવને કામવિકાર ખૂબ જાગે છે. એવા જાગે કે માનવભવ, જૈનધર્મ, મુનિજીવન વગેરે નકામા થઈ જાય. નવકારનો જપ, શત્રુંજયની યાત્રા, વીતરાગની પૂજા બધું નિષ્ફળ બની જાય.

રે ! કાંકરા ખાતું કબૂતર ચોવીસ કલાક કામી હોય, પપૈયાના ઝાડના જીવમાં ય તીવ્ર વાસના હોય, કાચો પારો પણ કામુક હોય તો તે કામ-સંસ્કારો કેટલા બધા કાતીલ હોય !

આ સંસ્કારોના દારૂગોળામાં નિમિત્તનો સહેજ તણખો પડે કે ભડકે સળગી ઊઠે.

સારું સાધુજીવન તે જ આત્માઓ પાળી શકે જેઓ નિમિત્તોનો સંગ ન થવા દે.

જો નારીના વાળની લટ પણ સાતમી નારક સુધી (પરંપરાએ) મુનિના જીવને ઘસડી જાય તો નારીના અન્ય અંગોપાંગોની તો શી વાત કરવી ?

પુરુષનું એકાદ અંગ કામોત્પાદન કરે, સ્ત્રીના તમામ અંગો કામોત્પાદ કરી બેસે. આમાં ક્યાં બચાય ?

શ્રીમદ્ રાજચન્દ્રે સાચું કહ્યું છે :

**નીરખીને નવયૌવના, લેશ ન વિષય નિદાન**
**ગણે કાષ્ટની પૂતળી, તે ભગવાન સમાન.**

કમાલ કમાલ કરી દીધી છે; સ્થૂલભદ્રજીએ, જેની ઉપર કામરાજના તમામ

બાણોની બોછાર વરસી તો ય જેને કામ સ્પર્શી પણ ન શક્યો. ઊલટું; કામના ઘરમાં જઈને કામનું ખૂન કરી નાંખ્યું ! આથીસ્તો જ્યારે તીર્થંકરદેવો ભુલાય ત્યારે - ૮૪ ચોવીસી સુધી - આ પુણ્યશ્લોક મહાત્મા સહુના સ્મૃતિપથમાં રહેવાના.

હા, બપ્પભટ્ટસૂરિજીની બ્રહ્મચર્યસિદ્ધિ પણ અસાધારણ હતી. વિજાતીયનો સર્વાંગે સ્પર્શ થવા છતાં રૂવાંડે ય વિકાર જાગ્યો ન હતો. પણ સબૂર ! આ કસોટી માત્ર ચાર કલાકની હતી. સ્થૂલભદ્રજીને અમરયશ મળ્યો કારણ કે તેમની કસોટી લાગટ ચાર માસની હતી.

સાધુ બ્રહ્મચારી હોવો જ જોઈએ.

યોગશાસ્ત્રમાં કહ્યું છે કે જે દિ' દયાહીન એવો પણ ધર્મ ગાજવા લાગશે, અબ્રહ્મચારી એવો પણ આત્મા સાધુ ગણાશે અને રાગી પણ દેવ ગણાશે તે દહાડે આ ધરતી ઉપર પ્રલય ફરી જશે.

વર્તમાન મુનિસંસ્થામાં આ મહાવ્રત સરેરાશ સુંદર પળાતું હોવા છતાં કાળના પ્રભાવે ગંભીર ગણાય તેવી ગરબડ પણ અવારનવાર થાય છે. એથી લોકોમાં ખૂબ ધર્મનિન્દા થાય છે. આવી બાબતો વખતે જેમના હૈયે જિનશાસન વસેલું હોય તેમણે બીજી બધી બાબતોમાં એકદમ કૂદી પડવા કરતાં પોતાના જીવનને વધુ ને વધુ પંચાચારમય - બ્રહ્મનિષ્ઠ બનાવવું જોઈએ.

શિથિલાચારને ઝાંખો પાડી દેવા માટે, શિથિલ સાધુઓ પ્રજાના દિલમાંથી સહજ રીતે ફેંકાઈ જાય તે માટે સારા સાધુઓએ વધુ સારું - વધુ ને વધુ સારું- સંયમ પાળવું જોઈએ.

આ રચનાત્મક માર્ગનું સેવન જ સરળ અને શ્રેષ્ઠ ઉપાય છે. ખંડનાદિથી શાસનહીલના વધે અને પરિણામ શૂન્ય આવે. કેમકે કલિકાલના કારણે તે તત્ત્વોનું ભક્તાદિકનું બળ હંમેશ વધુ રહેતું હોય છે. બે પાંચ પચાસ વ્યક્તિઓનું અહિત થવું એ નાની વાત છે પણ તે અહિત સામે પડકાર કરવા જતાં મોટી શાસનહીલના થવી એ ઘણી ગંભીર બાબત છે. તે તો ન જ થવા દેવાય.

નબળા માણસોની કે સાધુઓની નબળાઈઓનું બળ કેટલું ? અને સાચુકલા માણસોની સચ્ચાઈની તાકાત કેટલી ? બેશક પુષ્કળ.

ઘણા નબળાઓની સામે એક બળીઓ મહાન છે.

શિયાળોના ટોળાંની સામે એક સિંહ કાફી છે.

તારલાઓના ઢગલાની સામે એક ચન્દ્ર બસ થઈ પડે છે.

એક જ માણસની પવિત્રતા કે ગુણવત્તા હજારોને હંફાવે.

તારક તીર્થંકરદેવ, શેઠ સુદર્શન, સુદામા, ગૂર્જરેશ્વર કુમારપાળ, આચાર્ય હીરસૂરિજી, રાણો સંગ, પ્રતાપ, શિવાજી, રમણ મહર્ષિ વગેરે કેવા વીરપુરુષો હતા !

વર્તમાનમાં નબળાઓ ઘણા હોવાથી ઉપાધિઓના વાવાઝોડાં નથી ધસી આવ્યા કિન્તુ એકાદ પણ 'સબળ' કોઈ મહાત્મા - કોઈ પ્રચંડ પુણ્યશાળી આત્માના અભાવે ઉપાધિઓ સર્જાઈ છે.

કોઈ આત્મા વિશુદ્ધ બ્રહ્મચર્યનો ધારક અત્યંત ઊર્જસ્વી હોય અને પ્રચંડ પુણ્યદશાથી તેજસ્વી હોય તો તે એકલો વિશ્વના વિઘાતક પ્રવાહોને અસ્તિત્વમાત્રથી પલટી નાંખે.

* * *

गुज्झोरु-वयण-कक्खोरु अंतरे तह थणंतरे दट्ठुं ।
साहरइ तओ दिट्ठिं न य बंधइ दिट्ठिए दिट्ठिं ॥ ३३७ ॥

**અર્થ :** સ્ત્રીનું ગુહ્ય સ્થાન (યોનિ), બે જાંઘ (ઉરુ), મોં, બગલ (કક્ષ), હૃદય (ઉરસ) જોવાય તો સાધુ ત્યાંથી તરત નજર ખસેડી લે. વળી સ્ત્રીની નજર સાથે પોતાની નજર એક કરે નહિ. વાત પણ નીચું મોં રાખીને જ કરે.

**વિવેચન :** પુરુષના એક જ અંગ(લિંગ)માં વિકારજનકતા છે; જ્યારે નારીના દરેક અંગમાં વિકારજનકતા છે.

વિકારોમાં આગળ ધપવાનું પ્રવેશદ્વાર નયનો છે. કવિઓએ નારીના નયનોને ઉદ્દેશીને કમલાક્ષી, હરિણાક્ષી વગેરે ઘણા શબ્દોથી બિરદાવી છે.

નર નારીને જુએ કે તરત વિજાતીય-વિકારો નરની આંખ દ્વારા મનમાં સોંસરા ચાલી જાય. એમાં જો નારી પણ નર સાથે પોતાની આંખો મીલાવે તો વિકારોના મોટા ભડકા થવાની શક્યતા પૂરી વધી જાય. આથી જ દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે, "હે સાધુ ! ભૂલથી પણ જો નારીની ઉપર તારી આંખો પડી જાય તો ભરબપોરના સૂર્ય તરફ પડતી આંખો જેમ એક જ આંચકે ખેંચી લેવાય છે તેમ તારી આંખોને તું ખેંચી લેજે."

જગતના શેષ તમામ જડ પદાર્થો પ્રત્યે વિરાગ ઉત્પન્ન કરવા માટે તેમના પ્રત્યેની વિનાશી ભાવના બસ થઈ પડે. પણ વિજાતીય-વિકારોના શમન માટે વિનાશી ભાવના સહિત અશુચિ ભાવના પણ જોરદાર રીતે કરવી પડે.

નારીને નરકનું દ્વાર કહ્યું છે એનો અર્થ નારી એટલે વાસના સમજીને, વાસનાને નરકનું દ્વાર કહેલ છે. વાસના સ્ત્રીને પણ હોય, પુરુષને પણ હોય. બે ય નરકે જઈ શકે. પુરુષ કાંઈ સ્વર્ગનો દીવડો નથી. ઊલટી 'નારી' તો તમામ તીર્થંકરાદિ મહાપુરુષોની જનેતા હોવાથી નારાયણી છે.

નીચી નજરે જોઈને લક્ષ્મણા ન ચાલી અને ચકલાના મિથુન તરફ આંખો પ્રસારી.

રૂકિમએ ક્ષણ માટે આગન્તુક રાજકુમાર તરફ વિકારી નજરે જોઈ નાંખ્યું. તેમાં તો હાહાકાર થઈ ગયો. ઢગલાબંધ ભવોનો સંસાર વધી પડ્યો.

જો વિજાતીયનું દર્શન (વાંચન) જ ન કરવાનો સંકલ્પ કરાય અને તેમાં સિદ્ધિ મળે તો કામરાજ નિશ્ચિતપણે હારી જાય.

પણ સબૂર ! આ શ્લોકમાં 'દર્શન'ની વાત કરી પણ ઉપલક્ષણથી સ્પર્શનની વાત સમજી લેવાની છે.

નજર જેટલો જ - તેથી ય અધિક - કાતીલ સ્પર્શ છે. આ વાત પૂર્વે જણાવી છે.

કોમળ વસ્ત્ર, મધુર શબ્દ, સ્વાદિષ્ટ ભોજન, સુવાસિત માહોલ પણ વિકારના ઉત્તેજકો હોવાથી તેમની સાથે મસ્તી કરવી તે બ્રહ્મવ્રતનો અતિચાર ગણાયો છે. (જુઓ પક્ખીસૂત્ર) આ વસ્ત્રસ્પર્શ વગેરેની મોહકતા નારીના સ્પર્શાદિક તરફ જીવને ઘસડી જતી હોય છે.

ભલે તેમાં મોટી જીવહિંસા થતી ન હોવાથી તે સજાતીય અબ્રહ્મસેવન અતિચારસ્વરૂપ ગણાયું હોય, પણ એનાથી શાસનહીલનાના પાપની બહુ મોટી શકયતા રહે છે. વળી તે દોષસેવનમાં સતત અતૃપ્તિ રહેવાથી વારંવાર સેવન થતાં શરીર અકાળે ઘસાઈને ઘરડું થાય છે. વિજાતીયમાં તે વ્યક્તિને રસ ન હોય પણ તેથી તે શાહુકાર બની જતો નથી, કેમકે સજાતીયની નાગચૂડમાં તે ઘણા બધાને ઘણા ચીકણાં કર્મોનો બંધ કરાવે છે. મનોવૃત્તિ સતત મલિન રહે છે. વાસનાનો ભોગવટો વિકૃત રીતોથી પણ થતો હોય છે.

એટલે નારીના દર્શનની જેમ સાધુઓએ સજાતીય-પુરુષનું-સ્પર્શન પણ છોડી દેવું જોઈએ.

આ પાપસેવન નારીસેવન જેવું ભયજનક નથી પણ બિન્ધાસ્ત થઈ શકે છે, કેમકે સજાતીય વ્યક્તિઓ તો રાતે પણ સહજ રીતે એક સ્થાનમાં સૂવા - રહેવાનો અબાધિત અધિકાર ધરાવે છે.

સામાન્યતઃ નારીને પુરુષ કરતાં અષ્ટગુણ વાસના હોય છે. તે પુરુષ દ્વારા તૃપ્ત ન થાય ત્યારે તે સજાતીય સ્ત્રીને શિકાર બનાવે છે. જેની જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી દીક્ષા થઈ ન હોય તેવા કેટલાય સાધુ કે સાધ્વી સજાતીય સંબંધોમાં ફસાય છે. હવે જો એ દોષને ખૂબ કાતીલ - ખરાબ સ્વરૂપનો ગુરુએ સમજાવ્યો ન હોય તો આ પાપસેવનની માત્રા પુષ્કળ થાય છે. વળી જ્યાં વધુ સંખ્યામાં સજાતીય હોય ત્યાં જો બે -પાંચ વ્યક્તિ આ દોષે ખરડાયેલી હોય તો બીજા બધાને 'સહજ ક્રિયા' તરીકે સમજાવીને બરબાદ કરે છે. આ એવો વાયરસ છે જે ઝડપથી ઘણે બધે ફેલાય છે.

કરંડીઆમાં એક કેરી બગડેલી હોય તેને દૂર કરી ન દેવાય તો બાકીની બધી કેરીને બગાડીને રહે.

સજાતીયમાં વાસના સદાની અતૃપ્ત રહેતી હોવાથી પુષ્કળ કલાકો, મહિનાઓ સુધી મન સંતપ્ત રહેવાથી કર્મબંધ ચિક્કાર થાય છે. સ્વાધ્યાયાદિમાં, દેરાસરમાં પણ ચિત્ત ચોંટતું નથી. ગૃહસ્થ જે રીતે મનથી શાન્ત પડી જાય છે તેવું સજાતીયમાં ઓછું બને છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે વિજાતીય અને સજાતીય મૈથુન બે ય અપેક્ષાએ સરખું જ નુકસાન કરનારા છે.

આ સિવાય 'સ્વજાતીય' દોષ પણ છે.

ઉપરના બે દોષના સેવનની અનુકૂળતા ન થાય તો માણસ સ્વયં જાતે ચેષ્ટા કરીને, સાધનોનો ઉપયોગ કરીને સ્વવીર્યનો નાશ કરતો હોય છે.

આ વસ્તુ પૂર્વના બે કરતાં એટલા માટે વધુ ભયંકર છે કે તેનું સેવન એકલાએ કરવાનું હોવાથી - બીજી કોઈ વ્યક્તિના સહકારની જરૂર ન હોવાથી - બેફામપણે, ઘણી બધી વાર કરી શકાતું હોય છે. આમ કરવાથી પુષ્કળ પ્રમાણમાં વીર્યનાશ

થતો હોય છે.

આજનો બુદ્ધિજીવી વર્ગ ગમે તે વાતો કરે પણ એ વાત મહર્ષિઓએ એકમતે કરેલી સુનિશ્ચિત છે કે વીર્યનાશ તન, મનને અકાળે વૃદ્ધ કરી દે છે.

તન શક્તિહીન બને.

મન ઉત્સાહવિહીન બને.

સંયમજીવન તો વીર્યરક્ષા વિના નભે એવું નથી. લોચ, વિહાર, સ્વાધ્યાય, ગુરુસેવા, તપશ્ચર્યા વગેરે એવી બાબતો છે જેને ખમવા માટે તનમાં પુષ્કળ બળ જોઈએ અને મનમાં પુષ્કળ પુષ્કળ ઉત્સાહ જોઈએ. આ બન્ને ચીજ વીર્યરક્ષા અને વીર્યવૃદ્ધિ વિના શક્ય નથી.

વીર્ય એ સાતમા નંબરની ધાતુ છે. આઠમા નંબરે તે ઓજ બને, નવમા નંબરે તે વીર્ય તેજ બને. કોઈ તેજ વાણીમાં વહે, કોઈ લેખનમાં વહે, કોઈ તપમાં વહે, કોઈ શૌર્યમાં વહે તો કોઈ ધ્યાન કે જપમાં વહે. ઓજ અને તેજ બનેલું વીર્ય સ્ખલન ન પામે; તે સદા ય ઊર્ધ્વગતિ રહે.

વીર્યનું અધોગમન થાય તો વિકારો જાગે.

ઊર્ધ્વરેતા બનવાથી નિર્વિકાર-અવસ્થા પ્રાપ્ત થાય.

બ્રહ્મચર્ય શબ્દનો અર્થ બ્રહ્મ એટલે પરમબ્રહ્મ એટલે મોક્ષમાં ચર્યા એટલે રમણતા.

આવી મોક્ષરમણતા વીર્યથી તગડા બનેલા જ્ઞાનતંતુઓથી ભરેલા મગજ દ્વારા થાય એટલે વીર્યરક્ષાને (કારણને) જ બ્રહ્મચર્ય (કાર્ય) કહેવામાં આવ્યું છે.

જેને કામવાસના ખાસ (નવમા ગુણસ્થાન સુધી વેદોદય હોવાથી ૭મા ગુણસ્થાને પણ તે સંજ્ઞા સૂક્ષ્મરૂપે જીવંત હોય જ એટલે 'ખાસ' કહ્યું) ન સતાવે તો તેણે અવશ્ય સંસારવિરક્ત બનીને દીક્ષા લઈ લેવી જોઈએ. આથી વિરુદ્ધમાં જો આ કામસંજ્ઞા ખૂબ તીવ્ર હોય તો દીક્ષા લેવાનું જોખમ નહિ કરવું જોઈએ. જો કે ગીતાર્થ ગુરુ હોય તો તેને ય માર્ગસ્થ-વિકારહીન-બનાવવામાં મુશ્કેલી ન પડે, પણ એ સાહસ કરવું નહિ. એ ગુરુના નિર્ણય ઉપર અવલંબિત છે.

* * *

**સ્વાધ્યાય તથા વિનય**

**सज्झाएण पसत्थं झाणं जाणइ य सव्वपरमत्थं ।**
**सज्झाए वट्टंतो खणे खणे जाइ वेरग्गं ॥ ३३८ ॥**

**અર્થ :** વાચના વગેરે પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરવાથી પ્રશસ્ત ધ્યાનની આરાધના થાય અને સર્વ પ્રકારના પરમાર્થ(રહસ્યો)નો ખ્યાલ આવે.

સ્વાધ્યાયમાં રહેલા સાધુને ક્ષણે ક્ષણે વૈરાગ્યભાવ ઊછળવા લાગે છે.

**વિવેચન :** જ્ઞાનીઓએ જે જ્ઞાન(સ્વાધ્યાય)નો મહિમા ગાયો છે તે જ્ઞાનના પાંચ પ્રકાર છે. વાચના, પૃચ્છા, પ્રતિપૃચ્છા, પરાવર્ત્તના, અનુપ્રેક્ષા.

આ દરેક ઉત્તરોત્તર જરૂરી છે તેમ ચડીઆતા છે. એમાં અનુપ્રેક્ષારૂપ ચિંતન એ સર્વોત્કૃષ્ટ પ્રકારનો સ્વાધ્યાય છે. જેમ ઘાસ ખાધા પછી ગાય એકાન્તમાં બેસીને તેને વાગોળે તેવું આ અનુપ્રેક્ષા સ્વાધ્યાયનું છે. આનાથી જે રહસ્યોની પ્રાપ્તિ થાય તેનાથી મુનિને નવા નવા પદાર્થોનો સ્ફોટ થતાં અતિશય આનંદ થાય.

જ્ઞાન શાસ્ત્રગ્રન્થોમાં જરૂર છે પણ તેથી અનંતગુણ જ્ઞાન આત્મામાં પડેલું છે. મુનિ અનુપ્રેક્ષા દ્વારા નિતનવા પદાર્થોનો બોધ પામે, એટલું જ નહિ પણ એ અનુપ્રેક્ષાની ગતિ એટલી તીવ્ર હોય કે તેના રહસ્યો જીવનમાં સોંસરા ઊતરી જાય.

જ્યારે જગતમાં પદાર્થો બે જ છે : જડ અને ચેતન... તો તેમના ચિંતનથી ઉત્પન્ન થતાં ગુણો પણ બે જ હોય ને ? જડ પ્રત્યે વૈરાગ્ય અને જીવમાત્ર પ્રત્યે અપાર કરુણા.

સ્વાધ્યાય દ્વારા વૈરાગ્ય અને કરુણાની ટોચ પકડી શકાય. બેશક અહીં ગુરુકૃપાનો સાથ અવશ્ય હોવો જોઈએ.

તપ અને સંયમના પરિણામો પછીથી મેળવવાના છે. પ્રથમ તો જ્ઞાન દ્વારા આત્મામાં પ્રકાશ પાડવાનો છે. તે વિના અંદર બધું અંધારું છે. શા માટે કર્મક્ષયાર્થે તપ અને નવા કર્મોના અબંધ માટે સંયમ ? તેની ખબર પણ ન પડે.

જ્ઞાનદશા આવી કે રાગ-દ્વેષાદિ દોષો ભાગી જાય. જીવ અત્યંત વિરક્ત હોય અને કરુણાર્ત્ત હોય.

પોપટના રૂપમાં રામે - જેના ખોળે માથું ઢાળીને સીતાજી ઊંઘતા હતા તેવા-લક્ષ્મણને પૂછ્યું કે શું આ અવસ્થામાં નિર્વિકાર રહી શકાય ખરું ?

લક્ષ્મણે કહ્યું, "જેના માતપિતા અત્યન્ત પવિત્ર હોય અથવા જે જ્ઞાનયોગી હોય તેને આ અવસ્થામાં નિર્વિકાર રહેવું સાવ સરળ છે."

કહ્યું છે :

***કષ્ટ કરો, સંજમ ધરો, ગાળો નિજ દેહ.***
***જ્ઞાનદશા વિણ જીવને, નહિ કર્મનો છેહ.***

એકલા ક્રિયામાર્ગથી મોક્ષ થઈ ન શકે, જ્ઞાનમાર્ગ પણ સાથે હોવો જોઈએ.

જ્ઞાન એ પ્રકાશ છે. અંધારીયા રૂમને જૂના પડેલા કચરાથી સાફ કરવો હોય અને નવો કચરો બારીમાંથી પેસવા દેવો ન હોય તો સૌ પ્રથમ ઓરડામાં પ્રકાશ કરવો પડે (જ્ઞાન). પછી ખુલ્લી બારી બંધ (સંવર) કરવી પડે, પછી કચરો ઝાડું(તપ)થી સાફ કરવો જોઈએ.

ભલે, પણ આ ત્રણમાં કોનો પહેલો નંબર આવે ? એવો સવાલ કરાય તો હું કહીશ કે જ્ઞાનનો પહેલો નંબર મુકાય.

સાધુજીવનની સફળતા બ્રહ્મચર્યના ખપમાં, આયંબિલના તપમાં અને સ્વાધ્યાયના જપમાં છે. તેમાં ય બ્રહ્મચર્ય અને તપનું પોષક તો સ્વાધ્યાય (જ્ઞાનદશા) જ છે.

સ્વાનુભવ કહું છું કે સ્વાધ્યાયથી અજ્ઞાનતાનો અંધકાર દૂર થઈને કર્તવ્યતાની કેડી દેખાવવા લાગે છે, ત્યાં ચાલવા-દોડવા જેટલું બળ પ્રાપ્ત થાય છે, તે દ્વારા મોક્ષ પામવાની ઉતાવળ થાય છે.

સ્વાધ્યાયથી શું લાભ થાય ? એમ ન પૂછતાં સ્વાધ્યાયથી શું લાભ ન થાય ? એમ પૂછવું જોઈએ.

અહિંસા, સંયમ અને તપનું સંયોજન એ ધર્મ છે. અહિંસાનું પાલન કરવું હોય તો સંયમિત જીવન જીવવું જોઈએ. એમાં જે ડાઘા લાગે તેને 'તપ' થી ધોવા જોઈએ. પણ તે તપમાં સૌથી ચડિયાતો તપ સ્વાધ્યાય નામનો અભ્યન્તર તપ છે.

તપસ્વી વગેરે ક્રોડો ભવે જે કર્મક્ષય કરે તે સ્વાધ્યાયી (જ્ઞાની) સાધુ સ્વાધ્યાયની એકેકી પળોમાં કરે.

સબૂર ! આ સ્વાધ્યાયી (જ્ઞાની) ખૂબ વિદ્વાન હોય તે ન કહેવાય, પણ જે ત્રણ ગુપ્તિથી ગુપ્ત હોય તે જ કહેવાય. તે જ સ્વાધ્યાયી શ્વાસે શ્વાસે અનંત કર્મોનો કચ્ચરઘાણ બોલાવી શકે.

**तन्नाणी तिर्हि गुत्तो, खवेइ उसासमित्तेणं ॥**

***જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં કરે કઠીન કર્મનો છેહ.***

ગીતામાં શ્રીકૃષ્ણે પોતાના ત્રણ પ્રકારના ઉપાસકો કરતાં 'જ્ઞાની'ને શ્રેષ્ઠ ઉપાસક કહ્યો છે. (ज्ञानी तु शान्तविक्षेपो नित्यभक्तिः विशिष्यते)

જ્ઞાનીઓ કહે છે કે જગતમાં સ્વાધ્યાય સમો કોઈ તપ પૂર્વે થયો નથી અને ભવિષ્યમાં થવાનો પણ નથી.

**न वि अत्थि, न वि होही, सज्झायसमं तवोकम्मं ॥**

પણ સબૂર ! સબૂર ! વિદ્વાન નહિ; જ્ઞાની બનો. (ભલે માષતુષ જેવા કે કૂરગડુ જેવા) માત્ર અષ્ટપ્રવચનમાતાના પૂરા જાણકાર.

પણ તેટલાથી નહિ ચાલે; તેની સાથે ગુરુકૃપા હોવી જ જોઈશે. તેના વિના જ્ઞાની (રાગદ્વેષની મંદતાવાળા) ન જ બની શકાય. હા, વિદ્વાન બની શકાય : પ્રવચનકાર કે પ્રભાવક યા તપસ્વી બની શકાય.

જૈમિની વિદ્વાન હતા. નારીના એકાન્ત સાન્નિધ્ય માત્રથી ખતમ થયા.

સિંહગુફાવાસી મુનિ ઘોર તપસ્વી હતા. પણ રૂપકોશાના રૂપમય દેહે તેમને પળવારમાં વીંધી નાંખ્યા.

સૌભરિ સંન્યાસી ઘોર ધ્યાની હતા. તળાવના તળિયે જઈને ધ્યાન કરવા બેસતા. પણ મત્સ્ય-યુગલની કામકેલિ જોઈને હચમચી ઊઠ્યા.

કામરાજ ન જીતાય; ન જીતાય.

એ કામસુભટને તો તીર્થંકરદેવોએ, સ્થૂલભદ્રાદિ મહામુનિએ જ હરાવ્યો છે. આથી જ આશ્ચર્યવિભોર બનીને કવિએ ગાયું :

**કામસુભટ ગયો હારી રે, થાશું કામસુભટ ગયો હારી.**

મેં પૂર્વે કહ્યું તેમ રહનેમિ જેવા મેરુપર્વતો જે મદનના વાવાઝોડા સામે હાલી ઊઠ્યા ત્યાં પીપળે લટકેલા પાકેલા પીળાં પાંદડા જેવા આપણી તો બૂરી હાલત થવામાં શી બાકી રહે ?

માટે જ આ કાળમાં તો પડો અને દોડો.

પાપી બનો અને ઘોર પશ્ચાત્તાપ સાથે શુદ્ધ પ્રાયશ્ચિત્ત કરો એ જ ઊંચી સાધના છે એમ કહેવાય.

પડવું જ નહિ, અશક્ય.

પાપ કરવું જ નહિ, અશક્ય.

પણ તીવ્ર પશ્ચાત્તાપ, શક્ય.

શુદ્ધ પ્રાયશ્ચિત્ત, શક્ય.

તો ચાલો, ડૂબતી હોડીના મુસાફરોને તરવા માટે તણખલાની ઓથ જેવું પ્રાયશ્ચિત્ત પકડી રાખીએ. વારંવાર ભૂલો કરતાં રહીએ તો વારંવાર શુદ્ધ થતા રહીએ.

જ્ઞાનસાર, અધ્યાત્મસાર, ઉપદેશપદ, ઉપદેશ રહસ્ય, સંવેગરંગશાળા, ઉપમિતિ ભવપ્રપંચા, ઉત્તરાધ્યયન સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, આચારાંગસૂત્ર, વૈરાગ્યકલ્પલતા, પ્રશમરતિ પ્રકરણ વગેરે એવા અઢળક ગ્રન્થો વિદ્યમાન છે જેને જો સાધુ ડાહ્યો (અન્તર્મુખ) બની જઈને કંઠસ્થ કરી લે અને રોજ રાતે ૫૦૦ શ્લોકનો પણ અર્થચિંતન સાથે પાઠ કરે તો મને એક હજાર ટકા વિશ્વાસ છે કે સ્વાધ્યાયના આ ટચુકડા બળથી પણ તે ત્રણ ભવમાં સંસાર-સાગર તરી જાય, કેમકે આવા બધા ગ્રન્થોના દરેક શ્લોકના દરેક ચરણમાં જે વાતો કરાઈ છે તે ભરપૂર વૈરાગ્યથી ભરેલી છે. તેનું અર્થસભર ચિંતન કે તેની અનુપ્રેક્ષા થાય તો કેટલીય ક્ષણો ચોધાર આંસુની બની જાય.

આધ્યાત્મિક જગતમાં 'આંસુ' જેવી મૂલ્યવાન વસ્તુ માસખમણનો તપ પણ નથી.

સ્વાધ્યાય માત્ર શ્લોકોની ગોખણપટ્ટીરૂપ-શરૂઆતમાં-હોય તો ય સુંદર. કેમકે તે શ્લોકો શ્લોકો જ નથી; ગંભીર મન્ત્રપદો છે. તે બોલવાથી મોહનીયકર્મનું ઝેર ઉતરવા લાગે છે.

માન્ત્રિક દ્વારા બોલાતા - ઝેર ઉતારનાર-મન્ત્રોનો અર્થ જાણવાની કોઈ જરૂર હોતી નથી. એ સ્વતઃ જ 'ઝેરઉતારનું કામ કરે છે.

પણ વર્તમાનકાળનું સાધુ-જીવન બહુ વિચિત્ર વ્યવસ્થા પાછળ ઘસડાઈ જવાને સર્જાયું હોય તેમ લાગે છે. પાંચેક વર્ષમાં તો ગુરુ (એ ગીતાર્થ કહેવાય ?) શિષ્યને પાટ ઉપર ચડાવી દે છે. આથી તેને વ્યાખ્યાન અંગે બહુ મહેનત કરવી પડે

છે. ઘણા બધા ચોપાનિયાં, છાપાં, ગુજરાતી વ્યાખ્યાનગ્રન્થો વાંચવા પડે છે. પછી પ્રવચનકારશ્રી(!)નો ભક્તગણ ઊભો થાય છે. ઊભરાય છે. પૂજ્ય મહારાજ સાહેબ એમાં એવા ખોવાઈ જાય છે કે ૨૪ કલાકમાં ૧૫ મિનિટ પણ સ્વાધ્યાય માટે કે આંતર-સમ્પ્રેક્ષણ માટે ફાળવી શકાતી નથી. એક સો શ્લોકનો પણ પાઠ કરી શકાતો નથી. આવા ભણેલા (!) સાધુઓ પોતાના શિષ્યોને જીવવિચારાદિ પ્રકરણો ભણાવે તો તે અંગેની ચોપડીઓ વાંચતા-વાંચતા ભણાવે. તેમને બધું કંઠસ્થ હોતું નથી. રાતે તો પાઠનો સ્વાધ્યાય કરાવી શકતા નથી.

જે ગુરુઓની આ હાલત હોય તેમની ઉપર શિષ્યોને કેવી રીતે ભાવ ઊછળે ?

હાય, જો પંડિતો રાખીને જ શિષ્યોને ભણાવવા પડે ત્યાં જ્ઞાનદશાનો અને ગુરુકુલવાસનો તો કચ્ચરઘાણ જ બોલાઈ જાય ને ?

સ્વાધ્યાયના આદાન-પ્રદાન દ્વારા જ ગુરુ-શિષ્યનું ભાવાત્મક અતૂટ જોડાણ થાય. તેમ થાય તો જ ગુરુ-મુખી વાણીને સાંભળતો શિષ્ય મોરની જેમ નાચવા લાગે. એ બે વચ્ચેનો વીર-ગૌતમ સંબંધ મોક્ષ પમાડે તેવા ઉત્સાહનો જન્મદાતા બને. પછી તો મોક્ષને દ્વારે ટકોરા પડતા શી વાર લાગે ?

મારા સ્વર્ગીય ગુરુમાતાજી મહાગીતાર્થ હતા. તેમણે શાસ્ત્રોનું મનન કરીને, મંથન કરીને એક વાત પકડી લીધી કે સાધુઓને સૌથી વધુ સ્વાધ્યાયમાં જોડવા. તપ વગેરેમાં મન કલાકો સુધી ચિંતન-મંથન-મનનશીલ બની શકતું નથી. સ્વાધ્યાયમાં તો તન્મય બની જવાય.

આથી જ ગુરુદેવશ્રીને સાધુઓ સ્વાધ્યાય વધુ કરે એ ગમતું. ક્યારેક તપને થોડોક ગૌણ કરાવીને પણ શક્તિસંપન્ન સાધુને સ્વાધ્યાયમાં ડુબાડી દેતા.

સ્વાધ્યાયમાં કાયાને સખત પરિશ્રમ પડતો હોવાથી-ગોખવા-ભણવાનું સખત કામ રહેતું હોવાથી દુર્જેય કામ સાવ શાન્ત પડી રહે. સ્વાધ્યાયની આ બહુ મોટી સિદ્ધિ ગણાય.

કામ, કામને મારે એ વાત એકદમ સાચી છે.

જે વહુને પતિના વિદેશગમનને લીધે કામવાસના જાગી પડી તેને સસરાએ સખત કામના બોજા નીચે નાંખી દીધી. આશ્ચર્યજનક રીતે તેની વાસના ખતમ થઈ ગઈ.

વશ થયેલા ભૂતને શેઠે કોઈ કામ ન આપ્યું ત્યારે તે શેઠને ત્રાસ દેવા લાગ્યું. પણ જ્યારે "બીજું કામ ન સોંપું ત્યાં સુધી મારો દાદર ચડ-ઉતર કરવાનું કામ કર." એવો ભૂતને આદેશ કર્યો ત્યારે ભૂત શેઠને ત્રાસ દેતું બંધ થઈ ગયું.

સખત પરિશ્રમ કરીને ઊંઘનાર સાધુને સ્વપ્નદોષ થતો નથી કે કુસ્વપ્નો આવતા નથી. આ બહુ મોટી સિદ્ધિ ગણાય.

જ્ઞાની આત્માને એક શેર કાચું ઘી ખવડાવી દેવાય તો ય રાગ-દ્વેષ જાગે નહિ. આની પાછળ તેની જ્ઞાનદશા કારણ છે.

જ્ઞાનદશામાં જડ પ્રત્યેની બાર ભાવના અને જીવ પ્રત્યેની ચાર ભાવના આવે. એના પદાર્થ પદાર્થમાત્રનું વાસ્તવિક સ્વરૂપ દેખાઈ જાય એટલે તેને ક્યાંય વિકાર જાગે નહિ. તે સ્વરૂપભાનમાં જ મસ્ત રહે. તે પોતાને શૂન્ય (હું કામી, ક્રોધી, પાપી...) સ્વરૂપ નહિ પણ પૂર્ણસ્વરૂપ જુએ. તેથી તે તૃપ્ત રહે. તે પોતે પોતાને નમે, ભજે... વિષમ પ્રસંગોમાં નિયતિને સલામ કરવાની બૌદ્ધિક સમજણમાં પરિપકવ હોય.

સ્વાધ્યાયી એટલે જ્ઞાની, જ્ઞાની એટલે ગીતાર્થ (ગીતાર્થનિશ્રિત સાધુ પણ), ગીતાર્થ એટલે રાગદ્વેષની પરિણતિની સાવ મંદતાવાળો : સમતાનો ધારક, જિનશાસનની વ્યવસ્થાઓનો - ઉત્સર્ગ-અપવાદનો, જ્ઞાન-ક્રિયાનો, નિશ્ચય-વ્યવહારનો જાણકાર.

આવા જ્ઞાની જૈનોમાં મહોપાધ્યાયજી કહેવાય; અજૈનોમાં (એમની રીતે) રમણ મહર્ષિ કહેવાય.

* * *

**उद्ढमहतिरिअलोए जोइसवेमाणिआ य सिद्धि य ।**
**सव्वो लोगालोगो सज्झायविउस्स पच्चक्खो ॥ ३३९ ॥**

**અર્થ :** ઊર્ધ્વાદિ ત્રણ લોક, સૂર્ય-ચન્દ્રાદિ જ્યોતિષ્કો, વૈમાનિકો અને સિદ્ધિપદને જ્ઞાનીઓને તેના અંગેના શાસ્ત્ર-સ્વાધ્યાયથી પ્રત્યક્ષ હોય છે.

**વિવેચન :** આ બધા પદાર્થો જ્ઞાનથી પ્રત્યક્ષ હોય છે. પરમાત્માને બાર દેવલોક, કે સાત નરક પ્રત્યક્ષ હોય તેમ તેનું જ્ઞાન ધરાવતાં જ્ઞાની પુરુષો પણ તે જ ભાષામાં તે જ રીતે વર્ણન કરતા હોય; જાણે કે તેમને તીર્થંકરની જેમ પ્રત્યક્ષ હોય.

અરે, શ્રદ્ધાળુઓથી પણ તે પદાર્થો ઉપરની શ્રદ્ધાથી તે જ રીતે બધું દેખાય,

બોલાય. જાણે કે તેમને ય તે બધું પ્રત્યક્ષ હોય.

બહુ મહત્ત્વની અનુપ્રેક્ષા અહીં રજૂ કરું છું.

છ પ્રકારના બાહ્ય તપ છે તેમ છ પ્રકારના અભ્યન્તર તપ છે. બાહ્ય અને અભ્યન્તરમાં પરસ્પર સંકલન છે.

ખરેખરું જે આધ્યાત્મિક જીવન કહેવાય તે અભ્યન્તર તપસ્વરૂપ છે.

જીવનની શરૂઆત પ્રાયશ્ચિત્તથી થાય. ગીતાર્થ ગુરુની સામે એકદમ શુદ્ધ અંતરથી, સાવ નિખાલસ દિલે તમામ દોષોની આલોચના કરવી જોઈએ અને ગુરુ જે પ્રાયશ્ચિત્ત આપે તે વહન કરવું જોઈએ. આમ કરવાથી જીવનની મહોતા જેવી કાબરચીતરી-કાળી પણ બની ગયેલી ચાદર એકદમ શુદ્ધ થાય છે. હવે જ જીવને ઉલ્લાસથી - નવેસરથી- જીવન જીવવાનો આનંદ પ્રગટે છે.

પ્રાયશ્ચિત્ત કર્યા બાદ ગુર્વાદિક ઉપકારીજનોનો વિનય કરવાનો. એ રીતે સૌથી મોટા દોષ અહંકારનો નાશ કરવાનો. તે પછી ઈન્દ્રિયરમણતાને દૂર કરવાની. તે માટે પૂર્વે જણાવ્યું છે તેમ જેમનામાં ઈન્દ્રિયરમણતા નથી તેવા બાળ, વૃદ્ધ, ગલાન  અને તપસ્વી સાધુઓની ખૂબ વૈયાવચ્ચ કરવાની.

હવે અંદર જવાનું. સ્વરૂપરમણતા કેળવવાની. આ માટે સ્વાધ્યાય નામનો ચોથો તપ કરવાનો.

સ્વરૂપરમણ થવું હોય તો ઈન્દ્રિયરમણ ન જ થવું જોઈએ.

સ્વાધ્યાય કરનાર સાધુ સ્વરૂપમાં રમણતા પામે છે.

આ સ્થિતિ આવે એટલે ધ્યાન અને કાયોત્સર્ગ નામના પાંચમા અને છઠ્ઠા અભ્યન્તરમાં પ્રવેશ કરવાનો. અહીં આધ્યાત્મિક જીવન-સાધનાની ટોચે પહોંચાય.

આમાં જે ધ્યાન છે તે માત્ર મનને નિયન્ત્રણમાં લાવવા માટે છે, જ્યારે જે કાયોત્સર્ગ છે તે મન, વચન અને કાયાને (મણેણં, વાયાએ, કાએણં) -ત્રણેયને- નિયન્ત્રિત કરવા માટે છે. આમ ધ્યાન કરતાં કાયોત્સર્ગ ચડિયાતી સાધના ગણાય.

દેવાધિદેવ સાધનાકાળમાં બાહ્ય તપનો પહેલો અનશન તપ (૧૨॥ વર્ષમાં ૧૧॥ વર્ષ) કરતા હતા; અને છેલ્લો - બારમો તપ કાયોત્સર્ગમાં જ પ્રાયઃ રહેતા હતા.

વિપુલ અને ઝટપટ કર્મક્ષય માટે અનશન અને કાયોત્સર્ગનો સંવેધ ખૂબ આવશ્યક છે એવું દેવાધિદેવની જીવન-સાધનામાંથી સમજવા મળે છે.

એટલે ઈન્દ્રિયરમણ મટીને, સ્વરૂપરમણ થઈને આત્માએ ધ્યાન અને કાયોત્સર્ગમાં વીર્ય ફોરવવું જોઈએ.

આ પ્રક્રિયામાં સ્વરૂપરમણ બનવા માટે સ્વાધ્યાય અત્યન્ત આવશ્યક યોગ બની રહે છે. (तप:स्वाध्यायान्प्रमादितव्यम्)

હવે સમજાય છે કે સ્વર્ગીય ગુરુમાતાજી અમારા સ્વાધ્યાયનો પીછો કેમ પકડતા હતા ? તપને વધુ પડતું મહત્ત્વ કેમ નહોતા આપતા ? માત્ર અખંડ એકાશન કે વધીને આંબિલ કોઈ સાધુ કરે તો સંતોષ પામી જતા. તે સાધુને અઠ્ઠમાદિ તપની પ્રેરણા કરતા ન હતા. અને... સ્વાધ્યાય માટે ? વાત જ ન કરો. જો કોઈ તેમાં પ્રમાદ કરે તો પોતાની જાત ઉપર સજાઓ વહોરી લેતા. પેલા સાધુને સ્વાધ્યાયમાં દોડાવતા.

કૃપાલુશ્રી રોજ રાતે અઢી વાગે ઊઠતા. પોતે કમ્મપયડી વગેરે ગ્રન્થોનો સ્વાધ્યાય કરતા. પણ અમને ઉઠાડીને પાઠ કરવામાં સહાયક પણ બનતા.

સ્વાનુભવે સ્પષ્ટ સમજાયું છે કે જે સાધુ પોતાના ગીતાર્થ ગુરુની ઈચ્છા પ્રમાણે ખૂબ સ્વાધ્યાય કરે છે તે એવી કૃપા પ્રાપ્ત કરે છે કે જેના અપૂર્વ ફળોની કલ્પના તે સમયે કરી શકાય નહિ. ફળ મળે ત્યારે જ સમજ પડે કે સ્વાધ્યાયથી કેવા પુણ્યાનુબંધી પુણ્યકર્મના અને પવિત્ર જીવનના આ જ ભવે સ્વામી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે.

જ્યારે આ કાળમાં લડવૈયા સૈનિકો પુષ્કળ હોવા છતાં કુશળ સેનાપતિનો મોટો અભાવ વર્તાય છે ત્યારે જિનશાસનના અત્યન્ત રાગી સાધુઓએ ઉપર્યુક્ત રીતે પોતાનો ભોગ આપીને સેનાપતિ પદ પામવા માટે કોશિષ કરવી જોઈએ.

* * *

**जो निच्चकालं तवसंजमुज्जुओ न वि करेइ सज्झायं ।**
**अलसं सुहसीलजणं न वि तं ठावेइ साहुपए ॥ ३४० ॥**

**विणओ सासणे मूलं विणीओ संजओ भवे ।**
**विणयाओ विप्पमुक्कस्स कओ धम्मो कओ तवो ॥ ३४१ ॥**

**અર્થ :** જે સાધુ અખંડિતપણે તપ અને સંયમધર્મનું સેવન કરે છે પણ સ્વાધ્યાય બિલકુલ કરતો નથી તેવા આળસુ અને સુખશીલ સાધુને લોકો હૈયે મુનિપદ ઉપર

સ્થાપિત કરતા નથી.

સ્વાધ્યાયની સફળતા વિનયમાં છે. જે વિનીત છે તે જ સંયમી છે. વિનયથી ચૂકેલો સાધુ ગમે તેવો તપ, સંયમાદિ ધર્મ કરે પણ તેની કોઈ ગણતરી ગીતાર્થો કરતા નથી.

ઉત્તરાધ્યયન સૂત્ર એ શ્રમણો માટેનું મુખ્ય સૂત્ર છે. શ્રમણ-જીવનની સફળતા જે ટોચ-કક્ષાએ મુકાયેલા ગુણથી ગણાય છે તે ગુણનું નામ વિનય છે એ વાત સૂચિત કરવા માટે ઉત્તરાધ્યયન સૂત્રમાં વિનયને વર્ણવતું પ્રથમ અધ્યયન છે.

ક્યો સાધુ 'વિનયી' કહેવાય ? તેનો ઉત્તર બીજા શ્લોકમાં આપતાં કહ્યું છે કે જે સાધુ (૧) ગુરુની આજ્ઞાનો યથાવત્ અમલ કરતો હોય. (૨) જેના રોમરોમમાં ગુરુ દ્વારા કરાયેલા ઉપકારોનું ભાન વસેલું હોય. (૩) જે ગુરુના હાવભાવ (ઈંગિતાકાર) ઉપરથી તેમની ઈચ્છાને પકડી પાડીને તે રીતે અમલ કરવા તત્પર થઈ જતો હોય, અર્થાત્ તેને કોઈ વાતની આજ્ઞા કરવા સુધીની હદે... અરે, પોતાની ઈચ્છા પણ દર્શાવવા સુધીની હદે ગુરુને જવું પડતું ન હોય તેવા સાધુને 'વિનયી' કહેવાય છે.

આ અધ્યયનમાં વિનયી શિષ્યના વિકાસને માટે ઘણી બધી - સુંદર - વાતો કરવામાં આવી છે.

જે શિષ્યને ગુરુએ ઈચ્છા દર્શાવવી પડે કે આજ્ઞા કરવી પડે - તે હદ સુધી જવું પડે - તે શિષ્યને વાસ્તવિક શિષ્ય કહેવાય નહિ.

જે શિષ્યની ભૂલ થાય તો ગુરુ સ્મરણ કરાવે, કદાચ ફરી ભૂલ થાય તો વારણ કરાવે પણ ઠપકો આપવા સુધી કે ઠપકારવા (મારવા) સુધી જવું પડે તો તે શિષ્ય વાસ્તવિક અર્થમાં શિષ્ય ન કહેવાય. એવા સમયે જો શિષ્યને મૃગાવતીજીની જેમ ખૂબ પશ્ચાત્તાપ થાય, અથવા એ રીતે આનંદ થાય કે આજે મારો સુવર્ણદિન ઊગ્યો કે ગુરુદેવશ્રીએ મારી સંભાળ લીધી. બરોબર હિતશિક્ષા આપી. હું ધન્ય બની ગયો.

કહ્યું છે, "ગુરુની ગાળ, ઘીની નાળ."

એક સ્થળે કહ્યું છે કે, "તે શિષ્યો મહાન પદોને પામે છે જેમને ગુરુઓએ ઠપકા દઈને ઠીક કર્યા છે. જેને ગુરુએ કદી કશું કહ્યું ન હોય (અપાત્રતાને કારણે)

તે શિષ્યો ઉચ્ચ સ્થિતિને પામી શકતા નથી. જે મણિઓ સરાણની ધાર ઉપર તીક્ષ્ણ રીતે ઘસાય છે તે જ રાજાઓના મુગટમાં બિરાજમાન થવાને લાયક બને છે.

આ રહ્યો, તે શ્લોક :

**गीर्भिः गुरूणां परुषाक्षराभिः, तिरस्कृता यान्ति नरा महत्त्वम् ।**
**अलब्धशाणोत्कषणां सुराणां, न क्वापि मौली मणयो विशन्ति ॥**

અવિનીત સાધુ તો હડકાયી કૂતરી જેવો છે, જેને બધેથી હટ્ હટ્ કરાય છે.

ગુરુવિનય કર્યા વિના ગુરુકૃપા મળે નહિ. તે વિના પુણ્યબળ વધે નહિ. પછી તે સાધુનો કોઈ ક્ષેત્રે સાચો વિકાસ ન થાય તો તેમાં શી નવાઈ છે ?

આ વાત ઉત્તરાધ્યયન સૂત્રમાં કહી છે :

**जहा सुणी पूइकण्णी निक्कसिज्जइ सव्वसो ।**
**एवं दुस्सीलपडिणीए मुहरि णिक्कसिज्जइ ॥**

વિનય ગુણ એટલા માટે સર્વોત્કૃષ્ટ ગુણ છે કે દોષોનો જે રાજા છે તેનો ઘાતક છે. એ રાજાનું નામ છે; અહંકાર.

વિનય આવ્યો કે અહંકાર ખતમ જ થયો. એનો ઘાત થયા વિના વિનય ગુણનો જીવનમાં પ્રવેશ થાય નહિ.

અહંકાર એટલા માટે સૌથી ખરાબ દોષ છે કે તે સૌથી ખરાબ દોષ પરદોષ-દર્શન (અને સ્વગુણદર્શન)ને જન્મ આપે છે. અહંકાર ન હોય તો જ સ્વદોષદર્શન અને પરગુણદર્શન થાય.

પરદોષદર્શન એ એવું રામપુરી ચપ્પું છે કે જેના દ્વારા સામી વ્યક્તિનું ખૂન કરી શકાય, તેને જીવતો જ રાખીને રિબાવી શકાય, વળી લોહીનો છાંટો પણ જોવા ન મળે.

એક વાર અર્જુને યુધિષ્ઠિરની એવી કાતીલ નિંદાઓ કરી હતી કે યુધિષ્ઠિર આઘાત અને આશ્ચર્યથી મૂઢ બની ગયો હતો : હત-પ્રહત થઈ ગયો હતો.

(જેટલો ખરાબ દોષ દોષદૃષ્ટિ છે તેટલો જ ખરાબ દોષ દૃષ્ટિદોષ (કામુકનજર) છે. આ બે દોષોથી સદા દૂર રહેવું જોઈએ.)

એક દીકરો પિતા તરફ ખૂબ વિનય કરતો. સદા હાથ જોડીને તેમની સામે

ઊભો રહેતો. એક વાર પિતાજી સરપંચ પાસે ગયા. તેને નમસ્કાર કર્યા એટલે સાથે આવેલા દીકરાને લાગ્યું કે, "આ સરપંચ મારા પિતાજી કરતાં ય મોટા હોવા જોઈએ." આમ વિચારીને હવે તે સરપંચની પાસે જ હાથ જોડીને વિનયથી ઊભો રહી ગયો.

સરપંચ પ્રધાન પાસે ગયા; પ્રધાન રાજા પાસે ગયા અને રાજા પરમાત્મા મહાવીરદેવ પાસે ગયા; તો છોકરાએ તે બધાને ઉત્તરોત્તર મહાન કલ્પ્યા. તેમની પાસે વિનયથી ઊભો રહી ગયો. છેલ્લે પરમાત્મા પાસે ઊભો. તેના વિનયને કારણે પરમાત્માએ તેને દીક્ષા આપીને તેનું કલ્યાણ કર્યું.

કેવી વિનયની જબરી તાકાત !

સ્વાધ્યાયની સફળતા દેવગુરુના વિનયમાં છે. ના... માત્ર દેવગુરુનો વિનય શા માટે ? વિરાટ પરિપ્રેક્ષ્યમાં જો 'વિનય' ઉપર વિચાર કરીએ તો સંતાનોનો માત-પિતા તરફ વિનય, શિષ્યોનો ગુરુ પ્રત્યે વિનય, વહુનો સાસુ તરફ વિનય, વિદ્યાર્થીઓનો શિક્ષક તરફ વિનય. ટૂંકમાં... નાનાંઓનો મોટાઓ પ્રત્યે વિનય હોવો જ જોઈએ.

જેમણે 'વિનય' સેવ્યો નથી તે અભિમાની લોકો માર ખાઈ ગયા.

મા-બાપ પ્રત્યેના અવિનયથી શંબૂક સાધના કરવા જતાં કપાઈ ગયો. અને કૌશિક સાધનાનું તત્ત્વ હારી ગયો.

ગુરુ પ્રત્યે અવિનય કરનાર હંસમુનિ અને પરમહંસમુનિ મૃત્યુને વર્યા.

દત્ત સાધુને યક્ષે લાફો માર્યો.

કૂલવાલકને ગણિકાએ ગબડાવ્યો.

સિંહગુફાવાસી મુનિને લલાટે ઘોર નિષ્ફળતા લખાઈ.

રોહગુપ્ત વાદમાં હાર્યો.

આરણકવાળી કથાના આચાર્યનો શિરચ્છેદ થયો.

મેં મારા સ્વર્ગીય ગુરુદેવનો ત્રણ-ચાર વાર જબ્બર અવિનય કર્યો છે તેથી મારું આરોગ્ય પ્રચંડ ધક્કાઓ ખાઈ ચૂક્યું છે.

આ સ્વાનુભવે હું કહીશ કે ભૂલમાં કે સ્વપ્નમાં ય ઉપર્યુક્ત કોઈનો પણ અવિનય કરશો નહિ.

આ જગતનું સૌથી મોટું પાપ અબ્રહ્મસેવન ગણાય છે. પણ મને લાગે છે કે તેથી પણ વધુ ભયાનક પાપ તે ગુર્વાદિકનો અવિનય, ઉદ્ધતાઈ, દ્રોહ છે. પેલા પાપનો પરચો આવતા ભવો સુધી હજુ લંબાય પણ આ પાપનો પરચો તો આ જ ભવમાં થઈ જાય.

ગુરુનો વિધિસર પ્રણિપાત ન કરવો, તેમના આસનને પણ પગ લાગી જવો, તેમની શૌચાદિક બાબતોમાં ઉપેક્ષા કરવી, રાતે જાગતા છતાં તેમની સેવા માટે ન ઊઠવું, તેમને પ્રાયોગ્ય વસ્તુ પોતે વાપરવી કે છુપાવીને રાખવી, તેમનો બીજા પાસે અવર્ણવાદ કરવો, તેમને સાક્ષાત્ ભગવાનથી જરાય ઓછા માનવા, તેમની વાતને તોડી પાડવી, તેમની ભાવનાને અમલી ન બનાવવી, તેમના તરફ નિષ્ઠુર વર્ત્તન કરવું, તેમનું અપમાન કરવું વગેરે અવિનયના પ્રકારો છે.

અજૈન લોકો કહે છે,

**गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः**

*ગુરુ દેવો ગુરુ દેવતા...*

આંખો ગમે તેટલી લાંબી કે તીક્ષ્ણ હોય પણ અંધકારમાં એ શું દેખાવવાની છે ?

વિદ્વત્તા ગમે તેટલી હોય પણ ગુરુકૃપા વિના બધું નકામું છે.

ગુરુભક્તિ વિના ન જ ચાલે. ગુરુકૃપા વિના ચાલે.

એકલવ્ય ઉપર ગુરુકૃપા ક્યાં હતી ! પણ એકપક્ષી ગુરુભક્તિના પ્રભાવે તે ગુરુકૃપા પામેલા અર્જુનથી સવાયો ધનુર્ધર બની ગયો હતો.

ઓબ્જેક્ટિવ રીઆલીટીના દ્રોણ અર્જુન પાસે હતા. તેમની તેણે કૃપા મેળવી હતી.

આઈડીઅલ રીઆલીટીના દ્રોણ (અગડંબગડં મૂર્તિ સ્વરૂપ) એકલવ્ય પાસે હતા. તેની પાસે મનથી ધારેલા દ્રોણ-ગુરુની કોઈ કૃપા ન હતી; ઊલટો તિરસ્કાર હતો. (તેથીસ્તો તેનો ગુરુદક્ષિણાના બહાને અંગૂઠો કપાવી નાંખ્યો હતો) પણ ભક્તિના પ્રભાવે તે અર્જુનથી આગળ નીકળી ગયો હતો.

ગુરુની કૃપા વિના પણ એકપક્ષી ગુરુભક્તિથી જો અસાધારણ સફળતાઓ મળી શકે તો ગુરુભક્તિયુક્ત ગુરુકૃપાથી શું હાંસલ ન થાય ?

* * *

**विणओ आवहइ सिरिं, लहइ विणीओ जसं च कित्तिं च ।**
**न कयाइ दुव्विणीओ सकज्जसिद्धिं समाणेइ ॥ ३४२ ॥**

**અર્થ :** વિનયથી બાહ્ય-અભ્યન્તર લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. વિનયી પુરુષ દુનિયામાં જોરદાર યશ-કીર્તિ પામે છે.

અવિનયી પુરુષ તેમાંનું કશું પામતો નથી.

**વિવેચન :** આ જગતમાં સૌથી ઊંચી વસ્તુ-કોહિનૂરના હીરાથી, કે બિલગેટની સંપત્તિથી પણ અધિક કીંમતી – કોઈ વસ્તુ હોય તો તે કલ્યાણમિત્રનો સંગ છે. પ્રચંડતમ પુણ્યકર્મ ઉદયમાં આવે તો જ કલ્યાણમિત્રની પ્રાપ્તિ થાય.

પહેલા નંબરના કલ્યાણમિત્ર એ સંસાર-ત્યાગી ગુરુ છે. ત્યાર પછી અનેક પ્રકારના ઉપકારી કલ્યાણમિત્રો-માતા-પિતા, શિક્ષક, મિત્ર વગેરેનો નંબર લાગે.

પ્રથમ પંચસૂત્રમાં પ્રાર્થના કરવામાં આવી છે કે મને કલ્યાણમિત્ર સ્વરૂપ ગુરુભગવંતનો મિલાપ થાઓ, ગાઢ સંબંધ થાઓ જે મારા હિતાહિતમાં બરોબર કાળજી કરે.

કલ્યાણમિત્રો જેટલા ઉત્તમ મળે તેટલો વિનયભાવ વધુ ઊછળે : ઝળઝળી ઊઠે. આમ થતાં પ્રચંડ પુણ્યકર્મનો બંધ થાય. આવું પુણ્ય ઉગ્ર હોય તો તે જ ભવમાં, તે જ વર્ષમાં કે તે જ માસમાં ઉદયમાં આવી જાય. એ માણસને સર્વ કાર્યોમાં સફળતા મળે, સર્વત્ર યશ અને કીર્તિ મળે,સર્વત્ર માનસન્માન મળે.

એમાં જો એ પુણ્ય પુણ્યાનુબંધી હોય તો તો એના જીવનને નારી આદિની વાસનાઓથી સંપૂર્ણ રક્ષા કરે.

એ ધનવાન, ધર્મવાન, શક્તિમાન કે લબ્ધિવાન હોય, પ્રભાવક હોય પણ એની સાથે એ ગુણવાન હોય.

પુણ્યાઈની સાથે ગુણવત્તા હોવી એ વિરલ સંયોગ કહેવાય. દર લાખ આત્માએ દસ–વીસ આત્માઓમાં આ યોગ જોવા મળે.

જેમ મધપુડા પાસે મધમાખીઓ આપમેળે ધસી આવે તેમ વિનયીજન પાસે બધી બાહ્ય અને અભ્યન્તર સંપત્તિઓ દોડી આવે. અવિનયી આત્મા તો આ બધી વાતે ભિખારી હોય, સુકાઈને બળી ગયેલા ઝાડના ઠૂંઠા જેવો હોય, જ્યાં માખી પણ ન આવે.

* * *

તપ

**जह जह खमइ सरीरं धुवजोगा जह जह न हायंति ।**
**कम्मक्खओ अ विउलो विवित्तया इंदियदमो य ॥ ३४३ ॥**

**અર્થ :** જેમ જેમ શરીર ખમતું જાય અને પ્રતિક્રમણાદિ નિત્યયોગો જેમ જેમ ક્ષીણ થવા ન લાગે, એથી પુષ્કળ કર્મક્ષય થયા કરે એ રીતે તપ કરવો. હા, શક્તિથી ય થોડુંક વધુ ખેંચીને પણ તપ કરવો. (ના, શક્તિને ગોપવવી નહિ તેમ અતિરેક પણ નહિ કરવો.) આમ કરવાથી વિપુલ કર્મક્ષય થાય. વળી તેથી દેહ અને આત્માના ભેદજ્ઞાનનું પણ ભાન થયા કરે છે. આમ સુંદર ઈન્દ્રિયદમનનો લાભ મળે છે.

**વિવેચન :** 'તપ'નો મહિમા પૂર્વે જણાવ્યો છે. અહીં એ વાત જણાવીશ કે જે મહાત્મા તપ કરવા દ્વારા દેહ ઉપર જુલમ વરસાવે છે તે મહાત્મા ક્રોડો ભવે પણ દુર્લભ એવા દેહ-આત્માના ભેદજ્ઞાનને પામી ગયો છે તેવું સર્ટિફિકેટ તેને જ્ઞાનીઓ તરફથી પ્રાપ્ત થાય છે.

સાધુજીવન પામીને પ્રથમ લક્ષ આ ભેદજ્ઞાન પામવાનું હોવું જોઈએ. રમણ મહર્ષિએ આત્મસાક્ષાત્કાર એટલે દેહ-આત્માનું ભેદજ્ઞાન કહેલ છે. જૈનદર્શનની દૃષ્ટિએ આત્મસાક્ષાત્કારની આ જ વ્યાખ્યા સમુચિત છે.

યોગશાસ્ત્રમાં આત્મસાક્ષાત્કાર કરવાની પ્રેરણા વિશેષરૂપે કરેલી છે.

દેહથી આત્મા જુદો છે, આત્માથી દેહ જુદો છે. આત્માના અનંત-ભ્રમણના મૂળમાં દેહમાં જ આત્મબુદ્ધિ છે. દેહ અને આત્મા એક જ સમજીને અનંતકાળ સુધી જીવે આ ભ્રમણાથી ભ્રમણ કર્યું. સદૈવ દેહને જ પોષ્યો. બિચારા આત્માને ખૂબ કર્મબંધ થયો. તેને દુર્ગતિઓમાં જઈને પુષ્કળ દુઃખ વેઠવું પડ્યું.

દેહે મજા કરી, આત્માને સજા થઈ.

'જમવામાં જગલો અને કુટાવામાં ભગલો' જેવો ઘાટ થયો.

ગર્ભના પ્રથમ સમયે જ આત્માએ આહાર લેવાનું કામ કર્યું છે. દેહ સંબંધમાં તેને કોઈ વિચાર પણ ન હતો. પરંતુ થયું એવું કે આત્માએ જે આહાર લીધો તેનો દેહ બનવા લાગ્યો.

જાણે કે નમાજ પઢવા ગયો અને મસ્જિદ કોટે વળગી ગઈ.

બસ, પછી આહારનો અને દેહનો માશુક બન્યો, એમાં વળી પાંચ વગેરે ઇન્દ્રિયો મળી એટલે થઈ ગયું, આત્માનું સત્યાનાશ; દરેક સમયે ચિક્કાર અશુભ કર્મબંધ કરવા દ્વારા.

હવે જો આત્માથી તમામ જડ પદાર્થો - દેહ, ઇન્દ્રિયો વગેરે – જુદા છે એવું બરોબર ભાન થાય તો જ તેમની તરફ આત્મા કડક થાય. તપનો હથોડો જોરદાર રીતે ઉગામે અને તેમની ઉપર વધુમાં વધુ નિર્દય બને. આમ થાય તો અનંત કર્મોનો દરેક સમયે ક્ષય થવા લાગે.

ભેદજ્ઞાન સિવાય તો આ બધું ક્યાંથી બને ?

જેમને આ વાતનો ખ્યાલ આવ્યો કે આત્માના અનંતકાલીન ભ્રમણમાં દેહમાં આત્મબુદ્ધિ : દેહાધ્યાસ કારણભૂત છે તે બધાએ મોક્ષ પામવા માટે શરીર ઉપર તપનો (બાહ્ય તપનો) હથોડાનો ઘા કરી દીધો.

જો મોક્ષ પામવો છે તો તે કર્મોથી જ મોક્ષ (છૂટકારો) પામવો પડે. કર્મક્ષય કરવા માટે 'તપ' શ્રેષ્ઠ સાધન છે. (જો કે તેમાં મુખ્ય તો અભ્યન્તર તપ છે, પણ તેને પુષ્ટ કરવામાં બાહ્ય તપ ખૂબ સહાયક છે માટે બન્ને તપને 'તપ' શબ્દથી લેવા.)

જેમ જેમ મોક્ષ પામવા માટેની લગન (પરિણતિ) આત્મામાં ઉગ્ર બનતી જાય તેમ તેમ તે આત્માની નજર શરીર ઉપર લાલચોળ થવા લાગે. તેને જ તે મોક્ષ પ્રત્યે પ્રતિબંધક માનવા લાગે માટેસ્તો.

શરીરને જો ખૂબ કષ્ટ અપાય તો ખૂબ કર્મક્ષય થાય તે વાત જ્ઞાનીઓએ સુવર્ણના દૃષ્ટાન્તથી સરસ સમજાવી છે. મેલ ભરેલું સોનું શુદ્ધ કરવા માટે અગ્નિના ભડકા ઓકતી ભઠ્ઠીમાં તેને નાખવું પડે. જેટલી આગ વધુ જોરદાર તેટલું સોનું વધુ ને વધુ નિર્મળ.

**तप्तं तप्तं पुनरपि पुनः काञ्चनं दीप्तवर्णम् ।**

એટલે અભ્યન્તરમાં મોક્ષપ્રાપ્તિકારક દીક્ષાના અધ્યવસાયો જોરદાર બન્યા છે તેની નિશાની આ છે કે તે આત્માના શરીર ઉપર તપના હુમલા વધુ ને વધુ ઉગ્ર બન્યા છે.

આવો આત્મા 'શરીર' સિવાયના ધનાદિક શત્રુઓની મૂર્ચ્છાને મહાત કરવાનો પ્રયત્ન કરતો હોય તો તે પડતો મૂકીને 'દેહ' ઉપર જીવલેણ હુમલા

કરવા લાગી પડે.

સિંહ ભલે શિયાળ સાથે લડતો હોય પણ જો તે વખતે વાઘ સામે આવી જાય તો શિયાળને પડતો મૂકીને વાઘ સામે જ લડવા લાગી જાય; કેમકે શિયાળ કરતાં વાઘ વધુ જોખમી પ્રાણી છે.

આ રીતે મુમુક્ષુ વાઘ જેવા દેહની આસક્તિ સાથે જ કાતીલ લડાઈ શરૂ કરી દે. આવું જે મુમુક્ષુ કરે : ઘોર તપસ્વી બને તેને જ વાસ્તવિક સાધુ કહેવાય. બાકીના ખાઈ-પીને ધર્મસાધના કરનારા આત્માઓની મુમુક્ષુતા સાચી જ છે તે માટે મહદંશે શંકા કરવી પડે. લાખો આત્મામાં દસ-વીસ આત્માઓ જ ભોજનાદિ કરવા છતાં ઉપવાસી હોય.

બત્રીસ-બત્રીસીમાં આ વાત કરતો શ્લોક આ પ્રમાણે છે :

**शरीरेणैव युद्धयन्तो दीक्षापरिणती बुधाः ।**
**दुर्लभं वैरिणं प्राप्य व्यावृत्ता बाह्ययुद्धतः ॥**

આવા મહાત્માઓના નામો આપવા હોય તો આ રહ્યા દેહ સાથે ખૂનખાર જંગ ખેલનારા મુમુક્ષુઓના નામો...

સનત મુનિ, મણિઉદ્યોત મહારાજ, માનદેવસૂરિજી, ખંધક મુનિ, અગ્નિકાપુત્ર આચાર્ય, સ્કંદકસૂરિજીના પાંચસો શિષ્યો, કીર્તિધર અને સુકોશલમુનિ, ગજસુકુમાલ મુનિ વગેરે.

જીવ અને દેહ ભિન્ન છે એવું ભાન તે જ આત્મસાક્ષાત્કાર છે. આ બધા મહાત્માઓ આત્મસાક્ષાત્કારને પામેલા છે.

અજૈનોમાં ય રમણ મહર્ષિ, મીરા, રામકૃષ્ણ વગેરેને આ કક્ષામાં મૂકી શકાય.

ઓલો મુસલમાન મંસૂર પણ "અનલહક્ક" કહીને સહુને કહેતો કે આત્મા દેહથી ભિન્ન છે, તે અનંત જ્ઞાનાદિથી સંપન્ન છે વગેરે."

એના દુશ્મનોએ દાઝે બળીને તેના દેહના ક્રમશઃ ટુકડા કરી નાંખ્યા તો ય તે જોર જોરથી 'અનલહક્ક' બોલતો રહ્યો. લોકોએ તેને મારી નાંખ્યો. આનું નામ ભેદજ્ઞાન. જૈનોને જ તે થાય એવો જૈનોનો ઈજારો ન હોઈ શકે.

દેવાધિદેવ પરમાત્મા મહાવીરદેવને જાણે મોક્ષ પામવાની ખૂબ ઉતાવળ હતી એટલે ભયાનક રીતે દેહને ત્રાસ દઈને માત્ર સાડા બાર વર્ષમાં કર્મક્ષય કરી નાંખીને વીતરાગદશાને પામી ગયા હતા !

સનત મુનિએ સાતસો વર્ષ સુધી સોળ મહારોગોને અપૂર્વ સમાધિ સાથે સહ્યા. દેવ તેમના રોગોને નિર્મૂળ કરવા આવ્યો તો તેને પાછો કાઢી મૂકતાં કહ્યું કે, "મોક્ષ પામવા માટે તો મારે આ સોળ રાજરોગો ઉપકારી છે, પણ જે કર્મના ૧૫૮ રોગો છે તે તું દૂર કરી આપે તો ખરો." આટલું કહીને પોતાની જ પાસે કોઢ વગેરે તમામ રોગનિવારણની કેવી શક્તિઓ જમા પડેલી છે ? તે આંગળી ઉપર થૂંક ચોપડીને-તેને સુવર્ણમયી કરીને બતાડ્યું.

બિચારો દેવ વિલખો બનીને ભાગી ગયો.

મણિઉદ્યોત મહારાજને પીઠ ઉપર થયેલા પાઠાનું નિવારણ કરવાની દેવે આજ્ઞા માંગી. પણ તેનેય પૂર્વોક્ત રીતે મહારાજે ભગાડી મૂક્યો. પાઠામાં પુષ્કળ જીવોથી ખદબદતી રસી હતી. એની પીડા પાર વિનાની હતી.

કૃષ્ણર્ષિ વર્ષમાં ચોત્રીસ દિવસ પારણા કરતા. બાકીના તમામ દિવસો ચોવિહાર ઉપવાસ કરતા.

ખેમર્ષિ જાતજાતની ઘોર પ્રતિજ્ઞાઓ કરતા હતા. એ પ્રતિજ્ઞાઓ પૂર્ણ થવી એટલે લગભગ અશક્ય ગણાય. કેટલીક પ્રતિજ્ઞાઓ અહીં જણાવું.

(૧) રાજા સિંધુલનો દોસ્ત મહારાવ સ્નાન કરીને હમણાં જ તૈયાર થયો હોય. તેના મનમાં કોઈ ચિંતા ચાલતી હોય. એ સ્થિતિમાં જો તે પૂરા એકવીસ પુડલા વહોરાવે તો જ - ત્યારે જ - પારણું કરવું. આ પારણું ૧૩૫માં દિવસે થયું હતું.

(૨) રાજાની હાથણી મત્ત બનેલી હોય, નદીની મધ્યમાં જો ટોપલીમાંથી પાંચ લાડુ વહોરાવે તે દી' પારણું કરવું. આ વાતને ૮૮ દિવસ થયા હતા.

(૩) કોઈ વહુને સાસુએ ધમકાવી હોવાથી બેચેન હોય, વિધવા હોય તે વેઢમી વહોરાવે ત્યારે પારણું કરવું. આને પણ ઘણા દિવસો થયા હતા.

પરમાત્મા મહાવીરદેવના ચંદનબાળા વખતના અભિગ્રહની જેમ મહાત્માઓ પણ કેવા ઉગ્ર અભિગ્રહો કરતા ! અને તે મોડેમોડે પણ કેવા પૂર્ણ થઈ જતા !

આવા અભિગ્રહોમાં રોજ વહોરવા જવાનું થાય અને રોજ પાછા ફરવાનું થાય. તે વખતે મન ઉપર જરાય ગ્લાનિ ન હોય. અરે, પારણું ન થવા બદલ - ઉપવાસનો તપ કરવા મળવા બદલ આનંદ થાય એ કેટલી મોટી વાત કહેવાય !

પરમાત્મા મહાવીરદેવને ભિક્ષા લેવા જતાં જે પ્રસન્નતા હતી તે પ્રસન્નતા ભિક્ષા નહિ મળતાં 'સવાઈ' બની જતી.

એ વાત નક્કી થઈ છે કે તપ (બાહ્યતપ)ના શસ્ત્ર વિના મોહરાજ સામેની લડાઈ જીતી શકાતી નથી.

* * *

**શક્તિનું અગોપન**

**जइ ता असक्कणिज्जं न तरसि काउण तो इमं कीस ।**
**अप्पायत्तं न कुणसि संजमजयणं जइजोगं ॥ ३४४ ॥**

**અર્થ :** ઓ, શિષ્ય ! જો તું ઉગ્ર તપ વગેરે કરવાને અસમર્થ હોય તો તારાથી થઈ શકે એવા સાધુઓને યોગ્ય સંયમને - ક્રોધાદિ દોષો ઉપરના નિયન્ત્રણને - કેમ આચરતો નથી ?

**વિવેચન :** આ શ્લોકમાં અતિ સુંદર વાત કરી છે કે જેનાથી તપ, સ્વાધ્યાય, જપ, કાયોત્સર્ગ વગેરે આરાધનાઓ ન જ થઈ શકે તેણે પોતાના ક્રોધ, કામ, ખાવાની લાલસા, મૂર્ચ્છા વગેરે દોષો ઉપર કબજો લેવાનો પ્રયત્ન કરવો જોઈએ. દોષોને હણવા કે શમાવવા જોઈએ અને ગુણોનો આવિર્ભાવ કરવો જોઈએ. આ બે કામ એક સાથે થાય છે.

ક્રોધાદિ દોષોનો અભાવ એટલે જ ક્ષમાદિ ગુણોનો આવિર્ભાવ.

ધોળા સ્ફટિકને લાલ દેખાડતાં - તેની પાછળ રહેલા લાલ કાગળનો અભાવ કરો કે તરત જ સ્ફટિકની ધોળાઈ પ્રગટ થઈ ગઈ.

ગુણ તો આત્મામાં સહજ રીતે પડેલી વસ્તુ છે. દોષનું આવરણ જ દૂર કરવાનું છે. તેમ કરાતાં ગુણ બહાર આવી જ ગયેલો છે.

ગ્રન્થકારશ્રી કહે છે કે જો તપ વગેરે વિશિષ્ટ આરાધનાઓ ન થાય તો ગુણોને પ્રગટ કરવાનો પ્રયત્ન કરવો જ જોઈએ.

ક્ષમા, પ્રેમ, કરુણા, સહિષ્ણુતા, કૃતજ્ઞતા, દયા, નીતિમત્તા, પ્રામાણિકતા વગેરે ઢગલાબંધ ગુણો છે જેને જીવનમાં ઉતારવા જોઈએ.

ભલે ક્રિયાવાન, તપવાન, સ્વાધ્યાયવાન, ધર્મવાન શક્તિના અભાવમાં ન બનાય પણ ગુણવાન તો બનવું જ જોઈએ.

જેઓ તપ, જપ, ધ્યાન, વિદ્વત્તાપ્રાપ્તિ આદિની આરાધનાઓ કરે છે તેઓ જો ક્રોધી, માયાવી, કામી, અહંકારી વગેરે હોય તો તેમના તપ વગેરે જરાય શોભતા નથી.

ગુણો એ સ્વધર્મો છે.

તપ વગેરે ધર્મો છે.

ધર્મોની સાથે સ્વધર્મો હોવા જોઈએ.

ક્રોધી સાધુ, કામી સસરો, રસલંપટ પતિ, ચોર સંતાનો વગેરે કદી શોભે નહીં.

સાધુ પણ પહેલાં સજ્જન તો હોવો જોઈએ. એની દુર્જનતા-અનુચિત વ્યવહારો–એની સાધુતાને પ્રભાવહીન બનાવે.

ગ્રન્થકારશ્રી કહે છે કે તપ વગેરે ધર્મો ન કરી શકો તો દોષોને દૂર કરીને જીવનમાં ગુણોની પ્રાપ્તિ કરો.

માષતુષ મુનિ, ત્રિગુપ્તિગુપ્ત મુનિ, કૂરગડુ મુનિ વગેરે કેટલા બધા ગુણોથી શોભી ઊઠ્યા હતા ! ભલે તેઓ તપસ્વી વગેરે ન પણ હતા.

મોર પીછાંથી શોભે છે.

ગૃહસ્થ કે મુનિ ગુણોથી શોભે છે.

તપ વગેરે ધર્મો ન કરી શકતાં માણસો સાવ પાણીમાં બેસી જાય છે તેની સામે ગ્રન્થકારશ્રીએ ચીમકી આપી કે નવરા બેસી ન રહો. દોષોને દૂર કરીને ગુણોને ભેગા કરો. ગુણોને પામવા માટે યત્ન (યતના) કરો.

* * *

**जायंमि देहसंदेहयंमि जयणाए किंचि सेविज्जा ।**
**अह पुण सज्जो अ निरुज्जमो अ तो संजमो कत्तो ॥ ३४५ ॥**

**અર્થ :** જો દેહમાં સંદેહ (રોગાદિનો સંશય) ઉત્પન્ન થાય તો તેણે આરોગ્ય–પ્રાપ્તિ માટે અપવાદોનું સેવન કરવું પડે તો તેમ કરવું. પણ જેવો તે નિરોગી (સજ્જ) બની જાય પછી તરત અપવાદસેવન દૂર કરવું. જો હવે તે નિર્દોષ જીવનચર્યામાં ઉદ્યમી ન બને તો તેનામાં સંયમ શી રીતે કહેવાશે ?

**વિવેચન :** અપવાદ એ ઉત્સર્ગ જેવો જ નિર્દોષ માર્ગ છે. પહેલામાં મોસંબીનું સેવન છે; બીજામાં મોસંબીનો ત્યાગ છે. ભલે, પણ બે યથી કર્મનિર્જરા છે.

પણ આ ત્યારે જ બને જ્યારે અપવાદનું સેવન અનાસક્તિપૂર્વક, દુઃખપૂર્વક હોય; જલદીમાં જલદી ઉત્સર્ગ માર્ગે આવી જવાના લક્ષપૂર્વક હોય.

અપવાદસેવનના સ્થાને અપવાદસેવન અને ઉત્સર્ગસેવનના સ્થાને ઉત્સર્ગસેવન એ માર્ગ છે. જો અસ્થાને સેવન હોય તો ઉન્માર્ગ છે. અપવાદસેવનના સ્થાને ઉત્સર્ગનું સેવન કરાય તો તેથી અશુભ કર્મબંધ થાય.

વિશિષ્ટ કોટિના શાસનપ્રભાવકો પોતાના અનારોગ્યના સમયે જો ઔષધ નહિ લેવાના ઉત્સર્ગમાર્ગને કટ્ટરપણે વળગી રહે અને તેથી તેમના દ્વારા થતાં પરહિતને નુકસાન પહોંચે તો તેમના ઉત્સર્ગ-પાલનની અનુમોદના કરી શકાય નહીં.

અપવાદમાર્ગ બહુ લપસણો છે. એમાં જે ઈષ્ટ ખાનપાનાદિનો યોગ થાય તેનો જો રાગ (ચસકો) રહી જાય તો અપવાદનું સ્થાન મટી ગયા પછી પણ તે છૂટતો નથી. આમ થાય તો અપવાદ એ માર્ગ ન રહેતાં ઉન્માર્ગ બની જાય.

અપવાદસેવીને તો પળે પળે એમ થયા કરે કે ક્યારે હું આ દોષથી નિવૃત્ત થાઉં ? ક્યારે ઉત્સર્ગના માર્ગે ચડી જાઉં ?

અપવાદ એ માર્ગરૂપ હોય તો તેનું કોઈ પ્રાયશ્ચિત્ત ન આવે. ગુરુ વ્યવહારથી પ્રાયશ્ચિત્ત આપે તે જુદી વાત છે. અથવા અપવાદસેવન કરતાં જે કાંઈ રાગાદિની સૂક્ષ્મ પરિણતિઓ જાગી હોય તેનું જ સામાન્ય પ્રાયશ્ચિત્ત આવે.

ખરેખર તો ઉત્સર્ગ નામના માર્ગનું સેવન કરનાર શાબાશીને પાત્ર છે તેમ અપવાદમાર્ગનું સેવન કરનાર પણ શાબાશીને પાત્ર છે.

વિષ્ણુકુમાર મુનિ, પુલાક લબ્ધિધર સાધુ, કાલકસૂરિજી વગેરેએ જે અપવાદ માર્ગનું સેવન કર્યું તે અપવાદનું સ્થાન હતું માટે તેમને ઈરિયાવહીનો કાઉસગ્ગ કરવા જેટલું જ પ્રાયશ્ચિત્ત અપાયું છે. તેમણે તો બહુ મોટી શાસનરક્ષા (સેવા) કરી છે.

મોટું યુદ્ધ લડનાર જો અપવાદના સ્થાને હોય તો તેને વિશિષ્ટ પ્રાયશ્ચિત્ત નથી અને અપવાદના અસ્થાને મોસંબીનો રસ પીનાર હોય તો તેને કદાચ મોટું પ્રાયશ્ચિત્ત આવે.

ટૂંકમાં મારે એ જણાવવું છે કે, જ્ઞાનીઓએ મોક્ષમાર્ગની તસુ તસુ જમીન ઉપર અપવાદમાર્ગના સેવનરૂપ ડાયવર્ઝન કાઢેલા છે. આપણે તેનો જરૂર

ઉપયોગ કરી શકીએ પણ તેમ કરીને ફરી પાછા મોક્ષમાર્ગ રૂપ ઉત્સર્ગમાર્ગે આવી તો જવું જ પડે.

ડાયવર્ઝનમાં જતી ગાડી સદા ડાયવર્ઝન રોડ ઉપર ચાલે તો રવાડે ચડે. તેનું લક્ષ તો જલદીમાં જલદી મુખ્ય માર્ગે આવી જવાનું હોય. એને જ ડાયવર્ઝન કહેવાય જે ક્યાંક મૂળમાર્ગે જોડાઈ ગયો હોય.

ઉત્સર્ગમાર્ગ સમાધિની પ્રાપ્તિ અને સમાધિની સિદ્ધિ માટે છે. સમાધિભાવથી જ સદ્‌ગતિ અને મુક્તિ મળે છે. હવે જો ઉત્સર્ગમાર્ગે ચાલતાં સમાધિભાવ જોખમાય તો તરત અપવાદમાર્ગે જઈને સમાધિભાવ પ્રાપ્ત કરી લેવો જોઈએ : દૃઢ બનાવી દેવો જોઈએ. તે કામ પતી જાય કે તરત ઉત્સર્ગમાર્ગે ચાલી જવું જોઈએ. પછી જો એક ક્ષણ પણ અપવાંદમાર્ગે રહેવાય તો તે દોષનો ભાગીદાર બને.

એટલે જ એમ કહેવાનું દિલ થાય કે ઉત્સર્ગમાર્ગનું પાલન સરળ છે પણ અપવાદમાર્ગે ચાલવું એ તલવારની ધાર ઉપર ચાલવા જેવું કઠિન છે.

ગ્રન્થકારશ્રીએ સાચી ચીમકી આપી છે કે અપવાદનો સેવી 'સદાનો સેવી' બની જવાનો પૂરો ભય છે. જો તેમ કરાય તો તે સાધુ સાધુ નહિ રહે.

* * *

**मा कुणउ जइ तिगिच्छं अहियासेउण जइ तरइ सम्मं ।**
**अहियासिंतस्स पुणो जइ से जोगा न हायंति ॥ ३४६ ॥**

**અર્થ :** ઓ સાધુ ! તું અપવાદ માર્ગે જઈને રોગચિકિત્સા વગેરે કરીશ નહિ; જો તારામાં રોગાદિના દુ:ખોને સહવાની શક્તિ હોય તો. રોગાદિને સહન કરવામાં તારી સમાધિ જોખમાતી ન હોય અને તારા પ્રતિક્રમણાદિ યોગો વિધિવત્, સાનંદ સેવી શકાતા હોય તો.

**વિવેચન :** જેમનું સત્વ પ્રચંડ છે તેઓ અપવાદનું સેવન કરતા નથી; કેમકે તેમની સમાધિ અને યોગક્રિયાઓને જરાય હાનિ પહોંચતી નથી. પણ તેને બાધા પહોંચે તો અપવાદસેવન - અલ્પસત્વી જીવો - અવશ્ય કરે.

માનદેવસૂરિજી મહારાજને કેટલાક દિવસો સુધી ચોવીસ કલાક તાવ ચાલ્યો. તેઓ તેને ઉતારવાનો કોઈ યત્ન કરતા નહિ. પણ બે સમયની આવશ્યક ક્રિયાઓ કરવાના વખતે કપડાને તાવ ઉતારવાના મન્ત્રથી મન્ત્રિત કરીને પાંચ મિનિટ માટે પહેરી લેતા. તાવ તે કપડામાં ઊતરી જતો. આવશ્યક ક્રિયા ખૂબ

પ્રસન્નતાથી થઈ જતી. પછી અવળો મન્ત્ર ભણીને તાવથી ધગધગતી તે ચાદર ઓઢીને પાંચ મિનિટ સૂઈ જતા. તાવ ફરી શરીરમાં ઊતરી જતો. દિન-રાત તે તાવને સમાધિપૂર્વક સહતા.

આ છે; મહાપુરુષોની ઉત્સર્ગ-અપવાદની સૂક્ષ્મ સમજણ.

મહાસત્વી આત્માઓ – સુદર્શન શેઠ અને ઝાંઝરીઆ મુનિ-એ તો સંભવિત શાસનહીલનાનો પડકાર પણ ઝીલી લીધો. તેના નિવારણ માટે સુદર્શને મૌન ન તોડ્યું, ઝાંઝરીઆ મુનિએ ઝાંઝર પગમાંથી ન કાઢ્યું.

તેમના મહાસત્વના પ્રભાવે શાસનહીલનાનું નિવારણ થઈ ગયું.

હા, પેલા સાધુએ અપવાદનું શરણ લઈને ઓઘો બાળી જ નાંખ્યો હતો. તે જૈન સાધુના સ્વાંગમાં વેશ્યાની સાથે મંદિરમાંથી બહાર નીકળ્યા હોત તો ઘોર હીલના થઈ ગઈ હોત. ના, તેમણે તે હીલના ન થવા દીધી. તે માટે અપવાદનું શરણ લઈ લીધું.

આવું જ પાદલિપ્તસૂરિજીએ ગ્રન્થચોરીના આરોપમાં કર્યું.

ગીતાર્થ પુરુષોને જે તે દેશકાળમાં જે કરવું ઉચિત લાગે તે કરી શકે.

યુદ્ધભૂમિની વ્યૂહરચનામાં માત્ર આગેકૂચ હોતી નથી, પીછેહઠ પણ હોય છે.

ગીતાર્થો જે કરે તે બધું બરોબર.

આરોગ્ય વિષયમાં અશક્તિ હોય તો શક્તિ પ્રાપ્ત કરીને સ્વાધ્યાયાદિ યોગો ચાલુ થાય તે લક્ષથી શક્તિ પામવા માટે અપવાદમાર્ગે ઔષધાદિનું સેવન કરી શકાય. દૂધ, ઘી વગેરે વિધિવત્ લઈ શકાય. પણ તેમની આસક્તિથી તો ન જ લઈ શકાય.

આસક્તિ એ જ દોષ છે. તેના કારણે જ ઉત્સર્ગ અને અપવાદના માર્ગ અને ઉન્માર્ગરૂપ બે ભેદ પડે છે.

એટલે પ્રતિલેખનાદિ બધી ક્રિયાઓ બરોબર ચાલે ત્યારે અપવાદમાર્ગનું સેવન થઈ શકે જ નહિ, અન્યથા જરૂર થઈ શકે. તેમાં ય જેવું કાર્ય પતી જાય કે તરત અપવાદમાર્ગનો ત્યાગ કરીને ઉત્સર્ગમાર્ગે આવી જવું જોઈએ. જો અપવાદનો ચસકો લાગે તો કાર્ય પત્યા પછી પણ તે છૂટતો નથી : કાયમી બને છે.

અપવાદના નામે જે ટેવો (કુટેવો !) પડે છે તે સદાતન બને છે.

અપવાદ માર્ગે બેઠાં બેઠાં પ્રતિક્રમણ કરતો સાધુ સદા માટે બેઠાં પ્રતિક્રમણ કરતો થઈ જાય.

અપવાદમાર્ગે ભાતમાં ઘી લેતો સાધુ સદા માટે ભાતમાં ઘી લેતો થઈ જાય.

જીવનમાં 'ખોટું' પેસી જવું એ બહુ સહેલું હોય છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં ઉત્સર્ગમાર્ગે આરોગ્ય બગડે તો પણ ચિકિત્સા કરવાની ના પાડતાં કહ્યું છે કે તેવા વખતે આત્માની ચિકિત્સા કરતાં વિચારવું કે, "મેં કેવા કર્મો બાંધ્યા હશે કે કુપથ્ય કર્યું હશે જેથી મને રોગ થયો. હવે મારે તે કર્મો વગેરેને જ ખતમ કરવા જોઈએ. ઔષધાદિ શા માટે કરવા જોઈએ ?"

પણ સબૂર ! જો રોગદશામાં સમાધિ ન રહેતી હોય તો જરૂર અપવાદ-માર્ગે દવા કરવી. ના... અનશન કરીને દેહત્યાગ નહિ કરવો. જો વય બહુ મોટી ન હોય તો દવા કરવી. છ છ માસની ત્રણ દવા કરવી. (૧૮ માસ સુધી) ત્રણ વૈદ્યો બદલવા. જો ન જ સારું થાય; અને ઔષધ, અનુપાન, પથ્ય માટે વિરાધનાઓ કરવી પડતી હોય તો હવે અનશન કરીને દેહત્યાગ કરી દેવો.

વહેલો દેહત્યાગ નહિ કરવાનું કારણ એ છે કે દેહત્યાગ કરવાથી સાચા અર્થમાં સાધુને દેવ સિવાયની કોઈ ગતિ ન જ મળે.

દેવગતિમાં વધુમાં વધુ ચોથું ગુણસ્થાન મળે. (ત્યાંના કામભોગને લીધે તે ય ટકવું મુશ્કેલ બની જાય.) જ્યારે માનવભવમાં આયુષ્ય લંબાવાય તો છઠ્ઠું અને સાતમું ગુણસ્થાન પણ મળે. વળી, તે સરળતાથી ટકી રહે કેમકે માનવભવમાં દેવભવ જેવા કાતીલ ભોગસુખો જ નથી.

હા, જો વ્યાધિ અસાધ્ય - ૧૮ માસ બાદ - જણાયો હોય કે ઉંમર સાવ પાકી થઈ ગઈ હોય તો નાહક્કની વિરાધનાઓ કરવા કરતાં અનશન કરી દેવું. તે સિવાય તો જીવતાં જ રહેવું. મુનિજીવનનું આયુષ્ય જેટલું લંબાવી શકાય તેટલું લંબાવવું.

ઉત્સર્ગમાર્ગે સાધુએ રોગચિકિત્સા નહિ કરતાં આત્મચિકિત્સા કરવાનું કહ્યું તે અંગેનો શ્લોક :

तेगिच्छं नाभिणंदिज्जा संचिक्खत्तगवेसए ।
एवं खु तस्स सामण्णं जं ण कुज्जा ण कारवे ॥

* * *

निच्चं पवयणसोहाकराणं चरणुज्जुआणं साहूणं ।
संविग्गविहारीणं सव्वपयत्तेण कायव्वं ॥ ३४७ ॥

हीणस्स वि सुद्धपरूवगस्स नाणाहियस्स कायव्वं ।
जणचित्तगहणत्थं करिंति लिंगावसेसे वि ॥ ३४८ ॥

**અર્થ :** જે મહાત્મા સદાના પ્રવચનના પ્રભાવક હોય, સંવિગ્ન–ચારિત્રી (વિહારી) હોય તેમની હંમેશ સેવા કરવી.

જો ક્રિયા (ચારિત્ર) માર્ગમાં શિથિલ હોય પણ જ્ઞાન (શુદ્ધ પ્રરૂપણા) માર્ગમાં શુદ્ધ હોય તો તેવા પ્રભાવક જ્ઞાનાધિક મહાત્મા ચારિત્રમાં શિથિલ હોય તો પણ વૈયાવચ્ચ કરવું. ભલે તેમની પાસે ચારિત્રશૂન્ય રજોહરણ (લિંગ) જ રહ્યું હોય. જો તેમ ન કરે તો તેમનો મોટો ભક્તગણ હોવાથી તે ટીકા કરે કે આટલા મોટા મહાત્મા છતાં સાધુઓ તેમની સેવા કરતા નથી.

**વિવેચન :** આ શ્લોકોનો પદાર્થ અતિશય ગંભીર છે. શાસ્ત્રની ઘણી બધી વાતો કરે છે.

સારા સાધુઓ બે પ્રકારના હોઈ શકે : સંવિગ્ન અને સંવિગ્નપાક્ષિક.

સંવિગ્નમાં બે પ્રકાર હોય : પ્રભાવક સંવિગ્ન અને આરાધક સંવિગ્ન.

પ્રભાવક સંવિગ્ન પ્રભાવક છે એટલે ઉચ્ચ કક્ષાનું જિનશાસનનું સંચાલન કરે અને આરાધક છે એટલે ક્રિયામાર્ગને જીવનમાં આત્મસાત્ કરે.

સારો સાધુ એટલે ભલે કદાચ આરાધક ન હોય પણ જિનશાસનનો અવિહડ રાગી હોય, પ્રવચનપ્રભાવક (મુખ્યત્વે) હોય, પાપભીરુ હોય, સરળ હોય, નિરભિમાની હોય. તેનામાં ક્રિયાઓ ઓછીવત્તી હોય તો ય ગુણો ઘણા હોય. તેમાં પાપધ્રૂજારો અને સરળતા, પ્રાયશ્ચિત્તશુદ્ધિ, ગુણાનુરાગિતા અચૂક હોય.

આ આત્માને ક્રિયાદૃષ્ટિથી જોવાય તો સાવ શિથિલ કહેવાય. જાણે કે તેની

બગલમાં રજોહરણ માત્ર પડી રહ્યું છે. તેની આરાધનાઓ સાથે તેને ઝાઝી નિસ્બત નથી. એ કેવી કેવી રીતે શિથિલ હોય તે વાત હવે પછીના ચોત્રીસ શ્લોકોમાં ગ્રન્થકારશ્રી જણાવશે. એમાં ક્રિયામાર્ગની બધી શિથિલતાઓ બતાડી છે. પણ જ્ઞાનમાર્ગ અને તેના દ્વારા પ્રવચનપ્રભાવનાની વાતની તો ખૂબ ઊંચી અપેક્ષા રખાઈ છે. વળી, ક્રિયામાર્ગની શિથિલતાઓ–તપ, જપ, ક્રિયા વગેરેની શિથિલતાને ક્ષમ્ય ગણી છે પણ મહાવ્રતો સંબંધિત નિષ્ઠુરપણા સહિતની શિથિલતાને જરાય ક્ષન્તવ્ય ગણી નથી. બ્રહ્મચર્યમાં નબળો એવો કોઈ પ્રવચનપ્રભાવક હોય તો તેને માથે ચડાવવાનું તો જરાય કહ્યું નથી. આ વાત બિલકુલ ચાલે તેવી નથી. બ્રહ્મચર્યવ્રતનું તો અપેક્ષાએ નિરપવાદ પાલન કહ્યું છે.

અહીં સંચાલક અને આરાધકની ચતુર્ભંગી જોઈએ.

| | સંચાલક (પ્રભાવક જ્ઞાની) | આરાધક (ક્રિયામાર્ગી) | |
|---|---|---|---|
| ૧ | ✓ | ✓ | એકદમ શુદ્ધ ભાંગો |
| ૨ | ✓ | × | ક્ષન્તવ્ય ભાંગો |
| ૩ | × | ✓ | સુંદર ભાંગો |
| ૪ | × | × | એકદમ અશુદ્ધ ભાંગો |

આ ચતુર્ભંગીમાં જે બીજો ભાંગો - સંચાલક હોય અને આરાધક ન હોય તે માન્ય (ક્ષન્તવ્ય) થઈ શકે તેમ કહ્યું છે તેનું કારણ એ છે કે જિનશાસનનું સંચાલન કરવું એમાં પ્રચંડ પુણ્યાઈની જરૂર છે.

આરાધકો તો પુષ્કળ મળે.

પાપાનુબંધી પુણ્યવાળા આત્માઓ પણ ઘણા મળે. (જે સ્વયં પશ્ચાત્તાપરહિત અને દોષસહિત હોય.)

પુણ્યાનુબંધી પુણ્યવાળા બહુ થોડા મળે : વિરલ જ મળે.

પાપી છતાં જે પુણ્યવાન આત્મા ખૂબ પશ્ચાત્તાપી હોય તો તેને પુણ્યાનુબંધ કહેવાય. કેમકે પુણ્યાનુબંધ હોય તો જ પશ્ચાત્તાપ થાય. પાપાનુબંધમાં તો નિષ્ઠુરતા હોય.

કેટલીકવાર એવું બને છે કે પુણ્યાનુબંધી પુણ્યવાળા આત્માઓને જો

નિકાચિત ભોગાવલિ (મોહનીય) કર્મ હજી વેદવાનું બાકી રહ્યું હોય તો તે ઉતાવળે સાધુ થઈને ભોગાવલિ ઉદયમાં આવતાં પટકાઈ જાય છે. નંદિષેણ તેનું આબેહૂબ દૃષ્ટાન્ત છે.

તેનું ભોગાવલિ નિકાચિત હતું : અવશ્ય વેદવાનું હતું એટલે જ દીક્ષા લેતી વખતે દેવોએ નિષેધ કર્યો હતો. પણ ચારિત્ર લેવાના ઉત્કૃષ્ટ પરિણામોને લીધે તે દીક્ષા લીધા વિના રહી ન શક્યો.

છેવટે ભોગાવલિનો ઉદય થયો. ગણિકાને ત્યાં બાર વર્ષ કાઢ્યા. પણ તેનો પુણ્યાનુબંધ હોવાથી તે બાર વર્ષમાં ઘોર પશ્ચાત્તાપ કરતો રહ્યો. આ બાજુ ભોગાવલિ કર્મ ખતમ થયું. ફરી દીક્ષા થઈ.

શાલિભદ્રનું કર્મ પુણ્યાનુબંધી પુણ્યકર્મ હતું. જો તેનું ભોગાવલિ કર્મ નિકાચિત હતું તો તેણે સંસારમાં રહીને ભોગવી નાંખ્યું. તે પછી દીક્ષા થઈ એટલે નંદિષેણવાળી દશા ન થઈ.

જેને પાપનો તીવ્ર પશ્ચાત્તાપ (ધ્રૂજારો) છે તે પાપ કરે નહિ; પણ પરાણે કોઈ (કર્મો) પાપ કરાવે ત્યારે સામાન્યતઃ કરે. આવા આત્માને પુણ્યાનુબંધ હોય; પાપાનુબંધ નહિ. પાપાનુબંધ હોય તો પાપમાં નિષ્ઠુરતા હોય. ધ્રૂજારાનું નામ ન હોય.

ક્રિયામાર્ગમાં શિથિલ સાધુની શિથિલતા તેને એકલાને મારે; હા, કેટલાકને પણ નિંદાદિક કરવા દ્વારા મારે. પણ તેના માઈનસ કરતાં તેની જ્ઞાનાદિક દ્વારા ઉત્પન્ન થતી પ્રચંડ શાસનપ્રભાવકતાના પ્લસ પુષ્કળ હોય. માઈનસ ૧૦ હોય તો પ્લસ ૧,૦૦૦ હોય. એટલે ગ્રન્થકારશ્રી કહે છે કે તેવી વ્યક્તિની શિથિલતાને લક્ષમાં ન લઈને તેની સેવા કરવી. એથી તેના મોટા ભક્ત-વર્ગને પણ એ વાતથી આનંદ થાય કે સાધુઓ, પુણ્યવાન સાધુઓની ઈર્ષ્યા નથી કરતાં, પ્રમોદ સેવે છે : સેવા કરે છે.

અહીં જે શિથિલ છતાં પ્રભાવક એવો સાધુ કહેવામાં આવ્યો છે તે કમસેકમ (૧) જિનશાસન પાછળ ફીદા હોય, તેની રક્ષા માટે કુરબાની કરવા તૈયાર હોય, રાત દી' તેની ચિંતા કરતો હોય.

(૨) તે જિનેશ્વરદેવની તમામ આજ્ઞાઓનો કટ્ટર પક્ષપાતી હોય. પાલન ન

કરી શકે તો તેનો ખૂબ ત્રાસ હોય. આધાકર્માદિના સેવનમાં તેની આંખે આંસુ હોય. માનપાન, ખાનપાનમાં ઢીલો હોવા છતાં તે વાત તેને બિલકુલ સારી લાગતી ન હોય.

(૩) જીવનમાં જ્યાં ક્યાંય જિનાજ્ઞાનો સૂક્ષ્મ પણ ભંગ થતો હોય તેનું શુદ્ધ પ્રાયશ્ચિત્ત કરવાનો તે લાલસુ હોય, યોગ્ય દેશ-કાળમાં પોતાની શિથિલતાઓને પ્રગટ કરવામાં જરાય પાછો પડતો ન હોય.

(૪) તે સાવ સરળ પરિણામી હોય. પ્રજ્ઞાપનીય હોય.

(૫) આ જીવ વાતે વાતે જિનશાસન, જિનાજ્ઞા, પાપભયને રજૂ કરતો હોય.

(૬) આવો આત્મા પોતાને પાપી જાણે છે માટે જે ધર્મીજનો છે તેમનું ખૂબ ગૌરવ, યથાયોગ્ય પ્રશંસા કરતો હોય. પળનો પણ વિલંબ કર્યા વિના ગુણાનુવાદ કરવો એ તેને મન ડાબા હાથનો ખેલ હોય. સ્વપ્નમાં ય તેને કોઈના વિકાસની ઈર્ષ્યા થતી ન હોય.

પોતાના દોષોની ખૂબ નિંદા કરીને તે દોષોને નબળા પાડે; બીજાના ગુણોની ખૂબ પ્રશંસા કરીને તે પોતાના ગુણોને સબળ કરે : તેમાં વૃદ્ધિ કરે.

પરોપજીવી વનસ્પતિની જેમ ઊંચા પદાર્થોને વળગી પડીને તેના ગુણોની કે પદાર્થોની ઉંચાઈને તે હસ્તગત કરી લે.

આ આત્મા ભલે વિશુદ્ધિ નામના ગુણનું આત્મામાં આધાન કરતાં પુણ્યાનુબંધનો સ્વામી નથી પણ ઘણા બધા - સરળતા, પશ્ચાત્તાપ, ખુમારી, શાસનરાગાદિ ગુણોનું આત્મામાં આધાન કરતાં પુણ્યાનુબંધનો ધરાર સ્વામી છે. આથી જ શિથિલતાઓના પાપો કરવા છતાં તેનો અનુબંધ પુણ્યાનુબંધ જ કહેવાય.

ના, પાપાનુબંધવાળા પુણ્યશાળીની શાસનપ્રભાવકતા વાસ્તવિક ન હોય : આભાસિક હોય. કેમકે પાપાનુબંધ તો નિષ્ઠુરતાપૂર્વક દોષોનું જીવનમાં ઉત્થાન કરે. આવા આત્માનો કોઈ ધર્મપ્રભાવ જગતમાં પડે નહિ. જો ત્યાં ધર્મપ્રભાવ દેખાય તો તેને આભાસિક માનવો : સામી વ્યક્તિના ઉપાદાનની વિશેષતાથી પ્રાપ્ત થયેલી સફળતા જાણવી.

જેમ સમ્યગ્દર્શન સાથે અવિરતિ નામનો દોષ પડેલો હોય તો સમ્યગ્દર્શન

ગમે તે પળે જોખમમાં ગણાય તેમ વિરતિની સાથે પડેલો પ્રમાદ (શિથિલતા) ગમે તે પળે વિરતિને ખતમ કરી દે. આથી જ મુનિજીવનમાં શિથિલતા ન જ હોવી જોઈએ.

જે મુનિ પાસે આ જ્ઞાનદશા છે તેને પોતાની શિથિલતા બદલ ખૂબ ત્રાસ થતો હોય. પોતાનું આંતરિક પતન થઈ ગયાનો ખ્યાલ આવ્યા કરતો હોય.

રામ તદ્ભવમોક્ષગામી હતા છતાં પોતાને - જ્ઞાનદશા હોવાથી - અભવી માનતા હતા, તેવું સાચા પ્રભાવક શિથિલ સાધુને સતત લાગ્યા કરતું હોય કે હું શિથિલ, સાધુ જ નથી.

મહોપાધ્યાયજી મહારાજ સાહેબ જો કે ઉત્તમ કોટિના આરાધક હતા છતાં પોતાની જે કાંઈ શિથિલતાઓ હતી તેને નજરમાં લાવીને 'અ-સાધુ' માનતા હતા. પણ તેઓ સુ-સાધુઓ પ્રત્યે અતિશય આદર ધરાવતા હતા અને તેવું ઉત્તમ સાધુપણું પોતાને ક્યારે મળશે ? તેનો અજપાજપ કરતા હતા. એટલે તેઓ જ્ઞાનદશાની ફુટપટ્ટીથી પોતાની જાત માટે એવો સંતોષ વ્યક્ત કરતા કહેતા કે "ભલે વિશિષ્ટ સુ-સાધુઓ : શાસ્ત્રયોગનું જીવન જીવતાં મહાત્માઓ જેવું મારું જીવન નથી એટલે મારો આ મુનિભવ સફળ ન પણ થયો હોય; પરંતુ મારી એવી અદમ્ય ઈચ્છા છે કે મને આવતા ભવે શાસ્ત્રયોગનું ઉત્તમ ચારિત્ર પ્રાપ્ત થાઓ.

મારી આ ઈચ્છા એ મારો ઈચ્છાયોગ છે. આ ઈચ્છાયોગના પ્રભાવથી મને આવતા ભવે સાચું સાધુપણું (શાસ્ત્રાજ્ઞાપ્રતિબદ્ધ સાધુજીવન) મળશે જ એવો મારો વિશ્વાસ છે. આ વિશ્વાસને કારણે આરાધનામાં શિથિલ એવો પણ હું આનંદમાં રહું છુ. મને તો આ ઈચ્છાયોગની નાવડીથી જ મોક્ષપ્રાપ્તિ થઈ જશે."

મહોપાધ્યાયજીનો આ વિચાર એ વાત કાનમાં કહી જાય છે કે આપણે ચરણકરણશિથિલ હોઈએ તો ય જો ઈચ્છાયોગી અને ગુણાનુરાગી હોઈએ તો આવતો ભવ અને તેમાં મળનારું મુનિજીવન 'શ્રેષ્ઠ' બનીને જ રહેશે.

ગ્રન્થકારશ્રીએ આ શ્લોકમાં શાસનપ્રભાવક સાધુની ઉત્તરગુણ સંબંધિત શિથિલતાની તરફ આંખમીંચામણા કરવાનું જે કહ્યું છે તેનો અર્થ એ નથી કે બધાં શાસનપ્રભાવકો માટે તેમ કરવું.

જે પ્રભાવકોના અંતર શિથિલતાસેવન સંબંધમાં રડતા હોય તેમના જ સંબંધમાં આ વાત જાણવી.

આટલા પણ આંખમીંચામણાં કરવા પાછળનું કારણ એ છે કે સો આરાધકોમાં માંડ દસ પ્રભાવકો થાય છે. માંડ પાંચ શિથિલ છતાં પ્રભાવકો થાય છે. એક જ ઉત્કૃષ્ટ સંયમપાલક પ્રભાવક થાય છે.

આમાંના કુલ છ પ્રભાવકો પરહિતકરણ કરે છે, જે છ ટકા કહેવાય. પરહિત એ બહુ જરૂરી વસ્તુ છે. અનંત આત્માઓનું જ્યારે મોહરાજના પ્રભાવે ભયંકર અહિત થતું હોય ત્યારે શકય તેટલા વધુ આત્માઓનું હિત કરવું જ જોઈએ. તેમને દુર્ગતિમાં જતાં ઉગારી લેવા જોઈએ.

પરહિત એ પુણ્યકર્મના ઉદય વિના અસંભવિત છે. પોતાની સારી વાતોને બીજો સ્વીકારે તે ત્યારે જ બને જ્યારે સારી વાત કરનાર પાસે આદેય નામકર્મ નામના પુણ્યનો ઉદય હોય.

આવા પુણ્યવાન આત્માઓ બહુ ઓછા હોય.

પુણ્યવાન આત્માઓ પુણ્યના ઉદયથી પરહિત કરે તો ય જો તેઓ પાપાનુબંધ ધરાવતા હોય તો તેના પ્રભાવથી પોતાનું કારમું અહિત કરે. કોકનું સારું કરવા જતાં જો પોતાનું ખરાબ થાય તો તેવું સારું કરવાની જ્ઞાની ભગવંતોએ સાફ મનાઈ કરી છે.

એટલે પુણ્યાનુબંધી એવા પુણ્યકર્મના ઉદયવાળા આત્માઓ જ સ્વનું હિત અબાધિત રાખીને પરહિત કરી શકે.

આ આત્માઓ કોહિનૂર હીરા કરતાં વધુ મૂલ્યવાન ગણાય.

જે પોતે શિથિલ જીવન જીવીને પોતાનું અહિત કરે છે તે આત્મા પણ પૂર્વે જણાવ્યું છે તેમ જો પોતાની શિથિલતા ઉપર રડતો, ધ્રૂજતો હોય તો તેનો અનુબંધ પુણ્યાનુબંધ જ કહેવાય. તેના દ્વારા જે પરહિત થાય તે પ્રશસ્ય કહેવાય : આદરણીય કહેવાય. કેમકે તેની આંખના આંસુ તેની શિથિલતાઓને સતત નબળી પાડતા રહીને ટૂંક સમયમાં નિર્મૂળ કરી જ નાંખશે.

આવા પ્રભાવક આત્માઓ જિનશાસન માટે અતિ મૂલ્યવાન છે અને વિરલ

છે. તેમના દ્વારા જિનધર્મનો વ્યાપ ઝડપથી થાય; બાળકક્ષાના જીવો જલદી પામે.

આથી જ તેમનામાં શિથિલતા હોય તો આંખમીંચામણા કરવાનું : વૈયાવચ્ચ કરવાનું જણાવ્યું છે.

જે આત્માઓ ખૂબ પુણ્યવાન હોય અને પુણ્યના ઉદયનો પુષ્કળ ગેરલાભ (ખાનપાનમાં, માનપાનમાં) ઉઠાવતા હોય, તમામ દોષોનું પુષ્કળ સેવન કરતાં હોય, સાવ નિષ્ઠુર પરિણામી હોય, આંખેથી આંસુ પડવાની સ્વપ્ને ય સંભાવના ન હોય તેવા આત્માઓના પરહિતકરણને જ્ઞાનીઓએ અમાન્ય, આભાસિક, ક્ષણજીવી જણાવ્યું છે. આ આત્માઓ અદ્રષ્ટવ્ય છે; અશ્રાવ્ય છે; સદા-અસ્મરણીય છે. એમનાથી તો જૈનધર્મને પારાવાર નુકસાન થાય. એમના પ્રચ્છન્ન પાપો એમને દુર્ગતિમાં લઈ જાય; એમના સમુદાયની બધી રીતે અધોગતિ કરે.

સાચા પરહિતકર્તા મહાત્માઓમાં તીર્થંકરત્વનું બીજ પડે; તેમના સ્વરૂપમાં કરુણાદિસ્વરૂપ તીર્થંકરત્વની છાંટ હોય. તેમની શિથિલતાજનિત–અશ્રુધારાયુક્ત પ્રવચનધારાના શ્રવણે શિથિલોની શિથિલતાઓ ધ્રૂજી ઊઠીને નાસી છૂટતી હોય.

એમની પાસે ઉત્સૂત્રજીવન છતાં એના એકરારવાળું સસૂત્ર વ્યાખ્યાન હજારો આત્માઓને ધર્માભિમુખ કરી દેતું હોય.

હા, આ સસૂત્ર પ્રરુપણા એવી છે કે જો અખંડિતપણે જળવાય તો કમલપ્રભ આચાર્યની જેમ તીર્થંકરનામકર્મ બાંધી આપે. અને એ આચાર્યની જેમ જરાક ઉત્સૂત્ર કરી દે તો દીર્ઘકાળ સુધી દુર્ગતિના દ્વાર દેખાડી દે. ઓલા કમલપ્રભાચાર્યને લોકોએ સાવદ્યાચાર્ય કહી દીધા હતા. તેના તીર્થંકરનામકર્મના દળીઆ વિખરાઈ ગયા હતા.

ઉત્સૂત્ર-પ્રરુપણા સાથે સસૂત્ર-જીવન ન ચાલી શકે પણ સસૂત્ર-પ્રરુપણા સાથે ઉત્સૂત્ર-જીવન (ઉત્તરગુણો સંબંધિત) હજી ચાલી શકે.

*પાપ નહિ કોઈ ઉત્સૂત્ર ભાષણ જીસ્યું.*
*ધર્મ નહિ કોઈ જગ સૂત્ર સરીખો.*

સસૂત્ર પ્રરુપણાનું મૂલ્ય શુદ્ધ ક્રિયાકાંડની આરાધના કરતાં ખૂબ વધુ હોવાથી જ તેવા શાસનપ્રભાવકની શિથિલતાની ઉપેક્ષા કરવાનું કહેવાયું છે.

યાદ રાખજો કે સસૂત્ર-પ્રરુપણા એટલે સૂત્રમાં જે કહ્યું છે તે જ પ્રમાણે કહેવું

એટલું જ નહિ, પણ એમાં આટલું વધારે સમજી લો કે સૂત્રમાં કહ્યા પ્રમાણેનું જીવન પોતાનાથી ન જીવાતું હોય તો તે વાતને યોગ્ય રીતે વખતોવખત પ્રગટ કરવી. દંભ નહિ કરવો.

સસૂત્ર-પ્રરુપણામાં જેમ શબ્દો શાસ્ત્રીય જોઈએ તેમ આંખો (શિથિલતા હોય તો તે બદલ) રડતી હોવી જોઈએ. આની ખામી સાથે ગમે તેવી સસૂત્ર-પ્રરુપણાવાળા પ્રભાવક આત્માને આ શ્લોકમાં માન્ય કરવામાં આવેલ નથી.

હજારે એકાદ મળે તેવા આ સાધુઓએ જો બીજા મહાત્માઓ તૈયાર ન થાય તો પ્રભાવના છોડીને કઠોર આત્મસાધના કરવી નહિ. કેમકે તેમાં સો રૂપિયા કમાવાશે; અહીં લાખ રૂપિયાની કમાણી છે.

જ્યાં સુધી વિશિષ્ટ સ્થવિરકલ્પી (સંચાલક) સાધુ તૈયાર ન થાય ત્યાં સુધી તેવા વિશિષ્ટ પ્રભાવક જિનકલ્પનો સ્વીકાર કરી શકે નહિ તેવી સ્પષ્ટ આજ્ઞા જ્ઞાનીઓએ કરી છે.

જે 'પ્રભાવક' હોય તેણે ધર્મના કટોકટીના સમયમાં રાત ને દી' જોયા વિના કામ કરવું.

જો તેના મનમાં કોઈ સ્વાર્થ, અહંકાર અને આસક્તિ ન હોય, જો તે બ્રહ્મચર્યમાં શુદ્ધ હોય અને જો પોતાને કોઈ મલાઈ (માન-સન્માનાદિની) ખાવાની લેશ પણ ઈચ્છા ન હોય, પરંતુ બીજાને પમાડવાની એક માત્ર બુદ્ધિ (અનુગ્રહબુદ્ધિ) હોય તો પોતે કરેલી પરાર્થપ્રધાન મહેનતના તેને પૂરા સો રૂપિયા નિશ્ચિતપણે મળે.

હવે જો કોઈનું પરહિત થાય તો તેટલા રૂપિયા ઔર વધુ મળે. કશું ય પરહિત ન થાય તો સ્વહિતના ૧૦૦ રૂ. તો પોતાના ખાતે નિશ્ચિતપણે જમા થઈ જાય. માટે બીજાના હિતની કોઈ આશા રાખીને, તેમ ન થાય તો ય નિરાશ થવાની વાત વિચારવાની નહિ.

બીજાને પમાડવાની શુદ્ધ બુદ્ધિથી સ્વહિતનો સો ટકા નફાનો વેપાર થાય છે એ જ વિચારવું. એ માટે જ પરહિતનો યત્ન કરવો.

સ્વહિતકરણમાં પરહિત નિશ્ચિત છે પણ પરહિતકરણમાં સ્વહિતની ભજના છે.

તત્ત્વાર્થસૂત્રમાં આ વાત કરી છે :

**न भवति धर्मः श्रोतुः सर्वस्यैकान्ततो हितश्रवणात् ।**
**ब्रुवतोऽनुग्रहबुद्धया वक्तुस्त्वेकान्ततो भवति ॥**
**श्रममविचिन्त्यात्मगतं तस्माच्छ्रेयः सदोपदेष्टव्यम् ।**
**आत्मानं च परं च हि, हितोपदेष्टाऽनुगृह्णाति ॥**

આ ચિંતન રામકૃષ્ણ, વ્યાસ, કેદારનાથ, અરવિંદ ઘોષ વગેરેની પાસે ન હતું. એટલે પરહિતના યત્નમાં નિષ્ફળતા મળતાં તેઓ થાકી ગયા. પરહિતકરણમાં પસ્તાયા.

જિનશાસનની આ વિચારશૈલીને પામનારા પરાર્થી સાધુએ કદી નિરાશ થવું નહિ.

પરાર્થ કરવામાં પરાર્થ થાય ખરો; ન પણ થાય. પરંતુ શુદ્ધ સ્વહિત તો થયા વિના રહે જ નહિ. હવે શા માટે નિરાશ થવું જોઈએ ?

પૂર્વે ૨૯૫મી દ્વારગાથામાં જે સમિતિ, કષાય, ગારવ વગેરે પદાર્થો જણાવેલા તે અહીં પૂરા થયા.

* * *

**दगपाणं पुप्फफलं अणेसणिज्जं गिहत्थकिच्चाइं ।**
**अजया पडिसेवंति जइवेसविडंबगा नवरं ॥ ३४९ ॥**

**અર્થ :** (તે માત્ર વેશધારી પાર્શ્વસ્થાદિ કેવા હોય ? તો કે) (૧) સચિત્ત પાણી, પુષ્પો, ફળો તથા આધાકર્મિકાદિ દોષિત સેવનારા અને (૨) ગૃહસ્થકાર્યો (ગૃહ-કરણાદિ) 'અજયા'=યતના વિનાના (પાપ મોકળા એ રીતે) સેવનારા હોય છે, (૩) એ મુનિગુણરહિત માત્ર વેશ-વિડંબક છે.

* * *

**ओसन्नया अबोही पवयणउब्भावणा य बोहिफलं ।**
**ओसन्नो वि वरं पि हु पवयणउब्भावणापरमो ॥ ३५० ॥**

**અર્થ :** (સર્વ ઓસન્નનો) (૪) 'શિથિલાચારી' તરીકે આ ભવમાં જ લોકોમાં પરાભવ થાય છે, (૫) અને આજ્ઞા-વિરાધક હોઈ પરલોકમાં 'અબોધિ' = જૈનધર્મ-

પ્રાપ્તિ વિનાના બને છે. (કારણ કે) શાસનની પ્રભાવના જ બોધિરૂપ કાર્ય પેદા કરે છે. (સંવિગ્ન વિહારીના અનુષ્ઠાન દેખી લોકો શાસન-પ્રશંસા કરે છે.) પોતે શિથિલ છતાં (વાદ, લબ્ધિ, વ્યાખ્યાનાદિ) તથા સુસાધુના ગુણપ્રકાશનાદિથી મુખ્યપણે શાસનની પ્રભાવના કરે છે. તે દેશ-ઓસન્નો છતાં શ્રેષ્ઠ છે.

* * *

**गुणहीणो गुणरयणायरेसु जो कुणइ तुल्लमप्पाणं ।**
**सुतवस्सिणो य हीलइ सम्मत्तं कोमलं तस्स ॥ ३५१ ॥**

**અર્થ :** (૬) જે (ચારિત્રાદિ) ગુણહીન ('અમે પણ સાધુ છીએ' એમ કરી) પોતાને ગુણસાગર સાધુઓની તુલ્ય માને-મનાવે છે તે ઉત્તમ તપસ્વીઓને ('આ તો માયાવી ને લોકને ઠગનારા છે' એમ કરી) હલકા પાડે છે. (તે મિથ્યાદૃષ્ટિ જ છે, કેમકે) તેનું સમ્યક્ત્વ નિઃસાર છે. (સમ્યક્ત્વ ગુણવાન પ્રત્યે પ્રમોદથી સાધ્ય છે.)

* * *

**ओसन्नस्स गिहिस्स व जिणपवयणतिव्वभाविअमइस्स ।**
**कीरइ जं अणवज्जं दढसम्मत्तस्सऽवत्थासु ॥ ३५२ ॥**

**અર્થ :** ભલે તે ગૃહસ્થ હોય અને આચારમાં શિથિલ હોય પણ જો તે (૧) જિનશાસન પ્રત્યે દૃઢરાગી હોય અને તેનું સમ્યક્ત્વ (શ્રદ્ધા) અવિચલ હોય તો કેટલીક અવસ્થાઓમાં નિરવદ્ય રીતે તેની વૈયાવચ્ચ, બહુમાન વગેરે કરી શકાય.

**વિવેચન :** જિનપ્રવચનનો તીવ્ર રાગ અને અત્યન્ત નિશ્ચલ સમ્યક્ત્વના પ્લસ એટલા બધા વધુ છે કે તેની સામે આચારમાં શૈથિલ્યના માઈનસ ટકી શકતા નથી. જેમ આવા સાધુના આદર-બહુમાન થઈ શકે તેમ આવા ગૃહસ્થના પણ આદર-બહુમાન સંવિગ્ન સાધુઓ કરે એવું ગ્રન્થકારશ્રીનું કહેવું છે.

અમુક અવસ્થાઓમાં આ કાર્ય નિરવદ્ય રીતે કરવાનું જે કહ્યું છે તે અવસ્થા-વિશેષ જણાવું છું.

જ્ઞાનીઓએ ગીતાર્થતાને ખૂબ ખૂબ વધુ મહત્ત્વ આપ્યું છે. જે ગીતાર્થ-નિશ્રિત એવો અગીતાર્થસ્વરૂપ ગીતાર્થ છે અથવા જે ખરેખરો ગીતાર્થ છે તેના જ

સંયમધર્મો વગેરે કર્મક્ષયને કરે છે. સાવ અગીતાર્થનું તો સંયમધર્મોનું પાલન વગેરે કર્મોનો બંધ કરે. એટલે જ કોઈ પણ રીતે - છેવટમાં છેવટ-જઘન્ય ગીતાર્થ (બૃહત્કલ્પ, નિશીથ અને વ્યવહારસૂત્રની પીઠિકાના પારગામી) તો બનવું જ જોઈએ. તે ન બનાય ત્યાં સુધી ગીતાર્થ ગુરુની નિશ્રામાં રહીને નિશ્રિત-ગીતાર્થ બની રહેવું જોઈએ.

જો પાત્રતા હોય, ગુરુ સંમતિ આપતા હોય, યોગોદ્‌વહન થઈ ગયેલ હોય તો ગચ્છવર્તી ગીતાર્થ જ્ઞાની સાધુ પાસે ઉપર્યુક્ત ગ્રન્થોની પીઠિકા ભણવી જોઈએ. ત્યાર બાદ તમામ–છ–છેદગ્રન્થોનો સાંગોપાંગ અભ્યાસ કરી લેવો જોઈએ.

કમનસીબે ગચ્છમાં તેવા અધ્યાપક ગીતાર્થ હોય નહિ તો શું કરવું ? અન્ય ગચ્છોમાં જવું. ત્યાં ય કોઈ ન મળે તો શું કરવું ?

જ્ઞાનીઓ કહે છે કે તેવા વખતે જો કોઈ ગીતાર્થ સાધુ કર્મવશાત્ વેષ છોડી દઈને ગૃહસ્થ બની ગયા હોય : સિદ્ધપુત્ર કે સારુપિક બન્યા હોય તો તેમની પાસે વિનયપૂર્વક પાઠ લેવો.

જો તે ઉત્પ્રવ્રજિત (પુરાણ) ગૃહસ્થને તેના સંસારી સ્વજનો સારી રીતે આરોગ્યાદિની સાચવણી ન કરતા હોય : તેથી રોગિષ્ઠ કે દુર્બળ રહેતા હોય તો સાધુઓએ સ્વજનોને સમજાવવા; પણ જો ન સમજે તો સાધુઓએ અચિત્ત જળ લાવીને તે ગૃહસ્થ-ગુરુને સ્નાનાદિક કરાવવું. તેમના માટે પોતાની ભિક્ષા સાથે - અલગ પાત્રમાં - ભિક્ષા લાવવી. તેમને શાતા રહે તે રીતે વપરાવવી.

પછી તેમની પાસે–તેમને ઊંચા આસને બેસાડીને - પાઠ લેવો. તે વખતે તેમને સાધુવેષ પહેરાવવો. તેમની બાજુમાં રજોહરણ મૂકવું. તેમના વેષને વંદન કરવું. આ બધો વિનય કરીને તેમની પાસે શાસ્ત્રગ્રન્થો ભણવા.

જો ગૃહસ્થ-ગુરુનો પણ આટલો ઉત્કૃષ્ટ વિનય-વ્યવહાર કરાય તો દીક્ષા–ગુરુ, વિદ્યાગુરુનો વિનય તો કેટલો ઊંચો કરવો જોઈએ ? તેમનો અવર્ણવાદ વગેરે તો શી રીતે કરી શકાય ?

આ વાતનો સાર એ છે કે જેમ ગાડું રાખવાના, આધાકર્મી રસોઈ વાપરવા વગેરેના દોષોને સેવીને પણ સમ્મતિતર્ક વગેરે જેવા સમ્યગ્દર્શનાદિને અત્યન્ત સ્થિર કરતા ગ્રન્થો ભણવા માટે કાશી જવાનું કહ્યું છે તો ગહન શાસ્ત્રગ્રન્થો

માટે ગૃહસ્થ ગુરુને પણ પ્રમાણિત કરવા, વિનય કરવો વગેરે બાબતો સામાન્ય બને છે.

કમનસીબી તો હાલમાં એ વાતની થઈ છે કે ખુદ સાધુ ગીતાર્થ હોય, છેદગ્રન્થો સરસ રીતે ભણાવતા હોય તો ય જેઓ પાસે બધી પાત્રતા છે તે સાધુઓ પણ ૧૫-૨૦ વર્ષનો દીક્ષાપર્યાય થઈ જાય ત્યારે ય જઘન્ય ગીતાર્થ બન્યા હોતા નથી : બાહ્ય પ્રવૃત્તિઓના ઢગલા નીચે એવા દટાયેલા રહે છે કે તેમને તે આગમગ્રન્થો ભણવાની ઈચ્છા હોતી નથી. કેટલાકોને તો આગમગ્રન્થોના નામોની પણ ખબર હોતી નથી. વ્યવહાર-સૂત્ર એ આગમગ્રન્થ છે : છેદગ્રન્થ છે તેટલું પણ તે જાણતા હોતા નથી.

આવા સાધુઓ અગીતાર્થ હોવાને લીધે પ્રવચન દેવાને, વન્દન લેવાને, શિષ્ય કરવાને ધરાર અપાત્ર છે છતાં બેફામ બનીને તે બધું કરે છે. બિચારા, અનંત સંસારભ્રમણનો ભોગ બની જાય છે.

કોણ તેમને આ વાત સમજાવે ?

ગ્રન્થકારશ્રીએ પ્રસ્તુત શ્લોકમાં પ્રવચન(જિનશાસન) રાગ (ભક્તિ) અને દઢ સમ્યક્ત્વને ખૂબ ઊંચું સ્થાન આપ્યું છે તે ખાસ ધ્યાનમાં લેવા જેવી બાબત છે.

જે આવા સાધુ હોય, જ્ઞાની હોય તે અવસન્ન (શિથિલ ક્રિયાવાન) શી રીતે હોય ? એ સવાલનો જવાબ એ છે કે તે નિકાચિત ચારિત્રમોહનીય કર્મના ઉદયનો મહિમા છે.

* * *

**पासत्थोसन्नकुसीलनीयसंसत्तजणमहाच्छंदं ।**
**नाऊण तं सुविहिया सव्वपयत्तेण वज्जंति ॥ ३५३ ॥**

**અર્થ :** 'પાસત્થો' (૭) જ્ઞાનાદિની માત્ર પાસે રહે એટલું જ પણ 'આરાધે' નહિ. 'ઓસન્નો' (૮) આવશ્યકાદિમાં શિથિલાચારી (૯) 'કુશીલ' = ખરાબ શીલવાળો, (૧૦) 'નીય' = નિત્ય એક જ સ્થાને વસનારો, (૧૧) 'સંસત્ત' = પરગુણ-દોષમાં તેવો તેવો ખેંચાનાર, (૧૨) 'અહાછંદો' = આગમનિરપેક્ષ સ્વાભિપ્રાયથી ચાલનાર, (આ પૂર્વોક્તોથી વધુ ભારે દોષવાળો હોઈ અલગ બતાવ્યો). આ છ

ને ઓળખીને સુવિહિત સાધુઓએ એમના સંગનો સર્વપ્રયત્ને ત્યાગ કરવો. (કેમકે અસત્‌નો સંગ અનર્થહેતુ છે.)

* * *

**बायालमेसणाओ न रक्खइ धाइसिज्जपिंडं च ।**
**आहारेइ अभिक्खं विगईओ सन्निहिं खाई ॥ ३५४ ॥**

**અર્થ :** (પાસત્થાદિપણું કેવી શિથિલતાઓમાં આવે ? તો કે) (૧૩) 'એસણા' = ગોચરી ગવેષણાના ૪૨ દોષ ટાળવારૂપ એષણાસમિતિ ન પાળે. (૧૪) બાળ ખેલાવનાર ધાવમાતા જેવું વર્તી આહાર મેળવવારૂપ ધાત્રીપિંડ તથા (૧૫) શય્યાતરપિંડ ન છોડે, સતત (દૂધ આદિ) (૧૬) વિગઈઓ વાપરે (૧૭) 'સંનિહિ' = (ગોળ વગેરે ક્ષેત્રાતીત, કાલાતીતનો) સંગ્રહ રાખી વાપરે.

* * *

**सूरप्पमाणभोजी आहारेइ अभिक्खमाहारं ।**
**न य मंडलीए भुंजइ न य भिक्खं हिंडई अलसो ॥ ३५५ ॥**

**અર્થ :** (૧૮) જ્યાં સુધી સૂર્ય અસ્ત ન પામ્યો હોય ત્યાં સુધી આહાર-પાણી વાપરે, (૧૯) વારંવાર આહાર વાપર્યા કરે, (૨૦) માંડલીમાં સાધુઓ સાથે ન વાપરે, (૨૧) આળસુ થઈ ભિક્ષાર્થે ન ફરે.

* * *

**कीवो न कुणइ लोअं लज्जइ पडिमाइ जल्लमवणेइ ।**
**सोवाहणा अ हिंडइ बंधइ कडिपट्टयमकज्जे ॥ ३५६ ॥**

**અર્થ :** (૨૨) સત્ત્વહીન બન્યો રહી કેશલૂંચન ન કરે, 'પડિમા' (૨૩) કાયોત્સર્ગે રહેતાં શરમાય (૨૪) શરીરનો મેલ ઉતારે, (૨૫) પગરખાં પહેરીને ચાલે (૨૬) વિના કારણે 'કડિપટ્ટય' = ચોલપટ્ટકને (કંદોરાથી) બાંધે. (શ્રી આર્યરક્ષિતસૂરિજી મ. પૂર્વે ચોલપટ્ટા ઉપર કંદોરો બાંધવાનો આચાર ન હતો તેથી આ દોષ.)

* * *

**गामं देसं च कुलं ममायए पीठफलगपडिबद्धो ।**
**घरसरणेसु पसज्जइ विहरइ य सकिंचणो रिक्को ॥ ३५७ ॥**

**અર્થ :** (૨૭) અમુક ગામ-(નગર)-દેશ-કુલ-(ઉગ્રકુલાદિ) ઉપર ('આ મારા' એવી) મમતા રાખે, (ઋતુબદ્ધ શેષકાળમાં પણ) (૨૮) પાટ-પાટલા પર 'પડિબદ્ધ' = સેવનમાં આસક્ત થાય, (૨૯) 'ઘરશરણ' = ઘર-સમારકામમાં અથવા સ્મરણમાં મગ્ન બને (૩૦) ધન રાખીને ફરે છતાં હું નિર્ગ્રંથ (અપરિગ્રહી) છું એમ બોલે.

* * *

**नहदंतकेसरोमे जमेइ उच्छोलधोअणो अजओ ।**
**वहिइ य पलियंकं अइरेगपमाणमत्थुरइ ॥ ३५८ ॥**

**અર્થ :** (૩૧) નખ-દાંત-કેશ-રોમની (નખ કાપ્યા પછી સુઘડ કરે, દાંત ઘસે, વાળ ઓળે વગેરે) શોભા કરે, (૩૨) ઘણા પાણીથી હાથ-પગ અને મુખ ધોયા કરે, (એટલે જ ગૃહસ્થની જેમ) યતના રહિત બને (૩૩) પલંગ વાપરે, (૩૪) (સંથારા-ઉત્તરપટ્ટાથી) અધિક પ્રમાણમાં પાથરે.

* * *

**सोयइ य सव्वराइं नीसहुमचेयणो न वा झरइ ।**
**न पमज्जंतो पविसइ निसिहीयावस्सियं न करे ॥ ३५९ ॥**

**અર્થ :** (૩૫) (જડ કાષ્ટની જેમ) નિશ્ચેષ્ટ બની આખી રાત સૂતો રહી ઊંઘે, (રાત્રે) (૩૬) સ્વાધ્યાય ન કરે, (અંધારે) (૩૭) રજોહરણથી (દંડાસણથી) પ્રમાર્જન કર્યા વિના મકાનમાં પેસે, (૩૮) અને પેસતાં નિસિહી, નીકળતાં આવસ્સહી ન કહે.

* * *

**पाय पहे न पमज्जइ जुगमायाए न सोहए इरियं ।**
**पुढवीदगअगणिमारुअ-वणस्सइतसेसु निरविक्खो ॥ ३६० ॥**

**અર્થ :** (૩૯) માર્ગમાં (વિજાતીય પૃથ્વી પર પ્રવેશતાં) પૂર્વ રજવાળા પગને ન પ્રમાર્જે (૪૦) માર્ગે જતાં 'યુગ' = ધુંસરી પ્રમાણ દૃષ્ટિથી ઈર્યાસમિતિ ન શોધે, (૪૧) પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિ અને ત્રસ, એ છકાય જીવોની નિઃશંક-પણે વિરાધના કરે.

* * *

सव्वं थोवं उवहिं न पेहए न य करेइ सज्झायं ।
सद्दकरो, झंझकरो लहुओ गणभेयतत्तिल्लो ॥ ३६१ ॥

**અર્થ :** (૪૨) (મુહપત્તિ આદિ) થોડી પણ ઉપધિનું પડિલેહણ ન કરે. (૪૩) (દિવસે પણ) સ્વાધ્યાય ન કરે, (૪૪) (રાત્રે લોક સૂતું હોય ત્યારે) મોટા શબ્દથી બોલે, (૪૫) કલહ (કજિયો) કરે, (રાડો પાડવાનો પ્રેમી હોય), (૪૬) તુચ્છ પ્રકૃતિવાળો હોય, (૪૭) 'ગણભેદ' = ગચ્છમાં પરસ્પર ચિત્તભેદ કરવામાં તત્પર રહે.

* * *

खित्ताईयं भुंजई कालाईयं तहेव अविदिन्नं ।
गिण्हइ अणुइयसूरे असणाई अहव उवगरणं ॥ ३६२ ॥

**અર્થ :** (૪૮) 'ક્ષેત્રાતીત' = બે ગાઉ ઉપર વહોરેલા આહાર, પાણી વાપરે, (૪૯) 'કાલાતીત' = ત્રણ પ્રહર ઉપરનું વહોરેલું વાપરે, (માલિકે યા ગુરુએ) (૫૦) નહિ આપેલા વાપરે. (૫૧) સૂર્ય ઉગ્યા પહેલાં અશનાદિ અથવા ઉપકરણો વહોરે. (જિનાજ્ઞાસંમત નથી.)

* * *

ठवणकुले न ठवेई पासत्थेहिं च संगयं कुणई ।
निच्चमवज्झाणरओ न य पेहपमज्जणासीलो ॥ ३६३ ॥

**અર્થ :** (૫૨) (ખાસ પ્રયોજને આહારાદિ મેળવવા ગુરુએ સ્થાપી રાખેલા અને રોજના માટે ત્યાગ કરેલા શ્રીમંતના કે ભક્તના ઘર એ) સ્થાપી ન રાખે (પણ એમાં નિષ્કારણ ગોચરીએ જાય), (૫૩) પાસત્થાઓની સાથે સંગતિ (મૈત્રી) કરે, (૫૪) નિત્ય 'અપધ્યાન' = દુષ્ટ સંકિલષ્ટ ચિત્તવાળો બન્યો રહી (પ્રમાદથી વસતિ-ઉપધિ આદિમાં) પ્રેક્ષણ-પ્રમાર્જનાશીલ ન રહે.

* * *

रीयइ य दवदवाए मूढो परिभवइ तहय रायणिए ।
परपरिवायं गिण्हई निठुरभासी विगहसीलो ॥ ३६४ ॥

**અર્થ :** (૫૫) માર્ગમાં 'દવદવાએ' = દ્રુતં=જલદી ચાલે, (૫૬) વળી એ મૂઢ-મૂર્ખ 'રત્નાધિક' = વિશિષ્ટ જ્ઞાનાદિયુક્તનો તિરસ્કાર કરે છે. (૫૭) બીજાની

નિંદા કરે, (૫૮) કડવા-કઠોર વચન બોલે તથા (૫૯) (સ્ત્રીકથાદિ) વિકથાઓમાં લાગ્યો રહે છે.

* * *

**विज्जं मंतं जोगं तेगिच्छं कुणई भूईकम्मं च ।**
**अक्खर-निमित्तजीवी आरंभपरिग्गहे रमइ ॥ ३६५ ॥**

અર્થ : (૬૦) (ગૃહસ્થો માટે) (દેવી-અધિષ્ઠિત) વિદ્યા, (દેવાધિષ્ઠિત) મંત્ર, (વિશિષ્ટ દ્રવ્ય-સંમિશ્રણરૂપ) યોગના પ્રયોગ કે દવા ઉપચાર કરે અને (૬૧) 'ભૂતિકર્મ' = મંત્રેલી રાખ, એનો પ્રયોગ કરે (એ ગોચરી નિમિત્તે અથવા સામાનું મોં રાખવા કે સન્માન-સત્કાર મેળવવા કરે.) (૬૨) 'અક્ષર-નિમિત્ત' = પાઠશાળા - જોષીપણું, એનાથી આજીવિકા ચલાવે, (૬૩) આરંભ = પૃથ્વીકાયાદિ જીવ વિનાશે, (૬૪) 'પરિગ્રહ' = અધિક ઉપકરણગ્રહણે રમતો રહે.

* * *

**कज्जेण विणा उग्गह-मणुजाणावेई दिवसओ सुयइ ।**
**अज्जियलाभं भुंजइ इत्थिनिसिज्जासु अभिरमइ ॥ ३६६ ॥**

**અર્થ :** (૬૫) વિના પ્રયોજને ઇન્દ્ર-રાજા વગેરેના અવગ્રહની અનુજ્ઞા માગે (દા.ત. થોડી જગાની જરૂર હોય અને ઘણી જગ્યાઓના અવગ્રહ માગી રાખે. (૬૬) દિવસે શયન કરે, (૬૭) સાધ્વીએ મેળવેલા આહારાદિ વાપરે, (૬૮) સ્ત્રીના ઉઠ્યા પછી તેની બેઠકનો ઉપભોગ કરે.

* * *

**उच्चारे पासवणे खेले सिंघाणे अणाउत्तो ।**
**संथारगउवहीणं पडिक्कमइ वा सपाउरणो ॥ ३६७ ॥**

**અર્થ :** (૬૯) સ્થંડિલ-માત્રુ-બળખો-શ્લેષ્મ (વગેરે)ને પરઠવવામાં ઉપયોગ ન રાખે, (અજયણા કરે.) (૭૦) સંથારામાં રહીને કે ઉપધિ ઉપર રહીને અથવા વસ્ત્ર ઓઢીને પ્રતિક્રમણ કરે.

* * *

**न करेइ पहे जयणं तलियाणं तह करेइ परिभोगं ।**
**चरइ अणुबद्धवासे सपक्खपरक्खओमाणे ॥ ३६८ ॥**

**અર્થ :** (૭૧) માર્ગમાં ચાલતાં સચિત્ત પાણી(વગેરે)ની જયણા (જોવું, સંઘટ્ટાથી બચવું વગેરે) ન કરે તથા (પગરખા વિના ચાલવા સશક્ત છતાં) (૭૨) પગરખાંનો ઉપયોગ કરે, (૭૩) વર્ષાકાળમાં ફરે, (૭૪) જ્યાં ઘણા સ્વપક્ષી અને બૌદ્ધાદિ પરપક્ષી સાધુઓ હોય તેવા ક્ષેત્રમાં સુખશીલતાના કારણે એ રીતે વિચરે કે જેથી અપમાન-લઘુતા થાય.

* * *

**संजोअइ अइबहुअं इंगाल सधूमगं अणट्ठाए ।**
**भुंजइ रूवबलट्ठा न धरेइ अ पायपुंछणयं ॥ ३६९ ॥**

**અર્થ :** (૭૫) (ભોજનમાંડલીના પાંચ દોષો સેવે) ૧. (દૂધમાં સાકર વગેરે સંયોગ) સંયોજના કરે, (૭૬) અતિ પ્રમાણ આહાર લે, (૭૭) અંગારદોષ (રાગ), અને (૭૮) ધૂમ્રદોષ (દ્વેષ)થી વાપરે, તથા (૭૯) 'અણટ્ઠાએ' = ક્ષુધાની વેદના વગેરે છ કારણો વિના વાપરે, શરીરનું સૌંદર્ય-પુષ્ટિ વધારવા વાપરે અને (૮૦) રજોહરણ ન રાખે.

* * *

**अट्ठम छट्ठ चउत्थं संवच्छर चाउमास पक्खेसु ।**
**न करेइ सायबहुलो न य विहरइ मासकप्पेणं ॥ ३७० ॥**

**અર્થ :** (૮૧) સુખશીલતાથી દરેક વાર્ષિક, ચોમાસી અને પાક્ષિક તપનો અટ્ઠમ છટ્ઠ અને ઉપવાસ ન કરે અને (તે કાલે વિહિત છતાં) (૮૨) માસકલ્પ આદિ (નવકલ્પ) વિહારથી ન વિચરે.

* * *

**नीयं गिण्हइ पिंडं एगागी अच्छए गिहत्थकहो ।**
**पावसुआणि अहिज्जइ अहिगारो लोगगहणंमि ॥ ३७१ ॥**

**અર્થ :** (૮૩) 'નીયં' હંમેશા એક ઘરનો આહાર વાપરે, (૮૪) એકાકી રહે,

(૮૫) ગૃહસ્થોની વાતો કર્યા કરે, (૮૬) ખગોળ-જ્યોતિષ-ગ્રહચાર વગેરેના પાપશાસ્ત્રો ભણે, (૮૭) અને લોકરંજન આકર્ષણ કરવામાં 'અધિકાર' = સંતોષ. (કિંતુ સ્વઅનુષ્ઠાનોમાં નહિ.)

* * *

**परिभवइ उग्गकारी सुद्धं मग्गं निगूहए बालो ।**
**विहरइ सायागुरुओ संजमविगलेसु खित्तेसु ॥ ३७२ ॥**

**અર્થ :** (૮૮) ઉગ્ર વિહારી (અપ્રમાદી) સાધુઓનો પરાભવ (અવગણના-નિંદા) કરે, (૮૯) બાલ-મંદબુદ્ધિવાળો તે (જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ શુદ્ધ માર્ગને ગોપવે, (૯૦) શાતાગારવીયો બનીને (ઉત્તમ સાધુઓથી અભાવિત) સંયમ-પ્રતિકૂળ ક્ષેત્રોમાં સુખ-શીલતા પોષાય એ ઉદ્દેશથી વિચરે.

* * *

**उग्गाइ गाइ हसई असंवुडो सइ करेइ कंदप्पं ।**
**गिहिकज्जचिंतगोऽविय ओसन्ने देइ गिण्हइ वा ॥ ३७३ ॥**

**અર્થ :** (૯૧) મોટા અવાજથી સંગીત કરે, (૯૨) સામાન્ય સંગીત કરે (૯૩) ખુલ્લા મુખે (ખડખડાટ) હસે, (૯૪) (હાસ્યોદ્દીપક વચનો બોલીને) સદા કંદર્પ (હાસ્ય-મજાક) કરે, (૯૫) ગૃહસ્થના કાર્યોની ચિંતા કરે, અને (૯૬) ઓસન્નને (શિથિલાચારીઓને) વસ્ત્રાદિ આપે અથવા તેમની પાસેથી લે.

* * *

**धम्मकहाओ अहिज्जइ घराघरं भमइ परिकहंतो अ ।**
**गणणाइ पमाणेण य अइरित्तं वहइ उवगरणं ॥ ३७४ ॥**

**અર્થ :** (૯૭) (આજીવિકા અર્થે) ધર્મકથાઓને (શાસ્ત્રોને) ભણે, (૯૮) ઘેર ઘેર ધર્મકથા (ઉપદેશ) કરતો ફરે, અને (૯૯) ગણતરી(સંખ્યા)થી તથા માપથી વધારે (ઘણા તથા મોટા) ઉપકરણો રાખે.

* * *

**बारस बारस तिण्णि य काइय-उच्चार-कालभूमीओ ।**
**अंतो बहिं च अहियासि अणहियासे न पडिलेहे ॥ ३७५ ॥**

**અર્થ :** (૧૦૦) મકાનથી (જઘન્ય એક હાથ નજીકની, એની ઉપરાંત મધ્યની) તથા બહારની (સો હાથ દૂર સુધીની) સહ્ય સામાન્ય હાજત તથા અસહ્ય હાજતે રાત્રે માત્રુ તથા સ્થંડિલ માટેની બાર બાર ભૂમિઓનું (માંડલાનું) તથા કાળગ્રહણની ત્રણ ભૂમિઓનું પડિલેહણ ન કરે.

* * *

**गीअत्थं संविग्गं आयरिअं मुअइ वलइ गच्छस्स ।**
**गुरुणो य अणापुच्छा जं किंचि वि देइ गिण्हई वा ॥ ३७६ ॥**

**અર્થ :** (૧૦૧) 'ગીતાર્થ' = આગમના જ્ઞાતા, અને 'સંવિગ્ન' = મોક્ષાભિલાષી ઉદ્યત વિહારી એવા 'આચાર્ય' = પોતાના ગુરુને (વિના કારણે) તજે; (અગીતાર્થ-અસંવિગ્નને આગમોક્ત ક્રમથી ત્યજે એમાં દોષ નહિ). (ક્યારેક પ્રેરણા આપનાર) (૧૦૨) 'ગચ્છસ્સ' = ગુરુને 'વલઈ' = ઉત્તર દેવા સામે થાય, (૧૦૩) ગુરુને પૂછ્યા વિના (કોઈને) કોઈક (વસ્ત્રાદિ) આપે અથવા (કોઈક પાસેથી) લે.

* * *

**गुरुपरिभोगं भुंजइ सिज्जा-संथार-उवगरणजाये ।**
**किं ति तुमं ति भासई अविणीओ गव्विओ लुद्धो ॥ ३७७ ॥**

**અર્થ :** (૧૦૪) ગુરુ વાપરતાં હોય તે 'શય્યા' = શયનભૂમિ વાપરે, 'સંથાર' = પાટ આદિ વાપરે, (૧૦૫) તથા (વર્ષાકલ્પ = ખાસ કામળ આદિ) ઉપકરણ સમૂહને પોતે વાપરે. (ગુરુસંબંધી બધું ભોગ્ય નહિ, પણ વંદનીય છે.) (૧૦૬) (ગુરુ બોલાવે ત્યારે) શું છે ? એમ કહે (મત્થએણ વંદામિ કહેવું જોઈએ.) (૧૦૭) વળી ગુરુ સાથે વાત કરતા, 'તમે તમે' કહે, ('આપ' એવું માનભર્યું વચન કહેવાય, તો વિનીત ગણાય પરંતુ આ) અવિનીત, ગર્વિષ્ઠ અને 'લુદ્ધો' = વિષયાદિમાં ગૃદ્ધ છે.

* * *

**गुरुपच्चक्खाणगिलाण-सेहबालाउलस्स गच्छस्स ।**
**न करेइ नेव पुच्छइ निद्धम्मो लिंगमुवजीवी ॥ ३७८ ॥**

**અર્થ :** (કર્તવ્ય ચૂકે.) (૧૦૮) ગુરુ, અનશની, બિમાર, 'સેહ' = શૈક્ષક (નૂતન

દીક્ષિત) અને બાળમુનિથી ભરેલા ગચ્છમાં દરેકનું કરવા યોગ્ય સેવાકાર્ય એ ન કરતો હોય, (અરે !) પૂછતો ય ન હોય (કે 'મહાનુભાવ ! મારે યોગ્ય સેવા ?') (૧૦૯) 'નિદ્ધમ્મો = આચારો ન પાળે, (૧૧૦) માત્ર વેષ પર ચરી ખાનારો હોય.

* * *

**पहगमण-वसहि-आहार-सुयण-थंडिल्लविहिपरिट्ठवणं ।**
**नायरइ नेव जाणइ अज्जावट्टावणं चेव ॥ ३७९ ॥**

**અર્થ :** (૧૧૧) માર્ગે ગમન, મુકામ, આહાર, શયન, સ્થંડિલભૂમિ અંગેની વિધિ, (અધિક અશુદ્ધ આહારાદિ) પરિષ્ઠાપનની વિધિ જાણવા છતાં (નિર્ધર્મી હોઈ) ન આચરે, અથવા જાણતો જ ન હોય, (૧૧૨) તેમજ સાધ્વીઓને (સંયમની રક્ષાર્થે વિધિપૂર્વક) પ્રવર્તાવવાનું કરે નહિ, યા જાણે પણ નહિ.

* * *

**सच्छंदगमण-उट्ठाण-सोअणो अप्पणेण चरणेण ।**
**समणगुणमुक्कजोगी बहुजीवखयंकरो भमइ ॥ ३८० ॥**

**અર્થ :** (૧૧૩) (ગુર્વાજ્ઞા વિના) સ્વેચ્છાથી ગમન, (આસનેથી) ઊઠવાનું ને શયન કરે. (સ્વેચ્છાચારી છે માટે જ) (૧૧૪) સ્વબુદ્ધિએ કલ્પિત આચરણથી વિચરે. (૧૧૫) શ્રમણપણાના (જ્ઞાનાદિ) ગુણોમાં પ્રવૃત્તિ વિનાનો હોય, (માટે જ) બહુ જીવોનો નાશ કરતો વિચર્યા કરે.

* * *

**बत्थि व्व वायपुण्णो परिभमइ जिणमयं अयाणंतो ।**
**थद्धो निव्विन्नाणं न य पिच्छइ किंचि अप्पसमं ॥ ३८१ ॥**

**અર્થ :** (૧૧૬) (મદરોગના ઔષધસમા) સર્વજ્ઞ-વચનને ન જાણતો વાયુ ભરેલી મશકની જેમ ગર્વ ભર્યો વિચર્યા કરે. (૧૧૭) 'થદ્ધો' = (શરીરે પણ ગર્વના ચિહ્નવાળો) અક્કડ થઈને જ્ઞાનહીન છતાં કોઈને પોતાના જેવો મહાન ન જુએ. (સૌને ન્યૂન દેખે. જ્ઞાનીને ગર્વ ન હોય. ગર્વ અજ્ઞાનીને હોય.)

* * *

**सच्छंदगमणउट्ठाण-सोअणो भुंजई गिहीणं च ।**
**पासत्थाइट्ठाणा हवंति एमाइया एए ॥ ३८२ ॥**

**અર્થ :** (૧૧૮) સ્વચ્છંદ ગમન-ઉત્થાન-શયનવાળો (આ ફરીથી કહીને સૂચવ્યું કે સર્વે ગુણો ગુણી પ્રત્યેની પરતંત્રતાથી સાધ્ય છે. એ પરતંત્રતા વિનાનો શું કરે છે ? તો કે) (૧૧૯) ગૃહસ્થોની વચ્ચે બેસીને આહારપાણી વાપરે. (અથવા અહીં મોહ-પરતંત્રના દુષ્ટ આચરણ કેટલા કહેવાય ?) પાસત્થો, કુશીલ વગેરેના આવા આવા દોષ-સ્થાન હોય છે. (આ પરથી વિષય-વિભાગ ન જાણનાર એમ ન સમજે કે 'તો તો ઉદ્યત વિહારી પણ બિમારી આદિમાં દોષિત-સેવનાદિ કરે છે તો તે ય પાસત્થાદિ છે,' એ માટે કહે છે.)

ક્રિયામાર્ગમાં શિથિલાચારીની ૧૧૯ શિથિલતાઓ ૩૪૯ થી ૩૮૨ સુધીની ૩૪ ગાથાઓમાં ગ્રન્થકારે જણાવી. આવું શિથિલ જીવન હોય તો પણ જો તે સાધુ જ્ઞાની હોય, અત્યન્ત પુણ્યવાન હોવાથી શાસનપ્રભાવક હોય, જિનશાસનનો અને જિનાજ્ઞાઓનો અત્યન્ત રાગી હોય તો તેની સેવા કરવી. તેની શિથિલતાઓને આગળ કરીને નિંદા-ટીકા કરવી નહિ એવું ગ્રન્થકારશ્રીએ જણાવ્યું.

હવે આપણે ૩૮૩મી ગાથાથી આગળ વધીએ.

* * *

**जो हुज्ज असमत्थो रोगेण व पिल्लिओ झरियदेहो ।**
**सव्वमवि जहाभणिअं कयाइ न तरिज्ज काउं जे ॥ ३८३ ॥**

**सो वि य नियपरक्कम ववसायधिइबलं अगूहंतो ।**
**मुत्तूण कूडचरियं जइ जयंतो अवस्सं जइ ॥ ३८४ ॥**

**અર્થ :** જે સાધુ રોગાદિને કારણે તપ વગેરે કરવામાં અસમર્થ હોય, જેનું શરીર જીર્ણ થઈ ગયું હોય, જિનેશ્વરદેવે જે કહ્યું તે બધું તે પ્રમાણે કરવાને સમર્થ ન હોય તે સાધુ પણ જો માયા-કપટ રમવાનું છોડીને પોતાની શક્તિ, ઉદ્યમ, ધીરજ વગેરેને છુપાવ્યા વિના ધર્માનુષ્ઠાનાદિમાં યત્ન કરે તો તે અવશ્ય સાધુ કહેવાય.

**વિવેચન :** પૂર્વભવોના અશુભ કર્મોદયને લીધે અથવા આ ભવમાં થઈ ગયેલી જાતીય ભૂલો, કુપથ્ય કરવાની ભૂલો, ઋતુના રોગો, વાયરસ, અતિ તપ, અતિ સ્વાધ્યાય, અતિ વિહારાદિ ('અતિ' ઓના કારણે)થી કેટલાક સાધુઓ શરીરનું બળ ગુમાવે છે. રોગિષ્ટ પણ બને છે.

કેટલાક અતિપરિણત સાધુઓ અપવાદમાર્ગનો વધુ પડતો ઉપયોગ કરીને મુસીબતમાં મુકાય છે.

કેટલાક અપરિણત સાધુઓ વધુ પડતો ઉત્સર્ગમાર્ગનો ઉપયોગ કરીને પટકાય છે.

આવું બધું ન થવા દેવા માટે ગીતાર્થ : પરિણત બનવાની ખાસ જરૂર છે.

જે તે આત્માઓને છેદ વગેરે ગુપ્ત ગ્રન્થો ભણાવવામાં મોટા નુકસાનો થવાની શક્યતા છે. જે ધર્મગ્રન્થોનું જ્ઞાન આત્મવિકાસ માટે થવાનું હોય તે જ અધઃપતનનું કારણ બની જાય.

સાપને દૂધ પીવડાવાય તો ઝેર જ થઈ જાય ને ?

કાચા ઘડામાં પાણી ભરાય તો બે ય જાય : ઘડો ફૂટી જાય, પાણી ઢોળાઈ જાય.

જો શરીરને બગાડીને સહુના દયાપાત્ર અને સેવાપાત્ર બનવું ન હોય તો પહેલેથી આરોગ્ય સારું રાખવું જોઈએ. એ માટે આરોગ્યના નિયમોને જાણવા જોઈએ.

'આયુર્વેદ' એ શબ્દ છે પણ સાથે સાથે વાક્ય છે, જેનો અર્થ છે : "તું તારા આયુષ્યને (દીર્ઘાયુના ઉપાયોને) જાણ."

જેમ તેમ જીવનચર્યા ચાલે તો અકાળે ઘડપણ આવે, રોગો ધસી આવે, છેલ્લે રિબાઈને મોત આવે.

ગ્રન્થકારશ્રી કહે છે કે, "રોગ થયા પછી જે અપવાદસેવન કરવું પડે તેને માફી આપવામાં આવે." પણ રોગ થવા એ જ મોટો ગુનો નથી ? બધી વખતે કર્મોદયથી રોગો થાય છે એમ ન કહેવાય.

બપોરે બેસનના ભજિયા વધુ વાપર્યા બાદ રાતે પેટમાં શૂળ ઉપડે ત્યારે પૂર્વભવના કર્મોદયને કોઈ કારણ કહેવાય ખરું ? નહિ જ.

પ્રાયઃ અવળા પુરુષાર્થો કરવાથી જ રોગાદિ આફતોનું આગમન થતું હોય છે. કર્મોદય તો છેલ્લો બચાવ કહેવાય.

એક સાધુને ચા પીવા દ્વારા કબજિયાત ટાળવાનો મહાવરો પડ્યો. ઉંમર થતાં આંતરડાં નબળા પડવા લાગ્યા. ચાનો ડોઝ પુષ્કળ વધવા લાગ્યો. પેટ સાફ ન આવે ત્યાં સુધી પેટ ઉપર હાથ ફેરવ્યા કરે અને બોલ્યા કરે, "હજી પેટ સાફ આવ્યું નથી. હજી વધુ ચા પીઉં." પછી વધુ-પુષ્કળ-ચા પીવે.

આમ કરતાં અન્તે આંતરડા સાવ ખલાસ થઈ ગયા. બે ડોઘલા ચા પીએ તો ય મળવિસર્જન ન થાય. મોતના દી' નજીક આવ્યા. જીવ આમાંથી કેમેય બહાર ન નીકળે. પરમાત્મા લેશ પણ યાદ ન આવે. ચા.. ચા... બૂમો પાડે.

પછી તો ગુદામાં આંગળી નાંખીને વારંવાર જરાક જરાક લાકડા જેવો સખ્ત થઈ ગયેલો મળ કાઢે.

એક દી' એ ક્રિયા કરતાં જ તેમનો જીવ નીકળી ગયો.

ગ્રન્થકારશ્રી કહે છે કે ગમે તેવા માંદા સાધુની અન્ય સાધુઓએ સેવા કરવી. તે માંદા સાધુની દયા ખાવી. તેને ખૂબ શાતા આપવી.

આ બધી વાત બરાબર છે; પણ જે સાધુએ ચાવાળા સાધુની જેમ હાથે કરીને, વિચિત્ર - સાવ વિચિત્ર - વર્તન કર્યું હોય તેની સેવા કરવાનું કે દયા ખાવાનું કામ ખૂબ મુશ્કેલ બની જાય છે.

મરીચિ મુનિના સાવ શિથિલ વર્તનને કારણે તે પરમાત્મા આદિનાથના સંસારી પૌત્ર ચક્રવર્તી ભરતરાજના પુત્ર હતા છતાં સાધુઓ તેમની માંદગીમાં સેવા કરવા માટે કેમ દોડી જતા ન હતા એ સવાલ છે.

કંડરિક મુનિએ એક હજાર વર્ષનો ઘોર તપ કર્યો. શરીર શોષી નાંખ્યું. પણ છેલ્લા છ માસ - તેમાંય છેલ્લા બે દિવસ-જે કામ જાગ્યો; જે અકરાંતિયાની જેમ ખાધું, જે ક્રોધ કર્યો તેના લીધે સ્વજનોને અને નોકરોને તેમના તરફ ધિક્કાર છૂટી ગયો. આથી કંડરિક ક્રોધના રૌદ્રધ્યાને ચડયા. બેફામ ખાવાથી પેટમાં શૂળ

ઊપડ્યું. સાધુવેષ છોડ્યાની બીજી જ રાતે મોત થયું. સાતમી નારકે ચાલી ગયા.

શાસ્ત્રની વાતોને જીવનમાં પચાવવી એ કોઈ ખાવાનો ખેલ નથી. મારા સ્વર્ગીય ગુરુદેવનું જીવન-વસ્ત્ર જિનાજ્ઞાઓના તાણાવાણાથી રસાયેલું હતું. સેવાધર્મની વાતોને તેમણે આત્મસાત્ કરી હતી. (૧) એક વાર બાળસાધુના પેશાબના વાટકાનું વિસર્જન જાતે કરવા ગયા હતા. (૨) એક સખત દુઃખતી કમરવાળા સાધુને - આગ્રહ કરીને - કમર દબાવી આપી હતી. (૩) એક વાર કેન્સરના બેભાન દર્દી પ્રશિષ્યનો પગ દબાવતાં હતા. શિષ્યોના નિવારણના અત્યાગ્રહને ઠેબે ચડાવવા સાથે તેમણે કહ્યું હતું; "આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય."

શિષ્યો ગુરુની સેવા કરે એમાં શી નવાઈ ? પણ ગુરુ શિષ્યની સેવા કરે એ તો ખૂબ આશ્ચર્યભરી વાત ગણાય.

સ્વ. ગુરુમાતાજીએ એક વાર પચાસ શિષ્યોને ભેગા કરીને દરેકને જીવનકાળ દરમિયાન વિશિષ્ટ પ્રકારના માંદા પાંચ પાંચ સાધુઓની સેવા કરવાની પ્રતિજ્ઞા આપી હતી. ગ્લાનસેવાની વાત પોતાના પટ્ટકમાં પણ જણાવી છે.

આવા ગુરુદેવના જીવંત-આચરણોની અસર શિષ્યમંડળ ઉપર આજે ૩૫ વર્ષ બાદ પણ અત્યંત ગાઢ રહી છે. દરેક સાધુ ગચ્છભેદ જોયા વિના સાધુસેવા માટે દોડી જાય છે.

દેવાધિદેવે પણ સાધુ-સેવા માટે બહુ મોટી વાત કરી છે કે જે ગ્લાન સાધુની સેવા કરે છે તે મારી સેવા કરે છે. **जो गिलाणं पडिसेवइ, सो मां पडिसेवइ ॥**

ગ્રન્થકારશ્રીએ ગમે તે ગ્લાનસાધુની સેવા કરવા માટે પ્રેરણા કરી નથી પણ જે ગ્લાનસાધુ પોતાનાથી જે કાંઈક પણ ધર્માનુષ્ઠાન થઈ શકે તે અવશ્ય કરવાને ઉત્સુક હોય તેવા શાસ્ત્રાજ્ઞા-સાપેક્ષ ગ્લાનસાધુની સેવા કરવાનું કહ્યું છે. જે કામ પોતે ન કરી શકે તે ય બીજાને સૂચવતો રહે; ક્યાંય હિંસા વગેરે થવાની સંભાવના હોય તો તે અંગે વૈયાવચ્ચી સાધુને જાગ્રત રાખે તેવો ગ્લાન-સાધુ વૈયાવચ્ચને પાત્ર ગણાય. શાસ્ત્રથી સાવ નિરપેક્ષની તો સેવા કરવાને દિલ જરાય ઊછળે નહિ. આમાં એ સાધુનો ય શું દોષ ?

જો કે અવ્યવસ્થિત સાધુને માર્ગસ્થ બનાવવા માટે તેની માંદગીનો કાળ એ શ્રેષ્ઠ કાળ છે કેમકે તેમાં તેની સેવા કરાય તો એવો આવર્જિત થાય કે જે હિતની વાત કરાય તે બધી સ્વીકારી લે.

ગ્રન્થકારશ્રી કહે છે કે ગ્લાન-સાધુએ કોઈ વાતે માયા–કપટ કરવા જોઈએ નહિ.

ખાવાની લાલસા પુષ્કળ હોય છતાં દેખાવ વૈરાગ્યનો કરાય તે માયા કહેવાય.

* * *

**अलसो सढोऽवलित्तो आलंबणतप्परो अइपमाइ ।**
**एवं ठिओ वि मन्नइ अप्पाणं सुट्ठिओम्हि त्ति ॥ ३८५ ॥**

**અર્થ :** (માયા-ચરિત્તવાળો કેવો હોય ? તો કે) આળસુ હોય, 'શઠ' = ઠગાઈ કરનારો હોય, 'અવલિપ્ત' = ગર્વિષ્ઠ હોય, 'આલંબન' = ગમે તે બહાનું કાઢી સર્વ કાર્યોમાં અધમ સ્વાર્થપૂર્વક પ્રવર્તે, ગાઢ નિદ્રાદિ અતિપ્રમાદ સેવે; આવી દુર્દશાવાળો છતાં પોતાની જાતને 'હું સુસ્થિત (ગુણિયલ) છું' એમ માને છે. બીજાને પણ માયાથી પોતાની ગુણિયલતા જણાવે છે.

'કપટ'નું સ્વરૂપ દર્શાવવા ગ્રન્થકારશ્રી કપટક્ષપક તાપસની કથા કહે છે.

**जो वि य पाडेउणं मायामोसेहिं खाइ मुद्धजणं ।**
**तिगाममज्झवासी सो सोअइ कवडखवगुव्व ॥३८६ ॥**

**અર્થ :** જે સાધુ માયા–મૃષા સેવીને ભોળા માણસોને છેતરીને પાડે છે તે પુરુષ ત્રણ ગામ વચ્ચે રહેનારા કપટક્ષપક તપસ્વીની જેમ છેલ્લે દુઃખી થાય છે.

**વિવેચન : કપટક્ષપકની કથા :** ઉજ્જયિની નગરીમાં એક અઘોરશિવ નામનો મહાધૂર્ત બ્રાહ્મણ રહેતો હતો. તે મહાકપટી અને મહાપાપી હતો. તેથી રાજાએ તેને દેશ બહાર કાઢી મૂક્યો, એટલે તે ચર્મકારના (મોચીના) દેશમાં ગયો. ત્યાં ચોર લોકોની પલ્લીમાં જઈને તે ચોરોને મળી ગયો. પછી તેણે ચોરોને કહ્યું

કે, "જો તમે લોકોમાં મારી પ્રશંસા કરો તો હું પરિવ્રાજકનો વેષ ધારણ કરીને આ ત્રણ ગામની વચ્ચેની અટવીમાં રહું અને તમને ઘણું ધન મેળવી આપું." તે વાત ચોરોએ કબૂલ રાખી. ત્યાર બાદ તે બ્રાહ્મણ તાપસનો વેષ ધારણ કરીને તે ત્રણે ગામની મધ્યે રહી કપટવૃત્તિથી માસક્ષમણ કરવા લાગ્યો, અને તે ચોરો પણ કૂટવૃત્તિથી સર્વત્ર કહેવા લાગ્યા કે, અહો ! આ મહાત્મા ધન્ય છે. તે સાંભળી મુગ્ધજનો તેની પ્રવૃત્તિ જોઈ તેને વંદના-નમસ્કાર કરવા લાગ્યા, અને નિમંત્રણ આપી પોતાને ઘેર ભોજન માટે લઈ જવા લાગ્યા. ભોજન કરાવ્યા બાદ પોતાના ઘરની લક્ષ્મી બતાવવા લાગ્યા, પોતાના ઘરની સર્વ હકીકત તેને કહેવા લાગ્યા, અને પ્રસંગે પ્રસંગે નિમિત્ત વગેરે પૂછવા લાગ્યા. તે કપટી તાપસ પણ લગ્નના બળથી લોકોને આગામી સ્વરૂપ કહેવા લાગ્યો. પછી તે કૂટક્ષપક રાત્રે ચોરોને બોલાવીને જોયેલા ગૃહસ્થોની સર્વ હકીકત સમજાવી, ખાતર પડાવી ચોરી કરાવવા લાગ્યો. એ પ્રમાણે ચોરી કરાવતાં તેણે ત્રણે ગામના લોકોને નિર્ધન કર્યા.

એકદા તે એક ખેડૂતના ઘરમાં ચોરી કરવા ચોરોને લઈ ગયો. ત્યાં ચોરી કરતાં ખેડૂતનો પુત્ર જાગી ગયો. સર્વ ચોરો નાસી ગયા પણ એક ચોર પકડાઈ ગયો. તેને પકડીને રાજા સામે હાજર કરવામાં આવ્યો. રાજાએ તે ચોરને મોતની ધમકી આપીને સર્વ સત્ય બોલાવી દીધું. રાજાએ કૂટક્ષપક સહિત સર્વ ચોરોને પકડી સર્વને મારી નાંખ્યા. એક બ્રાહ્મણ તાપસ જીવતો રાખ્યો. અને જીવતા એવા તે તાપસની બન્ને આંખો કઢાવી નાંખી. પછી તે તાપસ મહાવેદનાને અનુભવતો મનમાં પશ્ચાત્તાપ કરવા લાગ્યો કે "હા ! મને ધિક્કાર છે ! મેં બ્રાહ્મણ થઈને કૂટતાપસનો વેષ કરી ઘણા લોકોને છેતર્યા. મેં લોકોને મહાદુઃખનું કારણ ઉત્પન્ન કર્યું. હું બન્ને ભવ હારી ગયો." એ પ્રમાણે શોક કરતો તે તાપસ અત્યંત દુઃખનો ભાજન થયો.

આ પ્રમાણે બીજો પણ જે કોઈ ધર્મને વિષે કપટ કરે છે તે અત્યંત દુઃખી થાય છે એ આ કથાનું તાત્પર્ય છે. માટે કપટપૂર્વક ધર્મ કરવો જોઈએ નહિ.

* * *

**एगागी पासत्थो सच्छंदो ठाणवासि ओसन्नो ।**
**दुगमाइ संजोगा जह बहुआ तह गुरु हुंति ॥ ३८७ ॥**

**અર્થ :** એકલો, પાસત્થો, સ્વચ્છંદી, સ્થિરવાસી, શિથિલ– આ પાંચમાં જે સાધુમાં જેટલા દોષ વધુ હોય તેમ તે સાધુને વધુ વિરાધક સમજવો.

**વિવેચન :** અર્થ સરળ છે.

* * *

**गच्छगओ अणुओगी गुरुसेवी अनियओ गुणाउत्तो ।**
**संजोएण पयाणं संजमआराहगा भणिआ ॥ ३८८ ॥**

**निम्ममा निरहंकारा उवउत्ता नाणदंसणचरित्ते ।**
**एगक्खित्तेऽवि ठिया खवंति पोराणयं कम्मं ॥ ३८९ ॥**

**जियकोहमाणमाया जियलोहपरीसहा य जे धीरा ।**
**वुड्ढावासेऽवि ठिया खवंति चिरसंचियं कम्मं ॥ ३९० ॥**

**पंचसमिआ तिगुत्ता उज्जुत्ता संजमे तवे चरणे ।**
**वाससयं पि वसंता मुणिणो आराहगा भणिआ ॥ ३९१ ॥**

**तम्हा सव्वाणुन्ना सव्वणिसेहो य पवयणे नत्थि ।**
**आयं वयं तुलिज्जा लाहाकंखि व्व वणियओ ॥ ३९२ ॥**

**અર્થ :** પૂર્વના શ્લોકોમાં તેવા પુણ્યાનુબંધી પુણ્યોદયી સાધુના વિશિષ્ટ સત્કારની વાત કરી જે ઉત્તરગુણોમાં શિથિલ છે. આ પાંચ શ્લોકોમાં એવા પુણ્યાનુબંધી પુણ્યોદયવાળા પ્રભાવક મહાત્માની વાત છે જે આચારમાં ઉત્તમ છે : જરાય શિથિલ નથી.

**પાંચ ગાથાઓનો વિસ્તૃત અર્થ (વિવેચન સહિત) :**

આ મહાત્મા (૧) ગચ્છવાસી હોય, ગચ્છવાસના લાભો અપરંપાર છે. (૨) રત્નત્રયીના આરાધનમાં દત્તચિત્ત હોય. (૩) ગુરુના પરમભક્ત હોય. (૪) શાસ્ત્રોક્ત રીતે ગ્રામાનુગ્રામ વિહાર કરનારા હોય, (૫) પ્રતિક્રમણાદિ અનુષ્ઠાનોમાં તચ્ચિત્ત, તન્મન, તલ્લેશ્ય હોય. (૬) પૂર્વોક્ત પાંચ સંયોગથી સંયમધર્મના આરાધક હોય. અર્થાત્ પાંચમાંથી જે સંયોગમાં વધુમાં વધુ ગુણો આવતાં હોય તેના આરાધક હોય. (૭) તે નિર્મમ અને નિરભિમાની હોય. (૮) રત્નત્રયીની

આરાધનામાં ઓતપ્રોત હોય. (૯) લાંબા સમય સુધી એક જ ક્ષેત્રમાં (સ્વાધ્યાયાદિ કારણે) રહ્યા હોય તો ય તેમને કોઈ દોષ ન લાગે. એવી ઉત્તમ આરાધના કરે કે પૂર્વીય અનંતકર્મોનો ક્ષય કરે. (૧૦) અનંતાનુબંધી આદિ બાર કષાયો ઉપર વિજય મેળવી ચૂક્યા હોય. (૧૧) પરીષહ-ઉપસર્ગોને સહવામાં ધીર હોય. (૧૨) વૃદ્ધાવસ્થામાં જંઘાબળ ક્ષીણ થતાં એક જ સ્થાને (અન્નિકાપુત્ર આચાર્યાદિ) રહે તો ય ઉત્તમ સંયમ પાળવાને કારણે ઘણા કર્મોને ખપાવે છે. (૧૩) તેઓ અષ્ટપ્રવચનમાતાના પાલનમાં માહિર હોય છે. (૧૪) તપ, સંયમ (સંવર) અને ચારિત્ર (ચરણસિત્તરિ, કરણસિત્તરિ)ના પાલનમાં ઉદ્યત રહીને ક્યાંક એકસો વર્ષ સુધી રહે તો ય કોઈ વિરાધના થવા દેતા નથી.

સવાલ થાય કે એક બાજુએ નવકલ્પી (કે અનિયત) વિહારની વાત હોય, બીજી બાજુ તેના વિરોધમાં જતી એક સાથે સો વર્ષ એક ઠેકાણે રહેવાની વાત હોય તો એમ લાગે કે આ વિરોધાભાસ ન કહેવાય ?

ગ્રન્થકારશ્રી જણાવે છે કે, આવી કોઈ પણ વાતમાં શાસ્ત્રકારો 'એકાંત'ને સ્વીકારતા નથી. એટલે કે જે કોઈ વાત કરી હોય તેમાં કોઈ પણ પ્રકારના દેશ-કાળાદિમાં ફેરફાર જ ન થાય તેમ સમજવું નહિ. વિધેયાત્મક કે નિષેધાત્મક - બન્ને વાતો અપેક્ષાએ સ્વીકારવાની છે.

શારીરિક બળ સારું હોય તો તે અપેક્ષાએ અનિયતવિહારની વાત સ્વીકારવાની, પણ શારીરિક બળ ક્ષીણ થયું હોય તો તે વાત છોડીને સ્થિરવાસ કરવાની વાત સ્વીકારવાની.

જે વિકલ્પમાં પ્લસ વધુ હોય અને માઈનસ થોડા હોય તે વિકલ્પ સ્વીકારવો. વાણિયો જે વેપાર કરે છે તેમાં વધુ લાભ દેખાય ત્યારે અલ્પ નુકસાન સ્વીકારી લે છે.

આરોગ્ય બગડે તો ય ઔષધ લેવું નહિ તેવી આજ્ઞા માનવા જતાં જો રોગ વધે અને વેદના ખૂબ થતાં અસમાધિ થાય તો આ વેપારમાં દવા ન લેવારૂપ લાભ થોડો છે. અસમાધિ થવાનો ગેરલાભ વધુ છે. માટે દવા લઈને થોડોક ગેરલાભ સ્વીકારીને સમાધિ પામવાનો મોટો લાભ મેળવી લેવો જોઈએ.

ટૂંકમાં એકાન્તે કોઈ વાતનું પરમાત્માએ વિધાન કર્યું નથી; એકાન્તે નિષેધ પણ કર્યો નથી.

કોઈ કહે કે તો પછી પ્રભાવક પ્રવચનકાર સાધુઓએ માઈકમાં કેમ ન બોલવું જોઈએ ? અહીં પણ માઈકની હિંસાના માઈનસ સામે હજારો લોકો ધર્મશ્રવણ કરે તે પ્લસ ઘણા મોટા છે, તો જિનપૂજાની જેમ માઈકનો ઉપયોગ સાધુઓ કેમ ન કરી શકે ?

આ વાતનો જવાબ એ છે કે જો માઈકમાં આ દલીલ થશે તો આ જ દલીલથી સાધુને જિનપૂજા પણ કરી શકાશે. પણ વસ્તુતઃ બન્ને સ્થળે પ્લસ થોડા છે અને માઇનસ વધુ છે, માટે સાધુથી તે બન્ને થઈ ન શકે.

(૧) **જિનપૂજા** : ગૃહસ્થ તો સંસારની ઘણી બધી બાબતોમાં પુષ્કળ હિંસા કરે જ છે, તેની સામે જિનપૂજાના માઈનસ ઘણા નથી. જિનપૂજા કરતાં જે ભાવનો ઓઘ ઊછળે તેમાં એટલા બધા પ્લસ મળે કે હિંસાના માઈનસ સાફ થઈ જાય. હા, જો ભાવ જ જાગે નહિ તો માઈનસ માથે પડે.

સાધુ જિનપૂજા માટે જે દ્રવ્યસ્નાન વગેરે કરે તેમાં તેને હિંસા કરવાથી અરેરાટી (આર્ત્તધ્યાન) થાય; સારા ભાવો જાગે જ નહિ એટલે માઈનસ માથે પડે. આમ સાધુને પ્લસ-માઈનસના ગણિતથી જિનપૂજાનો અધિકાર મળતો નથી.

વળી સાધુ જો જિનપૂજા કરે તો તેને સ્નાન કરવું પડે. સ્નાન એ કામોત્તેજક વસ્તુ છે. આમ સાધુને શરીરની વિભૂષા તથા કામોત્તેજનાના ઢગલાબંધ માઈનસ ઊભા થઈ જાય. પૂર્વોક્ત અરેરાટી ન જાગે; સારા ભાવો પણ જાગે તો ય વિભૂષા અને કામોત્તેજનાના માઈનસ ચિક્કાર વધી પડે.

**માઈક** : માઈકની હિંસા (સોલરમાં ય બેટરી ચાલે છે. સૂર્યકિરણો અગ્નિકાયમાં રૂપાન્તર પામે છે.) ભલે થોડી હોય એટલે માઈનસ થોડા મળે અને હજારો લોકો ધર્મશ્રવણ કરે તેના પ્લસ ઘણા મળે, પણ સાધુ હિંસા કરવા લાગ્યો એટલે રાતે લાઈટ વાપરે, પરદેશોની ફલાઈટ કરે, રાતે બહેનો આવે.... આ બધાના માઈનસ ચિક્કાર વધી જાય.

હવે ધારો કે એક સાધુ માઈકનો ઉપયોગ કરીને કતલખાનાં બંધ કરાવી શકે છે તો તેને પ્લસનો બહુ મોટો લાભ મળી જાય. તે જો લાઈટ વગેરેમાં

આગળ ન વધે તો ઢગલો માઈનસ ન મળે. પણ પછી તેનું દ્રષ્ટાન્ત લઈને ઘણા સાધુઓ માઈક વાપરતા થાય, તેનાથી તે કેટલી શાસનપ્રભાવના કરશે તે તો ભગવાન જાણે. ઊલટું જો સરખું, સારું અને ધર્મશ્રદ્ધા વધારતું નહિ બોલે તો હજારો લોકોમાં જૈનધર્મની હીલના થશે. આ કેટલા બધા માઈનસ થશે ? વળી, તે લાઈટ, ફલાઈટ વગેરેમાં પડશે તો સાવ લપસીને પતનની મોટી ખાઈમાં પડી જશે. આમ થતાં પ્લસની સામે માઈનસ ખૂબ વધી જશે.

સાચા ગીતાર્થ સાધુને જે કરવું પડે તે કરી શકે. તેનાથી ઢગલાબંધ લાભ થઈ જાય તો ય તેણે પોતાના કારણે અનર્થ-પરંપરા ન પડે તે ય જોવું જોઈએ. અપાત્ર વ્યક્તિઓ ગેરલાભ ન ઉઠાવી લે તેની કાળજી પણ કરવી પડે. નહિ તો ધર્મનો સમૂળગો નાશ થઈ જાય. લાભ પામવાની વાત સાવ હાસ્યાસ્પદ બની જાય.

આવા વખતે ગીતાર્થ સાધુ એવું ગણિત મનોમન કરે કે મારી જિનાજ્ઞાપાલનની અને તેના કટ્ટર પક્ષપાતની જે આરાધનાઓ છે તેના પ્રભાવે લાખો લોકો સુધી ધર્મ પહોંચશે. બોલતી વખતે મારા મોંએ રહેલી મુહપત્તિ માઈક જ છે ને ? તેની તાકાત સામે માઈકની તાકાત કોઈ વિસાતમાં નથી.

હાલની વિષમ પરિસ્થિતિમાં કોઈ સાહસ (ક્રાન્તિ ?) કરવા જેવું નથી. ઘરની ચારે બાજુ લૂંટારા ફરે છે. માટે ઘરમાં જ બેસી રહેવું. યથાશક્ય ધર્મપ્રચાર કરવો.

કાળ અતિ વિષમ છે. પાપાનુબંધી પુણ્યોદય પ્રાયઃ સર્વત્ર પ્રવર્તે છે. આ સ્થિતિમાં શક્તિનું પાચન થવાની શકયતા નહિવત્ રહે છે. એટલે જેની પાસે વાગ્લબ્ધિ આવે તે માઈક વગેરે પકડે તો મળવાને શક્ય માન-સન્માનનું પાચન ન થાય. પરિણામે દર્પ (અહંકાર) અને કન્દર્પ (આસક્તિ) ત્રાટકે, રસના ઉત્તેજિત થાય. આમ થાય તો સારા મુનિઓ દ્વારા મેળવાયેલું ગુમાવી દેવાનું બને.

ગીતાર્થ સાધુઓ આ બધી સ્થિતિનો વિચાર કરે એટલે માઈકના પ્લસની સામે ઢગલાબંધ માઈનસો દેખાતાં શિષ્યાદિકને તેની મંજૂરી આપવાની હિંમત -પાપભીરૂતાને કારણે-કદી ન કરે.

મુનિઓના મુહપત્તિના બિન-ઉપયોગથી માંડીને શાયરીઓ, ગઝલો, પ્રાસ-મેળવણીઓ, વિદ્વત્તા-દર્શન, અગાંભીર્ય, અશાસ્ત્રીય પ્રવચનો જોઈને એવું કહેવાનું

મન થાય છે કે માઈક દ્વારા પ્રવચનો કરવાને બદલે માઈક વિનાના ચાલુ પ્રવચનો પણ બંધ કરીને, સાવ મૌન લઈને આત્મસાધના કરવા દ્વારા પરહિત કરવાની પ્રેરણા કરવાનું મન થાય તેવું છે.

મંચ ઉપરથી માઈક દ્વારા વકતવ્ય આપવા માટે જંગલમાંથી પસાર થતાં વિનોબાને વિચાર આવ્યો કે "આધ્યાત્મિક વાતો તો શ્રોતાઓના હૈયે deepcast કરવાની હોય. આનું broadcast ન કરાય. જેનો માલ ખપતો ના હોય તે મોંએ ભૂંગળા લગાડીને બૂમો પાડે : broadcast કરે. આધ્યાત્મિક પ્રવચનો બૂમબરાડા સ્વરૂપ ન હોય." એ દિવસથી તેમણે માઈક ત્યાગ્યું.

માઈકની સ્થૂલગતિ કરતાં મુહપત્તિના ઉપયોગની સૂક્ષ્મગતિ અતિ તીવ્ર છે.

રમણ મહર્ષિ તિરુવણ્ણામલયના જંગલના ત્રણ કિલોમીટરમાં જ રહ્યા હતા. ત્યાં જ વક્તવ્યો આપ્યા હતા. કાયમ થોડા ઘણા ભાવુકો આવીને બેસતા : સાંભળતા. માઈકનું તો સ્વપ્ન પણ ન હતું. આવા મહર્ષિ આજે આખા વિશ્વમાં પ્રાતઃસ્મરણીય બની ગયા છે.

જૈન સાધુ પ્રચારક ન હોય; સાધક હોઈને પ્રભાવક હોય. તેના અસ્તિત્વમાત્રથી લોકો ધર્મ પામે. તેમના શાન્ત વક્તવ્યથી હજારો લોકો ધર્મમય બને.

તે મંચ ઉપર આવીને ઊભા રહે કે તરત હજારો લોકોની સભામાં નિઃસ્તબ્ધ શાન્તિ છવાઈ જાય. જ્યારે અંદરથી ખોખલો વક્તા રાડો પાડીને કહે કે, "શાન્ત રહો, શાન્ત રહો." છતાં કોઈ પળવાર માટે ય શાન્ત ન રહે.

જૈન સાધુની સાધના સ્વહિતલક્ષી છે. જરૂર સર્વહિત તેમના અંતરમાં વસેલું છે. સ્વહિતની સાધનાથી સર્વના હિતને તે હંમેશ પ્રાર્થતો હોય છે. પણ સબૂર... તે સર્વહિતની ભાવના જ કરે, આરાધના તો સ્વહિતની જ કરે.

**Think globely, Act locally.**

હા, જો એની સામે પ્રચંડ પુણ્ય હોય તો તે જરૂર પરહિતકરણનો યત્ન કરે; પણ જો તે સાચો પ્રભાવક સાધુ હોય તો તેના તે યત્નમાં અહંકાર અને આસક્તિ લગીરે ન હોય.

અહંકાર એ પોતાના વિચારાદિમાં આસક્તિરૂપ છે. જે દુર્યોધનમાં ઠસોઠસ હતો.

રાવણમાં પરપદાર્થ (સીતા) પ્રત્યે જોરદાર આસક્તિ હતી.

સાચો પ્રભાવક જૈન સાધુ નિયતિને સલામ કરતો સ્થિતપ્રજ્ઞ રહે અને અભિમાનથી સર્વથા, સર્વદા શૂન્ય રહે. प्रारब्धमश्नन् अभिमानशून्यः ।

આથી જ પરહિતકરણ બહુ અઘરું છે.

સ્વહિતકરણ ઘણું સરળ છે.

પુણ્યાનુબંધી (સ્વદોષમુક્તિ આપે.) એવા પુણ્યોદય (પરહિત કરાવે) વિનાના સાધુએ કદી પરહિતમાં ધસી જવું ન જોઈએ. તેણે આત્મલક્ષી સાધના જ કરવી જોઈએ. તપ, સ્વાધ્યાયનિરત રહેવું જોઈએ. અપ્રમાદની આરાધના કરવી જોઈએ. આમાં તેને નકરા પ્લસ મળશે. ભલે તે થોડાક મળે પણ 'માઈનસ' તો કોઈ નહિ હોય.

પેલા પરહિતકરણનું દુઃસાહસ કરનારાઓને આભાસિક પ્લસ મળશે; તેની સામે તેથી પણ વધુ માઈનસના ઢગલા થશે. સરવાળે કેવો મોટો ભાગાકાર !

* * *

**धम्मम्मि नत्थि माया न य कवडं आणुवत्तिमणियं वा ।**
**फुडपागडमकुटिल्लं धम्मवयणमुज्जुयं जाण ॥ ३९३ ॥**

**અર્થ :** ધર્મમાં માયા હોઈ શકે નહિ. (આ અપેક્ષાએ વાત સમજવી) વળી કપટ એટલે કે છેતરપિંડી ન હોઈ શકે. પરરંજન કરતાં માયાવી વચનો હોઈ ન શકે.

જે સ્પષ્ટ હોય, ખુલ્લંખુલ્લું (પાગડં) કુટિલતા (અ-સરળતા) વિનાનું, સરળ (ઋજુ) ધર્મવચન સાધુ બોલે : તે જ મોક્ષનું કારણ છે.

**વિવેચન :** પૂર્વના શ્લોકમાં જે વાત કરાઈ કે જિનવાણીમાં ક્યાંય એકાન્તે વિધિ કે નિષેધ નથી. અર્થાત્ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, આરોગ્યાદિના કારણોસર વિધિ-વાક્યનો વિષય નિષેધપરક બની શકે અને નિષેધપરક વાક્યનો વિષય વિધિપરક બની શકે. દા.ત. સાધુએ "મોસંબીનો રસ પીવો નહિ." આ નિષેધવાક્ય છે. પણ જો સાધુ ગ્લાન બને તો ગીતાર્થ ગુરુની આજ્ઞા થતાં તે રસ પી શકે. તેને રસ પીવાનું વિધાન થઈ શકે.

આ જ રીતે 'સાધુએ પર્વતિથિએ એકાસણું કરવું' એવા વિધિવાક્યનો વિષય એકાસણું ઉગ્રવિહારના કારણે નિષેધપરક બની શકે.

હા, સર્વત્ર ગીતાર્થની આજ્ઞાથી જ વર્ત્તી શકાય.

હવે અહીં એ વાત કરવી છે કે કોઈ સાધુ એવું ગણિત કરે કે શાસ્ત્રમાં મોસંબીના રસનો એકાન્તે નિષેધ નથી; આરોગ્યાદિના કારણે, શાસનપ્રભાવક હોવાના કારણે તેને રસ પીવાની છૂટ મળે છે. એટલે હું કોઈ ઓઠું લઈને મોસંબીનો રસ પીઉં તો વાંધો નહિં.

આમ કરીને તે ગીતાર્થ ગુરુ પાસે આવીને માયાવી વાત કરીને રજા લે અને પોતાના રસ પીવાના રાગને પોષે તો તે ખૂબ અનુચિત કહેવાય.

વિધિનું કે નિષેધનું સેવન કરવા માટેનું આપવાદિક કારણ ન હોય છતાં માયા કરીને તે કારણતા ઊભી કરાય તો તે ચાલે નહિ.

આ સંબંધમાં અન્યત્ર કહ્યું છે કે, कज्जे सच्चेण होअव्वं ।

વિધિ-નિષેધોના સેવનના કાર્યમાં આત્માના સત્યપણાથી રહેવું, એટલે કે આત્માએ માયા-જૂઠ સેવવા નહિ. એટલે કે આત્માએ રાગદ્વેષની પરિણતિને આધીન થઈને આવા માયાદિક સેવનના ધંધા કરવા નહિ.

અંતે તો... રાગાદિ પરિણતિઓ શાન્ત રહે તે એકાન્તે વિધિ છે; અને તે અશાન્ત થાય તે એકાન્તે નિષિદ્ધ છે.

જે કાંઈ અપવાદે કરવું પડે તેમાંય આ મલિન પરિણતિઓ તો એકાન્તે ન જ હોવી જોઈએ.

બ્રહ્મચર્ય વ્રતમાં અપવાદથી સેવન કરવાનો નિષેધ એટલા માટે જ છે કે તે સેવન કરવામાં રાગાદિ પરિણતિ જાગ્રત થયા વિના રહેતી જ નથી. જેમ મોસંબીનો રસ રાગાદિ પરિણતિ કર્યા વિના અપવાદ માર્ગે પી શકાય તેમ અબ્રહ્મ સેવી શકાતું નથી. (જો કે તેમાં પણ સપ્રાયશ્ચિત્તી અપવાદસેવનની વિધિ છે ખરી. પણ આ વાત મહાગીતાર્થ ગમ્ય છે.)

બહુ ટૂંકમાં એટલી જ વાત કરવાની છે કે ઉત્સર્ગમાર્ગ કે અપવાદમાર્ગના વિધિ–નિષેધોનું સેવન મોક્ષમાર્ગમાં આગળ વધવાનું બળ મેળવવા માટે છે. એમાં

જો રાગાદિ પરિણતિને કારણે માયાદિ કરીને લાભ-તોટાની (પ્લસ-માઈનસની) વાતો સમજાવાય તો તે બિલકુલ યોગ્ય ન ગણાય.

જો કે શિષ્યના એવા માયાદિક દોષને ગીતાર્થ પકડી પાડે પરંતુ ક્યારેક બહુ ચાલાકીપૂર્વકનો ખેલ શિષ્ય ખેલે તો ગીતાર્થ પણ તેને પકડી ન શકે. ખેર... તો ય કર્મરાજાની નજરમાંથી તો તે નહિ જ છટકી શકે.

એટલે જ તારક તીર્થંકરદેવોએ એકાન્તે કોઈ વિધિ, નિષેધની પ્રરુપણા કરી નથી, પણ માયાવીપણું સેવવાની વાતનો એકાન્તે નિષેધ કર્યો છે. સરળતા રાખવાનો એકાન્તે વિધિ ભણ્યો છે.

આના મૂળમાં માયા-દોષ રાગાદિ દોષપ્રેરિત હોય છે તે જ કારણ છે.

આવી સ્થિતિનો આત્મા (માષતુષ મુનિ જેવો) સરળતા-ગુણને કારણે ઢગલાબંધ ગુણોનો સ્વામી બને છે. ગુરુને માટે પ્રજ્ઞાપનીય (હિતબોધ દેવા લાયક) બને છે. તે શુદ્ધ પ્રાયશ્ચિત્તી બની શકે છે. આટલી સિદ્ધિ મળ્યા પછી સિદ્ધશિલા જરાય દૂર રહેતી નથી.

હૈયાની સરળતા સાથે જો બુદ્ધિની પ્રાજ્ઞતા જોડાય તો ત્રણેક ભવમાં જ કૈવલ્યની પ્રાપ્તિ થઈ જાય.

* * *

**न वि धम्मस्स भडक्का उक्कोडा वंचणं व कवडं वा ।**
**निच्छम्मो किर धम्मो सदेवमणुआसुरे लोए ॥ ३९४ ॥**

**અર્થ :** ધર્મનું સાધન આડંબર (ભડક્કા) નથી. પરસ્પર હિતોની આપલે (ઉક્કોડા)થી ધર્મ સાધી શકાતો નથી. બીજાને છેતરીને (વંચનં) ધર્મ કરી શકાતો નથી. કપટ(છદ્મ)થી ધર્મ કરાતો નથી.

પણ દેવ, મનુષ્ય અને અસુરોથી યુક્ત એવા ત્રિભુવનમાં નિષ્કપટ એવો ધર્મ જ આદરણીય છે.

**વિવેચન :** ગ્રન્થકારશ્રી એ વાત ઉપર ભાર મૂકે છે કે વિધિ-નિષેધના વિષયોમાં કોઈ લાભ ખાટવા માટે કે અગીતાર્થપણાની ગેરસમજથી વિધિના વિષયને

નિષેધનો વિષય કે નિષેધના વિષયને વિધિનો વિષય બનાવવો નહિ. આ લાભ ખાટવાની વૃત્તિ એટલે રાગદ્વેષના પરિણામો સહિતની દંભવૃત્તિ. વળી, અગીતાર્થતાથી પણ ઊંધું કુટાઈ જાય તેવું પણ થવા દેવું નહિ. ટૂંકમાં સાચા અર્થમાં ગીતાર્થ બનવું. સૂક્ષ્મતાથી બધું ચકાસવું અને જાતે વિધિ–નિષેધના વિષયોનો વ્યત્યય ન કરવો. કોઈ બીજા માટે પણ તેમ થવા ન દેવું.

દા.ત., કોઈ વ્યાખ્યાનકાર સાધુને વ્યાખ્યાન કરવા પૂર્વે દૂધ-ચાની જરૂર લાગે છે. વસ્તુતઃ આ નિષેધનો વિષય છતાં જો સાધુની પરીક્ષામાં ભૂલ થાય. પ્રવચન કરવા માટે અપાત્ર વ્યક્તિ ઉપરના રાગાદિના કારણે તેને ચા-દૂધની છૂટ અપાય : વિધિનો વિષય બનાવાય તો તેમાં તે ગુરુ મોટા કર્મબંધનો ભાગી બને. કેમકે તેણે રાગદશાથી સહુને કહ્યું (માયા-જૂઠનું સેવન કર્યું) કે, "તે પ્રવચનકાર સાધુ ચા-દૂધની નવકારશીને લાયક છે."

અહીં ખૂબ સમજવાની જરૂર છે કે જો ગીતાર્થતા પાકી હોય, તેમાં રાગાદિપરિણતિ કાબૂમાં હોય તો જ લાભ-તોટાનો વાસ્તવિક નિર્ણય થઈ શકે : તો જ વિધિ-નિષેધનો યથાયોગ્ય ઉપયોગ થઈ શકે. અન્યથા માયા-મૃષા સેવાયા વિના રહે નહિ.

આથી જ જ્ઞાનીઓએ ગીતાર્થતાને ખૂબ વધુ મહત્ત્વ આપ્યું છે. ૪૫ આગમો સૂત્રથી અને અર્થથી કરે અને જીવનમાં પરિણમાવે તે પૂરો ગીતાર્થ. છેવટે બૃહત્કલ્પ, નિશિથ અને વ્યવહારસૂત્ર નામના ત્રણ છેદગ્રન્થોની ભૂમિકાઓને જે આત્મસાત્ કરે તે જઘન્ય ગીતાર્થ.

વળી દશવૈકાલિક સૂત્રનું પાંચમું અધ્યયન (બે ઉદ્દેશા) સૂત્રથી-અર્થથી આત્મસાત્ કરે તે ગોચરીના વિષયનો ગીતાર્થ કહેવાય. આવા સાચા ગીતાર્થને જ બધી સત્તાઓ હોય. તે કદી વિધિ-નિષેધના વિષયોમાં ભૂલ કરે નહિ. જ્યાં જે વખતે જેનો યોગ કરવાનો હોય તેનો જ યોગ કરે. યોગ ન કરવાનો હોય ત્યાં ન જ કરે. તેને એવા કોઈ રાગ-દ્વેષ ન હોય જેથી વ્યત્યય થાય કે માયા-મૃષાનું સેવન થાય.

આવા ગીતાર્થોથી જૈનશાસન સુંદર રીતે ચાલતું હોય છે. તે પ્રાતઃસ્મરણીય

બને છે. તેમનું દર્શન વિપુલ કર્મનો ક્ષય કરતું હોય છે.

જિનશાસનના એ વિરલ હીરલાઓને કોટિશઃ વંદન.

* * *

**भिक्खु गीयमगीए अभिसेए तहेव चेव रायणीए ।**
**एवं तु पुरिसवत्थुं दव्वाइं चउव्विहं सेसं ॥ ३९५ ॥**

**અર્થ :** આ સાધુ ગીતાર્થ છે કે અગીતાર્થ ? ઉપાધ્યાય પદે અભિષિક્ત છે કે આચાર્ય પદે ? રત્નાધિક છે કે નાનો છે ? આ રીતે પહેલા પુરુષસ્વરૂપ વસ્તુનો વિચાર કરવો. પછી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના પ્રકારો વિચારવા.

**વિવેચન :** જેની બાબતમાં લાભ–નુકસાનની અલ્પતા-અધિકતા વિચારીને વિધિના વિષયનો વિધિ કે નિષેધના વિષયનો નિષેધ કરવો અથવા વિધિની વાતનો નિષેધ કરવો કે નિષેધની વાતનું વિધાન કરવું ? તેનો નિર્ણય કરવો.

દા.ત. એક આચાર્ય (વસ્તુ) છે તે મહાવ્રતોમાં ભ્રષ્ટ છે. તે જબ્બર શાસનપ્રભાવના કરે છે. આ આચાર્યને વંદનનો વિધિ કરવો કે નહિ ? એ પ્રશ્ન થાય. અહીં તેને વંદન કરવાથી તેના હજારો ભક્તોને સાધુઓ માટે બહુમાન થાય કે અમારા ગુરુને સાધુઓ વંદન કરે છે. આ લાભ છે, પણ તેમ કરવા જતાં તે ભ્રષ્ટ સાધુની ભ્રષ્ટતાને પોષણ મળે તેથી અનેકોને પાપસેવનનું બળ મળે, તે માઈનસ છે. આમાં વધુ કોણ છે ? તે ગીતાર્થ નક્કી કરે. બેશક, માઈનસ વધુ છે તેથી તે પ્રભાવક આચાર્યને વંદન ન જ કરાય.

પણ જો શાસનપ્રભાવક આચાર્ય માત્ર ગુણવ્રતોમાં શિથિલ હોય, તે પાપો બદલ ધ્રૂજતા હોય, સરળતાને લીધે એકરાર કરતા હોય, વિશિષ્ટ માનસન્માન કે પૂજન ન સ્વીકારતા હોય તો તેમને વંદન કરવું એવો શાસ્ત્રવિધિ કરવો કે નહિ ? અહીં પ્લસ ઘણા છે. શિથિલ જીવનના માઈનસ થોડા છે માટે વંદન કરવું.

કોઈ માત્ર દ્રવ્યથી ઉપાધ્યાય હોય; કશું કોઈને ભણાવતા ન હોય; તદ્દન નિષ્ઠુરપણે શિથિલ હોય તો વંદન કરવાનો લાભ ઓછો છે. અનર્થપરંપરા સર્જાવવાના ભયના માઈનસ ઘણા છે માટે વંદન નહિ કરવું.

પણ જો તે ગહન ગ્રન્થો-આગમાદિ ભણાવે તો પ્લસ વધી જતાં વંદન કરવું.

સંપ્રતિ રાજાને ભાડૂતી સાધુઓ દ્વારા અનાર્યક્ષેત્રે ધર્મપ્રચાર કરવો હતો. ગુરુ આર્યસુહસ્તિ મહારાજે ક્ષેત્રને નજરમાં લઈને પ્લસ-માઈનસ વિચાર્યા તો પ્લસ ઘણા જોયા. રજા આપી.

રાત્રિએ ઔષધ લેવાની અનિવાર્યતા ઊભી થઈ હોય પણ તેનો નિષેધ છે, છતાં જો તે સાધુ ઔષધાભાવમાં મૃત્યુ પામે તેમ હોય, અત્યંત જોરદાર શાસનપ્રભાવક હોય તો માઈનસ કરતાં પ્લસ વધુ જણાતાં ઔષધદાન થાય. પરંતુ તે સાધુમાં તેવી કોઈ વિશેષતા જણાતી ન હોય તો ઔષધદાનમાં માઈનસ વધી જતાં તેમ ન કરાય. સમાધિપૂર્વક મૃત્યુનો સ્વીકાર કરાવાય.

આચાર્ય વગેરે દ્રવ્યાદિ ચાર ભાવોમાંના 'દ્રવ્ય' પદાર્થમાં સમાઈ જાય છે છતાં આચાર્ય વગેરેને સ્વતંત્રરૂપે 'વસ્તુ' તરીકે ગણ્યા તેનું કારણ દ્રવ્યોમાં તેમની વિશિષ્ટતા બતાડવાનું છે.

* * *

**चरणायारो दुविहो मूलगुणे चेव उत्तरगुणे य ।**
**मूलगुणे छट्ठाणा, पढमो पुण नवविहो तत्थ ॥ ३९६ ॥**

**सेसुक्कोसमज्झिमजहन्नओ वा भवे चउद्धाओ ।**
**उत्तरगुणेऽणेगविहो दंसणनाणेसु अट्ठट्ठ ॥ ३९७ ॥**

**અર્થ અને વિવેચન :** ગ્રન્થકારશ્રીએ આચાર્યાદિમાં પ્લસ-માઈનસો જોઈને વિધિ-નિષેધોને પ્રયોજવાનું કે તેમને ઉલટાવવાનું કહ્યું તેમ તેઓ એ વાત હવે બતાડે છે કે કઈ કઈ બાબતોમાં આ બધું કરવાનું છે.

આ રહી તે બાબતો :

જ્ઞાનાચાર : દર્શનાચાર : ચારિત્રાચાર.

તેમાં ચારિત્રાચાર મુખ્ય હોવાથી તેની વાત પહેલી લેવાય છે કે :

**ચારિત્રાચાર (બે પ્રકારે)**

મૂલગુણ

છ સ્થાનો (પાંચ મહાવ્રત + રાત્રિભોજન-વિરમણવ્રત)

ઉત્તરગુણરૂપ

ગોચરી, પાંચ સમિતિ આદિ અનેક પ્રકારો.

પહેલું મહાવ્રત (નવધા) : પૃથ્વ્યાદિ પાંચ + દ્વીન્દ્રિયાદિ ચાર.

બાકીના ચાર મહાવ્રત (ત્રિધા) - જઘન્ય, મધ્યમ ઉત્કૃષ્ટ.

ચતુર્ધા - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ.

**દર્શનાચાર :** નિઃશંકિત વગેરે આઠ આચાર.

**જ્ઞાનાચાર :** કાળ, વિનયાદિ આઠ આચાર.

ગ્રન્થકારશ્રી કહે છે કે આ બધી બાબતો માટે પૂર્વોક્ત આચાર્યાદિના અંગે ક્યા વખતે શું વિધેય ગણવું, ક્યા વખતે શું નિષિધ્ય ગણવું ? તેનો નિર્ણય તેમના પ્લસ-માઈનસ કાઢીને ગીતાર્થ સાધુએ નક્કી કરવું જોઈએ.

જો નિષિદ્ધ બાબતમાં પ્લસ વધુ પડતા હોય તો તેનો વિધિ તરીકે અમલ કરવો. જો વિધેય વાક્યમાં માઈનસ વધુ પડતા હોય તો તેનો નિષેધ્ય તરીકે અમલ કરવો.

વરસાદમાં ગોચરી જવું એ ચારિત્રાચારના પ્રથમ મહાવ્રતનો દોષ બનવાથી તે નિષિદ્ધ છે. તેમાં માઈનસ પડેલા છે. ગોચરી ન જવાથી ચારિત્રાચારના પાલનના પ્લસ મળે છે. પણ જો કોઈ અતિ ગ્લાન સાધુ માટે તાત્કાલિક કોઈ વસ્તુ વહોરી ન લવાય તો તેને અસમાધિ યાવત્ મોત થવાની શક્યતા હોય તો વસ્તુ લાવવામાં અસમાધિનિવારણના ખૂબ પ્લસ પડેલા છે, જેની સામે માઈનસ થોડા છે; માટે આ પ્લસ-માઈનસને ધ્યાનમાં લઈને વરસાદમાં ગોચરી નહિ જવાના નિષેધ્ય સ્વરૂપને વિધેય બનાવવું અને ગોચરી લાવીને ગ્લાન સાધુને આપવી.

ફરી જણાવું છું કે આ બધુ આઘુંપાછું કરવાનો અધિકાર માત્ર ગીતાર્થ સાધુને

છે, કેમકે તેણે છેદગ્રન્થાદિનો ઊંડો અભ્યાસ કરેલો હોવાથી કોઈ પણ વિષયમાં નિર્ણય લેવામાં તેની ભૂલ થવાનો સંભવ નથી. તેનો નિર્ણય શ્રુતજ્ઞાનબળના પૂરા મંથન પછીનો હોવાથી સર્વજ્ઞ ભગવંત પણ તેને માન્ય રાખે.

* * *

**जं जयइ अगीयत्थो जं च अगीयत्थनिस्सिओ जयइ ।**
**वट्टावेइ गच्छं अणंतसंसारिओ होइ ॥ ३९८ ॥**

**અર્થ :** જે અગીતાર્થ એવો સાધુ સ્વયં જ્ઞાનાચારાદિ તપ-ક્રિયાના અનુષ્ઠાનોમાં યત્ન (યતના) કરે છે અને જે અગીતાર્થ, અગીતાર્થની નિશ્રામાં રહીને પણ આ બધું ઉત્કટ રીતે આરાધે છે : અરે, ગચ્છ ચલાવે છે તે અગીતાર્થ સાધુ અનંતસંસારી થાય છે.

**વિવેચન :** જિનશાસનમાં 'ગીતાર્થ'નું સર્વત્ર મહત્ત્વ છે. આચાર્યાદિ પદો ઉપર તે જ આરૂઢ થઈ શકે, તપ, જપાદિ અનુષ્ઠાન તે જ કરી શકે, શિષ્યો કરી શકે, વ્યાખ્યાન દઈ શકે, પદવી લઈ શકે, બીજાઓને તે બધામાં જોડી શકે.

અગીતાર્થ સાધુ આમાંનું સ્વયં કશું કરી ન શકે; બીજાને કરાવી ન શકે. અગીતાર્થની નિશ્રામાં રહેલા સાધુ માટે પણ આ બધો નિષેધ સમજવો. હા, ગીતાર્થની નિશ્રામાં રહેલા સાધુ માટે આ બધું વિહિત સમજવું, કેમકે ગીતાર્થની નિશ્રામાં (આજ્ઞામાં) રહેનારો સાધુ ભાવથી ગીતાર્થ જ કહેવાય. પોતે ભલે છેદાદિ ગ્રન્થોનો અપાઠક છે પણ તેના પાઠક એવા ગીતાર્થની આજ્ઞા પ્રમાણે જ ચાલે છે : તેના શરણે જ રહે છે, તેને ગીતાર્થ જેટલું જ બળ અને ફળ પ્રાપ્ત થાય છે.

જેમ વિમાનનો પાયલૉટ વિમાન દ્વારા યથાનિર્દિષ્ટ સ્થળે પહોંચે છે તેમ તે વિમાનચાલકને આશ્રયીને રહેલા તમામ તે જ યથાનિર્દિષ્ટ સ્થળે પહોંચે છે.

પાયલૉટ આકાશમાર્ગનો જાણકાર છે.

આશ્રિતો અજાણ છે, પણ તેના શરણે છે. માટે બન્નેને નગરપ્રાપ્તિનું ફળ સમાન મળે છે.

અગીતાર્થથી એકલા પાણી પણ વહોરવા ન જવાય, ગાથા પણ ન ગોખાય,

એકલા તો રહેવાય જ ક્યાંથી ? આ બધું કરવા માટે કાં તો તેણે પ્રબુદ્ધ ગીતાર્થ બનવું જોઈએ અથવા ગીતાર્થ-નિશ્રિત એવા ગીતાર્થ બનવું જોઈએ.

આવા બે પ્રકારના ગીતાર્થોને જ વિહાર કરવાની : સંયમજીવનમાં વિહરવાની જ્ઞાનીઓએ આજ્ઞા કરી છે. આ સિવાયના વિહરણનો સંપૂર્ણ નિષેધ કર્યો છે.

**गीतत्थो य विहारो, बीइओ पुण गीयत्थनिस्सिओ भणिओ ।**
**एत्थ पुण तइओ, नाणुन्नाओ जिणवरिंदेहिं ॥**

બાળકના મોંમાં પડતું માતાનું દૂધ લોહી કરે. સાપના મોંમાં પડતું એ જ દૂધ ઝેર કરે.

સ્વાતિ નક્ષત્રમાં પડતું વરસાદનું પાણી મોતી બને, અન્યથા પાણી પાણી જ રહે; કદાચ સુકાઈને સાફ થઈ જાય.

* * *

**कहउ जयंतो साहू वड्डावेइ जो उ गच्छं तु ।**
**संजमजुत्तो होउं अणंतसंसारिओ होइ ॥ ३९९ ॥**

**અર્થ :** શિષ્ય પ્રશ્ન કરે છે કે સાધુ ભલે અગીતાર્થ હોય પણ જો તે સંયમધર્મમાં યત્નશીલ અને સરસ રીતે ગચ્છને પણ રત્નત્રયીના જીવનમાં જોડે છે તો તે અગીતાર્થ હોય તેટલા માત્રથી અનંતસંસારી શી રીતે થાય ?

**વિવેચન :** દૂધપાકમાં ઝેરનું ટીપું એ સમસ્ત દૂધપાકને પીવા માટે નકામો કરી દે તેમ રત્નત્રયીની આરાધના કરવા–કરાવવારૂપ દૂધપાકમાં 'અગીતાર્થતા'નું ટીપું ભળે એટલે તે આરાધનાઓરૂપ દૂધપાક નિષ્ફળ જ ન જાય પણ વિફળ એટલે કે અનંત સંસારભ્રમણરૂપ વિપરીત ફળ આપે.

એનું કારણ દર્શાવતો હવે ચારસોમો શ્લોક અવતરણ પામે છે.

* * *

**दव्वं खित्तं कालं भावं पुरिसपडिसेवणाओ य ।**
**न वि जाणइ य अग्गीओ उस्सग्गववाइयं चेव ॥ ४०० ॥**

**અર્થ :** અગીતાર્થ સાધુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની તે તે વિશેષતાઓને જાણતો હોતો નથી. પુરુષની પાત્રતા, અપાત્રતા તે જાણતો નથી. પ્રતિસેવના એટલે

પાપની તીવ્રાતીવ્રતાદિને જાણતો નથી, ઉત્સર્ગ અને અપવાદના સ્થાનોને જાણતો નથી એટલે તેની બધી તપ-જપ, પ્રવચન, શિષ્યકરણાદિ તમામ પ્રવૃત્તિઓ વ્યર્થ જાય છે : નુકસાનકારી બને છે.

* * *

**जहट्ठिअदव्वं न याणइ सचित्ताचित्तमीसियं चेव ।**
**कप्पाकप्पं च तहा जुग्गं वा जस्स जं होइ ॥ ४०१ ॥**

**जहट्ठियखेत्तं न जाणइ अद्धाणे जणवए अ जं भणिअं ।**
**कालंपि न वि जाणइ सुभिक्ख-दुभिक्खं जं कप्पं ॥ ४०२ ॥**

**भावे हट्ठगिलाणं न वि याणइ गाढऽगाढकप्पं च ।**
**सहु-असहुपुरिसरूवं वत्थुमवत्थुं च न वि जाणे ॥ ४०३ ॥**

**पडिसेवणा चउद्धा आउट्टिपमायदप्पकप्पेसु ।**
**न वि जाणइ अग्गीओ पच्छित्तं चेव जं तत्थ ॥ ४०४ ॥**

**અર્થ અને વિવેચન :** જે અગીતાર્થ હોય તે જે દ્રવ્યનું જે સ્વરૂપ હોય તે યથાસ્થિત સ્વરૂપને તે જાણતો ન હોય; સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યમાં કોણ સચિત્ત ? કોણ મિશ્ર ? વગેરેનું પણ જેને ભાન હોતું નથી, શું કલ્પ્ય કહેવાય ? અકલ્પ્ય કહેવાય ? કયા કાળમાં તે કલ્પ્યાકલ્પ્યતા હોય તેનો જેને ખ્યાલ નથી, બાળ, ગ્લાનાદિની કઈ અવસ્થામાં શું કરવું યોગ્ય છે ? તે પણ જે જાણતો નથી.

આ તો દ્રવ્યની વાત થઈ. ક્ષેત્રની બાબતમાં ક્ષેત્ર ભદ્રક છે કે અભદ્રક ? તેની જેને જાણકારી નથી, માર્ગ (અધ્વા) દૂર છે કે નજીક ? સારો છે કે ખરાબ ? જે દેશ(જનપદ)માં જવાનું છે તેનું સ્વરૂપ શું છે ?

કાળની બાબતમાં સુભિક્ષ કે દુર્ભિક્ષ ક્યો કહેવાય ? તેમાં કોણ કલ્પ્ય કહેવાય ? કોણ અકલ્પ્ય કહેવાય ?

ભાવની બાબતમાં પુષ્ટને, ગ્લાનને શું દેવું ? ગાઢ અને અગાઢ ભાવમાં શું કલ્પ્ય ગણાય ? સહિષ્ણુ અને અસહિષ્ણુપણાના ભાવમાં શું દેવાય કે ન દેવાય ? કોણ સાચા આચાર્ય છે ? દંભી સાધુ છે ? વગેરે ભાવોને જે જાણી શકતો નથી તેવો અગીતાર્થ સાધુ સ્વ-પરહિત માટે જે તપ વગેરે કરે કે કરાવે તે બધું સંસારવર્ધક બને. માટે દરેક સાધુએ ગીતાર્થ બનવું જોઈએ.

નિષિદ્ધ વસ્તુનું આચરણ (પ્રતિસેવના) ચાર પ્રકારે છે.

૧. આકુટ્ટિ ૨. પ્રમાદ ૩. દર્પ ૪. કલ્પ.

**આકુટ્ટી :** અતિ નિષ્ઠુરતાથી, બેફામ રીતે, વારંવાર જે પાપ થાય તે.

**પ્રમાદ :** અનાભોગથી, સહસાકારથી થતું પાપ તથા નિદ્રા વગેરે.

**દર્પ :** જાણી જોઈને, બેશરમ બનીને કૂદવું વગેરે.

**કલ્પ :** સકારણ, દુભાતા દિલે, રાગ-દ્વેષની પરિણતિ વિના કરવું. કલ્પ એટલે કલ્પિકા.

**બીજી રીતે :** કલ્પિકા અને દર્પિકા.

અનાસક્તિથી સકારણ પાપસેવન તે કલ્પિકા.

શેષ બધું પાપસેવન (આકુટ્ટિ, દર્પ અને પ્રમાદ) તે દર્પિકા.

આ પ્રાયશ્ચિત્તના વિષયમાં જેને કોઈ યથાર્થ અને સંપૂર્ણ જાણકારી નથી તેવો અગીતાર્થ ગમે તેટલો સ્વ-પરનો ધર્મ કરે, કરાવે તો ય અનંત સંસારી થાય.

* * *

**जह नाम केइ पुरिसो नयणविहूणो अदेसकुसलो य ।**
**कंताराऽविभीमे मग्गपणट्ठस्स सत्थस्स ॥ ४०५ ॥**

**इच्छइ य देसिअत्तं किं सो उ समत्थो देसियत्तस्स ।**
**दुग्गाइं अयाणंतो नयणविहूणो कहं देसे ॥ ४०६ ॥**

**एवमगीयत्थो वि हु जिणवयणपइवचक्खुपरिहीणो ।**
**दव्वाइं अयाणंतो उस्सग्गववाइयं चेव ॥ ४०७ ॥**

**અર્થ અને વિવેચન :** જેમ કોઈ માણસ અંધ હોય અને માર્ગ (દેશ)ને જાણતો ન હોય એ માણસ ભયંકર અટવીમાં ભૂલા પડેલા માર્ગભ્રષ્ટ એવા સાર્થને શી રીતે માર્ગદર્શન કરાવી શકશે ?

વિષમ, વાંકાચૂકા અને ઊંચાનીચા કે સમતલ માર્ગને નહિ દેખતો અંધ કેવી રીતે બીજાને દોરનારો બને ?

એ રીતે અગીતાર્થ પણ જે તત્ત્વદર્શનમાં અંધ હોય, જે દ્રવ્યાદિને તથા

ઉત્સર્ગાપવાદના અનુષ્ઠાનોને જાણતો-સમજતો ન હોય તે શી રીતે સ્વ-પરનું હિત કરી શકે ?

* * *

**कह सो जयउ अगीओ कह वा कुणइ अगीअनिस्साए ।**
**कह वा करेउ गच्छं सबालवुड्ढाउलं सो उ ॥ ४०८ ॥**

**અર્થ અને વિવેચન :** તે અગીતાર્થ અથવા અગીતાર્થ-નિશ્રિત અગીતાર્થ શી રીતે સ્વયં સંયમજીવન જીવવાનો સફળ યત્ન કરી શકે ? બાલ, વૃદ્ધાદિ સહિતના ગચ્છને શી રીતે સંયમધર્મમાં જોડી શકે ?

* * *

**सुत्ते य इमं भणिअं अपच्छित्ते य देइ पच्छित्तं ।**
**पच्छित्ते अइमत्तं आसायण तस्स महइओ ॥ ४०९ ॥**
**आसायण मिच्छत्तं आसायणवज्जणा उ सम्मत्तं ।**
**आसायणानिमित्तं कुव्वइ दीहं च संसारं ॥ ४१० ॥**
**एए दोसा जम्हा अगीअ जयंतस्स अगीयनिस्साए ।**
**वड्ढावेइ गच्छस्स य जो वि गणं देइ अगीयस्स ॥ ४११ ॥**

**અર્થ અને વિવેચન :** આગમમાં કહ્યું છે કે પ્રાયશ્ચિત્તને જે પાત્ર નથી એવા સાધુને જો પ્રાયશ્ચિત્ત અપાય અથવા તેને વધુ પડતું પ્રાયશ્ચિત્ત અપાય તો તે ઘણો સમય પ્રાયશ્ચિત્ત વહન કરવામાં કાઢીને સ્વાધ્યાયાદિકને હાનિ પહોંચાડે. આ જ્ઞાનાશાતનાનો દોષ અગીતાર્થ પ્રાયશ્ચિત્તદાતાને લાગે.

આવી આશાતના એ સાક્ષાત્ મિથ્યાત્વ છે. આશાતનાથી બચવું તે સમ્યક્ત્વ છે. અગીતાર્થ પૂર્વોક્ત રીતે જ્ઞાનાદિની આશાતના કરીને દીર્ઘ સંસારભ્રમણ ઊભું કરે છે.

અગીતાર્થપણાને લીધે આવા દોષો લાગે છે, પોતે આરાધના કરે તેમાં; બીજાને આરાધનાઓ કરાવે તેમાં...

તેથી જે અગીતાર્થ સ્વયં ગચ્છ ચલાવે છે અથવા જે ગીતાર્થ કોઈ વિચિત્ર અગીતાર્થને ગચ્છ ચલાવવા આપે છે તેને પણ આ બધા દોષો લાગે છે.

સારાંશ એ છે કે દરેક સાધુએ ગીતાર્થ બનવા માટે સજ્જડ પુરુષાર્થ કરવો જોઈએ. છેવટે બૃહત્કલ્પ, વ્યવહારસૂત્ર અને નિશિથસૂત્રની પીઠિકાઓના પદાર્થોને આત્મસાત્ કરીને જઘન્ય ગીતાર્થ પણ બનવું જોઈએ.

છેદગ્રન્થોમાં એવી વાત આવે છે કે કોઈ ગચ્છમાં ગચ્છાચાર્યનું એકાએક મૃત્યુ થયું. તે પટ્ટધર નીમી શકયા નહિ. વળી પટ્ટધર થઈ શકે તેવા ગીતાર્થ શિષ્ય તેમની પાસે હતા પણ નહિ, કેમકે બધા શિષ્યો નવા હતા.

આથી તે શિષ્યોએ ભેગા મળીને વિચારણા કરીને પરકીય ગચ્છના વિશિષ્ટ ગીતાર્થને પોતાના ગચ્છની રક્ષા (સેવા) કરવા માટે આમન્ત્રણ આપ્યું. તે ગીતાર્થ સાધુએ સાધુઓને ભણાવીને તૈયાર કર્યા. એમાં એક મહાત્મા પરિપક્વરૂપે ગીતાર્થ બન્યા. આમ થતાં આગન્તુક ગીતાર્થે ગચ્છનો ભાર તેમના માથે નાંખ્યો. પોતે વિહાર કર્યો.

આ દૃષ્ટાન્ત એવું કહે છે કે ગીતાર્થ થયા વિના કે તેની નિશ્રા લીધા વિના એક ક્ષણ માટે પણ સાધુજીવનમાં રહી શકાય નહિ. તેવી ક્ષણોમાં જે કાંઈ તપ-સંયમાદિ કરાય તેમાં એવું શાસ્ત્રનિષિદ્ધ વર્ત્તાઈ જાય કે તે આત્માનો અનંત સંસાર થાય.

ગચ્છમાં એવી ઢગલાબંધ બાબતો રોજ ઉપસ્થિત થાય જેના ગૌરવ-લાઘવ (પ્લસ-માઈનસ) જોઈને લાભ-નુકસાનનો નિર્ણય કરવો પડે અને તે રીતે આગળ વધવું પડે. આમાં જો જરાક પણ શરતચૂક થાય તો પુષ્કળ મોટો કર્મબંધ થઈ જાય.

જે પાકા ગીતાર્થ હોય તેમને તેવી ભૂલ થવાનો પ્રાયઃ સંભવ નથી. ભૂલ થાય તો તેનું પ્રાયશ્ચિત્ત કરીને સુધારો કરી લેતાં ગીતાર્થને પળની ય વાર લાગતી નથી. કેમકે પૂર્વે જણાવ્યું છે તેમ ગીતાર્થ અત્યન્ત ઉત્સૂત્રભીરૂ હોય, જિનાજ્ઞાનો રાગી હોય, જિનશાસનનો ભારેથી ભારે ઠેકેદાર હોય. એના રોમરોમમાં અને શ્વાસશ્વાસમાં જિનશાસનની ખુમારી હોય. એને દેવાધિદેવ તરફ અતિશય આદર હોય. આથીસ્તો એની ઉત્તરગુણ સંબંધિત નિકાચિત કે તીવ્ર એવા અનિકાચિત કર્મોના ઉદયે ઉત્પન્ન થયેલી શિથિલતાની અન્ય સાધુઓને ઉપેક્ષા કરીને તેનો ખૂબ આદર કરવાનું કહ્યું છે.

આવા ગીતાર્થોની સંખ્યા શ્રમણસમુદાયમાં વિરલ હોય છે. દર સોએ પાંચ જેટલી હોય.

જિનશાસનના સર્વહિતકર બંધારણને મજબૂત રાખવામાં, તેને અન્યોથી સુરક્ષિત રાખવામાં આ કટ્ટરપંથી ગીતાર્થોનો મોટો ફાળો હોય.

એથી જ તેઓને ભગવાન જિનેશ્વરદેવની આજ્ઞાઓમાં પરિવર્તન કરવાનો અધિકાર અપાયો છે. તમામ ગીતાર્થો ભેગા થઈને જ દેશ-કાલાધીન પરિવર્ત્તન કરી શકે એવું નથી. ઘણા બધા ગીતાર્થો પણ તેમ કરી શકે છે. એક મહાગીતાર્થનો નિર્ણય પણ સહુને અત્યન્ત માનનીય બની રહે.

* * *

**अबहुस्सुओ तवस्सी विहरिउकामी अजाणिउण पहं ।**
**अवराहपयसयाइं काउण वि जो न याणइ ॥ ४१२ ॥**

**देसिअराइयसोहिय वयाइयारे य जो न जाणइ ।**
**अविसुद्धस्स न वड्ढइ गुणसेढी तत्तिया ठाइ ॥ ४१३ ॥**

**અર્થ :** જે અલ્પશ્રુતવાન છે તે ગમે તેવો તપસ્વી હોય, મોક્ષમાર્ગને જાણ્યા વિના સંયમધર્મોમાં વિહરતો હોય, દોષના સેંકડો પદોને સેવતો હોય છતાં તે ભૂલોને જાણતો-સમજતો ન હોય.

દિવસ અને રાત્રિના દોષોની શુદ્ધિને તથા વ્રતોના અતિચારો કયા છે ? તે બધું જાણતો ન હોય તો તેની રત્નત્રયીના સોપાનો ચડવારૂપ ગુણશ્રેણિમાં વૃદ્ધિ થતી નથી. અર્થાત્ જેટલી હોય તેટલી જ રહે છે.

**વિવેચન :** અત્યાર સુધી અગીતાર્થ એટલે કે અજ્ઞાનીના સંયમજીવનની નિષ્ફળતા જણાવી. હવે અલ્પજ્ઞાનીના સંયમજીવનની પણ તેવી જ નિષ્ફળતા જણાવે છે.

આ અલ્પશ્રુત-અધકચરો જ્ઞાની - સાધુનો તપ, સંયમધર્મની આરાધના વગેરે વિશુદ્ધ નહિ હોવાના કારણે ભલે તે અગીતાર્થની જેમ અનંતસંસારી થાય નહિ પણ તેની ગુણશ્રેણી(કંડકસ્થાનો)માં વૃદ્ધિ થાય નહિ. એટલું જ નહિ પણ જો આ અર્ધદગ્ધ શ્રુતવાન્ સાધુ ગુરુનિશ્રા(ગુર્વાજ્ઞા)માં ન રહે તો તેની ગુણશ્રેણિ જે હોય તે પણ નષ્ટ થઈ જાય. ભલે પછી તે ઊંચું સંયમજીવન પોતાની સમજણ પ્રમાણે જીવે : પ્રાયશ્ચિત્તાદિ પણ કરે. એવાનું ચિત્ત સંકિલષ્ટ રહે એટલે ગુણશ્રેણિ ટકી રહેવાની શકયતા રહેતી નથી. લાગ પડે તો એનો સંસાર અનંત થઈને રહે.

* * *

अप्पागमो किलिस्सइ जइ वि करेइ अइदुक्करं तु तवं ।
सुंदरबुद्धीइ कयं बहुयं पि न सुंदरं होइ ॥ ४१४ ॥

अपरिच्छियसुहनिहसस्स केवलमभिन्नसुत्तचारिस्स ।
सव्वुज्जमेण वि कयं अन्नाणतवे बहुं पडइ ॥ ४१५ ॥

जह दायम्मि वि पहे तस्स विसेसे पहस्स अयाणंतो ।
पहिओ किलिस्सइ च्चिय तह लिंगायारसुअमित्तो ॥ ४१६ ॥

कप्पाकप्पं एसणमणेसणं चरणकरणसेहविहिं ।
पायच्छित्तविहिं पि य दव्वाइगुणेसु अ समग्गं ॥ ४१७ ॥

पव्वायणविहिमुट्ठावणं च अज्जाविहिं निरवसेसं ।
उस्सग्गववायविहिं अयाणमाणो कहं जयउ ॥ ४१८ ॥

**અર્થ અને વિવેચન :** અલ્પાગમ એટલે થોડુંક પણ જાણેલો સાધુ, જે અતિદુષ્કર તપ કરે તે માત્ર અજ્ઞાન-કષ્ટ છે. કેમકે ભલે તેની પોતાની કલ્પનાથી તે અતિ સુંદર વસ્તુ હોય પણ પોતાની સુંદરપણાની બુદ્ધિથી કરેલું બધું પરિણામે સુંદર જ હોય તેવો નિયમ નથી.

કોઈ દરદીને શરદી થઈ હોય તો તેણે દૂધ પીવું જ ન જોઈએ તેમ વૈદ્ય માનતો હોય; છતાં પોતે 'સૂંઠમાં દૂધ લેવામાં કોઈ વાંધો નહિ' એવી કાલ્પનિક સુંદર બુદ્ધિથી તે દૂધ પીએ તો તેનું લોહી જેવું સુંદર રૂપાન્તર નહિ થાય. આમ પોતાની કલ્પનાની સમજણ ચાલે નહિ. તેમાં વાસ્તવિક જ્ઞાનદશા હોવી જોઈએ; તે પણ અધકચરી કે સ્વચ્છંદપણે પ્રાપ્ત કરેલી નહિ પરંતુ ગુરુગમથી સાંગોપાંગ વિધિસર પ્રાપ્ત કરેલી હોવી જોઈએ.

જીવવાના સારા આશય સાથે ખાધેલું ઝેર મારનારું બને છે. આશય સારો હોવા માત્રથી ચાલે નહિ, સમજણ પણ સારી (સાચી) હોવી જોઈએ.

ગીતાર્થ પુરુષોનો જે આશય હોય છે તે શાસ્ત્રપ્રતિબદ્ધ ગણિતપૂર્વકનો હોય છે, તેનું પરિણામ ધાર્યા મુજબનું - સચોટ-જ આવે. તેમાં તે નિષ્ફળ જાય અને કહે કે, ''મારો આશય તો સારો હતો પણ શું કરું ? પરિણામ ન આવ્યું : ઊલટું આવ્યું'' તે ચાલે નહિ.

ધારેલું નિશાન પાર જ ઉતારે તેવું ગણિત જાણે તે ગીતાર્થ કહેવાય.

આંબાની ધરતીથી દસ ફૂટ દૂર રહેલી ડાળી ઉપર કેરી હોય અને તેને આંબી લઈને, કેરી ખાવાનો ઓરતો વાંદરાને પૂરો કરવો હોય ત્યારે તે વાંદરો બરોબર નિશાન લઈને કૂદકો મારે છે. પણ માત્ર અડધો ફૂટ કૂદકો ઓછો પડે છે. ધરતી ઉપર પટકાઈ જાય છે. ખૂબ વાગે છે. તે વખતે જો તે એમ કહે કે "મેં તો બહુ વ્યવસ્થિત રીતે, વિચારીને કૂદકો માર્યો હતો પણ શું કરું ? નિષ્ફળ ગયો." તો આ બચાવ ચાલી શકે નહિ. હજી વાંદરો (પશુ) તે બચાવ કરી શકે પણ પોતાના કાર્યમાં નિષ્ફળ જનાર ગીતાર્થ સાધુથી આવો બચાવ હસતાં હસતાં તો ન જ કરાય.

જેમ પરિણામ સારું લાવવું જરૂરી છે તેમ તેને માટેનો આશય પણ સારો અને સફળતા પામવાના ચોક્કસ ગણિતપૂર્વકનો હોવો જોઈએ.

આનું જ નામ ગીતાર્થતા : ગંભીરતા : ગણિતજ્ઞતા.

બુદ્ધિ સુંદર હોય તેમ સૂક્ષ્મ પણ હોવી જોઈએ, શાસ્ત્રીય હોવી જોઈએ.

સિદ્ધાન્તના જે વાક્યો છે તેનો વાક્યાર્થ જાણનાર સાધુ અધૂરો-જ્ઞાની કહેવાય. તેણે તે વાક્યોના મહાવાક્યાર્થોને અને તાત્પર્યો(રહસ્યો)ને બરોબર જાણવા જોઈએ. આ સિવાય માત્ર વાકયાર્થ કરવામાં ઊંધું વટાઈ જવાનો પૂરો સંભવ છે.

***પણ ભવસ્થિતિ પરિપાક થયા વિણ, કોઈ ન મુક્તે જાવે... ઓલંભડે મત ખીજો.***

એ સ્તવનની પંક્તિનો યથાશ્રુત અર્થ કરીને એક સાધુએ દીક્ષા છોડી દીધી હતી. તે સહુને કહેતો કે જ્યારે કાળ પાકશે ત્યારે મારો મોક્ષ થઈ જશે. આજે મોક્ષનો કાળ જ નથી તો સાધુજીવનનું કષ્ટ શા માટે વેઠવું જોઈએ ?

મોટા ગચ્છના એક સાધુએ રોજ એક સાધુની વૈયાવચ્ચ કરવાનો અભિગ્રહ લીધો. એક દી' કોઈ સાધુ માંદો ન પડ્યો એટલે તે રડવા લાગ્યો અને સતત એવી ભાવના કરવા લાગ્યો કે, "કોક સાધુ માંદો પડે તો સારું. મારો અભિગ્રહ પૂરો થાય."

***તિલભર મછલી ખાત હૈ કરે કોટિ ગૌદાન...***
***કાશી કરવટ લે ચલે, તો ભી નરક નિદાન.***

આ પંક્તિનો એક પંડિતે માછલીખાઉ રાજાને ખુશ કરી દેવા માટે એવો

અર્થ કર્યો કે "જો નાનકડા તલ જેટલી માછલી રોજ ખવાય તો નરક થાય. પણ હે રાજન ! તમે મોટોમસ વાટકો ભરીને માછલી ખાઓ છો એટલે તમારો તો સ્વર્ગ જ થાય. આ શ્લોક તમને બિલકુલ લાગુ થતો નથી."

આવા માણસો જ્ઞાની ન કહેવાય. અલ્પજ્ઞાની પણ કેમ કહેવા ? તે સવાલ છે. આ તો વસ્તુતઃ પૂરા અજ્ઞાની : બેવકૂફ કહેવાય.

ગ્રન્થકારશ્રી કહે છે કે જે સિદ્ધાન્તના રહસ્યો - ઉત્સર્ગ, અપવાદ વગેરે-ને જાણતો નથી, જેને મૂળસૂત્રોનું જ જ્ઞાન અને તેના અર્થનું ભાન છે પણ તેની ટીકા, ચૂર્ણિ, નિર્યુક્તિ, ભાષ્ય વગેરેનું કશું જ્ઞાન નથી; એવો જે મૂળ સૂત્ર (અભિન્ન-સૂત્ર)ના અલ્પજ્ઞાન ઉપર ચારિત્રજીવનને જીવતો સાધુ એટલી બધી ગેરસમજો કરી બેસે છે કે પોતાની મામુલી સમજણથી તે ગમે તેટલો તપ વગેરે કરે તો ય તે બધો અજ્ઞાન-તપ બનીને રહે છે.

તામલી તાપસ પૃથ્વ્યાદિ ચારમાં તથા લીલ નામની વનસ્પતિમાં જીવ-તત્વ જ માનતો ન હતો એટલે સુકાવેલી લીલથી જ છઠ્ઠના તપના પારણા કરતો; પંચાગ્નિ તપ કરવા દ્વારા પૃથ્વ્યાદિ જીવોની પુષ્કળ હિંસા કરતો. આ બધામાં પોતાની સમજણથી તે 'ધર્મ' સમજતો.

અજૈન ધર્મો ઉપર્યુક્ત પાંચ વસ્તુમાં જીવતત્ત્વ માનતા નથી એટલે તે ધર્મના અનુયાયીઓ તેમની ખૂબ હિંસા કરે છે. તેઓ કહે છે કે જ્યારે અમને ખબર જ નથી પછી અમને તે હિંસાનું પાપ શી રીતે લાગે ?

આનો જવાબ કોર્ટની ભાષામાં આપું કે અજ્ઞાન હોવું એ જ ગુનો છે. એ બચાવ નથી. **Ignorance is not excuse.**

મુંબઈમાં ઘણા બધા વન-વે રોડ છે. ત્યાં અજાણપણે કોઈ ઊંધા રસ્તે ગાડી દોડાવી દે તો પોલીસ તેને પકડીને સજા કરે જ.

દાઝી જવાના અજાણપણા સાથે બાળક અગ્નિને અડી જાય તો ય તે દાઝે જ. તેને કોઈ બચાવ મળે નહિ.

દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે જે સાધુ જીવ શું ? અને અજીવ શું ? તેનો વિવેક જ જાણતો ન હોય તે શી રીતે સંયમજીવન પાળશે ?

પૃથ્વી આદિ ચારમાં અસંખ્ય જીવો છે; લીલ વગેરે બાદર નિગોદમાં અનંત

જીવો છે. આ જીવોમાં જીવ-તત્ત્વ જાણ્યું ન હોય તો કેટલા બધા-અનંત જીવો-ની હિંસા થઈ જાય ! હવે આવા જીવો અહિંસા-ધર્મના અભાવમાં - થોડીક અહિંસા કરવાના પ્રભાવે- શી રીતે મોક્ષ પામી શકે ?

અજૈનોનો મોક્ષ નહિ થવાનું આ કારણસર જ કહેવામાં આવે છે.

ગ્રન્થકારશ્રી કહે છે (શ્લોક-૪૧૬) જેમ કોઈ મુસાફરને માર્ગ (માર્ગસામાન્ય) બતાડ્યો પણ તે કઈ દિશા તરફનો કયો માર્ગ (માર્ગવિશેષ) છે ? તે ન બતાડાય તો માર્ગનું અલ્પજ્ઞાન હોવાથી પરેશાન થાય છે તેમ સાધ્વાચાર અને સાધુલિંગ (રજોહરણ) ધારણ કરવા છતાં જો પોતાની બુદ્ધિથી બધું કરાય અને તેનો વિધિ વગેરેની વિશેષ જાણકારી ન પમાય તો તે સાધુજીવનમાં દુઃખી જ થાય.

નીચેની બાબતોના વિષયમાં અજાણ અથવા અલ્પ-જાણ સાધુ લિંગધારી હોવા માત્રથી મોક્ષમાર્ગને વાસ્તવિક રીતે આરાધી શકે નહિ.

કલ્પ્ય-અકલ્પ્ય, આહારશુદ્ધિ, ચરણસિત્તરી, કરણસિત્તરી, નવદીક્ષિતને ગ્રહણ-આસેવનશિક્ષાવિધિ, દસધા પ્રાયશ્ચિતવિધિ, દ્રવ્યાદિ ચારની અને ઉત્તમાદિ ત્રણની સંપૂર્ણપણે જાણકારી, કાચી-પાકી દીક્ષાવિધિ, સાધ્વીજીની કેટલીક વિધિઓને, ઉત્સર્ગાપવાદવિધિને સંપૂર્ણ રીતે નહિ જાણનાર - અલ્પશ્રુત વેષધારી સાધુ મોક્ષમાર્ગરૂપ રત્નત્રયીની આરાધનાને યથાવિધિ ન તો કરી શકે, ન કરાવી શકે. ઊલટો 'અવિધિ'ના દોષસેવનથી સંસારભ્રમણ કરનારો બની જાય.

ગ્રન્થકારશ્રી ઠોકી-વગાડીને એક જ વાત કરે છે કે શાસ્ત્રોના અજ્ઞ અને અલ્પજ્ઞોને ધર્મ કરીને ય સંસારભ્રમણ તૂટતું નથી પણ વધતું રહે છે.

હાય, અજ્ઞાનતા, અવિધિનો ક્રૂર પ્રભાવ !

* * *

**सीसायरियकमेण य जणेण गहियाइं सिप्पसत्थाइं ।**
**नज्जंति बहुविहाइं न चक्खुमित्ताणुसरिआइ ॥ ४१९ ॥**

**અર્થ :** કોઈ માણસ મહાન શિલ્પી કે ચિત્રકાર બનવા માંગે તો શિલ્પને કે ચિત્રોને જોવા માત્રથી ન બની શકાય; પણ પહેલાં તેણે કોઈ તેના આચાર્યની પાસે તે શીખવું જોઈએ : તેણે શિષ્ય બનવું જોઈએ. તે પછી આગળ વધતાં વધતાં કલાચાર્ય બનવું જોઈએ. એવા કલાચાર્ય વાસ્તવિક રીતે કલાના જ્ઞાની કહેવાય. તેમની કલાઓ સફળ બને.

**વિવેચન :** ચિત્રો જોયા કરવાની જેમ ક્રિયાદિકને જોઈને કે અધકચરા જાણીને કલાચાર્ય ન બનાય : ગીતાર્થ ન બનાય.

આ માટે તે તે વસ્તુનું તેના તેના આચાર્યની નિશ્રામાં રહીને તેમની સેવા કરવા સાથે જ્ઞાન મેળવવું જોઈએ. આ પછી જ જે અનુષ્ઠાનાદિ થાય (ચિત્રો દોરાય કે શિલ્પો ઘડાય) તેનું પૂરું ફળ મળે.

આમાં ગ્રન્થકારે બે વાત કરી. સાચો સાધુ એટલે જ્ઞાની (ગીતાર્થ) સાધુ. તે માટે તેણે (૧) ગુરુના શિષ્ય બનીને જ્ઞાન મેળવવું. (૨) સ્વયં ગુરુ (આચાર્ય - ગીતાર્થ) બનવું. આ ક્રમે આગળ વધીને સંયમધર્મની આરાધનાઓ કરાય તો તે સફળ થાય.

(૧) કોઈ ગુરુને સ્વીકાર્યા વિના : શિષ્ય બન્યા વિના ન ચાલે.

(૨) સ્વયં ગીતાર્થ ગુરુ બનવું જોઈએ.

માત્ર અધકચરા જ્ઞાનથી કે બીજાઓની ક્રિયાઓને જોઈ લેવાથી જ્ઞાની બની શકાય નહિ. જેમ ચિત્રો જોવા માત્રથી ચિત્રકાર બની શકાતું નથી.

ગુરુ પાસે પણ પૂરી અદબથી કે પૂરા સમર્પણભાવથી જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. તે ભૂલો બતાડતાં જાય; શિષ્ય સુધારતો જાય.

જે દિ' ભૂલો કાઢતાં ગુરુ ઉપર અસદ્‌ભાવ થાય તે દિ' શિષ્યનો વિકાસ સ્થગિત થાય : વિકાસની દોટ અટકી પડે.

પેલો મહાન ચિત્રકાર બાપ ! પોતાના દીકરા શિષ્યને ચિત્રકલા શીખવતો. પુષ્કળ ભૂલો કાઢતો. દીકરો મહાન ચિત્રકાર બન્યો ત્યાર પછી તેની ભૂલો કાઢવાનું કામ બાપે ચાલુ રાખ્યું તો એક દિ' દીકરો ઉશ્કેરાઈ ગયો. તે દિ' બાપે મનોમન સંકલ્પ કર્યો કે હવે તેને કશું કહેવું નહિ. તે પાત્રતા ગુમાવી બેઠો છે. બાપે તેને કહ્યું, "બેટા ! મારી જ ભૂલ થઈ ગઈ કે મેં તારી ભૂલ કાઢી. તારું આ ચિત્ર તો અત્યન્ત અદ્‌ભુત છે. તદ્દન ક્ષતિમુક્ત છે."

બસ... એ દિવસથી દીકરાનો ચિત્રકામમાં વિકાસ સ્થગિત થઈ ગયો.

'ગુરુની ગાળ, ઘીની નાળ' એવું જે શિષ્ય હાડોહાડ માને તે જ ગુરુ પાસેથી પુષ્કળ જ્ઞાન પામી શકે. ગુરુકૃપાથી તે ગુરુ-પદે (ગીતાર્થ-પદે) આરૂઢ થઈ શકે.

ગુરુ ન બનાય તો ચાલે; પણ ગીતાર્થ—છેવટે જઘન્ય ગીતાર્થ—તો દરેક સાધુએ બનવું જ જોઈએ. કેમકે તે વિના બધું સંયમ-તપ-જપનું અનુષ્ઠાન વ્યર્થ બની જાય છે. સ્વપરનું થતું હિત આભાસિક બની રહે છે.

* * *

**जह उज्जमिउं जाणइ नाणी तव संजमे उववायविऊ ।**
**तह चक्खुमित्तदरिसण सामायारिं न याणंति ॥ ४२० ॥**

**અર્થ અને વિવેચન :** જ્ઞાની સાધુ પોતાના જ્ઞાન-ચક્ષુથી જે રીતે સંયમજીવનની આરાધનાના ઉપાયો અને તેમાં ઉદ્યમ કરવાનું જાણે છે તેવું બીજાના ક્રિયાકાંડને માત્ર આંખેથી જોઈને (જ્ઞાનથી સમજ્યા વિના) તપ-ક્રિયાદિકની સામાચારીને આચરતાં સાધુઓ જાણી શકતા નથી.

કહેવાનું તાત્પર્ય એક જ છે કે જ્ઞાની બન્યા વિનાના ક્રિયાકાંડનું અનુષ્ઠાન મોક્ષપ્રદ બની શકતું નથી.

* * *

**सिप्पाणि य सत्थाणि य जाणंतो वि य न जुंजइ जो उ ।**
**तेसिं फलं न भुंजइ इय अजयंतो नाणी ॥ ४२१ ॥**

**અર્થ :** શિલ્પ, ચિત્ર, વ્યાકરણ વગેરે શાસ્ત્રોને જાણ્યા પછી તેનો ભોગવટો (ઉપયોગ) ક્રિયાત્મક રીતે જો ન કરાય તો તે અને જ્ઞાની પુરુષ - તપ વગેરે અનુષ્ઠાનોમાં પ્રયત્ન ન કરે તો—પણ મોક્ષાદિકનું ફળ પામી શકે નહિ.

**વિવેચન :** ગ્રન્થકારશ્રી અત્યાર સુધી અજ્ઞાની (અગીતાર્થ), અર્ધદગ્ધ જ્ઞાની (અગીતાર્થ)ની જ્ઞાનરહિતતાને કારણે જે તપ-સંયમાદિમાં યત્ન કરે તે નિષ્ફળ - વિફળ જાય તેમ કહેતા હતા. હવે ઊલટું પણ કહે છે કે જ્ઞાની પણ જો તપ-સંયમાદિમાં યત્ન ન કરે તો તેની જ્ઞાનદશા પણ નિષ્ફળ જાય. આ વાતને હવે પછીના શ્લોકમાં વિશેષ સ્પષ્ટ કરવામાં આવી છે.

* * *

**गारवतियपडिबद्धा संजमकरणुज्जमम्मि सीअंता ।**
**निग्गंतूण गणाओ हिंडंति पमायरण्णंमि ॥ ४२२ ॥**

**અર્થ :** જે જ્ઞાની રસાદિ ત્રણ ગારવોમાં ફસાઈ ગયા છે અને સંયમ–ક્રિયાદિકમાં સીદાય છે, તેમાં ઉદ્યમ કરતા નથી, ગણમાંથી છૂટા પડીને પ્રમાદ-અરણ્યમાં ભટકે છે તે સાધુઓ જ્ઞાની છતાં મોક્ષફળને પામી શકતા નથી.

**વિવેચન :** અહીં પ્રમાદમાં (શાતામાં) ચકચૂર શેલક આચાર્ય, ઋદ્ધિમાં ચકચૂર મંગુ આચાર્ય અને રસમાં ચકચૂર કંડરિક મુનિ યાદ આવે છે. આ બધા જ્ઞાની હતા પણ ગારવમાં ડૂબેલા હતા. સંયમજીવનના તપ - અનુષ્ઠાનોમાં સાવ શિથિલ હતા.

આ દૃષ્ટાન્તોવાળા મુનિઓ અજ્ઞાની (અગીતાર્થ) કે અલ્પજ્ઞ (અગીતાર્થ) ન હતા, ગીતાર્થ હતા; પણ તેમનું ગીતાર્થપણું તેમને ગારવોમાંથી રક્ષિત રાખી શક્યું નહિ. જોરદાર ચારિત્રમોહનીયકર્મના ઉદયમાં તેઓ બરોબર ફસાઈ ગયા.

આ ગીતાર્થો પોતાના ગારવો બદલ જરાય દુ:ખી ન હતા તેમ સ્વીકારવું પડે, કેમકે તેવા દુ:ખવાળા ગીતાર્થો જો શાસનપ્રભાવના કરતા હોય તો તેમને મોક્ષફળ અવશ્ય મળે છે.

પાપની પાછળનો તીવ્ર પશ્ચાત્તાપ પાપકર્મને નિરનુબંધ કરીને તેનો નાશ કરે છે.

શેલક વગેરેને પોતાના ગારવો બદલ ન તો દુ:ખ હતું કે ન પશ્ચાત્તાપ હતો. (હા, શેલકાચાર્યને પાછળથી પશ્ચાત્તાપ થયો હતો. તેમણે ગારવનો ત્યાગ કરી દીધો હતો.)

* * *

**नाणाहिओ वरतरं हीणो वि हु पवयणं पभावंतो ।**
**न य दुक्करं करंतो सुट्ठु वि अप्पागमो पुरिसो ॥ ४२३ ॥**

**અર્થ :** જે જ્ઞાનાધિક છે અને જે શાસનપ્રભાવક છે પરંતુ બીજી બાજુ જે ક્રિયામાર્ગે શિથિલ છે. દુષ્કર અનુષ્ઠાનો કરતો નથી.

બીજો સાધુ કે જે ક્રિયામાર્ગમાં તત્પર છે પણ અલ્પશ્રુત ધરાવતો હોઈને અગીતાર્થ છે.

તો આ બે માં ક્રિયાહીન, જ્ઞાનવાન, શાસનપ્રભાવક (શિથીલતા બદલ અત્યન્ત દુ:ખી) મહાન છે પણ ક્રિયાવાન જ્ઞાનહીન (અલ્પજ્ઞાની કે સાવ અજ્ઞાની)

તે સારો નથી.

**વિવેચન :** અહીં એ વાત ધ્યાનમાં લેવી કે જ્ઞાની શાસનપ્રભાવક શિથિલ હોય પણ જો તે બદલ અત્યન્ત દુઃખી હોય તો જ તે મહાન છે, બાકી જરાય નહિ. નિષ્ઠુર રીતે દોષો સેવનારો જ્ઞાની શાસનપ્રભાવક કદી મહાન કહી શકાય નહિ.

વળી અજ્ઞાની તો પ્રભાવક હોય કે ન હોય, તે તો મહાન ન જ કહેવાય, કેમકે અજ્ઞાનદશાને લીધે ગમે ત્યારે, ગમે તેવું શાસ્ત્રવિરુદ્ધ બાફી નાંખે.

* * *

**नाणाहियस्स नाणं पुज्जइ नाणापवत्तए चरणं ।**
**जस्स पुण दुण्ह इक्कं पि नत्थि तस्स पुज्जए काइं ॥ ४२४ ॥**

**અર્થ :** જે જ્ઞાનથી અધિક છે તેનું જ્ઞાન પૂજાય છે. તે જ્ઞાનથી ચારિત્રની પ્રાપ્તિ થાય છે. પણ જેની પાસે જ્ઞાન કે ચારિત્ર બેમાંથી કશું નથી તેની પૂજા કોણ કરે ? શા માટે કરે ?

**વિવેચન :** જિનોક્ત પદાર્થોને સમ્યગ્જ્ઞાનના બળે બરોબર સમજી શકાય; પછી સમ્યગ્દર્શનથી તેની ઉપર અકાટ્ય શ્રદ્ધા મૂકી દેવાય. એ પછી જેનો નિષેધ હોય તેનો ત્યાગ કરવારૂપ અને જેનું વિધાન હોય તેનું સેવન કરવારૂપ ચારિત્ર આવ્યા વિના પ્રાયઃ ન રહે.

જ્ઞાનનું ફળ વિરતિ છે. જ્ઞાનની સાથે દર્શન જોડાયેલું છે. આમ ત્રિવેણીસંગમ થયા વિના રહે નહિ.

નિશ્ચયનય કહે છે કે જે દર્શનમાંથી ચારિત્રનું ફળ ન આવે તે વાંઝીયું કહેવાય. તેને દર્શન જ ન કહેવાય.

વ્યવહારનય કહે છે કે ના, તેમ નહિ. ચારિત્ર વિનાનું દર્શન પણ દર્શન કહેવાય. વાંઝીયું પણ વૃક્ષ, વૃક્ષ તો કહેવાય જ છે ને ?

જો કે દર્શન-જ્ઞાન આવ્યા બાદ ચારિત્રને આવવામાં વાર ન લાગે, કેમકે તે આત્માની ચિત્તસ્થિતિ ચારિત્ર તરફ જ ધસી જાય. પણ ક્યારેક કેટલાક(કૃષ્ણ, શ્રેણિક વગેરે)ને દર્શનમોહનીય કર્મનો નિકાચિત ઉદય થતાં ચારિત્ર પ્રાપ્ત નથી થયું.

આવું જ ચારિત્રનો વેષ મળ્યા પછી દર્શન-જ્ઞાનના સ્વામી આત્માને ચારિત્ર-મોહનીય કર્મનો ઉદય થતાં તપ-અનુષ્ઠાનમાં શિથિલતા આવે છે. જ્ઞાનદશા હોવાથી એટલો લાભ થાય કે તે આત્માને તેવા શિથીલ ચારિત્ર બદલ પારાવાર દુઃખ થાય. (આ સ્થિતિ અનંતાનુબંધી કર્મના ક્ષયોપશમથી મળે.) તે અંતરમાં ખૂબ રડે; હજારો આત્માઓને સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર, ઉત્કૃષ્ટ તપ-જપ અનુષ્ઠાનનું દાન કરે પણ પોતે તપ વગેરે ન કરી શકે : તેમાં શિથિલ રહે. આવા આત્માઓને સંવિગ્નપાક્ષિક કહેવાય. તેઓ મોક્ષ પામી શકે. આંતર-પશ્ચાત્તાપની જ્વાળાઓમાં તેમની શિથિલતાના કર્મો બળીને ખાખ થઈ જાય. આવા આત્માઓને શાસ્ત્રકારોએ તિરસ્કાર્યા નથી; મહાત્મા કહ્યા છે. ભલે પછી તે સાધુવેષમાં હોય કે નંદિષેણની જેમ સંસારમાં પડેલા હોય.

ગ્રન્થકારશ્રી કહે છે કે જ્ઞાનદશા તેને જ કહેવાય જ્યાં સામાન્યતઃ રાગ દ્વેષની પરિણતિ ઊભી ન રહે; ઉપરથી ઉચ્ચ કોટિનો વિરાગભાવ અને તપ-સંયમધર્મમાં તીવ્ર પ્રયત્ન જોવા મળે.

સૂર્યના કિરણો પ્રગટ થતાંની સાથે અંધકારને ભાગી જ જવું પડે.

આમાં અપવાદરૂપ પૂર્વોક્ત પ્રકારનો જ્ઞાની છે, બાકી બધાને દર્શન અને જ્ઞાન પ્રાપ્ત થયા પછી સમ્યક્ચારિત્ર મળે. તેના તપ-સંયમાદિ ધર્મોમાં સફળ પુરુષાર્થ પ્રાપ્ત થાય. આ જ રાજમાર્ગ છે.

નિકાચિત કર્મોદયની સતામણી કોક વિરલ આત્માને થાય. તેમાં ય શાસનપ્રભાવક મહાગીતાર્થને શૈથિલ્યપ્રાપ્તિની સતામણી તો ક્વચિત્ જ જોવા મળે.

* * *

**नाणं चरित्तहीणं लिंगग्गहणं च दंसणविहीणं ।**
**संजमहीणं च तवं जो चरइ निरत्थयं तस्स ॥ ४२५ ॥**

**અર્થ :** ચારિત્રહીન જ્ઞાન, દર્શનવિહીન સાધુવેષ, ષડ્જીવનિકાયરક્ષા (સંયમ)–વિહીન તપ જે સાધુ પાસે હોય તેને તે બધું નકામું જાય.

**વિવેચન :** અરે, આ તો હદ થઈ કે જ્ઞાની પુરુષ સામે પ્રકાશસ્વરૂપ જ્ઞાનદશા હોય છતાં તે ચારિત્રહીન હોય ! આચાર બાબતમાં સાવ શિથિલ હોય.

જેની પાસે સાધુવેષ હોય પણ છઠ્ઠા ગુણસ્થાનનું ચારિત્ર બિલકુલ ન હોય !

જેની પાસે ષડ્જીવનિકાયની રક્ષામાં મીંડું હોય પણ ઉગ્ર તપસ્વી હોય.

આ બધું ખૂબ બેઘાઘંટુ કહેવાય.

કહેવાનું તાત્પર્ય એ છે કે રત્નત્રયીના ત્રણેય અંશો સહવર્ત્તી જ હોવા જોઈએ.

તપ અને સંયમ સાથે હોવા જોઈએ.

સાધુવેષ સાથે અભ્યન્તર ચારિત્ર પણ હોવું જોઈએ.

જેમ સમ્યગ્દર્શન સાથે અવિરતિનું હોવું જોખમી છે; તેનો હુમલો ગમે ત્યારે થાય અને સમ્યગ્દર્શનને ડુબાડી દે તેમ સર્વવિરતિ સાથે પ્રમાદનું હોવું જોખમી છે, તેનો હુમલો થાય અને તે સર્વવિરતિને ઉડાવી દે.

જ્ઞાનદશા ચારિત્રસંપન્નતાથી જ શોભે.

સાધુવેષ પણ ચારિત્રથી શોભે.

ઉગ્ર તપ પણ ષડ્જીવનિકાયની રક્ષાસ્વરૂપ ચારિત્રથી જ શોભે.

ચારિત્ર એ જ વાસ્તવિક મોક્ષમાર્ગ છે. તે પ્રાપ્ત થાય એટલે દર્શન-જ્ઞાન પ્રાપ્ત થયા જ હોય. આવું સુંદર ચારિત્ર (તપ-સંયમના અનુષ્ઠાનોમાં) જ્ઞાનયુક્ત હોય તો વધું ખીલતું જાય.

નવતત્વાદિના જ્ઞાન વિનાનું સમ્યગ્દર્શન હોઈ શકે ખરું એવો એક મત છે. (अयाणमाणेऽवि सम्मत्तं) પણ પ્રસિદ્ધ મત એ છે કે તે બે સાથે જ હોય. દીવો અને તેના પ્રકાશની જેમ સહભાવી હોય.

* * *

**जहा खरो चंदणभारवाही भारस्स भागी न हु चंदणस्स ।**
**एवं खु णाणी चरणेण हीणो नाणस्स भागी न हु सुग्गइए ॥ ४२६ ॥**

**અર્થ અને વિવેચન :** ચંદનના લાકડાનો ભાર ઊંચકતા ગધેડાને એ ભાર ઊંચકવાનું કષ્ટ પ્રાપ્ત થાય પણ ચંદનની સુવાસ વગેરે મેળવવાનો લાભ ન મળે.

જે જ્ઞાની છે પણ ચારિત્રહીન છે (સંસારી જીવ અથવા વેષધારી જ્ઞાની સાધુ) તે મોક્ષની પ્રાપ્તિ કરી શકતો નથી. જ્ઞાનનો ભાર ઊંચકીને ફરતો રહે છે.

આવા સાધુને જ્ઞાની એટલે વિદ્વાન કહેવો જોઈએ; જેણે માત્ર વેષ પહેર્યો

છે, જે સારો વક્તા (લેક્ચરર) વગેરે છે પરંતુ સારો ચારિત્રસંપન્ન સાધુ નથી.

વસ્તુતઃ આવા વેષધારી સાધુઓને ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમથી મળતું સાચું ચારિત્ર હોતું નથી પણ શાતાવેદનીય કર્મના ઉદયવાળું વેષધારીપણું મળે છે. તેમાં તે ખાનપાન-માનપાનના જલસામાં ગળાડૂબ રહે છે. તે તપ અને કાયોત્સર્ગ વગેરે સ્વરૂપ કઠોર અનુષ્ઠાનોનું આચરણ કરતો નથી, એટલું જ નહિ પણ તેમાં તેને રસ પણ નથી. એ સુંદર ભાષણો કરીને લોકોનું મનોરંજન કરે; ભક્તો બનાવીને તેમના ભગવાન તરીકે પુજાય; ભક્તોના માનપાન અને ખાનપાનનો ખૂબ રસિયો હોય.

ગ્રન્થકારશ્રીએ તેને ગધેડા જેવો વિદ્વત્તાનો ભારમાત્ર ઊંચકનાર વેષધારી સાધુ કહ્યો છે.

જે ગુરુ આવા પૂરા અપાત્ર આત્માઓને દીક્ષા આપે છે, યાવત્ આચાર્યપદ આપે છે તે ગુરુ દીર્ઘસંસારી બને છે.

વર્ત્તમાનકાળમાં તો આવા ઠેલંઠેલા ચારે બાજુ જોવા મળે છે. આમાં કશો સુખદ ફેરફાર પણ લાવી શકાય તેવું સંગઠનબળ (એકતા) નથી એ વાત અતિ દુઃખદ છે. શું કરવું ? તે સમજાતું નથી. નિયતિને સલામ કરવા સિવાય કોઈ આશ્વાસન મળે તેમ નથી.

* * *

**संपागडपरिसेवी काएसु वएसु जो न उज्जमइ ।**
**पवयणपाडणपरमो सम्मत्तं कोमलं तस्स ॥ ४२७ ॥**

**અર્થ અને વિવેચન :** ખુલ્લંખુલ્લા–બેશરમ બનીને–સાધુજીવનની નિષિદ્ધ બાબતોનું આચરણ કરતો સાધુ કે ષડ્જીવનિકાયનું અને પાંચ મહાવ્રતોનું પાલન કરતો નથી : માત્ર પ્રમાદ સેવે છે અને તેમ કરીને જિનશાસનની લોકોમાં લઘુતા કરે છે તેનું સમ્યક્ત્વ નિઃસાર છે : તે સમ્યક્ત્વ આભાસિક છે. તેનામાં વસ્તુતઃ મિથ્યાત્વ રહેલું છે.

ગ્રન્થકારશ્રી કહે છે કે જેણે સાધુવેષ લીધો તેણે જિનાજ્ઞાઓનું બરોબર પાલન કરવું જોઈએ. જે અંશમાં પાલન ન થાય તે અંશમાં રડતી આંખ સાથે કટ્ટર પક્ષપાતી બનવું જોઈએ. ભલે કદાચ વિષમ કર્મોના યોગે તે શિથિલ (પ્રમાદી) બને તો ય તેણે 'સંવિગ્નપાક્ષિક' તરીકેની પોતાની સ્થિતિને જાહેરમાં કહેવી

જોઈએ અને ગીતાર્થ ગુરુ પાસે તમામ દોષોનું શુદ્ધ પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ.

આમ ચાલુ રહે તો પશ્ચાત્તાપના પ્રભાવે તે દોષો(પ્રમાદ) એક વાર અવશ્ય દૂર થઈ જાય. રડવાના દિવસો બંધ થઈને હસવાના દિવસો શરૂ થાય. કદાચ ચાલુ ભવમાં તેવું ન જ બને તો આવતા ભવમાં તો ચારિત્રનું ઊંચામાં ઊંચું અપ્રમત્તભાવભરપૂર જીવન તો નિશ્ચિત મળે. એવા સાત આઠ ભવ મળતાં મોક્ષ થઈ જાય.

કાં અપાપ જીવન.

કાં પશ્ચાત્તાપભરપૂર જીવન.

આ બન્ને સ્થિતિ જ્ઞાની : ગીતાર્થ સાધુની જ હોઈ શકે.

પ્રાયઃ તે ઉત્તમ સંયમનો સ્વામી હોય.

અથવા શિથિલ સંયમનો ધિક્કારી હોય.

જેની પાસે આ બેમાંથી કશું નથી; જે જ્ઞાની અને પ્રભાવક છતાં નિષ્ઠુરપણે દોષો સેવે છે અથવા જ્ઞાની કે પ્રભાવક પણ નથી તેનામાં સાધુવેષ છે એટલે સમ્યક્ત્વ પણ છે જ એવું માની લેવું નહિ. તેનું કહેવાતું સમ્યક્ત્વ એ શૂન્ય છે. તે અંતરમાં મિથ્યાત્વથી જ ખદબદી રહ્યો છે.

સુંદર સંયમજીવન જીવતો ગીતાર્થ સાધુ સદાનો હસતો હોય.

શિથિલ સંયમજીવન જીવતો ગીતાર્થ સાધુ સદાનો રડતો હોય. એની ગીતાર્થતા જ એને રડાવતી હોય. વસ્તુતઃ એ શિથિલ રહે જ નહિ, પણ નિકાચિત કર્મો તેને પછાડીને તેની આવી ખરાબ હાલત કરે એટલે તે રડતો જ રહે. તેને ખાવું-પીવું ન ભાવે, તેની નિંદર ઊડી જાય, તેના મોં ઉપર સતત પરભવે દુર્ગતિની ચિન્તા પુષ્કળ જોવા મળ્યા કરે.

બાકી તો એવા ભારેકર્મી સાધુઓ હોય છે જેઓ વ્યાખ્યાનમાં મોક્ષ પામવાની જોરદાર વાતો કરે છે અને મનમાં 'મોક્ષ'ને સાવ બોગસ માને છે. આ બધા કાં અભવી હોય છે અથવા તેમના ભાઈ હોય છે, કે પાકા ભાઈબંધ હોય છે.

મારા મતે તો મિથ્યાત્વભાવના તોફાનથી પોતાનું પતન કે લઘુતા થાય તે કરતાં ય તેનાથી જિનશાસનની લોકોમાં લઘુતા થાય એ બહુ ગંભીર બાબત ગણાય.

આ જગત્‌ના સૌથી મોટા બે પાપ : (૧) જિનશાસનની લઘુતા કરવી (૨) ઉત્સૂત્રપ્રરુપણા કરવી.

ઝેર ખાઈને મરી જવું સારું પણ આ બે મહાપાપો સ્વપ્ને પણ સેવવા નહિ.

આ બે પાપો સેવનારો એક સાધુ નથી મરતો, તે લાખો લોકોને મારે છે, તેમના ભાવપ્રાણોનું હરણ કરે છે.

જો બીજાઓને ધર્મ પમાડનારા પ્રભાવક સાધુનું મૂલ્ય ઘણું બધું છે તો બીજાઓને અધર્મની ગંજાવર પ્રભાવના કરતાં સાધુનું મૂલ્ય ભંગી જેટલું પણ ન ગણાય.

* * *

**चरणकरणपरिहीणो जइ वि तवं चरइ सुट्ठ अइगुरुअं ।**
**सो तिलं व किणंतो कंसिय बुद्धो मुणेअव्वो ॥ ४२८ ॥**

**અર્થ :** જે નથી ષડ્‌જીવનિકાયની રક્ષા કરતો, નથી પાંચ મહાવ્રતોનું પાલન કરતો, નથી ચરણકરણસિત્તરીની આરાધના કરતો અને કરે છે; અઠ્ઠાઈ, માસખમણ વગેરે તપ... તે માણસ પેલા બોદ્ર ગામમાં રહેતાં માણસ જેવો છે જે થોડાક તલના બદલામાં ઘણું તેલ આપી દે છે.

* * *

**छज्जीवनिकायमहव्वयाण परिपालणाइ-जइधम्मो ।**
**जइ पुण ताइं न रक्खइ भणाहि को नाम सो धम्मो ॥ ४२९ ॥**

**અર્થ :** ષડ્‌જીવનિકાયની રક્ષા અને મહાવ્રતોનું સારી રીતે પાલન તે સાધુપણાનો ધર્મ છે. જો તેનું પાલન ન થાય તો બીજો કયો ધર્મ સેવીને લાભ થાય ?

**બે શ્લોકોનું વિવેચન :** જીવદયા અને મહાવ્રતોના પાલનનો મોટો લાભ છોડીને ઘોર તપ કે મોટો જપ માત્ર કરવો એ તો મોટાનો ભોગ લઈને નાનાની પ્રાપ્તિ કરવા જેવું મૂર્ખ માણસનું કામ કહેવાય.

બોદ્ર ગામના મૂર્ખ માણસ પાસે તલ હતા. તેણે તેલના વેપારીને કહ્યું કે તું મને તેલ આપ, તેના બદલામાં હું તને તલ આપું.

વેપારીએ ચાલાકી કરી. દુકાનના આરીસાની સાવ પાસે તેલ મૂક્યું. ધારો કે તે તેલ ૫૦૦ ગ્રામ હતું તો તેટલું જ ૫૦૦ ગ્રામ આરીસામાં પ્રતિબિંબિત થયું.

ઘરાક પાસે બે કિલો તલ હતા. વેપારીએ ઘરાકને કહ્યું કે, "તું મને બે કિલો તલ આપ. હું તને ૧,૦૦૦ ગ્રામ તેલ આપું."

સોદો થઈ ગયો. માલની આપ-લે થઈ, તેમાં બોદ્ર ગામનો ગામડીઓ મૂર્ખ બન્યો, કેમકે તેને આરીસામાં પ્રતિબિંબિત કરીને બતાડાયેલું તેલ ન મળ્યું. એક હજાર ગ્રામને બદલે પાંચસો ગ્રામ જ તેલ મળ્યું. એની સામે તેને બે કિલો તલ દેવા પડ્યા.

આમ વધુ તલનો ભોગ  દઈને તેણે થોડુંક તેલ મેળવવાની મૂર્ખાઈ કરી.

જે સાધુ સંયમજીવનના નિત્યાનુષ્ઠાનો-જીવરક્ષા, મહાવ્રતોનું પાલન, ચરણ-કરણ-સિત્તરીનું પાલન-ની ઉપેક્ષા કરે છે : તેમાં શિથિલ રહે છે અને માસખમણ કરી દે છે; કે એક હજાર કિલોમીટર ચાલીને તીર્થયાત્રા કરે છે, અથવા નવ લાખ નવકારનો જપ કરે છે તે સાધુ પેલા મૂર્ખ માણસ જેવો છે.

કેટલાક સાધુઓ કોઈ તીર્થંકરભગવંતના પાંચ કલ્યાણકોના ચોવિહાર ઉપવાસ–જપ સહિત–કરે છે, પણ પાંચ તિથિએ રોકડી નવકારશી કરે છે.

કોઈ સાધુ બે કલાક સુધી ઊભા રહીને પદ્માવતી કે ઘંટાકર્ણનો જપ કરે છે, પણ પ્રતિક્રમણ તો બેઠાં બેઠાં જ કરે છે.

કોઈ સાધુ એક કલાક ધ્યાન ધરે છે પણ પ્રતિક્રમણ કરતો જ નથી.

કોઈ સાધુ મુનિસુવ્રત સ્વામીના શનિવાર કરે છે, આંબિલ કરે છે પણ ચૌદસે પોરસી પણ કરતો નથી.

આ બધું થોડુંક મેળવીને ઘણું ગુમાવવા જેવું કામ કહેવાય.

વળી, સંયમધર્મ સાથે સંલગ્ન અનુષ્ઠાનો ન કરવા અને બીજું જ બધું કરવું તેમાં તે અનુષ્ઠાનોની અને તેના પ્રરુપક ગણધર ભગવંતોની મોટી આશાતના કર્યાનું પાપ લાગે છે.

હવે તો વાત આથી પણ આગળ વધી છે.

રાતે દસ-બાર વાગતાં સુધી ગૃહસ્થો સાથે ગામગપાટા મારીને પ્રતિક્રમણ સાવ છોડી દેવાય છે કે  દસ મિનિટમાં પતાવી દેવાય છે.

બે-ત્રણ કલાક સુધી છાપાં-ચોપાનીઆં વાંચતા રહીને સ્વાધ્યાયનો સદંતર ત્યાગ રખાય છે. પોતાની પાસે તેવું અનાધ્યાત્મિક સાહિત્ય ઢગલાબંધ પડ્યું

હોય પણ શાસ્ત્રની એકાદ પણ પોથી ક્યારેય જોવા ન મળે.

આ બધી ધર્મતત્ત્વના પતનની નિશાનીઓ ગણાય.

જો સાધુ પણ ધર્મ છોડશે તો તેનું સેવન કોણ કરશે ? ગૃહસ્થો ? અસંભવ લાગે છે, કેમકે જમાનો ઝપાટાબંધ બગડતો જાય છે.

* * *

**छज्जीवनिकायदयाविवज्जिओ नेव दिक्खिओ न गिही ।**
**जइधम्माओ चुक्को चुक्कइ गिहीदाणधम्माओ ॥ ४३० ॥**

**અર્થ અને વિવેચન :** જે સાધુ ષડ્જીવનિકાયની દયા કરતો નથી તે દીક્ષિત - દીક્ષા પામેલો – સાધુ ન કહેવાય. વળી તે સાધુવેષ ધારણ કરે છે માટે તે ગૃહસ્થ પણ ન કહેવાય. તે સાધુધર્મથી ચૂકેલો છે તેમ ગૃહસ્થ દ્વારા થતા દાનાદિ ગૃહસ્થધર્મથી પણ ચૂકેલો છે. (સાધુવેષધારી ગૃહસ્થની જેમ ધનાદિકનું દાન શી રીતે કરી શકશે ?)

આમ તે ધોબીના કૂતરા જેવી - નહિ ઘરનો, નહિ ઘાટનો - દશા પામે છે.

મુનિજીવનનું પ્રાણતત્ત્વ આમ તો જીવરક્ષા અને સંયમધર્મરૂપ ચરણ-કરણ-સિત્તરીનું પાલન છે. પણ તેમાં દોષ લાગે ત્યારે તપનું સેવન-શુદ્ધિ માટે–કરવું જોઈએ એટલે પ્રાણતત્ત્વો બે ને બદલે ત્રણ થાય.

આ પ્રાણ વિનાનું મડદું શેમાં ગણાય ? જીવતા સાધુમાં નહિ, જીવતા ગૃહસ્થમાં ય નહિ.

જ્ઞાનીઓએ કહ્યું છે કે જે સાધુ મુનિજીવનના મૂલોત્તર ગુણોને સારી રીતે ન પાળી શકે તેણે બારવ્રતધારી સાચા શ્રાવક બનવું જોઈએ.

જે બનો તે સાચા બનો. સાચા સાધુ ન બનાય તો તેનું દંભી જીવન જીવવા કરતાં સાચા શ્રાવક બનવું જોઈએ.

કોઈ પણ કક્ષા હોય; પણ ત્યાં 'સાચા' બનવું એ સૌથી સારી વાત ગણાય.

શિથિલાચારી સાધુ સદ્ગતિ પામે તો માત્ર પહેલા દેવલોક સુધીની પામે. જ્યારે સાચો શ્રાવક બારમા દેવલોક સુધી જઈ શકે.

કમનસીબી એ છે કે ખાઈ-પીને મોજ કરવાની આદતનો ભોગ બની ગયેલો શિથિલ સાધુ ગૃહસ્થ બનવા તૈયાર થતો નથી, કેમકે ત્યાં હાડકાના હરામ બની

શકાતું નથી. સગો બાપ પણ ઘરમાં પડી રહેતા દીકરાને પડી રહેવા દેતો નથી. લાત મારીને, ગાળો દઈને પણ ધંધા ઉપર કે નોકરીએ ચડાવ્યે જ છૂટકો કરે છે.

ખાઈ બદેલો સાધુ જે જલસાબાજીનો ચસ્કો સાધુવેષમાં પામે છે તેને છોડી શકતો નથી. તેને નોકરી વગેરેરૂપ ગુલામીનો વિચાર કરતાં ય તમ્મર આવી જાય છે.

બાકી એવા ડાંડ અને ભ્રષ્ટ સાધુ કરતાં વિધિસર રીતે ગૃહસ્થ બનીને સાચો શ્રાવક બનનાર સાધુ ભલે દુનિયાને 'પતિત' જણાતો હોય પણ જ્ઞાનીઓની નજરે તે મહાન છે.

* * *

**सव्वाओगे जह कोइ अमच्चो नरवइस्स घित्तुणं ।**
**आणाहरणे पावइ वहबंधणदव्वहरणं च ॥ ४३१ ॥**
**तह छक्कायमहव्वय सव्वनिवित्तीउ गिण्हिउण जइ ।**
**एगमवि विराहंतो अमच्चरण्णो हणइ बोहिं ॥ ४३२ ॥**

**અર્થ અને વિવેચન :** કોઈ રાજા પ્રસન્ન થાય અને મંત્રીને સર્વ કાર્યો કરવાનો અધિકાર આપે; પણ ત્યાર બાદ તે રાજાની કોક આજ્ઞાનું ઉલ્લંઘન કરી બેસે તો તેને ફાંસી, જેલ, ધનાપહાર વગેરે સજાઓ અવશ્ય થાય.

એ રીતે દેવોના (અમર્ત્યના) રાજા એવા દેવાધિદેવની આજ્ઞાઓને માથે ચડાવ્યા બાદ જો કોઈ સાધુ ષડ્જીવનિકાયની રક્ષામાં કે પાંચ મહાવ્રતોના પાલનમાં જરાક પણ ગરબડ કરી બેસે તો તેનું સમ્યગ્દર્શન હણાઈ જાય છે. યાવત્ સર્વવિરતિધર્મ હણાઈ જાય છે.

ધર્મારાધનામાં તમે કેટલા પ્લસ એકઠા કરો છો? તે કરતાં કયા માઈનસ મેળવ્યા? તે વિશેષ જોવાય છે.

તમે તમામ પ્લસ લેવાની પ્રતિજ્ઞા કર્યા બાદ (तिविहं तिविहेणं) પ્લસ-પ્રાપ્તિમાં મહાનતા ગણાતી નથી પણ એકાદ પણ માઈનસ-પ્રાપ્તિમાં અધમતા જોવાય છે. એટલામાં જ નાની મોટી સજા ફટકારી દેવાય છે.

રૂકિમ, લક્ષ્મણા વગેરે સાધ્વીઓએ કેટલી મોટી સાધનાના પ્લસ એકઠા કર્યા હતા ! પણ માયાપ્રેરિત જે દોષસેવન કર્યું તે સાવ નાનકડું હોવા છતાં તે માઇનસને લીધે તેમનો સંસાર વધી ગયો !

રૂક્મિના એક લાખ ભવ વધ્યા.

લક્ષ્મણાનો એકયાસી ચોવીસી જેટલો ભ્રમણકાળ વધ્યો.

સંયમજીવન એ રથ છે. તેના અઢાર હજાર અંગો (સ્પેરપાર્ટ્સ) છે. એકાદ પણ અંગ તૂટે તો આ રથ ચાલી ન શકે. હા, કોઈ પણ દોષસેવનની પાછળ પ્રાયશ્ચિત્ત હોય તો તે દોષસેવનને નિશ્ચયનય દોષસેવન ગણતો નથી.

આ ઉપરથી લાગશે કે સંયમજીવનનું ગ્રહણ (હવે) સુલભ બન્યું છે પણ તેનું પાલન અત્યન્ત દુષ્કર બની ગયું છે. પુષ્કળ પ્રમાણમાં સાધુઓને શ્રાવકો અનુકૂળતા આપે છે તેના કારણસર અનાદિકાલીન આત્માની નબળી કડીઓ (દોષો) બહાર આવી જાય છે.

પ્રતિકૂળતાઓમાં શક્તિઓ બહાર આવે.

અનુકૂળતાઓમાં આત્માની જન્મજાત નબળાઈઓ બહાર આવે.

સામે ચાલીને વિરલ સાધુઓ અનુકૂળતાઓને ફગાવે છે. બાકીના બધા તેનો ભોગ બને છે.

* * *

**तो हयबोही य पच्छा कयावराहाणुसरिसमियममियं ।**
**पुण वि भवोअहिं पडिओ भमइ जरामरणदुग्गम्मि ॥ ४३३ ॥**

**અર્થ :** જે સાધુએ પૂર્વોક્ત શ્લોકમાં કહ્યા પ્રમાણે પોતાનું સમ્યક્ત્વ નષ્ટ કરી દીધું છે તે જે જિનાજ્ઞાભંગના અપરાધો કરી બેસે છે તેને કારણે જરા, મરણ વગેરેના બનેલા અમાપ (અમિયં) સંસારરૂપી દુર્ગમાં સતત ભમતો રહે છે. વારંવાર ભવસાગરમાં પડે છે.

**વિવેચન :** આ શ્લોકમાં શિથિલાચારી સાધુને આ લોક, પરલોકના ભયાનક દુઃખો યાદ કરાવાયા છે. માણસ જિનાજ્ઞાભંગથી ન ડરે પણ દુઃખોના દાવાનળ તૂટી પડવાની વાત થાય તો અવશ્ય ધ્રૂજી જાય.

ભલભલા આત્માઓનો પુણ્યનો નશો દુઃખના આગમનના ભણકારામાત્રથી ઊતરી જતો હોય છે.

ડલેસને કેન્સર થયું અને વિશ્વનો લડાકુ માણસ ધ્રૂજી ઊઠ્યો. તેણે કેન્સર મટાડે તેને એક લાખ ડોલરનું ઈનામ જાહેર કર્યું.

ચંગીઝખાને લાખોને મોતને ઘાટ ઉતાર્યા પણ તે મોતથી ખૂબ ડરતો હતો.

હિટલર મોતના ડરથી મુક્ત થવા અનેકોને મશીનગન ચલાવીને એક સાથે મોતને ઘાટ ઉતારતો અને બોલતો કે હું જ યમરાજ છું. મને કોઈ મારી શકશે નહિ.

ગાયકવાડ ઘડપણ અને મોતનું નિવારણ કરવા માટે હંમેશ સવાસો રૂપિયાનું ઇંજેક્શન લેતા.

વિશ્વનો સમ્રાટ બનવા નીકળેલો સિકંદર મોતનો પૈગામ સુણીને ધ્રૂજી ઊઠ્યો હતો : જાગી ઊઠ્યો હતો. તેણે જગત્‌ને સંદેશ આપ્યો હતો.

જે સાધુઓ સત્વમાં ઊણા હોય છે તેમને આવી દુઃખની ચીમકી અપાય, બાકી પૂરા સત્ત્વશીલ આત્માઓ તો સ્વભાવથી જ શિથિલ બનતા નથી કે પાપો કરતા નથી. એવું કાંઈક અજુગતું બની જાય તો મૃગાવતીજીની જેમ તેમની આંખના આંસુડા સુકાતાં નથી.

સત્ત્વશાળી આત્માઓ દુઃખથી ડરતા પણ હોતા નથી. ઉપસર્ગો અને પરીષહોના દુઃખોના આવતા વાવાઝોડાંઓને તો સામે ચડીને ભેટવા ધસી જાય છે.

આ શ્લોકમાં જે વાત છે તે સત્ત્વહીન શિથિલાચારી સાધુઓની વાત છે. તેઓ દુઃખથી ખૂબ ડરે : તેના પડછાયાથી કે સ્વપ્નમાત્રથી ચીસ પાડી દે.

તનનું, અપમાનનું, રોગનું કે ટાઢ-તરસ વગેરેનું કોઈ પણ દુઃખ તેમનાથી વેઠાય નહિ. એટલે જ તેમની આ દુઃખભીરૂતાની દુખતી નસને ગ્રન્થકારશ્રી દબાવે છે અને શિથિલ જીવનના ફળોમાં દુઃખમયતા બતાડે છે.

ઉત્તમ સાધુઓ સ્વભાવથી જ શૈથિલ્યનો સ્પર્શ કરે નહિ.

સીતાએ રાવણની સામે પણ ન જોયું. તેને ખૂબ તિરસ્કાર્યો, તેમાં રાવણસંગ કરતાં આવી પડનારા દુઃખના વિપાકોને નજરમાં લીધા ન હતા પણ તેનો તેવો સ્વભાવ જ હતો કે નારીથી પરપુરુષગમન ન થાય.

સત્ત્વશાળી સાધુઓ સંયમજીવન સ્વભાવથી ઉત્તમ કોટિનું જીવે.

સાવ સત્ત્વહીન આત્માને મોક્ષમાર્ગે દોડાવવા માટે ધર્મ કરે તો સુખપ્રાપ્તિની રોચક વાતો અને ધર્મ ન કરે તો દુઃખપ્રાપ્તિની રેચક વાતો કરવી પડે.

થોડાક સત્ત્વશીલ આત્માને ધર્મ કરીને, પુણ્ય બાંધીને સદ્‌ગતિએ જવાની રોચક વાતો અને અધર્મથી પાપકર્મ બાંધવા દ્વારા પ્રાપ્ત થતી દુર્ગતિની રેચક વાતો કરવી પડે.

મહાસત્ત્વશાળીને તો ધર્મ કરવો એ તેના સ્વભાવમાં છે; અધર્મ કરવો એ તેના સ્વભાવથી વિરુદ્ધ છે એટલે તેને એવી બે ય વાતો કરવાની જરૂર નહિ.

સંસાર-સુખની પ્રાપ્તિ કે સંસાર-દુઃખની પ્રાપ્તિની વાતો એ ઉપરની કક્ષાના આત્માઓ માટે વિષાનુષ્ઠાન કે ગરાનુષ્ઠાનની વાતો બનવાથી હેય બને પરંતુ નીચલી કક્ષામાં આ વિચાર ન કરાય. લાલચ દઈને કે ગભરાવીને પણ ધર્મ કરાવવો પડે; અધર્મ છોડાવવો પડે.

કક્ષાદિના ભેદથી ધર્માધર્મની ઉપાદેયતા કે હેયતા ઊભી થાય. ગીતાર્થો આ વાતને બરોબર સમજતા હોય.

સર્વત્ર મોક્ષનું લક્ષ ન લવાય.

હરિબલ મચ્છી, દારૂ પીતો વણકર, વંકચૂલ, ટાલ જોઈને નવકારશી, સસલાને બચાવતો હાથી વગેરે દૃષ્ટાંતોમાં કયાં મોક્ષલક્ષ જોવા મળે છે ? છતાં આ બધાનો બેડો પાર થયો છે.

* * *

**जइयाणेणं चत्तं अप्पणयं नाणदंसणचरित्तं ।**
**तइया तस्स परेसु अणुकंपा नत्थि जीवेसु ॥ ४३४ ॥**

**અર્થ :** જે નિર્ભાગી સાધુએ પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ આત્માનો ત્યાગ કર્યો : પોતાના આત્માની દયા ન પાળી, ત્યારે તેને બીજા જીવો ઉપર દયા આવે કયાંથી ?

**વિવેચન :** સ્વયં શિથિલ જીવન જીવનારો સાધુ સ્વાત્માને દુર્ગતિઓની ભયાનક પરંપરાઓમાં ફેંકી દઈને પુષ્કળ દુઃખ અપાવે તે આત્મા બીજા આત્માઓને સુખ દેવાની ઈચ્છા પણ ક્યાંથી કરે ?

સૌ પ્રથમ સ્વાત્માની ચિંતા કરવાની છે.

સ્વાત્માના ત્રણ ભાવપ્રાણો છે : જ્ઞાન, દર્શન અને ચારિત્ર.

આ તરફ જેની ઉપેક્ષા છે, એટલે કે આ પ્રાણોને સદા પૂરબહારમાં ધબકતા રાખવા માટે જે જરાય ગંભીર નથી; અરે, ઊલટું તેમને કર્મબંધ કરાવવા દ્વારા પુષ્કળ નુકસાન પહોંચાડે છે તે સાધુ બીજા આત્માઓનું હિત કરી શકે નહિ.

કોઈ સ્ત્રી સાધુને કહે કે, "જો તું મને દેહસુખ નહિ આપે તો હું આપઘાત કરીશ." તો શું સાધુએ તેની ઈચ્છા પૂરી કરીને તેની જીવદયા કરવી ? ના... હરગીજ નહિ. કેમકે તેમ કરવા જતાં પોતાના જીવની (ભાવ-પ્રાણોની) હિંસા થઈ જાય છે. આમ થયા પછી બીજા જીવોની દયાની વાત સાવ મૂર્ખામીભરી બની જાય છે.

જૈન ધર્મમાં 'Safety first.' જાતની ભાવદયા સહુથી પ્રથમ સુરક્ષિત કરવાનું કહેલ છે. તે કર્યા વિના સેંકડો અન્ય જીવોની જીવદયા એ આભાસિક છે : સાચી નથી ગણાતી.

આ વાત ઉત્તરાધ્યયન સૂત્રમાં કરી છે કે હે જીવ ! તું તારા આત્માની જ રક્ષા કર. તેથી તું આલોક અને પરલોકમાં સુખી થઈશ.

રાગાદિ દોષોથી સ્વાત્માની રક્ષા એ અનાદિકાળના કુસંસ્કારોના જોરને લીધે ખૂબ મુશ્કેલ છે, છતાં તે જ પ્રથમ કર્તવ્ય છે. આ સિદ્ધિ પામ્યા વિના બીજા જીવોની દ્રવ્યદયામાં તો નહિ જ; પરંતુ ભાવદયામાં પણ પડવાનું નથી.

**● अप्पा चेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दमो ।**
**अप्पा दंतो सुही होही, अस्सिं लोए परत्थ य ॥**
**● अप्पाणमेव झुज्झाहि, किं ते झुज्झेण बज्झओ ॥**

જૈનદર્શનની આ વાત બરોબર સમજવી કે પ્રથમ બીજા જીવોના દેહાદિની રક્ષા (દયા) કરવી.

પણ તેમ કરવા જતાં જો સાધુના પોતાના દેહાદિને બાધા પહોંચે તેવું હોય તો તે જ કામ પહેલું કરવું, કેમકે પોતાનો દેહ સુરક્ષિત હશે તો જ સંયમજીવનની આરાધના થશે.

પણ સબૂર ! પોતાના દેહની રક્ષા કરવા જતાં પોતાના આત્મગુણો અરક્ષિત બની જાય (રાગાદિ દોષોની પરિણતિ વધવાથી) તો પોતાની દેહરક્ષા પણ પડતી મૂકીને આત્મરક્ષા કરવી.

આ વાત બતાડે છે કે આત્મરક્ષા સૌથી મુખ્ય છે. પરજીવરક્ષા તે પછી છે.

* * *

**छक्कायरिउण अस्संजयाण लिंगावसेसमित्ताणं ।**
**बहु असंजमो पवहो खारो मइलेइ सुठ्ठयरं ॥ ४३५ ॥**

**અર્થ :** (૧) જે ષડ્જીવનિકાયનો હિંસક છે; (૨) જે મનાદિ ત્રિકરણ યોગથી અસંયમી છે; (૩) જેણે માત્ર સાધુવેષ ધારણ કર્યો છે એવા સાધુનો જે અસંયમ–સ્વરૂપ પાપનો પ્રવાહ છે તે બાળી નાંખેલા કાળા તલની ભસ્મ જેવો છે કે જે પોતાને અને (તેનો સંગ કરે તે) બીજાને કાળામેંશ કરી નાંખે છે.

**વિવેચન :** અસંયમી, વેષધારી, નિષ્ઠુર પરિણામી સાધુ એટલે લોઢાની નાવડી; જે પોતે ડૂબે અને તેમાં બેસનારાને પણ ડુબાડે.

આવા સાધુનો કુસંગ કદી કરવો નહિ, અન્યથા તે અબ્રહ્મ વગેરેના સર્વ દોષોમાં બીજા જીવોને બરબાદ કરી નાંખે.

આવો સાધુ કેરી ભરેલા કરંડિયામાં પડેલી બગડેલી કેરી જેવો હોય, જે બધી સારી કેરીઓને બગાડે.

* * *

**किं लिंगविड्डरीधारणेण ? कज्जम्मि अट्ठिए ठाणे ।**
**राया न होइ सयमेव धारयं चामराडोवे ॥ ४३६ ॥**

**અર્થ અને વિવેચન :** જો રજોહરણાદિ સાધુવેષ ધારણ કરીને સંયમરૂપ કાર્યમાં અસ્થિત (અસ્થિર) રહેતો હોય તો તેવા વેષનો ફટાટોપ (વિડ્ડર) ધરવાથી શું લાભ ? એને સાધુ જ ન કહેવાય.

જેમ કોઈ માણસ આપમેળે સિંહાસન ઉપર બેસી જાય; ચામર, છત્ર, ધ્વજ વગેરેનો ફટાટોપ ધારણ કરી લે તો તેથી તે 'રાજા' બની ન જાય.

દ્રવ્યસંયમની ખાસ કોઈ કિંમત નથી.

સંયમ એટલે ભાવસંયમ; જેમાં ષડ્જીવનિકાયની રક્ષા હોય અને સંયમજીવનના યોગોની આરાધના હોય.

* * *

**जो सुत्तत्थविणिच्छियकयागमो मूलुत्तरगुणोहं ।**
**उव्वहइ सयाऽखलिओ सो लिक्खइ साहुलिक्खम्मि ॥ ४३७ ॥**

**અર્થ :** જે સાધુ સૂત્ર અને અર્થના બરોબર સમજવાપૂર્વક આગમને (જિનવચનને) આત્મસ્થ કરે છે અને મૂલોત્તરગુણોના સમૂહને સારી રીતે આત્મસાત્ કરીને

જીવનના અંત સુધી પહોંચાડે છે તથા હંમેશ સંયમજીવનમાં અસ્ખલિત (નિરતિચાર) રહે છે તે સાધુની સાચા સાધુની ગણતરીમાં ગણના થાય છે.

**વિવેચન :** અહા; આવા મુનિઓનું સવારના પ્રહરમાં નામ ભાવપૂર્વક લેવાય તો અનંતી પાપરાશિનો નાશ થઈ જાય.

**तेसिं नामग्गहणे पावप्पबंधा विलिज्जंति ।**

આવા મહાન્ સાધુઓના ગુણોની જો ભારોભાર અનુમોદના કરાય તો કોઈ પણ આત્મામાં તે ગુણો સંક્રાન્ત થાય. તે આત્મા તેવો જ મહાન સાધુ આવતા ભવે થઈ જાય.

આ ભવે ઈન્સાન બને.

આવતા ભવે મહાન (સાધુ) બને.

નજીકના ભવોમાં ભગવાન બને.

પાપોની ગર્હા કરવાથી દુષ્કૃતો (પાપકર્મો, પાપ-અધ્યવસાયો અને પાપ-સંસ્કારો) ખતમ થાય.

ગુણોની અનુમોદના કરવાથી જીવનમાં ગુણોનો ઢગલો થાય.

પેલી પંક્તિ યાદ આવે છે :

***ક્યારે બનીશ ? હું સાચો રે સંત.***
***ક્યારે થશે ? મારા ભવનો રે અંત.***

સાધુવેષધારી સાધુ થવું તો સહેલું છે પણ 'સાચા સાધુ' થવું અતિ અતિ મુશ્કેલ છે. બકુશ અને કુશીલ કક્ષાના (પાંચમાંથી) માત્ર બે પ્રકારના સાધુઓ હાલ હોઈ શકે. અરે ! તેમાં ય જે સરેરાશ (દેશકાલાધીન) સારા સાધુ કહેવાતા હોય તેમાં નંબર લાગી જાય તો ય ઘણું.

કાં આપણે 'સાચા સાધુ' બનીએ અથવા તેવાઓની શ્વાસે શ્વાસે, રોમે રોમે ભરપૂર અનુમોદના કરીએ. તેમની પ્રશંસા કરતાં કદી ન થાકીએ.

* * *

**बहुदोससंकिलिट्ठो नवरं मइलेइ चंचलसहावो ।**
**सुट्ठु वि वायामंतो कायं न करेइ किंचि गुणं ॥ ४३८ ॥**

**અર્થ :** બહુ દોષથી દુષ્ટ ચિત્તવાળો, વિષયોમાં અત્યન્ત લુબ્ધ સાધુ ગમે તેટલા પરીષહોને સહે તો ય આ રીતે માત્ર કાયાથી ધર્મ કરે એટલે કોઈ કર્મક્ષયના

ગુણને પામી શકતો નથી. ઊલટો પોતાના આત્માને મલિન કરે છે.

**વિવેચન :** મુનિવેષ પામતી વખતે તો ઘણા ખરા આત્માઓના ભાવ ખૂબ વિશુદ્ધ હોય છે, પણ પાછળથી કર્મદોષ, કાળદોષ, કુસંસ્કારદોષ વગેરે દ્વારા તે એટલા બધા નિષ્ઠુર-પરિણામી બની જાય છે કે જિનાજ્ઞાઓને પગલૂંછણીયું બનાવી દે છે અથવા કચરો કરી નાંખે છે. આ નિષ્ઠુરતા બેહદ ભયંકર છે. તમામ પાપકર્મોની એ જનેતા છે. તેમને નિકાચિત બનવા સુધી ખેંચી જનારી ડાકણ છે. આ જ મહામિથ્યાત્વ છે; કે જેની ઉપસ્થિતિમાં કઠોર તપ વગેરે તમામ-ડાયાબિટીસની હાજરીમાં આરોગ્યપ્રાપ્તિની જેમ - નિષ્ફળ બની જાય છે.

* * *

**केसिं चि वरं मरणं जीवियमन्नेसिं उभयमन्नेसिं ।**
**दद्दुरदेविच्छाए अहियं केसिं चि उभयं पि ॥ ४३९ ॥**
**केसिं चिय परलोगो अन्नेसिं इत्थ होइ इहलोगो ।**
**कस्स वि दुण्णि वि लोगा दो वि हया कस्सइ लोगा ॥ ४४० ॥**

**અર્થ :** કેટલાકને મરણ સારું, બીજા કેટલાકને જીવવું સારું, બીજા કેટલાકને જીવન-મરણ બે ય સારા, કેટલાકને જીવન-મરણ બે ય ખરાબ.

એટલે કે કેટલાકને પરલોક હિતકર, કેટલાકનું હિત અહીં - આલોકમાં, કોઈનું હિત બે ય લોકમાં, કોઈનું અહિત બે ય લોકમાં હોય છે.

**વિવેચન :** એક વાર પરમાત્મા મહાવીરદેવ પાસે રાજા શ્રેણિક, અભયકુમાર અને કાલસૌરિક કસાઈ બેઠા હતા. એક વાર દર્દુરાંક નામનો દેવ આવ્યો. ખરેખર તો તે પરમાત્માના દેહ ઉપર ચંદનનો લેપ કરતો હતો; પણ રાજા શ્રેણિકને લાગ્યું કે તે ગુમડાની રસી ચોપડી રહ્યો છે.

ભક્તિના આવેગમાં રાજાએ ક્રોધમાં આવીને તેને કહ્યું, "આ શું ગંદુ કરી રહ્યો છે ?"

તે જ પળે દર્દુરાંક આકાશમાં ઊડી ગયો. પણ ચાર જણાને ચાર વાત કરતો ગયો.

(૧) દેવાધિદેવને કહ્યું કે, "તમે મરો." (કેમકે તે પછી તમને મોક્ષસુખ મળવાનું છે.)

(૨) શ્રેણિકને કહ્યું, "તમે જીવતા રહો." (કેમકે મરણ બાદ તમારે નરકમાં જવાનું છે.)

(૩) અભયકુમાર મંત્રીને કહ્યું કે, "તમે જીવો કે મરો બે ય અવસ્થા સારી છે." (કેમકે જીવીને તમે ધર્મી છો અને પરલોકે અનુત્તર વિમાનના સુખની પ્રાપ્તિ છે.)

(૪) કાલસૌરિક કસાઈને કહ્યું કે, "તું ન જીવ, ન મર." (કેમકે જીવીને રોજ ૫૦૦ પાડા મારે છે. અને મરીને તું સાતમી નારકના કારમા દુઃખ વેઠવાનો છે.)

ગ્રન્થકારશ્રી આ વાત કરીને વર્તમાનકાલીન આત્માઓના ચાર પ્રકાર જણાવે છે.

વર્તમાનકાળના ઘણા ખરા આત્માઓ કાલસૌરિક કસાઈ જેવા ગણાય, જેઓ આ ભવે–ગૃહસ્થ હોય કે સાધુ હોય-પુષ્કળ દોષો સેવે છે અને પરભવે દુર્ગતિમાં જવાના છે.

જે સાધુઓ સાવ શિથિલ જીવન જીવીને વાણવ્યન્તરની દેવલોકની દુર્ગતિમાં જાય છે ત્યાં જ્ઞાનબળથી સાધુભવને બરબાદ કર્યાની હકીકત જાણે છે ત્યારે પુષ્કળ પશ્ચાત્તાપ કરે છે. પણ એ બધું રાંડ્યા પછીનું ડહાપણ હોય છે.

પણ વર્તમાનકાલીન વેષધારી સાધુઓએ તો આ બધું જાણીને પોતાનું જીવન અપ્રમત્ત સાધુનું બનાવવું જોઈએ.

ખરેખર તો આમાં જિનવચનની અશ્રદ્ધા–કાચી શ્રદ્ધા–જ કારણભૂત છે. જો પરલોકના અસ્તિત્વની અને તેની દુઃખમયતાના વર્ણનની વાતમાં પૂર્ણ શ્રદ્ધા હોય તો આત્મા દોષો સેવતાં હચમચી ઊઠે. પ્રાયઃ દોષો સેવે નહિ; અથવા દોષો સેવ્યા પછી ધ્રુસકે રડ્યા વિના રહે નહિ.

પરમશ્રદ્ધાળુ મગધપતિ શ્રેણિક નારકગમનની પોતાની નિશ્ચિત વાત ઉપર પ્રભુ પાસે કેવા ધ્રુસકે રડતા હતા ! પ્રભુને, તે પછીના ભવમાં તીર્થંકરત્વની પ્રાપ્તિની વાત કરીને આશ્વાસન દેવું પડતું હતું.

* * *

**छज्जीवनिकायविरओ कायकिलेसेहिं सुट्ठु गुरुएहिं ।**
**न हु तस्स इमो लोगो हवइऽस्सेगो परो लोगो ॥ ४४१ ॥**

**અર્થ અને વિવેચન :** અહીંથી ચાર શ્લોકોમાં ગ્રન્થકારશ્રીએ પૂર્વના શ્લોકમાં દર્દુરાંક દેવના પ્રસંગમાં જે ચાર પ્રકારના જીવો બતાવ્યા છે તે જ ચાર પ્રકારના જીવોનું વિસ્તૃત વર્ણન કરે છે.

**આ લોકે દુઃખી, પરલોકે સુખી : "મરો"**

જે તાપસ વગેરે ષડ્જીવનિકાયના વધ વગેરેમાં ચકચૂર હોય, પંચાગ્નિ તપ, તામલી તાપસનો સાઈઠ હજાર વર્ષનો છટ્ઠને પારણે છટ્ઠ, અગ્નિશર્માનો માસખમણોનો તપ વગેરે કરવા દ્વારા વિવેકશૂન્ય ખૂબ કષ્ટ સહન કરીને આ ભવને નિરર્થક બનાવે છે. આ જીવો આવું અજ્ઞાનકષ્ટ સહન કરીને પુણ્યકર્મ બાંધતા હોવાથી તેમને પરલોકે દેવાદિ ગતિના સુખો મળે છે. આથી એમ કહેવાય કે તેઓ મરે તો સુખી છે.

જે કષ્ટ સકામનિર્જરા કરાવે તે કષ્ટમાં આનંદ આવે. અકામનિર્જરા કરાવનાર કષ્ટમાં દુઃખ પડે. તાપસોના જીવન અજ્ઞાનતપ કરવાથી દુઃખરૂપ બની જાય છે.

* * *

**नरयनिरुद्धमइणं दंडियमाइणं जीवियं सेयं ।**
**बहुवायम्मि वि देहे विसुज्झमाणस्स वरं मरणं ॥ ४४२ ॥**

**અર્થ અને વિવેચન :** આ શ્લોકમાં અમુક અપેક્ષાએ જીવવું સારું છે અને એક અપેક્ષાએ મરવું સારું છે એમ કહેવાયું છે. તે આ રીતે :

જે રાજા, મંત્રી (દાંડિક) ને જીવવું સારું છે કેમકે તેઓ એટલા બધા જીવનમાં પાપો કરે છે કે તેઓ મરીને નારકાદિ દુર્ગતિને જ પામે.

જેઓ આ ભવમાં અસહ્ય વેદના, રોગ અથવા વાયુ આદિના પ્રકોપજનિત દર્દોથી પરેશાન હોય; પણ તે બધું ખૂબ શુભધ્યાનથી વેદતા હોય તો તેમને પરલોકે સુખ મળે. આ અપેક્ષાએ તેમનું મરવું સારું કહેવાય.

* * *

**तवनियमसुट्ठिआणं कल्लाणं जीविअं पि मरणं पि ।**
**जीवंतऽज्जंति गुणा मया वि पुण सुग्गइं जंति ॥ ४४३ ॥**

**અર્થ અને વિવેચન :** તપ, નિયમ વગેરેમાં જેઓના તન-મન સ્થિર છે તેમનું જીવન કલ્યાણસ્વરૂપ છે. તેમનું મરણ પણ કલ્યાણસ્વરૂપ છે. જીવતા રહીને તેઓ ગુણો પામે છે. મર્યા બાદ સદ્ગતિને પામે છે. એમને તો બે હાથમાં લાડવો છે.

* * *

**अहिअं मरणं अहिअं च जीविअं पावकम्मकारिणं ।**
**तमसम्मि पडंति मया वेरं वड्ढंति जीवंता ॥ ४४४ ॥**

**અર્થ અને વિવેચન :** જેઓ પાપકર્મો કરે છે તેમના જીવિત અને મરણ બે ય અહિતરૂપ છે. તેઓ મરીને નારક (તમસરૂપી અંધકાર)માં પડે છે અને જીવતા રહીને ઝગડાઓ વગેરે કરીને ઘણા લોકો સાથે વેર બાંધે છે.

આમ 'બાવાના બે બગડ્યા' જેવો ઘાટ થાય છે.

આ ચતુર્ભંગીનો સાર એ છે કે માણસે વિવેકી બનવું જોઈએ. મોત આવીને ઊભું રહે તો ય પાપ કરવું ન જોઈએ.

* * *

**अवि इच्छंति य मरणं न य परपीडं करंति मणसा वि ।**
**जे सुविइयसुगइपहा सोयरियसुओ जहा सुलसो ॥ ४४५ ॥**

**અર્થ :** કાલસૌરિકના પુત્ર સુલસે બાપાને ધંધે ચડવાની માતાને સાફ ના પાડી કેમકે તેમાં બીજા જીવોની કતલ કરવારૂપ પરપીડા હતી.

જેમને સદ્ગતિનો પથ : અહિંસા દેખાઈ ગયો છે તેવા મહાત્માઓ મોતને વધાવી લેશે પણ પરપીડા કરશે નહિ.

**વિવેચન :** ધર્મરુચિ અણગાર ઝેરી થયેલું તુંબડીનું શાક રેતીમાં વિસર્જિત કરવા ગયા, પણ તે વખતે એકાદ બે જીવોની વિરાધના થઈ. તેથી ત્રાસી જઈને ઘણા જીવોને મરણપીડા આપવાને બદલે તે ઝેરી શાક પોતે જ આરોગી જઈને મોતને મીઠું કરી લીધું.

જૈનધર્મનું સૂત્ર જીવો અને જીવવા દો નથી, પણ મરો અને જીવવા દો છે.

તમે પરેશાન થઈને પણ બીજા જીવોનું હિત કરો. તમે મરીને પણ બીજાને જીવાડો.

રાષ્ટ્રને ઉગારવા માટે જેમ શહાદત કરાય છે તેમ જીવોને બચાવવા માટે પણ શહાદત થઈ શકે.

એક રાજા નગરજનોના કોઈ વાંકે ખૂબ ઉશ્કેરાઈ ગયો. તેણે આખા નગરની પ્રજાની કતલ કરી નાંખવાનો તદ્દન અઘટિત આદેશ કર્યો. આખા નગરમાં હાહાકાર મચી ગયો. ચારે બાજુ રોકકળ શરૂ થઈ.

એ નગરમાં બાળવયે જેણે આ રાજકુમારને ભણાવ્યો હતો તે વૃદ્ધ ગુરુજી રાજા પાસે ગયા. તેણે રાજાને આવું અકાર્ય નહિ કરવા માટે ખૂબ સમજાવ્યો પણ તે એકનો બે ન થયો.

પણ છેવટે તેણે ગુરુજીને કહ્યું કે, "નગરના તળાવમાં ડૂબકી મારીને તમે બહાર નીકળો ત્યાં સુધી કતલ બંધ રાખીશ. તમે મન પડે તેટલા કલાક તળાવે સ્નાન કરીને બહાર આવો."

ગુરુજીને આટલું મળ્યું એ બહુ થઈ પડ્યું. તે તળાવમાં પડ્યા. મોટો પત્થર બાંધીને તળીએ ગયા : ડૂબી ગયા, કયારેય બહાર ન આવ્યા.

રાજાને બધી વાતની ખબર પડતાં ખૂબ અફસોસ થયો. તેણે કતલ બંધ રાખી દીધી.

કેવા મહાન ગુરુજી ! જાન દઈને બધાને બચાવી લીધા.

વખતચંદ શેઠે મુસ્લિમ સુબાને લાખો સોનામહોરો ભેટ કરીને તેના દ્વારા થનારી અમદાવાદની પ્રજાની કતલ બંધ રખાવી હતી.

ભેરૂશાએ ચાલાકી કરીને હુમાયુ દ્વારા પકડાયેલા સિત્તેર હજાર હિન્દુઓની કતલ અટકાવી હતી.

હીરસૂરિજી મહારાજે બાદશાહ અકબર દ્વારા ક્રોડો પ્રાણીઓની કતલ અટકાવી હતી.

સાધુ એટલે સર્વ જીવોનો - ષડ્જીવનિકાયનો—કાયમ માટેનો અભયદાતા.

ચૌદ રાજલોકના સર્વજીવોનો અભયવચની.

કેવી કમાલ છે; મુનિજીવનની વ્યવસ્થા; જેના પાલનથી એક પણ જીવની ભાવહિંસા અશક્ય બની જાય છે !

* * *

**मूलग कुदंडगा दामगाणि उच्छूल घंटिआओ य ।**
**पिंडेइ अपरितंतो चउप्पया नत्थि य पसूवि ॥ ४४६ ॥**

**तह वत्थपायदंडग-उवगरणे जयणकज्जमुज्जत्तो ।**
**जस्सट्ठाइ किलिस्सइ तं चिय मूढो न वि करेइ ॥ ४४७ ॥**

**અર્થ અને વિવેચન :** પશુઓને બાંધવા માટેના મોટા ખીલા (મૂલગ), વાછરડાને બાંધવાની ખીલીઓ (કુદંડગ = કોલીડો), પશુઓના રજ્જુમય બંધનો (દામગ), પશુઓને ગળે બાંધવાનું દોરડું (ઉચ્છૂલ) તથા પશુઓને ગળે બાંધવાની ઘંટડીઓ ઈત્યાદિ પશુ માટેના ઉપકરણોને થાક્યા વિના (અપરિતંતો) સતતપણે કોઈ ખેડૂત ભેગા કરે પણ ઘરે ચતુષ્પદ–ગાય, ભેંસ, બકરી વગેરે કોઈ પશુ રાખે નહિ તો તે બધા સાધનો નકામા જાય.

એ રીતે સાધુજીવનના વસ્ત્ર, પાત્ર, દાંડો વગેરે ઉપકરણો યતનાના કાર્ય માટે મેળવવા તત્પર રહેનારો સાધુ, તે માટે ઘણો શ્રમ પણ વેઠનારો તે જો સંયમધર્મમાં યતના જ ન કરે તો તે મૂર્ખ ગણાય છે. તેને તે ઉદ્યમ કષ્ટરૂપ બની રહે.

કેટલાક સાધુઓને–ખાસ કરીને સાધ્વીઓને–મુહપત્તિ, તરપણી, પાતરાની જોડ, પૂંજણી, વસ્ત્રો વગેરે ખૂબ રાખવાની (આ તો પરિગ્રહ જ કહેવાય ને ?) કુટેવ પડી હોય છે, પણ જે ઉત્તમ સાધુજીવન જીવવા માટે આ ઉપકરણો છે તે ઉત્તમ સાધુજીવન જીવવામાં તેમને રસ જ ન હોય તો ભેગું કરેલું શા કામનું ?

ગ્રન્થો લખવા માટે સારી પેન મળી તો તેનો ઉપયોગ તો થવો જોઈએ ને ? મોહદશાથી તેને સાચવી રાખવાનો શો અર્થ ?

વસ્તુતઃ સાધુને ૧૪ અને સાધ્વીજીને ૨૫ ઉપકરણો રાખવાના હોય છે. તદુપરાંત જો નિષ્કારણ રખાય તો પરિગ્રહનો દોષ લાગે. જે ૧૪ કે ૨૫ જરૂરી છે : સકારણ છે તેમાંય જો મૂર્ચ્છા થાય તો તે પણ પરિગ્રહ બની જાય. આ સ્થિતિમાં શંખો, ઈન્ડિપેનો, માળાઓ, મૂર્તિઓ વગેરે ભેગા કરવાની તો વાત જ ક્યાં રહી ?

હાય, હવે તો ઘડિયાળો, કેલ્ક્યુલેટરો, કમ્પ્યૂટરો વગેરેનો મૂર્ચ્છાપ્રેરિત એવો સંગ્રહ કરાય છે જેની સાધુધર્મની યતનામાં કોઈ જરૂર નથી.

જો રાગાદિની પરિણતિનું જોડાણ થાય તો ઉપકરણ (સદ્ગતિનું સાધન) પણ અધિકરણ (દુર્ગતિનું કારણ) બની જાય. સાધુએ અન્તઃકરણની આરાધના કરવાની છે. તેની સાધક વસ્તુઓ (ઉપકરણો) તે રાખી શકે. તેને પણ મોહદશાથી અધિકરણમાં રૂપાન્તરિત કરી ન શકે.

હાય, હવે તો નવું તત્ત્વ નીકળ્યું છે; અનુકરણ.

બીજાઓ પાસે જોઈને પોતાને તે મેળવવાનું મન થાય, મેળવાય અને ભોગવાય. આમાં સાધુના અપરિગ્રહ-વ્રતના કેવા ફુરચા ઊડી જાય !

પેલા દિગંબરમતવાળાએ દેહ ઉપર વસ્ત્ર પણ રહેવા ન દીધું, ત્યારે કેટલાક શ્વેતામ્બર સાધુઓ દસ-વીસ હજારની અનેક કામળીઓનો પરિગ્રહ કરે છે !

એવું લાગે છે કે ધર્મ જાતે કરવાની વસ્તુ છે. વૈરાગ્ય અને સમતા વિના સાધુપણું પાળી શકાતું નથી.

* * *

**अरिहंता भगवंतो अहियं व हियं व न वि इहं किंचि ।**
**वारंति कारवंति य घित्तुण जणं बला हत्थे ॥ ४४८ ॥**

**उवएसं पुण तं दिंति जेण चरिएण कित्तिनिलयाणं ।**
**देवाण वि हुंति पहू किमंग पुण मणुअमित्ताणं ॥ ४४९ ॥**

**અર્થ :** અરિહંત ભગવાન્ માણસને બલાત્કારે - હાથ પકડીને–કોઈને અહિતથી રોકતા નથી કે હિત કરાવતા નથી.

અલબત્ત, તે એવો ઉપદેશ આપે છે કે જે આચરીને માણસ કીર્તિના આશ્રયભૂત દેવોનો પણ રાજા (દેવેન્દ્ર) બનાવે છે. પછી તે માનવોનો રાજા (નરેન્દ્ર) બને તેમાં શી નવાઈ ?

**વિવેચન :** ધર્મ એ બીજાની ઉપર અત્યાચાર કરવા દ્વારા કરાવી શકાય નહિ. હા, પોતાની જાત ઉપર તેમ કરી શકાય ખરું. (પણ તેમાં ય વિવેકબુદ્ધિ હોવી જોઈએ.)

મારી-ઠોકીને ધર્મ કરાવવા જતાં સામી વ્યક્તિને ધર્મ ઉપર તિરસ્કાર થવાની પૂરી શક્યતા છે. એમ થાય તો તે છેવટે નાસ્તિક પણ બની જાય.

હા, બહુ નાની વયથી બાળક ઉપર દબાણ લાવીને ધર્મ કરાવાય તો તેમાં સફળતા મળે; કેમકે બાળકને જેમ વાળીએ તેમ વળી જવા જેવી તેની ઉંમર હોય છે.

ઘરે આવેલી નવી વહુ પણ બાળક જેવી કહેવાય.

મોટી ઉંમર થયા બાદ આ બન્ને કાચા ગૂમડાં જેવા છે, જેમને ઉતાવળે દબાવી દેવાય તો ફૂટે તો નહિ જ પણ વકરી જઈને ખૂબ દુઃખ દે.

ગાંધીજીએ જયેષ્ઠ પુત્ર હરિલાલ ઉપર ધર્મ કરાવવા માટે અત્યન્ત વધુ દબાણ કર્યું. તે ગૂમડું જેમ વકરતું ગયું તેમ ગાંધીજી તેને નાસ્તિક તરીકે વધુ ને વધુ ધિક્કારતા ગયા. સ્નેહીજનો કે સ્વજનોની પાસે પણ તેનો કેડો મૂકતા નહિ.

આ સ્થિતિ અંતે અસહ્ય બની. મન સાવ પડી ભાંગ્યું. શાન્તિ પામવા માટે હરિલાલે દારૂ પીવાનું શરૂ કર્યું. છેવટે હિન્દુ (વૈદિક) ધર્મનો ત્યાગ કરીને ઈસ્લામનો સ્વીકાર પણ કર્યો. જો કે થોડા જ દિવસોમાં કટ્ટરપંથી હિન્દુઓએ તેને સમજાવી-પટાવીને પાછો હિન્દુમાર્ગે વાળી દીધો.

બિચારો ! અકાળ વયે કમોતે મર્યો. મુંબઈની ફુટપાથ ઉપર પડેલા તેના લાવારિસ શબને હૉસ્પિટલના એક હોલમાં લગાવેલી મડદાંઓની થપ્પી ઉપર તે ગોઠવાયું.

માંડ ભાળ મેળવીને તેના ભત્રીજાઓએ તેનો કબજો લઈને, લારીમાં સ્મશાને લઈ જઈને, પેટ્રોલ છાંટીને બાળી નાંખ્યું.

રાષ્ટ્રના પિતા બનેલા ગાંધીજી સગા દીકરાના પિતા ન બની શકયા.

કારણ ? બળજબરીથી ધર્મ કરાવવાની વૃત્તિ.

જ્યાં આપણું બધું કર્યું-કરાવ્યું, સમજાવ્યું નિષ્ફળ જાય ત્યાં એ કેસ કાળને સોંપી દેવો જોઈએ. કાચા ગૂમડાંને કાળ જ પકવે, ફોડે અને ઠેકાણે પાડી શકે.

કાળ પણ 'ફેઈલ' જાય તો નિયતિને સલામ કરી દઈને ચૂપચાપ બનીને શાન્તિથી જીવન પસાર કરવું જોઈએ.

બધું ધાર્યું થતું નથી. એમાં પુણ્યની ખૂબ જરૂર હોય છે. પુણ્ય નબળું પડે ત્યાં માથું ફોડો તો ય સફળતા ન મળે.

ગ્રન્થકારશ્રી કહે છે કે તારક તીર્થંકરદેવો પણ કોઈની ઉપર ધર્મ કરવાનું કે અધર્મ નહિ કરવાનું દબાણ કરતા નથી તો આપણા જેવા પુણ્યહીન આત્માઓએ તો આ વાત અવશ્ય અમલમાં મૂકવી જોઈએ.

ગુલાબને કુદરત ઉપર છોડો. કુદરતમાં ખીલવા દો. એની કળીઓને વધુ સુંદર આકાર આપનાર આપણે કોણ ? વળી તેમ કરવા જશો તો તે કરમાશે, એટલું જ નહિ પણ તેમાં કીડા પડશે.

આપણું કામ મધુર ભાષામાં યોગ્ય સમયે શીખ દેવાનું. ન ક્રોધ, ન કડવાશ, ન દોષદર્શન... તેમાં ય સફળતા મળવાની શકયતા ન જણાય તો પહેલેથી જ સર્વથા મૌન.

- **मौनं सर्वार्थसाधकम् ।**
- ***ન બોલવામાં નવ ગુણ.***
- ***બોલ મા, બોલ મા, બોલ મા રે, રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા... મીરા.***

આખા જગતને તો નહિ જ; પણ સ્વજનોને ય સુધારવાનો ઈજારો આપણે રાખ્યો નથી. જાતને સંભાળી રાખીએ અને સદ્‌ગતિ પામીએ તો ય ઘણું.

પવન પૂરો વંઠ્યો છે. આમાં આટલું થાય તો ય ભયો ભયો.

* * *

**वरमउडकिरीडधरो चिंचइओ चवलकुंडलाहरणो ।**
**सक्को हियोवएसा एरावणवाहणो जाओ ॥ ४५० ॥**

**रयणुज्जलाइं जाइं बत्तीसविमाणसयसहस्साइं ।**
**वज्जहरेण वराइं हियोवएसेण लद्धाइं ॥ ४५१ ॥**

**અર્થ :** જેનો આગળનો ભાગ (મુકુટ) સુંદર છે તેવા કિરીટને ધારણ કરતો, બાજુબંધવાળો, તેજસ્વી કુંડલના આભૂષણને ધારણ કરનારો વજ્રધર દેવેન્દ્ર થયો. જેનું ઐરાવણ હાથી વાહન છે, જે બત્રીસ લાખ વિમાનો (રત્નોથી ચમકતા)નો માલિક બન્યો છે.

કોણ તેવો દેવ થયો ? તે કાર્તિક શેઠ કે જેણે ભગવંતના હિતોપદેશને ઝીલ્યો.

**વિવેચન :** ઓલો, રોહિણેય ચોર. અનિચ્છાએ પણ તેનાથી પ્રભુવચનો સંભળાઈ

ગયા તો તે મરણાન્ત કષ્ટમાંથી તો મુક્ત થયો, પણ પરમાત્મા મહાવીરદેવનો શિષ્ય થયો.

પરમાત્માની મધુર વાણી જેમણે વિનયપૂર્વક સાંભળી તે તમામ ચોર, લૂંટારું, બહારવટીઆઓ, ખૂનીઓ, રાજાધિરાજો, ચક્રવર્તીઓ, મહારાણીઓ, શેઠીઆઓનું કલ્યાણ થઈ ગયું.

એ જ હિતોપદેશ આજે તેમના શ્રમણો આપી રહ્યા છે. લાખો લોકો તેને ગ્રહણ કરીને આત્મકલ્યાણ સાધી રહ્યા છે. હજી સાડા અઢાર હજાર વર્ષ સુધી આ પનોતી મહાયાત્રા અવિચ્છિન્નપણે ચાલુ રહેવાની છે. ઘણા બધા ભયાનક વાવાઝોડાં વચ્ચે પણ આ મહાયાત્રા દલમજલપણે ચાલતી રહેશે. કોઈએ તે છિન્નભિન્ન થવાની અમંગળ શંકા કરવી નહિ.

* * *

**सुरवइसमं विभूइं जं पत्तो भरहचक्कवट्टी वि ।**
**माणुसलोगस्स पहू तं जाण हिओवएसेण ॥ ४५२ ॥**

**અર્થ :** દેવલોક જેવી વિભૂતિ જેને પુણ્યયોગે પ્રાપ્ત થઈ તે ભરત ચક્રવર્તી મનુષ્ય–લોકનો સ્વામી : ચક્રવર્તી બન્યો તેમાં ય વીતરાગના હિતકારી વચનોની આરાધના જ કારણભૂત છે.

* * *

**लद्धूण तं सुइसुहं जिणवयणुवएसममयबिंदुसमं ।**
**अप्पहियं कायव्वं अहिएसु मणं न दायव्वं ॥ ४५३ ॥**

**અર્થ :** કાનને સુખ દેતા, અમૃતબિંદુસમા જિનવચનરૂપ ઉપદેશને પ્રાપ્ત કરીને આત્મહિત જ કરવું જોઈએ. જિનવચનથી નિષિદ્ધ એવા હિંસાદિ - અહિતોને વિષે મનને પણ જવા દેવું જોઈએ નહિ; તો વાણી અને કાયાને શી રીતે જવા દેવાય ?

**વિવેચન :** અરિહંતની આજ્ઞાનું પાલન એ અરિહંતની અષ્ટપ્રકારી વગેરે પૂજાઓથી ખૂબ ચડિયાતું છે. આજ્ઞાનું ભાવ-આરાધન કરનારા જીવો મોક્ષ પામે છે; તેની અવજ્ઞા કરનારા જીવો સંસારભ્રમણ પામે છે.

અરિહંત કરતાં ય વધુ વહાલી અરિહંતની આજ્ઞા લાગવી જોઈએ. જેના હૈયે આજ્ઞાબહુમાન છે તેના હૈયે સાક્ષાત્ અરિહંતદેવ છે. તેવા આત્માનું કલ્યાણ હાથવેંતમાં છે.

વિરતિધર્મ સંબંધિત આજ્ઞાઓનો પક્ષપાત અન્ય ગતિઓમાં મળી શકે પણ તેનું પાલન તો માત્ર માનવગતિમાં મળે. તેમાં ય મુનિવેષ ધારણ કરવાથી પરમાત્માની ઉત્કૃષ્ટ આજ્ઞાઓનું પણ પાલન કરવાની તક મળે. મુનિવેષ ધારણ કરવાથી આજ્ઞાપાલન ખૂબ સુલભ બને છે. તેમાં ય બ્રહ્મચર્ય, ગુરુસેવા અને જીવદયા તો-ધારવામાં આવે તો - ઉત્કૃષ્ટ પ્રકારે સેવી શકાય.

અઢી હજાર વર્ષ પૂર્વે અરિહંતદેવે ઘડેલી મુનિજીવનની વ્યવસ્થા આજે પણ એટલી જ સમુચિત છે. તેમાં ખાસ કોઈ ફેરફારની જરૂર જણાતી નથી.

સાધુ પોતે જ ઊંધો ચાલે તો જુદી વાત : નિશ્ચિતપણે દુર્ગતિએ જાય : દુઃખોનો માર ખાય. બાકી 'સાધુ' દુર્ગતિએ જઈ શકે જ નહિ તેવી આ વ્યવસ્થા છે.

ગ્રન્થકારશ્રી કહે છે કે મુનિજીવન મુખ્યત્વે આત્મહિત : આત્મશુદ્ધિ માટે છે. તેનાથી અનાજ સાથે ઘાસ ઊગી જાય તેમ પુણ્યનો બંધ થઈ જાય તો તેનાથી પરહિત જરૂર કરવું જોઈએ, પણ તે પુણ્ય નિશ્ચિતપણે પુણ્યાનુબંધી હોવું જોઈએ, જેથી પુણ્યના ઉદયકાળમાં પરહિત કરવા જતાં સ્વહિત જોખમાઈ જવાનો સવાલ ન રહે.

ગ્રન્થકારશ્રી બહુ સરસ વાત કરે છે કે સ્વાત્મહિત કરવામાં મનને જરાક પણ ચંચળ થવા દેવું નહિ. વાણી અને કાયાને પણ આઘાપાછા થવા દેવા નહિ. આ રાધાવેધ સાધવા કરતાં અઘરું કામ છે; પણ આના વિના આત્મહિત શક્ય નથી. મોક્ષપ્રાપ્તિ અસંભવિત છે.

ખાધે, પીધે મોક્ષ મેળવવાની વાત મૂર્ખાઈભરી છે.

***ખાવત, પીવત મોક્ષ જે માનત તે શિરદાર બહુ જટમાં.***

* * *

**हियमप्पणो करिंतो कस्स न होइ गरुओ गुरु गण्णो ।**
**अहियं समायरंतो कस्स न विपच्चओ होइ ॥ ४५४ ॥**

**અર્થ :** જિનવચનાનુસાર સ્વાત્મહિતને આચરતો સાધુ કોના માટે ગૌરવપૂર્ણ ગુરુ ન બને ? કોના માટે પૂછવાલાયક ન બને ?

પણ જે સ્વાત્માનું અહિત કરે છે તે કોના માટે વિશ્વસનીય બને ?

**વિવેચન :** જ્યાં ગુણો છે ત્યાં બધા ખેંચાય, તેવા ગુણીજનની સહુ પૂજા કરે, તે આપમેળે સૂર્યની જેમ બહાર આવે : પ્રકાશે.

જેમનામાં ગુણો નથી; ઘણી બધી શિથિલતાઓ છે તે દોષપ્રચુર સાધુઓ હાંસીઆમાં ફેંકાઈ જતાં હોય તો તેમાં બીજા કોઈનો દોષ નથી. ભલે તેવા સાધુઓ પાપાનુબંધી પુણ્યાઈથી જલસા કરી શકતા હોય; માનપાન અને ખાનપાનમાં મોજ કરતાં હોય પણ તેમનો પરલોક ભયાવહ રહે છે. એટલું જ નહિ પણ તેમના આલોકનું ઘડપણ અને રોગભરપૂર જુવાની પણ ખૂબ પીડાદાયક બની જતા હોય છે.

પણ આ 'બિચારા' સાધુઓ કર્મને પરાધીન હોવા કરતાં વિશેષ તો આદતને મજબૂર હોય છે. પોતાની શિથિલતાઓને છોડવા માંગે તો પણ છોડી ન શકે તેવી નબળી શારીરિક સ્થિતિનો શિકાર બન્યા હોય છે.

આની સામે ગુણીઅલ પુરુષોની વાત ન્યારી છે. તેઓ તનથી નિરોગી, મનથી નિર્મળ અને સદા પ્રસન્ન રહે છે. તેમનું ઝગારા મારતું કુશળ (પુણ્યાનુબંધી) પુણ્ય પરહિતનું કાર્ય ત્રણ પાળી ચલાવતા હોય છે. અનેક આત્માઓને ધર્મ પામવાની વાતમાં પોતે નિમિત્ત બનતા હોવાનો આનંદ એમના ઉરમાં સમાતો હોતો નથી.

લોકોને ભાગ્યવાન, ધનવાન, શક્તિમાન કે ધર્મવાન માણસો જો ગુણવાન ન હોય તો દીઠાં ય ગમતા નથી.

ગુણવાન માણસ એ જ સારો, સાચો અને પૂરો માનવ છે.

આવા માણસોના સોક્રેટિસ ખૂબ ગુણ ગાય છે. ધનવાનોના ગુણ નહિ ગાવાથી ઉશ્કેરાયેલા ધનવાનોએ સોક્રેટિસને રાજા દ્વારા ઝેર અપાવ્યું. પણ તેથી સોક્રેટિસ મરીને અમર થઈ ગયો.

* * *

**जो नियमसीलतवसंजमेहिं जुत्तो करेइ अप्पहियं ।**
**सो देवयं व पुज्जो सीसे सिद्धत्थओ व्व जणे ॥ ४५५ ॥**

**અર્થ :** વ્રત-નિયમ, શીલ, તપ, સંયમથી યુક્ત બની જે આત્મહિત્ત સાધે છે તે દેવની જેમ પૂજ્ય બને છે, (માંગલિક) સરસવની જેમ લોકમાં મસ્તકે ચડે છે. (તેની આજ્ઞા શિરોધાર્ય બને છે.)

* * *

**सव्वो गुणेहिं गण्णो गुणाहिअस्स जह लोगवीरस्स ।**
**संभंतमउडविडवो सहस्सनयणो सययमेइ ॥ ४५६ ॥**

**અર્થ :** આ જગત્‌માં સર્વ માણસોની ગુણોથી ગણના થાય છે. તેને યશકીર્તિ મળે છે.

ગુણોમાં શ્રેષ્ઠ એવા આ લોકમાં પ્રસિદ્ધ તીર્થંકરદેવ મહાવીરસ્વામીજી પાસે ઈન્દ્ર (સહસ્ત્રનયન) સતત આવતો હતો; જે ઈન્દ્રના મુગટના બે છેડા ચંચળ રહેતા : હાલતાચાલતા હતા.

**વિવેચન :** ભર્તૃહરિએ કહ્યું છે કે, જગત્‌માં ગુણો પૂજાય છે. જ્ઞાતિ, જાતિ, વય એ કોઈ પૂજ્યપણાના આધારો નથી.

સુદામા સાવ ગરીબ હતો પણ અતિશય ગુણવાન હતો. એટલે જ પંદર દિવસ તેને પોતાના રાજમહેલમાં રાખીને શ્રીકૃષ્ણે ખૂબ મોજ કરાવી. પણ જ્યારે વિદાયવેળા આવી ત્યારે તેને પહેરાવેલી મૂલ્યવાન્ મોજડી કાઢી લઈને ઉઘાડા પગે ઘરભણી રવાના કર્યા.

આથી રૂકિમણીને બહુ ખોટું લાગ્યું પણ જ્યારે કૃષ્ણે તેનું સમાધાન કર્યું ત્યારે તેને સંતોષ થયો.

કૃષ્ણે કહ્યું કે, "આ માણસ એટલો બધો ગુણવાન છે કે તેના ચરણસ્પર્શથી આખી ધરતી ઉપર જામેલી લોકોના દુષ્કૃત્યોની કાલિમા સાફ થઈ જશે. ધરતી પવિત્ર થઈ જશે.

મારે દર વર્ષે આ કાર્ય માટે ગંગાનું અવતરણ કરવું પડે છે; જે આ વર્ષે કરવું નહિ પડે."

પૂર્વના શ્લોકના વિવેચનમાં એ વાત કહેવાઈ ગઈ છે કે માણસે ગુણવાન બનવાનો જ યત્ન કરવો જોઈએ. જો કોઈ પણ એક ગુણ જીવનમાં બરોબર ખીલી જાય તો ઘણા બધા દોષો જીવનમાંથી નિર્મૂળ થઈ જાય.

**एको गुणो खलु निहन्ति समस्तदोषान् ।**

જૈનદર્શનમાં વ્યક્તિપૂજાને સ્થાન નથી.

અજૈનોમાં વ્યક્તિ પૂજાય છે.

જૈનદર્શનમાં ગુણો પૂજાય છે.

નવકારમન્ત્રના પાંચ પદોમાં પરમાત્મા આદિનાથ, મહાવીરસ્વામીજી વગેરે કોઈ વ્યક્તિનું નામ નથી પરંતુ જેમણે આંતરશત્રુઓને હણ્યા છે તેમને અમારો નમસ્કાર છે.

આ વાતને ખ્યાલમાં રાખીને હેમચન્દ્રસૂરિજી મહારાજે જાહેર રીતે મહાદેવજીને નમસ્કાર કર્યો પણ તેમણે તે વખતે જે શ્લોક કહ્યો તેમાં એ વાત કરી કે, "જેના રાગદ્વેષ ખતમ છે તે વ્યક્તિ નામથી બ્રહ્મા, વિષ્ણુ કે મહેશ હોય અથવા જિન હોય, મારા તેમને નમસ્કાર છે.

* * *

**चोरिक्क-वंचणा-कूड-कवड परदारदारुणमइस्स ।**
**तस्स च्चिय तं अहियं पुणो वि वेरं जणो वहइ ॥ ४५७ ॥**

**અર્થ અને વિવેચન :** ચોરી, છેતરપિંડી, કૂડ-કપટ, પરસ્ત્રી-ગમન વગેરે બાબતોમાં જે લોકો ક્રૂર મતિવાળા છે તેઓ તેમના તે પાપે જ તેમનું પરલોકે નારકગમનાદિ રૂપ અહિત કરે છે.

આટલું જ નહિ, પણ તેમનું આલોકમાં પણ પુષ્કળ અહિત થાય છે. કેમકે ઉપર્યુક્ત ખોટા કામો કરવાથી તેઓ જેની તેની સાથે વેર બાંધે છે. તેમને મારપીટ, સજા વગેરે થાય છે. અપયશ તો એટલો બધો થાય છે કે સમાજમાં તેમનું કોઈ સ્થાન રહેતું નથી. હડકાઈ કૂતરીની જેમ તેઓ ચારેબાજુથી હડધૂત થાય છે.

ગુણ(ધર્મ)વાન્ માણસ આ ભવમાં જ યશકીર્તિ, આરોગ્ય, સહુનો પ્રેમ વગેરે મેળવે છે. પરલોકમાં સુખ પામવાની તો પછી વાત, પણ આ રીતે આલોકમાં જ તેઓ સાચું સુખ માણે છે.

આનાથી સાવ ઊલટી વાત દોષવાન લોકોની છે; જેમને આ લોકમાં જ નરકનો કે પશુપણા જેવો અનુભવ થાય છે.

કાલસૌરિકનો મૃત્યુ-સમય કેટલી બધી ભયંકર વેદનાથી ભરપૂર હતો !

મૃગાપુત્ર નરક કરતાં ય કેવી ભૂંડી હાલતમાં હતો !

અરે, દુ:ખીઓ કરતાં તો ક્યારેક સુખીઓની સ્થિતિ ભયંકર જોવા મળે છે.

મમ્મણ શેઠ અબજો રૂપિયાનો માલિક છતાં તેલ-ચોળા સિવાય કશું ખાઈ શકતો નહિ. અમાન-સમાન સંપત્તિનો ભોગ કરી શકતો નહિ. વધુ ને વધુ મેળવવા માટે મજૂર કરતાં ભૂંડી રીતે ધનોપાર્જન કરતો હતો.

રાજા યયાતિની કામવાસના કયારેય શાન્ત થતી નહિ.

જર્મન રાજા વ્હીટેલીઅસ અકરાંતીઆની જેમ ખાવા છતાં ધરાતો નહિ.

દુઃખીઓના દુઃખ ભૂખમરા સુધી કે લૂંટફાટ સુધી જાય.

સુખીઓના સુખ ભોગના અતિરેક ઉપર જઈને ઊંધા પટકાય.

દુઃખી સીદાય છે તે કરતાં સુખી વધુ સીદાય છે.

પેલા ભિખારીએ સાચું કહ્યું છે :

*મૈં સારી દુનિયા ઢૂંઢ ફીરા સુખીઆ મિલા ન કોઈ.*
*જિસ કે આગે મૈં ગયા વો પહેલે સે પડે રોઈ.*
*મૈંને કહાં મેરા એક દુઃખ ઉસને કહાં એકબીસ.*
*મૈં મેરા એક સહ ન શકા તો કહાં રાખું દૂજા બીસ.*

ઉદય પુણ્યનો હોય કે પાપનો હોય પણ જો પાપાનુબંધ જોડાયો હોય તો બે ય ની હાલત ખરાબ છે.

સુખી તો માત્ર પુણ્યાનુબંધી પુણ્યવાળો જીવ છે, જેને સુખ મળે છે પણ તેની સાથે ગુણો જોડાવવાથી બે ય ભવ સુધરી જાય છે.

જ્ઞાનીઓ કહે છે કે પરભવ માટે ધર્મ કરો એવું પણ અમે ન કહીએ. નાસ્તિકોને પરભવ મંજૂર નથી તો ય ભલે, પણ બધા ધર્મ કરે. ધર્મથી આલોકમાં દાનધર્મથી યશપ્રાપ્તિ, શીલ અને તપધર્મથી આરોગ્યની પ્રાપ્તિ, પરાર્થરૂપ ભાવધર્મથી પ્રસન્નતાની પ્રાપ્તિ વગેરે તો આ ભવના જ ચમકારા છે ! આ માટે તો ધર્મ કરવો જ જોઈએ. આ ભવે લીલાલહેર થઈ જાય.

એમાં જો પરલોક જેવી વસ્તુ હશે તો ત્યાં પણ ધર્મ કરનારને સુખ, સુખ અને સુખ જ મળવાનું છે.

* * *

**जइ ता तणकंचणलठ्ठुरयणसरिसोवमो जणो जाओ ।**
**तइया नणु वुच्छिन्नो अहिलासो दव्वहरणम्मि ॥ ४५८ ॥**

**અર્થ અને વિવેચન :** જ્યારે તણખલું અને સોનું, ઢેફું અને રત્નમાં આત્માને સમાન બુદ્ધિ થાય ત્યારે એમ કહી શકાય કે તેની ધનનું (દ્રવ્યનું) અપહરણ કરવાની ઈચ્છા ખતમ થઈ ગઈ છે.

* * *

**आजीवगगणनेया रज्जसिरिं पहिउण य जमाली ।**
**हियमप्पणो करिंतो न य वयणिज्जे इह पडंतो ॥ ४५९ ॥**

**અર્થ :** રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરીને અને સિદ્ધાન્તનો અભ્યાસ કરીને પણ પરમાત્મા મહાવીરદેવનો શિષ્ય (સંસારીપણે જમાઈ) કેવળ વેષને ધારણ કરીને, તેના વડે આજીવિકાને ધારણ કરતાં ટોળાંના (ઉત્સૂત્રભાષીઓના) સમૂહનો નેતા થયો !

હાય, જો તેણે સ્વાત્માને હિતકર ધર્માનુષ્ઠાન સેવ્યું હોત તો આ લોકમાં - જિનશાસનમાં-નિંદા(વચનીયતા)ને તે પામત નહિ.

**વિવેચન :** જમાલિને તાવ આવ્યો. અજીર્ણનો એ તાવ હતો. એ તાવની જોરદાર ઉગ્રતામાં તેનું મગજ અસ્વસ્થ બન્યું. નાનકડી વાતમાં તે ઉત્સૂત્રભાષી - કટ્ટરતા સાથે–બની ગયો.

સાધુઓ પવનવાળા સ્થાને સૂવા માટે સંથારો પાથરતા હતા. હજી પૂરો પથરાયો ન હતો ત્યાં જમાલિ મુનિ આવી ગયા. તેણે પૂછ્યું ? "સાધુઓ ! સંથારો થઈ ગયો ?"

જવાબ મળ્યો. "હા જી, થઈ ગયો."

વ્યવહારનયથી આમ કહી શકાય. મુંબઈ જઈ રહેલા માણસને માટે કોઈ પૂછે કે, "ભાઈ ક્યાં ગયા છે ?" તો એ જ જવાબ દેવાય કે, "મુંબઈ ગયા છે."

નિશ્ચયનયથી "મુંબઈ ગયા છે." એમ ન કહેવાય પણ વ્યવહારનયથી જરૂર કહી શકાય. જમાલિએ નિશ્ચયનયને આશ્રયીને કહ્યું કે, "જો સંથારો થઈ રહ્યો હોય તો 'સંથારો થઈ રહ્યો છે' એમ જ કહેવાય. 'સંથારો થઈ ગયો છે.' એમ ન કહેવાય.

સાધુઓએ પોતાની વાતની સચ્ચાઈમાં પરમાત્માની સાક્ષી આપી.

જમાલિએ કહ્યું કે જો મહાવીરદેવે આવું કહ્યું હોય તો તે સર્વજ્ઞ ન કહેવાય. હું જ સર્વજ્ઞ કહેવાઉં.

બસ... આટલી વાતે તે એટલો બધો વિફર્યો કે તેણે ગૌતમસ્વામીજીને પણ દાદ ન આપી અને પોતાને સર્વજ્ઞ જાહેર કર્યો. આથી તેને સંઘ બહાર મૂકીને નિહ્નવ જાહેર કરાયો.

ગમે તેટલું ઉત્સૂત્ર બોલાય પણ જો તત્કાલીન સંઘના આચાર્યો ભેગા મળીને તે વ્યક્તિને સંઘબહાર ન કરે ત્યાં સુધી તેને માટે 'નિહ્નવ' શબ્દનો પ્રયોગ થાય નહિ. આથી જ એવા સાત જ નિહ્નવો કહેવાયા છે. તેમાંના જમાલિ અને રોહગુપ્ત સિવાયના બધા પુનઃ માર્ગસ્થ બન્યા છે. આ બે નો સંસાર દીર્ઘકાળ ભ્રમણસ્વરૂપ બન્યો છે. જમાલિ મરીને કિલ્બીષી (હલકી કક્ષાનો) દેવ થયો છે. ત્યાંથી ચ્યવીને તે દીર્ઘકાળ સુધી સંસારભ્રમણ કરશે.

એક ક્ષણ પૂર્વે જે આત્મામાં અધ્યવસાયની કોઈ કલુષિતતા ન હતી તેને એકાએક પરમાત્મા પ્રત્યે દ્વેષ જાગી ગયો. તે મોહનીય કર્મની-મિથ્યાત્વ મોહનીય કર્મની–કમાલ કહેવાય. નિકાચિત કર્મો આ રીતે એકાએક ત્રાટકતા હોય છે. બધું સત્ય, શિવ અને સુંદર-એક જ ક્ષણમાં-રમણભમણ કરી દેતા હોય છે.

નંદિષેણને એકાએક ચારિત્રમોહનીય કર્મનો (નિકાચિત) ઉદય થયો અને તે પટકાઈ ગયો. એ તો સારું થયું કે તેનું મિથ્યાત્વ મોહનીય જાગી નહોતું ગયું; નહિ તો સમ્યક્ત્વથી પણ ગબડી પડત.

મરીચિએ તો અશુભ કર્મોદય થતાં દેહના નિમિત્તે ચારિત્ર ખોયું અને શિષ્ય કરવાના નિમિત્તમાં સમ્યક્ત્વ પણ ખોયું.

કર્મોની આવી વિષમ સ્થિતિમાં જીવે તેમના અબાધાકાળમાં (જો તે નિકાચિત ન હોય તો) તેમને ઊખેડી નાંખવા જોઈએ અથવા તેમના સ્થિતિ, રસ તોડી નાંખવા જોઈએ અથવા સજાતીયમાં સંક્રાન્ત કરી દેવા જોઈએ.

એકાદ લાખ કર્મોમાં નિકાચિત કર્મો ખૂબ થોડા હોય છે. એટલે તે સિવાયના કર્મોને તો તપ, સંયમપાલનાદિના શૌર્યથી ખતમ જ કરી દેવા જોઈએ. આ દૃષ્ટિએ કર્મોનો અબાધાકાળ એ આરાધક જીવ માટે 'ગોલ્ડન પીરીઅડ' ગણાય.

અબાધાકાળમાં કરેલા સત્પુરુષાર્થના ઝપાટામાં જે કર્મો ન આવ્યા તેમને વિપાકકાળમાં ભોગવ્યા વિના કોઈ ઉપાય રહેતો નથી; પણ તેમને પૂર્ણ સમાધિ (સમતા)થી ભોગવવા જોઈએ જેથી આર્ત્તધ્યાનાદિ નિમિત્તક નવો અશુભ કર્મબંધ થઈ ન જાય, પરંપરા ન ચાલે.

સમ્યગ્દષ્ટિ જીવો સુખમાં વૈરાગ્યસ્થ હોય, અને દુઃખમાં સમાધિસ્થ હોય : સુખે લીન ન થાય; દુઃખે દીન ન થાય.

જો જિનવચનની આરાધના માનવભવમાં અને મુનિવેષમાં બરોબર થઈ જાય તો સંસારભ્રમણ ખતમ થઈને મોક્ષ પામવામાં ઝાઝી વાર લાગે નહિ.

* * *

**इंदियकसायगारवमएहिं सययं किलिट्ठपरिणामो ।**
**कम्मघणमहाजालं अणुसमयं बंधइ जीवो ॥ ४६० ॥**

**અર્થ :** પાંચ ઇન્દ્રિયો, ચાર કષાયો, આઠ મદ, ત્રણ ગારવમાં નિરંતર કિલષ્ટ પરિણામવાળો રહેતો જીવ દરેક સમયે અનંત કર્મોની રાશિનો બંધ કરે છે.

**વિવેચન :** જિનવચનની આરાધના જ જીવને કર્મબંધથી ઉગારી શકે.

કહ્યું છે કે જિનવચનની આરાધના એ જ ધર્મ છે. તેને બાધિત કરતી કોઈ પણ વાત તે અધર્મ છે.

આ સકળ શાસ્ત્રોની રહસ્યરૂપ વાત છે.

સત્વ અને શક્ય હોય તો જિનવચનોના પાલક બનો.

સત્વ ઓછું પડતું હોય અને અશકય જણાતું હોય તો તેવા તમામ જિનવચનોના કટ્ટર પક્ષપાતી બનો.

જે કાંઈ વચન-વિરાધના થતી હોય તેનાથી અત્યન્ત વ્યથિત રહો. અણિશુદ્ધ -પાલનના પ્યાસી બનો.

* * *

**परपरिवायविसाला अणेगकंदप्पविसयभोगेहिं ।**
**संसारत्था जीवा अरइविणोअं करंतेवं ॥ ४६१ ॥**

**અર્થ :** બીજાની નિંદા કરવામાં લાંબા-પહોળા થનારા સંસારસ્થ જીવો અનેક જાતની ઠઠ્ઠા-મશ્કરીની વિષયભોગો સંબંધિત વાતો કરીને બીજામાં સંતાપ ઉત્પન્ન કરવા દ્વારા આનંદ (વિનોદ) કરે છે.

**વિવેચન :** બીજાઓને ત્રાસ દેવામાં આનંદ માણવો એ પરમાધામી જીવની મનોદશા હોય છે. મનુષ્યલોકમાં પણ એવા જીવો છે જે ઈર્ષ્યાદિના કારણે પ્રતિપક્ષી જીવોની હાંસી વગેરે કરે છે. તે રીતે તેમના ચિત્તમાં અરતિ ઉત્પન્ન કરે છે. આમ કરવા દ્વારા પોતાના મિત્રો વગેરેને આનંદ આપે છે.

પારકાઓની નિંદા કરવી એ અધમાધમ કક્ષાનું પાપ છે. પોતાની ખૂબ પ્રશંસા કરવા જેટલું જ અધમાધમ.

એમાં ય એ રીતથી વિનોદ ઉત્પન્ન કરવો : આનંદ માણવો એ તો ખૂબ હલકી મનોદશા કહેવાય.

આવા જીવો જો ભારેકર્મી હોય તો તેમને આ દોષથી પાછા હટાવવાનું મુશ્કેલ બને છે. તેઓની નિષ્ઠુર પરિણતિ ઉપર ઉપદેશ ધરાર નિષ્ફળ જાય. પથ્થર ઉપર પાણી પડવા જેવી દશા થાય.

ઉપદેશક ગમે તેટલો જબરો હોય પણ જો શ્રોતાના હૃદયમાં કોમળતા : પ્રજ્ઞાપનીયતા ન હોય તો તે નિષ્ફળ જાય.

જન્મજાત કઠોરતા કે કોમળતા પૂર્વભવોના સંસ્કારોને આધીન છે. એમાં ભાગ્યે જ પરિવર્તન થતું હોય છે.

* * *

**आरंभपायनिरया लोइअरिसिणो तहा कुलिंगी य ।**
**दुहओ चुक्का नवरं जीवंति दरिद्दजीयलोअं ॥ ४६२ ॥**

**અર્થ :** કેટલાક સંન્યાસીઓ કે બૌદ્ધ સાધુઓ વગેરે - એમને સમ્યક્ માર્ગની ખબર નથી માટે - પંચાગ્નિતપ વગેરે કહેવાતા ધર્મોમાં પુષ્કળ આરંભ-સમારંભમાં નિરત રહે છે.

આવું કરવાથી આ લોકમાં તેઓ સુખી જણાતા નથી. ભિક્ષા મેળવવામાં તેમને ઘણું કષ્ટ પડે છે. અપમાનાદિ સહવા પડે છે. જાણે કે લોકો તેમને ભિક્ષુ નહિ પણ ભિખારી માને છે.

**વિવેચન :** આ લોકમાં તેઓ દુઃખી થાય છે તો પરલોકમાં કોઈ વિશિષ્ટ ઉચ્ચ-સ્થાનો મળતાં નથી. ત્યાં ય તેઓ ખૂબ સીદાય છે.

એ નથી આલોકે સુખી, નથી પરલોકે સુખી.

વળી આલોકમાં નથી તેઓ ગૃહસ્થ તો નથી તેઓ વિશિષ્ટ આત્માનંદને અનુભવતા સાધુ.

આમ બધી બાજુથી મુસીબતમાં મુકાય છે.

* * *

**सव्वो न हिंसिअव्वो जह महीपालो तह उदयपालो ।**
**न य अभयदाणवइणा जणोवमाणेण होयव्वं ॥ ४६३ ॥**

**અર્થ :** વસ્તુતઃ કોઈ પણ જીવની હિંસા કરવી ન જોઈએ. પછી તે રાજા હોય કે રંક (ઉદય-પાલ) હોય. બધાને સમદૃષ્ટિથી જોવા જોઈએ.

**વિવેચન :** જેણે સર્વ જીવોને અભયદાનનું વ્રત લીધું છે તેણે સામાન્ય બુદ્ધિવાળા માણસ જેવા થવું ન જોઈએ.

તે કહે છે કે જેઓ આપણને બાળે, ઝેર દે, શસ્ત્ર ઉગામે. જે ધનચોર, પુત્ર-ચોર કે સ્ત્રીચોર હોય. આ છ પ્રકારના માનવો દુષ્ટ છે. વળી જે વેદાન્તપારગામી - મહાજ્ઞાની - છે તેમના હત્યારાઓની હત્યા કરવી જ જોઈએ. તેમાં કોઈ પાપ નથી. આ વાતનો વિરોધ કરનારા, ક્ષમાદાનની વાતો કરનારા 'બાયલા' છે.

હિંસક માનસ ધરાવતા લોકોની આવી વાતોમાં વિશિષ્ટ કોટિના માનવોએ ફસાવવું ન જોઈએ : તેમની વાતો માનવી ન જોઈએ.

જૈનદર્શન ક્ષમાપ્રધાન છે.

જૈન સાધુ ક્ષમાશ્રમણ (ક્ષમાપ્રધાન શ્રમણ) છે.

દશવિધ ધર્મોમાં ક્ષમા પ્રથમ ધર્મ છે.

પરમાત્મા મહાવીરદેવનું સમગ્ર જીવન ક્ષમામય છે.

ક્ષમાને વીરનું ભૂષણ કહેવામાં આવ્યું છે.

પ્રહાર કરવામાં જેટલી વીરતા જોઈએ તેથી ઘણી વધુ વીરતા પ્રહાર ખાઈ લેવામાં જોઈએ.

ઈસુએ બીજા ગાલે તમાચો ખાવાનું કહ્યું છે : સામે મારવાનું કહ્યું નથી. પોતાના હત્યારાઓને ક્ષમા દેવાનું ઈશ્વરને ઈસુએ પ્રાર્થ્યું છે.

કર્મનો મોટો ક્ષય સહન કરીને ક્ષમા ધારણ કરવાથી થતો હોવાથી લાખો સાધકો સાહુ બનીને ક્ષમાશીલ બન્યા છે. સર્વ ધર્મોમાં ક્ષમાનું મહત્ત્વ છે.

કાફર ! જેહાદ ! ક્રુસેડ ! મારો, ઠોકો ! વ્યભિચાર કરો વગેરે વાતો એક પણ આર્યધર્મમાં આવતી નથી.

ક્ષમા ધારણ કરનારાને બાયલા કહ્યા પણ ખરેખર તો ક્ષમા ધારણ નહિ કરનારા 'બાયલા' છે.

* * *

**पाविज्जइ इह वसणं जणेण तं छगलओ असत्तुत्ति ।**
**न य कोइ सोणियबलिं करेइ वग्घेण देवाणं ॥ ४६४ ॥**

**અર્થ અને વિવેચન :** કેટલાક વિચિત્ર લોકો કહે છે કે, "ક્ષમા ધારણ કરનારને માથે ઘણા સંકટો (વ્યસનો) આવે. તેને 'બકરો', 'અશક્ત' કહેવામાં આવે છે.

તેવા દુબળાઓ વાઘના લોહી વડે દેવોને બલિ આપનારા નથી માટે બકરા જેવા બાયલા છે.

નબળાને કોણ ન હણે ? કોણ હેરાન ન કરે ?

આ બધું સાંભળીને પણ ક્ષમાશીલ આત્માઓ પોતાના સ્વભાવથી જરાય વિચલિત થતા નથી.

અરિહંત પરમાત્મા મહાવીરદેવે ૧૨॥ વર્ષના સાધનાકાળમાં કેટલું બધું સહ્યું હતું ? ક્યારેય કોઈના જીવલેણ આક્રમણનો ય પ્રતીકાર કર્યો ન હતો.

* * *

**वच्चइ खणेण जीवो पित्तानिलधाउसिंभखोभेहिं ।**
**उज्जमह मा विसीअह तरतमजोगो इमो दुलहो ॥ ४६५ ॥**

**पंचिंदियत्तणं माणुसत्तणं आयरिए जणे सुकुलं ।**
**साहुसमागमसुणणा सद्दहणारोगपव्वज्जा ॥ ४६६ ॥**

**અર્થ :** પિત્ત, વાયુ, રસ, રુધિરાદિ ધાતુ કે કફનો ક્ષોભ થતાં જ જીવ પરલોક ભેગો થઈ જતો હોય છે માટે હે શિષ્યો ! તમે ધર્મમાં-સહન કરવામાં–જ ઉદ્યમ કરો; તેનાથી ખેદ પામીને પાછા ન પડો.

ધર્મો એકેકથી ચડીઆતા પ્રકારના છે. ધર્મસામગ્રીનો પુનઃ યોગ થવો દુર્લભ છે. માટે જેટલું સધાય તેટલું સાધી લો.

**વિવેચન :** માનવજીવનને દસ દૃષ્ટાન્તોથી દુર્લભ કહ્યું. વળી તેમાં ય માર્ગાનુસારિતા, જિનવાણીનું શ્રવણ, જિનવચનમાં અવિહડ શ્રદ્ધા અને ભાવસાધુપણું તો ઉત્તરોત્તર દુર્લભ છે. (બીજા શબ્દોમાં પંચેન્દ્રિયત્વ, મનુષ્યપણું, આર્યદેશ, આર્યકુળ, સાધુસમાગમ, શ્રવણ, શ્રદ્ધા, નિરોગિતા અને ભાવસાધુત્વ ઉત્તરોત્તર ચડિયાતા છે.)

પણ સમ્યગ્દર્શનને અવિરતિ ખાઈ જતી હોય છે તેમ સર્વવિરતિને પ્રમાદ

ખાઈ જતો હોય છે. આટલે ઊંચે (સાધુપણા સુધી) આવ્યા બાદ પ્રમાદના પોષણ દ્વારા જો બધું ગુમાવી દેવાય તો તે કેટલું બધું દુઃખદ ગણાય ?

મનને થોડુંક વધુ મજબૂત કરીને પણ પ્રાપ્ત થયેલી દુર્લભ વસ્તુઓની ઉત્કૃષ્ટ આરાધના કરી લેવી જોઈએ.

આ દરેક પગથિયે ચડવા માટે અનંતી પુણ્યાઈ ભેગી કરવી પડે. જો તેને ભૌતિક સામગ્રી મેળવવામાં વેડફી નંખાય તો આ બધી વસ્તુઓ પ્રાપ્ત થઈ શકે નહિ. માટે નાનામાં નાની પણ ભોગસામગ્રીને વસાવતાં લાખ વાર વિચાર કરવો જોઈએ.

મુખ્ય વાત એ વિચારણીય છે કે જીવનો વર્તમાનભવ પૂર્વના ભવો ઉપર આધારિત હોય છે. વર્તમાન કાળમાં ભલે તેને સાધુવેષ સુધીની ઉચ્ચ કક્ષાની સામગ્રીઓ મળી હોય પણ જો તે આત્મા હલકી ક્વૉલિટીનું પુણ્ય ધરાવતો હોય તો તે સામગ્રીઓનો તેને કોઈ લાભ થવાનો નહિ.

જરાક વિગતથી વાત કરું.

જો પૂર્વના ભવોમાં મોક્ષના કે પરાર્થના લક્ષ વિના સહન કરવા રૂપ ધર્મ (અકામનિર્જરા) તિર્યંચાદિ ગતિઓમાં થયો હોય તો તે હલકી કવૉલિટીનો ધર્મ કહેવાય. તેનાથી બંધાયેલું પુણ્ય હલકી કવૉલિટીનું કહેવાય. તેનાથી મળતો મનુષ્યભવ અને તેની સામગ્રી પણ હલકી કવૉલિટીના કહેવાય.

જો જીવે પૂર્વના ભવોમાં - માનવાદિ ભવોમાં-મોક્ષ કે પરાર્થના લક્ષથી ઊંચી કવૉલિટીનો ધર્મ કર્યો હોત તો તેનાથી બંધાયેલું પુણ્ય અને મળતો ભવ અને તેની ઈષ્ટ સામગ્રી-બધુંય–ઊંચી કવૉલિટીનું કહેવાય.

કોઈ પણ વસ્તુની કવૉલિટી જોવાની હોય છે. હંમેશ માલની પસંદગી કવૉલિટીના આધારે થાય છે.

હલકી કવૉલિટીનો જીવ ગમે તેટલા આચાર્યાદિ ઊંચા પદો મેળવે પણ તે પદેથી તે સારું કાર્ય નહિ કરી શકે.

જો ઊંચી કવૉલિટીનો આત્મા હશે તો ખોટું કામ કરીને પણ ધ્રુસકે રડતો હશે.

જ્ઞાતિ, જાતિ કે કુળની ખાનદાની કરતાં આત્માની ખાનદાનીનું (સંસ્કારગત) મહત્ત્વ વધુ ગણાય.

સવાલ એ થશે કે ક્વોલિટી બદલી શકાય ખરી ? આનો જવાબ હકારમાં છે કે જરૂર બદલાય.

અરિહંતદેવનું ભાવભર્યું શરણ લઈને જો તીવ્ર ગર્હા (દુષ્કૃતોની) કરાય અને અનુમોદના (પરકીય સુકૃતોની) કરાય તો હલકી ક્વોલિટી એ ઊંચી ક્વોલિટીમાં રૂપાન્તરિત થાય.

દુષ્કૃતગર્હા કરવાથી દોષો પેદા કરતાં તગડા પાપાનુબંધો નબળા થઈ જાય.

સુકૃતાનુમોદના કરવાથી નબળા પુણ્યાનુબંધો તગડા થઈ જાય.

દરેક સાધકે આ કામ સૌથી પહેલું કરવું જોઈએ જેથી 'ક્વોલિટી'ની બાબતમાં વ્યવસ્થિત બની જવાય.

* * *

**आउं संविल्लंतो सिढिलंतो बंधणाइं सव्वाइं ।**
**देहट्ठियं मुयंतो झायइ कलुणं बहुं जीवो ॥ ४६७ ॥**

**અર્થ :** જે આત્મા ધર્મ કરતો નથી, પુષ્કળ પાપ કરે છે તે આયુષ્યને (ઉપક્રમો લાગવાથી) ઘટાડે છે. દેહના બંધનો (દેહનું બંધારણ) શિથિલ કરે છે. દેહવાસને છોડે છે. દેહ છોડવાની છેલ્લી ક્ષણોમાં ખૂબ કરુણ સ્વરે રડે છે : ઝૂરે છે.

**વિવેચન :** સંસારીને ભોગો ભોગવવા પુષ્ટ તનની જરૂર છે તો સાધુને નિરોગી તનની જરૂર છે. જો ગમે તેમ ખાઈ-પીને તે શરીર બગાડે તો તેનાથી સાધ્વાચારોનું અપ્રમત્ત રીતે પાલન થઈ શકે નહિ.

જેનું તન નિરોગી ન હોય અને મન નિર્મળ ન હોય તે સાધુ - એકના પણ અભાવમાં - સાધના કરી શકે નહિ. ઊલટો, પુષ્કળ દોષસેવન કરીને કર્મબંધ કરે : ભવભ્રમણ વધારી મૂકે.

એ સાધુ પાછલી જિંદગીમાં પશ્ચાત્તાપ કરે તો ય ઝાઝું વળે નહિ. રાંડ્યા પછીનું એ ડહાપણ કહેવાય. (છતાં ય અપવાદ હોઈ શકે.)

દરેક સાધુએ દેહાદિકની સારી સ્થિતિમાં શક્તિથી પણ થોડોક વધુ ધર્મ કરી લેવો જોઈએ. મનમાં જે ઈચ્છા થાય તે બધો તપ વગેરે કરી લેવો જોઈએ. એનું જીવન–સૂત્ર બનવું જોઈએ : ''આજ આજ ભાઈ ! અત્યારે.''

લગભગ ઘણાખરા સાધુની પાછલી જિંદગી રોગાદિકથી વ્યસ્ત બનીને દોષપ્રચૂર બને છે. તો શા માટે પહેલાં જ વધુમાં વધુ આરાધના ન કરી લેવી જોઈએ ? જેથી જીવન આનંદમય બને, મોત અને ઘડપણ પણ મજાના બને... રોગનો અભાવ રહેવાથીસ્તો.

**मुक्खसाहणहेउस्स साहुदेहस्स धारणा ।**

આ પંક્તિ અનુસાર સાધુએ મોક્ષ પામવો હોય તો રત્નત્રયીની ઉત્તમ આરાધના કરવી. અને તે માટે જરૂરી એવા શરીરને એવી રીતે પોષવું કે જેથી તેનું આરોગ્ય સદાબહાર બની રહે.

આરોગ્ય સારું રાખવા માટે પૌષ્ટિક વસ્તુઓ-દૂધ વગેરે પથ્યોની કે ભસ્મો વગેરે ઔષધોની જરૂર નથી પણ કુપથ્યત્યાગની અને સાદા ભોજન સહિત ઉણોદરીની છે. આવો સાધુ પ્રાયઃ માંદો પડતો નથી. તેના તનની જેમ મન પણ સદા નિરોગી રહે છે.

દૂધ કે ભસ્મો વગેરે લેવાથી તન નાહકનું તગડું બને છે. તેથી મન ઉન્માદી બને છે. આ બે ય વસ્તુ આત્મહિતના કાર્યમાં પ્રતિકૂળ થાય છે.

ખૂબ સારી અને સચોટ વાત એ છે કે તન-મનને નિરોગી અને નિર્મળ રાખવા માટે નિર્દોષ ગોચરીવાળો આયંબિલનો કાયમી તપ અત્યન્ત અનુકૂળ છે.

ઉપવાસ કાયમ માટે થઈ શકતા નથી. પણ આયંબિલ કાયમ માટે થઈ શકે. એમાં પોષણની જરૂર પડે ત્યારે થોડાક દિવસ ગાડાના પૈડામાં ઊંજણ ભરવાની જેમ વિગઈ લઈ શકાય છે. આયંબિલથી લુખ્ખા બનેલા દેહમાં વિગઈની સ્નિગ્ધતા ઉન્માદ પેદા કરી શકતી નથી બલ્કે ઉપયોગી બને છે.

ટૂંકમાં મહામુસીબતે હાથે ચડેલા માનવજીવનને દોષમય જીવન જીવીને બરબાદ થવા દેવાય નહિ. એથી જુવાનીમાં રોગ, ઘડપણમાં પરાધીનતા અને મોતમાં રિબામણ ઉત્પન્ન થઈને દુર્ગતિમાં દીર્ઘકાળ સુધી ફંગોળાઈ જવાનો અવસર આવે.

* * *

**इक्कं पि नत्थि जं सुट्ठु सुचरियं जह इमं बलं मज्झ ।**
**को नाम दढक्कारो मरणंते मंदपुण्णस्स ॥ ४६८ ॥**

**અર્થ :** જીવનને દોષોથી બરબાદ કરી ચૂકેલો આત્મા વિચાર કરે છે કે, "એવી જીવનમાં એક પણ સારી કરણી મેં કરી નથી જેનું બળ (અનુમોદન) મંદપુણ્યવાન એવા મારો મરણ વખતે આનંદ આપતો આધાર બની શકે."

**વિવેચન :** દોષભરપૂર જીવન જીવી ચૂકેલો આત્મા કદાચ છેલ્લે સત્સંગ પામશે તો તેને ભાન તો થશે જ કે, "મેં મારી જિંદગી કુકર્મો કરીને બરબાદ કરી. કોઈ એવું સુકૃત-માનવતાનું કે ધાર્મિકતાનું-મેં ન કર્યું. હાય, મારી શી દશા !"

આવા નેગેટીવ વિચારો મરણ વખતે આવે તો એ આત્મા માનસિક રીતે સાવ તૂટી જાય. બેશક પશ્ચાત્તાપ સારી વસ્તુ છે પણ તેની સાથે પોઝીટીવરૂપે પોતે કરેલા સારા કાર્યોની પોતાની અનુમોદના (આનંદ) પણ જરૂરી છે.

મરણની ક્ષણોમાં એને એ વાતથી આનંદ પણ રહેવો જોઈએ કે, "મેં આટઆટલા સુકૃતો પણ કર્યા છે."

સ્વદુષ્કૃતોની ગર્હાની જેમ સ્વસુકૃતોની અનુમોદના પણ આવશ્યક છે.

કેટલીક વાર જીવનકાળ દરમ્યાન કેટલાક માણસો અમુક વખતે નિષ્ફળતા મળવા બદલ હતાશ થઈ જાય છે. આવા સમયે તેમનામાં આનંદ, ઉત્સાહનું બળ પૂરીને ફરી સારા કાર્યો કરવા માટે સજ્જ બનાવી દેવા માટે તેમના દ્વારા થયેલા સત્કાર્યોની પણ તેમને યાદ દેવડાવવી જોઈએ; જેથી તે પ્રસન્ન થાય અને આવેલી નિરાશાને ખંખેરી નાંખીને કામે લાગી જાય.

આ વાતને જાડી ભાષામાં 'હેલો ગાવો' એમ કહેવાય. પોતે જ પોતાની ખુશામત સાંભળવી અને નિરાશાને ખંખેરી નાંખીને નવા સારા કાર્યો માટે ઉત્સાહિત બની જવું.

જે વાત જીવનકાળમાં જરૂરી છે તે વાત મરણકાળમાં પણ જરૂરી છે.

જેની પાસે એકે ય નથી તેના જીવન-મરણ અશાન્ત બનીને નિષ્ફળ જાય છે.

દરેક માણસે જીવનકાળમાં એવા આઠથી દસ ઉત્કૃષ્ટ કક્ષાના સારા કાર્યો કરી રાખવા જોઈએ, જેને મરણ વખતે યાદ કરીને પોતાને પ્રસન્ન અને પ્રફુલ્લિત રાખી શકાય. અન્યથા "હું પાપી, હું પાપી" કરતો જ તે મરી જાય.

* * *

**सूलविसअहिविसूइ पाणीसत्थग्गिसंभमेहिं च ।**
**देहंतरसंकमणं करेइ जीवो मुहुत्तेण ॥ ४६९ ॥**

**અર્થ :** પેટમાં શૂળ, વિષ-પ્રયોગ, અજીર્ણ, જળશરણ, શસ્ત્રપ્રહાર, અગ્નિજ્વલન, ભય (અથવા સ્નેહાતિરેક)થી હૃદયનું બંધ પડી જવું વગેરેથી જીવનું એક જ ક્ષણમાં મોત થઈ જાય અને અન્ય ભવના અન્ય દેહમાં તે જીવ સંક્રાન્ત પણ થઈ જાય.

**વિવેચન :** જીવન કેટલું બધું ક્ષણિક છે ? તે વાત ગ્રન્થકારશ્રી જણાવે છે.

એકાએક બધા - સ્વજનો અને સ્નેહીજનોના દેખતાં જમડો જીવને ઉપાડી જાય.

હરણોના દેખતાં, તેમના કકળાટ વચ્ચે સિંહ એક હરણને ઘાયલ કરીને બોડ તરફ કેવો ઘસડીને લઈ જાય છે ! તે વખતે તેના સ્વજનો વગેરે કોઈ તેનું શરણ બની શકતા નથી.

જીવનની ક્ષણિકતા વિષે અન્યત્ર કહેલું છે :

***નીલકમલદલબિન્દુ જીવન, શ્યામગગનઘન ચપલા જીવન.***
***ઉષઃકાળની લાલી જીવન, સાગરમાં છે બિન્દુ જીવન.***

મોતને સહર્ષ ભેટવા તો તે પુણ્યાત્માઓ તૈયાર થાય જેમનું જીવન જિનાજ્ઞાપ્રતિબદ્ધ હોઈને કે સદાચારોથી સંપન્ન હોઈને એકદમ નિર્મળ છે.

વીરમગામ સ્ટેશને ગાડી બદલતી વખતે એક ગાડીના મુસાફરો, સામે તૈયાર ઊભી રહેલી ગાડીમાં કેટલા આનંદથી બેસી જાય છે ! કેટલા આનંદથી પહેલી ગાડી ધડાધડ છોડી દે છે !

ગીતા કહે છે કે મોત તો જૂના-જીર્ણ થયેલા-વાઘા છોડીને નવા વાઘા પહેરવાની (वासांसि जीर्णानि यथा विहाय) પ્રક્રિયા છે, એમાં રડવાનું શું ?

અન્યત્ર કહ્યું છે કે આ તો બાળકે એક સ્તનથી દૂધ પીવાનું બંધ કર્યું. બીજા સ્તનથી તે ચાલુ કર્યું. આમાં આઘાતજનક કશું બનતું નથી !

મહાપુરુષો મોતને ય મંગળમય બનાવે છે.

જેમનું મરણ મંગળમય તેમનું જીવન સફળ.

**मरणं मङ्गलं यस्य, सफलं तस्य जीवनम् ॥**

ગૂર્જરેશ્વર કુમારપાળને વિષપ્રયોગ થયો હતો. ઉગરવા માટે બધો યત્ન કરી

જોયો, કેમકે જેટલું વધુ જીવાય તેટલું સ્વ-પરહિત વધુ થાય તેવી તેમની ધારણા હતી. પણ જ્યારે તેમને ખબર પડી કે તીજોરીમાં સુરક્ષિત રાખેલો વિષહર મણિ ચોરાઈ ગયો છે ત્યારે તે તરત બોલી ઊઠ્યા, "તો હવે મોતને ભેટવા માટે હું તૈયાર છું. **मरणेऽपि सज्जा वयम् ॥**"

જે મરણ વખતનો છેલ્લો શ્વાસ છૂટતાં-તેની સાથે જ-પરમાત્માનું નામ પણ શ્વાસમાં ઘુંટાઈને નીકળી જાય તે મંગલ મૃત્યુ કહેવાય.

આખું જીવન "રામ-રામ" મોંએથી બોલીને કરનારા મોટા માધવરાવ પેશ્વાને મરણ સમયે શ્વાસનળી ઉપર સખત કફ ભરાતાં બોલવાનું બંધ થતાં તે રડવા લાગ્યા. વૈદ્યોએ રડવાનું કારણ પૂછતાં રામનામ મોંએથી લેવાની ઈચ્છા કરી. વૈદ્યોએ ભસ્મનો પ્રયોગ કરીને કફ તોડી નાંખ્યો. પેશ્વા મોટેથી રામ, રામ બોલવા લાગ્યા. આંખેથી હર્ષના આંસુ વહ્યા અને એ જ વખતે હંસલો પિંજરમાંથી ઊડી ગયો.

આનું નામ મંગલ-મૃત્યુ.

જેઓ જીવનમાં અપૂર્વ ધર્મ કરે છે તેમને જ આવી સમાધિ-મરણની ભેટ મળે છે.

એક વાર સમાધિથી મરણ થાય એટલે પાપી ગોશાલકની જેમ સદ્ગતિ મળી જાય. ત્યાં ઊંધી વળી ગયેલી બાજીને સવળી કરવાની તક સાંપડી જાય. જો કે અભાગિયાઓ તેવી તક ઝડપી શકતા નથી.

વસ્તુતઃ આયુષ્યકાળના કોઈક બે તૃતીયાંશ શેષ ભાગે જે રીતે આયુષ્ય બંધાઈને નિશ્ચિત (નિકાચિત) બની જાય છે તે જ રીતે મૃત્યુ-સમયની સમાધિ કે અસમાધિ હોય છે. તેમાં ગમે તેટલા નવકાર સંભળાય તો ય છેલ્લી સેકંડોમાં અસમાધિની જ્વાલાઓથી આત્મા લપેટાઈ જાય અને દુર્ગતિમાં ચાલી જાય. (શ્રેણિક, કૃષ્ણની જેમ.)

એથી ઊલટું પણ બની શકે. જો પાપી જીવને આયુષ્યના કોક બે તૃતીયાંશ સમય ઉપર સારા ભાવો પ્રગટેલા હોય તો તેને મોત વખતે સમાધિ રહે; તે એક વાર તો સદ્ગતિમાં જરૂર જાય.

હા, એ પછીનો તેનો સંસાર જીવનકાળમાં કરેલા ધર્મો કે અધર્મો ઉપર નભે.

જો તે ધર્મો સોનાના ઘડા જેવા હોય તો ભલે ચંડકોશીઓ નાગ થવાય, પછી અંત સમયે ફૂટી ગયેલા સોનાના ઘડાના દામ પૂરા આવે. પાછલે બારણેથી પ્રભુ વીર આવી જાય; જીવનો ઉદ્ધાર કરી જાય. પણ જો તે ધર્મો વેઠ ઉતારીને કર્યા હોય તો માટીનો ઘડો ફૂટ્યો છે એમ કહેવાય. તેના ઠીકરાં થયા. તેના બે પૈસા પણ ન આવે.

ટૂંકમાં સાચા ધર્મના પૂરા દામ મળે.

વેઠીઆ ધર્મનું કશું ન ઉપજે.

* * *

**कुत्तो चिंता सुचरियतवस्स गुणसुट्ठिअस्स साहुस्स ।**
**सोगइगमपडिहत्थो जो अच्छइ नियमभरियभरो ॥ ४७० ॥**

**અર્થ :** જે આત્મા સદ્ગતિમાં જવા માટે દક્ષ (પ્રતિહસ્ત) છે; અનેક નિયમો કરવા વડે જેણે જીવનમાં ધર્મનો ભંડાર ભરી દીધો છે તેવા તપસ્વી અને ગુણીઅલ તથા ચારિત્રધર સાધુને મરણકાળે દુર્ગતિ થવાની કોઈ ચિંતા ન હોય.

**વિવેચન :** પૂર્વના શ્લોકમાં જ કહ્યું કે, "કુમારપાળ મરણ-સમયે બોલી ઊઠ્યા કે, હું મરવા માટે તૈયાર છું."

જે આત્મા ધર્માત્મા તરીકેનું જીવન જીવ્યો હોય અથવા જે પાપાત્મા તરીકેનું જીવન જીવ્યા બાદ ગુરુસમાગમ પામીને શુદ્ધ પ્રાયશ્ચિત્તી બન્યો હોય તેને - તે સાધુ હોય કે સંસારી - મરણ એ મહોત્સવ બને. એ છાતી ઠોકી-વગાડીને કહે કે મને દુર્ગતિ થવાનો કોઈ ભય નથી.

"આત્મા અમર છે." એવું ભાન જેને હાડોહાડ થયું હોય, પરમાત્મભક્તિમાં જે અત્યન્ત લીન હોય એવા આત્માઓને પણ મરણ મંગલમય બને છે.

વિનોબાનું બાળવયનું નામ વિન્યો હતું. એક વાર તે નદીમાં સ્નાન કરવા જતાં તણાયો. મોત દેખાવા લાગ્યું. કિનારે ઊભેલા લોકોને તેણે કહ્યું, "મારા બા-બાપુજીને કહેજો કે વિન્યો તણાયો છે ખરો પણ મર્યો નથી; કેમકે આત્મા અમર છે."

આનંદઘનજીએ ભાવમસ્તીમાં આવીને ગાયું,

*"અબ હમ અમર ભયેંગે ન મરેંગે."*

વૈરાગ્યકલ્પલતા ગ્રન્થમાં આધ્યાત્મિક મસ્તીમાં ઝૂમતા મુનિઓના મનોગત ભાવોનું વર્ણન કરતાં કહ્યું છે કે, જ્યારે તે મુનિઓ ઉપર મરણાન્ત ઉપસર્ગો ત્રાટકે છે ત્યારે તેઓ વિચારે છે કે, આથી આ જડ અને પરાયા દેહનો ભેદ કે ટુકડા થશે. મારા આત્માનો એક પ્રદેશ પણ ખરવાનો નથી. પછી મારે શાનો ભય રાખવાનો ?

ઉત્તમ કોટિના આત્માઓને મરણનો સમય જણાઈ જતો હોય છે. છેલ્લી ક્ષણે તે બધાને કહે છે, "લ્યો... ત્યારે, હું જાઉં છું; બધા આનંદમાં રહેજો. (અથવા ખૂબ ધર્મધ્યાન કરજો.)"

કેટલાકો ઈચ્છામૃત્યુને વરેલા હોય છે. એમની મરવાની ઈચ્છા થાય ત્યારે જ તેઓ મરે છે.

વિનોબાને પરમાત્મા મહાવીરદેવના નિર્વાણદિને જ મરવું હતું. તો ડૉક્ટરોની વાતને ખોટી પાડીને યમરાજને ચોવીસ કલાક માટે બારણે ઊભો રાખ્યો.

અરવિંદને એકાએક મરવાનો વિચાર આવ્યો અને તે મરી ગયા.

શ્રાદ્ધરત્ન અનોપચંદભાઈ શત્રુંજયના હિંગળાજના હડે બેઠા હતા. ખૂબ આધ્યાત્મિક મસ્તીમાં હતા. તે જ વખતે વિચાર આવ્યો કે, "આવી ધન્યપળોમાં મરું તો કેવું સરસ !" અને... તત્ક્ષણ જીવ નીકળી ગયો.

* * *

**साहंति अ फुडवियडं मासाहससउणसरिसया जीवा ।**
**न य कम्मभारगरुयत्तणेणं तं साहरंति तहा ॥ ४७१ ॥**

**वग्घमुहम्मि अहिगओ मंसं दंतंतराउ कड्ढेइ ।**
**मासाहसं ति जंपइ करेइ न य तं जहाभणिअं ॥ ४७२ ॥**

**અર્થ :** પર્વતની ગુફામાં રહેનારા 'માસાહસ' નામના પંખીઓ પ્રગટપણે (વિયડં) સ્પષ્ટ શબ્દોમાં ઉપદેશ આપે છે કે "કોઈ સાહસ કરશો નહિ." પણ તેમ બોલતી વખતે જ તે મોં ઉઘાડું રાખીને બેઠેલા વાઘના મોંમાં જઈ બેસવાનું સાહસ કરે છે. તેના મોંનું માંસ તોડે છે. પણ એક વાર વાઘ તેને ચાવી ખાય છે.

**વિવેચન :** જેમ આ પંખી બોલેલું સ્વયં પાળતું નથી તેમ ઉપદેશ દેવામાં ઉસ્તાદ સાધુઓ પોતે તેનું આચરણ કરવામાં શૂન્ય હોય છે. બીજાઓને આયંબિલનો તપ કરવા જોરદાર બોધ આપે અને પોતે આરામથી - મજેથી - ચા પીએ.

પોતે ન આચરે તેનો ઉપદેશ દેવાય નહિ. અન્યથા બાળજીવો ઉપર ઊંધી અસર પડે. આથી જ તેમની સમક્ષ તો ઉપદેશકોએ આચાર-પૂર્ણ જીવન જીવવું જ જોઈએ. તેમ ન કરે તો જગતને અધર્મ પમાડવા દ્વારા પોતે અનંત સંસારી થાય.

અજૈનોમાં સંત જ્ઞાનેશ્વરનો પ્રસંગ આવે છે. તેને જમતી વખતે ગોળ વિના કદી ચાલતું નહિ. તેની પાસે કોઈ માવડી ગોળ પાછળ પાગલ બનેલા દીકરાને લઈ આવી. તેને ગોળની બાધા દેવા માટે સંતને કહ્યું. સંતે તેને પંદર દિવસ પછી બાધા લેવા આવવાનું જણાવ્યું. તે દરમ્યાન પોતે ગોળ છોડ્યો. પછી બાળકને ગોળની બાધા આપી.

અશ્વપાલક ગિરિદત્ત પગની જરીક ખોડને લીધે એક પગે ત્રાંસો ચાલતો હતો, તો તેને રાજાએ જે પંચકલ્યાણી ઘોડો તાલીમ માટે સોંપ્યો તે ઘોડો પણ ખોડો ચાલતો રહ્યો.

પણ સબૂર ! પોતાના આચરણમાં ન હોય તેવો પણ બોધ બીજાને આપી શકાય; જો તે બોધ દેતાં દેતાં પોતાની આચાર-પાલનની અશક્તિનો રડતી આંખે સ્વીકાર હોય ! આટલું થાય તો શ્રોતા સમજી જાય કે વક્તા પૂરી રીતે માને છે કે પોતે ઉત્તમ આચરણ કરવું જોઈએ; પણ શારીરિકાદિ કારણોસર તેવું પાળી શકાતું નથી.

આંખના આંસુની ભાષામાં આ વાત જ્યારે શ્રોતાના કાને પહોંચે ત્યારે અવળી અસર થવાની શક્યતા રહેતી નથી.

આ વાતનું હૂબહૂ દૃષ્ટાન્ત નંદિષેણ છે.

* * *

**परिअट्टिउण गंथत्थवित्थरं निहिसिउण परमत्थं ।**
**तं तह करेइ जह तं न होइ सव्वंपि नटपढिअं ॥ ४७३ ॥**

**पढइ नडो वेरग्गं निव्विज्जिज्जा य बहुजणो जेण ।**
**पढिउण तं तह सढो जालेण जलं समोअरइ ॥ ४७४ ॥**

**અર્થ :** સૂત્ર અને તેના અર્થને સારી રીતે ગોખીને, તેના તાત્પર્યાર્થોને પણ સારી

રીતે જાણીને તે જીવ એવું કરે છે જેથી તે બધું તેના માટે તો નટે રંગમંડપ ઉપર ગોખીને બોલી દીધેલા પાઠ જેવું થાય છે.

જે નટ છે તે રંગમંડપ ઉપરથી વૈરાગ્યની એવી વાતો કરે છે કે જેથી ઘણા લોકો નિર્વેદ પામી જાય છે. પરંતુ જેમ તેને પોતાને કોઈ નિર્વેદાદિ થતા નથી તેમ મૂર્ખ માણસ વ્યાખ્યાનમાં ઉત્કૃષ્ટ નિર્વેદ પમાડે તેવી વાતો કરવા છતાં તે પ્રમાણે જીવનમાં વર્તતો નથી.

પ્રવચનરૂપી જાળ પાણીમાં નાંખીને ભોળી માછલીઓરૂપ શ્રોતાને પકડવા માટે પાણીમાં ઊતરે છે, માછલીઓને પકડે છે પણ પોતે જાળમાં પકડાતો નથી.

**વિવેચન :** કલિકાલના ઘણા બધા વક્તાઓમાં આ વાતનો આબેહૂબ સાક્ષાત્કાર થાય છે. તેઓ જે ઉપદેશ આપે છે તે જાણે ખાનપાન-માનપાન મેળવવા - કમાઈ લેવા માટે જ હોય તેવો હોય છે. તેઓ વૈરાગ્યનો ઉત્તમ ઉપદેશ દઈને શ્રોતાઓ સમક્ષ એવો આભાસ ઉત્પન્ન કરાવવામાં સફળ બને છે કે વક્તાશ્રીનું જીવન ખૂબ ઊંચું હોવું જોઈએ. પણ હકીકત સાવ જુદી નીકળે છે. આવા વક્તાઓ વ્યાખ્યાનની પાટ ઉપર ગૌતમસ્વામીજી જેવા દેખાય પણ પાટેથી નીચે ઊતર્યા બાદ સાવ શિથિલ જીવનને કારણે ગોશાલક જેવા લાગે.

ધીમે ધીમે આ દંભ પ્રગટ થાય. ત્યાર બાદ ભાવુક શ્રોતાઓ તેમનાથી વિમુખ થવા લાગે. તેમની સંતતિ તો પહેલેથી જ વિમુખ બની રહે.

તેમનું વાણી પ્રમાણેનું વર્તન નહિ જણાવવાથી પુષ્કળ લોકો ધર્મમાં આવ્યા બાદ ધર્મવિમુખ બની જાય છે.

* * *

**कह कह करेमि कह मा करेमि कह कह कयं बहुकयं मे ।**
**जो हिययसंपसारं सो अह करेइ हियं ॥ ४७५ ॥**

**અર્થ :** "હું કેવી કેવી રીતે ધર્મ કરું ? કેવી રીતે ન કરું ? કેવી રીતે કરેલું ધર્માનુષ્ઠાન મને બહુ ગુણકારી થાય ?"

આ રીતે જે પુરુષના હૈયે મંથન ચાલતું હોય તે પુરુષ આત્મહિત કરી શકે.

**વિવેચન :** ભલા ! આત્મહિતનું થવું એ કર્મોને (કે નિયતિને) આધીન છે પણ તે માટે સતત ચિંતનશીલ અને પ્રયત્નશીલ તો રહેવું જ જોઈએ એવું આ શ્લોકમાં ગ્રન્થકારશ્રીનું કહેવું છે.

મોહરાજના હુમલાઓ સામે તેને મારી હઠાવવા, તેની ઉપર વિજય મેળવવા માટે જોરદાર ચિંતન-પ્રયત્નો કરતા રહેવાય, આ રીતે ઝઝૂમતા રહેવાય તો ભલે એક વાર પરાજય પણ થાય તો ય એ ભાવીના જયનું પ્રથમ સોપાન કહેવાય.

'ઝઝૂમવું' એ જ મોટી વાત છે, હાર કે જીત નહિ.

પેલો દેડકો ! એના પગમાં પુષ્કળ ચપળતા હોય છે પણ જ્યારે સાપની તગતગતી આંખો સામે તે ડઘાઈ જાય છે ત્યારે ગભરાઈ જઈને સ્થિર થઈને રહે છે. સાપ બહુ સહેલાઈથી તેને મોંમાં મૂકી દે છે.

મોહરાજની સામે આત્માએ દેડકાની જેમ ડઘાઈ જવું ન જોઈએ. તેણે પોતાની તમામ તાકાત કામે લગાડવી જોઈએ.

આત્મવિકાસ માટે સતત ચિંતન-મંથન એ સફળતાના શિખરે પહોંચવા માટેનો પહેલો કૂદકો છે.

* * *

**सिढिलो अणायरकओ अवसवसकओ तहा कयावकओ ।**
**सययं पमत्तसीलस्स संजमो केरिसो होज्जा ॥ ४७६ ॥**

**चंदुव्व कालपक्खे परिहाइ पए पए पमायपरो ।**
**तह उग्घरविग्घरनिरंगणो य ण य इच्छियं लहइ ॥ ४७७ ॥**

**અર્થ :** તેને સંયમ શી રીતે કહેવાય જેમાં તે જીવ શિથિલ હોય, અનાદર સાથે સંયમનું સેવન કરતો હોય, ગુર્વાદિકની પરતન્ત્રતાને વશ થઈને સંયમ (પરાણે) પળાતું હોય, થોડુંક પાલન કરેલું હોય અને થોડુંક પાલન ન પણ કરેલું હોય (કય-અવકય), સતત પ્રમાદ સેવાતો હોય તો.... (તેવા સાધુને સંયમી શી રીતે કહેવો ?)

જેમ કૃષ્ણપક્ષે ચન્દ્ર ક્ષીણ થતો જાય છે તેમ પ્રમાદવાન્ પુરુષ પગલે પગલે સાધુજીવનમાં ક્ષીણ થતો જાય છે.

આવો જીવ જેણે ઘરનો ત્યાગ કર્યો છે, તે સ્ત્રીરહિત પણ છે (ઉગ્ઘર-વગ્ઘર) છતાં ય ઈચ્છિત ફળને પામી શકતો નથી.

**વિવેચન :** ઓ પ્રમાદ ! તારી તાકાત કેવી અપ્રતીમ કે તું ભલભલા સંયમીઓને ઝપટમાં લઈને એવા બરબાદ કરી નાંખે કે તે બિચારાઓ દુર્ગતિ ભેગા થઈ જાય.

'અપ્રમાદ' અવસ્થા એ વર્તમાનકાલીન આધ્યાત્મિક વિકાસની ટોચ ઉપરની

અવસ્થા કહેવાય; સમ્યગ્દર્શન એ મધ્યમ કક્ષામાં ગણાય; જ્યારે માર્ગાનુસારિતા એ પ્રાથમિક કક્ષામાં ગણાય.

અનાદિકાળના પ્રમાદના કુસંસ્કારોને લીધે જીવને અનિચ્છાએ પણ પ્રમાદનો શિકાર બની જવું પડે છે.

એક વાર લપસવા લાગેલો જીવ સતત લપસતો જાય છે. એટલે જ દરેક જીવને ગુરુગમની પ્રત્યેક ક્ષણે જરૂર પડે છે.

પતનનું મુખ્ય કારણ ગુરુકૃપાનો અભાવ છે.

આ અભાવ ગુરુસેવાના અભાવમાંથી ઉદ્ભવે છે.

દરેક આત્માર્થી જીવે ગુરુકૃપા મેળવવી રહી. એ માટે થાય તેટલી વધુ ગુરુસેવા કરવી રહી.

મહોપાધ્યાયજીએ અધ્યાત્મસાર ગ્રન્થમાં કહ્યું છે કે, કામ એ ચંડાલ છે : નિર્દય છે. શાસ્ત્રોના જાણકાર પંડિતોને પણ તે રિબાવે છે પણ જો ગુરુકૃપાનું બખતર પહેરી લેવાય તો તે કશું નુકશાન કરી શકતો નથી.

* * *

**भीओव्विग्गनिलुक्को पागडपच्छन्नदोससयकारी ।**
**अप्पच्चयं जणंतो जणस्स धी जीवियं जियइ ॥ ४७८ ॥**

**અર્થ :** પ્રમાદી સાધુ પોતાના પ્રમાદજન્ય પાપો ઉઘાડા પડી જવાના ભયથી સદા ભયભીત રહે છે અને બેચેન રહે છે. કોઈ ધમકાવે કે મારે તે ભયથી છુપાતો (નિલુક્ક) ફરે છે. આ સાધુ લોકોમાં સાધુત્વ માટે અવિશ્વાસ પેદા કરે છે કે, "શું સાધુઓ આવા જ (ખરાબ) હોય ?"

આવા સાધુના જીવતરને ધિક્કાર હો.

**વિવેચન :** ગ્રન્થકારશ્રી કહે છે કે બીજાને ધર્મ ન પમાડશો તો ચાલશે પણ અધર્મ તો ન જ પમાડો.

અરે, તમારું મન ભ્રષ્ટ બનશે તો તમે મરશો, પણ તનને અનાચારોથી ખદબદ ન કરો, જે જોઈને બીજાઓ ભ્રષ્ટ થાય.

સાધુને બોધ તો પછી દેવાનો હોય. એનું જીવન જ એટલું ઊંચું હોય કે તેની ચર્યાઓ જોઈને જ લોકો ધર્મ પામી જાય.

વાંસ ઉપર ચડેલો નટ ઈલાચી એક યુવાન સાધુની ગોચરીની ઉત્કૃષ્ટ ચર્યા જોઈને ધર્મ જ ન પામ્યો; વાંસડા ઉપર કેવળજ્ઞાન પામી ગયો.

ધ્યાનસ્થ મુનિની સમતાભરપૂર મુખમુદ્રા જોઈને વજ્રબાહુકુમાર વિરક્ત બની ગયો. તેણે સંસાર ત્યાગી દીધો.

ચંદનબાળાજીની પ્રસન્ન મુદ્રા જોઈને સેડૂવક નામનો ખેડૂત હળ છોડીને તેમની પાસે ધસી ગયો. દીક્ષા લઈ લીધી.

સારો સાધુ સંસારને તારે.
ખરાબ સાધુ સંસારને ડુબાડે.

* * *

**न तर्हि दिवसा पक्खा मासा वरिसा वि संगणिज्जंति ।**
**जे मूलउत्तरगुणा अक्खलिआ ते गणिज्जंति ॥ ४७९ ॥**

**અર્થ :** સાધુજીવનના પ્રમાદાદિ દોષોવાળા તે દિવસો, પખવાડિયાઓ, મહિનાઓ કે વર્ષો ગણતરીમાં ન લેવાય. જે સમય મૂલ અને ઉત્તરગુણોની નિરતિચાર આરાધનાવાળો પસાર થયો હોય તેની જ ગણના થાય.

**વિવેચન :** જે સાધુ સતત એ વાતની મન ઉપર ચોકી રાખે કે તેનાથી એક પણ અશુભ વિચાર સેવાઈ ન જાય; એમ વાણી અને કાયાની બાબતોમાં પણ જે સાધુ એકદમ સાવધાન રહે તેનો સાધુજીવનનો સમય શ્રેષ્ઠ પસાર થાય. જો એ ક્ષણનો ય પ્રમાદ કરે તો પાછલે બારણેથી મોહરાજનો કોઈ સૈનિક મનમાં પ્રવેશી જાય. પછી વાણી કે તન સુધી પહોંચી જાય.

પરમાત્મા મહાવીરદેવના ઉત્તમકક્ષાના ભક્તો (રાજા ચેડા વગેરે) વૈશાલીમાં રહેતા હોવાથી ભગવાનનું જન્મસ્થળ ક્ષત્રિયકુંડ હોવા છતાં ભગવંત વૈશાલેય (ગાંધીજીને સાબરમતીના સંત કહેવાય છે તેમ) કહેવાતા. પરન્તુ ભગવાનની આજ્ઞાઓનું ઉત્તમ પાલન કરતાં ઘણા શ્રાવકો તુંગીઆ નગરીમાં વસતા હતા. આથી કોઈ ધર્મિષ્ઠ ગામને 'તુંગીઆ નગરી'ની ઉપમા દેવાય છે.

આ ગામમાં એક વાર ગણધર ભગવંત ગૌતમસ્વામીજી પહોંચ્યા હતા. તેમણે કોઈ વયોવૃદ્ધને ઉંમર પૂછી તો તેણે ત્રણ વર્ષ અને પાંચ માસ કહ્યા. તેવા જ કોઈકે પંદર વર્ષ વગેરે કહ્યા.

આથી આશ્ચર્યમુગ્ધ બનેલા ગૌતમ પ્રભુએ મનની શંકા રજૂ કરી ત્યારે જવાબ મળ્યો કે "અમે જન્મથી ગમે તેટલા વર્ષના હોઈએ, પરન્તુ જ્યારથી ધર્મ પામ્યા ત્યારથી જ અમારા જીવનના વર્ષોની ગણતરી કરીએ છીએ."

ધર્મ પામ્યા પછીનો કાળ માનવનો જીવનકાળ; તે પૂર્વનો મનુષ્યખોળીઆનો પણ કાળ તે પશુનો જીવનકાળ.

* * *

**जे नवि दिणे दिणे संकलेइ के अज्ज अज्जिआ मि गुणा ।**
**अगुणेसु अ न हु खलिओ कह सो करिज्ज अप्पहिअं ॥ ४८० ॥**

**અર્થ :** જે સાધુ હંમેશ એ વિચાર કરતો નથી કે, "આજે મેં કયા કયા ગુણોને વિકસાવ્યા ? કોઈ દોષમાં મારી સ્ખલના તો નથી થઈ ને ?" તે સાધુ શી રીતે આત્મહિત કરી શકશે ?

**વિવેચન :** નાનકડો પણ દોષ ચલાવી લેવા જેવો નહિ. અન્યત્ર કહ્યું છે કે ચાર વસ્તુ નાનકડી હોય તેટલા કારણે તેની ઉપેક્ષા કરવી નહિ, તેને ચલાવી લેવી નહિ. (૧) ઋણ (૨) વ્રણ (ઘા) (૩) કષાયાદિ દોષો (૪) આગ...

ગાલીચામાં પડેલી નાનકડી પણ સોય ઉપેક્ષાય અને તે વાગી જાય તો સેપ્ટીક કરવાથી માંડીને મોત લાવે.

ગુણ-વિકાસ પણ શરૂઆતથી જ કરવો જોઈએ. જે નાનકડા સ્વરૂપે પણ ગુણ વિકસ્યો હોય તેમાં ઉત્સાહિત થઈ જવું જોઈએ. તેને વિકસાવવાના પ્રયત્નો કરવા જોઈએ. એમાં જો કોઈ તેની અનુમોદના કરવા લાગી જાય તો ઉત્સાહ એટલો વધી જાય કે તે ગુણનો વિકાસ ઝપાટાબંધ થવા લાગે.

સાધુ એટલે દોષનાશની અને ગુણવિકાસની સાધનાનો સાધક. આ સિવાયનું બીજું બધું ગૌણ ગણાય. હા, પરહિતકરણ પણ ગૌણ ગણાય.

જે ક્રોધાદિ દોષોથી મુક્ત નથી અને બ્રહ્મચર્યાદિ ગુણોથી સંપન્ન નથી એવા સાધુનું પરહિતકરણ આભાસિક કહેવાય.

* * *

**इय गणिअं, इअं तुलिअं इय बहुआ दरिसियं नियमियं च ।**
**जह तह वि न पडिबुज्झइ  किं कीरइ नूण भविअव्वं ॥ ४८१ ॥**

**અર્થ :** (ગ્રન્થકારશ્રી આ ગ્રન્થના પ્રથમ શ્લોકનું સ્મરણ કરતાં કહે છે કે...)

પૂર્વના શ્લોકોમાં કહ્યું કે (૧) ઋષભ અને વીરની જેમ ધર્મમાં ઉદ્યમ કરવો (**गणिअं**), (૨) અયવંતી સુકુમાલની જેમ પ્રાણાન્તે પણ ધર્મત્યાગ ન કરવાની તુલના કરી (**तुलिअं**), (૩) આર્યમહાગિરિ વગેરેના દૃષ્ટાન્તથી ઘણું બતાડ્યું (**दरिसियं**), (૪) ઘણી રીતે સમિતિ, કષાયાદિના સેવનના ફળો દેખાડીને નિયન્ત્રણ બતાડ્યું (**नियमिअं**).

છતાં જો જીવ બોધ ન જ પામે તો તેની તેવી વિષમ ભવિતવ્યતા જ માનવી રહી.

**વિવેચન :** કેટલીક વાર શિષ્ય (સાધુ) સરખી રીતે વર્તે નહિ; સારણાદિક કરવા છતાં સન્માર્ગે આવે નહિ તો ગુરુને કષાયાદિ ન થાય તે માટે પોતાની સલામતી શોધવી પડે.

એ સલામતી એટલે નિયતિનો વિચાર. જે કોઈ બને છે એ બધું નિયતિ પ્રમાણે જ બને છે. તેમાં કોઈ ફેરફાર તીર્થંકરદેવો પણ કરી શકતા નથી. માટે કાંઈક અકલ્પ્ય બની જાય તો જરાય આશ્ચર્ય ન પામતાં એવું વિચારીને સમાધાન કરવું કે, "નિયતિ પ્રમાણે બધું બરોબર ચાલે છે. જે થવાનું હતું તે જ થયું છે : નવું કશું થયું નથી. **Everything is in order.**

નિયતિનો વિચાર પરિણામ જાણ્યા પછી કરવો. પહેલાં તો પુરુષાર્થ જ કરવો. જો તેમાં સફળતા ન મળે તો આર્તધ્યાન ન થઈ જાય તે માટે નિયતિને સલામ કરી દઈને શાન્ત રહેવું.

શિષ્યને સન્માર્ગે લાવવાનો પહેલાં પુરુષાર્થ કરવો. તેમાં નિષ્ફળતા મળે ત્યારે તેવી જ નિયતિ હશે એમ કલ્પીને મનને શાન્ત રાખવું.

પહેલેથી જ અસર્વજ્ઞને નિયતિની ખબર હોતી નથી એટલે પહેલાં તેને પુરુષાર્થ કરવો જ પડે. જે સર્વજ્ઞને નિયતિની ખબર હોય છે તે તેનાથી વિરુદ્ધ પુરુષાર્થ કરતા નથી. અંતે તો પુરુષાર્થ એ પણ સર્વજ્ઞની નજરની નિયતિ જ હોય છે.

* * *

**किमंग ! पुणो जेणं संजमसेढी सिढिलीकया होइ ।**
**सो तं चिय पडिवज्जइ दुक्खं पच्छा उ उज्जमइ ॥ ४८२ ॥**

**અર્થ :** હે શિષ્ય ! જે સાધુએ પોતાની સંયમધર્મ ઉપર ચડાવનારી શ્રેણિને શિથિલ કરી છે તે સાધુનો શું આદર કરવો ? આ પછી તે સદા શિથિલ જ રહે છે. એ પછી જે ઉદ્યમ કરે તેમાં તે દુઃખી જ થાય છે. પણ તેથી તેને સંયમશ્રેણિ ઉપર આરોહણ પ્રાપ્ત થતું નથી.

**વિવેચન :** મુનિજીવનમાં જેની ગાડી એક વાર પાટા ઉપરથી ઊતરી ગઈ તેને ફરી વાર પાટે ચડાવવી મુશ્કેલ બની જાય છે. આ વાત તન અને મન - બંને -માટે સાચી છે. બગડેલું શરીર ઝટ ઠેકાણે પડતું નથી. બગડેલા મનનું ય શુદ્ધત્વ ઝટ પાછું આવતું નથી.

મોહદશાની વૃદ્ધિ થયા બાદ તેને ક્ષીણ કરવાનું કાર્ય અત્યન્ત મુશ્કેલ બને છે.

* * *

**जइ सव्वं उवलध्धं जइ अप्पा भाविओ उवसमेणं ।**
**कायं वायं च मणं उप्पहेण जह न देइ ॥ ४८३ ॥**

**हत्थे पाए निक्खिव्वे कायं चालिज्ज तं पि कज्जेणं ।**
**कुम्मो व्व सया अंगे अंगोवंगाइं गोविज्जा ॥ ४८४ ॥**

**અર્થ :** ઓ સાધુ ! જો તેં પૂર્વે જણાવેલી બધી ધર્મસામગ્રી પ્રાપ્ત કરી લીધી હોય, શાસ્ત્રોનો સાર સમજી લીધો હોય, તારા આત્માને ઉપશમભાવથી ભાવિત કર્યો હોય તો તું મન, વચન, કાયા ઉન્માર્ગ તરફ ન વળી જાય તેની ખૂબ કાળજી કર.

આ માટે તારે કાયયોગના હાથ, પગ વગેરેને જ્ઞાનાદિ ગુણોના વિકાસના પ્રયોજન સિવાયની વાતમાં જોડવા નહિ. એ સિવાય કાચબાની જેમ તારા અંગોને શરીરમાં જ સંકોચીને રાખજે.

**વિવેચન : કૂર્મદષ્ટાન્ત :** કોઈ તળાવમાંથી બે કાચબા બહાર આવ્યા. તેમને બે શિયાળોએ જોયા. તેમની તરફ દોટ મૂકી. એક કાચબાએ પોતાના હાથ, પગ, ડોક વગેરે બધું સંકોચી લઈને ઢાલમાં છુપાવી દીધું. એને બંને શિયાળોએ ખૂબ ઊંધોચત્તો કર્યો પણ તે મક્કમ રહ્યો. બંને શિયાળોએ બીજા કાચબા ઉપર હુમલો કર્યો. તે અંગોપાંગને સંકોચી રાખી ન શકતાં શિયાળો તેને ખાઈ ગયા.

શિયાળો ખૂબ દૂર ગયાની ખાતરી થયા બાદ પહેલા કાચબાએ પગ વગેરેને બહાર કાઢ્યા. ચીલઝડપે દોડીને તે તળાવમાં પેસી ગયો.

સાધુઓએ પોતાની પાંચ ઇન્દ્રિયોને સદા માટે બાહ્ય વિષયોથી સંકોચી રાખવી જોઈએ. (આને શાસ્ત્રમાં પ્રત્યાહાર કહેવામાં આવે છે.)

આખું મુનિ-જીવન ઇન્દ્રિયોનો પોતાના વિષયો સાથે કેવો સંબંધ છે ? હકારાત્મક કે નકારાત્મક ? તેની ઉપર અવલંબે છે.

જેઓનું મન વિષયગામી છે તે મુનિ નથી. મુનિનું મન તો આતમરામી હોય. એનું કરણ (ઈન્દ્રિયો) અન્તઃકરણ તરફ હોય. ઉપકરણ (વિષયો) તરફ ન હોય.

જેની ઇન્દ્રિયો વિષયો તરફ ઢળે તે પુષ્કળ કર્મબંધ કરે. બીજો કર્મક્ષય કરે.

અપ્રશસ્ત વિષયોથી ઇન્દ્રિયોને ખેંચી લેવા માટે શરૂશરૂમાં તેને પ્રશસ્ત વિષયોમાં જોડવી પડે. પણ પછી એવી કક્ષા આવે કે જેમાં ઇન્દ્રિયોને પ્રશસ્ત વિષયોનું આલમ્બન લેવું ન પડે. તે સ્વતઃ વિષય-નિવૃત્ત થઈ જાય.

આત્મહિતમાં લીન સાધુઓ ઊંચી કક્ષાએ આ સ્થિતિ હાંસલ કરતા હોય છે. અહીં કાયયોગની વાત થઈ. હવે વાક્યોગની વાત કરાશે.

* * *

**विकहं विणोयमासं अंतरभासं अवक्कभासं च ।**
**जं जस्स अणिट्ठं अपुच्छिओ य भासं न भासिज्जा ॥ ४८५ ॥**

**અર્થ** : ભાષા સંબંધમાં ગ્રન્થકાર કહે છે કે સારો સાધુ આટલું કદી ન બોલે :

(૧) વિકથા ન કરે.

(૨) હસાહસીપૂર્વક ન બોલે.

(૩) કોઈની વાતમાં વચ્ચે ન બોલે.

(૪) ન બોલવા જેવું - અસભ્ય (અવાક્ય) ન બોલે.

(૫) બીજાને ન ગમતું ન બોલે.

(૬) ન પૂછેલું ન બોલે.

* * *

**अणवट्ठियं मणो जस्स झायइ बहुआइं अट्टमट्टाइं ।**
**तं चिंतियं च न लहइ संचिणइ पावकम्माइं ॥ ४८६ ॥**

**અર્થ : મન સંબંધિત વાત :** જેનું મન ચંચળ હોવાથી ઘણા આડાં-તેડાં ખોટા વિચારો મનમાં કર્યા કરે છે તે સાધુ ઇચ્છિત અર્થ પામતો નથી. ઉપરથી પાપકર્મોનો સંગ્રહ કરે છે.

**વિવેચન :** ખરેખર તો મનને સ્થિર રાખવું જોઈએ.

અધ્યાત્મસારમાં કહ્યું છે કે એક રસાયણનો વેપારી રસોના મૂલ્યવાન્ બાટલા - લક્ષપાક, સહસ્ત્રપાક તેલના - દુકાનમાં ગોઠવીને વેપાર કરવા બેઠો છે. એકાએક વાંદરો ત્રાટકે છે. ઘણા બધા બાટલાઓ ફોડી નાંખીને વેપારીને પારાવાર નુકશાન કરે છે.

અહીં રસોનો વેપારી એટલે સંયમધર્મોના રસોનો સ્વામી સાધુ. ચંચળ મનરૂપી વાંદરો તોફાને ચડે એટલે બધા સંયમધર્મો રમણભમણ થઈ જાય. બિચારો સાધુ ! કપાળે હાથ દઈને બેસી જાય ! હવે બીજું કરે પણ શું ?

આનંદઘનજી મહારાજે કુંથુનાથ ભગવંતના સ્તવનમાં મનની ચંચળતા અને તેના તોફાનોની વાત બહુ માર્મિક શબ્દોમાં કરી છે. પરમાત્માને છેલ્લે પ્રાર્થના કરી છે કે, "હે પ્રભુ ! મારું મન ઠેકાણે લાવી આપો તો તમે ખરા."

* * *

**जह जह सव्वुवलद्धं जह जह सुचिरं तवोवणे वुच्छं ।**
**तह तह कम्मभरगुरु संजमनिव्वाहिरो जाओ ॥ ४८७ ॥**

**विज्जप्पो जह जह ओसहाइं पिज्जेइ वायहरणाइं ।**
**तह तह से अहिययरं वाएणाऊरियं फुट्टं ॥ ४८८ ॥**

**અર્થ :** જે ભારેકર્મી જીવ છે તેને આ રીતે બધું વિપરીત પડે. તે જ્ઞાનાવરણીય કર્મના હ્રાસથી ઘણું બધું શાસ્ત્રજ્ઞાન મેળવી લે અને દીર્ઘકાળ સુધી તપોધની સાધુઓના સમુદાયમાં રહે તેમ તેમ બધું ઊંધું પકડવાથી તે વધુને વધુ કર્મોનો બંધ કરે : આગમોક્ત આચરણોથી દૂર થતો જાય.

ગ્રન્થકાર દૃષ્ટાન્ત આપે છે કે જેને અસાધ્ય વાયુ-રોગ થયો છે તેને સારામાં સારો વૈદ્ય જેમ જેમ વાયુનાશક સૂંઠ વગેરે ઔષધો આપે તેમ તેમ તેનું પેટ વાયુથી ફુલતું જાય.

આ રીતે જે સંયમધર્મની બહાર છે તેવા સાધુની આવી દશા થાય.

**વિવેચન :** પેટમાં જ મળ ભરેલો હોય તો દૂધ કે ભસ્મ પણ ઊંધી પડે.

સનેપાત થયો હોય તો ગુલાબના ફુલની પથારી કાંટાળી લાગે. અને વિષ્ઠાનો લેપ ચંદનલેપ તુલ્ય સરસ લાગે.

ભારેકર્મિતા એ આધ્યાત્મિક જગતનો ખૂબ મોટો રોગ કહેવાય. પ્રાયઃ તે અચરમાવર્તકાલીન રોગ કહેવાય.

રોગ સાધ્ય હોય કે દુઃસાધ્ય હોય તો તેનું ઔષધાદિથી નિવારણ થાય. અસાધ્ય રોગનું નિવારણ ધન્વંતરી માટે પણ શક્ય નથી.

જે જીવ ભારેકર્મી હોય તે અત્યન્ત દયાપાત્ર ગણાય. ગુર્વાદિક જનોએ તેની ઉપેક્ષા જ કરવી સારી. તેનો કેસ કાળ ઉપર છોડી દેવો જોઈએ. તેને સુધારવાનો યત્ન એટલે હડકાયી કૂતરીના દેહે ચંદનના લેપની કરુણા. આ બેવકૂફી છે. આવા સાધુને રક્તપિત્તિયાની જેમ ગચ્છાદિકથી દૂર રાખવો જોઈએ, નહિ તો તેના આચાર-વિચારોથી સુસાધુઓનું જીવન જોખમાઈ જાય.

* * *

**दड्ढजउमकज्जकरं भिन्नं संखं न होइ पुणकरणं ।**
**लोहं च तंबविद्धं न एइ परिकम्मणं किंचि ॥ ४८९ ॥**

**અર્થ :** જે લાખ (જતુ) બળી ગયેલી છે તેનો કોઈ ઉપયોગ નથી, જે શંખ ભાંગી ગયો છે તે સંધાતો નથી, તાંબાથી વિંધાઈને તેની સાથે એકરૂપ થયેલું લોઢું નકામું થાય છે તેમ અસાધ્યરોગી સાધુ નકામો થાય છે. તેને ઉપદેશાદિ દ્વારા ધર્મમાં જોડી શકાતો નથી.

**વિવેચન :** આત્માનું અભવ્યપણું, ભારેકર્મીપણું, અચરમાવર્ત્તકાલીનત્વ, નિકાચિતકર્મોદયપણું, થીણદ્ધિનિદ્રાનું ઉદયવર્તીપણું વગેરેથી યુક્ત આત્મા અસાધ્યકક્ષાનો ભાવરોગી કહેવાય. તેને ઉપદેશદાનાદિ નકામાં છે.

આથી વિપરીત કક્ષાના આત્માઓ - દઢપ્રહારી જેવા-ભયાનક હોય તો ય સમ્યક્ત્વથી લઈને ઠેઠ સિદ્ધશિલાને એક જ ભવના-કેટલાક જ મહિનામાં પામી ગયા.

રોગ સાધ્ય કે બહુ બહુ તો દુઃસાધ્ય હોય અને ગુરુરૂપી વૈદ્ય મહાગીતાર્થ હોય પછી તો મોક્ષ જ સરળ બની જાય; સંસારપરિભ્રમણ અઘરું બની જાય.

પેલો વિનયરત્ન કેવો અભવી ! અસાધ્યરોગી હતો !

પેલો કોણિક ! પ્રભુને કહે કે મારે છઠ્ઠીમાં નહિ; સાતમી નારકમાં જવું છે !

પેલો સાધુ ! "પણ ભવસ્થિતિ પરિપાક થયા વિણ, કોઈ ન મુક્તે જાવે" સાંભળીને ઓઘો ફેંકી દઈને ગૃહસ્થ બની ગયો !

પેલા જમાલિ અને રોહગુપ્ત ! અત્યન્ત કદાગ્રહી !

જેની આંખમાં (કે અંતરમાં) ત્રણમાંથી કોઈ એકાદ પણ આંસુ નથી તેને ધર્મ પામવા માટે સુલભબોધિ કહેવામાં ઉતાવળ થઈ કહેવાય.

દુ:ખીઓના દુ:ખને જોઈને આંસુ.

પોતાના પાપો ઉપર આંસુ.

બીજાના સુકૃતોને જોઈને હર્ષના આંસુ.

હાય, ભારેકર્મી જીવોને પોતાના દુ:ખો ઉપર જ આંસુ આવતા હોય છે !

* * *

**को दाही उवएसं चरणालसयाणं दुव्विअड्ढाणं ।**
**इंदस्स देवलोगो न कहिज्जइ जाणमाणस्स ॥ ४९० ॥**

**અર્થ :** ચારિત્રપાલનમાં જે સાધુ આળસુ છે અને બુદ્ધુ છે તેને વૈરાગ્યપ્રદ બોધ કોણ દે ? (પોતાને બધી વાતે હોશિયાર ગણનાર બુદ્ધુ (દુર્વિદગ્ધ) કહેવાય.)

દેવલોકના સ્વરૂપને જાણનાર ઈન્દ્ર પાસે દેવલોકનું વર્ણન ન થાય તેમ પોતાને બધી વાતના જાણકાર માનનાર પ્રમાદી સાધુને ઉપદેશદાન કરાય નહિ. એ ઉપદેશદાતા પણ બુદ્ધુ કહેવાય.

**વિવેચન :** અસ્થાને બોધ આપવો તે ધર્મબોધ હોય તો ય પાપબોધ કહેવાય.

સ્થાને (યોગ્ય વ્યક્તિને) દેશના ન દેનાર સાધુ ગુનેગાર કહેવાય.

કાચા ઘડામાં - પાકા ઘડા જેવી કરુણા કરીને - પાણી નાંખનાર વિદ્વાન સાધુ જ્ઞાની કે ગીતાર્થ ન કહેવાય. તેણે ઘડો ફોડ્યો અને પાણી વેડફી નાંખ્યું.

ઉપદેશદાતાએ સભાના શ્રોતાજનોનો પ્રકાર (કક્ષા) નક્કી કરવો પડે. તે રીતે જ તેને ઉપદેશ દેવાય. જેની જે કક્ષા હોય તેમાં તેને મજબૂત કરવાનો અને તેની ઉપરની-સાવ નજીકની કક્ષામાં ચડાવવા માટેનું લક્ષ રાખવાનું.

માર્ગાનુસારી જીવ હોય તો તેને માનવતાદિ કરવાની, તેના ઇષ્ટદેવને ઉપાસવાની વાતો કરવાની અને તેની સાથે તેની ઉપરની સમ્યગ્દર્શનની કક્ષા તે પકડે તે માટે લક્ષ રાખીને યત્ન કરવાનો.

મહામિથ્યાત્વીને સીધો ઠેઠ ઊંચી કક્ષાનો દીક્ષા (સર્વવિરતિ) લેવાનો બોધ - અસાધારણ સંયોગ વિના - આપી શકાય નહિ. દારૂ, માંસ સેવતો હોય, વેશ્યાગામી હોય તેને તો સપ્ત-વ્યસનત્યાગી માર્ગાનુસારી જ - સૌ પ્રથમ- બનાવાય.

હા, જે સમ્યક્ત્વી છે તે બધાને સીધો સર્વવિરતિનો ઉપદેશ દેવાનો. તેની પાત્રતા ન જણાય તો દેશવિરતિનો ઉપદેશ દેવાનો. આ વાત યોગશતકમાં જણાવાઈ છે.

* * *

**दो चेव जिणवरेहिं जाइजरामरणविप्पमुक्केहिं ।**
**लोगम्मि पहा भणिया सुसमण-सुसावगो वा वि ॥ ४९१ ॥**

**અર્થ :** જન્મ, જરા, મરણાદિથી સર્વથા અને સર્વદા મુક્ત પરમાત્માએ મોક્ષ પામવાના બે માર્ગ બતાવ્યા છે : સાધુમાર્ગ અને શ્રાવકમાર્ગ.

**વિવેચન :** હા, પાત્રતા હોય, સામર્થ્ય વગેરે હોય તો સાધુમાર્ગ જ લેવાનો. તે શક્ય ન હોય તો જ શ્રાવક-માર્ગ સ્વીકારવાનો.

સમ્યગ્દર્શન પામેલા આત્માને ગુરુ પ્રથમ તો સાધુ-માર્ગ જ બતાડે. તેમાં તેનું સત્ત્વ ન જણાય તો જ શ્રાવકમાર્ગ બતાડે. સત્વશાળી આત્માને પહેલેથી શ્રાવકમાર્ગ બતાડાય તો તેને દેશ-અવિરતિમાં રાખવાનું પાપ ગુરુને લાગે. ગૃહસ્થ પણ સત્વ હોય તો સાધુમાર્ગ જ અપનાવે. અન્યથા જો તે શ્રાવકમાર્ગે સંતોષ વાળી દે તો તેને પણ અવિરતિનું પાપ લાગે.

શ્રાવક તે જ કહેવાય જે *"સસનેહી પ્યારા રે સંયમ કબ હી મીલે."* ગાતો હોય, સાધુમાર્ગ પામવા માટે તીવ્ર લાલસા ધરાવતો હોય, તે ન મળવા બદલ તે તરફડતો હોય... રામચન્દ્રજીના ભાઈ ભરતની જેમ; અથવા શિવકુમાર કે સુનંદાની જેમ.

સાધુવેષ પામ્યા વિના પણ જે ભરતચક્રી વગેરે આત્માઓ કૈવલ્ય પામ્યા છે તેઓ પણ સાધુવેષ પામવાની તીવ્ર લાલસા ધરાવતા હતા. આ લાલસા વિના ત્રિકાળમાં કોઈ પણ આત્મા કૈવલ્ય પામી શકે નહિ.

બીજી વાત કે બધા સાધુ જ થાય તેવો એકાન્ત ઉપદેશ આપી શકાય નહિ. જરાક પણ ઓછી સાત્વિકતા જણાય તો ઉતાવળ કરીને તે આત્માને દીક્ષા આપી શકાય નહિ. તેને ઉત્તમ કોટિનો શ્રાવક બનવાની જ-છેલ્લે-વાત કરાય.

એ રીતે સાધુ થયા બાદ પણ જે સાધુપણાને સારી રીતે પાળી ન શકે તેણે છેલ્લે ગૃહસ્થ - શ્રાવક બની જવું જોઈએ. ઉત્તમકક્ષાનું શ્રાવક-જીવન જીવવું જોઈએ.

સાધુવેષમાં રહીને સાધુત્વરહિત દંભી જીવન જીવવું તે કરતાં શ્રાવકજીવન સારું ગણાય.

પહેલો મરીને વધુમાં વધુ પહેલા જ દેવલોકે જાય; બીજો બારમા દેવલોક સુધી જાય. અહીં કારણ છે; પોતે સ્વીકારેલા જીવન પ્રત્યેની બેવફાઈ કે વફાદારી.

આ બે મોક્ષમાર્ગ સિવાય ત્રીજો મોક્ષમાર્ગ છે સંવિગ્નપાક્ષિકપણું.

સાધુવેષમાં રહેલો શિથિલ જીવનવાળો સાધુ જો સાચા સાધુપણાનો માશુક હોય, તેવા સુસાધુઓ - સંવિગ્નોનો કટ્ટર પક્ષકાર હોય, પોતાના શિથિલ જીવનનો સ્વીકાર કરીને બીજાને ઉપદેશ દેતો ન હોય, શિષ્યો ન કરતો હોય, પદવી ન લેતો હોય, વન્દન કરતો હોય પણ વન્દન લેતો ન હોય, પોતાના શૈથિલ્યની વાતો યોગ્યસ્થાને કરતાં ચોધાર આંસુએ રડતો હોય, શુદ્ધ પ્રાયશ્ચિત્તી હોય તો તે આત્મા પણ તે સ્થિતિથી મોક્ષ પામી શકે છે.

સાતમી નારકના જીવોના તનના કાતીલ દુ:ખો કરતાં પુષ્કળ વધુ માનસિક વેદનાનું દુ:ખ સંવિગ્નપાક્ષિકને હોય છે. તેનું મન જાય માળવા સુધી અને તન ન પહોંચે ઊંબરા સુધી... એ બદલ તે અત્યન્ત દુ:ખી હોય છે.

આવા આત્માને સમ્યગ્દૃષ્ટિ કહેવાય. તે દોષોને ખૂબ ધિક્કારતો હોય, જિનાજ્ઞાઓનો-ન પાળી શકે તો ય - કટ્ટર પક્ષપાતી હોય (શ્રદ્ધાળુ હોય), જિનેશ્વરદેવ અને જૈનધર્મ તેને ખૂબ વહાલો હોય, દુર્ગતિઓથી તે ખૂબ ડરતો હોય, જિનશાસન પામ્યાની ખુમારી તેની રગરગમાં વ્યાપી હોય.

* * *

**भावच्चणमुग्गविहारया य दव्वच्चणं तु जिणपूआ ।**
**भावच्चणाए य भट्ठो हविज्ज दव्वच्चणुज्जुत्तो ॥ ४९२ ॥**

**અર્થ** : શુદ્ધ સાધુપણાના પાલનરૂપ ભાવપૂજા, અર્થાત્ સંયમજીવનમાં સર્વત્ર

ઉગ્રતાથી વિચરણ તે અરિહંતદેવની ભાવપૂજા છે.

અષ્ટપ્રકારી વગેરે પ્રકારસ્વરૂપ પુષ્પાદિકથી જિનપૂજા તે દ્રવ્યપૂજા છે.

જો કોઈ સાધુ ભાવાર્ચનથી ચ્યુત થાય તો તેણે દ્રવ્યાર્ચનમાં સ્થિર થઈ જવું પણ તેથી નીચે ઊતરવું નહિ.

**વિવેચન :** ભાવાર્ચન તે વિરતિ છે.

શ્રદ્ધાપૂર્વકનું દ્રવ્યાર્ચન તે સમ્યક્ત્વ છે.

સાધુવેષપરિધાનરૂપ વિરતિથી ભ્રષ્ટ સાધુ તે ભ્રષ્ટ ન કહેવાય જો તેનું સમ્યક્ત્વ સલામત રહી ગયું હોય.

ભરતચક્રીએ સાધુવેષ ધારણ કર્યો ન હતો.

નંદિષેણ અને અષાઢાભૂતિ મુનિ વગેરેએ સાધુવેષ છોડી દીધો હતો. પણ તે બધા સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયા ન હતા એટલે પુનઃ માર્ગસ્થ બન્યા હતા. ઊર્ધ્વ સ્થિતિઓને પામ્યા હતા.

કહ્યું છે :

**दंसणभट्ठो भट्ठो दंसणभट्ठस्स नत्थि निव्वाणं ।**
**सिज्झंति चरणरहिआ दंसणरहिआ न सिज्झंति ॥**

અહીં એક લાલબત્તી ધરું કે એકલું સમ્યગ્દર્શન ઝાઝો સમય ટકે તેમાં મુશ્કેલી ઘણી છે. જેની પાસે કોઈ પ્રકારની વિરતિ નથી તે આત્મા બાહ્ય પરિબળો (કુસંગ, કુનિમિત્ત વગેરે)ના કારણોસર સમ્યગ્દર્શનને ટકાવી શકે નહિ. જો વિરતિમાં - તેમાં ય સર્વવિરતિમાં-તે આવી ગયો હોય તો તેને સમ્યગ્દર્શનની રક્ષા સુલભ બની જાય.

સમ્યગ્દર્શન એ મૂલ્યવાન રત્ન છે.

સર્વવિરતિ તેની રક્ષા કરતો દાબડો છે.

અવિરતિ નામની ડાકણનું સાન્નિધ્ય સમ્યગ્દર્શન નામના બાળકનો ટોટો ગમે ત્યારે પીસી નાંખે.

* * *

**जो पुण निरच्चणो सरीरसुहकज्जमित्ततल्लिच्छो ।**
**तस्स न बोहिलाभो न सुग्गइ नेय परलोगो ॥ ४९३ ॥**

**અર્થ :** જે આત્મા નિરર્ચન એટલે કે કોઈ પણ પ્રકાર - દ્રવ્યાર્ચન કે ભાવાર્ચન–ની અર્ચા વિનાનો છે, વળી શરીરની સુખશીલતાનો જ લમ્પટ છે તેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતી નથી, તેને મોક્ષ અને પરલોકે સદ્‌ગતિ પણ મળતી નથી.

**વિવેચન :** સમ્યગ્દર્શન એ ચિત્તની ભાવાત્મક અવસ્થા છે. આ સ્થિતિમાં પાપોનું સેવન કાયાથી થઈ શકે ખરું પણ મન તો અત્યન્ત ઊંચા વિવેકથી સંપન્ન હોય. આથી તેમને કાયપાતી કહ્યા છે પણ ચિત્તપાતી કહ્યા નથી.

આવી ચિત્તની નિર્મળ ભૂમિકા પામવા માટે તનની નિર્મળ ભૂમિકા તૈયાર કરવી પડે. એ ભૂમિકા તૈયાર થાય છે; માર્ગાનુસારિતાના જીવનના સ્થૂલ આચારોના પાલનથી. જે જીવ તે સ્થૂળ આચારોને પાળીને તનની સ્થિતિને સુંદર બનાવી ન શકે તે મનની નિર્મળ સ્થિતિરૂપ સમ્યગ્દર્શનને પામી ન શકે.

આ પછી વિરતિના જીવનના સૂક્ષ્મ આચારોનું પાલન આવે.

પહેલાં તનના સ્થૂલ આચારોનું પાલન.

પછી મનનું વિવેકપૂર્ણ નિર્મલીકરણ.

પછી તન-મનના સૂક્ષ્મ આચારોના પાલનરૂપ વિરતિનું જીવન.

કોઈ નિકાચિત કર્મોદયે સમ્યગ્દૃષ્ટિ આત્મા માર્ગાનુસારિતાના આચારો-ન્યાયસંપન્ન વૈભવ, સદાચાર વગેરે–ને ન પાળી શકે તે બને, બાકી સામાન્ય રીતે તો તે આત્મા તે આચારોનો બહુધા પાલક હોય જ. હા, તેના દોષ-સેવન બદલ તે અત્યન્ત દુઃખી હોય તે નિશ્ચિત વાત છે.

* * *

**कंचणमणि सोवाणं थंभसहस्सूसिअं सुवण्णतलं ।**
**जो कारिज्ज जिणहरं तओ वि तवसंजमो अहिओ ॥ ४९४ ॥**

**અર્થ :** એક એવું દેરાસર કે જે ચન્દ્રકાન્તાદિ મણિઓના પગથિયાંવાળું હોય, જેમાં એક હજાર સ્તંભો હોય, જેનું તળ સોનાનું હોય–આવા ગગનચુંબી, નયનરમ્ય જિનાલયનું નિર્માણ કરનાર સમકિતી જીવની શુદ્ધિપ્રાપ્તિ અને પુણ્યબંધ કરતાં ખૂબ વધુ શુદ્ધિ અને પુણ્ય તપ-સંયમમાં નિરત સર્વવિરતિધર સાધુ પેદા કરે.

ટૂંકમાં દ્રવ્યપૂજા કરતાં ભાવપૂજા ઘણી અધિક છે.

**વિવેચન :** સબૂર ! જો તે તે વસ્તુની પાત્રતા હોય તો આ વાત બરોબર છે. જેની સાધુ થવાની પાત્રતા નક્કી કરાઈ ન હોય તેને ધડાધડ ઉતાવળે સાધુ બનાવી શકાય નહિ. એવા કેટલાય કિસ્સાઓ છે જેમાં ગુરુઓને નિષ્ફળતા મળી છે. એટલું જ નહિ પણ તે ગુરુઓ પણ અપાત્ર શિષ્યોના સંક્લેશની આગમાં ઝડપાઈ ગયા વિના રહેતા નથી. બે જ નહિ, આખો સમુદાય સંક્લેશની અગનજ્વાળાઓમાં ભડથું થઈને રાખ થઈ જાય છે.

લોભી ગુરુ હોય અને લાલચુ ચેલો હોય તો બે ય ના ઠેલંઠેલા થાય.

જો એમ લાગતું હોય કે મુમુક્ષુ સરસ રીતે દીક્ષા પાળવા સુધીની છલાંગ મારવા માટે સમર્થ નથી તો તેને ભાવપૂજાને બદલે દ્રવ્યપૂજામાં મૂકવો. સાધુને બદલે સાચો શ્રાવક બનાવવો, જ્યાં તે ઉત્તમ કોટિની બે ત્રણ કલાકની પ્રભુભક્તિ, સાધર્મિકોની સેવા, ગુરુજનોનું બહુમાન, તીર્થયાત્રાદિ કરીને સ્વાત્મહિત કરી શકે.

કોની કેટલી પાત્રતા છે ? તેનો નિર્ણય ગીતાર્થ ગુરુ જ લઈ શકે, ચેલા-લોભી સાધુઓ કદાપિ નહિ. એમના ઊંધા અવળચંડા નિર્ણયો પેલા મુમુક્ષુનું જીવન બે બાજુથી બરબાદ કરે.

બાળદીક્ષા અને બેનદીક્ષા સંબંધમાં તો સો ગળણીએ ગાળ્યા બાદ નિર્ણય થવો જોઈએ. કેમકે આ બે બાબતોમાં ઘણી ગરબડો થવા લાગી છે. ના, આ દીક્ષાઓનો એકાન્તે નિષેધ નથી જ, કેમકે વિભૂતિઓની પ્રાપ્તિ બાળદીક્ષામાં વિશેષ હોય છે તેમ ઉજ્જવળ સંયમજીવનનું પાલન બેનદીક્ષામાં વિશેષ હોય છે.

કડક તાલીમ - બે થી પાંચ વર્ષ સુધીની - પછી જ સામાન્યતઃ દીક્ષા - એવું કાંઈક નક્કી થાય તો સારું.

બાકી તપ, સંયમની ઉત્તમ આરાધનાની તોલે સમકિતી કે શ્રાવકોનો કોઈ પણ ધર્મ આવી શકે નહિ.

એક લાખ માનવતાના કાર્યો કરતાં એક જ વારની જિનપૂજા ચડે. તેવી એક લાખ જિનપૂજાઓ કરતાં એક સામાયિક ચડે. તેવા એક લાખ સામાયિક કરતાં મુનિજીવનની એક પળનું સંયમ ચડે.

તપ-સંયમના યોગોના તો કયા શબ્દોમાં ગુણો ગાવા.

એમની ઊંચાઈને કોઈ આંબી ન શકે.

પુષ્કળ શુદ્ધિ અને પુષ્કળ પુણ્ય ઉત્પન્ન કરતાં તપ-સંયમધર્મને મારા કોટિ કોટિ વંદન.

* * *

निब्बीए दुब्भक्खे रण्णा दीवंतराओ अण्णाओ ।
आखेउण बीअं इह दिण्णं कासवजणस्स ॥ ४९५ ॥

कहिंचि सव्वं खइअं पइन्नमन्नेहिं सव्वमद्धं च ।
वुत्तं गयं च केइ खित्ते कुट्टंति संतत्था ॥ ४९६ ॥

राया जिणवरचंदो निब्बीयं धम्मविरहिओ कालो ।
खेत्ताइं कम्मभूमी कासगवग्गो य चत्तारि ॥ ४९७ ॥

अस्संजएहिं सव्वं खइअं अद्धं च देसविरएहिं ।
साहूहिं धम्मबीअं उत्तं नीअं च निष्फत्तिं ॥ ४९८ ॥

जे ते सव्वं लहिउं पच्छा खुट्टंति दुब्बलधिइआ ।
तवसंजमपरितंता इह ते ओहरिअसीलभरा ॥ ४९९ ॥

आणं सव्वजिणाणं भंजइ दुविहं पहं अइक्कंतो ।
आणं च अइक्कंतो भमइ जरामरणदुग्गम्मि ॥ ५०० ॥

**અર્થ :** સાધુ, શ્રાવક, અસંયત, પાર્શ્વસ્થ-આ ચાર ખેડૂતો (કાસવવર્ગ) છે. રાજા જિનેશ્વરદેવ છે. કર્મભૂમિઓ ખેતર છે. તેમાં જે ધર્મવિરહિત કાળ છે તે નિર્બીજ ખેતરની સ્થિતિ છે.

જે વખતે ભયાનક દુકાળ પડ્યો છે તે વખતે બિયારણ પણ રહ્યું નથી. આવા સમયે રાજા (જિનેશ્વરદેવ) પરદેશથી ઉત્તમ બિયારણ લાવીને ખેડૂતોને (સાધુ વગેરે ચારને) તે વાવવા અને મોક્ષરૂપી અનાજ પકવવા માટે આપે છે.

જે અસંયત (અવિરતિધર) હતા તે બધું બિયારણ (વિરતિ-બીજ) (વાવવાને બદલે) ખાઈ ગયા.

જે દેશવિરતિધર (ખેડૂતો) હતા તે અર્ધું ખાઈ ગયા અને તેમણે અર્ધું વાવ્યું.

જે સાધુઓ (સર્વવિરતિધરો) હતા તેમણે બીજ વાવ્યું અને ખૂબ સારો પાક (મોક્ષ) મેળવ્યો.

પરન્તુ જે પાસત્થા (શિથિલ સાધુઓ) હતા તે વિરતિ-બીજ જિનેશ્વરદેવ (રાજા) પાસેથી પામ્યા અને રાજાના આદેશની વિરુદ્ધ જઈને એ ધર્મબીજને પોતાના ખેતરમાં (આત્મામાં) કૂટી નાંખ્યું.

આ આત્માઓ સાધુમાર્ગ અને શ્રાવકમાર્ગથી ભ્રષ્ટ થયેલા છે, જિનાજ્ઞાને ઉલ્લંઘી ગયા છે. આથી ધર્મબીજ(વિરતિ)ને કૂટી મારવાથી–નહિ ઉગાડવાથી કે નહિ પાક લેવાથી - સંસારમાં પરિભ્રમણ કરતા રહે છે. તેઓ એટલા માટે પાર્શ્વસ્થ કહેવાય છે કે તેમણે તપ-સંયમધર્મને બાજુ ઉપર મૂકી રાખેલા છે. પોતે પાલન કરતા નથી. આ પાસત્થાઓ ધર્મબીજને એટલા માટે કૂટીને ખાઈ જાય છે કે તેઓ નબળી બુદ્ધિના અને તપસંયમના પાલનમાં મજબૂર હોય છે. શીલનો ભાર ઊંચકી શકતા નથી.

* * *

**जइ न तरसि धारेउं मूलगुणभरं सउत्तरगुणं च ।**
**मुत्तूण तो तिभूमी सुसावगत्तं वरतरागं ॥ ५०१ ॥**

**अरिहंतचेइआणं सुसाहूपूयारओ दढायारो ।**
**सुसावगो वरतरं न साहुवेसेण चुअधम्मो ॥ ५०२ ॥**

**सव्वं ति भाणिउणं विरइ खलु जस्स सव्विआ नत्थि ।**
**सो सव्वविरइवाइ चुक्कइ देसं च सव्वं च ॥ ५०३ ॥**

**जो जहवायं न कुणइ मिच्छदिट्ठि तओ हु को अन्नो ।**
**वड्ढेइ अ मिच्छत्तं परस्स संकं जणेमाणो ॥ ५०४ ॥**

**અર્થ** : ઓ, સાધુ ! જો તું મૂલોત્તર ગુણોને પાળવાને સમર્થ ન હોય તો તારી જન્મભૂમિ, દીક્ષાભૂમિ અને તારું વિહારક્ષેત્ર છોડીને ખૂબ સુંદર શ્રાવકપણું પાળ. (ત્રણ ભૂમિઓમાં તેના થયેલા પતનને જોઈને લોકો અધર્મ પામવાની સંભાવના રહે.)

ઓ સાધુ ! જો તું સાધુપણું પાળવાને અસમર્થ હો તો (૧) અરિહંતોની પૂજા કર, (૨) સુસાધુઓની સેવામાં તત્પર રહે, (૩) આચારપાલનમાં કટ્ટર બન.

સાધુપણાથી ભ્રષ્ટ થઈને સાધુવેષમાં રહેવા કરતાં સુશ્રાવક બનીને રહેવું સારું.

જે સાધુવેષધારીએ 'સવ્વં સાવજ્જં જોગં પચ્ચકખામિ' બોલીને દીક્ષા લેતા પ્રતિજ્ઞા કરી છે અને પછી તે પ્રમાણે ષડ્જીવનિકાયની હિંસા કરે છે : તેની રક્ષા કરતો નથી, આવો વિરતિ ચૂકેલો વિરતિધારી દેશવિરતિ શ્રાવકપણાને અને સર્વવિરતિ સાધુપણાને-બન્નેને-ચૂકી જાય છે.

જેવું બોલ્યો છે તેવું જે સાધુ પાળતો નથી તે સત્યવાદી નથી પણ મૃષાવાદી છે. તે મિથ્યાદૃષ્ટિ છે. આના સિવાય બીજો કયો મોટો મિથ્યાત્વી હશે ? આ સાધુ પોતાના જીવનમાં બોલવા-પાળવા વચ્ચે વિસંવાદ ખડો કરીને લોકોના મનમાં એવી શંકા ઉત્પન્ન કરાવે છે કે શું અરિહંતોએ આવું જૂઠાડું સાધુજીવન પ્રરૂપ્યું હશે ? જેમાં બોલે તે પ્રમાણે પાળવાનો નિયમ નહિ હોય ? જેમાં બધી છૂટ હશે ? જેમાં માયા રમાતી હશે ?

અનેકોને આ રીતે મિથ્યાત્વની લ્હાણી કરતો સાધુ કેટલો મોટો મિથ્યાત્વી કહેવાય ?

**વિવેચન :** ગ્રન્થકારશ્રીએ આ ચાર શ્લોકો દ્વારા સાધુપક્ષની શિથિલતાઓ ઉપર જોરદાર ફટકો મારીને તેવા સાધુઓને વેષ છોડી દઈને શ્રાવક બની જવા જણાવ્યું છે.

કરંડિયાની અંદર બગડેલી એક કેરીને તરત જ દૂર કરવી જોઈએ, નહિ તો બાકીની બધી કેરી તેના સંગથી બગડે.

શ્રમણસંસ્થા અત્યન્ત શુદ્ધ રહેવી જોઈએ. કેમકે તેના ચારિત્રબળથી જ સંસારી જીવો ધર્મ પામતા હોય છે. જો તે નબળી પડે તો ગૃહસ્થો પાસે તપ-ત્યાગ કરવા માટે કોઈ આલંબન ન રહે.

જેમ જેમ ગૃહસ્થોના જીવનમાં તપ-સંયમાદિ ધર્મોનો હ્રાસ થાય : તે નામશેષ થતાં જાય તેમ તેમ તેમની ધર્મભાવના ટકાવી રાખવા માટે અને વધારવા માટે શ્રમણ-સંસ્થાએ તપ-સંયમના અનુષ્ઠાનોને વધુને વધુ ધારદાર, ઉગ્ર અને ઘોર બનાવવા જોઈએ, જેને જોવાથી તે ગૃહસ્થોમાં ધર્મ કરવાની સંવેદના જાગે. હાલમાં ભોગાતિરેક થવાથી તેમના હૃદય સંવેદનશૂન્ય બન્યા છે. એમના હૈયામાં કંપન લાવવા માટે મુનિસંસ્થાએ સંયમજીવનમાં વધુ સુદૃઢ બનવું જોઈએ.

ભૂતકાળમાં ભિખારીઓને જોવામાત્રથી ગૃહસ્થો દયાથી આર્ત બની જતા અને તેમને પૈસા દેતા. હવે ગૃહસ્થો ભિખારીના દુઃખની સામાન્ય સ્થિતિ જોઈને દયાર્ત્ત બનતા નથી એટલે તેમને દયાર્ત્ત બનાવવા માટે ભિખારીઓ પોતાના તાજા જન્મેલા સંતાનોના પગ કાપી નાંખે છે, આંખો ફોડી નાખે છે. નાની ગાડીમાં નાંખીને ફરે છે. ગૃહસ્થોને તે બાળકો બતાડે છે. એ અત્યન્ત કરુણામય સ્થિતિ

જોઈને ગૃહસ્થોના હૈયાં કરુણાના કંપનોથી હચમચી ઊઠે છે. તેઓ ભિખારીઓને રૂપિયો-બે રૂપિયા આપી દે છે.

શ્રમણસંસ્થાની પણ આ જ હાલત છે. તેણે સંયમધર્મમાં ખૂબ ઊંચી ક્ષિતિજો સર કરવી પડશે, જેને જોઈને ભોગપ્રચુર લોકોનો આત્મા ખળભળી ઊઠે. ધર્મ કરવાની પ્રેરણા પામે.

આવી ઉત્તમ સ્થિતિનું સર્જન કરવાને સમર્થ માત્ર શ્રમણસંસ્થા છે. તેના સદાચારો અત્યન્ત ઉન્નત રહેવા જોઈએ. જો તેમાં થોડીક પણ ગરબડ થશે તો શ્રમણસંસ્થા ખૂબ નિંદાશે. તેની અસર નવી પેઢી ઉપર પડશે. તે નાસ્તિક થઈ જશે. ઘણા બધા લોકો અન્ય નવા ઊભા થતાં ધર્મો તરફ વળી જશે.

સાધુ વિનાના જે સંગઠનો હશે તે જ તેમને ફાવશે. કેમકે ત્યાં શ્રમણોના સંક્લેશ, સંઘર્ષ અને શિથિલાચાર જોવા નહિ મળે.

વર્તમાન શ્રમણસંઘના કેરીના કરંડિયામાં એવી કેટલીક બગડેલી કેરીઓ ભરાઈ પડી છે જેનો નિકાલ અત્યન્ત જરૂરી છે. પણ નેતૃત્વ અને સંગઠનના અભાવે કોઈ પગલું લઈ શકાતું નથી.

આમ થવાથી વધુ કેરીઓ બગડતી જશે, શ્રમણ-સંસ્થાથી હજી વધુ લોકો વિમુખ થઈને અન્ય ધર્મો તરફ વળી જશે.

અત્યારે જ જૈન સોશ્યલ ગ્રુપ, જાગૃતિ સેન્ટર, જૈના વગેરે સંસ્થામાં હજારોથી લાખો લોકો સભ્ય બની ગયા છે, જેમણે 'શ્રમણ'નો સંગ કરવાનું બંધ કર્યું છે.

વાલીઓની આ હાલત થશે એટલે તેમના સંતાનોની નવી પેઢી ચર્ચ-સંસ્થા તરફ વળી જશે. આ માટેની ભૂમિકારૂપ 'કોન્વેન્ટ'માં શરૂ થયેલો અભ્યાસ કહી શકાય.

આ બધી વાતોને નજરમાં લઈને ગ્રન્થકારશ્રી કહે છે કે, "નબળા શ્રમણોએ શ્રાવક બનીને સ્વહિત આરાધવું જોઈએ. હવે તે ગૃહસ્થોને અધર્મ નહિ પમાડે એટલે તે નકારાત્મક સ્વરૂપમાં પરહિત પણ કરશે.

પણ જો તે હઠે ચડીને શિથિલાચાર નહિ છોડે અને ગૃહસ્થ પણ નહિ થાય તો તેનો સંસાર સુદીર્ઘ બની જશે.

* * *

**आणाए च्चिय चरणं तब्भंगे किं न भग्गंति ।**
**आणं च अइक्कंतो कस्साएसा कुणइ सेसं ॥ ५०५ ॥**

**અર્થ :** અરિહંતની આજ્ઞાના પાલનમાં (શક્યના પાલનમાં, અશક્યના પક્ષપાતમાં) જ ચારિત્રધર્મનું પાલન છે. જો આજ્ઞાનો ભંગ કર્યો તો શું ન ભાંગ્યું ? (બધું ભાંગી નાખ્યું.) હવે તે જે કોઈ તપ, જપ કરે છે તે કોની આજ્ઞાથી કરે છે ?

**વિવેચન :** સોમાંથી અરિહંતની એક પણ આજ્ઞા જેને માન્ય નથી તે બાકીની નવ્વાણું આજ્ઞાનું જે પાલન કરતો હોય તે પાલન અરિહંતની આજ્ઞાથી કરે છે એમ ન કહેવાય. જો તેમ હોય તો જે એક આજ્ઞા અરિહંતની છે તે કેમ પાળતો નથી ?

એટલે કહેવું પડે કે બાકીની નવ્વાણું વાતોમાં પોતાને રસ છે (પોતાની આજ્ઞા છે) માટે તે પાળે છે. એક આજ્ઞામાં પોતાને રસ નથી : પોતાની આજ્ઞા નથી એટલે પાળતો નથી.

અરિહંત જેટલા વહાલા લાગે તેથી પણ વધુ અરિહંતની આજ્ઞા વહાલી લાગે. એના પાલનમાં એટલો બધો આનંદ હોય કે જ્યાં પાલન થઈ શકતું ન હોય ત્યાં જબ્બર ત્રાસ હોય.

* * *

**संसारो अ अणंतो भट्ठचरित्तस्स लिंगजीविस्स ।**
**पंचमहव्वयतुंगो पागारो भल्लिओ जेण ॥५०६ ॥**

**અર્થ :** જે સાધુ પાંચ મહાવ્રતોના પાલનરૂપ કિલ્લાને ભાંગી નાંખે તે ભ્રષ્ટચારિત્રી અને માત્ર સાધુવેષધારી સાધુનો સંસાર અનંત બની જાય. એણે સાધુવેષ છોડી દેવો જોઈએ. પણ એ જાણે છે કે તે છોડી દીધા પછી મારી આજીવિકા મુશ્કેલીમાં મુકાઈ જશે એટલે વેષને પકડી રાખતો હોય છે. આવો સાધુ એ ભિક્ષુ ન કહેવાય પણ ભિક્ષુક (ભિખારી) હોય.

* * *

**न करेमि त्ति भणित्ता तं चेव निसेवए पुणो पावं ।**
**पच्चक्खमुसावाइ मायानियडीपसंगो य ॥ ५०७ ॥**

**અર્થ :** 'હું આ પાપ નહિ કરું' ઈત્યાદિરૂપે-ત્રિકરણયોગે - પ્રતિજ્ઞા કરીને પાપ કરે તે સાધુ પ્રત્યક્ષ રીતે મૃષાવાદી કહેવાય. બાહ્યથી માયાવી અને અંદરથી કપટી કહેવાય.

**વિવેચન :** અહીં એ વાત સમજી રાખવી કે વર્તમાન દેશ-કાળની વિષમતાના કારણસર ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ લઈને પાળવું એ સાવ અશક્ય છે. સવાલ થાય કે તો પછી બધા સાધુઓ મૃષાવાદી બની જાય ?

આનો જવાબ એ છે કે જેને દોષ સેવવાનો ત્રાસ હોય અને જે ગીતાર્થ ગુરુ પાસે શુદ્ધ પ્રાયશ્ચિત્ત કરતો હોય તે સાધુ નિશ્ચયનયથી શુદ્ધ સંયમધર્મનો આરાધક કહેવાય.

પાપી (પાપસેવી) પાપી નથી જો તે પશ્ચાત્તાપી અને પ્રાયશ્ચિત્તી છે.

ધર્મી તે ધર્મી નથી જો તે અભિમાની અને સ્વપ્રશંસક છે.

* * *

**लोए वि जो ससूगो अलिअं सहसा न भासए किंचि ।**
**अह दिक्खिओ वि खलियं भासइ तो किंच दिक्खाए ॥ ५०८ ॥**

**અર્થ :** લોકમાં ય ગૃહસ્થ થોડાક પણ કોમળ ચિત્તપરિણામવાળો હોય (સશૂક)તો એકાએક - થોડુંક પણ જૂઠું બોલતો નથી. અર્થાત્ જે બોલે છે તે ધીરજપૂર્વક વિચારીને બોલે છે, તો જે સાધુ છે તે શી રીતે જૂઠું બોલવાની સ્ખલના પામે ? એમ કરે તો તેનામાં દીક્ષા ક્યાં રહી ?

**વિવેચન :** સાધુ એટલે અપ્રમાદભાવનો આરાધક.

એનાથી એવો પ્રમાદ - એકાએક કે અજ્ઞાનતાથી બોલાઈ જવારૂપ - ન સેવાય. તેમ થતાં તેનું અપ્રમાદ ગુણસ્થાન ચાલી જાય. તેણે સતત તલવારની ધાર ઉપર ચાલવાની જેમ પ્રત્યેક વાતે સાવધાન રહેવું પડે.

આથી જ સાધુજીવનનું શાસ્ત્રોક્ત પાલન બહુ કઠિન છે. જો કોઈએ તેને બરોબર પાળ્યું તો તે અબજો રૂપિયા કમાયો; અન્યથા સાવ ભિખારી થઈ ગયો એમ સમજવું.

***સાધુજીવન કઠિન હૈ, ચડના પેડ ખજૂર,***
***ચડે તો ચાખે પ્રેમરસ પડે તો ચકનાચૂર.***

તલવારની ધાર ઉપર ચાલી શકતો નટવો જિનાજ્ઞાપાલનની ધાર ઉપર પગ પણ મૂકી શકતો નથી.

આનંદઘનજીએ કહ્યું છે : *ધાર પર નાચતા, દેખ બાજીગરા;*
*સેવના ધાર પર ન રહે દેવા.*

* * *

**महव्वय-अणुव्वयाइं छंडेउं जो तवं चरइ अन्नं ।**
**सो अन्नाणी मूढो नावाबुड्डो मुणेअव्वो ॥५०९ ॥**

**અર્થ :** મહાવ્રતો (સાધુ) કે અણુવ્રતો (શ્રાવક)ના પાલનમાં શિથિલ રહેવું અને ઉગ્ર તપ વગેરે કરવો તેવો સાધુ મોહમૂઢ છે, અજ્ઞાની છે. તે હાથમાં નાવડી આવી જવા છતાં ડૂબી જાય છે તેમ જાણવું.

બિચારો, નાવ છોડીને તેમાં રહેલા લોઢાના ખીલાને પકડીને નદી તરવાનો યત્ન કરે છે. હવે તે ડૂબે નહિ તો શું થાય ?

**વિવેચન :** સંયમભંગ થયા પછીનો તપ સંસારતારક બની શકે નહિ.

વર્તમાનમાં કેટલાક સાધુઓ પ્રતિલેખના, પ્રતિક્રમણ, વિહાર, ગુરુસેવા, સ્વાધ્યાય વગેરે સ્વરૂપ સંયમધર્મના પાલનમાં એકદમ શિથિલ રહે છે. તે તે સમયોને પણ સાચવતા નથી.

બીજી બાજુ તેઓ વર્ધમાનતપની ઓળીઓ લગાતાર કરે છે. અથવા અઠ્ઠમાદિ ઉગ્ર તપની આરાધના કરે છે.

ગ્રન્થકારશ્રી તપ કરતાં સંયમધર્મના પાલનને એટલા માટે વધુ મહત્ત્વ આપે છે કે સંયમધર્મના પાલનમાં ષડ્જીવનિકાયની રક્ષા હોય છે. જેને જીવદયાનો બિલકુલ પરિણામ નથી તે સાધુ મિથ્યાદૃષ્ટિ છે, તેનો તપ નિષ્ફળ બની જાય છે.

ખૂબ વિદ્વાન, શાસનપ્રભાવક, પુણ્યવાન સાધુઓ અષ્ટપ્રવચનમાતાના પાલનમાં જરાક પણ રસ ધરાવતા નથી.

અંધારામાં વિહાર, તીવ્રગતિથી ઉપયોગશૂન્ય પ્રતિક્રમણ, પોતે જ ગુરુપદે બેસીને સાક્ષાત્ ગુરુની સેવાની ધરાર ઉપેક્ષા, પારણાદિકમાં નિર્દોષના સ્વીકારની લેશમાત્ર ઇચ્છા નહિ વગેરે બાબતો સાથે જો મોટો તપ જોડાય તો પણ તે નિરર્થક બની જાય.

* * *

**सुबहुं पासत्थजणं नाउण जो न होइ मज्झत्थो ।**
**न य साहेइ सकज्जं कागं च करेइ अप्पाणं ॥५१०॥**

**અર્થ :** જે સાધુ પોતાની સાથે જ્યાં ત્યાં અથડાઈ જતાં શિથિલાચારી સાધુઓ (પાસત્થા)ની સાથે નિંદાદિક કરવા લાગી જાય છે પણ મૌન (મધ્યસ્થભાવે) નથી રહેતો; અને મૌન રહીને સ્વાત્મહિતમાં રત નથી રહેતો તે સાધુ પોતાની હાલત કાગડા જેવી કરી દે છે. એટલે કે તે સાધુઓના દોષોની વિષ્ઠામાં ચાંચ નાંખવા દ્વારા પોતે કાગડા જેવો પોતાને બનાવી દે છે.

**વિવેચન :** જ્ઞાનીઓએ કહ્યું છે કે સાધુએ મૌન રહીને મુનિ બનવું જોઈએ અને ખૂબ સહન કરીને સાહુ બનવું જોઈએ. તેણે પારકી બાબતોને જોવામાં અંધ, સાંભળવામાં બધિર અને બોલવામાં મૂંગા થઈને માત્ર આત્મસૌન્દર્યમાં ગળાબૂડ લીન બની જવું જોઈએ.

કોઈના દોષોની નિંદા કરવાથી તે દોષો જતા નથી પણ કાચા ગુમડાને દબાવવાની જેમ વકરે છે. હા, પુણ્ય પહોંચતું હોય તો ખાનગીમાં તે વ્યક્તિને - પ્રથમ ગુણાનુવાદ કરીને પછી–દોષ બદલ બે શબ્દો મધુર ભાષામાં કહેવાય તો તે દૂર થવાની તક રહે.

જાહેરમાં કોઈને દોષ ઉપર ઠપકારી દેવો એટલે 'પડિચોયણા'ની સજા કરવી. આ ભારે સજા ખૂબ યોગ્ય-પ્રજ્ઞાપનીય - વ્યક્તિને જ થાય. અન્યથા વૈર બંધાઈ જતાં વાર ન લાગે.

* * *

**परिचिंतिउण निउणं जइ नियमभरो न तीरए वोढुं ।**
**परचित्तरंजणेण न वेसमित्तेण साहारो ॥५११॥**

**અર્થ :** જો કોઈ સાધુ પોતે લીધેલા મહાવ્રતોનો અને ઉત્તરગુણોનો ભાર બરોબર ઉઠાવી શકે તેમ ન હોય તો એ બાબતમાં જાત સાથે અને ગુરુ સાથે પૂરતો વિચાર કરી લેવો. જો અશક્તિ જણાય તો વેષ છોડી દેવો. સુશ્રાવક બની જવું.

બીજાઓને ખુશ રાખવા માટે વેષભાર ઉઠાવવો તેથી કાંઈ જીવની દુર્ગતિ અટકવાની નથી. તેમાં માત્ર વેષ સહાયક બની શકતો નથી.

**વિવેચન :** જો જાતીય વાસના સતાવતી હોય તો તેના નિવારણાર્થે પુષ્કળ કામબોજ, આયંબિલનો ઉગ્ર તપ, પુષ્કળ સ્વાધ્યાય, વિરાગના ગ્રન્થોનું વાંચન,

બ્રહ્મચર્ય સંબંધિત જપ કરવો. ક્યાંયથી ઠેકાણું ન પડે તો ગચ્છના સાધુઓની– વિશેષતઃ ગુરુદેવની ખૂબ વૈયાવચ્ચ કરવી. વૈયાવચ્ચ એ વાસનાનિવારણનું છેલ્લું અને ઉત્કૃષ્ટ ઔષધ છે. જો તેમાં ય સફળતા ન મળે તો વિધિસર વેષ ગુરુને સમર્પિત કરવો. તેમને પૂંઠ કર્યા વિના, ઢસડાતાં પગલે, ધ્રૂસકે રડતાં - અષાઢાભૂતિ મુનિની જેમ વિદાય થવું.

વેષમાં રહીને 'બેફામ' બનેલા સાધુ કરતાં આ રીતે વેષ ત્યાગીને ગૃહસ્થ શ્રાવક બનતો આત્મા લાખગણો સારો છે. હા, તેણે કોઈ અજ્ઞાત પ્રદેશમાં જતા રહેવું જોઈએ.

* * *

**निच्छयनयस्स चरणस्सुवघाए नाणदंसणवहो वि ।**
**ववहारस्स उ चरणे हयम्मि भयणा उ सेसाणं ॥५१२ ॥**

**અર્થ :** નિશ્ચયનયના મતે ચારિત્ર જાય એટલે જ્ઞાન-દર્શન પણ જાય. કેમકે જ્ઞાન-દર્શનનું ફળ ચારિત્ર છે. ફળ ગયું એટલે તે બે વાંઝિયા થયા. નિશ્ચયનય વાંઝિયાનું અસ્તિત્વ જ માનતો નથી.

વળી ચારિત્ર જતાં આશ્રવોનું સેવન થાય તેથી જ્ઞાન-દર્શન ટકી શકે નહિ.

વ્યવહારનયમાં જુદી વાત છે. ચારિત્ર જવા છતાં પશ્ચાત્તાપાદિલિંગક જ્ઞાન-દર્શનનું અસ્તિત્વ ટકી શકે છે, અને તે બે નષ્ટ પણ થઈ શકે છે.

વાંઝિયું પણ વૃક્ષ, વૃક્ષ તો કહેવાય જ છે ને ? હા, ક્યારેક વૃક્ષ નષ્ટ પણ થઈ જાય.

અગ્નિ હોય તો ધૂમાડો હોય કે ન પણ હોય. ભેજવાળા લાકડાના અગ્નિને ધૂમાડો હોય જ. પણ લોઢામાં રહેલા અગ્નિને ધૂમાડો નથી હોતો.

* * *

**सुज्झइ जइ सुचरणो सुज्झइ सुसावओ वि गुणकलिओ ।**
**ओसन्नचरणकरणो सुज्झइ संविग्गपक्खरुइ ॥५१३ ॥**

**અર્થ :** જિનશાસનમાં સુ-ચારિત્રી સાધુ, બારવ્રતધારી શ્રાવક અને શિથિલ છતાં સુસાધુઓના જીવનનો કટ્ટર પક્ષપાતી સંવિગ્નપાક્ષિક સાધુ - આ ત્રણ અવશ્ય મોક્ષ પામી શકે છે. આ ત્રણેય મોક્ષમાર્ગ છે.

શિથિલ પણ જો તીવ્ર પશ્ચાત્તાપી અને શુદ્ધ પ્રાયશ્ચિત્તી હોય તો તે સંવિગ્નોનો કટ્ટર પક્ષપાતી હોઈને સંવિગ્ન જ કહેવાય.

* * *

**संविग्गपक्खिआणं लक्खणमेअं समासओ भणिअं ।**
**ओसन्नचरणकरणाऽवि जेण कम्मं विसोहंति ॥५१४ ॥**

**सुद्धं सुसाहुधम्मं कहेइ निंदइ य नियमायारं ।**
**सुतवस्सिआणं पुरओ होइ य सव्वोमरायणीओ ॥ ५१५ ॥**

**वंदइ न य वंदावइ किइकम्मं कुणइ कारवे ने य ।**
**अत्तट्ठा न वि दिक्खइ देइ सुसाहूण बोहेउं ॥ ५१६ ॥**

**અર્થ :** સંવિગ્નપાક્ષિકના લક્ષણો : તે શિથિલ-ચારિત્રી છતાં આવા લક્ષણોને લીધે કર્મમળને ધુવે છે.

(૧) એકદમ સરસ રીતે સસૂત્ર-પ્રરુપણા કરે.

(૨) પોતાની શિથિલતાની ઉચિત રીતે નિંદા કરે.

(૩) તપસ્વી વગેરે નાના પર્યાયના મહાત્માઓ પાસે પણ પોતાને સહુથી નાનો ગણે.

(૪) તે સહુને વંદન કરે. પણ નાનાઓ પાસે ય વંદન ન લે.

(૫) પોતાને માટે કોઈને દીક્ષા ન આપે. પણ મુમુક્ષુને દીક્ષા માટે તૈયાર કરીને અન્ય સુસાધુને સોંપી દે.

**વિવેચન :** શિથિલાચારમાં ય મોક્ષમાર્ગની સંપન્નતા !

ના. તેમ નથી. સરળતા, પાપભીરૂતા, સ્વનિંદા, એકદમ નિર્માયાવિતામાં મોક્ષમાર્ગની સંપન્નતા છે.

પોતાની જાતને જેવી છે તેવી જ મૂલવવી. અધમ છતાં મહાન્ સ્વપ્નમાં ય ન કહેવી; ખુલ્લી કરી દેવી એ મોક્ષમાર્ગ છે. સંવિગ્નપાક્ષિકની શિથિલતા પણ તે અંગેની નિર્મળ પ્રરુપણાને લીધે મોક્ષમાર્ગ બની જવામાં સહાયક બને છે.

સામાન્ય રીતે માણસ બે પ્રકારના જીવન જીવે છે : ભીતરી - સાચું, બાહ્ય - દંભી. તેનો ચહેરો કદરૂપો હોય પણ તે કોઈ જોઈ ન જાય તે માટે મહોરો અત્યન્ત સુંદર લગાડતો હોય છે.

આમ થવામાં મુખ્ય દોષ અહંકાર છે. અહંકારી પોતાને વધુ પડતો સારો માને અને જો તેનું મલિનપણું ઉઘાડું પડી જાય તો તેને હાડોહાડ અસહ્ય અપમાન લાગે, જેને તે ખમી શકે નહિ. એટલે પોતાના દોષોને છુપાવવા માટે તેને દંભ કરવો જ પડે.

સંવિગ્નપાક્ષિક કેટલો બધો નિર્દંભી છે કે તે જેવો છે તેવો જ ઉઘાડો પડે છે. એમ કરતાં થનારી નિંદા કે અપમાનિત દશાને તે જરાય ચિન્તાકારક માનતો નથી. ઊલટું લોકો જેમ તેની વધુ નિંદા કરે તેમ તેને પૂર્ણ સમાધિથી સહન કરીને પુષ્કળ કર્મક્ષય કરે. આમ થવાથી જ તેનો શિથિલમાર્ગ પણ મોક્ષમાર્ગ બની જાય.

ગુણી અને દોષક્ષયી બનવું હજી સહેલું છે પણ ગુણાનુરાગી અને સ્વદોષગર્હી બનવું અતિ મુશ્કેલ છે.

માસખમણનો તપ કરવો સહેલો છે પણ સ્વદોષદર્શન કરાવવું અઘરું છે.

પ્રભાવક પ્રવચનકાર થવું સહેલું છે પણ ગુણાનુરાગી બનવું મુશ્કેલ છે.

સંવિગ્નપાક્ષિક સુસાધુઓનો ચાહક છે અને પોતાના દોષોનો ઉદ્ઘાટક છે. આ બે વાતોથી જ તેની શિથિલતા ગૌણ બની જાય છે. તેનો મોક્ષ ખુલ્લો થઈ જાય છે.

અહંકારને ખતમ કર્યા વિના સંવિગ્ન બની શકાશે; સંવિગ્નપાક્ષિક નહિ બની શકાય.

*પેલું સાચું કહ્યું છે :*

***અહં રે અહં તું જાને મરી, પછી મારામાં બાકી રહે તે હરિ.***

* * *

**ओसन्नो अत्तट्ठा परमप्पाणं च हणइ दिक्खंतो ।**
**तं छुहइ दुग्गइए अहिययरं बुड्डइ सयं च ॥ ५१७ ॥**

**जह सरणमुवगयाणं जीवाणं निकिंतए सिरे जो उ ।**
**एवं आयरियो वि हु उस्सुत्तं पन्नवंतो य ॥ ५१८ ॥**

**અર્થ :** સંવિગ્નપાક્ષિક (શિથિલ સાધુ) પોતાની સેવા વગેરેના સ્વાર્થથી જો કોઈને પોતાનો શિષ્ય બનાવે તો સ્વ-પર ઉભયના ભાવપ્રાણોને હરે. પેલાને દુર્ગતિભેગો

કરે અને સ્વયં પણ ભવસાગરમાં વિશેષ ડૂબે.

જેવી રીતે શરણાર્થીનું-તાસકમાં તેણે મૂકીને આપેલું-માથું કાપી ન લેવાય (દુર્ગતિમાં ન મોકલાય), તેને હાર પહેરાવાય (સદ્ગતિમાં મોકલાય), તેમ ગુરુએ શિષ્યને ઉત્સૂત્ર-જીવન અને ઉત્સૂત્ર-પ્રરૂપણા ન દેવાય. તેથી તે ગુરુ દુર્ગતિમાં જાય.

**વિવેચન :** જ્યાં પોતાનું જ જીવન શિથિલ હોય, ઉત્સૂત્ર હોય, તેની અસર જે શિષ્ય બને તેના જીવન ઉપર કેટલી બધી થાય ? વળી જો પોતે ઉત્સૂત્ર-પ્રરૂપક પણ હોય તો તો હદ થઈ જાય. પેલો આશ્રિત પણ તેવો બનીને અનંતસંસારી થાય.

ઉત્સૂત્ર-જીવન સાથે સસૂત્ર-પ્રરુપણા હોય (અને તીવ્ર એકરાર હોય) તો હજી દુર્ગતિ અટકે; પણ જો ઉત્સૂત્ર-જીવનની સાથે ઉત્સૂત્ર-પ્રરૂપણા હોય (પોતાનો બચાવ કરવા વગેરે સ્વરુપ) તો અનંત પરિભ્રમણ જ થાય. પછી સંખ્યાતા કે અસંખ્યાતા ભવે આરો ન આવે.

* * *

**सावज्जजोगपरिवज्जणा उ सव्वुत्तमो जइधम्मो ।**
**बीओ सावगधम्मो तइओ संविग्गपक्खपहो ॥ ५१९ ॥**

**सेसा मिच्छदिट्ठी गिहिलिंग-कुलिंग-दव्वलिंगेहिं ।**
**जह तिण्णि य मुक्खपहा संसारपहा तहा तिण्णि ॥ ५२० ॥**

**અર્થ :** સર્વ સાવદ્યયોગના ત્યાગને લીધે મોક્ષમાર્ગ સ્વરૂપ સર્વોત્કૃષ્ટ સાધુધર્મ છે. બીજો શ્રાવકધર્મ છે. ત્રીજો સંવિગ્નપાક્ષિક ધર્મ છે.

આ ત્રણ સંસારના પથ છે. (૧) ગૃહસ્થ-ગુરુલિંગ, (૨) તાપસાદિ, (૩) માત્ર દ્રવ્યથી સાધુ. આ ત્રણ મિથ્યાદૃષ્ટિ છે. કદાગ્રહાદિના કારણે તેઓ સંસારમાં ભમે છે.

* * *

**संसारसागरमिणं परिब्भमंतेहिं सव्वजीवेहिं ।**
**गहियाणि य मुक्काणि अ अणंतसो दव्वलिंगाइं ॥ ५२१ ॥**

**अच्चणुरत्तो जो पुण न मुअइ बहुसोऽवि पण्णविज्जंतो ।**
**संविग्गपक्खियत्तं करिज्ज लब्भिहिसि तेह पहं ॥ ५२२ ॥**

**कंतारोहमध्धाण ओमगेलन्नमाइकज्जेसु ।**
**सव्वायरेण जयणाइ कुणइ तं साहुकरणिज्जं ॥ ५२३ ॥**

**आयरतरसंमाणं सुदुक्करं माणसंकडे लोए ।**
**संविग्गपक्खियत्तं ओसन्नेणं फुडं काउं ॥ ५२४ ॥**

**અર્થ :** (ગૃહસ્થ કે સંન્યાસી તો સંસારભ્રમણ કરે પણ સાધુવેષધારી દ્રવ્યલિંગી શી રીતે સંસારભ્રમણ કરે ? તેનો જવાબ)

જૈન સાધુલિંગ ધારણ કરવા માત્રથી ભ્રમણ ન અટકી જાય. આવા તો લિંગ સંસારભ્રમણમાં પૂર્વે અનંતા ધારણ કર્યા અને છોડ્યા.

જે તદ્દન ડાંડ (નિર્ગુણી) દ્રવ્યલિંગી સાધુ ઘણું સમજાવવા છતાં વેષત્યાગ ન જ કરે (કેમકે તેને વેષ ઉપર અત્યન્ત રાગ હોય : કાંઈક કોમળ હોય.) તો તેને સમજાવવું કે તે સંવિગ્નપાક્ષિક તરીકે પોતાને જાહેર કરે અને તેવું જીવન જીવે.

આટલું કરે તો આગામી ભવે સુંદર ચારિત્ર પ્રાપ્ત થવા માટેનું આ ભવે બીજાધાન થાય. તેને તે વખતે મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય.

જે સંવિગ્નપાક્ષિક હોય તે સુસાધુઓનો માત્ર કટ્ટર રાગી ન હોય પણ જયણાને બરોબર પાળવા સાથે તેમને આટલી બાબતોમાં સહાયક પણ બને.

(૧) જંગલ વટાવવું. (૨) પરસૈન્યનો ઘેરો થવો. (૩) ભિક્ષાની દુર્લભતાવાળો વિહારમાર્ગ હોવો. (૪) દુકાળ પડવો. (૫) બિમારી આવવી. (૬) રાજા તરફથી ઉપદ્રવ થવો.

આવી બાબતોમાં સુસાધુઓને જે રીતે પોતે સહાયક બની શકે તે રીતે સહાયક બનવું.

અહંકારથી ભરેલા આ લોકમાં અત્યન્ત આદરપૂર્વક પોતાનાથી નાના પણ સુસાધુઓને વંદનાદિ કરવા તે નિરભિમાનિતા અત્યન્ત કઠિન છે. આવું સંવિગ્નપાક્ષિકપણું ખુલ્લંખુલ્લા આચરવું તે અત્યન્ત મુશ્કેલ છે.

**વિવેચન :** એક વખત જે સાધુઓ સુસાધુ (સંવિગ્ન) હતા પણ ગુરુના સારણાદિ વારંવાર થતાં કંટાળ્યા અને ગમે તે બહાનું કાઢીને ગચ્છમાંથી નીકળીને ગમે તેમ વર્તનારા શિથિલાચારી પાસત્થા સાધુ બની ગયા. તે હવે જિનાજ્ઞાથી વિરુદ્ધ જીવન જીવે છે માટે તેમને - પૂર્વે સુસાધુનું જીવન જીવતા હતા તે વાત આગળ

કરીને-પ્રમાણભૂત ગણવા નહિ.

સુસાધુ તે છે જે સર્વકાળમાં જિનાજ્ઞાપ્રતિબદ્ધ જીવન જીવે છે.

(જિનાજ્ઞાની પાસે (પાર્શ્વ) રહે પણ આચરે નહિ તે પાસત્થો કહેવાય.)

પાસત્થો બેફામ જીવે.

સંવિગ્નપાક્ષિક રડતો–ધ્રૂજતો કશુંક ઉત્સૂત્ર જીવે. તે વખતે પણ સુસાધુનો કટ્ટર પક્ષપાતી હોય. તે આજ્ઞાપરતન્ત્રતાને માથે ચડાવે અને કેટલુંક શિથિલ (આજ્ઞાબાહ્ય) જીવન જીવે.

* * *

**सारणचइआ जे गच्छनिग्गया पविहरंति पासत्था ।**
**जिणवयणबाहिरा वि य ते अ पमाणं न कायव्वा ॥ ५२५ ॥**

**हीणस्स वि सुद्धपरुवगस्स संविग्गपक्खवायस्स ।**
**जा जा हविज्ज जयणा सा सा से निज्जरा होइ ॥ ५२६ ॥**

**અર્થ :** જેઓ પૂર્વે સારણા, વારણાદિકનું ગચ્છમાં રહીને સેવન કરતાં સુસાધુ હતા પણ પછી તે ગુરુના ઠપકાદિથી કંટાળેલા, પ્રમાદી બનેલા સાધુ જો શિથિલાચારી પાસત્થા બની જાય તો તેવા જિનાજ્ઞા-બાહ્ય સાધુઓને પ્રમાણભૂત ગણવા નહિ.

જે આચારમાં શિથિલ હોય પણ પ્રરુપણામાં શુદ્ધ (સસૂત્ર) હોય તેવા સંવિગ્નપાક્ષિક મહાત્મા સંયમધર્મમાં જે જે ઉદ્યમ (યતના) કરે તે તેને કર્મક્ષય માટે બને. યતનાનો એક અર્થ એવો પણ છે કે દોષસેવનની વાતમાં ઓછામાં ઓછા દોષસેવનનો રસ્તો શોધવો.

* * *

**सुक्काइअपरिसुद्धे सइ लाभे कुणइ वाणिओ चिट्ठं ।**
**एमेव य गीयत्थो आयं दट्ठुं समायरइ ॥ ५२७ ॥**

**અર્થ :** વેપારી જે વેપાર કરે તેમાં રાજાને દાણ (શુલ્ક) દેવાનું થાય, અન્ય ખર્ચા થાય તે બધું કર્યા બાદ જો તેને નફો મળતો હોય તો તે વેપાર જરૂર કરે છે.

સાધુ પણ યતનાને નજરમાં રાખે. ભલે થોડોક દોષ સેવવો પડે પણ તેની સામે જો ગુણ વધુ હોય તો તે યતના કરવામાં દોષ નથી.

પૂર્વે આ વાત જણાવાઈ છે કે પ્લસ-માઇનસને નજરમાં રાખતા વેપારીની જેમ સાધુએ ધર્માનુષ્ઠાન કરવું.

* * *

**आमुक्कजोगिणो च्चिअ हवंति थोवा वि तस्स जीवदया ।**
**संविग्गपक्खजयणा तो दिट्ठा साहुवग्गस्स ॥ ५२८ ॥**

**અર્થ :** જે સાધુ-વર્ગે ચારિત્રજીવનના કષ્ટરૂપ અનુષ્ઠાનોને ચારે બાજુથી ત્યાગી દીધા છે છતાં જો તે સંવિગ્નપાક્ષિક સાધુના લક્ષણોથી યુક્ત હોય તો તેનામાં થોડોક પણ જીવદયાદિનો પરિણામ હોય જ. એટલે એમની તે પ્રવૃત્તિને તીર્થંકરદેવોએ જયણારૂપ જોઈ છે અને મોક્ષના માર્ગ તરીકે માન્ય રાખી છે.

**વિવેચન :** કહેવાનો આશય એ છે કે ગીતાર્થ તો આય-વ્યયની તુલના કરીને જે જયણા કરે તે તો મોક્ષમાર્ગ તરીકે માન્ય હોય જ, પણ સંવિગ્નપાક્ષિક સાધુની પણ જયણા તે રીતે તીર્થંકરદેવોએ માન્ય રાખી છે.

જરાક વિગતથી વાત કરું.

લાંબા સમય સુધી કુપથ્યસેવન કરીને રોગી બનેલા દરદીને વૈદ્યની ઔષધિથી અને અપથ્યસેવનત્યાગની પ્રેરણાના અમલથી જે આરોગ્યની શાતા અનુભવવા મળે તેને લીધે તેના મનમાં એવું થાય ખરું કે "હું સર્વથા અપથ્ય છોડી દઉં તો કેવું સરસ આરોગ્ય મને મળી જાય ?"

પણ દીર્ઘકાળની કુટેવને લીધે તે દરદી તે વાતનો અમલ કરી શકતો નથી. હા, ધીરે ધીરે કુપથ્યત્યાગ વધતો જાય ખરો.

પ્રસ્તુતમાં સુસાધુઓના સંપર્કથી - ઊંધા રવાડે ચડેલો સાધુ જો આરોગ્યનો (સાચા સાધુજીવનનો) હિમાયતી થાય, કાંઈક પાળે પણ ખરો, છતાં બધું કુપથ્ય ન છોડી શકે તો તેને તીર્થંકરદેવોએ મોક્ષમાર્ગસ્થ કહ્યો છે.

બાકી સુસાધુપણું નહિ પાળનારો, તેને સાવ ન ત્યાગીને જે નિષ્ઠુરપણે અસંયમનું જીવન જીવે તેને મોક્ષમાર્ગસ્થ કહી શકાય નહિ.

* * *

**किं मूसगाण अत्थेण किं वा कागाण कणगमालाए ।**
**मोहमलखवलिआणं किं कज्जुवएसमालाए ? ॥ ५२९ ॥**

**અર્થ :** ઉંદરોને પૈસા દેવાથી શું લાભ ?

કાગડાને સોનાની માળા શા માટે ?

મિથ્યાત્વના કીચડથી ખરડાયેલા જીવોને આ ઉપદેશમાળા ગ્રન્થથી શો લાભ ? તેમને આ ગ્રન્થનું શ્રવણ કરાવવું નહિ.

* * *

**चरणकरणालसाणं अविणयबहुलाण सययऽजोगमिणं ।**
**न मणी सहसाहस्सो आवज्जइ कुच्छमासस्स ॥ ५३० ॥**

**અર્થ :** જે સાધુ ચરણસિત્તરિ, કરણસિત્તરિમાં સાવ પ્રમાદી છે, જે ઉદ્ધત છે તેને આ ગ્રન્થનો યોગ કરવા દેવાય નહિ.

કર્કશભાષા બોલનારા કાગડાના કોટે લાખ રૂપિયાના મૂલ્યનું રત્ન ન બંધાય.

* * *

**नाउण य करगयामलं व सब्भावओ पहं सव्वं ।**
**धम्मम्मि नाम सीइज्जइ त्ति कम्माइं गुरुआइं ॥ ५३१ ॥**

**અર્થ :** હાથમાં રહેલા આમળાની જેમ સઘળો મોક્ષમાર્ગનો સદ્ભાવ જાણે છતાં જો ધર્મમાં પ્રમાદી થવાય તો સમજવું કે તેના કર્મો ભારે છે.

* * *

**धम्मत्थकाममुक्खेसु जस्स भावो जहिं जहिं रमेइ ।**
**वेरग्गेगंतरसं न इमं सव्वं सुहावेइ ॥ ५३२ ॥**

**અર્થ :** ધર્માદિ ચાર પુરુષાર્થમાં જેનો જેમાં રસ હોય તેના જ શ્રવણમાં તેનું ચિત્ત હોય. સર્વ જીવોને કાંઈ વૈરાગ્યગ્રન્થોના શ્રવણમાં એકાન્તે રસ સુખાવહ ન પણ બને. અરે, ભારેકર્મીને તો તે ઊંધું પડે.

* * *

**संजमतवालसाणं वेरग्गकहा न होइ कण्णसुहा ।**
**संविग्गपक्खिआणं हुज्ज व केसिंचि नाणीणं ॥ ५३३ ॥**

**અર્થ :** જે સાધુ સંયમ અને તપમાં નિરુત્સાહી એવા ભારેકર્મી છે તેમને વૈરાગ્ય-કથા સાંભળવી ગમે નહિ. હા, સંયમ-તપમાં શિથિલ છતાં સંવિગ્નપાક્ષિકોને જ્ઞાનદશાથી તેની ઉપરના કટ્ટર પક્ષપાતને લીધે સાંભળવી જરૂર ગમે.

* * *

**सोउण पगरणमिणं धम्मे जाओ न उज्जमो जस्स ।**
**न य जणियं वेरग्गं जाणिज्ज अणंतसंसारी ॥ ५३४ ॥**

**અર્થ :** આ ગ્રન્થ સાંભળતાં જેને ધર્મમાં ઉદ્યમ કરવાનું મન ન થાય, જીવનમાં વૈરાગ્ય ઉત્પન્ન ન થાય તે જીવને અનંત સંસારી જાણવો.

* * *

**कम्माण सुबहुआणुवसमेण समेण उवगच्छइ इमं सव्वं ।**
**कम्ममलचिक्कणाणं वच्चइ पासेण भण्णंतं ॥ ५३५ ॥**

**અર્થ :** અતિ બહુ કર્મોનો ઉપશમ થયો હોય તો જ આ સમસ્ત શાસ્ત્રનો બોધ પ્રાપ્ત થાય. કર્મના કાતીલ કીચડથી ખરડાયેલા શિષ્યોને તો તેમની બાજુમાં જ આ ગ્રન્થનો પાઠ થતો (કાનેથી) પસાર થઈ જાય, પણ તેમને સંભળાય નહિ : અંતરમાં ઊતરે નહિ.

* * *

**उवएसमालेयं जो पढइ सुणइ कुणइ वा हियए ।**
**सो जाणइ अप्पहिअं नाउण सुहं समायरइ ॥ ५३६ ॥**

**અર્થ :** આ ઉપદેશમાળા ગ્રન્થને જે ભણે છે, સાંભળે છે, હૃદયમાં ભાવિત કરે છે તે આત્મહિત શી રીતે થાય તે જાણે છે. તે જાણીને સુખને પામે છે.

* * *

**धंतमणिदामससिगय-णिहिपयपढमक्खराभिहाणेणं ।**
**उवएसमालपगरणमिणमो रइअं हिअट्ठाए ॥ ५३७ ॥**

**અર્થ :** ધંત, મણિ, દામ, સસિ, ગય, ણિહિ—એ છ પદોના પહેલાં પહેલાં અક્ષરોથી બનતા નામવાળા—ધર્મદાસગણિ - એ સ્વહિત માટે (અને જીવોના ઉપકાર માટે) આ ઉપદેશમાળા ગ્રન્થની રચના કરી છે.

* * *

**जिणवयणकप्परुक्खो अणेगसुत्तत्थसालविच्छिन्नो ।**
**तवनियमकुसुमगुच्छो सुग्गइफलबंधणो जयइ ॥ ५३८ ॥**

**અર્થ :** જિનાગમ એ કલ્પવૃક્ષ છે. અનેક સૂત્રશાસ્ત્ર અને તદર્થરૂપી શાખાઓના વિસ્તારવાળું છે. મુનિ-મધુકરોને આનંદદાયી તપ-નિયમરૂપી પુષ્પોના ગુચ્છો છે. તે વૃક્ષ મોક્ષ-ફળને ઉત્પન્ન કરે છે. જગતમાં તે સર્વોત્કૃષ્ટ રીતે વર્તે છે.

* * *

**जुग्गा सुसाहुवेरग्गिआण परलोगपत्थिआणं च ।**
**संविग्गपक्खिआणं दायव्वा बहुसुआणं च ॥ ५३९ ॥**

**અર્થ :** સુસાધુઓ, વિરાગી શ્રાવકો તથા પરલોકમાં પોતાનું હિત થાય તેવી પ્રાર્થના કરતાં સંવિગ્નપાક્ષિકોને આ ઉપદેશમાળા આપવી યોગ્ય છે. વિવેકી એવા બહુશ્રુતોને પણ આપી શકાય.

* * *

**इअ धम्मदासगणिणा जिणवयणुवएसकज्जमालाए ।**
**मालव्व विविहकुसुमा कहिआ य सुसीसवग्गस्स ॥ ५४० ॥**

**અર્થ :** જિનવચનોના ઉપદેશરૂપ કાર્યની માળામાંથી ધર્મદાસગણિએ વિવિધ પુષ્પોની માળાની જેમ ગૂંથીને આ ઉપદેશમાળા ઉત્તમ શિષ્યોને કહી.

* * *

**संतिकरी वुड्ढीकरी कल्लाणकरी सुमंगलकारी अ ।**
**होइ कहगस्स परिसाए तहय निव्वाणफलदाइ ॥ ५४१ ॥**

**અર્થ :** આ ઉપદેશમાળા દોષોની શાન્તિ કરનારી, ગુણોની વૃદ્ધિ કરનારી, કલ્યાણને કરનારી, ઉત્તમ મંગળને કરનારી અને અંતે સભાજનોને મોક્ષફળને આપનારી બને છે.

* * *

**इत्थ समप्पइ इणमो मालाउवएसपगरणं पगयं ।**
**गाहाणं सव्वाणं पंचसया चेव चालीसा ॥ ५४२ ॥**

**અર્થ :** અહીં આ હારમાળામય પ્રસ્તુત ઉપદેશ-પ્રકરણ પૂર્ણ થાય છે. બધું મળીને ૫૪૦ ગાથા છે. (વધારાની ચાર ગાથાની વિવક્ષા કરી નથી.)

* * *

**जाव य लवणसमुद्दो जाव य नक्खत्तमंडिओ मेरु ।**
**ताव य रइआ माला जयम्मि थिरथावरा होउ ॥ ५४३ ॥**

**અર્થ :** જ્યાં સુધી લવણસમુદ્ર અને નક્ષત્રોથી સુશોભિત મેરુપર્વતનું અસ્તિત્વ છે ત્યાં સુધી આ ગૂંથેલી ઉપદેશમાળા જગતમાં અવિનાશી રહો.

* * *

**अक्खरमत्ताहीणं जं चिय पढियं अयाणमाणेणं ।**
**तं खमह मज्झ सव्वं जिणवयणविणिग्गया वाणी ॥ ५४४ ॥**

**અર્થ :** અહીં અજાણપણે મારાથી જે કાંઈ અક્ષર કે માત્રાથી પણ હીનાધિક કહેવાયું હોય તે બધા મારા અપરાધની જિનેશ્વરદેવના મુખારવિંદમાંથી નીકળેલી વાણી ક્ષમા આપો.

* * *

જિનાજ્ઞાવિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

લિ.
ગુરુપાદપદ્મરેણુ
પં. ચન્દ્રશેખરવિજય

વિ સં. ૨૦૫૭
દ્વિ. આસો સુદ એકમ
તા. ૧૭-૧૦-૨૦૦૧
માટુંગા (કીંગસર્કલ)

# કમલ પ્રકાશન (અમદાવાદ) મુખ્યત્વે બે વિભાગમાં કામ કરી રહ્યું છે : ૧. પુસ્તક વિભાગ – ૨. માસિક વિભાગ

## પુસ્તક વિભાગ

આજ સુધીમાં પૂજ્ય પં. શ્રી ચન્દ્રશેખરવિજયજીનાં કોડીબંધ પુસ્તકો અમે બહાર પાડી ચૂક્યા છીએ. કેટલાંક પુસ્તકોની તો ચારથી પાંચ આવૃત્તિઓ પણ અમે પ્રગટ કરી છે. ગુજરાતી ભાષામાં પ્રગટ થઈ ચૂકેલાં પુસ્તકો હવે હિન્દી અને અંગ્રેજીમાં અનુવાદિત કરીને પ્રગટ કરવાનું કાર્ય પણ ચાલી રહ્યું છે.

આ પુસ્તકો મુખ્યત્વે જૈનદર્શનને યાવત્ ગૌરવવંતી આર્યસંસ્કૃતિને જગતની સમક્ષ અર્વાચીન ભાષામાં રજૂ કરે છે.

અમારાં બધાંય કાર્યો સારી રીતે ચાલતાં જ રહે અને વેગ પકડતાં રહે એ માટે અમને ઘણા મોટા આર્થિક સહકારની આવશ્યકતા છે. દાનવીરો તરફથી અમને સુંદર સહકાર મળી રહે તે માટે અમે **કમલ પ્રકાશન ટ્રસ્ટને પબ્લિક ટ્રસ્ટ** બનાવ્યું છે. અમે એ માટે સુંદર દાન યોજના પણ કરી છે, જે નીચે મુજબ છે !

| દાન | પદ | લાભ |
|---|---|---|
| રૂા. ૩૦૦૧ | **શ્રુતભક્ત :** | **સંસ્થાનાં ભૂત-ભાવિ તમામ પ્રાપ્ય પ્રકાશનો ભેટ મળશે.** |
| રૂા. ૨૦૦૧ | **શ્રુતાનુરાગી :** | **સંસ્થાનાં ભૂત-ભાવિ તમામ પ્રાપ્ય પ્રકાશનો ભેટ મળશે.** |

ઉપર્યુક્ત તમામ દાતાઓની નામાવલી સંસ્થા તરફથી પ્રગટ થનારાં (સિરીઝ સિવાયનાં) પુસ્તકોમાં માત્ર **પ્રથમ આવૃત્તિમાં સંસ્થાના કુટુંબીજન તરીકે આવશે.**

દાનવીરો ! **'કમલ પ્રકાશન ટ્રસ્ટ'**ના નામથી આપની રકમ આજે જ ડ્રાફ્ટ કે મનીઓર્ડરથી મોકલી અમને આપનો અમૂલ્ય સહકાર આપશો એવી આશા રાખીએછીએ.

**પુસ્તક વિભાગમાં જ્ઞાન ખાતાની રકમ લેવામાં આવે છે.**

## : પુસ્તક વિભાગમાં અમારાં કુટુંબીજનો :

### : શ્રુત-સમૃદ્ધારક :

(૧) શ્રી શાંતિદાસ ખેતસી ચેરીટેબલ ટ્રસ્ટ - મુંબઈ (૨) સ્વ. કપૂરચંદ નરભેરામ સુતરિયા - ચેન્નાઈ (૩) શ્રી રામજી શામજી વીરાણી અને શ્રીમતી સમરત રામજી વીરાણી ટ્રસ્ટ, રાજકોટ (૪) શ્રી પ્રવીણકુમાર દલીચંદ - મુંબઈ (૫) શ્રી જે. આર. શાહ - મુંબઈ (૬) શ્રી જીવતલાલ પ્રતાપશી - મુંબઈ. (૭) હીરસૂરીશ્વરજી જગદગુરુ

શ્વે. મૂ.પૂ.ત. જૈન સંઘ ટ્રસ્ટ - મુંબઈ (૮) શ્રી સંભવનાથ જૈન શ્વે. મૂ.પૂ. સંઘ વિજયવાડા (આંધ્ર).

## : શ્રુતરક્ષક :

(૧) શ્રી વીશાશ્રીમાળી તપાગચ્છીય જ્ઞાનાદિ ધાર્મિક ફંડ ખાતું - જામનગર (૨) પૂજ્ય સાધ્વીશ્રી કંચનશ્રીજી મ.સા. ના ઉપદેશથી નવસારીમાં શ્રાવિકાબેનોના ઉપાશ્રયના જ્ઞાનખાતામાંથી - નવસારી (૩) પોપટબેન ભૂરમલજી C/o. નયનમલ ભૂરમલજી - મુંબઈ (૪) દાદર આરાધના ભવન જૈન પોષધશાળા ટ્રસ્ટ - મુંબઈ (૫) શ્રી રૂષભ સંભવ જૈન શ્વે. સંઘ - અહમદનગર (૬) પ.પૂ. નિર્જરાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી રાજ એપાર્ટમેન્ટમાં આરાધના કરનાર બહેનો તરફથી, C/o. મહેન્દ્રકુમાર નાથાલાલ - અમદાવાદ.

## : શ્રુતભક્ત :

(૧) શ્રી ગુજરાતી જૈન શ્વેતામ્બર તપાગચ્છ સંઘ - કોલકત્તા (૨) શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ - લીંબડી (૩) શ્રીમતી લીલમબેન મણિલાલ - મુંબઈ (૪) શ્રી ઝવેરી બ્રધર્સ - ચુડા (૫) શ્રી કાન્તિલાલ ચીમનલાલ કોલસાવાળા - અમદાવાદ (૬) રૂબી કોચ બિલ્ડર્સ પ્રા. લિ., મુંબઈ (૭) શ્રી સુદામડા શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ - સુદામડા (૮) શ્રી નયનમલ ભુરમલ જૈન - મુંબઈ (૯) શ્રી જૈન શ્વે. મૂ. પૂ. તપાગચ્છ - ભુજ (૧૦) શ્રી જમનાલાલ ખુશાલદાસ વોરા સહાયક નિધિ હ. લાલદાસ જમનાદાસ - મુંબઈ (૧૧) શ્રી પાર્શ્વનાથ ભગવાનની પેઢી - નવસારી, હ. મુનિશ્રી કીર્તિસેન વિજયજી મ. ની પ્રેરણાથી (૧૨) શ્રી શીતલનાથ ભગવાન સંસ્થાન - ધુલીયા (૧૩) શ્રી અનીલાબેન દીપચંદભાઈ ઝવેરી, મુંબઈ-૬. (૧૪) શ્રી શીતળનાથ જૈન દેરાસર જ્ઞાનખાતા - ભીવંડી (૧૫) શ્રી વિજયવાડા જૈન સંઘની બેનો તરફથી - વિજયવાડા (૧૬) શાહ મૂળચંદ સાંકળચંદ, C/o. ભરતકુમાર એન્ડ કંપની-વિજયવાડા (૧૭) પૂ.સા. જિનેન્દ્રશ્રીજી મ.સા.ની શિષ્યાઓની દીક્ષા પ્રસંગે, હ. કંચનલાલ ઉત્તમચંદ દમણવાળા - મુંબઈ (૧૮) અંજનાબેન આર. દોશી - મુંબઈ (૧૯) શ્રી શાંતિનાથ શ્વેતાંબર મૂ.પૂ. જૈન સંઘ - મુંબઈ.

## : શ્રુતાનુરાગી :

(૧) શ્રી માંડલિકભાઈ જયંતીલાલ ઝવેરી - મુંબઈ (૨) શ્રી સુબોધચંદ્ર લાલભાઈ - અમદાવાદ (૩) કંવરલાલ હીરાલાલ પારેખ - અમદાવાદ (૪) શ્રી અચલગઢ જૈન પેઢી - અચલગઢ (૫) ધરમદાસ ત્રિકમલાલ કપૂરવાલા - મુંબઈ (૬) શ્રી જૈન શ્વે. મૂર્તિપૂજક સુધારા ખાતાની પેઢી - મહેસાણા (૭) શ્રીમતી ભનીબેન ધીરજલાલ પાનાચંદ શ્રોફ : અમદાવાદ. (૮) શ્રીમતી પોપટબેન ભૂરમલજી - દહેલંદર (૯) શ્રી શાન્તિનગર

જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ - અમદાવાદ (૧૦) શ્રી બારેજા બે-ફળી જૈન સંઘ - બારેજા (૧૧) શ્રી પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર પેઢી - રોહીડા (રાજસ્થાન) (૧૨) એક સદ્‌ગૃહસ્થ તરફથી, હ. પ્રફુલચંદ્ર કાન્તિલાલ દલાલ - મુંબઈ (૧૩) સ્વ. મફતલાલ મોહનલાલના સ્મરણાર્થે તેમના સુપુત્રો તરફથી - નવા ડીસા (હાલ મુંબઈ) (૧૪) સ્વ. કપૂરચંદ નરભેરામ સુતરિયા - ચેન્નઈ (૧૫) બેન સરોજના સ્મરણાર્થે હ. જેશીંગભાઈ છોટાલાલ પેથાપુરવાળા - અમદાવાદ (૧૬) શ્રી વિઠ્ઠલદાસ ધનજીભાઈ બારદાનવાળા - જામનગર (૧૭) શ્રી ઝવેરી મોતીચંદ હેમરાજ જૈન ધર્મશાળાના જ્ઞાનખાતા તરફથી - જામનગર (૧૮) શ્રી સુમનભાઈ મૂળચંદ વાડીલાલ શાહ - મુંબઈ (૧૯) વોરા અમૂલખભાઈ કેશવજી (રાજપરવાળા) - ભુજ (૨૦) વોરા લાલગર માધવગર કોન્ટ્રાક્ટર - ભુજ (૨૧) શ્રી ચોપાટી જૈનસંઘ - મુંબઈ (૨૨) શ્રી ચંદ્રાલય જ્ઞાન ટ્રસ્ટ - અમદાવાદ, હ.સા. ચંદ્રોદયાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી (૨૩) શ્રી ભવાનીપુર મૂર્તિપૂજક જૈન શ્વેતામ્બર સંઘ - કોલકતા (૨૪) શ્રીમતી સુશીલાબેન બાબુભાઈ ભગુભાઈ (પેથાપુરવાળા) - અમદાવાદ (૨૫) શ્રી નવરંગપુરા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ - અમદાવાદ (૨૬) શ્રી શામજી વેલજી વીરાણી અને કડવીબાઈ વીરાણી સ્મારક ટ્રસ્ટ - રાજકોટ (૨૭) શ્રી રણછોડભાઈ શેષકરણભાઈ શેઠ - મુંબઈ (૨૮) શ્રી રસીકભાઈ ત્રિકમભાઈ લોદરાવાળા - મુંબઈ (૨૯) શ્રી ધનરાજ છોગાજી - નવા ડીસા (૩૦) શ્રીમતી સૂરજબેન ડી. વોરા - મોરબી (૩૧) શ્રી કેવલચંદ ખટોડ (જેતારણવાળા)-ચેન્નઈ (૩૨) શ્રી બી. પી. મહાજન - ચેન્નઈ (૩૩) શ્રી નાનાલાલ ભટ્ટ-ચેન્નઈ (૩૪) બી. પી. શાહ એન્ડ કંપની-ચેન્નઈ (૩૫) શ્રી અજમેરા બ્રધર્સ ચેરિટેબલ ટ્રસ્ટ C/o. બોમ્બે સાયકલ ઈમ્પોર્ટીંગ કું.-ચેન્નઈ (૩૬) શ્રી એમ. ડી. ટોલિયા કોર્પોરેશન-ચેન્નઈ (૩૭) શ્રીમતી વસુમતી રાજેન્દ્રકુમાર શાહ C/o. રમેશ એન્ડ કંપની, સુરત (૩૮) શ્રી કોઠાડિયા ગણપતિ મૂલચંદ જત્રાટિકર - નિપાણી. (૩૯) દોશી માનચંદ ખેતસિંહભાઈ ચેરિટેબલ ટ્રસ્ટ - નવા ડીસા (૪૦) શાહ માવજીભાઈ લધાભાઈ-બારેજા (કચ્છ) (૪૧) શ્રી નવજીવન જૈન શ્વેતામ્બર સંઘ C/o. જીવણલાલ કેશવલાલ મહેતા - મુંબઈ (૪૨) શ્રી સિદ્ધપુર જૈન શ્વેતાંબર મૂ. પૂ. સંઘ - સિદ્ધપુર, હ. પૂ. પં. શ્રી ચરણવિજયજી મ. ની પ્રેરણાથી (૪૩) શ્રી નવીનચંદ્ર ચંદુલાલ શાહ - મુંબઈ (૪૪) શ્રી નરેન્દ્ર રસિકલાલ તથા હસમુખલાલ રસિકલાલ -મુંબઈ-૨૦ (૪૫) શ્રી હસમુખલાલ રિખવચંદ તથા અતુલ હસમુખલાલ - મુંબઈ-૬ (૪૬) શ્રી રસિકલાલ રતિલાલ ધીયા - મુંબઈ-૬ (૪૭) શ્રી અશોકલાલ ચંદુલાલ શાહ - લોદરાવાળા મુંબઈ. (૪૮) શ્રી ભાઈચંદ મૂલચંદ મહેતા - મુંબઈ ૬ (૪૯) કાંતિલાલ એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ - મદ્રાસ (૫૦) શ્રી ભરતકુમાર એન્ડ કું. હ. મૂલચંદજી - વિજયવાડા-૧ (૫૧) સ્વ. ભોગીલાલ સાંકરચંદ શાહના શ્રેયાર્થે, ઉમેશકુમાર ભોગીલાલ શાહ - મુંબઈ-૨ (૫૨) શ્રી પ્રેમજીભાઈ ભીમજીભાઈ વેરાવળવાળા, હ. કંકુબેન -

મુંબઈ (૫૩) રમેશચંદ્ર હાથીભાઈ શાહ - મુંબઈ-૬ (૫૪) શ્રીમતી મધુબેન સોમચંદ - મુંબઈ-૨ (૫૫) શ્રી ચેતનકુમાર છબીલદાસ-મુંબઈ-૩ (૫૬) શ્રીમતી ગુણવંતીબેન ગુલાબચંદ ઝવેરી-મુંબઈ-૬ (૫૭) શા. રાજમલ ધર્માજી ભાંડોતરાવાળા - મુંબઈ-૪ (૫૮) શ્રી પ્રિન્સેસ સ્ટ્રીટ લુહાર ચાલ જૈન સંઘ - મુંબઈ-૨ (૫૯) શ્રીમતી લક્ષ્મીબેન દામજી પી. શાહ - મુંબઈ (૬૦) શ્રી રામજી દેવજી ગોગરી (કચ્છ પત્રીવાળા) - મુંબઈ (૬૧) ડાહ્યાલાલ મુલચંદ શાહ - મુંબઈ (૬૨) સ્વ. પૂ. પિતાશ્રી સંઘવી વિરચંદજી હુકમાજીના સ્મરણાર્થે તેમના કુટુંબીજનો તરફથી - પૂના (૬૩) શ્રી ચંદુલાલ અમૃતલાલ શાહ - મુંબઈ (૬૪) શ્રી દિનેશકુમાર ચંદ્રકાન્તભાઈ બેંકર - સિકંદરાબાદ (૬૫) શ્રી ભાનુભાઈ સી. શાહ - સુરત. (૬૬) શ્રી રતનશી ટોકરશી સાવલા - કચ્છ દુર્ગાપુરવાળા, મુંબઈ હ. પૂ. મુનિશ્રી કલાપ્રભસાગરજી મહારાજ (૬૭) શ્રી જામ વણથલી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ - જામ-વણથલી (૬૮) શ્રી રમેશચંદ્ર મૂળચંદભાઈ - મુંબઈ (૬૯) અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ, ડીસા કેન્દ્ર (૭૦) શ્રી જયેશકુમાર છબીલદાસ શાહ - મુંબઈ (૭૧) શ્રી મણિલાલ વીરજી - મુંબઈ (૭૨) શ્રી જયંતિલાલ ધરમચંદ શાહ - અમદાવાદ (૭૩) શ્રીમતી લક્ષ્મીબાઈ વોરા - મદ્રાઈ (૭૪) શ્રી રામજીભાઈ વી. શાહ - મદુરાઈ (૭૫) શ્રી ભેરુલાલ કનૈયાલાલ કોઠારી રીલીજીયસ ટ્રસ્ટ - મુંબઈ (૭૬) શેઠ ઝવેરચંદ પ્રતાપચંદ શ્રી સુપાર્શ્વનાથ જૈન સંઘ ઉપાશ્રય - મુંબઈ (૭૭) શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ (સોલીસીટર) - મુંબઈ (૭૮) શ્રીમતી માધુરી એમ. મહેતા - મુંબઈ (૭૯) શ્રાવિકાબેનોના જ્ઞાનખાતામાંથી, C/o. શ્રી ઋષભ પાર્શ્વનાથ જૈ. શ્વે. મંદિર ટ્રસ્ટ શહાપુર (મહારાષ્ટ્ર) (૮૦) શ્રી ઋષભ પાર્શ્વનાથ જૈન શ્વે. મંદિર ટ્રસ્ટ શહાપુર (મહારાષ્ટ્ર) (૮૧) શ્રી એલ. એન. શાહ - મુંબઈ (૮૨) શ્રી છગનલાલ મોતાજી - મૈસુર (૮૩) પી. સુમેરમલ જૈન - બેંગ્લોર (૮૪) સ્વ.પૂ.પં. ચરણવિજયજી શાસ્ત્રસંગ્રહ - મલાડ (ઈસ્ટ), C/o. શ્રી હરિસૂરિશ્વરજી જગતગુરુ જૈન ઉપાશ્રય ટ્રસ્ટ મલાડ, મુંબઈ (૮૫) શ્રી અનુભાઈ કેશવલાલ શાહ (મારફતીયા) - અમદાવાદ (૮૬) શ્રી ધીણોજ જૈન શ્વે. મુ.પૂ. સંઘ - ધીણોજ, હ.પૂ.આ.શ્રી ભદ્રંકરસૂરિશ્વરજીની પ્રેરણાથી (૮૭) શ્રી રમણીકલાલ દયાલજી શાહ - મુંબઈ (૮૮) શ્રી લક્ષ્મીચંદ પ્રેમજી, C/o. રમણીકભાઈ સાગર - પૂના (૮૯) શ્રી લાલજી ચુનીલાલ પૂનમચંદ શાહ - લુણાવા (૯૦) શ્રી શ્વે. મૂર્તિપૂજક સંઘ - કોલ્હાપુર (૯૧) શ્રી ધીરજલાલ તલકચંદ શાહ - મુંબઈ (૯૨) શ્રી રમણલાલ ડી. શાહ - મુંબઈ (૯૩) સ્વ. શા. પોપટલાલ કેશવલાલ પેથાપુરવાળાના સ્મરણાર્થે તેમના સુપુત્રો તરફથી, C/o. દિપક એન્ટરપ્રાઈઝીસ (૯૪) શ્રી ફૂલચંદ લીલાધરભાઈ વોરા - મુંબઈ (૯૫) શ્રી લુહારની પોળ જ્ઞાન ટ્રસ્ટ અમદાવાદ, હ.પૂ.આ. શ્રી રાજેન્દ્રસૂરીજી મહારાજ (૯૬) શ્રી રણજિતભાઈ સી. જૈન, C/o. શ્રી ગૌતમ એન્ટરપ્રાઈઝ - હૈદ્રાબાદ (૯૭) પૂ. સાધ્વીજી લાવણ્યશ્રીજી મહારાજ સરકારી ઉપાશ્રય ફતાસાપોળ - અમદાવાદ (૯૮) પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર ટેમ્પલ - બેલારી

(કર્ણાટક) (૯૯) ઝવેરચંદ રૂપાજી - જશવંતપુરા (રાજસ્થાન) (૧૦૦) તારાચંદ મહેતા ચેરિટી ટ્રસ્ટ, C/o. શ્રી તારાચંદ ધનજી મુંબઈ (૧૦૧) બિપીનચંદ્ર અમૃતલાલ વોરા (૧૦૨) પરમ પૂજ્ય સાધ્વીજી ચારૂલતાશ્રીજી મ.સા. - સુરત. (૧૦૩) શાહ કાન્તીલાલ મોહનલાલ -મુંબઈ-૩ (૧૦૪) પ્રવીણભાઈ એ. બંધુ, અમદાવાદ (૧૦૫) હંસાબેન ડી. દોશી - માંડલ (૧૦૬) શાહ મિશ્રીમલ ઈંદરમલ, બેંગ્લોર (૧૦૭) શાહ નાનાલાલ ભવાનીદાસ સોપારીવાળા - વડોદરા (૧૦૮) શાહ નવિનભાઈ એસ. તેજાણી - મુંબઈ (૧૦૯) શાહ સેવંતીલાલ વિરચંદ - પાલનપુર (૧૧૦) શ્રી તપાગચ્છ અમરજૈન શાળા - ખંભાત (૧૧૧) શાહ શાન્તાબેન ચુનીલાલ - અમદાવાદ (૧૧૨) શાહ ટી. જે. જોષી - સિકંદ્રાબાદ (૧૧૩) સુપર સ્ટીલ સેન્ટર - મુંબઈ (૧૧૪) પૂ. ઉપાધ્યાય શ્રી ભદ્રબાહુ સાગરજી મ.સા. - અમદાવાદ (૧૧૫) શ્રી હારીજ જૈન સંઘ હારીજ (૧૧૬) હરખચંદભાઈ ગડા - મુંબઈ (૧૧૭) અભયકુમાર હરિલાલ શાહ - મુંબઈ (૧૧૮) ચંપકલાલ વીરજી મહેતા - જામનગર (૧૧૯) શ્રી વાસુપૂજ્ય જૈન પેઢી - સુમેરપુર (૧૨૦) દોષી વસંતલાલ વાડીલાલ - થાનગઢ (૧૨૧) ત્રિકમચંદ હિરાચંદ જૈન - મુંબઈ (૧૨૨) શેઠ ધર્મદાસ શાંતિલાલની પેઢી - સાવરકુંડલા (૧૨૩) શાહ ગાંગજી પુંજાભાઈ - વદાલી (૧૨૪) Territorial Supply Co. - Mombasa (૧૨૫) Vagji Velji Gudka Mombasa (૧૨૬) Mohan Shah - Mombasa (૧૨૭) કંચનબેન બાબુલાલ મોતીલાલ શાહ - અમદાવાદ (૧૨૮) એક્સન એસોસીએટસ - અમદાવાદ (૧૨૯) શાહ ખુમચંદ કપૂરચંદજી - અમદાવાદ (૧૩૦) દિપક ડી. શાહ - મુંબઈ (૧૩૧) શ્રી ઢાળની પોળ ખીજડાશેરીની બહેનોની ઉપજમાંથી - અમદાવાદ (૧૩૨) સાગર રાઘવજી ગોગારી, હ.મુનિ શ્રી પુણ્યોદયસાગર મ.સા.ની પ્રેરણાથી - નાલાસોપારા (૧૩૩) શ્રી ઘોટી જૈન સંઘ, હ. મલાડ કેન્દ્ર - ઘોટી. (૧૩૪) શ્રી સુમતિનાથ જૈન શ્વેતામ્બર મૂ.પૂ. સંઘ, હ. સોનરાજ સુમેરમલ જૈન યાદગીરી (૧૩૫) વીણા આર. શાહ મુંબઈ (૧૩૬) આઈ. યુ. સંચેટી - મુંબઈ (૧૩૭) શ્રી મહાવીર જૈન શ્વે. પેઢી, C/o. દેસાઈ વાઘજી ડાહ્યાલાલ, મુનિશ્રી શાંતિવિજયજી મ.સા., ભાંડવપુરતીર્થ (૧૩૮) વિરેન્દ્રકુમાર ચંપકલાલ શાહ, C/o. નરેશ એન્જીનીયરીંગ એન્ડ હાર્ડવેર સ્ટોર્સ - મુંબઈ (૧૩૯) સંજયકુમાર ગુલાબચંદ કોઠારી - કોલકત્તા (૧૪૦) ગીરીશકુમાર રતિલાલ શાહ નરોડા - અમદાવાદ (૧૪૧) રમેશકુમાર ઓટરમલ શાહ - દહાણુરોડ (૧૪૨) હર્ષદભાઈ કુંડલીયા - કોલકત્તા (૧૪૩) એચ. બંસીલાલ મુથા - અહમદનગર (૧૪૪) વસનલાલ ઈશ્વરલાલ વીરવાડિયા - સુરત (૧૪૫) સુરેશભાઈ હીરાલાલ શાહ - અમદાવાદ (૧૪૬) શ્રી સ્થાનકવાસી જૈન સંઘ - અમદાવાદ (૧૪૭) પ્રવીણભાઈ રતિલાલ શેરદલાલ - અમદાવાદ (૧૪૮) દેવેન્દ્રભાઈ લીલાધર શાહ - મુંબઈ (૧૪૯) પોપટલાલ ચુનીલાલ સંઘવી - સાબરમતી, અમદાવાદ (૧૫૦) જયંતીલાલ ચુનિલાલ શાહ - મુંબઈ (૧૫૧) શ્રી મરોલી જૈન સંઘ - મરોલી

(૧૫૨) પૂ. સાધ્વીશ્રી મોહજિતાશ્રીજી મ. સા. - અમદાવાદ (૧૫૩) દોશી સંદીપકુમાર કાંતિલાલ - ભુજ, કચ્છ (૧૫૪) ચંદ્રેશ નવીનચંદ્ર શાહ - મુંબઈ (૧૫૫) ફલેમીંગો પ્રોડક્ટસ - ચેન્નઈ (૧૫૬) મહેતા દલીચંદ મણીલાલ - ભુજ, કચ્છ (૧૫૭) કિરીટભાઈ મગનલાલ ચોક્સી - સુરત (૧૫૮) નવીનકુમાર રમણીકલાલ - સુરેન્દ્રનગર (૧૫૯) કુબડીયા કિશોર અમરચંદ - મુંબઈ (૧૬૦) વિજયકુમાર બાબુલાલ શાહ - મુંબઈ (૧૬૧) શેઠશ્રી પોપટલાલ અંબાલાલ શાહ - ઉંઝા (૧૬૨) દિનેશચંદ્ર રામભાઈ પટેલ - અમદાવાદ (૧૬૩) ધીરજલાલ દેવસી કોઠારી - ભુજ (૧૬૪) પ્રદીપ રતનશી ભુજ, કચ્છ (૧૬૫) જે. સી. શાહ - ભુજ (૧૬૬) ડૉ. હરેશ ગાલા - મુંબઈ (૧૬૭) શ્રી સ્થાનકવાસી જૈન સંઘ લાયબ્રેરી - ખંભાત (૧૬૮) અનિલભાઈ એન. મણિયાર - અમદાવાદ (૧૬૯) મણિલાલ સી. શાહ - અમદાવાદ (૧૭૦) જગદીશચંદ્ર હિંમતલાલ - સુરત (૧૭૧) વિનોદરાય જીવરાજ મહેતા - મુંબઈ (૧૭૨) વી. એમ. પારેખ પુસ્તકાલય -નડિયાદ (૧૭૩) શ્રી પી. એમ. શાહ - મુંબઈ (૧૭૪) મિતેન શાંતિલાલ કોઠારી - મુંબઈ (૧૭૫) શ્રી ઉજ્જૈયતગિરિ સમ્યકજ્ઞાન પ્રસાર ઓપન યુનિ. - જૂનાગઢ (૧૭૬) ભણસાલી મેટલ કોર્પોરેશન - પૂના (૧૭૭) અંતિમકુમાર અંબાલાલ મોદી - ખેડા (૧૭૮) હસમુખ નંદલાલ કોઠારી - જામનેર (૧૭૯) શ્રી વલસાડ જૈન શ્વેતાંબર મહાવીર સ્વામી ભગવાનની પેઢી - વલસાડ (૧૮૦) રાજમલ દીપચંદજી પૂનમીયા - પૂના (૧૮૧) જિતેન્દ્ર કાંતિલાલ શાહ - મુંબઈ (૧૮૨) જયંતીલાલ મોણશીભાઈ ગાલા - મુંબઈ (૧૮૩) પૂ. સા. શ્રી ચંદ્રરેખાશ્રીજી, મ.સા. (બાપજી મ. સા.ના) - અમદાવાદ (૧૮૪) કીશોરકુમાર અમૃતલાલ દોશી - મુંબઈ (૧૮૫) જયંતિલાલ મણિલાલ દામાણી - અમદાવાદ (૧૮૬) જયંતીલાલ વાડીલાલ ગાંધી - મુંબઈ (૧૮૭) ધનવંતરાય કાંતિલાલ વોરા - મુંબઈ (૧૮૮) ચિનુભાઈ શાંતિલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ - અંબાવાડી (૧૮૯) રોહિણી મહેશ દોશી - મુંબઈ (૧૯૦) નરેશ એચ. પટેલ - દહાણુ રોડ (૧૯૧) સુરેશ હીરાલાલ વખારીયા - મુંબઈ. (૧૯૨) કાન્તિલાલ દેવીચંદજી - ચેન્નઈ (૧૯૩) પૂ. લલિતપ્રભાશ્રીજી મ.સા.નાં શિષ્યા સા. લક્ષગુણાશ્રીજીના ૨૫ વર્ષ દીક્ષા પર્યાય નિમિત્તે, ફુલબાગ જૈન ઉપાશ્રય-વિસલપુર (૧૯૪) પૂ.સા. શ્રી લલિતપ્રભાશ્રીજી મ.સા.નાં શિષ્યા સા. સ્નેહલતાશ્રીજી મ.સા.ના. ૨૭ વર્ષ દીક્ષા પર્યાય નિમિત્તે, હ. દેવીચંદ સાગરમલજી - શિવગંજ (૧૯૫) એસ. બાલાભાઈ એન્ડ કું. - અમદાવાદ (૧૯૬) વીણાબેન રાજેન્દ્રભાઈ ગાંધી - મુંબઈ (૧૯૭) પૂ.સા. શ્રી દિવ્યપ્રભાશ્રીજીની ૬૯ મી ઓળી નિમિત્તે હ.શા. હરખદાસજી રત્નાજી - જાવાલ (૧૯૮) પૂ. લલિતપ્રભાશ્રીજી મ.સા. ના શિષ્યા પૂ.સા. મોક્ષપ્રિયાશ્રીજી મ.સા. માસક્ષમણ નિમિત્તે હ. એસ. એસ. પોરવાલ ઓપ્ટીકલ - ચેન્નઈ (૧૯૯) શ્રી વિલેપાર્લા શ્વે. મૂ. પૂજક જૈન સંઘ એન્ડ ચેરીટીઝ - મુંબઈ (૨૦૦) શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ - શીવાના (રાજસ્થાન) (૨૦૧)

શ્રી શીતલનાથ ભગવાન સંસ્થાન પૂ. સા. ચારુલતાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી - ધૂલિયા (મહારાષ્ટ્ર) (૨૦૨) શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ તથા સ્થાનક ભવન - બાડમેર (૨૦૩) બીરેન કિરીટભાઈ બાવીસી - રાજકોટ (૨૦૪) શ્રી જૂનાગઢ જૈન શ્વે. મૂ. પૂ. તપાગચ્છ સંઘ - જૂનાગઢ (૨૦૫) એલ. એન. જસાણી - અમદાવાદ (૨૦૬) દલાલ પ્રકાશભાઈ બી. શાહ - અમદાવાદ (૨૦૭) ઉપાચાર્ય દેવેન્દ્ર મૂનિજી મ.સા., C/o. તારકગુરુ જૈન ગ્રંથાલય - ઉદેપુર (૨૦૮) ન્યુ સિન્થેટીક કેમિકલ ઇન્ડસ્ટ્રિઝ - મુંબઈ (૨૦૯) સંઘવી રમેશકુમાર ચુનીલાલ - મુંબઈ (૨૧૦) શ્રી જિતેન્દ્ર ભૂપતરાય શાહ - મુંબઈ (૨૧૧) વિનીતસાગર આગમમંદિર - મુંબઈ (૨૧૨) શાહ વિરચંદ હીરાચંદ - કોલ્હાપુર (૨૧૩) શ્રીમતી ચંચળબેન બી. છેડા - વડોદરા (૨૧૪) કમલેશ ડી. બાયડ - મુંબઈ (૨૧૫) નિર્મળાબેન બાબુભાઈ ગાંધી - સુરત (૨૧૬) ઈશ્વરલાલ પ્રભુદાસ શાહ - વડોદરા (૨૧૭) દોશી રમણીકલાલ નાનચંદભાઈ - સુરેન્દ્રનગર (૨૧૮) ઋષભદેવ જૈન સંઘ, C/o. મોતીલાલ રમેશકુમાર - અમદાવાદ (૨૧૯) શ્રી કે. વી. શાહ (એડવોકેટ) - અમદાવાદ (૨૨૦) નિરમલ એલ્યુમિનિયમ ઈન્ડસ્ટ્રીઝ - કોઈમ્બતુર (૨૨૧) નીરવ એન્ડ સન્સ - અમદાવાદ (૨૨૨) લીલાચંદ મોહનલાલ શાહ - અમદાવાદ (૨૨૩) એક સદગૃહસ્થ તરફથી, હસ્તે મધુબેન મહેન્દ્રભાઈ સૂતરિયા - જામનગર (૨૨૪) શર્મા ટ્રેડીંગ કંપની - વ્યારા (સુરત) (૨૨૫) શૈલેષ બંસીલાલ કાપડીયા - અમદાવાદ (૨૨૬) શાહ મુધુબેન શિવલાલ, C/o. શાહ રોહિતકુમાર શિવલાલ - અમદાવાદ (૨૨૭) નાગરાજ રાજમલ પુનમિયા પુના C/o. નરેશ મુનિજી મહારાજ - ગોગુંદા (રાજસ્થાન) (૨૨૮) સંઘવી રજનીકાન્ત લક્ષ્મીચંદ - નવરંગપુરા, અમદાવાદ (૨૨૯) અમરભાઈ સુરેશભાઈ લોડાયા. C/o. સુરેશભાઈ લખમશી લોડાયા - ચેમ્બુર, મુંબઈ (૨૩૦) અચલગચ્છ જૈન સંઘ, C/o. અચલગચ્છ જૈન ભવન-વડોદરા (૨૩૧) અરવિંદભાઈ રતિલાલ શાહ - ગોરેગાઁવ (વે.), મુંબઈ (૨૩૨) જ્યોતિષ ભોગીલાલ શાહ. C/o. મીનાબેન - અમદાવાદ (૨૩૩) સુરેશભાઈ વી. ગાંધી - શાંતાક્રુઝ (ઇ.), મુંબઈ (૨૩૪) દિનેશભાઈ શાહ-મુંબઈ (૨૩૫) મોહનલાલ એસ. વોરા - શાંતાક્રુઝ (વે.), મુંબઈ (૨૩૬) ધનજીભાઈ શાહ - મુંબઈ (૨૩૭) શાહ વેલજી જેઠાભાઈ, C/o. પથુભા નારણજી - કપાયા (૨૩૮) નીતિનભાઈ એસ. મહેતા - નવસારી (૨૩૯) પ. પૂ. સાધ્વી જયપદમગુણીશ્રીજી મ.સા. - મુંબઈ (૨૪૦) દામજી કરસન શાહ - મુંબઈ (૨૪૧) ચંપાલાલજી કુંદનમલજી જૈન - મુંબઈ (૨૪૨) મુકેશકુમાર હીરાલાલ શાહ - અમદાવાદ (૨૪૩) શ્રી મહાવીર શ્વે મૂ. પૂ. જૈન સંઘ - અમદાવાદ. (૨૪૪) સુધીરકુમાર કાંતિલાલ રાવલ - મુંબઈ (૨૪૫) જન્મેજય જીગર શાહ - મુંબઈ (૨૪૬) ધનજી વેલજી ગાલા - મુંબઈ (૨૪૭) હસમુખ પ્રેમજી નંદુ-મુંબઈ (૨૪૮) Vinesh Mamania - Mumbai (૨૪૯) પ્રકાશકુમાર પુનમચંદ મહેતા - અમદાવાદ (૨૫૦) યશોમતી મહીપતલાલ - જામનગર (૨૫૧)

ભવાનજી નરશી - મુંબઈ (૨૫૨) રસિકલાલ વિઠ્ઠલદાસ શાહ - સુરત (૨૫૩) ભીખાભાઈ - સુરત (૨૫૪) અજયભાઈ ચંદુલાલ પારેખ - મુંબઈ (૨૫૫) દિપક પી. વોરા - ભુજ (૨૫૬) મહેતા અતુલ ચંદુલાલ - ભુજ (કચ્છ) (૨૫૭) વસંતકુમાર ધનજીભાઈ ખંડોર - ભુજ (કચ્છ) (૨૫૮) લલિતભાઈ શાહ - અમદાવાદ (૨૫૯) મહેતા રમણીકલાલ મણીલાલ (૨૬૦) મહેતા અમરતશી શંભુલાલ - ભુજ (કચ્છ) (૨૬૧) દેવેન્દ્રકુમાર ચંદુલાલ - મુંબઈ (૨૬૨) હિતેષભાઈ કલ્યાણભાઈ શાહ - વડોદરા (૨૬૩) શ્રેણીક રમણલાલ શાહ, અમદાવાદ (૨૬૪) પ્રશાંત નવનીતરાય શાહ, મુંબઈ (૨૬૫) રજનીભાઈ એસ. શાહ, અમદાવાદ (૨૬૬) ભદ્રિકભાઈ કે. સંઘવી, મુંબઈ (૨૬૭) કનકમલ મગનમલ ગાંધી - અહમદનગર (૨૬૮) શ્રી વાવ જ્ઞાન ભંડાર, વાવ. (૨૬૯) હેતલ તેજપાલ શાહ, મુંબઈ. (૨૭૦) ત્રિલોકભાઈ સંપટ, મુંબઈ (૨૭૧) ચંપકભાઈ શાહ - અમદાવાદ (૨૭૨) અરવિંદ ચંપકલાલ શાહ - મુંબઈ (૨૭૩) ગડા અમૃતલાલ ઘેલાભાઈ, મુંબઈ (૨૭૪) શ્રી ગવપુરા મામાની પોળ શ્વે. મૂ.પૂ. જૈન સંઘ, વડોદરા (૨૭૫) શાહ કિરણ વી. ચેન્નઈ (૨૭૬) વોરા પ્રમોદ નાનાલાલ, મુંબઈ. (૨૭૯) મુનિ હિતવર્ધનસાગર મ. સા., રાયધણજર. (૨૮૦) સંગોઈ ધિરેન્દ્ર પી. મુંબઈ. (૨૮૧) મેતા રમણીકલાલ વકાનજી, જામનગર (૨૮૨) મુનિશ્રી દિવ્યચન્દ્રસાગર મ.સા. પુના. (૨૮૩) વોરા વિજય એન. મુંબઈ. (૨૮૪) હરિયા દેવચંદ હરગણ, જામનગર. (૨૮૫) શ્રી કામદાર કોલોની જૈન સંઘ જ્ઞાનભંડાર, જામનગર. (૨૮૬) ગાંધી અમૃતલાલ ધનરાજ, અમદાવાદ. (૨૮૭) પંચમિયા જયસુખલાલ વિ. રાજકોટ (૨૮૮) પટેલ નવિનભાઈ (જશદણવાળા), રાજકોટ (૨૮૯) વકીલ કુશલ અજયભાઈ, અમદાવાદ (૨૯૦) ઓશવાળ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, જામનગર (૨૯૧) ઓશવાળ, સાર્વજનિક ટ્રસ્ટ, જામનગર (૨૯૨) શરાફ મોતિલાલ કેશવલાલ, નાસિક. (૨૯૩) શાહ સમીર પ્રવીણચન્દ્ર, મુંબઈ. (૨૯૪) જસાણી રમેશકુમાર છગનલાલ, મુંબઈ (૨૯૫) શાહ સોમચંદ, કોલકત્તા (૨૯૬) વિરેન્દ્રભાઈ બાબુલાલ શાહ, અમદાવાદ. (૨૯૭) કુમારપાળભાઈ ડી. શાહ - રાજકોટ (૨૯૮) શ્રી ડીસા શ્વે. મૂ.પૂજક જૈન સંઘ સંચાલિત સુધર્મા સ્વામી જ્ઞાન ભંડાર - ડીસા (૨૯૯) શાહ રમણીકલાલ રેવચંદ - મુંબઈ (૩૦૦) ઉર્વિશકુમાર પુરષોત્તમદાસ શાહ - મુંબઈ (૩૦૧) રમણીકલાલ ડી. ગાલા - મુંબઈ (૩૦૨) રમેશભાઈ ડી. જૈન - મુંબઈ (૩૦૩) કે. એમ. શાહ ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પીટલ - પીંપલીયા

## : શ્રુતસભ્ય :

(૧) શ્રી મહુવા વીશાશ્રીમાળી તપાગચ્છીય શ્વે. મૂર્તિપૂજક સંઘ - મહુવા બંદર (૨) શ્રી સ્વ. છબીલદાસ સુખલાલ કાલીદાસ - લીંબડી (૩) શ્રી રસિકલાલ શિવલાલ ગાંધી - મુંબઈ (૪) હિંમતલાલ શામળભાઈ શાહ - અમદાવાદ (૫) શ્રીમતી જયાલક્ષ્મી કપૂરચંદ સુતરિયા - ચેન્નઈ (૬) શ્રી હાલારી વીશા ઓસવાળ શ્વે. મૂર્તિપૂજક જૈન જ્ઞાતિસમસ્ત દેરાસર ટ્રસ્ટ પડાણા - (જામનગર) (૭) શ્રી વિજયસભા જૈન જ્ઞાન મંદિર - ડભોઈ (૮) શ્રી ભોગીલાલ શાહ - ભાવનગર (૯) રમેશચંદ્ર કપૂરચંદ સુતરિયા - ચેન્નઈ (૧૦) શ્રી દિલીપકુમાર કપૂરચંદ સુતરિયા - ચેન્નઈ (૧૧) શ્રી ભરતકુમાર કપૂરચંદ સુતરિયા - ચેન્નઈ (૧૨) સ્વ. મહેતા દલીચંદ માણેકચંદ (ખીલોસવાળા) - જામનગર (૧૩) શ્રી ચોટીલા જૈન. શ્વે. મૂર્તિપૂજક સંઘ - ચોટીલા (૧૪) શ્રી જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ દાવણગીરી (૧૫) શ્રી સંઘવી ભવાનજી હીરાચંદના સમાધિપૂર્વકના સ્વર્ગવાસ નિમિત્તે તેમના સુપુત્રો તરફથી ભુજ (૧૬) શ્રી જયંતિલાલ વલમજી છેડા - મુંબઈ, હ. માતુશ્રી સૌ. ભાનુબેન વલમજી નાનજી - મુંબઈ પૂ.સા. નરેન્દ્રશ્રીજી તથા પૂ.સા. વિદ્યુતપ્રભાશ્રીજીની પ્રેરણાથી (૧૭) શ્રી પત્રી જૈન સંઘ પત્રી - કચ્છ (૧૮) શ્રી પ્રવીણભાઈ દલીચંદભાઈ - મુંબઈ (૧૯) શ્રી જૈન શ્વેતાંબર તીર્થ પેઢી - અચલગઢ (૨૦) શ્રી રંભાબાઈ ડોસાભાઈ - કોલકત્તા (૨૧) શ્રી ચંદ્રકાંતભાઈ કાંતિલાલ શાહ - અમદાવાદ (૨૨) શ્રી સુતરિયા ચીમનભાઈ ઝવેરભાઈ - નડિયાદ (૨૩) શ્રી ઝીંઝુવાડા જૈન સંઘ ઝીંઝુવાડા (૨૪) કિરણબેન ઉપેન્દ્રકુમારના સ્મરણાર્થે હ. નટવરલાલ અમુલખભાઈ - ગોધરા (૨૫) શ્રી શાહ ચતુરભાઈ નગીનદાસ - બેલગાંવ (૨૬) શ્રી કોઠારી મીશ્રીમલ ગુલાબચંદ - મોકલસર (૨૭) શ્રી સાધ્વીજી ચરણપ્રભાશ્રીજી મહારાજ (વાગડવાળા), હ. કેશવલાલ પ્રેમચંદ - અમદાવાદ. (૨૮) શ્રી નરપતલાલ નાગરદાસ - અમદાવાદ. હ. મુનિશ્રી ગુણસેનવિજયજી મહારાજની પ્રેરણાથી (૨૯) શા. શાંતિલાલ ભુરમલ એન્ડ કું. - ધર્માવરણ [A.P.] (૩૦) શાહ અરવિંદલાલ જેશીંગલાલ - મુંબઈ (૩૧) પ્રકાશચંદ્ર મણિલાલ શાહ - સુરત (૩૨) ડુંગરશી ધરમશી એન્ડ કું. - સીરસી (કર્ણાટક) (૩૩) મેસર્સ શાહ કાંતિલાલ મણિલાલ એન્ડ કું. - મુંબઈ (૩૪) શા. ચુનીલાલ અમરચંદ ઝવેરી - નવસારી (૩૫) શ્રી વાસપૂજ્ય ભગવાન જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ ઇચલકરંજી (૩૭) પૂ.સા. નિપુણાશ્રીજીની પ્રેરણાથી પીપરડીની પોળના બહેનોના ઉપાશ્રય જ્ઞાનખાતા તરફથી, હ. લીલાવતીબેન રમણલાલ કાપડિયા અમદાવાદ. (૩૮) શ્રી નાંદેજ શ્વે. મૂ. પૂજક જૈનસંઘ હ.પૂ.સા. શ્રી જિતેન્દ્રશ્રી જી.મ.સા.ની પ્રેરણાથી નાંદેજ. (૩૯) શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, હ. સાધ્વીશ્રી મહાનંદાશ્રીજી ની

પ્રેરણાથી - દેલંદર (રાજસ્થાન) (૪૦) શ્રી સવિતાબેન ભગવાનદાસ પટેલ - નવસારી (૪૧) શ્રી ઘોટી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ ઘોટી (મહારાષ્ટ્ર) (૪૨) શ્રી કેશવલાલ સી. મહેતા - મુંબઈ (૪૩) શ્રી વિક્રમકુમાર ચીમનલાલ શાહ - મુંબઈ (૪૪) શ્રી મૂળીબેન અંબાલાલ શાહ - મુંબઈ (૪૫) શ્રી ઝવેરીલાલ હરશી છેડા - મુંબઈ (૪૬) શ્રીમતી નીનાબેન હીરાલાલ શાહ - નવસારી (૪૭) મુનિસુવ્રતસ્વામી જૈન પેઢી, કીમ (૪૮) શ્રી બાબુલાલ છોટાલાલ નંદરબારવાળા - મુંબઈ ૬. (૪૯) શ્રીમતી પ્રભાવતીબેન અનુભાઈ, C/o. રાજેશ અનુભાઈ - અમદાવાદ. (૫૦) શ્રી રસિકલાલ છોટાલાલ શાહ - મુંબઈ ૬ (૫૧) શ્રી ગિરધરલાલ જીવણલાલ - મુંબઈ ૩ (૫૨) શ્રી ચીમનલાલ વર્ધીચંદજી ચૌધરી - મુંબઈ ૩ (૫૩) શ્રી કંચનબેન પાનાચંદજી ડુંગરશીભાઈ તુરખીયા (સુરેન્દ્રનગરવાળા), - મુંબઈ ૧૯ (૫૪) શ્રી કમળાબેન વામજી રતનશી વોરા (કચ્છ પત્રીવાળા, મુંબઈ ૧૯ (૫૫) શ્રી સુંદરલાલ દલપતભાઈ ઝવેરી - મુંબઈ (૫૬) શ્રી રોહીડા જૈન સંઘ - રોહીડા (રાજસ્થાન) (૫૭) સાગરગચ્છ જૈન સંઘ - ડભોઈ. (૫૮) શ્રી ઓશવાલ પુસ્તકાલય - દાંતરાઈ (૫૯) શ્રી જસવંતીબેન જયંતીલાલ ઝવેરી - મુંબઈ ૬ (૬૦) શ્રી રતિલાલ હીરજી - મુંબઈ ૭ (૬૧) શ્રી પંકજ સોસાયટી જૈન સંઘ - અમદાવાદ (૬૨) શ્રી પી. કે. સંઘવી - પૂના. (૬૩) શ્રી ડાહ્યાલાલ કાળિદાસ શાહ - મુંબઈ ૬ (૬૪) શ્રી એમ. સી. શાહ - મુંબઈ ૨ (૬૫) મેસર્સ ભરત પરીખ એન્ડ કું. - મુંબઈ હ. માંડલિકભાઈ ઝવેરી (૬૬) શ્રી હીરાચંદ એન્ડ કું. - માલેગામ (૬૭) દહેજગામ બહેનોના ઉપાશ્રય જ્ઞાનખાતા તરફથી, હ. સા. શ્રી નિપુણાશ્રીજી મ. ની પ્રેરણાથી (બાપજી મહારાજના), - દહેજ (૬૯) અમર ઉદ્યોગ - મુંબઈ (૭૦) અમરચંદ - શોભાચંદ - ચેન્નઈ (૭૧) યુનાઈટેડ ફાર્મ - ચેન્નઈ (૭૨) શ્રી માંડવી શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ - માંડવી (સુરત) (૭૩) શ્રી મહેન્દ્ર ભોગીલાલ ખોખાણી (૭૪) અજિતનાથ ભગવાનની પેઢી - વાપી (૭૫) સ્વ. સાવિત્રીબેન જદુરામ પુનાતરના સ્મરણાર્થે, હ. શાંતિલાલ જદુરામ પુનાતર - જામનગર (૭૬) શ્રી સંગમ વાડીલાલ વોરા - મુંબઈ, હ. પૂ. મુનિશ્રી રાજકમલવિજયજી મ.ની પ્રેરણાથી (૭૭) શ્રી મોહનલાલ ઘનજીભાઈ શાહ - મુંબઈ. (૭૮) શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - વાવ. હ. પૂ. મુનિશ્રી પ્રભાકરવિજયજીના ઉપદેશથી (૭૯) શ્રી પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર ટેમ્પલ - બેલારી (૮૦) શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - માલેગામ (૮૧) શ્રી ભીવંડી જૈન સંઘ - ભીવંડી (૮૨) અ. ભા. સંસ્કૃતિ રક્ષકદળ - ઉદવાડા કેન્દ્ર (૮૩) શ્રી નાથુભાઈ લક્ષ્મીચંદ સરવૈયા - મુંબઈ (૮૪) એક સદ્‌ગૃહસ્થ તરફથી, C/o. ઓહરા એસ. વી. રાજપુર (MS) (૮૫) શ્રી વીશાશ્રીમાળી જૈન મહાજન - મુ. દાઠા, હ.પૂ.

ઉપાધ્યાયશ્રી ભદ્રબાહુસાગરજી મહારાજ (૮૬) સ્વ. ધીરજબેન કેશવલાલ ગાંધીના સ્મરણાર્થે, હ. જસુમતીબેન તથા મિલનકુમાર ચોટીલાવાળા (૮૭) પૂ. સાધ્વી શ્રી ચંદ્રોદયાશ્રીજી મહારાજ - પાલડી, અમદાવાદ (૮૮) શ્રી ભાભર જૈન સંઘ, C/o. અમૃતલાલ હરગોવનદાસ શ્રોફ - ભાભર, હ. પૂ. શ્રી. પ્રભાકરવિજયજીની પ્રેરણાથી (૮૯) નાજુબાઈ ઉપાશ્રયની મહિલાઓ, C/o. જયંતીલાલ ચીમનલાલ ફડિયા - પૂના, હ. પૂ.સા. કલ્પલતાશ્રીજીના ઉપદેશથી (૯૦) અમિત અરવિંદભાઈ શાહ, શાંતિનગર, આશ્રમરોડ - અમદાવાદ. (૯૧) શ્રેણિકકુમાર એસ. નાહર, C/o. શાહ શાંતિલાલ રૂપચંદ, ઝવેરી બજાર - મુંબઈ (૯૨) મણીલાલ લખમશી વીરજી વોરા - મુંબઈ (૯૩) પૂનમચંદ દીપચંદ મહેતા, મુંબઈ - ૫૬ (૯૪) શાહ કાન્તિલાલ તલકચંદ - મુંબઈ ૫૬ (૯૫) મુનિશ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા. - મુંબઈ ૯ (૯૬) પોલીવીન કોર્પોરેશન, નરોડા, અમદાવાદ (૯૭) શ્રી કૃષ્ણનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ - નરોડા (૯૮) ગુણવંતલાલ માધુલાલ બરવાળીયા - મુંબઈ ૭૧ (૯૯) કિશોરભાઈ જયંતીલાલ મહેતા મુંબઈ (૧૦૦) સરોજબેન મોહનલાલ - સિકંદ્રાબાદ (૧૦૧) હેમલતાબેન હિરજી ગાંગજી શાહ - ડિગ્રસ (૧૦૨) અજિતકુમાર ઇન્દ્રવદન શાહ - મુંબઈ (૧૦૩) પ્રાણલાલ ભુદરભાઈ શાહ - રાજકોટ (૧૦૪) કુમારપાળ તથા મુકેશકુમારની દીક્ષા નિમિત્તે મહાસુખલાલ નેમચંદ શાહ, ગોરેગાંવ - મુંબઈ (૧૦૫) કચ્છી દશાવીશા ઓસવાલ જૈન મહાજન, C/o. નવલપ્રભા જૈન ટ્રેડિંગ કું., જલગાંવ (૧૦૬) શ્રી ખીવાન્દી જૈન સંઘ - ખીવાન્દી (૧૦૭) શ્રી વંથલી (સોરઠ) તપાગચ્છ જૈન સંઘ - વંથલી (૧૦૮) શ્રી અમરગઢ જૈન સંઘ ડોમ્બિવલી, (૧૦૯) શાહ જંબુભાઈ ઠાકોરભાઈ - આકોલા (૧૧૦) શ્રી જૈન સંઘ પાટીનો ઉપાશ્રય સાદડી (૧૧૧) હસમુખ એમ. શાહ - મુંબઈ (૧૧૨) કપીલાબેન બચુભાઈ ઝવેરી - મુંબઈ (૧૧૩) કાંતિલાલ રાયચંદભાઈ - સાણંદ (૧૧૪) કચ્છી વીશા ઓશવાલ જૈન સંઘ - મુંબઈ (૧૧૫) પ્રકાશ બખાઈ - કોલકત્તા (૧૧૬) શ્રી તુરખિયા પ્રવીણભાઈ છબીલદાસ - મુંબઈ (૧૧૭) શ્રી સ્થાનકવાસી જૈન સંઘ - વડોદરા (૧૧૮) શ્રી દોડબાલાપુર જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ - દોડબાલાપુર (૧૧૯) મહેશકુમાર અમૂલખ અજમેરા (૧૨૦) શ્રી જૈન શ્વેતામ્બર તપાગચ્છ સંઘ ટ્રસ્ટ - પોરબંદર (૧૨૧) શ્રી સાબરમતી આયંબિલ શાળાના મેડા ઉપરની બહેનો તરફથી - સાબરમતી (૧૨૨) અનુભાઈ જે. કોઠારી - મુંબઈ (૧૨૩) પ્રાગજી મેઘજી શાહ - મુંબઈ (૧૨૪) પૂ. આ. શ્રી પદ્મસૂરીશ્વરજી મ.સા. - મારવાડ જંકશન (૧૨૫) રાજેન્દ્રસૂરિ ગુરુમંદિર, હ. પરમવિદુષી સાધ્વીજી મુક્તિશ્રીજીનાં શિષ્યા પૂ. શશીકલાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી - ધાનેરા (૧૨૬) શ્રી બોરડી જૈન સંઘ C/o. કેવળચંદ બાલચંદ - બોરડી (૧૨૭)

કેશવભાઈ ચતુરભાઈ સંઘવી - માંડલ (૧૨૮) લક્ષ્મીચંદ બી. શાહ - મુંબઈ (૧૨૯) નટવરલાલ કસળચંદ મહેતા - ગાંધીનગર (૧૩૦) જ્યોતિભાઈ શામળદાસ મહેતા - મુંબઈ ૫૪ (૧૩૧) પ્રવીણાબેન તથા શોભનાબેનની દીક્ષાના અનુમોદનાર્થે, હ. વસ્તુપાળભાઈ જસુભાઈ તથા ધનંજયભાઈ જસુભાઈ - મુંબઈ (૧૩૨) અમરતલાલ ચીમનલાલ દોશી - થરાદ (૧૩૩) સકરચંદ હરિલાલ - અમદાવાદ (૧૩૪) તારાચંદ જેચંદ પારેખ - મુંબઈ (૧૩૫) પ્રાણલાલ છબીલદાસ મોદી - મુંબઈ (૧૩૬) મદનરાજ દેવીચંદજી જૈન - ભીનમાલ (રાજ.) (૧૩૭) વાસણા બેનોના ઉપાશ્રય જ્ઞાનખાતા તરફથી પૂ. સાધ્વીજી શ્રી કીર્તિપૂર્ણાશ્રીજી મ.સા. - અમદાવાદ. (૧૩૮) પરમ પૂજ્ય સ્વ. રોહિણીશ્રીજી મ.સા. ની ગુણસ્મૃતિ નિમિત્તે, પ્રેરણા : સાધ્વીજી શ્રી વિનીતાશ્રીજી મ.સા. (૧૩૯) ઈન્દુલાલ ચુનિલાલ કામદાર - મુંબઈ (૧૪૦) પ્રવીણાબેન કુમારભાઈ શાહ - અમદાવાદ (૧૪૧) શ્રી મહેલાવ જૈન સંઘ - મહેલાવ (૧૪૨) રંજનબેન રમણીકલાલ ભંડારી - મુંબઈ (૧૪૩) બકુલચંદ્ર લાલચંદ શાહ - અમદાવાદ (૧૪૪) પ્રવીણભાઈ સારાભાઈ - અમદાવાદ (૧૪૫) રાજુ એ. શાહ - રાજકોટ (૧૪૬) ડૉ. એમ. ડી. ટોલિયા - રાજકોટ (૧૪૭) બીના એન. શાહ - ચેન્નઈ (૧૪૬) શાહ રમણલાલ રસિકલાલ - ઊંઝા (૧૪૯) પોપટલાલ જેસીંગભાઈ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ - અમદાવાદ (૧૫૦) શ્રીમતી મંજુલા નેમચંદ છેડા - મુંબઈ (૧૫૧) અતુલકુમાર દલપતભાઈ - મુંબઈ (૧૫૨) દિવાળીબેન વનમાળીદાસ આરાધનાભવન ટ્રસ્ટ, હ. પૂ. સા. શ્રી નયપ્રજ્ઞાશ્રીજી મ.સા. - ચાંદખેડા (૧૫૩) નરેશ સી. શાહ - મુંબઈ (૧૫૪) પ. પૂ. સૂર્યપ્રભાશ્રીજી મ.સા. - અમદાવાદ (૧૫૫) અમૃતલાલ હરગોવનદાસ (૧૫૬) પ્રદીપ ચીનુભાઈ ઝવેરી - અમદાવાદ (૧૫૭) વીરેન્દ્રકુમાર રમણલાલ શાહ - અમદાવાદ (૧૫૮) જયંતિલાલ ચુનિલાલ માસ્તર - ખંભાત (૧૫૯) સરલાબેન રમણલાલ શાહ - મુંબઈ (૧૬૦) મુનિશ્રી દિવ્યપદ્મવિજયજી મ.સા., હ. જયંતીલાલ કરમશી ગુડકા - મુંબઈ (૧૬૧) સુરભી બકુલચંદ્ર શાહ - અમદાવાદ (૧૬૨) જવાહર બી. શાહ C/o. Indian Fashion U.S.A. (૧૬૩) મનસુખલાલ ધરમશી પારેખ - મુંબઈ (૧૬૪) જયેશ આર. શાહ - મુંબઈ (૧૬૫) પૂ. સા. શ્રી લલિતપ્રભાશ્રીજી મ.સા. ના વીસ સ્થાનીક અઠ્ઠમ તપ નિમિત્તે, હ. શા કાન્તિલાલ પૂનમચંદ - તખતગઢ (૧૬૬) તારાબાઈ આર્યાજી સિદ્ધાન્ત ટ્રસ્ટ - અમદાવાદ (૧૬૭) દલાલ પ્રકાશભાઈ બી. શાહ - અમદાવાદ (૧૬૮) હેમેન્દ્રભાઈ શાન્તિલાલ શાહ - દમણ (૧૬૯) જયેન્દ્ર શાન્તિલાલ પુનાતર - જામનગર (૧૭૦) પંકજ બી. શાહ - બિલીમોરા (૧૭૧) શ્રી પરોલા કચ્છી વીશા શ્વે. મૂ. પૂ. સંઘ - થાણા (૧૭૨) ચીનુભાઈ એમ. શાહ - નવસારી (૧૭૩)

પ્રફુલભાઈ પરમાનંદભાઈ શાહ - નવસારી (૧૭૪) બિપિનકુમાર રમણલાલ ચોક્સી - ઊંઝા (૧૭૫) પૂ. સા. શ્રી નયપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના શિષ્યા સૌમ્ય પ્રજ્ઞાશ્રીજી મહારાજની પ્રેરણાથી બુદ્ધિસાગર જૈન ઉપાશ્રય ચાંદખેડા (૧૭૬) કનૈયાલાલ એમ. પારેખ - મુંબઈ (૧૭૭) શાહ ખૂબચંદ ત્રિભોવનદાસ - થરાદ (૧૭૮) ડુંગરસિંહજી સ્વામી, સ્થાનકવાસી જૈન પુસ્તકાલય - ગોંડલ (૧૭૯) જયંતકુમાર પરમાનંદદાસ શાહ - નવસારી.

## માસિક વિભાગ

કમલ પ્રકાશન પબ્લિક ટ્રસ્ટ તરફથી મુક્તિદૂત નામનું સોળ પેઈજનું એક માસિક જૂન '૯૯થી અમે શરૂ કર્યું. આ માસિક બહુ ટૂંકા સમયમાં બાર હજાર નકલોનો લક્ષ્યાંક આંબી ગયું છે. મુક્તિદૂત નામનું આ માસિક સત્યને સંપૂર્ણ વફાદાર રહીને આર્ય સંસ્કૃતિની એ જાજરમાન ગૌરવની ઘટનામાં પુનઃપ્રાણપ્રતિષ્ઠા કરવા તલપે છે. આગળ વધીને પ્રત્યેક માનવમાં અધ્યાત્મભાવના તેજલિસોટા પ્રસરાવા ઈચ્છે છે.

જૂન '૭૨ સુધી મુક્તિદૂતની પેટી - યોજના દ્વારા હજારો બંધુઓને (રોજ ૧૦ પૈસાનું દાન કરવાની શરત મંજૂર રાખે ત્યાં સુધી) તો આ માસિક કાયમ માટે લવાજમ મુક્ત બની રહેશે. જૂન ૭૨ પછી નવા થનાર ગ્રાહકો માટે ત્રિમાસિક તથા આજીવન લવાજમ યોજના અમલમાં મૂકી છે.

હજારો બંધુઓને કાયમ માટે લવાજમ-મુક્તિનો લાભ ચાલુ રાખવો એ નાનીસૂની બાબત નથી. દાનવીરોના આર્થિક સહકાર અમને મળી રહે તે માટે અમે નીચે મુજબની એક યોજના કરી છે.

**રૂ. ૩,૦૦૦ સંસ્કૃતિ-સમુદ્ધારક**
**રૂ. ૨,૦૦૦ સંસ્કૃતિ-રક્ષક**
**રૂ. ૧,૦૦૦ સંસ્કૃતિ-ભક્ત**
**રૂ. ૫૦૦ સંસ્કૃતિ સભ્ય**

**રૂ. ૫૦૦ આપીને આજીવન સભ્ય થનારને કાયમ માટે માસિક મોકલવામાં આવશે.**

રૂ. ૨૦૦૧ ઉપરના દાતાઓની નામાવલિ ટ્રસ્ટ તરફથી બહાર પડતાં તમામ પુસ્તકોમાં (માત્ર પ્રથમ આવૃત્તિમાં જ) આપવામાં આવશે.

**માસિક વિભાગમાં જ્ઞાનખાતાની રકમ લેવામાં આવતી નથી.**

# માસિક વિભાગમાં અમારાં કુટુંબીજનો

## : સંસ્કૃતિ - સમુધ્ધારક :

(૧) પોપટબેન ભૂરમલજી C/o. શા. નથમલ એન્ડ કું., મુંબઈ
(૨) મેસર્સ ભરતકુમાર એન્ડ કું., વિજયવાડા

## : સંસ્કૃતિ - રક્ષક :

(૧) શ્રી રજનીકાંત લક્ષ્મીચંદ જાંબુવાલા - લીંબડી (૨) શ્રી જીવતલાલ પ્રતાપશી - મુંબઈ (૩) શ્રી નયનમલ ભૂરમલજી જૈન - મુંબઈ (૪) શ્રી પોપટબેન ભૂરમલજી જૈન - દેલંદર.

## : સંસ્કૃતિ - ભક્ત :

(૧) શ્રી ઉષાકાન્ત રમણલાલ શાહ - અમદાવાદ (૨) શ્રી વ્રજલાલ ત્રિભોવનદાસ (એલ.ટી.વાલા) - સુરેન્દ્રનગર (૩) શ્રીમતી ગજરાબેન મનસુખલાલ શાહ (એ.બી.સી. સર્જીકલવાળા) - અમદાવાદ (૪) શ્રી ભીખાભાઈ મોતીચંદ પબ્લિક ટ્રસ્ટ તરફથી, હ. શેઠ પોપટભાઈ ભીખાભાઈ - મુંબઈ (૫) એક સદ્‌ગૃહસ્થ તરફથી હ. શેઠ શાંતિલાલ કપાસી - મુંબઈ (૬) રૂબી કોચ બિલ્ડર્સ પ્રા. લિ. - મુંબઈ (૭) શ્રી રમણીકલાલ કેશવલાલ શાહ (એલ.ટી.વાલા), સુરેન્દ્રનગર (૮) શ્રી ઝવેરી બ્રધર્સ - ચુડા (૯) એક સદ્‌ગૃહસ્થ તરફથી, હ. વસંતલાલ જીવતલાલ - મુંબઈ (૧૦) શ્રી રવિચંદ માણેકચંદ શાહ - થાનગઢ (૧૧) શ્રી લઘુભાઈ માણેકચંદ - જામનગર (૧૨) શ્રી કાન્તિલાલ ચીમનલાલ કોલસાવાળા - અમદાવાદ (૧૩) શ્રી મણિલાલ મગનલાલ કોંઢવાળા - ધ્રાંગધ્રા (૧૪) શ્રીમતી કુસુમબેન જયંતીલાલ આર. શાહ - મુંબઈ (૧૫) શ્રી શરદચંદ્ર જેઠાલાલ પાટલિયા - જામનગર (૧૬) શ્રી વિઠ્ઠલદાસ ધનજીભાઈ બારદાનવાળા - જામનગર (૧૭) શ્રી કોંઢ જૈન તપાગચ્છ સંઘ તરફથી (જિનાલય શતાબ્દી નિમિત્તે) - કોંઢ (૧૮) બિપિનચંદ્ર રતિલાલ નાનજીભાઈ - ધ્રાંગધ્રા (૧૯) સ્વ. વસનજી નાનચંદનાં કુટુંબીજનો તરફથી - જામનગર (૨૦) એક સદ્‌ગૃહસ્થ તરફથી (૨૧) શ્રીમતી કમળાબેન શાંતિલાલ કપાસી - મુંબઈ (૨૪) શ્રી રમણલાલ ચીમનલાલ શાહ (કોલસાવાળા) - અમદાવાદ (૨૫) શ્રી એસ્કવાયર, હ. શ્રીમતી વર્ષા પ્રફુલ્લચંદ્ર દલાલ - મુંબઈ (૨૬) શ્રી પ્રતાપ ચેરીટેબલ ટ્રસ્ટ - મુંબઈ, હ. શેઠ જીવતલાલ પ્રતાપશી (૨૭) સ્વ. મહેતા દલીચંદ માણેકચંદ (ખિલોસવાલા) - જામનગર.

## : સંસ્કૃતિ - અનુરાગી :

(૧) શ્રી ચંપાબેન મણિલાલ નારણદાસ - મુંબઈ (૨) શ્રી સંઘવી મણિલાલ સાંકળચંદ - જામનગર (૩) શ્રી મહેતા ચંદુલાલ રામજીભાઈ ચેલાવાળા - જામનગર (૪) શાહ અંબાલાલ અમૃતલાલ - બોરસદ (૫) શ્રી સુરચંદ હીરાચંદ ઝવેરીના બંગલાની બહેનો તરફથી, હ. રતનબેન ચંપકલાલ ઝવેરી - સુરત.

## : સંસ્કૃતિ - સભ્ય :

(૧) શ્રી શિવલાલ ભૂદરદાસ - રાજકોટ (૨) અમૃતલાલ હરકીશનદાસ (હોટલ એમ્બેસેડરવાળા) - ભુજ (૩) શ્રી રજનીકાંત અંબાલાલ શાહ, મુંબઈ (૪) તારદેવ જૈન સંઘ, C/o. ભવાનજી હીરજી - મુંબઈ, હ. પૂ. સા. શ્રી નરેન્દ્રશ્રીજી તથા પૂ. સા. વિદ્યુતપ્રભાશ્રીજીની પ્રેરણાથી (૫) દોશી સુંદરજી ડાહ્યાભાઈ - મોરબી (૬) શાંતિલાલ રાયચંદ - મુંબઈ (૭) એક સદ્ગૃહસ્થ તરફથી - મુંબઈ (૮) શેઠ નાનાલાલ લલ્લુભાઈ, હ. લક્ષ્મી પ્રિન્ટિંગ પ્રેસ - સુરેન્દ્રનગર (૯) અ.સૌ. મીનાક્ષી રમેશચંદ્ર સુતરિયા - ચેન્નઈ (૧૦) અ.સૌ. યોગિની દિલીપકુમાર સુતરિયા - ચેન્નઈ (૧૧) શ્રી જેચંદભાઈ અમૂલખ, C/o. વિદ્યાર્થી વિકાસગૃહ - બોરડી (૧૨) શ્રી સાબરબાગ સોસાયટીના જૈન ભાઈઓ તરફથી - સાબરમતી (૧૩) શ્રી બચુભાઈ ચીમનલાલ ઝવેરી - મુંબઈ (૧૪) કેશવલાલ ગિરધરલાલ એન્ડ કું. - અમદાવાદ (૧૫) શાહ કુંવરજી તુલસીદાસ - ધ્રાંગધ્રા (૧૬) શ્રીમતી તારા કિશોર દોશી, C/o. કિશોર એન્ડ કું. એડવોકેટ - રાજકોટ. (૧૭) શ્રી સુથરી જૈન સંઘ, C/o. શાહ ભવાનજી હીરજી (૧૮) અ.સૌ. હર્ષદા ભરતકુમાર સુતરિયા - ચેન્નઈ (૧૯) શ્રી પરેશકુમાર રમેશચંદ્ર સુતરિયા - મદ્રાસ (૨૦) શ્રી દીપકભાઈ નરોત્તમદાસ દલાલ - અમદાવાદ (૨૧) ચિ. નિરંજનાના જન્મદિન નિમિત્તે, C/o. કિશોર એન્ડ કું. એડવોકેટ - રાજકોટ (૨૨) સ્વ. શા. પોપટલાલ કેશવલાલ પેથાપુરવાળાના સ્મરણાર્થે તેમના સુપુત્રો તરફથી, C/o. દીપક એન્ટરપ્રાઈસીસ, પૂના.

**: કમલ પ્રકાશન - ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થયેલાં પુસ્તકો ઘેર બેઠાં વી. પી. થી મેળવો. પોસ્ટેજ ખર્ચ અલગ :**

**(લેખક : પં. ચન્દ્રશેખરવિજયજી)**

| | | |
|---|---|---|
| = ૧. | સાધનાની પગદંડીએ | ૨-૦૦ |
| = ૨. | શરણાગતિ | ૨-૦૦ |
| = ૩. | વિરાગની મસ્તી | ૩-૫૦ |
| ૪. | ઊંડા અંધારેથી | ૧૦-૦૦ |
| = ૫. | અધ્યાત્મસાર | ૧૨-૦૦ |
| = ૬. | ગુરુમાતા | ૧૦-૦૦ |
| = ૭. | વંદના | ૧૦-૦૦ |
| = ૮. | વિરાટ જાગે છે ત્યારે | ૩-૦૦ |
| = ૯. | મહાપંથના અજવાળાં | ૪-૦૦ |
| ૧૦. | જૈનદર્શનમાં કર્મવાદ | ૧૦-૦૦ |
| ૧૧. | સચિત્ર જીવનદર્શન | ૩-૦૦ |
| = ૧૨. | કાનજીભાઈ મત પ્રતિકાર | ૩-૦૦ |
| = ૧૩. | તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશી | ૩-૦૦ |
| ૧૪. | ત્રિભુવનપ્રકાશ મહાવીરદેવ (અનન્તનાં પાત્રો) | ૩૦-૦૦ |
| = ૧૫. | વિજ્ઞાન અને ધર્મ | ૨૬-૦૦ |
| = ૧૬. | મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ-૧ | ૩-૦૦ |
| = ૧૭. | મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ-૨ | ૫-૦૦ |
| = ૧૮. | જાગતા રે'જો | ૭-૦૦ |

**જાંબુવાલા ગ્રન્થમાળા ૧૯૭૧ (નં. ૯ થી ૨૩)**

| | | |
|---|---|---|
| = ૧૯. | સોળ ભાવનાઓ | |
| = ૨૦. | જૂની પેઢીને | |
| = ૨૧. | બોધકથાઓ (સેટનું મૂલ્ય) | ૫-૦૦ |
| = ૨૨. | ઊઠ, જાગ મુસાફિર ! | |
| = ૨૩. | જૈનં જયતિ શાસનમ્ | |
| = | ઊઠ, જાગ મુસાફિર ! (સ્વતંત્ર બુક) | ૩-૦૦ |
| = ૨૪. | વીર ! મધુરી વાણી તારી | ૬-૦૦ |
| = ૨૫. | નહિ ઐસો જનમ બારબાર | ૧૨-૦૦ |

## જાંબુવાલા ગ્રન્થમાળા ૧૯૭૨ (નં. ૨૬ થી ૩૦)

| | | | |
|---|---|---|---|
| = ૨૬. | મૂંઝવતા પ્રશ્નો | | |
| = ૨૭. | ચક્રવર્તી બ્રહ્મદત્ત | | |
| = ૨૮. | आचारः प्रथमो धर्मः | (સેટનું મૂલ્ય) | ૫-૦૦ |
| = ૨૯. | આપણી સંસ્કૃતિ | | |
| = ૩૦. | વિકાસનું મહાભિયાન | | |

## જાંબુવાલા ગ્રન્થમાળા (હિંદી) ૧૯૭૧ (નં. ૩૧ થી ૩૫)

| | | | |
|---|---|---|---|
| = ૩૧. | सोलह भावनाएँ | | |
| = ૩૨. | पुरानी पीढ़ीको | | |
| = ૩૩. | बोधकथाएँ | (સેટનું મૂલ્ય) | ૨-૫૦ |
| = ૩૪. | उठ जाग मुसाफिर | | |
| = ૩૫. | जैनं जयति शासनम् | | |
| = ૩૬. | મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ - ૩ | | |

## જીવનઘડતર વાંચનમાળા સેટ પહેલો (નં. ૩૭ થી ૪૬)

| | | | |
|---|---|---|---|
| = ૩૭. | સિનેમાનો ત્યાગ કરો | | |
| = ૩૮. | સાદગી અપનાવો | | |
| = ૩૯. | આપણે ક્યાં જઈ રહ્યા છીએ ? | | |
| = ૪૦. | સુખ જ ભયાનક છે. | | |
| = ૪૧. | વાંચો : વિચારો : પામો | (સેટનું મૂલ્ય) | ૭-૫૦ |
| = ૪૨. | જયવંતુ જિનશાસન | | |
| = ૪૩. | વિજ્ઞાન ! એક સમસ્યા | | |
| = ૪૪. | દયાળુ બનો | | |
| = ૪૫. | પરલોક - દૃષ્ટિ | | |
| = ૪૬. | કાંઠાસૂઝ બનો | | |
| = | વાંચો વિચારો પામો (સ્વતંત્ર બુક) | | ૫-૦૦ |
| = | સિનેમાનો ત્યાગ કરો (સ્વતંત્ર બુક) | | ૧-૦૦ |

## જાંબુવાલા ગ્રન્થમાળા ૧૯૭૩ (નં. ૪૭ થી ૫૧)

| | | | |
|---|---|---|---|
| = ૪૭. | અંધભક્તિ પશ્ચિમની | | |
| = ૪૮. | ત્રણ વાર્તા | | |
| = ૪૯. | દંભ ૧ | (સેટનું મૂલ્ય) | ૫-૦૦ |
| = ૫૦. | દંભ ૨ | | |
| = ૫૧. | જરા, કાન દઈને મને સાંભળો | | |
| = | જરા, કાન દઈને મને સાંભળો (સ્વતંત્રબુક) | | ૩-૦૦ |
| = ૫૨. | મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ ૪ | | ૫-૦૦ |

| | | |
|---|---|---|
| = ૫૩. | આંધી આવી રહી છે. | ૨૬-૦૦ |
| = ૫૪. | બ્રહ્મચર્ય | ૧૦-૦૦ |

**જાંબુવાલા ગ્રન્થમાળા ૧૯૭૪ (નં. ૫૫ થી ૫૯)**

| | | |
|---|---|---|
| = ૫૫. | ચાલો, જીવન પલટીએ | |
| = ૫૬. | સંસાર | |
| = ૫૭. | નિશ્ચય : વ્યવહાર | (સેટનું મૂલ્ય) ૫-૦૦ |
| = ૫૮. | આ માસનો શ્લોક | |
| = ૫૯. | મીની કથાઓ | |
| = ૬૦. | રામાયણના પ્રેરક પ્રસંગો | ૫-૦૦ |
| ૬૧. | ચાર પુરુષાર્થ | ૧૦-૦૦ |
| = ૬૨. | મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ ૫ | ૫-૦૦ |

**જીવનઘડતર વાંચનમાળા સેટ બીજો (નં. ૬૩ થી ૭૨)**

| | | |
|---|---|---|
| = ૬૩. | વીર સૈનિક | |
| = ૬૪. | ધર્મયુદ્ધ કે પક્ષયુદ્ધ | |
| = ૬૫. | વીર સૈનિકોની ફરજો | |
| = ૬૬. | આપણી સંસ્કૃતિમાં સ્ત્રીનું સ્થાન | |
| = ૬૭. | ધર્મગુરુઓ ! હવે તો જાગો | (સેટનું મૂલ્ય) ૭-૫૦ |
| = ૬૮. | ચિંતનની ચિનગારીઓ | |
| = ૬૯. | આધુનિક શિક્ષણ | |
| = ૭૦. | ધર્મનાશની ભેદી ચાલ | |
| = ૭૧. | લોકાપવાદ ત્યાગ | |
| = ૭૨. | યુવકની મનોવ્યથા | |
| = ૭૩. | સિંહનાદ | ૩-૦૦ |
| = ૭૪. | સ્વરાજનું લોખંડી ચોકઠું | ૮-૦૦ |
| = ૭૫. | ચેત મછંદર ગોરખ આયા | ૧૨-૦૦ |
| = ૭૬. | ત્રિલોકગુરુ મહાવીરદેવ (હિન્દી) | ૧-૦૦ |
| = ૭૭. | ત્રિલોકગુરુ મહાવીરદેવ (ગુજરાતીમાં) | ૧-૦૦ |
| = ૭૮. | આપણે ફેર વિચારીએ | ૫-૦૦ |
| = ૭૯. | ત્રિલોકગુરુ મહાવીર દેવ (અંગ્રેજી) | ૧-૦૦ |
| = ૮૦. | વીર સૈનિક (ગુજરાતીમાં) | ૧-૫૦ |
| = ૮૧. | મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ ૬ | ૫-૦૦ |
| = ૮૨. | વીર સૈનિક (હિંદી) | ૧-૫૦ |
| = ૮૩. | સળગતી સમસ્યાઓ ભાગ ૧ | ૬-૦૦ |
| ૮૪. | આત્મા | ૧૦-૦૦ |

| | | |
|---|---|---|
| = ૮૫. | જિનશાસનરક્ષા | ૩-૦૦ |
| = ૮૬. | ગાંધીવિચાર સમીક્ષા | ૩-૦૦ |
| = ૮૭. | ઇતિહાસનું ભેદી પાનું | ૨-૫૦ |
| = ૮૮. | અપૂર્વ સ્વાધ્યાય | ૧૦-૦૦ |
| = ૮૯. | મહામારી | ૨-૦૦ |
| = ૯૦. | જૈનધર્મના મર્મો | ૪-૦૦ |
| = ૯૧. | વિરાગ વેલડી | ૬-૦૦ |
| ૯૨. | અષ્ટાહ્નિકા પ્રવચનો (પ્રતાકાર) | ૫૦-૦૦ |
| ૯૩. | કલ્પસૂત્રની વાચનાઓ (પ્રતાકાર) | ૭૦-૦૦ |
| = ૯૪. | મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ-૭ | ૫-૦૦ |
| ૯૫. | ટચુકડી કથાઓ ભાગ - ૧ | ૩૦-૦૦ |
| = ૯૬. | સ્વરક્ષાની સર્વરક્ષા | ૪-૦૦ |
| = ૯૭. | Call For Vigilance (જાગતા રે'જોનું અંગ્રેજી) | ૧૫-૦૦ |
| = ૯૮. | મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ ૮ | ૫-૦૦ |
| = ૯૯. | જનતા જાગે | ૭-૦૦ |
| = ૧૦૦. | આતમ જાગે | ૭-૦૦ |
| ૧૦૧. | રામાયણમાં સંસ્કૃતિનો સંદેશ ભાગ - ૧ | ૨૦-૦૦ |
| ૧૦૨. | રામાયણમાં સંસ્કૃતિનો સંદેશ ભાગ - ૨ | ૨૦-૦૦ |
| = ૧૦૩. | Karma Philosophy in Jainism (કર્મવાદનું અંગ્રેજી) | ૩-૦૦ |
| = ૧૦૪. | અગમવાણી | ૧૫-૦૦ |
| = ૧૦૫. | પ્રતિક્રમણ સૂત્ર વિવેચના ભાગ - ૧ | ૩-૦૦ |
| = ૧૦૬. | Science and Religion (વિજ્ઞાન અને ધર્મનું અંગ્રેજી) | ૨૦-૦૦ |
| = ૧૦૭. | ઘેર ઘેર ઘોર હિંસા | ૩-૦૦ |
| = ૧૦૮. | મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ - ૯ | ૫-૦૦ |
| = ૧૦૯. | જાગ જાગ ! ઓ માનવ જાગ ! | ૯-૫૦ |
| ૧૧૦. | ભવ-આલોચના | ૮-૦૦ |

## કમલ પ્રકાશન ટ્રસ્ટ તરફથી વિશ્વમંગલ ગ્રન્થમાળાના અન્વયે પ્રગટ થયેલાં પુસ્તકો

**લેખક : શ્રી વેણીશંકર મુરારજી વાસુ, મુંબઈ**

| | | |
|---|---|---|
| = ૧૧૧. | સંસ્કૃતિનો સર્વનાશ | ૦.૫૦ |
| = ૧૧૨. | ગોસંવર્ધન | ૦.૫૦ |
| = ૧૧૩. | પશુવિનાશમાં પ્રજાવિનાશ | ૦.૫૦ |
| = ૧૧૪. | માંસાહાર : પશ્ચિમી સંસ્કૃતિનો અભિશાપ | ૦.૫૦ |

| | | |
|---|---|---|
| = ૧૧૫. | ભારતના માથે ઘેરાયેલાં વાદળો | ૦.૫૦ |
| = ૧૧૬. | છાણ, રહેઠાણ, વાહનવ્યવહાર અને તેલ | ૦.૫૦ |
| = ૧૧૭. | મિશ્ર અર્થતંત્રે વેરેલો વિનાશ | ૦.૫૦ |
| = ૧૧૮. | અવાસ્તવિક અન્નનીતિ | ૦.૫૦ |
| = ૧૧૯. | દારૂબંધી | ૦.૫૦ |
| = ૧૨૦. | કુટુંબ નિયોજન : વિસ્ફોટ બોમ્બશેલ | ૦.૫૦ |
| = ૧૨૧. | યંત્ર-આધારિત શોષક અર્થ-વ્યવસ્થા | ૦.૫૦ |
| = ૧૨૨. | ભારતીય સંસ્કૃતિનું સુરક્ષાછત્ર યંત્ર કે પશુ ? | ૦.૫૦ |
| = ૧૨૪. | દૂધ | ૦.૫૦ |
| = ૧૨૫. | હરિજન | ૦.૫૦ |
| = ૧૨૬. | ભારતમાં માંસાહાર - પ્રચારની ભેદી ચાલ | ૦.૫૦ |
| = ૧૨૭. | જો માતા અન્નશુદ્ધ તો બાળક સત્ત્વશુદ્ધ | ૧-૦૦ |
| = ૧૨૮. | શબ્દછળથી સંસ્કૃતિનો વિનાશ | ૧-૦૦ |
| = ૧૨૯. | ફર્ટિલાઈઝર એટલે મોતનો વરસાદ | ૧-૦૦ |
| = ૧૩૦. | કેળવણી | ૧-૦૦ |
| = ૧૩૧. | અનાર્થિક ઉદ્યોગ | ૧-૦૦ |
| = ૧૩૨. | નવી પેઢીની ભારત વિશે અજ્ઞાનતા | ૧-૦૦ |
| = ૧૩૩. | બચતનાં મૂળભૂત સાધનો | ૧-૦૦ |
| = ૧૩૪. | ઘઉં વિરુદ્ધ પશુ | ૧-૦૦ |

★ ★ ★

| | | |
|---|---|---|
| = ૧૩૫. | પ્રતિક્રમણ સૂત્ર વિવેચના ભાગ - ૨ | ૨-૦૦ |
| = ૧૩૬. | મુનિજીવનની બાળપોથી ભાગ - ૧ | ૩-૦૦ |
| = ૧૩૭. | મુનિજીવનની બાળપોથી ભાગ - ૨ | ૩-૦૦ |
| ૧૩૮. | પ્રતિકાન્તિ | ૧૦-૦૦ |
| = ૧૩૯. | ઈંડાનું આ ભૂત ભારતના ભવિષ્યને ભરખી જશે શું ? | ૦.૫૦ |
| = ૧૪૦. | મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ ૧૦ | ૫-૦૦ |
| ૧૪૧. | ટચુકડી કથાઓ ભાગ ૨ | ૩૦-૦૦ |
| = ૧૪૨. | સળગતી સમસ્યાઓ ભાગ ૨ | ૬-૦૦ |
| = ૧૪૩. | હિંસા અને હૂંડિયામણનો હડકવા (લે. વે. મુ. વાસુ) | ૧-૫૦ |
| = ૧૪૪. | મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ ૧૧ | ૫-૦૦ |
| ૧૪૫. | જૈન ઈતિહાસની ઝલકો | ૩૦-૦૦ |
| = ૧૪૬. | હવે તો ધર્મ એ જ રાજકારણ | ૩-૫૦ |
| = ૧૪૭. | જોજે, અમૃતકુંભ ઢોળાય ના | ૨૦-૦૦ |
| = ૧૪૮. | छोटीसी कथाएँ | ૧૫-૦૦ |

| | | |
|---|---|---|
| = ૧૪૯. | પાંચ પ્રવચનો | ૭-૦૦ |
| = ૧૫૦. | હું માણસ તો બનું | ૮-૦૦ |
| = ૧૫૧. | ચૌદ ગુણસ્થાન | ૨૦-૦૦ |
| ૧૫૨. | જૈન મહાભારત ભાગ - ૧ | ૨૦-૦૦ |
| ૧૫૩. | જૈન મહાભારત ભાગ - ૨ | ૨૦-૦૦ |
| = ૧૫૪. | The Steel Frame of Freedom | ૧૫-૦૦ |
| = ૧૫૫. | The Divine Lord Mahaveer | ૧૬-૦૦ |
| = ૧૫૬. | તપનું વિજ્ઞાન | ૩-૫૦ |
| ૧૫૭. | મહાભિનિષ્ક્રમણ | ૭-૦૦ |
| = ૧૫૮. | મુનિજીવનની બાળપોથી ભાગ - ૩ | ૩-૦૦ |
| = ૧૫૯. | અરિહંત ધ્યાન | ૩-૦૦ |
| = ૧૬૦. | દે દોટ, સમંદરમાં | ૩૦-૦૦ |
| ૧૬૧. | ટચુકડી કથાઓ ભાગ - ૩ | ૩૦-૦૦ |
| = ૧૬૨. | હું શ્રાવક બનું | ૬-૦૦ |
| = ૧૬૩. | પાયાનું જીવનઘડતર | ૬-૦૦ |
| = ૧૬૪. | मंगलं भगवान वीरो | ૧૫-૦૦ |
| | **વિશ્વ મંગલ ગ્રંથમાળા સેટ ચોથો** | |
| ૧૬૫. | ઈસાઈ ધર્મપ્રચારની કૂટનીતિઓ | ૩-૦૦ |
| ૧૬૬. | માંસાહાર મીમાંસા | ૩-૦૦ |
| ૧૬૭. | શું આજે પણ પરદેશી ગુલામી ? | ૩-૦૦ |
| ૧૬૮. | દાનનો પ્રવાહ બદલો | ૩-૦૦ |
| ૧૬૯. | લૂંટણવાદ વિરુદ્ધ ત્યાગવાદ | ૩-૦૦ |
| ૧૭૦. | સમાજદર્શન | ૩-૦૦ |
| ૧૭૧. | ખાદી | ૩-૦૦ |
| ૧૭૨. | હવે શું કરવું ? | ૩-૦૦ |
| | ★ ★ ★ | |
| = | દાનનો પ્રવાહ બદલો (સ્વતંત્ર બુક) | ૨-૦૦ |
| ૧૭૩. | મુનિજીવનની બાળપોથી ભાગ - ૪ | ૩-૦૦ |
| = ૧૭૪. | મુનિજીવનની બાળપોથી ભાગ - ૫ | ૪-૦૦ |
| ૧૭૫. | મુનિજીવનની બાળપોથી ભાગ - ૬ | ૫-૦૦ |
| | **વિશ્વમંગલ ગ્રંથમાળા સેટનો હિંદીમાં અનુવાદ** | |
| = ૧૭૬. | प्रगति के स्टीमरोलर से संस्कृति का सर्वनाश | |
| = ૧૭૭. | गोसंवर्धन | |
| = ૧૭૮. | पशुविनाश में प्रजाविनाश | સેટ ૧૬-૦૦ |

= ૧૭૯. मांसाहार : पश्चिमी संस्कृति का अभिशाप
= ૧૮૦. भारत के सिर पर घिरे बादल
= ૧૮૧. गोबर, निवासस्थान, यातायात और तैल
= ૧૮૨. मिश्र अर्थतंत्रने फैलाया हुआ विनाश
= ૧૮૩. अवास्तविक अन्ननीति
= ૧૮૪. आंधी आ रही है ! ૨૦-૦૦
= ૧૮૫. जरा ध्यानसे मुझे सुनिए तो ૪-૦૦
= ૧૮૬. चार पुरुषार्थ ૫-૦૦

**વિશ્વમંગલ ગ્રંથમાળા સેટનો હિંદીમાં અનુવાદ**

= ૧૮૭. शराबबंदी
= ૧૮૮. परिवार नियोजन : विस्फोटक बमगोला
= ૧૮૯. यंत्र - आधारित शोषक अर्थनीति
= ૧૯૦. भारत का सुरक्षाछत्र : यंत्र या पशु ?
= ૧૯૧. अंग्रेजो द्वारा प्रचारित भारतका झूठा इतिहास ૧૬-૦૦
= ૧૯૨. दूध
= ૧૯૩. हरिजन
= ૧૯૪. भारत में मांसाहार - प्रचार की रहस्यमय चाल
= ૧૯૫. यदि माता अन्नशुद्ध : तो बालक सत्त्वशुद्ध
= ૧૯૬. शब्दछल से संस्कृतिविनाश
= ૧૯૭. फर्टिलाईर : मौतकी बौछार
= ૧૯૮. शिक्षा सेट ૧૬-૦૦
= ૧૯૯. बिन-उत्पादक उद्योग
= ૨૦૦. नयी पीढी की भारतविषयक अज्ञानता
= ૨૦૧. बचत के मूलभूत साधन
= ૨૦૨. गेहूँ बनाम पशु
૨૦૩. ईसाई धर्मप्रचार की कूटनीति
૨૦૪. मांसाहार मीमांसा
૨૦૫. क्या आज भी विदेशी गुलामी ?
૨૦૬. दान का प्रवाह बदलिए सेट ૧૬-૦૦
૨૦૭. लूटवाद बनाम त्यागवाद
૨૦૮. समाजदर्शन
૨૦૯. खादी (खद्दर)
૨૧૦. अब क्या करें ?
= ૨૧૧. આધાર છે, આશા ૨૦-૦૦

| | | |
|---|---|---|
| ૨૧૨. | સૂત્રાર્થ પ્રવેશિકા | ૧૦-૦૦ |
| ૨૧૩. | તત્ત્વજ્ઞાન પ્રવેશિકા | ૧૦-૦૦ |
| ૨૧૪. | કથા પ્રવેશિકા | ૧૦-૦૦ |
| ૨૧૫. | જીવનઘડતર પ્રવેશિકા | ૧૦-૦૦ |
| ૨૧૬. | મુનિજીવનની બાળપોથી ભાગ - ૭ | ૫-૦૦ |
| = ૨૧૭. | સળગતી સમસ્યાઓ ભાગ - ૩ | ૮-૦૦ |
| ૨૧૮. | સૂત્રાર્થ પ્રદીપિકા | ૮-૦૦ |
| ૨૧૯. | તત્ત્વજ્ઞાન પ્રદીપિકા | ૮-૦૦ |
| = ૨૨૦. | કથા પ્રદીપિકા | ૮-૦૦ |
| ૨૨૧. | જીવનઘડતર પ્રદીપિકા | ૮-૦૦ |
| ૨૨૨. | સૂત્રાર્થ પ્રબોધિકા | ૮-૦૦ |
| = ૨૨૩. | તત્ત્વજ્ઞાન પ્રબોધિકા | ૮-૦૦ |
| ૨૨૪. | કથા પ્રબોધિકા | ૮-૦૦ |
| ૨૨૫. | જીવનઘડતર પ્રબોધિકા | ૮-૦૦ |
| ૨૨૬. | હવે તો ભગવાન બચાવે | ૧૫-૦૦ |
| ૨૨૭. | ટચુકડી કથાઓ ભાગ - ૪ | ૩૦-૦૦ |
| = ૨૨૮. | વિશ્વશાંતિનો મૂલાધાર ભાગ - ૧ | ૧૨-૦૦ |
| = ૨૨૯. | વિશ્વશાંતિનો મૂલાધાર ભાગ - ૨ | ૨૦-૦૦ |
| = ૨૩૦. | વિશ્વશાંતિનો મૂલાધાર ભાગ - ૩ | ૨૦-૦૦ |
| = ૨૩૧. | જૈન ધર્મનો મૌલિક પાઠ્યક્રમ ભાગ - ૧ | ૮-૦૦ |
| = ૨૩૨. | જૈન ધર્મનો મૌલિક પાઠ્યક્રમ ભાગ - ૨ | ૮-૦૦ |
| = ૨૩૩. | તું તને સંભાળ | ૨૫-૦૦ |
| = ૨૩૪. | જૈન ધર્મનો મૌલિક પાઠ્યક્રમ પ્રવેશિકા | ૭-૦૦ |
| ૨૩૫. | જૈન ધર્મનો મૌલિક પાઠ્યક્રમ પ્રદીપકા | ૮-૦૦ |
| ૨૩૬. | જૈન ધર્મનો મૌલિક પાઠ્યક્રમ પ્રબોધિકા | ૮-૦૦ |
| = ૨૩૭. | લઘુ ચિંતનો | ૭-૦૦ |
| = ૨૩૮. | તારો જીવનપંથ ઉજાળ ભાગ - ૧ | ૩૦-૦૦ |
| = ૨૩૯. | તારો જીવનપંથ ઉજાળ ભાગ - ૨ | ૩૦-૦૦ |
| = ૨૪૦. | તારો જીવનપંથ ઉજાળ ભાગ - ૩ | ૩૦-૦૦ |
| = ૨૪૧. | તારો જીવનપંથ ઉજાળ ભાગ - ૪ | ૩૦-૦૦ |
| = ૨૪૨. | તારો જીવનપંથ ઉજાળ ભાગ - ૫ | ૩૦-૦૦ |
| = ૨૪૩. | વિશ્વમંગળ ગ્રંથમાળા ભાગ - ૧ | ૧૫-૦૦ |
| = ૨૪૪. | વિશ્વમંગળ ગ્રંથમાળા ભાગ - ૨ | ૧૫-૦૦ |
| = ૨૪૫. | વિશ્વમંગળ ગ્રંથમાળા ભાગ - ૩ | ૧૫-૦૦ |

| | | |
|---|---|---|
| = ૨૪૬. | વિશ્વમંગળ ગ્રંથમાળા ભાગ - ૪ | ૧૫-૦૦ |
| = ૨૪૭. | જે બનો તે સાચા બનો | ૧૬-૦૦ |
| = ૨૪૮. | વંદેવીરમ્ | ૪૦-૦૦ |
| ૨૪૯. | વિચારસંહિતા (ગુજરાતી) | ૩-૦૦ |
| = ૨૫૦. | હવે તો તપોવન એ જ તરણોપાય | ૧૭-૦૦ |
| = ૨૫૧. | विचारसंहिता (हिंदी) | ૩-૦૦ |
| = ૨૫૨. | જે ગુણીકુટુંબ તે સુખીકુટુંબ (ગુજરાતી) | ૧૦-૦૦ |
| = ૨૫૩. | આરાધના અને આરાધકભાવ | ૫-૦૦ |
| = ૨૫૪. | મારી ત્રણ પ્રાર્થના | ૫-૦૦ |
| = ૨૫૫. | દેવાધિદેવનું કર્મદર્શન | ૩-૦૦ |
| ૨૫૬. | ભારત્ત વિરુદ્ધ ઈન્ડિયા | ૧૦-૦૦ |
| = ૨૫૭. | શૂન્ય બનીને પૂર્ણ બનું | ૨૫-૦૦ |
| ૨૫૮. | મહાભારતનું પાત્રાલેખન | ૧૦-૦૦ |
| = ૨૫૯. | સફળ જીવનનો સરળ ઉપાય | ૫-૦૦ |
| = ૨૬૦. | અય, યુવાન ! ઊઠ ઊભો થા | ૨૦-૦૦ |
| ૨૬૧. | શ્રમણસંઘ - શૈથિલ્ય - વિચાર | ૭-૦૦ |
| = ૨૬૨. | મૌલિક ચિંતનો | ૮-૦૦ |
| = ૨૬૩. | નવપદ ચિંતન | ૩૦-૦૦ |
| = ૨૬૪. | બાર પ્રકારની હિંસાઓ | ૧૫-૦૦ |
| ૨૬૫. | સળગતી સમસ્યાઓ ભાગ - ૪ | ૧૮-૦૦ |
| ૨૬૬. | ટચુકડી કથાઓ ભાગ - ૫ | ૨૫-૦૦ |
| ૨૬૭. | કડવી મીઠી કેટલીક વાતો | ૧૦-૦૦ |
| ૨૬૮. | યુવાનોને સ્પષ્ટ માર્ગદર્શન | ૫-૦૦ |
| ૨૬૯. | ઓ યુવાન મારે કાંઈક કહેવું છે | ૫-૦૦ |
| ૨૭૦. | ગોરાઓની ભેદી ચાલ | ૧૦-૦૦ |
| ૨૭૧. | વિશિષ્ટ પ્રવચનો | ૧૦-૦૦ |
| = ૨૭૨. | મારી તેર પ્રાર્થનાઓ | ૩૫-૦૦ |
| ૨૭૩. | ધાર્મિક વહીવટ વિચાર | ૨૦-૦૦ |
| ૨૭૪. | પ્રકાશ વેરતાં પ્રવચનો | ૧૦-૦૦ |
| = ૨૭૫. | દીપાલિકા પ્રવચનો | ૬-૦૦ |
| = ૨૭૬. | શું ભારતનું ભાવી અંધકારમય ? | ૮-૦૦ |
| ૨૭૭. | પ્રેરક પ્રવચનો | ૧૦-૦૦ |
| ૨૭૮. | ગોરાઓની ભેદી ચાલ (હિન્દી) | ૭-૦૦ |
| ૨૭૯. | વિચારસંહિતા (મરાઠી) | ૩-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૮૦. | જે ગુણી કુટુંબ તે સુખી કુટુંબ (મરાઠી) | ૧૫-૦૦ |
| ૨૮૧. | નૂતન વર્ષના ઉગમતે પ્રભાતે મારો સંકલ્પ | ૧૦-૦૦ |
| = ૨૮૨. | રાજકારણની કડવી વાતો | ૧૦-૦૦ |
| ૨૮૩. | ટચુકડી કથાઓ ભાગ ૬ | ૩૦-૦૦ |
| ૨૮૪. | ચિન્તનોનાં તે જ કિરણો | ૧૫-૦૦ |
| ૨૮૫. | રામાયણનું પાત્રાલેખન | ૨૦-૦૦ |
| ૨૮૬. | ચાલો, સ્વાધ્યાય કરીએ ભાગ - ૧ | ૧૫-૦૦ |
| ૨૮૭. | ચાલો, સ્વાધ્યાય કરીએ ભાગ - ૨ | ૧૫-૦૦ |
| = ૨૮૮. | વિહાર પ્રવચનો ભાગ - ૧ | ૨૫-૦૦ |
| ૨૮૯. | વિહાર પ્રવચનો ભાગ - ૨ | ૨૫-૦૦ |
| ૨૯૦. | ઈ. સ. ૨૦૦૭ પછીનું ભવ્ય ભારત | ૩૫-૦૦ |
| ૨૯૧. | સળગતી સમસ્યાઓ ભાગ - ૫ | ૧૫-૦૦ |
| ૨૯૨. | વિચારસંહિતા (હિન્દી) | ૩-૦૦ |
| ૨૯૩. | ટચુકડી કથાઓ ભાગ - ૭ | ૩૦-૦૦ |
| ૨૯૪. | સળગતી સમસ્યાઓ ભાગ - ૬ | ૨૦-૦૦ |
| ૨૯૫. | દાદાજીની વાતો ભાગ - ૧ | ૫૦-૦૦ |
| ૨૯૬. | દાદાજીની વાતો ભાગ - ૨ | ૫૦-૦૦ |
| ૨૯૭. | તપોવન સુવિચારવન | ૧૦-૦૦ |
| ૨૯૮. | યોગસાર | ૨૫-૦૦ |
| ૨૯૯. | ધમ્મં શરણં ગચ્છામિ | ૧૫-૦૦ |
| ૩૦૦. | ધાર્મિક વહીવટ વિચાર (હિન્દી) | ૩૫-૦૦ |
| ૩૦૧. | શૂન્યનો સાક્ષાત્કાર | ૪૦-૦૦ |
| ૩૦૨. | ક્યારે બનીશ; હું સાચો રે સંત ! | ૮૦-૦૦ |
| ૩૦૩. | જૈન તત્ત્વજ્ઞાન સરળ ભાષામાં | ૩૦-૦૦ |
| ૩૦૪. | જીવન જીવવાની કલા | ૨૫-૦૦ |
| ૩૦૫. | કુટુમ્બે સ્નેહભાવ | ૧૨-૦૦ |
| ૩૦૬. | શું 'માણસ' ખોવાયો છે. | ૩૦-૦૦ |
| = ૩૦૭. | પવનને ખુલ્લો પડકાર | ૧૫-૦૦ |
| ૩૦૮. | પહેલા તમારો સ્વભાવ સુધારો | ૨૦-૦૦ |
| = ૩૦૯. | હું કોણ છું ? | ૧૫-૦૦ |
| ૩૧૦. | અરિહંતે શરણં પવજ્જામિ | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૩૧૧. | નારી ! તું નારાયણી | ૨૦-૦૦ |
| ૩૧૨. | રાષ્ટ્રરક્ષા | ૧૦-૦૦ |
| ૩૧૩. | દેશ આબાદ પ્રજા બરબાદ | ૩૫-૦૦ |
| ૩૧૪. | ઉપદેશમાળા ભાગ - ૧ | ૩૫-૦૦ |
| = ૩૧૫. | પશુરક્ષા | ૧૦-૦૦ |
| ૩૧૬. | દેશ આબાદ પ્રજા બરબાદ (હિન્દી) | ૩૫-૦૦ |
| = ૩૧૭. | સર્વનાશી વમળમાં ફસાયેલું ભારતનું નાવ | ૧૦-૦૦ |
| ૩૧૮. | ઉપદેશમાળા ભાગ - ૨ | ૩૫-૦૦ |
| ૩૧૯. | ઉપદેશમાળા ભાગ - ૩ | ૩૫-૦૦ |
| ૩૨૦. | ધર્મરક્ષાથી સર્વરક્ષા | ૧૫-૦૦ |
| ૩૨૧. | ઉપદેશમાળા ભાગ - ૪ | ૩૫-૦૦ |
| ૩૨૨. | ઉપદેશમાળા ભાગ - ૫ | ૩૫-૦૦ |
| ૩૨૩. | ટચુકડી કથાઓ ભાગ-૬ | ૩૦-૦૦ |
| ૩૨૪. | તિર્થંકર પરમાત્મા મહાવીરદેવ | ૩૦-૦૦ |
| ૩૨૫. | તપોવન ગીતગંગા | ૩૫-૦૦ |

**= આવી નિશાની કરેલાં પુસ્તકો અપ્રાપ્ય છે.**

એક સાથે એક જાતનાં સો રૂપિયાનાં પુસ્તકો ખરીદનાર કોઈ પણ વ્યક્તિને ૧૫ % કમિશન માગે તો આપવામાં આવશે.

યોગી અને ભોગી સૌને ખૂબ ઉપયોગી

## પૂ. પાદ પં. પ્રવરશ્રી ચન્દ્રશેખર વિજયજી
## મ. સાહેબના પુસ્તકો

ઘરઘરમાં વસાવો શુભ પ્રસંગે ભેટ આપો

---

- આપશ્રી પ્રખર વક્તા બનવા માંગો છો ?
- આપશ્રી યશસ્વી વ્યાખ્યાનકાર બનવા માંગો છો ?
- આપશ્રી સફળ શિબિરકાર બનવા માગો છો ?
- આપના ઘરમાં સાસુ-વહુના ઝઘડા ચાલે છે ?
- આપના દીકરા આપનું કહ્યું માને છે ખરા ?
- આપનાં ઘરમાં સ્વર્ગ ઉતારવું છે ખરું ?
- આપ તત્વજ્ઞાનનાં રસિક છો ખરા ?
- આપશ્રી રાજકારણની આંટીઘુંટી જાણવા માંગો છો ખરા ?
- ભારતનું ભાવિ આપ જાણવા માંગો છો ?
- સંસારની અસારતા આપે જાણવી છે ?
- સંસાર છોડવાની આપને ઇચ્છા છે ?
- આપને સાચા સાધુ બનવું છે ?

તો, જરૂરથી આજે જ પૂજ્યશ્રીના પુસ્તકો આપનાં ઘરમાં વસાવી લો.

## ઓ માતાઓ ! ઓ પિતાઓ !

તમારો લાડકવાયો

ઉચ્ચ શિક્ષણ સાથે સુસંસ્કાર મેળવે તેવું તમે ઈચ્છો છો ?

ઘડપણમાં તમારી સેવા કરે તેવું તમે ઈચ્છો છો ?

વડિલોનો વિનયી બને તેવું તમે ઈચ્છો છો ?

દેવ અને ગુરુનો ઉપાસક બને તેવું તમે ઈચ્છો છો ?

જિનશાસનનો સાચો શ્રાવક બને તેવું તમે ઈચ્છો છો ?

અને તમારા ઘરનો કુળદીપક બને તેવું તમે ઈચ્છો છો ?

*તો, તેને ત્રણ વર્ષ માટે તપોવનમાં પ્રવેશ આપવો જ રહ્યો.*